॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૮

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૧

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૯ માં છે...

૦ "ભગવતી" અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૧

—૦— શતક-૨

—૦— શતક-૩

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ૠચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૯ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી **૧૦ ભાગો માટે**
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ- શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामक्कोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

# આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ | ૪ |

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- | ૧ |

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- | 3 |

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ | ૧ |

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ | ૧ |

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ | ૧૦ |

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

— આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

– આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૯ :-

# (૫) ભગવતી-અંગસૂત્ર/૧

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

● **ભૂમિકા :-**

‘‘ભગવતી’’ સૂત્રનો ક્રમ પાંચમો છે. અંગસૂત્રોમાં ‘‘ભગવતી’’ એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે भगवई નામે પ્રસિદ્ધ છે, તે ‘‘विवाह पन्नत्ति’’ કે विवाह નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર भगवती કે व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે, તેના પેટા ઉદ્દેશાઓ પણ છે.

‘‘ભગવતી’’ સૂત્રનો મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે. ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકા આદિ અનેકના પૂછેલા પ્રશ્નો અને તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્‌ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષા આદિ અનેક વિષયો અહીં સમાવિષ્ટ છે.

આ આગમના મૂળ સૂત્રનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે. વિવેચનમાં ‘‘ટીકાનુસારી વિવેચન’’ શબ્દ અમે પસંદ કર્યો છે, પરંતુ તેમાં વૃત્તિની સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશ, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે તે સ્થાને આ નિશાની - x - x - કરેલ છે.

અનેક આધુનિક વિદ્વાનોએ ભૂમિકામાં વિદ્વતાપૂર્ણ ઉલ્લેખ અભિનવ કાળે નોંધ્યા છે, અમે આ વિષયમાં મૌન રહેવું ઉચિત માનીએ છીએ – ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં છે.





## 卐 ભગવતી-અંગસૂત્ર-ટીકાસહિત અનુવાદ 卐

– x – x – x – x – x – x – x –

● **ભૂમિકા :-**

સર્વજ્ઞ, ઈશ્વર, અનંત, અસંગ *[રાગ, ધનાદિ રહિત]*, અગ્ર્ય *[પ્રધાન]* સર્વને હિતકર, વેદોદય રહિત, અનીશ *[સ્વયંબુદ્ધત્વથી ઈશ રહિત]* અનીહ *[સ્પૃહા કે વિકલ્પરહિત]* તેજસ્વી, સિદ્ધ, શિવ, શિવકર, નિરુપયોગત્વને કારણે ઈન્દ્રિયો રહિત, જિતરિપુ, શ્રીમાન્ જિનને પ્રયત્નથી પ્રણમું છું.

શ્રી વર્ધમાન સ્વામીને, શ્રી સુધર્મ ગણધરને, સર્વાનુયોગ વૃદ્ધોને, સર્વજ્ઞની વાણીને નમીને, આ ટીકા – ચૂર્ણિ અને જીવાભિગમાદિ વૃત્તિના અંશોને સંયોજી કંઈક વિશેષથી પંચમ અંગસૂત્રને હું વિવરું છું.

‘‘સમવાય’’ નામે ચોથા અંગની વ્યાખ્યા કરી, હવે અવસરથી આવેલ ‘‘વિવાહપન્નતિ’’ *[વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ કે ભગવતી]* નામના પાંચમાં અંગનું વિવરણ કરીશ. આ પંચમ અંગ ઉત્તમ જયકુંજર નામક [હાથીની] જેમ છે. તે લલિત ચરણોની પધ્ધતિથી પ્રબુદ્ધ લોકોનું મનરંજન કરનાર છે. તે ઉપસર્ગ *[શત્રુકૃત્ કે દેવાદિ અથવા વિઘ્નો]*, નો નિપાત *[આગમન]* થવા છતાં અવ્યય *[અનશ્વર]* સ્વરૂપ છે. *[સ્વરૂપથી અવિચલિત છે.]*

જેના શબ્દો ઘન અને ઉદાર છે *[હાથીનો સ્વર મેઘવત્ ગંભીર છે.]* જે લિંગ અને વિભક્તિથી યુક્ત છે. *[હાથી પક્ષે પુરુષ ચિહ્ન રચનાથી યુક્ત]* સદાખ્યાત, સત્‌લક્ષણ યુક્ત, દેવતાધિષ્ઠિત છે. સુવર્ણ મંડિત ઉદ્દેશકો છે *[હાથી પક્ષે તેના અવયવો સુવર્ણ આભરણ યુક્ત છે.]* જેનું ચારિત્ર વિવિધ પ્રકારનું, અદ્‌ભુત, શ્રેષ્ઠ છે. ૩૬,૦૦૦ પ્રશ્નાત્મક સૂત્ર દેહ સહિત છે. *[હાથીના પક્ષે સૂત્રોક્ત લક્ષણ દેહ છે.]* ચાર અનુયોગ રૂપ ચાર ચરણ છે, જ્ઞાન અને ચારિત્ર રૂપ નયનયુગલ છે, દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક નામે બે નયરૂપ બે દંતશૂળ છે, નિશ્ચય-વ્યવહારરૂપ બે સમુન્નત કુંભસ્થળ છે.

જેને પ્રસ્તાવનાની વચનરચનારૂપ પ્રચંડ શુંઢ છે, નિગમન વચનરૂપ અતુચ્છ પુચ્છ છે, કાળ આદિ આઠ પ્રકારે પ્રવચન-ઉપચારરૂપ મનોહર પરિકર છે. ઉત્સર્ગ-અપવાદરૂપ ઉછળતા બે અતુચ્છ ઘંટના ઘોષયુક્ત છે. યશરૂપ પટહ અન્ય સ્ફૂટ પ્રતિધ્વનિથી દિગ્ મંડળને પૂરેલ છે, સ્યાદ્વાદરૂપ વિશદ્ અંકુશથી વશીકૃત્ છે, વિવિધ હેતુરૂપ શસ્ત્ર સમૂહથી યુક્ત છે, શ્રીમન્ મહાવીર મહારાજે મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરમણરૂપ શત્રુ સૈન્યને નાશ કરવાને નિયોજેલ છે, સૈન્યનિયુક્ત કલ્પ ગણનાયકની મતિથી પ્રકલ્પિત છે. તેના સ્વરૂપને મુનિરૂપ યોદ્ધા સુગમતાથી જાણી શકે એ માટે પૂર્વના મુનિરૂપ શિલ્પીઓએ વૃત્તિ અને ચૂર્ણિરૂપ નાડિકા રચેલી છે. બહુશ્રેષ્ઠ ગુણયુક્ત છતાં સંક્ષિપ્ત છે અને તેથી મતિમાનના વાંછિત અર્થને સાધી આપવામાં સમર્થ છે માટે જીવાભિગમાદિ વિવિધ વિવરણ સૂત્રાંશોના સંઘટ્ટનથી બૃહતર, માટે જ અલ્પજ્ઞોને પણ ઉપકારી નાડિકા જેવી આ વૃત્તિ, પૂર્વ મુનિરૂપ શિલ્પિના કૂળમાં જન્મેલા અમો હસ્તિનાયકના આદેશતુલ્ય ગુરુજનના વચનથી આરંભીએ છીએ, એ રીતે શાસ્ત્ર

પ્રસ્તાવના થઈ.

૦ હવે વિઆહપન્નત્તિ નો શબ્દાર્થ કહે છે — વિવિધ - જીવ, અજીવાદિ પ્રચુરતર પદાર્થ વિષયક, आ - અભિવિધિથી, કથંચિત્ સર્વ જ્ઞેય વ્યાપ્તિથી મર્યાદા વડે અથવા પરસ્પર અસંકીર્ણ લક્ષણ કથનરૂપ, ख्यानानि - ભગવંત મહાવીરને ગૌતમાદિ શિષ્યોએ પૂછેલા પદાર્થોના પ્રતિપાદન કરેલી વ્યાખ્યાઓ, જે સુધર્માસ્વામીએ જંબૂસ્વામીને પ્રરૂપી છે તે.

અથવા - વિવિધતાથી વિશેષ પ્રકારે કહેવાયેલ તે વ્યાખ્યા. એટલે કહેવા યોગ્ય પદાર્થોની વૃત્તિ અને તેનું પ્રજ્ઞાપન તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

અથવા - અર્થ પ્રતિપાદનાઓનાં પ્રકૃષ્ટ જ્ઞાનો જેમાં છે તે.

અથવા - વ્યાખ્યા એટલે અર્થકથન, પ્રજ્ઞા-અર્થકથનના હેતુરૂપ બોધ. તે ઉભયની જેનાથી પ્રાપ્તિ તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ.

અથવા-વ્યાખ્યાઓમાં પ્રજ્ઞાની પ્રાપ્તિ જે પરથી મળી આવે તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કે आत्ति - જેથી ગ્રહણ થઈ શકે તે વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ.

અથવા વ્યાખ્યાપ્રજ્ઞ - ભગવન્ પાસેથી ગણધરોને જેનું ગ્રહણ થયેલું તે વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ કે વ્યાખ્યાપ્રજ્ઞાત્તિ. - અથવા - વિવાહ એટલે વિવિધ કે વિશિષ્ટ અર્થ પ્રવાહ કે નયપ્રવાહ તેનું પ્રરૂપણ કે પ્રબોધન જેમાં છે તે અથવા વિવાહ એટલે વિશિષ્ટ વિસ્તારવાળી કે અબાધિત પ્રજ્ઞાઓ જેમાંથી મળી આવે છે તે વિવાહ પ્રજ્ઞપ્તિ કે વિબાધ પ્રજ્ઞપ્તિ.

આ એના પૂજ્યપણાને લીધે 'ભગવતી' એમ કહેવાય છે.

૦ વ્યાખ્યાનકર્તાઓ શાસ્ત્ર વ્યાખ્યાનના આરંભે ફળ, યોગ, મંગલ, સમુદાયાર્થ આદિ દ્વારોનું વર્ણન કરે છે. તે અહીં વ્યાખ્યામાં વિશેષ આવશ્યક આદિ સૂત્રોથી નિર્ણીત કરી લેવા. શાસ્ત્રકારો વિઘ્નવિનાયકના ઉપશમન નિમિત્તે, શિષ્યોના પ્રવર્તન માટે અથવા શિષ્ટ જનોના સિદ્ધાંતના પાલન માટે મંગલ, અભિધેય, પ્રયોજન અને સંબંધ કહે છે.

— તેમાં સકલ કલ્યાણનું કારણ હોવાથી પ્રસ્તુત શાસ્ત્ર શ્રેયરૂપ હોવાથી વિઘ્ન સંભવે છે. માટે તેના ઉપશમનાર્થે બીજા મંગલો ન લેતાં ભાવમંગલનું ગ્રહણ કરવું જોઈએ કેમકે બીજા મંગલો અનૈકાંતિક અને અનાત્યંતિક છે. ભાવમંગલ તો તેનાથી વિપરીતપણે હોઈ ઈચ્છિત અર્થ સાધવામાં સમર્થ હોવાથી પૂજ્ય છે. વળી વિશિષ્ટ શું છે ? - જેથી અભિધાનાદિ અનૈકાંતિક અને અનાત્યંતિક છે, ભાવમંગલ તેથી વિપરીત હોવાથી તે વિશેષે પૂજ્ય છે. ભાવમંગલ તપાદિભેદે અનેકધા છે.

## ❀ શતક-૧ ❀

ભાવમંગલમાં પંચ પરમેષ્ઠિ નમસ્કારરૂપ ભાવમંગલ વિશેષથી ઉપાદેય છે. પરમેષ્ઠિમાં મંગલત્વ, લોકોત્તમત્વ, શરણ્યત્વ રહેલું છે કહ્યું છે — "મંગલ ચાર છે" આદિ. તેનો નમસ્કાર સર્વ પાપનો નાશક હોવાથી સર્વ વિઘ્ન ઉપશમનો હેતુ છે. કહ્યું છે કે — "એ પંચ નમસ્કાર સર્વ પાપનો નાશક છે, સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.



"તેથી સર્વ શ્રુતસ્કંધની આદિમાં તેનું ગ્રહણ થાય છે, તેથી સર્વશ્રુતસ્કંધાભ્યંતર કહે છે. તેથી શાસ્ત્રની આદિમાં પરમેષ્ઠીપંચક નમસ્કારને દર્શાવે છે.

## ❀ શતક-૧, ઉદ્દેશો-૧ - "ચલણ" ❀

— x — x — x — x — x —

● **સૂત્ર-૧ :-**

***અરહંતોને નમસ્કાર થાઓ, સિદ્ધોને નમસ્કાર થાઓ, આચાર્યોને નમસ્કાર થાઓ, ઉપાધ્યાયોને નમસ્કાર થાઓ, સર્વ સાધુને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૧ :-**

અહીં नमः એ નૈપાતિક પદ દ્રવ્ય-ભાવના સંકોચ અર્થે છે. - x - x - नमः એટલે હાથ, પગ, મસ્તક વડે સુપ્રણિધાનરૂપ નમસ્કાર. કોને ? તે કહે છે — અરહંતોને. ઈન્દ્ર નિર્મિત અશોકાદિ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે તે અર્હન્ત. કહ્યું છે કે — વંદન, નમસ્કારને જે યોગ્ય છે, પૂજા સત્કારને જે યોગ્ય છે, સિદ્ધિ ગમનને જે યોગ્ય છે, તેથી તે અર્હત્ કહેવાય છે અથવા જેને સર્વજ્ઞતાને લીધે સર્વ વસ્તુ સમૂહગત પ્રચ્છન્નતાનો અભાવ હોઈ રહસ્ એટલે એકાંતરૂપ દેશ નથી, ગિરિગુહાદિનો મધ્ય ભાગ નથી તેમને નમસ્કાર થાઓ. અથવા સર્વ પરિગ્રહોપલક્ષણરૂપ રથ નથી અને વૃદ્ધાવસ્થાદિ ઉપલક્ષણ ભૂત અંત નથી તે "અરથાંત". અથવા "અરહંતાણં" એટલે ક્ષીણરાગતાને લીધે જે થોડી પણ આસક્તિ રાખતા નથી તેને. અથવા अरहयद्भ्यः - પ્રકૃષ્ટ રાગના કારણભૂત મનોજ્ઞ અને અમનોજ્ઞ વિષયના સંપર્ક છતાં પણ વીતરાગતારૂપ સ્વભાવને ત્યાગતા નથી તેમને [નમસ્કાર હો.]

अरिहंताणं એમ પાઠાંતર છે. તેથી કર્મ શત્રુને હણનાર. કહ્યું છે — સર્વે જીવોને આઠ પ્રકારે કર્મ શત્રુરૂપ છે, તે કર્મશત્રુને હણનાર તે અરિહંત કહેવાય છે. - - - अरुहंताणं એવો પણ પાઠ છે. એટલે કર્મબીજ ક્ષીણ થવાથી જેને ફરી ઉત્પત્તિ નથી, કહ્યું છે — બીજ અતિ બળી ગયા પછી જેમ સર્વથા અંકુર ફૂટતો નથી, તેમ કર્મબીજ બળી જતાં ભવાંકુર ઉગતો નથી. ભયંકર ભવારણ્યનાં ભ્રમણથી ભયભીત પ્રાણીને અનુપમ આનંદરૂપ પરમપદ નગરના માર્ગ દર્શાવવારૂપ તેઓના પરમ ઉપકારીપણાને લીધે તેઓની નમસ્કરણીયતા છે.

*[આ રીતે 'अरहंत' શબ્દના સાત રૂપાંતર છે - અર્હન્ત, અરહોન્તર, અરથાન્ત, અરહન્ત, અરહયત્, અરિહન્ત, અરુહન્ત. આ અને આવા વિશિષ્ટ અર્થો ચઉસરણ પયન્ના, આવશ્યકમાં પણ જોવા.]*

૦ नमो सिद्धाणं - આઠ પ્રકારના કર્મરૂપ ઈંધનને શુક્લ ધ્યાન અગ્નિથી જેણે બાળી નાંખ્યા છે, તે નિરુક્તવિધિથી સિદ્ધ છે. અથવા ગત્યર્થક षिध् ધાતુ ઉપરથી "સિદ્ધ" એટલે અપુનરાવૃત્તિથી જેઓ નિવૃત્તિપુરીમાં પહોંચ્યા તે સિદ્ધ. અથવા નિષ્પત્ત્યર્થક સિધ્ ધાતુથી સિદ્ધ - જેમના અર્થ નિષ્પન્ન થયા છે તે અથવા શાસ્ત્ર અને માંગલ્યાર્થ સિધ્ ધાતુથી, જેઓ શાસનકર્તા થયા અથવા જેઓ મંગલત્વના સ્વરૂપને અનુભવે છે, તે સિદ્ધ. અથવા સિદ્ધ એટલે નિત્ય, કેમકે તેમની સ્થિતિ અવિનાશી છે. અથવા ભવ્ય જીવોને જેમનો ગુણસમૂહ ઉપલબ્ધ હોવાથી જે પ્રસિદ્ધ છે, તે સિદ્ધ.

કહ્યું છે — જેણે બાંધેલુ પ્રાચીન કર્મ દગ્ધ કર્યુ છે, જે નિર્વૃત્તિરૂપ મહેલના શિખરે પહોંચ્યા છે, જે ખ્યાતા છે, અનુશાસ્તા છે અને કૃતાર્થ છે, તે સિદ્ધ મારે કૃતમંગલ થાઓ. આથી તેમને નમસ્કાર કર્યો છે, તેઓ અવિનાશી જ્ઞાન-દર્શન-સુખ-વીર્યાદિ ગુણયુક્તતાથી સ્વવિષય આનંદોત્કર્ષના ઉત્પાદનથી ભવ્ય જીવોના અપ્રતિમ ઉપકારીપણાને લીધે તેમની નમસ્કરણીયતા છે.

૦ नमो आयरियाणं - આ - મર્યાદાપૂર્વક, તે વિષય-વિનયરૂપતાથી સેવાય અર્થાત્ જિનશાસનના અર્થના ઉપદેશક હોવાથી તેની આકાંક્ષા રાખનારાઓ વડે જેઓ સેવાય તે 'આચાર્ય'. કહ્યું છે —

સૂત્રાર્થને જાણનાર, લક્ષણયુક્ત, ગચ્છના નાયક, ગણના તાપથી વિમુક્ત, અર્થના વાચક તે આચાર્ય છે. અથવા જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારના આચાર અથવા आ - મર્યાદાથી, चार - વિહાર, તે આચાર, તેમાં સ્વયં કરવાથી, કહેવાથી, દર્શાવવાથી જે શ્રેષ્ઠ છે, તે આચાર્ય. કહ્યું છે —

પંચવિધ આચારને આચરતા, કહેતા, દર્શાવતા તે આચાર્યો કહેવાય. અથવા आ - કંઈક અપૂર્ણ, चार - દૂત, તે આચાર અર્થાત્ દૂત જેવા, યુક્તાયુક્ત વિભાગનું નિરૂપણ કરવામાં જે ચતુર શિષ્યો, તે શિષ્યોમાં યથાર્થ શાસ્ત્રાર્થના ઉપદેશથી જેઓ નિપુણ છે તે આચાર્ય. માટે તે આચાર્યોને નમસ્કાર થાઓ. તેઓ આચારોપદેશક હોવાથી ઉપકારીત્વથી નમસ્કરણીય છે.

૦ नमो उवज्झायां - उप - જેઓની સમીપ આવીને ભણાય તે ઉપાધ્યાય. અથવા ગત્યર્થક इण् ધાતુ પરથી अधि - અધિકતાથી - જિનપ્રવચન જેમનાથી જણાય તે ઉપાધ્યાય અથવા સ્મરણાર્થ 'इक्' ધાતુથી અધિકપણે જેમનાથી સૂત્ર વડે જિનપ્રવચન સ્મરાય તે ઉપાધ્યાય. કહ્યું છે — જિનકથિત દ્વાદશાંગરૂપ સ્વાધ્યાય પંડિતોએ કહ્યો છે, તેનો ઉપદેશ કરે તેઓ ઉપાધ્યાય છે. અથવા उपाधान એટલે ઉપાધિ, અર્થાત્ સંનિધિ, તે સંનિધિથી કે સંનિધિમાં શ્રુતજ્ઞાનને લાભ થાય તે ઉપાધ્યાય અથવા ઉપાધિનો એટલે શોભન વિશેષણોનો લાભ જેમની પાસેથી મળે તે ઉપાધ્યાય અથવા उपाधि - સામીપ્ય, आय - દૈવજનિતતાથી ઈષ્ટ ફળ રૂપ હોવાથી લાભરૂપ છે અથવા જેમનું સામીપ્ય, आय - ઈષ્ટ ફળના સમૂહનો મુખ્ય હેતુ છે, તે 'ઉપાધ્યાય' અથવા आधि - મનની પીડાનો લાભ તે आध्याय અથવા अधी શબ્દમાં નકારવાચી 'अ' તે કુત્સિત અર્થમાં છે, તેથી કુબુદ્ધિનો લાભ તે अध्याय અથવા अध्याय એટલે अ + ध्यै અર્થાત્ દુર્ધ્યાન, જેનાથી आध्याय કે अध्याय નાશ પામ્યો તે ઉપાધ્યાય. તેને નમસ્કાર થાઓ. સુસંપ્રદાયથી આવેલા જિનવચનોનું અધ્યાપન કરાવી ભવ્ય જીવોને વિનયમાં પ્રવર્તાવે છે, તે ઉપકારીપણાથી તેમની નમસ્કરણીયતા છે.

૦ नमो सव्वसाहूणं - જ્ઞાનાદિ શક્તિ વડે મોક્ષને સાધે તે સાધુ અથવા સર્વ પ્રાણીમાં સમત્વને ધારે તે નિરુક્તિથી સાધુ છે. કહ્યું છે — નિર્વાણ સાધક યોગને જેઓ સાધે અને સર્વ પ્રાણીમાં જે સમ હોય તે 'ભાવસાધુ' છે. અથવા સંયમ કરનારને સહાય આપે તે નિરુક્તિથી 'સાધુ' છે. सव्व - એટલે સામાયિકાદિ વિશેષણ



યુક્ત, પ્રમત્ત આદિ, પુલાક આદિ, જિનકલ્પિક - પ્રતિમાકલ્પિક - યથાલંદકલ્પિક, પરિહારવિશુદ્ધિકલ્પિક, સ્થવિરકલ્પિક, સ્થિતકલ્પિક, સ્થિતાસ્થિતકલ્પિક, કલ્પાતીત ભેદવાળા, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિતાદિ ભેદવાળા તથા ભરત આદિ ક્ષેત્ર ભેદવાળા, અથવા સુષમ-દુઃષમાદિ કાળ ભેદવાળા સાધુ.

સર્વ સાધુ, અહીં 'સર્વ'નું ગ્રહણ સર્વ ગુણવાનોની અવિશેષે નમનીયતા પ્રતિપાદનાર્થે છે. આ 'સર્વ' પદ અર્હદાદિ પદોમાં પણ જાણી લેવું. કેમકે ન્યાય સમાન છે અથવા સર્વ જીવોના હિતકર તે સાર્વ તેવા સાર્વ સાધુને અથવા सार्व એટલે બુદ્ધાદિના નહીં પણ અર્હન્તના જ સાધુ તે સાર્વ સાધુ અથવા સર્વે શુભયોગોને સાધે તે, અથવા सार्व - અર્હન્તો, તેમની આજ્ઞા પ્રમાણે વર્તીને આરાધે અથવા દુર્નય નો નાશ કરીને અર્હતોને પ્રતિષ્ઠાપે તે સાર્વ સાધુ.

અથવા શ્રવ્ય એટલે શ્રવણ યોગ્ય વાક્યોમાં અથવા સવ્ય એટલે અનુકૂળ એવા કાર્યોમાં નિપુણ તે શ્રવ્યસાધુ કે સવ્ય સાધુ.

ક્યાંક नमो लोए सव्वसाहूणं એવો પાઠ છે. તેમાં સર્વ શબ્દ દેશસર્વતાનો વાચક હોવાથી અપરિશેષ સર્વતા દર્શાવવાને लोए શબ્દ લીધો છે. 'લોકમાં' એટલે મનુષ્ય લોકમાં, ગચ્છાદિમાં નહીં એવા સર્વે સાધુઓને નમસ્કાર. તેઓ મોક્ષમાર્ગમાં સહાયકર્તા હોવાથી તે ઉપકારીપણાને લીધે નમસ્કરણીય છે. કહ્યું છે કે — સંયમ કરનાર મને અસહાયને સહાયકર્તા હોવાથી સર્વ સાધુઓને હું નમસ્કાર કરું છું.

[શંકા] જો નમસ્કાર સંક્ષેપથી હોય તો સિદ્ધ અને સાધુઓને જ યુક્ત છે. કેમકે સિદ્ધ, સાધુના ગ્રહણથી અર્હત્ આદિનું ગ્રહણ થઈ જશે - x - અને વિસ્તારથી નમસ્કાર કરવો 'ઋષભ' આદિનો નામોચ્ચારણથી કરવો જોઈએ.

[સમાધાન] એમ નથી, તેથી સાધુ માત્રના નમસ્કારથી અર્હત્ આદિ નમસ્કારનું ફળ ન મળે. જેમ મનુષ્ય માત્રના નમસ્કારથી રાજાદિના નમસ્કારનું ફળ ન મળે. તેથી અહીં વિશેષથી કરવો. પણ પત્યેક વ્યક્તિને નામોચ્ચારણપૂર્વક શક્ય નથી.

[શંકા] યથાપ્રધાન ન્યાયને અંગીકાર કરીને સિદ્ધ આદિ ક્રમ યોગ્ય છે. કેમકે સિદ્ધો સર્વથા કૃતકૃત્ય હોવાથી તેઓ સર્વમાં પ્રધાન છે.

[સમાધાન] એવું નથી. અર્હત્‌ના ઉપદેશથી સિદ્ધો ઓળખાય છે. તથા તીર્થ પ્રવર્તક હોવાથી અર્હતો જ પરમ ઉપકારક છે. માટે આ ક્રમ યોગ્ય છે.

શંકા - જો એમ હોય તો આચાર્યને જ પ્રથમ મૂકવા જોઈએ, કેમકે કોઈ વખતે આચાર્ય દ્વારા અર્હત્ આદિનું ઓળખાવવાપણું છે. માટે તેઓ અતિ ઉપકારી છે...

સમાધાન-એવું નથી. અર્હત્‌ના ઉપદેશથી જ આચાર્યનું ઉપદેશદાન સામર્થ્ય છે. આચાર્યોને સ્વતંત્રપણે ઉપદેશથી અર્થ જ્ઞાપકતા નથી. પરમાર્થથી અર્હન્તો જ સર્વ અર્થના જ્ઞાપક છે. વળી અર્હત્‌ની સભારૂપ જ આચાર્યો છે, તેથી આચાર્યોને નમસ્કાર કરી અર્હતોને નમસ્કાર કરવો અયુક્ત છે. કહ્યું છે — કોઈપણ વ્યક્તિ પર્ષદાને નમસ્કાર કરી રાજાને ન નમે.

એ રીતે પરમેષ્ઠીને નમસ્કાર કરી હાલના મનુષ્યોને શ્રુતજ્ઞાન અત્યંત ઉપકારી

હોવાથી તેના દ્રવ્ય-ભાવ શ્રુતરૂપત્વથી અને દ્રવ્યશ્રુત, ભાવશ્રુતનું કારણ હોવાથી સંજ્ઞાક્ષર રૂપ દ્રવ્યશ્રુતને નમસ્કારાર્થે કહે છે –

[૦ આવશ્યક નિર્યુક્તિ આદિ, વિશેષાવશ્યકમાં આ અર્થો જોવા.]

● **સૂત્ર-૨ :-**

***બ્રાહ્મી લિપિને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૨ :-**

લિપિ-પુસ્તિકાદિમાં અક્ષરની રચના, તે ૧૮-ભેદે છે, તે ઋષભજિને પોતાની પુત્રી બ્રાહ્મીને બતાવી. તેથી ''બ્રાહ્મી'' કહેવાય છે. કહ્યું છે - જિનેશ્વરે જમણે હાથે લેખરૂપ લિપિવિધાન બ્રાહ્મીને દર્શાવ્યું.

શંકા - આ શાસ્ત્ર જ મંગલરૂપ છે, તો અન્ય મંગલ શા માટે ? તેથી તો અનવસ્થાદિ દોષ પ્રાપ્ત થાય.. [સમાધાન] સત્ય છે, પણ શિષ્યોની મતિના મંગલના ગ્રહણ માટે, મંગલના સ્વીકાર માટે અથવા શિષ્ટપુરુષોના આચારના પરિપાલન માટે છે, તેથી યુક્ત જ છે. આ આગળ પણ કહેલ છે.

વળી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ એવા નામથી જ અભિધેયાદિ સામાન્યથી કહેવાઈ ગયા છે, તેથી ફરીથી કહેતા નથી. તેથી જ શ્રોતાની પ્રવૃત્તિ આદિ ઈષ્ટ ફળની સિદ્ધિ થશે. તેથી કહે છે – ભગવંતે અર્થ વ્યાખ્યા અભિધેયતાથી કહી છે. તેનું પ્રજ્ઞાપન કે બોધ અનંતર ફળ છે, પરંપર ફળ તો મોક્ષ છે. આ શાસ્ત્ર આપ્તવચનરૂપ હોવાથી ફળપણે સિદ્ધ છે, કેમકે આપ્તપુરુષો જે સાક્ષાત્ કે પરંપરાથી મોક્ષાંગ ન હોય, તેને કહેવામાં ઉત્સાહિત ન હોય. કેમકે તેમ કરવાથી અનાપ્તત્વનો પ્રસંગ આવે. આ જ શાસ્ત્રપ્રયોજન છે.

આ શાસ્ત્ર એક શ્રુતસ્કંધરૂપ છે, તેમાં સાધિક ૧૦૦ અધ્યયનો [શતકો] છે, ૧૦,૦૦૦ ઉદ્દેશકો છે, ૩૬,૦૦૦ પ્રશ્ન પ્રમાણ છે, ૨,૮૮,૦૦૦ પદ સમૂહવાળા આ શાસ્ત્રના મંગલાદિ કહ્યા. હવે પહેલું 'શતક' જે ગ્રંથાંતર પરિભાષા મુજબ 'અધ્યયન' કહેવાય છે, તેના ૧૦-ઉદ્દેશા છે.

ઉદ્દેશક એટલે અધ્યયન [શતક]ના અર્થને કહેનારા વિભાગો. ''તું અધ્યયનના આટલા વિભાગને ભણ.'' એમ ઉપધાનવિધિથી આચાર્ય વડે શિષ્યને ઉદ્દેશાય તે ઉદ્દેશક. તે ઉદ્દેશકોનું સુખે ધારણ કરવા, સ્મરણાદિ નિમિત્તે આવતાં પ્રથમ નામોના કથન દ્વારે આ સંગ્રહ ગાથા કહે છે –

● **સૂત્ર-૩ :-**

***રાજગૃહીમાં – ચલન, દુઃખ, કાંક્ષાપ્રદોષ, પ્રકૃતિ, પૃથ્વી, યાવત્ નૈરયિક, બાલ, ગુરુક અને ચલણા [આ દશ ઉદ્દેશકો કહ્યા.]***

● **વિવેચન-૩ :-**

આ ગાથાનો અર્થ હવે કહેવાનાર દશ ઉદ્દેશકના જ્ઞાન પછી સ્વયં જ જણાય છે, તો પણ બાળજીવોના સુખાવબોધ માટે કહીએ છીએ –

તેમાં रायगिहे - x - ''રાજગૃહ નગરમાં વક્ષ્યમાણ દશ ઉદ્દેશકના અર્થો ભગવંત મહાવીરે દર્શાવ્યા'' - એ પ્રમાણે વ્યાખ્યા કરવી. - x -



(૧) चलण - ચલન વિષયક પહેલો ઉદ્દેશો, 'ચાલતું એ ચાલ્યું' ઈત્યાદિ અર્થ નિર્ણયને માટે છે.. (૨) दुःक्खे - દુઃખવિષયક બીજો ઉદ્દેશો, સ્વયંકૃત્ દુઃખને જીવો વેદે છે ? ઈત્યાદિ પ્રશ્નના નિર્ણય માટે.. (૩) कंखपओसे - મિથ્યાત્વ મોહનીયના ઉદયથી ઉત્પન્ન અને અન્ય દર્શનના ગ્રહણ કરવારૂપ જીવ પરિણામ તે કાંક્ષા, તે જ મોટું દુષણ તે કાંક્ષા પ્રદોષ, તેના વિષયવાળો ત્રીજો ઉદ્દેશો. હે ભગવન્ ! ''જીવે કાંક્ષા મોહનીય કર્મ કર્યુ છે ?'' ઇત્યાદિ અર્થના નિર્ણય માટે છે.. (૪) પ્રકૃત્તિ-કર્મના ભેદો, ચોથો ઉદ્દેશો છે. હે ભગવન્ ! કર્મની પ્રકૃતિઓ કેટલી છે ?'' ઇત્યાદિ.

(૫) પૃથ્વીઓ - રત્નપ્રભાદિ પૃથ્વીનો પાંચમો, હે ભગવન્ ! પૃથ્વી કેટલી છે ? ઇત્યાદિ સૂત્રો.. (૬) યાવંત - યાવત્ શબ્દથી ઉપલક્ષિત છટ્ઠો. હે ભગવન્ ! જેટલા અવકાશાંતરથી સૂર્ય ઈત્યાદિ એ સૂત્રો છે.. (૭) નૈરયિક - શબ્દ ઉપલક્ષિત સાતમો. હે ભગવન્ ! નરકમાં ઉત્પન્ન થતો, ઇત્યાદિ સૂત્ર છે.. (૮) બાલ-શબ્દથી ઉપલક્ષિતને આઠમો. હે ભગવન્ ! એકાંતબાલ મનુષ્ય, ઇત્યાદિ સૂત્ર છે.. (૯) ગુરુક વિષયક નવમો, હે ભગવન્ ! જીવો ભારેપણું કેમ પામે છે ? ઇત્યાદિ સૂત્ર.. (૧૦) ચલણા બહુવચન નિર્દેશથી ''ચલન'' આદિ દશમાં ઉદ્દેશાના અર્થો છે. તેનું સૂત્ર - હે ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે - ચાલતું ચાલ્યુ નથી, ઇત્યાદિ.

એ રીતે શાસ્ત્રના ઉદ્દેશમાં મંગલાદિ કાર્યો કર્યા, તો પણ પહેલા શતકની આદિમાં વિશેષથી 'મંગલ'ને કહે છે –

● **સૂત્ર-૪ :-**

***શ્રુતને નમસ્કાર થાઓ.***

● **વિવેચન-૪ :-**

દ્વાદશાંગીરૂપ અર્હત્ પ્રવચનને નમસ્કાર થાઓ. [શંકા] ઈષ્ટ દેવતાને કરેલો નમસ્કાર મંગલાર્થે થાય છે, પણ 'શ્રુત' ઈષ્ટ દેવતા નથી, તો તે કેવી રીતે મંગલાર્થે હોઈ શકે ? કહે છે – 'શ્રુત' એ ઈષ્ટ દેવતા જ છે. કેમકે તે અર્હતોને નમસ્કરણીય છે. ''તીર્થને નમસ્કાર હો'' એમ કહીને અર્હતો શ્રુતને નમસ્કાર કરે છે. સંસારસાગરને તરવામાં મુખ્ય કારણ હોવાથી શ્રુત એ તીર્થ છે, તીર્થરૂપ શ્રુતનો આધાર હોવાથી સંઘ, તીર્થ વડે વાચ્ય છે તથા મંગલ માટે અર્હતો સિદ્ધોને પણ નમસ્કાર કરે છે. કેમકે - અભિગ્રહ તો તે સિદ્ધોને નમસ્કાર કરીને તે અર્હત્ ગ્રહણ કરે - એ વચન છે.

આ પ્રમાણે પહેલા શતકના ઉદ્દેશકનો થોડો અર્થ પહેલાં દર્શાવ્યો. પછી ''જેવો ઉદ્દેશ તેવો નિર્દેશ'' એ ન્યાયથી પહેલા ઉદ્દેશાનો વિસ્તાર કહેવો જોઈએ. તેનો ગુરુ પર્વક્રમ લક્ષણ સંબંધ દર્શાવતાં સુધર્માસ્વામી જંબૂસ્વામીને આશ્રીને આમ કહે છે –

● **સૂત્ર-૫ :-**

***તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. [વર્ણન] તે રાજગૃહની બહાર નગરના ઈશાન ખૂણામાં ગુણશીલ નામે ચૈત્ય હતું. શ્રેણિક રાજા, ચેલ્લણા***

***રાણી હતાં.***

● **વિવેચન-૫ :-**

હવે આ કઈ રીતે નિશ્ચિત્ત થઈ શકે કે સુધર્માસ્વામીએ જંબૂસ્વામી પ્રતિ આ સંબંધગ્રંથ કહ્યો છે ? સુધર્માસ્વામીની વાચના જ અનુવર્તેલી છે. કહે છે – "સુધર્માસ્વામીથી તીર્થ પ્રવર્ત્યુ, બાકીના ગણધરો શિષ્યરહિત હતા. વળી જંબૂસ્વામી, સુધર્માસ્વામીના મુખ્ય શિષ્ય હતા. તેથી તેને આશ્રીને વાચના પ્રવર્તેલી છે. તથા છટ્ઠા અંગમાં ઉપોદ્‌ઘાત આ પ્રમાણે દેખાય છે. - જેમકે - જંબૂ, સુધર્માસ્વામીને કહે છે - હે ભગવન્ જો ભગવતી નામક પાંચમાં અંગનો આ અર્થ ભગવંત મહાવીરે કહ્યો, તો છટ્ઠા અંગનો શો અર્થ છે ? તેથી જંબૂ પ્રત્યે સુધર્માસ્વામીએ જરૂર ઉપોદ્‌ઘાત કહેલો હોવો જોઈએ. મૂલની ટીકા કરનારે આ ઉપોદ્‌ઘાત ગ્રંથ વ્યાખ્યાન આખા શાસ્ત્રને ઉદ્દેશીને કરેલ છે, અમે તે માત્ર આ ઉદ્દેશા પરત્વે કર્યુ છે, કેમકે શાસ્ત્રમાં અનેક પ્રકારે ઉપોદ્‌ઘાત થયેલો છે. અહીં પૂર્વે કહેલ નમસ્કારાદિ ગ્રંથની કોઈ પણ કારણે વૃત્તિકારે વ્યાખ્યા કરી નથી.

તે નગર હતું - x - x - કાળ - આ અવસર્પિણીના ચોથા ભાગ રૂપ, તેમાં જ્યાં આ ભગવન્ ધર્મકથા કરતા હતા. સમય-કાળનો વિશિષ્ટ વિભાગ. - x - તે કાળે, તે સમયે કે હેતુભૂત તે કાળે - તે સમયે. રાજગૃહ નગર હતું. - x - [શંકા] હમણાં પણ તે નગર છે, છતાં હતું કેમ કહ્યું ? [સમાધાન] નગરના વર્ણન ગ્રંથમાં યુક્ત વિભૂતિ ત્યારે જ હતી, સુધર્માસ્વામી વાચના દેતા હતા તે કાળે નહીં. કેમકે અવસર્પિણીપણાને લીધે, કાળના અશુભભાવથી સારા પદાર્થોની હાનિ થવાથી, તેમ કહ્યું.

वण्णओ - અહીં નગરનું વર્ણન કહેવું. ગ્રંથ ગૌરવભયથી અહીં તે લખેલ નથી. તે આ રીતે - પુરના ભવનાદિ વડે મોટું, સ્વ ચક્રાદિ ભયરહિત હોવાથી સ્થિર, ધન ધાન્યાદિથી સમૃદ્ધ. - x - પ્રમોદ કારણ વસ્તુના સદ્‌ભાવથી આનંદિત નગરજનો ઇત્યાદિ ઉવવાઈથી જાણવું.

તે રાજગૃહનગરની બહાર ઈશાન ખૂણામાં - દિશા ભાગમાં કે ગગનમંડલના દિગ્‌રૂપ ભાગમાં ગુણશિલક ચૈત્ય હતું. લેપ્યાદિ વસ્તુના ચયનને 'ચિતિ' કહે છે, તેનું ચિતિપણું કે ચિતિનું કર્મ તે ચૈત્ય. તે સંજ્ઞા શબ્દ હોવાથી ચૈત્ય એટલે દેવપ્રતિમા કે તેના આશ્રયત્વથી દેવગૃહ. અહીં વ્યંતરાયન અર્થ લેવો પણ અર્હત્ ચૈત્ય-આયતન નહીં.

અહીં ન કહેવાયેલ શબ્દો પ્રાયઃ સુગમ હોવાથી કહ્યા નથી.

● **સૂત્ર-૬ :-**

***તે કાળે, તે સમયે આદિકર, તિર્થંકર, સહસંબદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુંડરીક, પુરુષવરગંધહિસ્ત, લોકોત્તમ, લોકનાથ, લોકપ્રદીપ, લોકપ્રધોતકર, અભયદાતા, ચક્ષુદાતા, માર્ગદાતા, શરણદાતા, ધર્મદેશક, ધર્મસારથી, ધર્મવરચાતુરંત ચક્રવર્તી, અપ્રતિહત વર જ્ઞાનદર્શનધર, છદ્મતારહિત, જિન-જ્ઞાપક, બુદ્ધ-બોધક, મુક્ત-મોચક, સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ-અચલ-મરુત્-અનંત-***



***અક્ષય-અવ્યાબાધ-અપુનરાવર્તક સિદ્ધિ-ગતિ નામક સ્થાનની પ્રાપ્તિની ઈચ્છાવાળા યાવત્ સમોસરણ, એવા શ્રમણ ભગવંત મહાવીર હતા.***

● **વિવેચન-૬ :-**

શ્રમ અને ખેદ અર્થવાળા 'श्रम्' ધાતુથી જે તપ કરે તે શ્રમણ. અથવા શોભન મનથી વર્તે તે समन. સ્તવ ના પ્રસ્તાવથી મનનું શોભનપણું કહેવું. અથવા મનોમાત્ર સત્ત્વનું અસ્તવપણાથી, સંગત એટલે જેવું હોય તેવું બોલે, અથવા સર્વ પ્રાણીમાં તુલ્ય પ્રવર્તે તે, શ્રમણ છે.

भगवन् - ઐશ્વર્યાદિયુક્ત, પૂજ્ય.. महावीर - શૂર અને વીર ધાતુ ઉપરથી શત્રુનું નિરાકરણ કરવામાં વિક્રાંત. તે તો ચક્રવર્તી આદિ પણ હોય, તેથી વિશેષથી કહે છે - મહાન્ એવા દુર્જય એવા અંતર્‌શત્રુના નિરાકરણથી વીર એટલે મહાવીર. આ ગુણનિષ્પન્ન નામ દેવે કરેલું છે કહ્યું છે – ભય, ભૈરવમાં અચલ અને પરિષહ, ઉપસર્ગોમાં ક્ષાંતિક્ષમ હોવાથી દેવોએ આ નામ કર્યુ – "શ્રમણ ભગવંત મહાવીર."

आदिकर - પ્રથમથી આચારાદિ ગ્રંથરૂપ શ્રુત ધર્મના અર્થના પ્રણયનશીલ હોવાથી 'આદિકર' છે. આદિકર હોવાથી તીર્થકર - જે વડે સંસાર સમુદ્ર તરાય તે તીર્થ અર્થાત્ પ્રવચન, તેનાથી અભિન્ન હોવાથી 'સંઘ' તીર્થ કહેવાય. તેને કરનાર હોવાથી તીર્થંકર કહ્યા. તેમનું તીર્થંકરત્વ અન્યના ઉપદેશપૂર્વક નથી, માટે કહે છે – सहसंबुद्ध - અન્યના ઉપદેશ વિના આત્માની જ સાથે હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય વસ્તુ તત્ત્વને યથાવત્ જાણે તે સહસંબુદ્ધ, તેમનું સહસંબુદ્ધત્વ પુરુષોત્તમત્વથી છે–

पुरुषोत्तम - પુરુષો મધ્યે તે તે રૂપાદિ અતિશયોથી ઉચ્ચ હોવાથી ઉત્તમ હોય તે પુરુષોત્તમ કહેવાય. તેમનું પુરુષોત્તમત્વ સિંહ આદિ ત્રણ ઉપમાઓ વડે સમર્થન કરતા કહે છે – સિંહ સમાન પુરુષરૂપ જે સિંહ તે પુરુષસિંહ અર્થાત્ શૌર્યાદિ ગુણો વડે સિંહસમાન. શૌર્યને લીધે સિંહની ઉપમા આપી. બાલ્યપણામાં શત્રુ દેવે બીવડાવ્યા છતાં ડર્યા નહીં, દેવના મોટા થતાં જતાં શરીરને વજ્ર સમાન મુષ્ટિ પ્રહારથી કુબ્જ કરી દીધું હતું. वरपुण्डरीक - પ્રધાન ધવલ સહસ્રપત્ર. પુરુષ સમાન વરપુંડરીક તે પુરુષવર પુંડરીક, ભગવંતનું ધવલત્વ સર્વ અશુભ મલરહિત હોવાથી અને સર્વ શુભાનુભાવથી શુદ્ધ હોવાથી અથવા પુરુષ એટલે પોતાના સેવકરૂપ જીવો, તેના સંતાપરૂપ તાપને નિવારવામાં સમર્થ હોવાથી તથા શોભાનું કારણ હોવાથી પુરુષવર-પુંડરીક, તથા પુરુષ માફક વરગંધહસ્તી તે પુરુષવર ગંધહસ્તી જેમ ગંધહસ્તીની ગંધ વડે બીજા બધાં હાથી નાશી જાય છે, તેમ ભગવંતના તે દેશોના વિહાર વડે ઈતિ, પરચક્ર, દુર્ભિક્ષ, ડમર, મરકી આદિ દુરિતો નષ્ટ થાય છે, માટે ભગવંત પણ પુરુષવર ગંધહસ્તિ કહેવાય.

તે માત્ર પુરુષોત્તમ જ નથી. પરંતુ લોકના નાથ હોવાથી લોકમાં પણ ઉત્તમ છે, માટે કહે છે – સંજ્ઞી ભવ્ય પ્રાણીઓના સ્વામી, "યોગ અને ક્ષેમ કરનાર તે નાથ" એ વચનથી લોકનાથ. અપ્રાપ્ત જે સમ્યગ્ દર્શનાદિ, તેની પ્રાપ્તિ તથા તેના પરિપાલનથી લોકનાથત્વ છે. તે લોકનાથત્વ યથાવસ્થિત વસ્તુ સમૂહને પ્રદીપના કરવાથી જ છે

- લોકપ્રદીપ, તિર્યંચ-નર-દેવરૂપ વિશિષ્ટ લોકના અંતર અંધકારને દૂર કરનાર હોવાથી પ્રકૃષ્ટ પ્રકાશકારીત્વથી પ્રદીપ સમાન. આ વિશેષણ દેખાતા લોકને આશ્રીને કહ્યું, હવે દૃશ્ય લોકને આશ્રીને કહે છે — દેખાય તે લોક, આ વ્યુત્પત્તિથી સકલવસ્તુ સમૂહરૂપ લોકાલોક સ્વરૂપને અખંડ, સૂર્યમંડલની પેઠે બધાં પદાર્થોના સ્વભાવનો પ્રકાશ કરવામાં સમર્થ કેવલજ્ઞાનરૂપ આલોકપૂર્વક પ્રવચનપ્રભા સમૂહને પ્રવર્તાવવાથી પ્રકાશને કરવાના સ્વભાવવાળા હોવાથી લોક પ્રધોતકર.

ઉક્ત વિશેષણયુક્ત તો સૂર્ય, હરિ, હર, બ્રહ્માદિ પણ, તે-તે તીર્થિકના મતે છે, તો ભગવંતની શી વિશેષતા ? તેથી વિશેષે કહે છે —

अभयदय - પ્રાણનો નાશ કરવામાં રસિક તથા ઉપસર્ગોને કરનારા પ્રાણીને ભય દેનાર ન હોવાથી અભયદાતા અથવા સર્વ પ્રાણીના ભયને હરનાર દયા જેને છે તે. આ વિશેષતા હરિ, હરાદિમાં નથી. ભગવંત અપકારી તથા અન્ય પ્રાણીના અનર્થનો માત્ર પરિહાર જ કરે છે, એટલું જ નહીં, પણ તેઓને પદાર્થની પ્રાપ્તિ પણ કરે છે, માટે કહ્યું चक्षुर्दय - શુભાશુભ પદાર્થના વિભાગને દર્શાવનાર હોવાથી શ્રુતજ્ઞાન ચક્ષુ સમાન છે. કહ્યું છે — શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ વડે હેયોપાદેયને જાણે તે જ ચક્ષુવાળા છે. તેને દેનારા હોવાથી ચક્ષુદય છે. અટવીમાં ગયેલા, ચોર વડે લુંટાયેલા ધનવાળા, પાટા વડે જેમની આંખો બાંધેલી છે, એવા મનુષ્યોને ચક્ષુ ઉઘાડી ઈષ્ટમાર્ગમાં બતાવનાર જેમ ઉપકારી છે, તેમ ભગવંત પણ સંસાર-અરણ્યવર્તી, રાગાદિ ચોર વડે જેઓનું ધર્મધન લુંટાઈ ગયું છે, સદ્જ્ઞાન લોચનો કુવાસનાચ્છાદિત છે તેને ખસેડી શ્રુતચક્ષુ આપીને નિર્વાણમાર્ગને બતાવતા ઉપકારી છે —

માર્ગદાતા, मार्ग - સમ્યગ્દર્શનજ્ઞાન ચારિત્રાત્મક મોક્ષરૂપ નગરના માર્ગને આપનાર હોવાથી માર્ગદય છે. જેમ લોકમાં ચક્ષુ ઉઘાડી, માર્ગ બતાવી, ચૌરાદિથી લુંટાયેલને નિરુપદ્રવ સ્થાને પહોંચાડનાર પરમ ઉપકારી થાય, તેમ ભગવંત પણ છે, તે દર્શાવે છે - શરણદાતા, શરણ - વિવિધ ઉપદ્રવોથી દુઃખી જીવને શરણ-એટલે પરમાર્થથી નિર્વાણને આપે તે શરણદય છે. ભગવંતનું શરણદાયકપણું ધર્મદેશના વડે છે તેથી કહે છે — શ્રુતચારિત્રરૂપ ધર્મને કહે છે માટે ધર્મદેશક છે. પાઠાંતરથી - ચારિત્રધર્મના દાતા હોવાથી ભગવંત ધર્મદય છે. ધર્મદેશક તો માત્ર ધર્મની દેશનાથી કહેવાય છે, માટે કહે છે - ધર્મરૂપ રથના પ્રવર્તક ભગવંત સારથિ સમાન છે. જેમ રથના સારથી રથમાં બેસનાર અને રથને લઈ જનાર ઘોડાઓનું રક્ષણ કરે છે. તેમ ભગવંત પણ ચારિત્ર ધર્મના સંયમ, આત્મા અને પ્રવચનરૂપ અંગોના રક્ષણના ઉપદેશાત્મપણાથી ધર્મસારથી છે. અન્યતીર્થિકો પણ તેમના ભગવંતને ધર્મસારથી કહે છે, તેથી વિશેષથી કહે છે — ધર્મવરચાતુરંતચક્રવર્તી.

ત્રણ સમુદ્રો અને ચોથો હિમવંત, એ ચાર પૃથ્વીના અંત છે, તે ચારે છેડાનો સ્વામી તે ચાતુરંત છે, તે રૂપ ચક્રવર્તી, वर - શ્રેષ્ઠ, તે વર ચાતુરંત ચક્રવર્તી - અતિશયવાળો રાજા, ભગવંત ધર્મને વિશે ચાતુરંત ચક્રવર્તી સમાન છે. જેમ પૃથ્વીમાં બીજા રાજા કરતાં અતિશયવંત હોય છે. તેમ ભગવંત પણ ધર્મપ્રણેતાઓમાં અતિશયવંત



છે તેથી અથવા ધર્મરૂપ બીજા ચક્ર કરતા અથવા કપિલ આદિના ધર્મચક્ર કરતાં શ્રેષ્ઠ, ચાતુરંતદાનાદિ ભેદથી ચાર પ્રકારનું અથવા નારકાદિ ચારગતિના નાશ કરનારું, અંતર શત્રુનું ઉચ્છેદક હોવાથી જે ચક્ર, તે ચક્ર વડે વર્તવાના સ્વભાવવાળા હોવાથી તે ધર્મવર ચાતુરંત ચક્રવર્તી.

આ ધર્મદેશકાદિ વિશેષણો પ્રકૃષ્ટ જ્ઞાનાદિ યોગથી ઘટે છે —

अप्रतिहत - કટ, કુટી આદિ વડે અસ્ખલિત અથવા અવિસંવાદક અથવા ક્ષાયિક હોવાથી શ્રેષ્ઠ વિશેષ-સામાન્ય બોધાત્મક કેવલજ્ઞાનદર્શનને ધારણકર્તા હોવાથી અથવા કોઈ અન્યમતિ, છદ્મસ્થોને પણ ઉપર્યુક્ત સંપત્તિયુક્ત માને છે, પણ તે મિથ્યોપદેશક હોવાથી ઉપકારી ન થાય, માટે ભગવંતના છદ્મરહિતત્વને બતાવવા કહે છે —

व्यावृत्तछद्म - વ્યાવૃત્ત એટલે ગયેલું છે, છદ્મ-શઠત્વ કે આવરણ જેનું તે. છદ્મનો અભાવ રાગાદિના જયથી છે, તેથી जिन - રાગ, દ્વેષ આદિ રૂપ શત્રુને જિતે તે. રાગાદિનો જય અને રાગાદિ સ્વરૂપ અને તેના જયના ઉપાયોનું જ્ઞાન દર્શાવતા કહે છે - जाणए - છાદ્મસ્થિક ચાર જ્ઞાન વડે જાણે છે, તે જ્ઞાયક. એ રીતે સ્વાર્થ સંપત્તિ કહી, હવે ભગવંતની પરાર્થ સંપત્તિ ચાર વિશેષણોથી કહે છે - बुद्ध - જીવાદિ તત્ત્વોને જાણનારા बोहए - બીજાને જીવાદિ તત્ત્વોનો બોધ પમાડનાર. मुत्त - બાહ્યાભ્યંતર ગ્રંથિ બંધનથી મુક્ત, मोयए - બીજાને કર્મ બંધનથી મૂકાવનાર.

હવે મુક્તાવસ્થાને આશ્રીને વિશેષણો કહે છે — સર્વજ્ઞ એટલે સર્વ વસ્તુના સમૂહને વિશેષરૂપે જાણવું હોવાથી સર્વજ્ઞ. તેનું સામાન્ય રૂપે જાણપણું હોવાથી સર્વદર્શી અર્થાત્ મુક્તાવસ્થામાં પણ સર્વજ્ઞ, સર્વદર્શી. પણ અન્યદર્શનીના મત મુજબ મુક્તપણામાં સ્થિત પુરુષવત્ ભાવિમાં જડ થનાર નહીં. આ બે પદ ક્યાંક નથી દેખાતા.

સર્વ અબાધારહિતત્વથી શિવ, સ્વાભાવિક-પ્રાયોગિક ચલન હેતુ અભાવથી અચલ, રોગનાં કારણ શરીર અને મનને અભાવે રોગરહિત, અનંતાર્થ વિષય જ્ઞાનસ્વરૂપત્વથી અનન્ત, સાદિ-અનંત સ્થિતિત્વથી અક્ષય, અથવા પરિપૂર્ણ પૂર્ણિમાના ચંદ્રમંડલવત્ અક્ષત, બીજાને અપીડાકારી હોવાથી અવ્યાબાધ, જેમાં જવાથી નિષ્ઠિતાર્થ થવાય તે સિદ્ધિ, તે તરફની ગતિ હોવાથી સિદ્ધિગતિ, તે જ પ્રશસ્ત નામ છે તે તથા, અનવસ્થાનના કારણરૂપ કર્મના અભાવે સ્થિર થવાય તે સ્થાન એટલે ક્ષીણકર્મ જીવનું સ્વરૂપ કે લોકાગ્ર. - x - x - આવા સ્થાને જવાની ઈચ્છાવાળા, પણ તેને પ્રાપ્ત ન કરેલ. કેમકે તે પ્રાપ્ત થતાં વિવક્ષિત પ્રરૂપણા અસંભવ છે. જો કે આ વિશેષણ તો ઉપચારથી છે કેમકે કેવલિ ભગવંતો તો ઈચ્છા વિનાના જ હોય છે.

जाव समोसरणं - સમવસરણનો વર્ણક આવે ત્યાં સુધી ભગવંતનું વર્ણન વાંચવું. તે ભગવંત વર્ણન આ પ્રમાણે - ભુજમોચક રત્ન, કાળો કીડો કે અંગારો, ગળીનો વિકાર, મષી, હર્ષિત ભ્રમરાનો સમૂહ, સ્નિગ્ધ, કાળી કાંતિવાળો, એવા નિબિડ, કુંડલીભૂત, પ્રદક્ષિણાવર્ત જેના મસ્તકના વાળ છે. એ રીતે કેશવર્ણનથી પગના તળીયાં સુધી શરીરનું વર્ણન કહેવું. *[ઉવવાઈ સૂત્રમાં આ વર્ણન વિસ્તારથી છે.]*

અહીં પાદતલ નું વર્ણન છે. - x - ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણના ધારક, આકાશગત એવા - ચક્ર, છત્ર, ચામર, સીંહાસનથી યુક્ત. આકાશ - અતિ સ્વચ્છ સ્ફટિક વિશેષમય, દેવોએ આગળ ખેંચતા ધર્મધ્વજ વડે અને ૧૪,૦૦૦ સાધુ તથા ૩૬,૦૦૦ સાધ્વીથી પરિવરીને વિચરે છે.

ભગવંત પૂર્વાનુપૂર્વીથી વિચરતા - x - ગ્રામાનુગ્રામ જતાં, સુખે સુખે વિચરતા રાજગૃહ નગરના ગુણશિલક ચૈત્યે આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને સંયમથી આત્માને ભાવતા વિચરે છે.

સમવસરણ વર્ણનમાં ઘણાં શ્રમણ ભગવંતોનું વર્ણન અને ભવનપતિ આદિ દેવોનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું.

● સૂત્ર-૭ :-

*પર્ષદા નીકળી, ધર્મોપદેશ દીધો, પર્ષદા પાછી ગઈ.*

● વિવેચન-૭ :-

રાજગૃહથી રાજાદિ લોક ભગવંતને વંદનાર્થે નીકળ્યા. - x - ત્યારે રાજગૃહ નગરમાં શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથમાં ઘણાં લોકો પરસ્પર આ રીતે કહે છે — હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવન્ મહાવીર અહીં ગુણશિલક ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે, તથારૂપ અરહંત ભગવંતનું નામ-ગોત્રનું શ્રવણ પણ શ્રેય છે, તો વંદન-નમનનું શું કહેવું ? એમ કહી ઘણા ઉગ્રો, ઉગ્રપુત્રો આદિ ભગવંતને નમે છે, પર્યુપાસે છે. એ પ્રમાણે રાજનિર્ગમ આદિ પર્યુપાસના ઉવવાઈ સૂત્ર માફક કહેવી.

અહીં ભગવંતની ધર્મકથા કહેવી. તે આ - શ્રમણ ભગવંત મહાવીર શ્રેણિક રાજાને, ચેલ્લણાદિ રાણીઓને, મોટી સભાને સર્વભાષા અનુગામી વાણી વડે ધર્મ કહ્યો. જેમકે - લોક છે, અલોક છે - x - આદિ. - x -

લોકો સ્વસ્થાને ગયા, તેનું વર્ણન આ રીતે - તે મોટી અર્ચાવાળી, પ્રશસ્તતા પ્રધાન પર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ શ્રવણ કરી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ થઈ, શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી વંદે છે, નમે છે, વંદીને, નમીને એમ બોલી. હે ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારું કહ્યું, આવો ધર્મ કહેવા બીજા કોઈ શ્રમણ, બ્રાહ્મણ સમર્થ નથી. એમ કહી જ્યાંથી આવેલ, ત્યાં પાછા ગયા.

● સૂત્ર-૮ :-

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે ઉભડક રહેલા, નીચે નમેલ મુખવાળા, ધ્યાનરૂપ કોષ્ઠમાં પ્રવિષ્ટ, તેમના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર, ગૌતમગોત્રીય, સાત હાથ ઉંચા, સમચોરસ સંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણી, સુવર્ણ કટક રેખા સમાન, પદ્મગૌર, ઉગ્રતપસી, દીપ્તતપસી, તપ્તતપસી, મહાતપસી, ઉદાર, ઘોર, ઘોરગુણી, ઘોરતપસી, ઘોર બ્રહ્મચર્યવાસી, શરીર સંસ્કાર ત્યાગી, સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળા, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનોપગત, સર્વાક્ષર*



*સંનિપાતી હતા.*

● વિવેચન-૮ :-

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના પ્રથમ, શિષ્ય, એ બે પદ વડે તેમનું સકલ સંઘનાયકત્વ કહ્યું. ઈન્દ્રભૂતિએ માતા-પિતા કૃત્ નામ હતું. - x - વિવક્ષાથી શ્રાવક પણ શિષ્ય હોય, માટે કહે છે — જેને ઘર ન હોય તે અનગાર. કોઈ અણગાર નિંદિતગોત્રવાળા હોય માટે કહે છે — ગૌતમગૌત્ર સહિત. દેહ ન્યૂનાધિક પણ હોય, માટે કહ્યું — સાત હાથ ઉંચા, આવો લક્ષણહીન પણ હોઈ શકે, માટે કહ્યું — સમચતુરસ્ર અર્થાત્ નાભિની ઉપર અને નીચે લક્ષણથી તુલ્ય, એવા સંસ્થાને રહેલ અથવા સમ - અન્યૂનાધિક ચાર અસ્રિ યુક્ત તે સમચતુરસ્ર. અસ્રિ એટલે પર્યંકાસને બેસેલા પુરુષના બંને જાનુનું અંતર, આસન અને લલાટના ઉપરના ભાગનું અંતર, જમણો ખભો-ડાબો જાનુંનું ડાબો ખભો-જમણો જાનુંનું અંતર. અન્ય કહે છે — વિસ્તાર અને ઉંચાઈથી સમાન તે સમચતુરસ્ર.

આવા સંસ્થાન છતાં હીન સંહનનવાળા હોય. તેથી કહે છે — વજ્ર ઋષભ નારાચ સંઘયણ, સંહનન એટલે હાડકાંનો સમૂહ. વજ્રાદિનું લક્ષણ - પાટો તે ઋષભ, વજ્ર તે ખીલી, મર્કટબંધ તે નારાચ. આ સંહનન ખીલા વડે બદ્ધ, કાષ્ટ સંપુટ સદૃશ સામર્થ્યયુક્ત હોવાથી વજ્ર, લોહાદિમય પટ્ટ વડે બદ્ધ હોવાથી ઋષભ, વજ્રરૂપ ઋષભ તે વજ્રર્ષભ ઇત્યાદિ - x - ઇન્દ્રભૂતિ અતિઉત્કૃષ્ટ સામર્થ્યવાળા હોવાથી આવા વિશેષ અસ્થિસમૂહ રૂપ સંહનનવાળા છે. માટે વજ્રર્ષભનારાચ સંહનન વિશેષણ મૂક્યું.

- x - આવા નિંદ્ય વર્ણવાળા પણ હોય તેથી કહે છે — સોનાની પુલક પર કસોટીએ કષેલી રેખા તથા કમલના કેસરસમ ગૌર વર્ણયુક્ત. વૃદ્ધ વ્યાખ્યા આ રીતે — સુવર્ણનો પણ લોઢાનો નહીં, પુલક એટલે સાર, તત્પ્રધાન જે રેખા, તેનું બહુંપણું, તેના જેવા ગૌર અથવા સુવર્ણનું જે બિંદુ, જે તેની સમાન વર્ણથી છે, તે તથા કેશરા સદૃશ ગૌર. આ રીતે સુંદર વર્ણવાળા હોવા છતાં વિશિષ્ટ ચારિત્રરહિત પણ હોય. તેથી કહે છે —

ઉગ્રતપ - અનશનાદિ જેને છે તે. અર્થાત્ સામાન્ય જન જેનું ચિંતવન કરવાને પણ અશક્ત હોય તેવા તપથી યુક્ત. દીપ્ત - કર્મરૂપી ગહન વનને ભસ્મસાત્ કરવાને સમર્થ હોવાથી જાજ્વલ્યમાન અગ્નિ સમ દીપ્ત-જ્વલિત, ધર્મધ્યાનાદિ તપયુક્ત, તપ્તતપા - જેણે તપ તપ્યું છે તે, એવું તપ તપીને કર્મોને સંતપાવી, તપરૂપ આત્માને પણ સંતપાવ્યો. સાધારણ પુરુષથી ન થાય તેવો તપ કર્યો.

મહાતપ - આશંસા દોષ રહિતત્વથી પ્રશસ્ત તપસી, ઓરાલ - ભીમ, ઉગ્રાદિ વિશેષણયુક્ત તપ કરવાથી, અલ્પ સત્વવાળા પાસત્થાને ભયાનક. અન્ય કહે છે - ઓરાલ - ઉદાર, પ્રધાન. ઘોર - અતિ નિર્ઘૃણ, પરિષહ, ઈન્દ્રિયાદિ શત્રુસમૂહના વિનાશને આશ્રીને નિર્દય, બીજા કહે છે - ઘોર એટલે આત્મનિરપેક્ષ, ઘોરગુણ - અન્ય પુરુષો વડે આચરી ન શકાય એવા મૂલગુણાદિ ગુણયુક્ત, ઘોરતવસ્સિ - ઘોર તપ કરનાર. ઘોરબંભચેરવાસી - અલ્પસત્વી પ્રાણિગણથી દુરનુચર હોવાથી દારુણ,

એવું જે બ્રહ્મચર્ય તેમાં વસનારા. उज्झितशरीर - શરીર સંસ્કાર ત્યાગી. संखितविउल- तेउलेस्स - શરીરમાં લીન હોવાથી સંક્ષિપ્ત, યોજન પ્રમાણ ક્ષેત્રમાં વસ્તુના દહનમાં સમર્થ હોવાથી વિપુલ. તેજોલેશ્યા એટલે તપોજન્ય લબ્ધિ વિશેષથી ઉત્પન્ન તેજોજ્વાલા. - x - x -

ચૌદપૂર્વી - ચૌદ પૂર્વ જેને વિદ્યમાન છે તે, કેમકે તેઓએ જ રચેલા છે, આમ કહી તેમનું શ્રુતકેવલિપણું બતાવ્યું. તે અવધિજ્ઞાન આદિ રહિતને પણ હોય તેથી કહે છે કેવલજ્ઞાન સિવાયના ચાર જ્ઞાનવાળા, ઉક્ત બંને વિશેષણ છતાં કોઈક સમગ્ર શ્રુત વિષય વ્યાપી જ્ઞાની ન પણ હોય, કેમકે ચૌદ પૂર્વી અનંત જ્ઞાનાદિ છ સ્થાન પતિત પણ હોય, તેથી કહે છે — સર્વાક્ષર સંનિપાતી - સર્વ અક્ષરના સંયોગ જેને જ્ઞેયપણે હોય તે અથવા શ્રવ્યને સંગતિપણે નિત્ય બોલવાના સ્વભાવવાળા, તે શ્રવ્યાક્ષરસન્નિવાદી, આવા અનેકગુણવાળા, વિનયની રાશિ સમાન તથા શિષ્યાચારને પાળતા ભગવન્ ઈન્દ્રભૂતિ વિચરે છે - x -

अदूरसामन्त - દૂર એટલે છેટે, સામંત એટલે નીકટ, તેના નિષેધથી અદૂર સામંત, કઈ રીતે વિચરે છે ? જેના ઘૂંટણ ઉંચા છે, શુદ્ધ પૃથ્વીના આસનના વર્જનથી ઔપગ્રહિક નિષધાના અભાવે, ઉત્કુટુક આસને. નીચું મુખ રાખીને - ઉંચે કે તિર્છું ન જોતા, નિયતભૂમિમાં દૃષ્ટિ રાખીને. ધર્મ કે શુક્લ ધ્યાનરૂપ કોઠાને પ્રાપ્ત, જેમ કોઠામાં નાંખેલ ધાન્ય ન વેરાય, તેમ તે ભગવન્‌ના ઈન્દ્રિયાદિ અસ્થિર થતાં નથી, તેવા ઈન્દ્રભૂતિ સંવર અને તપ વડે આત્માને વાસિત કરીને રહ્યા છે. સંયમ અને તપનું ગ્રહણ મોક્ષના પ્રધાન અંગરૂપે છે. કેમકે સંવરથી કર્મો રોકાય છે અને તપથી જૂના કર્મ નિર્જરે છે.

● **સૂત્ર-૯ :-**

***ત્યારપછી જાત શ્રદ્ધ, જાત સંશય, જાત કુતૂહલ, ઉત્પન્ન શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ, સંજાત શ્રદ્ધ, સંજાત સંશય, સંજાત, કુતૂહલ, સમુત્પન્ન શ્રદ્ધ, સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ ઉત્થાન વડે ઉભા થાય છે, ઉત્થાન વડે ઉભા થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી વંદે છે, નમે છે, નમીને ન અતિ નજીક, ન અતિ દૂર એ રીતે સન્મુખ, વિનય વડે અંજલિ જોડી, ભગવંતના વચનને શ્રવણ કરવાને, નમતા અને પર્યુપાસતા આમ બોલ્યા —***

***(૧) ચાલતું તે ચાલ્યું ? (૨) ઉદીરાતું તે ઉદીરાયું ? (૩) વેદાતુ તે વેદાયુ ? (૪) પડતું તે પડ્યું ? (૫) છેદાતું તે છેદાયું ? (૬) ભેદાતું તે ભેદાયું ? (૭) બળતું તે બળ્યું ? (૮) મરતું તે મર્યું ? (૯) નિર્જરાતુ તે નિર્જરાયુ ? [એમ કહેવાય ?]***

● **વિવેચન-૯ :-**

ધ્યાનરૂપ કોષ્ઠને પામીને વિહરણ કર્યા પછી, - x - સામાન્ય થકી કહીને, તે ભગવન્ ગૌતમ કેવા છે ? તે કહે છે — ઉત્પન્ન શ્રદ્ધાદિ વિશેષણ યુક્ત - ઉઠે



છે, તે યોગ. જાત-પ્રવૃત્ત, શ્રદ્ધા - વક્ષ્યમાણ અર્થતત્ત્વના જ્ઞાનની ઈચ્છા જેને છે તે जातश्रद्ध. जातसंशय - તેમાં સંશય - અનવધારિત અર્થજ્ઞાન, તે જેને છે તે. તે ભગવન્ ગૌતમને આ પ્રમાણે થયો - ભગવંત મહાવીરે चलमाणे० આદિ સૂત્રમાં ચાલતા પદાર્થને ચાલ્યો કહ્યો, તેમાં 'જે ચાલતો-તે ચાલ્યો' એમ કહ્યું. તેથી બંને એક વિષયવાળા બતાવ્યા. તેમાં 'ચાલતો' એ વર્તમાનકાળ બતાવે છે, 'ચાલ્યો' એ ભૂતકાળવિષયક છે —

— અહીં સંશય થયો કે જે પદાર્થ વર્તમાન વિષયક છે તે ભૂતકાળ વિષયક કેમ થાય ? કેમકે બંને કાળ વિરુદ્ધ છે. આમ સંશય થયો તેથી जातसंशय કહ્યા. ઉત્પન્ન થયેલ કુતૂહલવાળા, ભગવન્ આ પદાર્થોને કઈ રીતે જણાવશે ? તથા ઉત્પન્ન શ્રદ્ધ-જેને પૂર્વે ન થયેલ, પણ હવે થઈ તેવી શ્રદ્ધાવાળા. जातश्रद्ध પણ તેમજ છે, તો उत्पन्नश्रद्ध એવું બીજું વિશેષણ કેમ ? - x - x -

શ્રદ્ધાની ઉત્પત્તિ અને પ્રવૃત્તિનો અન્યોન્ય કાર્ય કારણ ભાવ દર્શાવવાને - હેતુત્વ પ્રદર્શનાર્થે. - x - x - x - x -

ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ બંને પૂર્વવત્. સંજાતશ્રદ્ધ ઇત્યાદિ છ પદ પૂર્વવત્ જાણવા. વિશેષ એ કે અહીં सं શબ્દ પ્રકર્ષ આદિ અર્થવાળો છે - x - x - બીજા जातश्रद्धादि ૧૨ વિશેષણોની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે — (૧) જેઓ પૂછવાને શ્રદ્ધાવાળા થાય તે જાતશ્રદ્ધ, જાતશ્રદ્ધ શા માટે થયા ? જાત સંશય છે માટે. - "આ પદાર્થ આવો હોય કે આવો ? જાત સંશય કેમ થયા ? જાત કુતૂહલ છે માટે. "આ અર્થને" હું કેવી રીતે જાણીશ ?" એવા અભિપ્રાયવાળા છે માટે.

આ ત્રણ વિશેષણો અવગ્રહની અપેક્ષાએ જાણવા. એ રીતે ઉત્પન્ન શ્રદ્ધ આદિ ત્રણ ઈહાપેક્ષાએ, સંજાતશ્રદ્ધ આદિ ત્રણ અપાયાપેક્ષા, સમુત્પન્નશ્રદ્ધ આદિ ત્રણ ધારણાની અપેક્ષાએ સમજવા.

બીજાઓ એમ કહે છે - જાતશ્રદ્ધત્વાદિ અપેક્ષાએ ઉત્પન્ન શ્રદ્ધાદિ સામાનાર્થા છે, તો પણ વિવક્ષિત અર્થનો પ્રકર્ષ પ્રતિપાદિત કરવા સ્તુતિ પરાયણ ગ્રંથકારે કહ્યા છે. તેમાં પુનરુક્તિ દોષ નથી. કહ્યું છે — હર્ષ, ભયાદિથી આક્ષિપ્ત મનવાળો વક્તા, સ્તુતિ કે નિંદા કરતા જે પદોને અનેકવાર બોલે, તો તે પુનરુક્તિ દોષને પાત્ર નથી.

उट्ठाए उट्ठेइ - ઉંચા વર્તતા ઉઠે છે. એકલું उट्ठेइ પદ મૂકે તો ક્રિયાનો આરંભ માત્ર પ્રતીત થશે. જેમકે બોલવાનો આરંભ કરે છે, તેનો વ્યવચ્છેદ થાય તે માટે उट्ठाए વિશેષણ उट्ठेइ સાથે મૂક્યું અહીં उपागच्छति એ ઉત્તરક્રિયાની અપેક્ષાએ ઉત્થાન ક્રિયાનું પૂર્વકાળપણું કહેવાને उट्ठाए उट्ठेइ કહ્યું. - x - ભ૦ મહાવીર પાસે આવ્યા. - x - આવીને શ્રમણ ભગવંત મહાવીરને જમણા હાથથી આરંભીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી - x - वंदेइ - વચન વડે સ્તુતિ કરી અને કાયા દ્વારા નમસ્કાર કરે છે. પછી અવગ્રહના પરિહારથી અતિ સમીપ નહીં કે અતિ દૂર નહીં તેમ ઉચિતપણાને સ્વીકારીને. ભગવદ્‌વચનને સાંભળવાને ઈચ્છતા, ભગવંત સન્મુખ રહી, વિનય વડે અંજલિ કરીને - x - x - પર્યુપાસના - સેવના કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા.

से એટલે તે પૂજ્યો એ ''ચાલતું તે ચાલ્યું'' ઈત્યાદિ કહ્યું છે. નૂનં - નિશ્ચયાર્થે છે. - x - અથવા से શબ્દ अथ શબ્દના અર્થમાં પ્રસિદ્ધ છે. अथ શબ્દ વાક્યના આરંભે કે પ્રશ્નને માટે સમજવો. કહ્યું છે — अथ શબ્દ પ્રકરણ, પ્રશ્ન, અનંતરપણું, મંગલ, પ્રારંભ, ઉત્તર તથા સમુચ્ચય બતાવે છે. 'भंते' શબ્દ ગુરુને આમંત્રણ રૂપે છે. તેથી હે ભદંત ! હે કલ્યાણ સ્વરૂપ અથવા સુખ સ્વરૂપ ! અથવા —

ભવ એટલે સંસારના અંતકર હોવાથી ભવાન્ત, ભયના અંતકર હોવાથી ભયાંત અથવા ભાન્ - જ્ઞાનાદિ વડે દીપ્યમાન અથવા ભ્રાજમાન્ - દીપ્યમાન્ ! કેમકે ભ્રાજ્ ધાતુ દીપ્તિ અર્થમાં છે.

આદિથી આરંભીને भंते પર્યન્ત ગ્રંથ ભગવન્ સુધર્માસ્વામીએ પાંચમાં અંગના પહેલા શતકના પહેલા ઉદ્દેશાના સંબંધાર્થે કહ્યો. આ સંબંધે આવેલ પાંચમાં અંગના પહેલા શતકનું આદિ સૂત્ર —

૦ ૧/૧/૧ - चलमाणे चलिए આદિ [શંકા] સુધર્માસ્વામીએ પહેલા શતકના પહેલા ઉદ્દેશામાં પહેલું જ સૂત્ર બીજા કોઈ અર્થવાળું ન મૂકીને ''ચાલતું તે ચાલ્યું'' એ અર્થવાચક સૂત્ર કેમ મૂક્યું ?

સમાધાન - ચાર પુરુષાર્થોમાં મોક્ષ નામક પુરુષાર્થ સર્વાતિશાયી હોવાથી મુખ્ય છે. સાધ્ય એવા મોક્ષના સમ્યગ્દર્શનાદિ અવ્યભિચારી સાધનો છે. સજ્જનો ઉભયના નિશ્ચયનું શિક્ષણ આપનાર શાસ્ત્રને ઈચ્છે છે, ઉભયનિયમ - સમ્યગ્દર્શનાદિ મોક્ષરૂપ સાધ્યના જ સાધનો છે, અન્ય કોઈ નહીં. તે મોક્ષના વિપક્ષના ક્ષયથી થાય છે. તે વિપક્ષ એ બંધ છે. કર્મનો આત્મા સાથે સંબંધ તે બંધ. તે કર્મોના પ્રક્ષય નિમિત્તે આ અનુક્રમ કહ્યો. - ''ચાલતું તે ચાલ્યું'' ઇત્યાદિ.

(૧) તેમાં चलत् - સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવતું, વિપાકને અભિમુખ થતું જે કર્મ, તે चलित - ઉદયમાં આવ્યું, એમ કહેવાય છે. કર્મોનો જે ચલનકાળ તે જ ઉદયાવલિકા છે, તે ચલનકાળ અસંખ્ય સમયવાળો હોવાથી આદિ-મધ્ય-અંતથી યુક્ત છે.

કર્મપુદ્ગલોના પણ અનંતા સ્કંધો છે, અનંતા પ્રદેશો છે, તેથી તે ક્રમથી પ્રતિસમય ચાલે છે, તેમાં જે આદ્ય ચલન સમય છે, તેમાં ચાલતા કર્મને ચાલ્યુ કહેવાય. [શંકા] 'ચાલતું' વર્તમાન છે છતાં 'ચાલ્યુ' એમ ભૂતકાળ કેમ ? જેમ વસ્ત્રના ઉત્પત્તિ કાળે પ્રથમ તંતુના પ્રવેશ સમયે ઉત્પદ્યમાન જ પટ ઉત્પન્ન થાય છે. ઉત્પદ્યમાનત્વ પટની ઉત્પન્નતા સિદ્ધ કરવા કહે છે — પ્રથમ તંતુનો પ્રવેશકાળ શરૂ થયો તેટલામાં માત્ર એક ત્રાગ જ વણાયો હોય ત્યારે પણ વસ્ત્ર પેદા થાય છે. એમ વ્યવહારમાં જોવાથી વસ્ત્રનું ઉત્પદ્યમાનત્વ પ્રસિદ્ધ જ છે.

પ્રથમ તંતુ પ્રવેશ સમયે ઉત્પત્તિ ક્રિયાકાળમાં જ વસ્ત્ર ઉત્પન્ન થયો છે એમ સ્વીકારવું, જો પ્રથમ ક્રિયાક્ષણે વસ્ત્ર ઉત્પન્ન થયું નથી તેમ માનો તો ઉત્તરક્ષણે પણ તે અનુત્પન્ન જ ગણાશે, કેમકે ઉત્તરક્ષણ ક્રિયામાં શું વિશેષતા છે કે, જેથી પ્રથમ સમયે અનુત્પન્ન પટ ઉત્તરસમયની ક્રિયાથી ઉત્પન્ન થાય ? તેથી સર્વદા જ અનુત્પત્તિ





પ્રસંગ આવશે. અંત્ય તંતુ પ્રવેશે પટના દેખાવાથી, પ્રથમ તંતુના પ્રવેશ સમયે પટ કંઈક ઉત્પન્ન થયો તેમ માનવું જ પડે. જો તેને ઉત્તરક્રિયા જ ઉત્પન્ન કરતી હોય તો, એક જ પટાંશને ઉપજાવવામાં પટ ઉત્પન્ન કરનાર સર્વે ક્રિયા અને કાળનો ક્ષય થાય. વળી જો ઉત્પન્ન પટના પ્રથમાંશના ઉત્પાદનની અપેક્ષારહિત પાશ્ચાત્ય ક્રિયા હોય તો જ પટના પાછલા અંશોનો અનુક્રમ થાય, અન્યથા ન થાય. આ પ્રમાણે ઉત્પન્ન થતો પટ ઉત્પન્ન થયો કહેવાય, તેમ કર્મોની અસંખ્યાત પરિમાણવાળી ઉદયાવલિકા હોવાથી, આદિ સમયથી આરંભી ચાલતું કર્મ ચાલ્યુ કહેવાય.

કેમ ? જો તે કર્મ ચલન અભિમુખ થઈ ઉદયાવલિકામાં આદિ સમયે ચાલ્યું ન હોય તો તે કર્મનો આદિ સમય ચલનરહિત હોવાથી વ્યર્થ છે. જો તે પ્રથમ સમયે ન ચાલ્યું, તો દ્વિતિયાદિ સમયે પણ ચાલ્યું નથી. કેમકે દ્વિતીયાદિમાં એવી શું વિશેષતા છે કે જે પ્રથમ સમયે ન ચાલ્યુ તો બીજા સમયે ચાલે ? તેથી સર્વદા અચલિત જ રહેશે. સ્થિતિની પરિમિતતા અને કર્માભાવના અભ્યુપગમને લઈને અંત્ય સમયે કર્મોનું ચલન થતું અનુભવાય છે. માટે પ્રથમ અને પછીના સર્વે ચલન સમયોમાં કર્મના અંશો કંઈક ચલિત થયા તેમ માનવું. જે આદિ સમયમાં ચાલ્યું તે ઉત્તર સમયમાં ચાલતું નથી. આદિ - x -

(૨) ઉદીરાતું તે ઉદીરાયું - ઉદયને પ્રાપ્ત ન થયેલ એવા આગામી લાંબા કાળે વેદવાના કર્મદલિકને વિશિષ્ટ અધ્યવસાયરૂપ કરણ વડે ખેંચીને ઉદયમાં લાવવું તે ઉદીરણા. તે અસંખ્યેય સમયવર્તી છે. ઉદીરણા વડે પ્રથમસમયમાં જ ઉદીરાતાં કર્મને પૂર્વોક્ત દૃષ્ટાંતે ઉદીરાયું કહેવાય... (૩) વેદાતું તે વેદાયું. વેદન અર્થાત્ કર્મનો ભોગ-અનુભવ. સ્થિત ક્ષયથી ઉદય પ્રાપ્ત કે ઉદીરણાથી ઉદય પ્રાપ્ત કર્મનું વેદન થાય છે. તે અસંખ્ય સમય હોવાથી આદ્યસમયમાં વેદાતાં કર્મને 'વેદાયું' એવો વ્યવહાર જાણવો.

(૪) પડતું તે પડ્યું. જીવ પ્રદેશ સાથે સંબદ્ધ કર્મનું જીવપ્રદેશથી પડવું તે પ્રહાણ. તેનું પરિમાણ અસંખ્યેય સમય છે. તેથી પ્રહાણના આદિ સમયથી પડતું તે પડ્યું કહ્યું..

(૫) છેદાતું તે છેદાયું - કર્મના દીર્ઘકાળની સ્થિતિની લઘુતા કરવી. તે છેદન અપવર્તન નામક કરણ વિશેષથી કરે છે, તેની સ્થિતિ અસંખ્યાત સમય છે.

(૬) ભેદાતુ તે ભેદાયુ - શુભ કે અશુભ કર્મના તીવ્રરસનું અપવર્તના કરણ વડે મંદ કરવું અને મંદને ઉદ્વર્તના કરણથી તીવ્ર કરવું તેને ભેદ કહે છે. આ ભેદ અસંખ્યેય સમય સ્થિતિવાળો છે, આદિ પૂર્વવત્.

(૭) બળતું તે બળ્યું — કર્મદલિકરૂપ કાષ્ઠનો ધ્યાનાગ્નિથી નાશ કરવો - કર્મરહિતપણું કરવું, તેને દાહ કહે છે. જેમ અગ્નિ વડે કાષ્ઠ બળીને કરવો - કર્મરહિતપણું કરવું, તેને દાહ કહે છે. જેમ અગ્નિ વડે કાષ્ઠ બળીને ભસ્મસ્વરૂપ થાય, તેમ કર્મ પણ ધ્યાનાગ્નિ વડે દાહ પામે છે. અંતર્મુહૂર્તવર્તી હોવાથી અસંખ્યેય સમય સ્થિતિક છે, ઇત્યાદિ પૂર્વવત્.

(૮) મરતું તે મર્યુ - મરતા એવા આયુઃકર્મને મર્યુ કહેવાય છે. આયુઃકર્મના પુદ્‌ગલોનો ક્ષય એ જ મરણ છે. તે અસંખ્યેય સમયવર્તી છે. જન્મના પ્રથમ સમયથી આરંભીને આવીચિકમરણથી પ્રતિક્ષણ મરણનો સદ્‌ભાવ હોવાથી ‘મરતું તે મર્યુ’ કહેવાય છે.. (૯) નિર્જરાતું તે નિર્જરાયુ - નિરંતર અપુનર્ભાવથી ક્ષય પામતું કર્મ નિર્જીણ થયું કહેવાય. નિર્જરા અસંખ્યેય સમયભાવી હોવાથી તેના પ્રથમ સમયમાં જ નિર્જરતા કર્મને પટની ઉત્પત્તિના દૃષ્ટાંત વડે નિર્જર્યુ. એમ યુક્તિયુક્ત સમજવું. - x - x -

આ રીતે નવ પ્રશ્નો ગૌતમસ્વામીએ ભગવન્ મહાવીરને પૂછ્યા, ત્યારે ભગવંતે કહ્યું, તેમજ છે. [શંકા] ગૌતમ ભગવંતને શા માટે પૂછે છે ? તેઓ દ્વાદશાંગીના રચયિતા હોવાથી સકલ શ્રુતના વિષયના જ્ઞાતા છે, નિખીલ સંશયાતીત હોવાથી તેઓ સર્વજ્ઞ સદૃશ છે. - x - [સમાધાન] એમ નથી. ઉક્ત ગુણત્વ છતાં, તેઓને (૧) છદ્મસ્થતાને લઈને અનાભોગનો સંભવ છે. - x - કેમકે જ્ઞાનને આવરક જ્ઞાનાવરણીય કર્મ છે. અથવા (૨) જાણવા છતાં પોતાના જ્ઞાનના સંવાદને માટે, (૩) અજ્ઞ લોકના બોધને માટે, (૪) પોતાના વચનમાં શિષ્યોની પ્રતીતિ ઉત્પન્ન કરવાને માટે, (૫) સૂત્ર રચનાના આચાર સંપાદન માટે પ્રશ્ન કરવા સંભવે છે. *[આ પાંચ કારણે ગૌતમસ્વામીના પ્રશ્નો સંભવે છે.]*

તેમાં હા, ગૌતમ ! એ કોમળ આમંત્રણ છે. - x - चलमाणे આદિના પ્રત્યુચ્ચારણમાં ચલત આદિથી સ્વ-અનુમતિ દર્શાવે છે. વૃદ્ધો કહે છે - ‘हंता’ એ સ્વીકાર વચન છે, જે અનુમત છે, તે દેખાડવાને ‘ચાલતું-ચાલ્યુ’ આદિ પ્રત્યુચ્ચારિત છે. - x - એ પ્રમાણે કર્મને આશ્રીને આ નવે પદો વર્તમાન અને ભૂતકાળના સમાનાધિકરણને જાણવાની ઈચ્છા વડે પૂછ્યા અને નિર્ણય કર્યો. આ જ ચલન આદિ પરસ્પરથી તુલ્યાર્થ છે કે ભિન્નાર્થ એવો પ્રશ્નો અને નિર્ણય બતાવવા કહે છે —

● **સૂત્ર-૧૦ :-**

***આ નવ પદો, હે ભગવન્ ! એકાર્થક, વિવિધ ઘોષ અને વિવિધ વ્યંજનવાળા છે ? કે વિવિધ અર્થ-વિવિધ ઘોષ - વિવિધ વ્યંજનવાળા છે ? હે ગૌતમ ! ચાલતું ચાલ્યુ, ઉદીરાતું ઉદીરાયું, વેદાતું વેદાયું, પડતું પડ્યું આ ચારે પદો ઉત્પન્ન પક્ષની અપેક્ષાએ એકાર્થક, વિવિધ ઘોષ, વિવિધ વ્યંજનવાળા છે. છેદાતું-છેદાયુ આદિ પૂર્વોક્ત પાંચ પદ વિગતપક્ષની અપેક્ષાએ વિવિધ અર્થ-ઘોષ-વ્યંજનવાળા છે.***

● **વિવેચન-૧૦ :-**

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ એ કે - एकार्थानि - અનન્ય વિષયવાળા કે એક પ્રયોજનવાળા, વિવિધ ઉદાત્તાદિ ઘોષવાળા, વિવિધ અક્ષરવાળા, ભિન્નભિન્ન અર્થવાળા છે, અહીં ચતુર્ભંગી છે. (૧) કેટલાક પદો એકાર્થક અને એક વ્યંજનવાળા છે - ક્ષીરં ક્ષીરમ્. (૨) બીજા એકાર્થક પણ વિવિધ વ્યંજનવાળા છે. ક્ષીરમ્-पयस् (૩) કટેલાંક અનેક અર્થ અને એક વ્યંજનવાળા છે - આંકડાનું દૂધ, ગાયનું દૂધ. (૪) બીજા



વિવિધ અર્થ અને વિવિધ વ્યંજનવાળા છે - ઘટ, પટ, લકુટ. પ્રશ્નસૂત્રમાં બીજા અને ચોથા ભંગનું ગ્રહણ કરેલ છે. કેમકે નવે પદો વિવિધ વ્યંજન અને અર્થવાળા છે. ઉત્તર સૂત્રમાં તો ચલનાદિ ચારે પદોને આશ્રીને બીજો ભંગ અને છિદ્યમાન આદિ પાંચે પદોમાં ચોથો ભંગ છે.

શંકા - ‘ચલન’ આદિમાં અર્થોનો સ્પષ્ટ ભેદ છે, તો આદિ ચાર પદો સમાનાર્થ કેમ કહ્યા ? ઉત્પન્ન-ઉત્પાદનો જે પક્ષ-પરિગ્રહ - x - તે વડે ઉત્પત્તિ પક્ષના અંગીકારથી એકાર્થક છે. અર્થાત્ ઉત્પાદ પર્યાયને પરિગ્રહીને એ ચારે પદો એકાર્થક કહ્યા. અથવા ઉત્પન્નપક્ષ-ઉત્પાદ નામક વસ્તુ વિકલ્પને કહેનારા એ ચારે પદો છે. આ ચારે પદો - x - નો અન્તર્મુહૂર્ત કાળ હોવાથી તે પણ તુલ્ય છે. તે ઉત્પાદ નામક પર્યાય વિશિષ્ટ કેવલજ્ઞાનોત્પાદરૂપ છે. કેમકે કર્મવિચારણામાં કર્મના નાશથી બે ફળ થાય - કેવલજ્ઞાન અને મોક્ષ. આ ચારે પદો કેવલજ્ઞાનના ઉત્પાદવિષયક હોવાથી એકાર્થક કહ્યા. કેમકે જીવે પૂર્વે ક્યારેય કેવલજ્ઞાન પર્યાય પ્રાપ્ત કર્યો નથી, વળી તેને માટે જ પુરુષનો પ્રયાસ હોવાથી તે જ કેવલજ્ઞાનનો ઉત્પાદરૂપ પર્યાય અહીં સ્વીકાર્યો છે. આ ચારે પદો એકાર્થક હોવા છતાં તેઓનો આ અર્થ સામર્થ્ય પ્રાપિત ક્રમ યુક્ત છે. અર્થાત્ પહેલા કર્મ ચાલે છે - સ્થિતિક્ષયથી કે ઉદીરણા બળથી બંને રીતે ઉદયમાં આવેલ કર્મ વેદાય છે. - x - તે કર્મ વેદાયા પછી જીવથી જુદું પડે છે. - x - આ વૃત્તિકારની વ્યાખ્યા છે.

બીજા આ રીતે વ્યાખ્યા કરે છે - આ ચારે પદો સ્થિતિબંધાદિ વિશેષરહિત - સામાન્ય કર્માશ્રિત હોવાથી એકાર્થક છે, કેવલજ્ઞાનના ઉત્પાદ પક્ષના સાધક છે, ચલનાદિ ચાર પદો એકાર્થક છે, એમ કહેવાથી શેષ પાંચે પદો અનેકાર્થક થશે. છતાં સાક્ષાત્ પ્રતિપાદનાર્થે કહે છે —

છિદ્યમાન્ આદિ સ્પષ્ટ છે. વિશેષ નાનાર્થક આ પ્રમાણે - છેદાતું તે છેદાયું. આ વાક્ય સ્થિતિબંધ સાપેક્ષ છે. કેમકે અંતકાળમાં યોગનિરોધ કરનાર સયોગીકેવલી દીર્ઘકાળ સ્થિતિક વેદનીય, નામ, ગોત્ર એ ત્રણે પ્રકૃતિના સર્વ અપવર્તનાકરણથી અન્તર્મુહૂર્ત સ્થિતિ પરિમાણવાળું કરે છે. ‘‘ભેદાતું તે ભેદાયું’’ અનુભાગબંધ આશ્રિત છે. જે કાળે સ્થિતિઘાત કરે તે જ કાળે રસઘાત કરે છે. - x - આ પદ રસઘાત કરવાના અર્થવાળું હોવાથી સ્થિતિઘાતાર્થ પદથી ભિન્ન અર્થવાળું છે.

‘‘બળતું તે બળ્યું’’ એ પદ પ્રદેશબંધ આશ્રિત છે. અનંત પ્રદેશાત્મક અનંત સ્કંધોને કર્મ ઉત્પાદન કરવું તે પ્રદેશબંધ છે. પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારકાળ જેટલા પરિમાણવાળી અને અસંખ્યાતસમયયુક્ત ગુણશ્રેણિની રચનાથી પૂર્વરચિત અને અંતિમ સમય સુધી પ્રતિસમયે ક્રમથી અસંખ્યાતગુણ વૃદ્ધ કર્મ પુદ્‌ગલોના દહનને દાહ કહે છે. તે શૈલેશી અવસ્થામાં શુક્લ ધ્યાનના ચોથા પાદરૂપ ધ્યાનાગ્નિથી થાય છે. એ રીતે આ પદ દહનાર્થક હોવાથી પૂર્વ પદોથી ભિન્નાર્થક છે. - x - અહીં મોક્ષાધિકારમાં મોક્ષ સાધક ઉક્તલક્ષણ કર્મવિષયક દાહ ગ્રહણ કરવો.

‘‘મરતું તે મર્યુ’’ આ પદ આયુઃકર્મ વિષયક છે. કેમકે આયુ સંબંધી પુદ્‌ગલોનો

પ્રતિસમય ક્ષય એ જ મરણ છે. આ રીતે તે ભિન્નાર્થ છે. 'મરતું તે મર્યુ' પદથી આયુકર્મ કહેવાયું. - x - જીવથી આયુકર્મ દૂર થતાં તે મરે છે. અહીં - x - મરણ વિશિષ્ટ જ સ્વીકારવું. કેમકે સંસારમાં વર્તતાં દુઃખરૂપી મરણો અનેક વખત અનુભવ્યા તે ન લેવા. અહીં મરણ પદથી સર્વકર્મ ક્ષયનું સહચારી તથા મોક્ષના કારણભૂત મરણ વિવક્ષિત છે.

'નિર્જરાતું નિર્જરાયુ' સકલ કર્મોના અભાવ વિષયક છે જીવે પૂર્વે તે અનુભવ્યું નથી. સર્વ કર્મના અભાવરૂપ નિર્જરાર્થ હોવાથી તે ભિન્ન છે. આ પદો વિશેષે કરી નાનાર્થક છે. પણ તે - x - વિગત-અવસ્થાંતર અપેક્ષાએ વસ્તુનો વિનાશ, તે જ પક્ષ એટલે વસ્તુધર્મ અથવા પક્ષ એટલે પરિગ્રહ, તે વિગત પક્ષને આ પાંચ પદો કહેનારા છે. અહીં વિગત એટલે અશેષ કર્મનો અભાવ ઈષ્ટ છે. કેમકે જીવે તેને પૂર્વે પ્રાપ્ત કરેલ નથી. તેથી તે અત્યંત ઉપાદેય છે. વળી તેને માટે જ પુરુષનો પ્રયાસ છે. આ પાંચ પદો આ રીતે વિગમાર્થક છે —

(૧) છિધમાન પદમાં સ્થિતિખંડન વિગમ કહ્યો. (૨) ભિધમાન પદમાં અનુભાવભેદ વિગમ કહ્યો. (૩) દહ્યમાન પદમાં કર્મદાહ વિગમ છે. (૪) મિયમાણમાં આયુઃકર્મ વિગમ છે. (૫) નિર્જિયમાણમાં અશેષકર્માભાવ વિગમ છે. આ કારણે આ પાંચ પદો વિગતપક્ષને કહેનારા છે.

- x - આ સૂત્ર ક્યાં અભિપ્રાયથી રચેલ છે ? કેવલજ્ઞાનોત્પાદ અને સર્વ કર્મનો નાશ કહેવારૂપ સૂત્રના અભિપ્રાયથી વ્યાખ્યા વડે નિર્ણય કર્યો. સિદ્ધસેનાચાર્ય પણ કહે છે — ઉત્પધમાન કાલિક દ્રવ્યને ઉત્પન્ન કાલિક પ્રરૂપનાર, વિગચ્છત્કાલિક દ્રવ્યને વિગત કાલિક પ્રરૂપનાર ભગવન્ દ્રવ્યને ત્રિકાલ વિષયક વિશેષિત કરે છે. - x - ઉત્પન્ન પદથી અતીતકાલ વિષયક દ્રવ્ય કહ્યું, વિગચ્છત્ પદથી પણ એમ જ કહ્યું. એ પ્રમાણે ઉત્પધમાનાદિનું પ્રરૂપણકર્તા તેને ત્રિકાલ વિષયક કહે છે.

કેટલાંક - સૂત્રમાં કર્મપદ કહ્યું નથી માટે 'ચલન' આદિ પદોની વ્યાખ્યા સામાન્યથી કરે છે, કમપિક્ષાએ નહીં. જેમકે - (૧) ચલન એટલે અસ્થિરત્વ પર્યાયથી વસ્તુનો ઉત્પાદ (૨) વ્યેજમાન એટલે કંપતું વ્યેજિત એટલે કંપ્યું. કંપવું એ સ્વસ્વરૂપ અપેક્ષાએ ઉત્પાદ જ છે. (૩) ઉદીરવું એટલે સ્થિર હોય તેને પ્રેરવું, તે પ્રેરણ એ જ ચલન છે (૪) પ્રભ્રષ્ટ થતું તે પ્રભ્રષ્ટ થયું, પ્રહીયમાણ એટલે પડતું, પ્રહીણ તે પડ્યું. અહીં પ્રહાણ-ભ્રષ્ટ થવું એ પણ ચલન જ છે. ચલન આદિ ચાર પદ ગત્યર્થક હોવાથી સમાનાર્થક છે. ચલત્વાદિ પર્યાયથી ચાર પદો ઉત્પાદ લક્ષણ પક્ષને કહેનારા છે. તથા છેદ, ભેદ, દાહ, મરણ, નિર્જરા એ પાંચને પૂર્વોક્ત કર્મ વિષયથી અન્ય વિષયમાં પણ વ્યાખ્યાત કરવા.

તેઓની વ્યાખ્યા પ્રતીત છે. આ પાંચનું ભિન્નાર્થપણું આ રીતે છે — કુહાડાથી લતાનો કાપવું તે છેદ, ભાલાથી શરીર કાપવું તે ભેદ, અગ્નિથી બાળવું તે દાહ, પ્રાણ ત્યાગ તે મરણ, અતિ પુરાણું થવું તે નિર્જરા. આ બધાં પદો ભિન્નાર્થક છે તો પણ સામાન્યથી વિનાશને કહેનારા છે. આ સામાન્ય પ્રકારે 'ચાલતું તે ચાલ્યું' વગેરે



અતત્ત્વરૂપ હોવાથી તેનું નિરૂપણ શા માટે કર્યુ ? - x - અહીં નિશ્ચયનયમતથી વસ્તુ સ્વરૂપને જણાવવાનું આરંભેલ હોવાથી ચલનાદિ પદનું નિરુપણ તાત્ત્વિક છે. તેમાં અતત્ત્વરૂપ જ અસિદ્ધ છે. વિશેષથી જાણવા વિશેષાવશ્યક અને જમાલિચરિત્ર જોવા.

અહીં પ્રશ્નોત્તર સૂત્રમાં મોક્ષતત્ત્વ વિચાર્યુ, મોક્ષ જીવોને હોય, જીવોના નૈરયિકાદિ ૨૪-ભેદ છે - નૈરયિક, ૧૦ અસુરકુમારો, પાંચ પૃથ્વીકાયાદિ, ૩-બેઈન્દ્રિયાદિ, પંચેન્દ્રિય તિર્યંચ અને નર તથા વ્યંતરાદિ-૩.

● **સૂત્ર-૧૧,૧૨ :-**

***[૧૧] (૧) ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલા કાળની છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ.. (૨) નૈરયિકો કેટલા કાળે શ્વાસ લે છે ? - મૂકે છે ? ઉચ્છ્વાસ-નિઃશ્વાસ કરે છે ? ગૌતમ ! 'ઉચ્છ્વાસ પદ' મુજબ જાણવું.. (૩) હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? પન્નવણના આહાર ઉદ્દેશકમાં કહ્યા મુજબ જાણવું.***

***[૧૨] નૈરયિકોની સ્થિતિ, ઉચ્છ્વાસ, આહાર, શું તેઓ આહાર કરે ? સર્વાત્મપ્રદેશે કરે ? કેટલો ભાગ ? સર્વાહાર કરે ? કેમ પરિણમાવે ?***

● **વિવેચન-૧૧,૧૨ :-**

[૧૧] જેઓની પાસેથી ઈષ્ટ ફળરૂપ કર્મ ચાલ્યુ ગયું છે તેઓ નિરય, નિરયમાં થાય તે નૈરયિક. હે ભગવન્ ! નૈરયિકોની કેટલો કાળ સ્થિતિ - આયુકર્મવશ નરકમાં રહેવાનું પ્રરૂપેલ છે ?

હે ગૌતમ ! આદિ સ્પષ્ટ છે. વિશેષ એ કે — પહેલી નરકના પહેલા પ્રસ્તટની અપેક્ષાએ ૧૦,૦૦૦ વર્ષ અને સાતમી નરકાપેક્ષાએ ૩૩-સાગરોપમ, મધ્યસ્થિતિ, જઘન્યસ્થિતિથી સમયાદિ વડે અધિક હોય છે. તેઓ ઉચ્છ્વાસાદિવાળા હોય છે. તે સંબંધે - x - કહે છે-કેટલા કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? વિશેષ સ્પષ્ટ કરવા ઉચ્છ્વસન્તિ અને નિઃશ્વસન્તિ કહ્યું. આન એટલે ઉચ્છ્વાસ, પ્રાણ એટલે નિઃશ્વાસ. - x - x -

બીજા કહે છે — आनन्ति, प्राणन्ति થી અધ્યાત્મક્રિયા પરિગ્રહ થાય છે અને उच्छ्वसन्ति, निःश्वसन्तिથી બાહ્યનો. આ પ્રશ્નનો ઉત્તર પન્નવણાસૂત્રના ઉચ્છ્વાસપદ મુજબ જાણવો. તે આ છે — તેઓ સતત શ્વાસ લે છે અને મૂકે છે. નિરંતર ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ હોય કેમકે અતિ દુઃખિત છે. અતિ દુઃખ વ્યાપ્તત્વથી નિરંતર ઉચ્છ્વાસ-નિઃશ્વાસ દેખાય છે. સતતપણું કદાચિત્પણે પણ હોય, માટે કહે છે એક સમય પણ તેનો વિરહ નથી.

શિષ્યના વચનમાં આદર બતાવવા અહીં आणमन्ति આદિનું પુનઃ ઉચ્ચાર કર્યુ, ગુરુ આદર કરે તો શિષ્યો સંતુષ્ટ થાય છે. અને પુનઃ પુનઃ પ્રશ્ન શ્રવણ અને અર્થ નિર્ણય કાર્યમાં જોડાય છે, તેથી જ લોકોમાં ગ્રાહ્ય વચન થાય છે, ભવ્યોનો ઉપકાર અને તીર્થવૃદ્ધિ થાય.

હવે નૈરયિકોના આહારનો પ્રશ્ન - સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - આહારની

પ્રાર્થના કરવાના સ્વભાવવાળા કે પ્રયોજનવાળા તે અર્થી કહેવાય. આહાર - ભોજન, તે વડે કે તેના જેઓ અર્થી હોય તેઓ આહારાર્થી કહેવાય. ચોથા ઉપાંગ પ્રજ્ઞાપનાના ૨૮માં આહાર પદના પહેલા ઉદ્દેશામાં છે, તેમ અહીં કહેવું. ત્યાં નારકોની આહાર વક્તવ્યતામાં ઘણાં દ્વારો કહ્યા છે. તેના સંગ્રહાર્થે પૂર્વોક્ત સ્થિતિ, ઉચ્છ્‌વાસ બંને દ્વારોને બતાવવાપૂર્વક ગાથા કહે છે —

[૧૨] નારકોની સ્થિતિ અને ઉચ્છ્‌વાસ - x - કહ્યા. આહાર વિષયક વિધિ આ પ્રમાણે — હે ભગવન્ ! નૈરયિકો આહારાર્થી છે ? હા, ગૌતમ ! છે. હે ભગવન્ ! નૈરયિકોને કેટલે કાળે આહારેચ્છા ઉત્પન્ન થાય ? હે ગૌતમ ! નૈરયિકોને બે ભેદે આહાર કહ્યો છે — આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. આભોગ - અભિપ્રાય, નિર્વર્તિત - કરાયેલ. હું આહાર કરું છું એમ ઈચ્છાપૂર્વક આહાર તે આભોગ નિર્વર્તિત આહાર. ઈચ્છારહિત તે અનાભોગનિર્વર્તિત.

વર્ષાકાળમાં પ્રચુર મૂત્રાદિ થાય, તેથી અભિવ્યક્ત થાય છે કે શરીરમાં શીત પુદ્‌ગલો અધિક ગયા હોય. તે જેમ અનાભોગ નિર્વર્તિત છે, તેમ નૈરયિકોનો આહાર અનાભોગ નિર્વર્તિત છે. તેમાં આહારની ઈચ્છા અનુસમયે - નિરંતર ઉત્પન્ન થાય છે. અતિ તીવ્ર ક્ષુધા વેદનીય કર્મના ઉદયથી ઓજાહારાદિ પ્રકારે પ્રતિસમય અવિરહિત ઉત્પન્ન થાય છે અથવા દીર્ઘકાળે ઉપભોજ્ય આહારને એક વખત ગ્રહણ કરે માટે અહીં ગ્રહણના સાતત્યને પ્રતિપાદિત કરવા અવિરહિત કહ્યું.

તેમાં જે આભોગ નિર્વર્તિત આહાર છે, તેની ઈચ્છા અસંખ્યાત સમયે થાય છે. અસંખ્યાત સમય કાળ પલયોપમાદિ પરિમાણવાળો હોય તેથી અહીં 'અંતર્મૌહૂર્તિક' એમ કહ્યું છે. અર્થાત્ પૂર્વગૃહિત આહારના પરિણામ વડે અતિ દુઃખ ઉત્પન્ન થતાં અંતમુર્હૂતમાં આહારની ઈચ્છા થાય છે. - - નારકો કેવા સ્વરૂપની વસ્તુ આહારે છે ?

હે ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશવાળા પુદ્‌ગલો આહારે છે, કેમકે અન્ય પુદ્‌ગલો અયોગ્ય છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્‌ગલો, કેમકે તેથી ન્યૂન ગ્રહણ યોગ્ય નથી, અનંત પ્રદેશાવગાઢ હોતા નથી. કેમકે સમસ્તલોક અસંખ્ય પ્રદેશ પરિણામવાળો છે. કાળથી જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટમાંથી કોઈપણ સ્થિતિક પુદ્‌ગલોનો આહાર કરે છે. સ્થિતિ-પુદ્‌ગલોનું આહાર યોગ્ય સ્કંધનું પરિણામરૂપે અવસ્થાન.. ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા પુદ્‌ગલો આહારે છે.

હે ભગવન્ ! તે એકવર્ણીય પુદ્‌ગલો આહારે છે કે યાવત્ પંચવર્ણીય પુદ્‌ગલોને ? હે ગૌતમ ! સ્થાન માર્ગણાને આશ્રીને એકવર્ણીય યાવત્ પંચવર્ણીય પુદ્‌ગલોને આહારે છે. વિધાન માર્ગણાને આશ્રીને કૃષ્ણ યાવત્ શુક્લ વર્ણીય પુદ્‌ગલોને આહારે છે. જેમાં સ્થિત રહે તે સ્થાન-સામાન્યથી એક વર્ણ, બે વર્ણ આદિ. વિધાન-વિશેષ, કાળો વગેરે. વર્ણથી કાળા વર્ણવાળા જે પુદ્‌ગલો આહારે, તે શું એકગુણ કાળા યાવત્ - x - અનંતગુણ કાળા પુદ્‌ગલોને આહારે છે ? હે ગૌતમ ! એક ગુણ કાળાનો યાવત્ અનંતગુણ કાળા પુદ્‌ગલોનો પણ આહારે છે. એ પ્રમાણે યાવત્ શુક્લ પુદ્‌ગલો, ગંધ, રસ આદિ સમજી લેવા.



ભાવથી-જેઓ સ્પર્શવાળા પુદ્‌ગલો છે. તેઓ સ્થાનમાર્ગણાને આશ્રીને એક સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે. એકથી ત્રણ સ્પર્શવાળાનો નહીં, કેમકે એક સ્પર્શવાળાનો સંભવ નથી, બે-ત્રણ સ્પર્શવાળા અલ્પ પ્રદેશી અને સૂક્ષ્મ પરિમાણવાળા હોવાથી ગ્રહણ અયોગ્ય છે. તેથી ચારથી આઠ સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે. કેમકે તે બહુપ્રદેશી અને બાદર પરિણામી હોય છે. વિશેષ માર્ગણાને આશ્રીને કઠોર સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે યાવત્ રૂક્ષસ્પર્શ પુદ્‌ગલોને પણ.

સ્પર્શથી કર્કશ સ્પર્શવાળામાં એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલોને આહારે છે કે યાવત્ અનંતગુણ કર્કશને ? હે ગૌતમ ! એકગુણ યાવત્ અનંતગુણ કર્કશ સ્પર્શવાળાને આહારે છે. એમ આઠે સ્પર્શ કહેવા. અનંતગુણ રુક્ષ પુદ્‌ગલોને આહારે છે તો સ્પૃષ્ટને આહારે છે કે અસ્પૃષ્ટ પુદ્‌ગલોને ? હે ગૌતમ ! સ્પૃષ્ટને આહારે છે, અસ્પૃષ્ટને નહીં. સ્પૃષ્ટ - આત્મપ્રદેશને સ્પર્શેલા... હે ભગવન્ ! જે સ્પૃષ્ટ પુદ્‌ગલોને આહારે છે તે અવગાઢ કે અનાવગાઢ ? હે ગૌતમ ! અવગાઢને પણ અનાવગાઢને નહીં.. અવગાઢ - આત્મપ્રદેશ સાથે એક ક્ષેત્રમાં મળેલા.

હે ભગવન્ ! અવગાઢ પુદ્‌ગલોને આહારે તે અનંતરાવગાઢ કે પરંપરાવગાઢ. હે ગૌતમ ! અનંતરાવગાઢને આહારે છે. પરંપર અવગાઢને નહીં. જે પ્રદેશમાં આત્મા અવગાઢ હોય, તે જ પ્રદેશોમાં પુદ્‌ગલો અવગાઢ હોય તે અનંતરાવગાઢ કહેવાય. - x - x -

હે ભગવન્ ! જે અનંતરાવગાઢ પુદ્‌ગલોનો આહાર કરે છે તે સૂક્ષ્મ છે કે બાદર ? હે ગૌતમ ! સૂક્ષ્મ અને બાદર બંને આહારે છે. તેને વિશે અણુ [સૂક્ષ્મ]પણું અને બાદરપણું આપેક્ષિક છે. આ સૂક્ષ્મત્વ આદિ પ્રદેશવૃદ્ધિથી વધેલા આહાર યોગ્ય સ્કંધોનું સમજવું. ભગવન્ ! જો અણુ કે બાદર પુદ્‌ગલ આહારે, તો તે ઉર્ધ્વ-અધો-તીર્છા પુદ્‌ગલો સમજવા ? હે ગૌતમ ! ઉર્ધ્વાદિ ત્રણે પુદ્‌ગલોને આહારે છે.

ભગવન્ ! જો ઉર્ધ્વ-અધો-તિર્છા પુદ્‌ગલોને આહારે તો આદિ-મધ્ય કે અંત સમયમાં આહારે ? હે ગૌતમ ! ત્રણે રીતે કરે. અર્થાત્ અંતર્મુહૂર્ત સમય પ્રમાણ આભોગ નિર્વર્તિત આહારને કોઈ પણ સમયે આહારે છે. ભગવન્ ! પુદ્‌ગલોને ત્રણે સમયે આહારે તો તેઓને સ્વવિષયમાં આહારે કે અસ્વ વિષયમાં ? ગૌતમ ! સ્વ વિષયમાં આહારે છે, અસ્વવિષયમાં નહીં. સ્વ એટલે સ્પૃષ્ટાવગાઢ અને અનંતરાવગાઢ નામે સ્વવિષયક. તેમાં આહાર કરે છે.

હે ભગવન્ ! સ્વવિષયમાં જે પુદ્‌ગલોને આહારે છે, તે આનુપૂર્વી આહાર કરે છે કે અનાનુપૂર્વી ? ગૌતમ ! આનુપૂર્વી આહારે છે, અનાનુપૂર્વી નહીં. આનુપૂર્વી - પાસેના પુદ્‌ગલોનો આહાર કરવો. ભગવન્ ! આનુપૂર્વી આહારે તો ત્રણ દિશામાં રહેલ યાવત્ છ દિશામાં રહેલ પુદ્‌ગલો આહારે છે ? હે ગૌતમ ! નિયમથી છ દિશામાં રહેલ પુદ્‌ગલો આહારે છે. કેમકે નૈરયિક લોકમધ્યવર્તી હોવાથી ઉર્ધ્વાદિ છ એ દિશા અલોકથી ઢંકાયેલ ન હોવાથી કહ્યું કે નિયમથી છ દિશામાં આહાર કરે છે - x -

ત્રણ દિશાદિનો વિકલ્પ લોકાંતવર્તી પૃથ્વીકાયાદિમાં હોય.

જો કે વર્ણથી પાંચ વર્ણો કહ્યા, તો પણ બહુલતાથી જે વર્ણ, ગંધાદિ યુક્ત દ્રવ્ય આહારે છે, તે બતાવે છે — બહુલતાએ અશુભ અનુભાવરૂપ કારણને આશ્રીને વર્ણથી કાળા-લીલા, ગંધથી દુર્ગંધી, રસથી કડવા-તીખાં, સ્પર્શથી કર્કશ-ભારે-ઠંડા-લુખા દ્રવ્યો સમજવાં. આવા દ્રવ્યો પ્રાયઃ મિથ્યાદૃષ્ટિ આહારે છે, ભાવિ તીર્થંકરાદિ નહીં.

નૈરયિકો યથાસ્વરૂપ દ્રવ્યોને આહારે કે અન્યથાદ્રવ્યોને ? તેઓના પ્રાચીન વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણોને વિપરિણામ કરી, પરિપીડન-પરિશાટન-પરિવિધ્વંસ કરીને અન્ય અપૂર્વ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણોને ઉત્પન્ન કરી આત્મશરીરાવગાઢ પુદ્ગલો આહારે છે.

આ રીતે સૂત્રમાં કહેલ સંગ્રહગાથાના ''શું આહાર કરે છે ?'' પદની વ્યાખ્યા કરી. હવે सव्वाओ પદની વ્યાખ્યા - નૈરયિકો સર્વ આત્મ પ્રદેશથી આહાર કરે છે ? वाऽपि - પુનઃ પુનઃ આહાર કરે છે ? આ રીતે ભગવન્ ! નૈરયિકો સર્વ પ્રદેશે આહાર કરે - પરિણમાવે - ઉચ્છ્વાસ લે - નિઃશ્વાસ મૂકે, વારંવાર આહારે-પરિણમાવે - ઉચ્છ્વાસ લે - નિઃશ્વાસ મૂકે, કદાચિત્ આહાર કરે ઇત્યાદિ.

હા, ગૌતમ ! નૈરયિકો સર્વ પ્રદેશે આહાર કરે આદિ-૧૨.

सव्वओ - આહાર માટે ગૃહિત પુદ્ગલાનો કેટલામો ભાગ આહાર કરે છે ? હે ભગવન્ ! નૈરયિકોએ આહારપણે ગૃહિત પુદ્ગલોનો કેટલામો ભાગ પછીના કાળમાં આહારે છે ? કેટલો ભાગ આસ્વાદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભાગ આહારે, અનંત ભાગ આસ્વાદે છે. કેટલાંક કહે છે - ગાય આદિ પશુના પહેલા મોટા ગ્રાસ ગ્રહણની જેમ ગૃહિત પુદ્ગલનો અસંખ્યાત ભાગ માત્ર આહારે છે બાકીના પડી જાય છે... બીજા કહે છે - ઋજુસૂત્રનયાનુસાર સ્વ શરીરપણે પરિણત પુદ્ગલોનો અસંખ્યાત ભાગ આહારે છે. - x - કેટલાંક કહે છે - અસંખ્યાતમો ભાગ આહારે અને બાકીના પુદ્ગલો કિટોડા થઈને મનુષ્યે કરેલ આહારની જેમ મળ થઈ જાય તથા અનંત ભાગનું આસ્વાદન કરે - રસાદિને જીભથી મેળવે.

सव्वाणि વ૦ દ્વાર - સર્વ આહારદ્રવ્યનો આહાર કરે ? તે આ રીતે - ભગવન્ ! નૈરયિકો જે પુદ્ગલોને આહારપણે પરિણમાવે છે, તે સર્વે પુદ્ગલોનો આહાર કરે છે કે નથી કરતા ? ગૌતમ ! પરિશેષ રહિત સર્વે પુદ્ગલો આહારે છે. અહીં વિશિષ્ટ ગ્રહણ ગૃહિત આહાર પરિણામ યોગ્ય જ ગ્રહણ કરવા - x - અન્યથા પૂર્વાપર સૂત્રનો વિરોધ થાય. - x - કહ્યું છે - સૂત્રમાં જે રીતે જે કહ્યું છે, તે જો તેમજ હોય અને વિચારણા ન હોય, તો કાલિક અનુયોગનો કેમ ઉપદેશ કરે ? - - - ''कीस व भुज्जो'' પદ.

તેમાં कीस - કેવા પ્રકારે, भुज्जो - વારંવાર આહાર દ્રવ્ય પરિણમે. કહે છે કે — હે ભગવન્ ! નૈરયિકો જે પુદ્ગલોને આહારપણે ગ્રહણ કરે, તે પુદ્ગલો પુનઃપુનઃ કેવા સ્વરૂપે પરિણમે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શેન્દ્રિય સ્વરૂપે. અનિષ્ટ-અકાંત-અપ્રિય-અમનોજ્ઞ-અમણામ-અનીપ્સિત-અભિધ્યેય-અધઃ-ઉર્ધ્વપણે નહીં, દુઃખપણે - સુખપણે નહીં. એ રીતે નૈરયિકોને પુનઃ પુનઃ પુદ્ગલ પરિણમે છે.



अनिष्ट - સદા નૈરયિકોને અવલ્લભપણે, अकांत - અનિષ્ટ હોવાથી અકમનીય, अप्रिय - સર્વને દ્વેષપણે, अमनोज्ञ - જેની વાત મનોહર ન લાગે, अमनोम्य - વિચારથી પણ મનને અરુચિકર, अनीप्सित - મેળવવા ઈચ્છા ન થાય. આ શબ્દો એકાર્થક છે.

अभिध्येयता - તૃપ્તિના ઉત્પાદક ન હોવાથી ફરીથી અભિલાષનું કારણ અથવા અભિધ્યેય એટલે અશુભ. અધઃપણું તે ગુરુપરિણામ, ઉર્ધ્વપણે - લઘુ પરિણામપણે. સંગ્રહ ગાથાર્થ કહ્યો.

હવે નૈરયિકોનો આહાર અધિકાર હોવાથી તેનો વિષય —

● **સૂત્ર-૧૩ થી ૧૫ :-**

***[૧૩] હે ભગવન્ ! નૈરયિકોને (૧) પૂર્વાહારિત પુદ્ગલો પરિણામ પામ્યા ? (૨) આહારેલ તથા આહારાતા પુદ્ગલો પરિણામ પામ્યા ? (૩) અનાહારિત તથા જે આહારાશે તે પુદ્ગલો પરિણામ પામ્યા ? (૪) અનાહારિત તથા આહારાશે નહીં તે પુદ્ગલો પરિણામ પામ્યા ? હે ગૌતમ ! નૈરયિકોને (૧) પૂર્વાહારિત પુદ્ગલો પરિણામને પામ્યા. (૨) આહારેલા પુદ્ગલો પરિણામ પામ્યા તથા આહરાતા પુદ્ગલો પરિણામ પામે છે. (૩) નહીં આહારેલા પુદ્ગલો પરિણામને પામ્યાં નથી તથા જે પુદ્ગલો આહારાશે તે પરિણામને પામશે. (૪) નહીં આહારેલાપુદ્ગલો પામ્યા નથી તથા નહીં આહારાશે તે પુદ્ગલો પરિણામ પામશે નહીં.***

***[૧૪] હે ભગવન્ ! નૈરયિકોને પૂર્વાહારિત પુદ્ગલો ચય પામ્યા ? - - જે રીતે પરિણામ પામ્યા, તે રીતે ચયને પામ્યા. એ રીતે ઉપચય, ઉદીરણા, વેદના અને નિર્જરાને પામ્યા.***

***[૧૫] ગાથા - પરિણત, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત અને નિર્જિર્ણ એ એક એક પદમાં ચાર પ્રકારના પુદ્ગલો થાય છે.***

● **વિવેચન-૧૩ થી ૧૫ :-**

पुव्वाहारिय - પૂર્વે જે સંગૃહિત કરેલા અથવા આહાર કરેલા પુદ્ગલો પરિણમ્યા ? એટલે પૂર્વકાલે શરીર સાથે પરિણામને પામ્યા ? એ પહેલો પ્રશ્ન છે - x - તથા आहारिय - પૂર્વકાલે સંગ્રહ કરેલા કે આહાર કરાયેલા અને વર્તમાનકાળમાં સંગ્રહ કરાતા કે આહાર કરાતા પુદ્ગલો પરિણમ્યા, એ બીજો પ્રશ્ન. જેનો ભૂતકાલે આહાર કર્યો નથી અને ભાવિકાળમાં આહાર કરાશે તે પુદ્ગલો પરિણમ્યા ? એ ત્રીજો પ્રશ્ન. જે પુદ્ગલોનો આહાર કર્યો નથી અને જેનો આહાર કરાશે નહીં, તે પુદ્ગલો પરિણમ્યા તે ચોથો પ્રશ્ન.

અહીં જો કે ચાર પ્રશ્નો કહ્યા, તો પણ તે ૬૩ પ્રશ્નો સંભવે છે. કેમકે પૂર્વમાં આહાર કરેલા, આહાર કરાતા, આહાર કરવાના, આહાર નહીં કરેલા - નહીં કરાતા - નહીં કરવાના એ પ્રમાણે છ પદો સૂચવ્યા છે. એ છ પદમાં એક-એક પદના આશ્રયથી છ, દ્વિકયોગે-૧૫, ત્રિકયોગે-૨૦, ચતુષ્ક યોગે-૧૫, પંચકયોગે-૬, ષડ્યોગે-૧ એમ સર્વે મળી ૬૩ પ્રશ્નો સંભવે છે.

તેનો ઉત્તર - હે ગૌતમ ! આદિ. વિશેષ આ — (૧) પૂર્વે આહારેલ તે પૂર્વકાળે પરિણમ્યા, કેમકે ગ્રહણ કર્યા પછી જ પરિણમે. (૨) જેનો આહાર કર્યો અને જેનો આહાર કરાય છે, તેઓ પરિણમ્યા અને પરિણમે છે કેમકે આહાર કરેલાનો પરિણામ થાય અને આહાર કરાતાનો પરિણામ ચાલુ છે.

વૃત્તિકારે તો બીજા પ્રશ્નનો ઉત્તર આ રીતે જોયો છે, આહાર કરેલા અને આહાર કરવાના પુદ્‌ગલો પરિણમ્યા અને પરિણમશે. તેની તેઓ વ્યાખ્યા કરે છે — આહાર કરેલા અને કરાશે, તેમાં કેટલાંક પરિણમ્યા. પરિણત તે જ જાણવા જે શરીર સાથે સંબદ્ધ થયા. જે સંબદ્ધ થશે તે પરિણમશે.

(૩) જેનો આહાર થયો નથી અને થશે, તે પરિણમ્યા નથી કેમકે અનાહૃતના સંબંધાભાવે પરિણામ-અભાવ છે. આહરશે તે પરિણમશે - x - (૪) ચોથામાં ભૂત કે ભાવિ આહરણ ક્રિયા અભાવે પરિણામનો અભાવ છે. આ જ પ્રમાણે પૂર્વે દર્શાવેલા ૬૩-વિકલ્પોના ઉત્તર સૂત્રો કહેવા.

શરીર સંબદ્ધ લક્ષણ પરિણામથી પુદ્‌ગલોનો 'ચય' આદિ થાય. તે માટે પ્રશ્નો છે. પરિણામ સૂત્ર સમાન જ ચયાદિ સૂત્રો છે. જેમકે જે રીતે પરિણમ્યા તે જ રીતે એકઠા થયા. - x - x - x - ચય પામ્યા એટલે શરીરમાં સમૂહને પામ્યા, उपचिता - વારંવાર શરીરમાં પ્રદેશના સમીપપણે એકઠા થયા. સ્વભાવથી અનુદિત પુદ્‌ગલો, ઉદયે આવેલા કર્મદલિકોમાં કરણ વિશેષથી નાંખીને વેદાય તે उदीरित ઉદીરણાનું લક્ષણ આ છે - "કરણ વડે ખેંચીને ઉદયમાં લેવાય તે." वेदित - સ્વકીય રસવિપાકથી દરેક સમયે અનુભવાતા અને નહીં સમાપ્ત થયેલા સમગ્ર રસવાળા પુદ્‌ગલો. निर्जिर्णा - પ્રતિસમય સંપૂર્ણપણે અશેષ વિપાક હાનિયુક્ત કર્મપુદ્‌ગલો.

ગાથા-પરિણતાદિ સંગ્રહ સૂત્ર ગાથા. વ્યાખ્યા ઉપર મુજબ. વિશેષ આ — પરિણત, ચિત, ઉપચિતાદિ દરેક પદમાં આહાર કરેલા, આહાર કરેલ અને કરાતા, આહાર ન કરેલ અને કરાનારા, આહાર ન કરેલ અને ન કરાનાર એ પ્રમાણે ચાર ભેદે પુદ્‌ગલો પ્રશ્ન અને ઉત્તર વિષયક છે.

પુદ્‌ગલ અધિકારથી જ હવે ૧૮-સૂત્રો કહે છે —

**● સૂત્ર-૧૬,૧૭ :-**

***[૧૬] ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્‌ગલો ભેદે છે ? ગૌતમ ! કર્મદ્રવ્ય વર્ગણાને આશ્રીને બે પ્રકારે પુદ્‌ગલો ભેદે છે — સૂક્ષ્મ, બાદર.***

***ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્‌ગલોનો ચય કરે છે ? ગૌતમ ! આહાર દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના પુદ્‌ગલોનો ચય કરે છે, તે આ - સૂક્ષ્મ અને બાદર. એ પ્રમાણે ઉપચયમાં જાણવું.***

***કેટલા પુદ્‌ગલો ઉદીરે છે ? — કર્મ દ્રવ્ય વર્ગણા અપેક્ષાએ બે પ્રકારના - સૂક્ષ્મ અને બાદર. બાકી પદો પણ આ રીતે કહેવા — વેદે છે, નિર્જરે છે, અપવર્તન પામ્યા, અપવર્તન પામે છે, અપવર્તન પામશે, સંકમાવ્યા, સંકમાવે છે, સંકમાવશે, નિધત્ત થયા, નિધત્ત થાય છે, નિધત્ત થશે, નિકાચિત થયા, નિકાચિત***



***થાય છે, નિકાચિત થશે. આ સર્વે પદમાં કર્મદ્રવ્ય વર્ગણાનો અધિકાર કરીને આ ગાથા મૂકેલ છે—***

***[૧૭] ભેદાયા, ચય પામ્યા, ઉપચય પામ્યા, ઉદીરાયા, વેદાયા, નિર્જરાયા, અપવર્તન-સંક્રમણ-નિધત્તન-નિકાચન ત્રણે કાળમાં કહેવું.***

**● વિવેચન-૧૬,૧૭ :-**

ભગવન્ ! નૈરયિકો કેટલા પુદ્‌ગલ ભેદે ? આદિ વ્યક્ત છે. વિશેષ આ — તીવ્ર, મંદ, મધ્યપણે રસના ભેદ વડે ભેદવાળા થાય, અર્થાત્ ઉદ્વર્તનાકરણ વડે મંદ રસવાળા કર્મપુદ્‌ગલો તીવ્ર રસવાળા થાય અને અપવર્તનાકરણથી તીવ્રરસા મંદરસા થાય ? કર્મદ્રવ્ય વર્ગણો આશ્રીને સમાનજાતિવાળા દ્રવ્યસમૂહને દ્રવ્યવર્ગણા કહે છે. તે ઔદારિક દ્રવ્યોની પણ હોય, માટે કહે છે — કર્મરૂપ દ્રવ્ય વર્ગણા કે કર્મદ્રવ્યોની વર્ગણાને આશ્રીને - x - મંદ તથા ઈતર રસની વિચારણા કર્મદ્રવ્યો સંબંધે જ હોઈ શકે, અન્ય દ્રવ્યો સંબંધે નહીં. अणु-सूक्ष्म, बादर - સ્થૂળ. આ સ્થૂલત્વ, સૂક્ષ્મત્વ કર્મદ્રવ્યોની અપેક્ષાએ જ જાણવું, અન્ય અપેક્ષાએ નહીં. કેમકે ઔદારિકાદિમાં કર્મદ્રવ્યો જ સૂક્ષ્મ છે.

આ જ રીતે ચય, ઉપચય ઉદીરણા, વેદન, નિર્જરાને શબ્દ અને અર્થ ભેદે કહેવા. પણ ચય, ઉપચયસૂત્રમાં આહાર દ્રવ્ય વર્ગણા આશ્રીને કહ્યું ત્યાં આ અભિપ્રાય છે — શરીરને આશ્રીને ચય, ઉપચયની પૂર્વે વ્યાખ્યા કરી. તે બંને આહાર દ્રવ્યોથી જ થાય, અન્ય દ્રવ્યોથી નહીં. તેથી આહાર દ્રવ્ય વર્ગણાને આશ્રીને આ પ્રમાણે કહ્યું. ઉદીરણાદિ તો કર્મદ્રવ્યના જ થાય, તેથી ત્યાં તેમ કહ્યું. अपवर्तन - કર્મોની સ્થિતિ આદિ અધ્યવસાયથી હીન કરવી. અપવર્તનના ઉપલક્ષણથી ઉદ્વર્તનસ્થિતિ આદિના વૃદ્ધિ કરણ સ્વરૂપ પણ નહીં સમજવું.

संक्रमण - મૂલપ્રકૃતિથી અભિન્ન ઉત્તરપ્રકૃત્તિને અધ્યવસાય વિશેષ વડે પરસ્પર સંચાર કરવો. કહ્યું છે — ગુણથી મૂળ પ્રકૃતિથી અભિન્ન ઉત્તર પ્રકૃતિને અધ્યવસાય પ્રયોગથી સંક્રમાવે, આત્મા અમૂર્ત હોવાથી સંક્રમે નહીં. બીજા કહે છે — આયુષ્ય અને મોહનીયને છોડીને શેષ પ્રકૃતિનો ઉત્તર પ્રકૃતિ સાથે સંચાર તે સંક્રમણ. જેમ કોઈ શાતા વેદનીય અનુભવતા અશુભ કર્મ પરિણતિથી તે જ શાતાવેદનીય અશાતા રૂપે સંક્રમે. આ પ્રમાણે અન્યત્ર પણ યોજવું.

निधत - પરસ્પર ભિન્ન પુદ્‌ગલોને એકઠાં કરીને ધારણ કરવાં તે. ઉદ્વર્તના-અપવર્તના કરણથી ભિન્ન કરણના અવિષયપણે કર્મોનું રહેવું. निकाचित - અત્યંત બંધાયેલા. પરસ્પર ભિન્ન પુદ્‌ગલો એકમેક કરવા અર્થાત્ અન્યોન્ય પુદ્‌ગલોનું એકબીજામાં રહેવું. - x -

भिज्जंति - આદિ પદ સંગ્રહ ગાથાર્થ કહ્યો. વિશેષ આ - અપવર્તન, સંક્રમણ, નિધત્ત, નિકાચન એ ચાર પદમાં ત્રણ પ્રકારનો કાળ બતાવવો. આ અપવર્તનાદિની જેમ ભેદાદિમાં ત્રિકાળતા કહેવી યુક્ત છે, પણ માત્ર વિવક્ષિત ન હોવાથી કહ્યા નથી — હવે પુદ્‌ગલાધિકારથી ચાર સૂત્ર—

● સૂત્ર-૧૮ :-

*હે ભગવન્ ! જે પુદ્ગલોને તૈજસ-કાર્મણપણે ગ્રહણ કરે છે તેને અતીતકાલે કે વર્તમાનકાળે કે ભાવિકાલે ગ્રહણ કરે છે ? ગૌતમ ! અતીત કે ભાવિ કાળે ગ્રહણ કરતા નથી, વર્તમાનકાળે ગ્રહણ કરે છે.*

*નૈરયિકો તૈજસ-કાર્મણપણાથી ગૃહિત પુદ્ગલો ઉદીરે તે શું અતીતકાળના કે વર્તમાનના કે આગામી કાળના પુદ્ગલોની ઉદીરણા કરે ? ગૌતમ ! અતીતકાળમાં ગૃહિત પુદ્ગલોને ઉદીરે છે પણ વર્તમાન અને ભાવિ કાળનાની નહીં. એ રીતે વેદે છે, નિર્જરે છે.*

● વિવેચન-૧૮ :-

સૂત્ર- સ્પષ્ટ છે. વિશેષ આ - તૈજસ શરીર, કાર્મણ શરીરપણે. સમય કાળરૂપ લેવો, સમાચાર રૂપ નહીં. કાળ પણ સમયરૂપ લેવો વર્ણાદિ સ્વરૂપ નહીં. એ રીતે બંને પરસ્પર વિશેષણ થઈ કાલ-સમય શબ્દ બન્યો. અતીત એવો જે કાળ-સમય તે અતીત કાળ સમય અથવા અતીતકાળ એટલે ઉત્સર્પિણી આદિ. સમય - પરમ નિકૃષ્ટ અંશ તે અતીતકાળ સમય તેમાં. પ્રત્યુત્પન્ન - વર્તમાનકાળ. ભૂત અને ભાવિ કાળ વિષયરહિત હોવાથી. અતીત અને અનાગતકાળ વિષયક પુદ્ગલ ગ્રહણનો પ્રતિષેધ કર્યો છે, કેમકે ભૂતકાળ વિનષ્ટ છે અને ભાવિકાળ અનુત્પન્ન છે. તેઓ બંને અસત્ છે. તેથી વિષયાતીત છે. વળી વર્તમાન પણ અભિમુખ પુદ્ગલોને જ ગ્રહે છે, બીજાને નહીં.

(૧) જેઓનો ગ્રહણ સમય વર્તમાન સમયની પુરોવર્તી છે અર્થાત્ જેઓને ગ્રહણ કરવાના છે. (૨) ઉદીરણા પૂર્વ કાળે ગૃહિતની જ થાય. - x - x - (૩) વેદના અને (૪) નિર્જરા સૂત્રની પણ આ રીતે ઉપપત્તિ કરવી.

હવે કર્માધિકારથી જ આ આઠ સૂત્રોને કહે છે —

● સૂત્ર-૧૯ થી ૨૧ :-

*[૧૯] ભગવન્ ! (૧) નૈરયિકો જીવપ્રદેશથી ચલિત કર્મ બાંધે કે અચલિત કર્મને બાંધે ? ગૌતમ ! અચલિત કર્મ બાંધે, ચલિત નહીં.*

*(૨) ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને ઉદીરે કે અચલિત કર્મને ઉદીરે ? ગૌતમ ! અચલિત કર્મ ઉદીરે, ચલિત નહીં. એ પ્રમાણે — (૩) વેદન કરે, (૪) અપવર્તન કરે, (૫) સંક્રમણ કરે, (૬) નિધત્ત કરે છે, (૭) નિકાચિત કરે છે. એ સર્વ પદોમાં અચલિત કર્મ યોજવું. ચલિત નહીં. (૮) ભગવન્ ! નૈરયિકો જીવ પ્રદેશથી ચલિત કર્મને નિર્જરે કે અચલિત કર્મને ? ગૌતમ ! ચલિત કર્મ નિર્જરે, અચલિત નહીં.*

*[૨૦] ગાથા — બંધ, ઉદય, વેદન, અપવર્તન, સંક્રમણ, નિધત, નિકાચનને વિશે અચલિત કર્મ હોય, નિર્જરામાં ચલિત કર્મ હોય.*

*[૨૧] એ રીતે સ્થિતિ અને આહાર કહેવા. સ્થિતિ, સ્થિતિ પદ મુજબ કહેવી. સર્વે જીવોનો આહાર, પન્નવણાના આહારોદ્દેશક મુજબ કહેવો. ભગવન્ ! નૈરયિક આહારાર્થી છે ? યાવત્ વારંવાર દુઃખપણે પરિણમે છે ? ગૌતમ ! - - - ત્યાં સુધી આ સૂત્ર કહેવા.*



*ભગવન્ ! અસુરકુમારોની સ્થિતિ કેટલો કાળ છે ? જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી સાતિરેક સાગરોપમ કાળ... ભગવન્ ! અસુરકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકરૂપ અને ઉત્કૃષ્ટથી સાધિક એક પક્ષે શ્વાસ લે છે - મૂકે છે.*

*ભગવન્ ! અસુરકુમારો આહારાર્થી છે ? - હા, આહારાર્થી છે. અસુરકુમારને કેટલા કાળે ? આહારેચ્છા થાય છે ? - ગૌતમ ! અસુરકુમારને આહાર બે ભેદે છે - આભોગનિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા અવિરહિતપણે નિરંતર થાય છે. આભોગિનર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચતુર્થભક્તે અને ઉત્કૃષ્ટથી સાતિરેક ૧૦૦૦ વર્ષ પછી થાય છે.*

*ભગવન્ ! અસુરકુમાર શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી અનંતપ્રદેશિક દ્રવ્યોનો, ક્ષેત્ર-કાળ-ભાવ સંબંધે પ્રજ્ઞાપનાના ગમ વડે પૂર્વવત્ જાણવું. બાકી બધું નૈરયિકો માફક જાણવું. યાવત્ - ભગવન્ ! અસુરકુમારોએ આહારેલ પુદ્ગલ કેવા રૂપે વારંવાર પરિણમે ? ગૌતમ ! શ્રોત્રેન્દ્રિય-સુરૂપ-સુવર્ણાદિ-૪-ઈષ્ટ-ઈચ્છિત અને મનોહરપણે તથા ઉર્ધ્વપણે-અધોપણે નહીં, સુખપણે-દુઃખપણે નહીં તેમ પરિણમે.*

*અસુરકુમારને પૂર્વાહારિત પુદ્ગલો પરિણમ્યા ? - અસુરકુમાર અભિલાપથી બધું નૈરયિકોની જેમ કહેવું યાવત્ અચલિત કર્મ ન નિર્જરે.*

*નાગકુમારોને કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ, ઉત્કૃષ્ટથી કંઈક ન્યૂન બે પલ્યોપમ... નાગકુમારો કેટલે કાળે શ્વાસ લે છે અને મૂકે છે ? ગૌતમ ! જઘન્યથી સાત સ્તોકે, ઉત્કૃષ્ટ થકી મુહૂર્ત પૃથકત્વે... નાગકુમારો આહારાર્થી છે ? હા, આહારાર્થી છે.*

*નાગકુમારોને કેટલા કાળે આહારેચ્છા થાય ? ગૌતમ ! તેઓને બે પ્રકારનો આહાર કહ્યો છે. આભોગ નિર્વર્તિત, અનાભોગ નિર્વર્તિત. તેમાં અનાભોગ નિર્વર્તિત આહારેચ્છા નિરંતર થાય છે. આભોગ નિર્વર્તિત આહારેચ્છા જઘન્યથી ચોથભક્તે, ઉત્કૃષ્ટથી દિવસ પૃથકત્વે થાય છે. શેષ સર્વે અસુરકુમાર મુજબ યાવત્ અચલિતકર્મને નિર્જરતા નથી. એ રીતે સુવર્ણકુમારોને યાવત્ સ્તનિતકુમારોને પણ જાણવા.*

*હે ભગવન્ પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલો કાળ કહી છે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષની છે.. પૃથ્વીકાયિકો કેટલે કાળે શ્વાસ લે છે ? તેઓ વિવિધ કાળે શ્વાસ લે છે. પૃથ્વીકાયિકો આહારાર્થી છે ? હા, આહારાર્થી છે. પૃથ્વીકાયિકોને કેટલે કાળે આહારેચ્છા થાય છે ? તેઓને નિરંતર આહારેચ્છા રહે છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકો શેનો આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્ય થકી*

*નૈરયિકની માફક યાવત્ વ્યાઘાત ન હોય તો છ એ દિશામાંથી આહાર કરે છે. વ્યાઘાત હોય તો ત્રણ-ચાર કે પાંચ દિશામાંથી કરે. વર્ણથી કાળા-નીલા-પીળા-લાલ-હળદર જેવા અને શુક્લ દ્રવ્યનો આહાર કરે છે. ગંધથી સુગંધી-દુર્ગંધી, રસથી બધા રસ, સ્પર્શથી આઠે સ્પર્શવાળાનો આહાર કરે છે. બાકી બધું પૂર્વવત્ જાણવું.*

*હે ભગવન્ ! તેઓ કેટલો ભાગ આહારે છે ? કેટલો ભાગ આસ્વાદે છે ? ગૌતમ ! અસંખ્યાત ભાગ આહારે, અનંતભાગ ચાખે યાવત્ તે પુદ્ગલો કેવે રૂપે વારંવાર પરિણમે ? ગૌતમ ! સ્પર્શેન્દ્રિય વિવિધ પ્રકારે પરિણમે, બાકી નૈરયિક માફક જાણવું. યાવત્ અચલિત કર્મને નિર્જરતા નથી. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક જાણવું. વિશેષ એ કે જેની જેવી સ્થિતિ હોય તે કહેવી. ઉચ્છ્વાસ વિમાત્રાએ છે.*

*બેઈન્દ્રિયોની સ્થિતિ કહી, ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. બેઈન્દ્રિયોના આહાર વિષયક પ્રશ્ન - ગૌતમ ! અનાભોગ નિર્વર્તિત આહાર પૂર્વવત્ જાણવો. આભોગ નિર્વર્તિત આહારની ઈચ્છા વિમાત્રાએ અસંખ્યેય સામયિક અંતર્મુહૂર્તે થાય છે. બાકી બધું પૂર્વવત્ યાવત્ અનંત ભાગને આસ્વાદે છે. - - - હે ભગવન્ ! બેઈન્દ્રિય આહારપણે જે પુદ્ગલો ગ્રહણ કરે તે શું સર્વેને આહારે કે સર્વને ન આહારે ? હે ગૌતમ ! બેઈન્દ્રિયોનો આહાર બે રીતે - લોમાહાર અને પ્રક્ષેપાહાર. તેમાં જે પુદ્ગલોને લોમાહારપણે ગ્રહણ કરેછે, તે બધાં સંપૂર્ણપણે ખાય છે. જે પ્રક્ષેપાહારપણે પુદ્ગલો લેવાય છે તેમાંનો અસંખ્યાત ભાગ ખાવામાં આવે છે, બીજા અનેક હજાર ભાગો ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.*

*હે ભગવન્ ! તે ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્ગલોમાં કયા કયા પુદ્ગલો અલ્પ, બહુ, તુલ્ય અને વિશેષાધિક છે ? ગૌતમ ! ન ચખાયેલા પુદ્ગલો થોડા છે અને ન સ્પર્શાયેલા અનંતગુણ છે. ભગવન્ ! બેઈન્દ્રિયો જે પુદ્ગલોને આહારપણે લે છે, તે પુદ્ગલો કેવે રૂપે વારંવાર પરિણમે છે ? ગૌતમ ! તે પુદ્ગલો વિવિધ પ્રકારે જિહ્વેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયપણે વારંવાર પરિણમે છે. હે ભગવન્ ! બેઈન્દ્રિયજીવોને પૂર્વે આહારેલા પુદ્ગલો પરિણમ્યા ? હે ગૌતમ ! એ બધું પૂર્વવત્ કહેવું યાવત્ ચલિતકર્મને નિર્જરે છે.*

*ત્રણ અને ચાર ઈન્દ્રિયવાળાની સ્થિતિમાં ભેદ છે યાવત્ અનેક હજાર ભાગો સુંઘાયા, ચખાયા અને સ્પર્શાયા વિના જ નાશ પામે છે.*

*ભગવન્ ! એ ન સુંઘાયેલા, ન ચખાયેલા, ન સ્પર્શાયેલા પુદ્ગલોમાં કયા કોનાથી થોડા, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? હે ગૌતમ ! સૌથી થોડા ન સુંઘાયેલા પુદ્ગલો છે, તેથી અનંતગુણ ન આસ્વાદેલા, તેથી અનંતગુણ ન સ્પર્શાયેલા પુદ્ગલો છે.*

*ત્રણ ઈન્દ્રિયવાળાએ ખાધેલ આહાર ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયપણે વારંવાર પરિણમે છે. ચઉરિન્દ્રિયોએ ખાધેલો આહાર ઘ્રાણ-જીભ-સ્પર્શ-ચક્ષુ ઈન્દ્રિયપણે વારંવાર પરિણમે છે.*



*પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કહીને તેનો ઉચ્છ્વાસ વિમાત્રાએ કહેવો. અનાભોગ નિર્વર્તિત આહાર તેમને પ્રતિસમય અવિરહિત હોય છે. આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી છઠ્ઠ ભક્તે હોય છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ ચલિત કર્મને નિર્જરે છે. એ રીતે મનુષ્યો સંબંધે વિશે જાણવું. વિશેષ આ —*

*તેઓને આભોગ નિર્વર્તિત આહાર જઘન્યથી અંતમુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અઠ્ઠમ ભક્તે હોય છે. તે આહાર શ્રોત્રેન્દ્રિયાદિપણે વિવિધ પ્રકારે વારંવાર પરિણમે છે. બાકી બધું ચતુરિન્દ્રિય માફક જાણવું યાવત્ નિર્જરે છે.*

*વાણવ્યંતરોની સ્થિતિમાં ભેદ છે. બાકી બધું નાગકુમારોની જેમ જાણવું. એ રીતે જ્યોતિષ્કોને જાણવા. વિશેષ આ — ઉચ્છ્વાસ જઘન્યથી મુહૂર્ત પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી પણ મુહૂર્ત પૃથક્ત્વ છે. આહાર જઘન્યથી દિવસ પૃથકત્વ અને ઉત્કૃષ્ટથી પણ દિવસ પૃથકત્વ. બાકી પૂર્વવત્.*

*વૈમાનિકોની સ્થિતિ ઔઘિક કહેવી. ઉચ્છ્વાસ જઘન્યે મુહૂર્તપૃથકત્વ, ઉત્કૃષ્ટથી ૩૩-પક્ષે. આહાર આભોગ નિર્વર્તિત જઘન્યથી દિવસ પૃથક્ત્વ, ઉત્કૃષ્ટથી ૩૩,૦૦૦ વર્ષે. બાકી બધું પૂર્વવત્ યાવત્ નિર્જરાવે છે.*

**● વિવેચન-૧૯ થી ૨૧ :-**

[૧૯] નૈરયિકાદિ સ્પષ્ટ છે. વિશેષ આ - જીવ પ્રદેશથી ચલિત - તેમાં ન રહેનારું તે ચલિત અને તેથી અન્ય કર્મ તે અચલિત, તે કર્મને નૈરયિક બાંધે છે. કહ્યું છે - ચીકણા દ્રવ્યથી મર્દિત પ્રાણી મળવાળો થાય, તેમ રાગાદિ પરિણત આત્મા સમગ્ર પ્રદેશો વડે યોગ હેતુથી સ્વકીય દેશે કર્મ બાંધે છે.

આ રીતે ઉદીરણા, વેદન, અપવર્તના, સંક્રમણ, નિધત્ત, નિકાચના ભાવવી. રસ રહિત કરેલ પુદ્ગલો આત્મપ્રદેશથી નષ્ટ કરવા તે નિર્જરા છે. નિર્જરા નિયમથી ચલિત કર્મની થાય છે, અચલિત કર્મની નહીં.

[૨૦] સંગ્રહણી ગાથાર્થ પૂર્વે કહ્યો. કેવલ ઉદય શબ્દથી ઉદીરણા લેવી. આ રીતે નૈરયિક વક્તવ્યતા કહી. હવે ૨૪ દંડક ક્રમે અસુરકુમાર—

[૨૧] અસુરકુમાર વક્તવ્યતા નૈરયિક માફક જાણવી. કેમકે 'સ્થિતિ, ઉચ્છ્વાસ, આહાર' આદિ ગાથામાં કહેલ ૪૦ સૂત્રો, 'પરિણય ચિય' ગાથામાં કહેલ ૬ સૂત્રો, 'ભેદિય ચિયા'માં કહેલ-૧૮ સૂત્રો, 'બંધોદય'માં કહેલ-૮ સૂત્રો, એ રીતે નારક પ્રકરણમાં કહેલ-૭૨ સૂત્રો, અસુરાદિ ૨૩-પ્રકરણમાં સમાન છે. વિશેષ એ કે — અસુરકુમારોનું આયુ સાગરોપમથી અધિક કહ્યું તે બલીન્દ્રને આશ્રીને જાણવું. કહ્યું છે બલીન્દ્રનું આયુ સાધિક સાગર છે.

- X - સ્તોકનું લક્ષણ આ છે — હૃષ્ટ, અગ્લાન, નિરુપકૃષ્ટ પ્રાણીના એક ઉચ્છ્વાસ-નિઃશ્વાસને પ્રાણ કહે છે. સાત પ્રાણનો ૧-સ્તોક, ૭-સ્તોકનો ૧-લવ, ૭૭-

લવનું ૧-મુહૂર્ત છે. અહીં જઘન્ય સ્થિતિવાળાને જઘન્ય ઉચ્છ્‌વાસાદિનું અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળાને ઉત્કૃષ્ટ ઉચ્છ્‌વાસાદિનું માન સમજવું... ચોથ ભક્ત એ એક ઉપવાસની સંજ્ઞા છે.

નાગકુમારની વક્તવ્યતામાં કહેલ દેશોન બે પલ્યોપમ સ્થિતિ કહી તે ઉત્તર શ્રેણીને આશ્રીને છે - x - મુહૂર્ત ઉક્ત લક્ષણ લેવું. પૃથક્ત્વ-બે થી નવ પર્યન્ત સંખ્યા વિશેષ.. નાગકુમારોની જેમ સુવર્ણકુમારોની સ્થિતિ આદિ કહેવા. ક્યાં સુધી ? સ્તનિતકુમારો સુધી. યાવત્ શબ્દથી – અસુરક, નાગ, સુવર્ણ, વિદ્યુત્, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિક્, વાયુ અને સ્તનિતકુમાર, આ પ્રમાણે ભવનવાસી દેવોના દશ ભેદ છે.

હવે ભવનપતિની વક્તવ્યતા પછી, દંડકના અનુક્રમથી પૃથ્વી આદિની સ્થિતિ આદિનું નિરૂપણ કરે છે - વનસ્પતિ સૂત્ર સુધી સ્પષ્ટ છે. વિશેષ આ – અંતર્મુહૂર્ત એટલે મુહૂર્તની અંદર. ઉત્કૃષ્ટથી ૨૨,૦૦૦ વર્ષ સ્થિતિ ખરપૃથ્વીને આશ્રીને જાણવી. - x - x - વિમાત્રા એટલે વિષમ કે વિવિધ માત્રા, કાળ વિભાગ. પૃથ્વીકાયની ઉચ્છ્‌વાસાદિ ક્રિયા વિષમકાળયુક્ત છે, માટે 'આટલા કાળે થાય' એમ નિરુપણ ન કરી શકાય. જેમ નૈરયિક એવા અતિદેશથી ''ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશો સાથે અવગાઢ પુદ્‌ગલોનો આહાર કરે છે, કાળથી કોઈપણ સ્થિતિવાળા પુદ્‌ગલો આહારે છે, આદિ.

વ્યાઘાત ન હોય તો છ દિશાઓમાં આહારનો વ્યાઘાત લોકાંતના નિષ્કૂટોમાં સંભવે છે. અન્ય સ્થળે અન્યત્ર આહારનો વ્યાઘાત ન સંભવે માટે વ્યાઘાત રહિત સ્થળે છ દિશામાંથી આહાર કરે છે. કેવી રીતે ? પૂર્વાદિ ચારે દિશામાં રહેલા, ઉર્ધ્વ અને અધો ભાગે રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. - x - વ્યાઘાતને આશ્રીને ખૂણાઓમાં વ્યાઘાત સંભવે છે. તેથી કદાચ ત્રણ દિશામાં રહેલા પુદ્‌ગલોને આહારાર્થે ગ્રહણ કરે છે. કઈ રીતે ? જ્યારે પૃથ્વીકાયિક નીચે કે ઉપરના ખૂણામાં રહેલા હોય ત્યારે નીચે અલોક હોય છે. તેમજ પૂર્વ અને દક્ષિણમાં અલોક હોય છે. આ રીતે ત્રણે દિશા અલોકથી આવૃત્ત હોવાથી અન્ય ત્રણ દિશામાં રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. એ રીતે ઉપરના ખૂણા વિશે પણ કહેવું. વળી જ્યારે ઉપર-નીચે અલોક હોય ત્યારે ચારે દિશાઓમાં રહેલ અને કોઈ એક દિશાઓમાં અલોક હોય તો પાંચ દિશાઓમાં રહેલા પુદ્‌ગલોનો આહાર કરે છે. અહીં કર્કશથી રુક્ષ સુધીના આઠે સ્પર્શો લેવા. બાકીનું પૂર્વવત્ અર્થાત્ જે રીતે નૈરયિકોને કહ્યું, તે રીતે પૃથ્વીકાયિકોને પણ કહેવું. તે આ રીતે –

હે ભગવન્ ! રુક્ષ પુદ્‌ગલોને આહારે તે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ ? જો સ્પૃષ્ટ હોય તો અવગાઢ કે અનવગાઢ છે ? આદિ. नानात्व - ભેદ.

નૈરયિકોની અપેક્ષાએ પૃથ્વીકાયિકના આહાર સંબંધે ભેદ આ પ્રમાણે – કેટલા ભાગને સ્પર્શે છે ? અર્થાત્ સ્પર્શન્દ્રિય વડે આહારના કેટલા ભાગને સ્પર્શે છે ? ગ્રહણ કરે છે ? અહીં કહે છે કે – જેમ રસનેન્દ્રિય પર્યાપ્તિથી પર્યાપ્ત, રસનેન્દ્રિય દ્વારથી આહારનો ઉપભોગ કરતા આસ્વાદન કરે છે. - x - તેમ પૃથ્વીકાયિકો સ્પર્શનેન્દ્રિયથી આહારનો ઉપભોગ કરતા સ્પર્શ કરે છે. બાકીનું નૈરયિકોની જેમ





જાણવું. - x - ઇત્યાદિ પૂર્વવત્. આ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકોનું કહેવું. આ કથનથી અપ્કાયાદિ ચારે સૂત્રો પૃથ્વીકાયિકના સૂત્ર સમાન કહ્યા. તેમની સ્થિતિમાં વિશેષતા છે – તેથી કહ્યું કે – જે જેની સ્થિતિ હોય તે કહેવી. તે સર્વેની સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત છે. ઉત્કૃષ્ટથી અપ્કાયની ૭૦૦૦ વર્ષ, તેઉકાયની ૩-અહોરાત્ર, વાયુકાયની ૩૦૦૦ વર્ષ, વનસ્પતિકાયની ૧૦,૦૦૦ વર્ષ છે. - x - x -

બેઈન્દ્રિયોની સ્થિતિ કહી ઉચ્છ્‌વાસ વિમાત્રાએ કહેવો તે શેષ. બેઇન્દ્રિય જીવોની સ્થિતિ ૧૨-વર્ષ છે. બેઈન્દ્રિય જીવોના આહાર સૂત્રમાં કહ્યું છે – આભોગ નિર્વર્તિત આહારની ઈચ્છા વિમાત્રાએ અસંખ્યેય સમયવાળા અંતર્મુહૂર્તમાં ઉત્પન્ન થાય છે, અર્થાત્ બેઈન્દ્રિયનો આહાર કાળ અસંખ્યાત સમય છે. અવસર્પિણીકાળ પણ આટલા સમયનો હોય, તેથી કહ્યું કે આંતર્મુહૂર્તિક. તેના પણ અનેક ભેદ હોવાથી કહે છે વિમાત્રાએ અસંખ્ય સમયવાળો.. બેઈન્દ્રિયનો આહાર બે રૂપે, તેમાં (૧) લોમાહાર – લોમ દ્વારા ગૃહિત આહારના પુદ્‌ગલો, સામાન્યથી વર્ષા ઋતુમાં તેનો પ્રવેશ થાય, તે લોમાહાર કહેવાય. તે મૂત્રથી જણાય છે. (૨) પ્રક્ષેપાહાર - તે કોળીયાથી થાય. તેમાં સ્થૂળ અને સૂક્ષ્મ ઘણાં પુદ્‌ગલો સ્પર્શાયા વિના જ શરીરની અંદર અને બહાર નાશ પામે છે. - x - x - જીભથી ન ચખાયેલા અને સ્પર્શનેન્દ્રિયથી ન સ્પર્શાયેલા.

कयरे - કયા કોનાથી અલ્પ-બહુ-તુલ્ય અને વિશેષાધિક છે ? જેનું આસ્વાદન નથી કરાયું, પણ રસનેન્દ્રિય વિષય છે તે થોડા અર્થાત્ ન સ્પર્શાયેલા પુદ્‌ગલોના અનંતભાગે વર્તે છે, વળી જે ન સ્પર્શાયેલા સ્પર્શનેન્દ્રિયગમ્ય છે તે રસનેન્દ્રિયવિષયક પુદ્‌ગલો કરતા અનેકગણાં અધિક છે.

ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિયવાળાની સ્થિતિ - અનુક્રમે ૪૯ રાત્રિદિવસ અને છ માસ છે. આહારમાં પણ ભેદ છે, તેમાં ભગવન્ ! તેઈન્દ્રિય જીવો આહારપણે જે પુદ્‌ગલો ગ્રહણ કરે છે, ત્યાંથી આરંભી અનેક હજાર ભાગ નહીં સુંઘાતા આદિ સુધી કહેવું. અહીં બેઈન્દ્રિયોની અપેક્ષાએ 'નહીં સુંઘાતા' તે અધિક છે. આ રીતે અલ્પબહુત્વ તથા પરિણામ સૂત્રમાં ભેદ કહેવો. ચઉરિન્દ્રિયમાં પરિણામ સૂત્રમાં ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયપણે એમ અધિક હોવાથી ભેદ છે.

પંચેન્દ્રિય તિર્યંચ સૂત્રમાં સ્થિતિ - જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમરૂપ સ્થિતિ કહીને ઉચ્છ્‌વાસ વિમાત્રાએ કહેવો. તથા તિર્યંચ પંચેન્દ્રિયની આહોરેચ્છા માટે ''ઉત્કૃષ્ટથી છટ્ઠ ભક્તે'' કહ્યું, તે કથન દેવકુરુ-ઉત્તરકુરુના તિર્યંચમાં મળે. મનુષ્યમાં પણ ''અટ્ઠમ ભક્તે'' કહ્યું - તે દેવકુરુ આદિના યુગલને આશ્રીને જાણવું.

વાણવ્યંતરની સ્થિતિમાં નાનાત્વ છે. આયુષ્ય સિવાયના આહારાદિ પૂર્વે કહ્યા, તે નાગકુમારો મુજબ જાણવાં કેમકે પ્રાયઃ નાગ અને વ્યંતરમાં તેમનું સમાન ધર્મત્વ છે. તેમાં વ્યંતરની સ્થિતિ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટથી પલ્યોપમની છે... જ્યોતિષ્કની સ્થિતિ સિવાય નાગકુમારોની માફક જ જાણવું. જ્યોતિષ્કની જઘન્ય

સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટથી લાખ વર્ષ અધિક પલ્યોપમ છે. વિશેષ આ - તેઓનો ઉચ્છ્‌વાસ નાગકુમાર સમાન નથી, પણ તે - x - જઘન્યથી મુહૂર્ત્ત પૃથકત્વ છે. જે બે કે ત્રણ મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ છે તે આઠ કે નવ મુહૂર્ત્ત છે. આહાર પણ વિશેષિત છે - x -

વૈમાનિક સ્થિતિ ઔધિક - પલ્યોપમાદિથી ૩૩-સાગરોપમ સુધી છે. તેમાં જઘન્ય સૌધર્મને આશ્રીને છે, ઉત્કૃષ્ટ અનુત્તર વિમાનને આશ્રીને છે. ઉચ્છ્‌વાસ પ્રમાણ પણ જઘન્ય છે તે જઘન્ય સ્થિતિક દેવોને આશ્રીને છે, ઉત્કૃષ્ટ છે તે ઉત્કૃષ્ટ સ્થિતિ આશ્રિત છે. કહ્યું છે — જેની જેટલા સાગરોપમની સ્થિતિ, તેને તેટલા પક્ષે ઉચ્છ્‌વાસ અને તેટલા ૧૦૦૦ વર્ષે આહાર જાણવો. - x - x -

નારકાદિ ધર્મ વક્તવ્યતા કહી, તે આરંભપૂર્વક છે માટે —

**● સૂત્ર-૨૨ :-**

***હે ભગવન્ ! જીવો શું આત્મારંભી છે, પરારંભી છે કે તદુભયારંભી છે કે અનારંભી છે ? ગૌતમ ! કેટલાક જીવો આત્મ પર અને ઉભયારંભી છે, પણ અનારંભી નથી. કેટલાંક જીવો આત્મ-પર કે ઉભયારંભી નથી, પણ અનારંભી છે. હે ભગવન્ ! એમ કેમ કહો છો કે કેટલાક જીવો આત્મારંભી છે ઇત્યાદિ —***

***ગૌતમ ! જીવો બે ભેદે કહ્યા — સંસારી અને સિદ્ધ. તેમાં આ અસંસાર સમાપન્નક-સિદ્ધ છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે અને જે સંસારી છે તે બે ભેદે છે — સંયત, અસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે - પ્રમત્ત સંયત, અપ્રમત્ત સંયત. તેમાં જે અપ્રમત્ત સંયત છે તે આત્મારંભી નથી યાવત્ અનારંભી છે. જે પ્રમત્ત સંયત છે, તે શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી યાવત્ અનારંભી છે, અશુભ યોગની અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. જેઓ અસંયત છે, તે અવિરતિ અપેક્ષાએ આત્મારંભી પણ છે યાવત્ અનારંભી નથી. તેથી આમ કહ્યું.***

***ભગવન્ ! નૈરયિકો આત્મારંભી, પરારંભી, ઉભયારંભી કે અનારંભી છે ? ગૌતમ ! નૈરયિકો આત્મારંભી છે યાવત્ અનારંભી નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિ અપેક્ષાએ - x - એ રીતે અસુરકુમાર પર્યન્ત - યાવત્ - પંચેન્દ્રિય તિર્યંચયોનિક પર્યન્ત, મનુષ્યોને સામાન્ય જીવો માફક જાણવા, માત્ર સિદ્ધોનું કથન છોડી દેવું. વાણવ્યંતરથી વૈમાનિક પર્યન્ત નૈરયિકની જેમ જાણવા.***

***લેશ્યાવાળાને ઔધિકવત્ જાણવા. કૃષ્ણ-નીલ-કાપોત લેશ્યાવાળાને ઔધિકવત્ જાણવા, વિશેષ એ - પ્રમત્ત, અપ્રમત્તનું અહીં કથન ન કરવું. તેઉ-પદ્મ-શુક્લ લેશ્યાવાળાને ઔધિક જીવોની જેવા જાણવા. વિશેષ એ કે — તેમાં સિદ્ધોનું કથન ન કરવું.***

**● વિવેચન-૨૨ :-**

આરંભ એટલે જીવ ઉપઘાત, ઉપદ્રવ, સામાન્યથી આશ્રવ દ્વારે પ્રવૃત્તિ. તેમાં આત્માને જે આરંભે કે આત્મા વડે સ્વયં આરંભ કરે તે આત્મારંભી. પરને કે પર



વડે આરંભ કરે તે પરારંભી. તે બંનેને કે તે બંને વડે આરંભ કરે તે ઉભયારંભી. આત્મા-પર-ઉભયસંબંધી આરંભથી રહિત તે અનારંભી. એ પ્રશ્ન છે. તેનો ઉત્તર સ્પષ્ટ છે. વિશેષ આ - અસ્તિ એ અવ્યય છે. - x - અસ્તિ નો સન્તિ અર્થ કર્યો છે અથવા અસ્તિ શબ્દ પક્ષાંતર સૂચક લેતા ‘શું આ પ્રશ્ન છે ?’ અને एगइय એટલે કેટલાંક. જીવો આત્મારંભી પણ છે. ઇત્યાદિમાં अपि શબ્દ પૂર્વપદ અને ઉત્તરપદના સંબંધનો સૂચક છે. अपि શબ્દ આત્મારંભીપણું ઇત્યાદિ ધર્મોના એકાશ્રય કે ભિન્નાશ્રયને માટે છે.

એકાશ્રયપણું કાળના ભેદે જાણવું. જેમકે - કોઈ સમયે આત્મારંભી, કોઈસમય પરારંભી, કોઈ સમયે ઉભયારંભી છે, તેથી અનારંભી નથી.. ભિન્નાશ્રયથી આ રીતે — કેટલાક જીવો અસંયત છે. તે આત્મારંભી કે પરારંભી હોય છે. વગેરે. જીવોમાં ભિન્ન સ્વભાવના કેમ હોઈ શકે ? એવો પ્રશ્ન કરવા કહ્યું — ભગવન્ ! તેનું શું કારણ ?

મેં તથા અન્ય કેવલીએ જીવોના બે ભેદ કહ્યા છે. આ વાક્યથી સર્વજ્ઞોનો મત અભેદ કહ્યો. જો મતભેદ થાય તો - x - તેઓમાં અસત્ય વક્તૃત્વ આવે. પ્રમત્ત સંયતને સંયત હોવાથી શુભ અને પ્રમાદી હોવાથી અશુભ યોગ હોય છે. શુભયોગ-ઉપયોગપૂર્વક પડિલેહણાદિ કરવાં તે. અશુભયોગ - ઉપયોગરહિત પડિલેહણાદિ કરવા તે. કહ્યું છે - પ્રતિલેખનમાં પ્રમાદી છ કાયનો વિરાધક થાય.

શ્રમણનો સર્વ પ્રમત્ત યોગ - આરંભરૂપ હોય છે. આથી શુભાશુભ યોગો આત્મારંભાદિના કારણ થાય છે. અવિરતિ આશ્રીને અહીં આવો આશય છે - જો કે અસંયત સૂક્ષ્મ એકેન્દ્રિયાદિને સાક્ષાત્ આત્મારંભાદિ નથી, તો પણ અવિરતિને આશ્રીને તેઓને આત્મારંભાદિ છે, કેમકે તે જીવો અવિરતિથી નિવૃત્ત થયા નથી. માટે અસંયતોને આત્મારંભાદિમાં અવિરતિ કારણ છે. વિરતિવાળાને કથંચિત્ આત્મારંભાદિ હોવા છતાં આરંભપણું નથી. કેમકે સૂત્રોક્ત વિધિવાળા, યતના સહિતને થતી વિરાધના નિર્જરા ફળવાળી છે. તે કારણથી એ પ્રમાણે અર્થ કહ્યો છે.

હવે આત્મારંભકપણાદિનું જ નૈરયિકાદિ ૨૪-દંડક દ્વારા નિરૂપણ કરે છે. ‘નૈરયિકાદિ’ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - મનુષ્યોમાં સંયત, અસંયત, પ્રમત્ત, અપ્રમત્ત ભેદો કહ્યા છે. તેથી મનુષ્યોને જીવો માફક કહેવા. કેવલ સંસારી અને મુક્ત એ બે ભેદ ન કહેવા. કેમકે આ ચારે સંસારવર્તી જ છે. તેથી સૂત્રમાં ‘‘સિદ્ધ વિરહિત’’ એમ કહ્યું. વ્યંતરાદિ અસંયત હોવાથી તેઓને નૈરયિકોની જેમ જ કહેવા.

આત્મારંભાદિ ભેદે જીવો નિરુપ્યા. તેઓ લેશ્યાસહિત, લેશ્યારહિત હોય છે. સલેશ્યકને આત્મારંભાદિ ધર્મો દ્વારા જ નિરૂપે છે. લેશ્યા - કૃષ્ણાદિ દ્રવ્ય સાંનિધ્યજનિત જીવ પરિણામ. કહ્યું છે — કૃષ્ણાદિ દ્રવ્યના સંબંધથી સ્ફટિક માફક આત્મામાં થતા પરિણામમાં લેશ્યા શબ્દ પ્રયોજાય છે. જે રીતે નારકાદિ વિશેષણ રહિત જીવો કહ્યા, જેમકે — ‘‘ભગવન્ ! જીવો આત્મારંભી છે ?, પરારંભી છે ? આદિ’’ એ રીતે સલેશ્યક જીવો કહેવા. લેશ્યાવાળા જીવોને સિદ્ધત્વનો અસંભવ છે. તેથી સંસાર

સમાપન્નત્વાદિ વિશેષણો રહિત, તેઓને સંયતાદિ વિશેષણો જોડવા.

તેમાં સૂત્રક્રમ આ રીતે – હે ભગવન્ ! સલેશ્યક જીવો શું આત્મારંભી છે ? ઇત્યાદિ. વિશેષ એ કે – જીવને સ્થાને 'લેશ્યાવાળા' એમ કહેવું. અને કૃષ્ણાદિ ભેદે બીજા છ દંડક મળીને કુલ ૭-દંડક થશે. સામાન્ય જીવ દંડક માફક કૃષ્ણાદિ ત્રણ જીવસમૂહનો દંડક પ્રમત્ત, અપ્રમત્ત વિશેષણ વર્જિત કહેવો. કૃષ્ણાદિ ત્રણ અપ્રશસ્ત ભાવ લેશ્યામાં સંયતત્વ હોતું નથી. ''પૂર્વે સાધુપણાને પ્રાપ્ત જીવ કોઈપણ લેશ્યામાં હોય છે.'' એમ જે કહ્યું, તે દ્રવ્ય લેશ્યાને આશ્રીને માનવું. તેથી ભાવકૃષ્ણલેશ્યા આદિમાં પ્રમત્તાદિ વિશેષણોનો અભાવ કહ્યો. તેનું સૂત્ર ઉચ્ચારણ છે તે સ્પષ્ટ હોવાથી અહીં અનુવાદ કર્યો નથી. - x - x - વિશેષ એ કે – તેજોલેશ્યાદિ દંડકોમાં સામાન્ય જીવનું સરખાપણું લેતાં સિદ્ધો ન કહેવા. કેમકે સિદ્ધો લેશ્યારહિત હોય છે. [પ્રશ્ન-વૃત્તિ મુજબ જાણવો.]

ભવ હેતુરૂપ આરંભ કહ્યો. હવે ભવ અભાવરૂપ ધર્મ કહે છે –

● **સૂત્ર-૨૩ :-**

***ભગવન્ ! જ્ઞાન ઈહભવિક છે, પરભવિક છે, કે તદુભયભવિક છે ? ગૌતમ ! ઇહભવિક પણ છે. પરભવિક પણ છે, તદુભયભવિક પણ છે.. દર્શન પણ એમ જ જાણવું. ભગવન્ ! ચારિત્ર ઇહભવિક છે, પરભવિક છે કે તદુભયભવિક ? ગૌતમ ! તે ઇહભવિક છે. પરભવિક કે તદુભયભવિક નહીં. એ રીતે તપ, સંયમ જાણવા.***

● **વિવેચન-૨૩ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - જે આ જન્મમાં વર્તતું હોય, પણ ભવાંતરમાં નહીં તે ઇહભવિક. - x - શું આ ભવમાં વર્તવાવાળું જ્ઞાન છે ? પારભવિક - ચાલુભવ પછી અનંતર ભવે અનુગામીપણે જે વર્તે તે પારભવિક. તે જ્ઞાન છે ? અથવા આ ભવ-પરભવ લક્ષણવાળું તદુભયભવિક જ્ઞાન છે ? અહીં પારભવિકના અર્થમાં પછીના, પછીના બીજા, ત્રીજા આદિ ભવમાં વર્તનારું જ્ઞાન ''તદુભય''માં ગ્રહણ કરવું. આ રીતે પ્રશ્નસૂત્ર-ઉત્તરસૂત્ર સુગમ છે. વિશેષ આ કે – આ ભવે શીખેલ જ્ઞાન આવતા ભવે ન જાય તે ઈહભવિક, બીજા ભવમાં જાય તે પરભવિક અને પરભવ તથા પરતરભવમાં જાય તે તદુભયભવિક.

દર્શન પણ આ રીતે સમજવું. મોક્ષમાર્ગના અધિકારથી દર્શન એટલે સમ્યક્ત્વ. કહ્યું છે – સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. જ્યાં જ્ઞાન, દર્શનનું જ ગ્રહણ કર્યુ હોય ત્યાં દર્શન એટલે સામાન્ય બોધરૂપ જ્ઞાન સમજવું. પ્રશ્ન અને ઉત્તર વડે દર્શન પણ જ્ઞાનની જેમ સમજવું.

ચારિત્ર સૂત્રમાં ઉત્તરમાં વિશેષ છે, તે આ – ચારિત્ર ઈહભવવર્તી જ છે. જીવ આ ભવમાં ચારિત્રવાળો થઈ, બીજા ભવમાં ચારિત્રવાન્ થતો નથી. કેમકે ગૃહિત ચારિત્ર જીવતાં સુધી જ હોય. સર્વવિરત, દેશવિરત ચારિત્રવાન્‌ની ઉત્પત્તિ દેવલોકે હોય છે. દેવલોકે વિરતિનો અભાવ હોવાથી ત્યાં ચારિત્રનો અસંભવ છે. મોક્ષગતિ



થઈ હોય તો ત્યાં ચારિત્રનો અસંભવ છે. કેમકે ચારિત્ર કર્મક્ષયાર્થે છે, મોક્ષમાં તેનું પ્રયોજન નથી. વળી તેની પ્રતિજ્ઞાની આ ભવમાં જ સમાપ્તિ હોવાથી, અન્ય ભવસંબંધી પ્રતિજ્ઞા ન ગ્રહણ કરી હોવાથી ચારિત્ર અન્ય ભવમાં જતું નથી. ચારિત્ર ક્રિયારૂપ હોવાથી શરીરમાં સંભવે, મોક્ષમાં શરીરના અભાવથી ચારિત્રનો યોગ સંભવતો નથી. તેથી જ કહે છે – સિદ્ધો ચારિત્રી નથી, અચારિત્રી નથી તેમ ચારિત્રાચારિત્રી પણ નથી. ચારિત્રના તપ અને સંયમ બે ભેદ છે. તેથી તપ, સંયમ પણ એ પ્રમાણે છે તેમ કહ્યું. તપ અને સંયમ ચારિત્રરૂપ જ હોવાથી તે બંને પ્રશ્નોત્તર વડે ચારિત્રની જેમ કહેવા.

''જો કે જ્ઞાનાદિમાં મોક્ષનું હેતુપણું છે, તો પણ દર્શનમાં જ યત્ન કરવો જોઈએ. કેમકે દર્શન જ મોક્ષનો હેતુ છે. કહ્યું છે – ચારિત્રથી ભ્રષ્ટનું દર્શનગ્રહણ જ સુંદર છે, કેમકે ચારિત્ર રહિત જીવ સિદ્ધ થાય છે. પણ દર્શનરહિત સિદ્ધ થતો નથી. આ પ્રમાણે માનનારને ''બોધાર્થે પ્રશ્ન–

● **સૂત્ર-૨૪ :-**

***ભગવન્ ! શું અસંવૃત્ત અણગાર સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિવૃત્ત, સર્વ દુઃખાંતકર થાય છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી... ભગવન્ ! કયા કારણથી આમ કહ્યું ? ગૌતમ ! અસંવૃત્ત અનગાર આયુને છોડીને શિથિલ બંધ બદ્ધ સાત કર્મપ્રકૃતિઓને ઘન બંધન બદ્ધ કરે છે. હ્રસ્વ કાલ સ્થિતિકને દીર્ઘકાલ સ્થિતિક કરે છે, મંદાનુભાવવાળીને તીવ્ર અનુભાવવાળી કરે છે. અલ્પપ્રદેશીકને બહુ પ્રદેશીક કરે છે. આયુઃકર્મને કદાચિત્ બાંધે છે અને કદાચિત્ બાંધતો નથી. અશાતા વેદનીય કર્મને વારંવાર એકઠું કરે છે તથા અનાદિ, અનંત, દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારમાં પર્યટન કરે છે. ગૌતમ ! તે કારણથી અસંવૃત્તાણગાર સિદ્ધ થતો નથી યાવત્ - સર્વ દુઃખોનો અંત કરતો નથી.***

***ભગવન્ ! સંવૃત્ત અણગાર સિદ્ધ થાય ? હા, સિદ્ધ થઈને યાવત્ અંત કરે છે.. એવું કેમ કહ્યું ? ગૌતમ ! સંવૃત્ત અણગાર આયુ વર્જીને ઘન બંધન બદ્ધ સાત કર્મની પ્રકૃત્તિને શિથિલ બંધનબદ્ધ કરે છે. દીર્ઘકાલ સ્થિતિકને હ્રસ્વકાલ સ્થિતિક કરે છે, તિવ્રાનુભાવને મંદ અનુભાવવાળી કરે છે. બહુ પ્રદેશીકને અલ્પ પ્રદેશીક કરે છે. આયુ કર્મને બાંધતો નથી. અશાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય ન કરે, અનાદિ અનંત દીર્ઘ માર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારને ઉલ્લંઘતો નથી. હે ગૌતમ ! તે કારણથી સંવૃત્ત અણગાર સિદ્ધ થાય છે. આદિ - x -***

● **વિવેચન-૨૪ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - असंवृत्त - આશ્રવદ્વારને ન રોકનાર. अणगार - જેને ઘર નથી તે, સાધુ. सिज्झइ - છેલ્લો ભવ મળવાથી સિદ્ધગમન યોગ્ય થાય છે. बुज्झइ - જ્યારે ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનથી સ્વપર પર્યાયસહિત સર્વે જીવાદિ પદાર્થને જાણે છે ત્યારે બોધ પામે છે, એમ કહેવાય. मुच्चइ - ઉત્પન્ન કેવલજ્ઞાનવાળો

જીવ પ્રતિસમય ભવોપગ્રાહી કર્મો વડે મૂકાતો "મુક્ત થાય છે." તેમ કહેવાય છે. દરેક સમયે જેમ જેમ કર્મપુદ્‌ગલોનો ક્ષય કરે છે તેમ તેમ શીતલ થતો પરિનિર્વાણ પામે છે. ચરમ ભવના અંત સમયે સમસ્ત કર્માંશોનો ક્ષય કરનારો તે સર્વ દુઃખોનો અંત કરે છે. એ પ્રશ્ન.

ઉત્તર સૂત્ર સરળ છે. વિશેષ આ - હમણાં કહેલ અર્થભાવ સમર્થ - બલવાન્ નથી. કેમકે હવે કહેવાનાર દૂષણરૂપ મુદ્‌ગર પ્રહારથી તે જર્જરિત છે. એક ભવમાં એક જ વખત અન્તર્મુહૂર્ત કાળમાં જ આયુષ્યનો બંધ થાય છે, તેથી આયુવર્જિત એમ કહ્યું.

શિથિલબંધન - સ્પૃષ્ટતા, બદ્ધતા કે નિધત્તતા. તેનાથી બદ્ધ-આત્મપ્રદેશોમાં સંબંધિત. કેમકે પૂર્વાવસ્થામાં અશુભત્તર પરિણામનો કથંચિત્ અભાવ છે. આ શિથિલ બંધન બદ્ધને અશુભ જ જાણવી. કેમકે અસંવૃત્ત ભાવનો નિંદા પ્રસ્તાવ છે. તેને ગાઢતર બંધનથી બદ્ધ કે નિધત્ત કે નિકાચિત કરે છે. - x - કેમકે અસંવૃત્તત્વ અશુભ યોગરૂપ હોવાથી અતિ ગાઢ પ્રકૃતિ બંધનો હેતુ છે. કહ્યું છે —

યોગથી પ્રકૃત્તિબંધ અને પ્રદેશબંધને કરે છે. વારંવાર અસંવૃત્તત્વથી તે પ્રકૃત્તિને તેવી કરે છે. હ્રસ્વકાલ સ્થિતિકને દીર્ઘ કાળ સ્થિતિક કરે છે. સ્થિતિ - એકઠા કરેલા કર્મોનું રહેવું. - x - કેમકે અસંવૃતત્વ એ કષાયરૂપ હોવાથી સ્થિતિબંધનું કારણ છે. કહ્યું છે કે — કષાય વડે સ્થિતિબંધ અને રસબંધ કરે છે. - x - अनुभाव - વિપાક, રસ વિશેષ. મંદાનુભાવ-હીનરસા-દુર્બલરસાને ગાઢ રસવાળી કરે છે, કેમકે અસંવૃત્તત્વ કષાયરૂપ છે, જે અનુભાગબંધ હેતુ છે.

अल्प - થોડાં, प्रदेशाग्र - કર્મ દલિક પરિણામ, જેના છે તેના તથા તેને બહુપ્રદેશાગ્ર કરે છે. કેમકે યોગ પ્રદેશબંધનું કારણ છે અને અસંવૃત્તપણું એ યોગ છે. આયુષ્યકર્મને કદાચિત્ બાંધે અને કદાચિત્ ન બાંધે, કેમકે જીવો આયુના ત્રીજા ભાગાદિ બાકી રહેતાં પરભવનું આયુ બાંધે છે. - x - બીજા સમયે બાંધતો નથી... અસાતા વેદનીય કર્મનો વારંવાર ઉપચય કરે છે. [શંકા] અસાતા વેદનીય કર્મ સાત કર્મોમાં અંતર્ગત્ છે તો પછી તેનું પૃથક્ ગ્રહણ શા માટે ? [સમાધાન] અસંવૃત્ત અત્યંત દુઃખી થાય છે. આ પ્રમાણે પ્રતિપાદન વડે ભય ઉત્પન્ન થવાથી અસંવૃત્તપણાનો પરિહારાર્થે અશાતા વેદનીયને જુદું ગ્રહણ કરવામાં દોષ નથી.

अणाइ - અનાદિ અથવા અજ્ઞાતિ - જેમાં જ્ઞાતિ નથી અથવા ऋणातीतम् - કરજજન્ય દુઃખ કરતાં પણ અધિક દુઃખવાળું અથવા अण - પાપ, અતિશય પાપ. अवयग्ग - અણવદગ્ર, જેનો અંત નથી તે. અથવા अवनत - નજીક, જેનો અંત નજીક છે તે, તેનો નિષેધ કરવાથી अनवनत - જેનો અંત નજીક નથી તે. અથવા જેનું પરિણામ જ્ઞાત નથી, આવા પ્રકારનું સંસાર અરણ્ય હોવાથી - દીર્ઘકાળવાળું કે દીર્ઘ માર્ગવાળું. चातुरंत - દેવગતિ આદિ ભેદથી, અથવા પૂર્વાદિ દિશાના ભેદથી ચાર વિભાગવાળું. આવા સંસારમાં અસંવૃત્ત જીવ વારંવાર ભમે છે.

પૂર્વે અસંવૃત્તનું ફળ કહ્યું, હવે સંવૃત્તનું ફળ કહે છે. સંવૃત્ત અનગાર પ્રમત્ત



અને અપ્રમત્ત સંયતાદિ, તે ચરમશરીરી કે અચરમશરીરી હોય છે. તેમાં જે સંવૃત્ત અનગાર ચરમશરીરી હોય તેની અપેક્ષાએ આ સૂત્ર જાણવું. [શંકા] પરંપરાએ તો સૂત્રોક્ત અર્થ અસંવૃત્તને પણ ઘટે, કેમકે શુક્લપાક્ષિકનો પણ મોક્ષ જરૂર થવાનો છે. એ રીતે સંવૃત્ત અને અસંવૃત્ત પરંપરાએ ફળથી અભેદ જ થાય. [સમાધાન] સત્ય છે, પણ સંવૃત્તનું પારંપાર્ય ઉત્કૃષ્ટથી સાત, આઠ ભવ પ્રમાણ સમજવું, કેમકે કહ્યું છે કે — "જઘન્યથી ચારિત્રની આરાધનાને આરાધી સાત, આઠ ભવથી સિદ્ધ થાય છે." અસંવૃત્તની પરંપરા ઉત્કૃષ્ટે અપાર્ધ પુદ્‌ગલ પરાવર્ત છે. કેમકે અસંવૃત્તનું પારંપર્ય વિરાધનાના ફળરૂપ છે. वीईवयइ - ઉલ્લંઘન કરે છે. - - - "સંવૃત્ત હોવાથી અનગાર સિદ્ધ થાય છે." એમ કહ્યું. હવે અસંવૃત્ત હોય તે વિશિષ્ટ ગુણરહિત થવાથી દેવ થાય કે નહીં ? તે પ્રશ્ન—

● **સૂત્ર-૨૫ :-**

***હે ભગવન્ ! અસંયત, અવિરત, જેણે પાપકર્મનું હનન અને પચ્ચક્ખાણ કર્યા નથી એવો જીવ અહીંથી ચ્યવીને પરલોકમાં દેવ થાય છે ? ગૌતમ ! કેટલાક દેવ થાય છે અને કેટલાંક દેવ થતાં નથી. એવું કેમ કહ્યું કે — કેટલાંક દેવ થાય અને કેટલાંક દેવ ન થાય ?***

***ગૌતમ ! જે આ જીવો ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણ મુખ, પટ્ટણ, આશ્રમ, સંનિવેશમાં અકામ તૃષ્ણા વડે, અકામ ક્ષુધા વડે, અકામ બ્રહ્મચર્યવાસથી, અકામ શીત-આતપ-ડાંસ-મચ્છર-અસ્નાન-કાદવ-જલ્લ-મલ્લ-પંક-પરિદાહ વડે, થોડો કે વધુ કાળ આત્માને કલેશિત કરે, કલેશિત કરીને મૃત્યુ કાળે મૃત્યુ પામી કોઈ વાણવ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે.***

***ભગવન્ ! વાણવ્યંતર દેવોના દેવલોકો કેવા પ્રકારે કહ્યા છે ? ગૌતમ ! જેમ અહીં મનુષ્યલોકમાં સદા કુસુમિત, મયૂરિત, લવકિત, સ્તવકિત, ગુલયિત, ગુચ્છિત, યમલીય, યુવલિય, વિનમિત, પ્રણમિત, સુવિભક્ત, વિભિન્ન મંજરીઓ રૂપ મુગટ ધર અશોકવન, સપ્તવર્ણવન, ચંપકવન, ચૂતવન, તિલકવન, અલાબુવન, ન્યગ્રોધવન, છત્રૌઘવન, અશનવન, શણવન, અતસિવન, કુસુંભવન, સિદ્ધાર્થવન, બંધુજીવક વન, અતી-અતી શોભા વડે શોભતુ હોય છે. એ પ્રમાણે તે વાણવ્યંતર દેવોના દેવલોક જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિક અને ઉત્કૃષ્ટથી પલ્યોપમ સ્થિતિક, ઘણાં વ્યંતર દેવો અને દેવીથી વ્યાપ્ત, વિશેષ વ્યાપ્ત, ઉપસ્તીર્ણ, સંસ્તૃત, સ્પૃષ્ટ, અતિ અવગાઢ થયેલા, અત્યંત ઉપશોભીત થઈ રહેલા છે. ગૌતમ ! તે વ્યંતર દેવાના સ્થાન આવા પ્રકારે કહ્યા છે. તે કારણથી કહ્યું કે યાવત્ દેવ થાય છે.***

***હે ભગવન્ ! એમ જ છે, એમ જ છે. એમ કહી શ્રમણ ભગવન્ મહાવીર વંદે છે, નમે છે, વાંદીને-નમીને સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.***

● **વિવેચન-૨૫ :-**

'જીવ' આદિ સ્પષ્ટ છે, વિશેષ આ - असंयत - સંયમરહિત કે અસાધુ. अविरत - પ્રાણાતિપાતાદિ વિરતિરહિત અથવા વિશેષે જે તપમાં રત ન હોય તે અવિરત. જે અનીતકાળે કરેલ કર્મને નિંદાદિ વડે દૂર ન કરનારો અને આગામી કાળે થનાર પ્રાણ-અતિપાતાદિ પાપકર્મને વર્જનાર ન હોય તે "અપ્રતિહત-પ્રત્યાખ્યાત પાપકર્મા" કહ્યો. આ વિશેષથી ભૂત-ભાવિ પાપકર્મનો અનિષેધ કહ્યો અને અસંયત, અવિરત વિશેષણથી વર્તમાન પાપનું સંવરણ કહ્યું. અથવા જેણે તપ વડે મરણ કાળ પૂર્વેનું પાપકર્મ ખપાવેલ નથી અને આશ્રવ નિરોધ વડે મરણકાળમાં પાપકર્મ વર્જેલ નથી તે.

અથવા - સમ્યગ્દર્શન સ્વીકારી પાપકર્મ દૂર કર્યુ નથી અને સર્વવિરતિ અંગીકાર કરી અશુભ કર્મ વર્જેલ નથી તે. - - અહીંથી એટલે બોલનારને પ્રત્યક્ષ તિર્યંચ કે મનુષ્ય ભવથી ચ્યવેલ જીવ જન્માંતરમાં દેવ થાય ? એ પ્રશ્ન. - - આ પ્રત્યક્ષ દેખાતા પંચેન્દ્રિય તિર્યંચો કે મનુષ્યો ગામ આદિમાં, તેમાં ग्राम - જન આશ્રિત સ્થાન વિશેષ, आकर - લોઢું આદિનું ઉત્પત્તિ સ્થાન, नगर - કરરહિત, निगम - વણિકજન પ્રધાન, राजधानी - રાજા સ્વયં રહે. खेट - ધૂળના કિલ્લાવાળું, कर्बट - કુનગર, मडंब - ઘણું દૂર સ્થાન, द्रोणमुख - જળ અને સ્થળમાર્ગી, पत्तन - વિવિધ દેશોથી કરિયાણા આવે તે. તે બે છે - જલપત્તન, સ્થલપત્તન, आश्रम - તાપસાદિનું સ્થાન - x -

अकाम - નિર્જરાદિની ઈચ્છા સિવાય. તૃષ્ણા, ક્ષુધા વડે. તથા ब्रह्मचर्य - સ્ત્રી આદિ પરિભોગ અભાવમાત્ર લક્ષણથી, वास - રાત્રિમાં શયન તે અકામ બ્રહ્મચર્યવાસ. અકામ આદિ વડે પરિદાહ તેમાં स्वेद - પરસેવો, जल्ल - માત્ર રજ, मल - કઠણ ધૂળ, पंक - ભીનો મેલ. તે અલ્પકાળ કે બહુકાળ - x - वा શબ્દથી દેવત્વ પ્રતિ બંને કાળની તુલ્યતા બતાવે છે. સામાન્યથી બંનેનું દેવપણું છતાં અકામનિર્જરાવાળાનું દેવપણું અલ્પકાલિક તથા અવિશિષ્ટ હોય તથા સકામ-નિર્જરાવાળાનું બહુકાલિક અને વિશિષ્ટ હોય છે.

परिकिलेस - દુઃખી કરે છે. काल - મરણ, मास - અવસર, તેમાં મરીને, વન વિશેષમાં થયેલા તે વાનમંતર. બીજા કહે છે - વનોમાં થયેલા તે वान એવા જે વ્યંતરો તે વાનવ્યંતરો અથવા વાણમંતર, તેમના દેવલોકો એટલે દેવાશ્રયોમાં તેઓ દેવપણે ઉત્પન્ન થાય છે, એમ જોવું. જેઓ દેવલોકમાં અકામ નિર્જરાવાળા ઉત્પન્ન થયા છે તેઓના. - x - જે રીતે મૃત્યુલોકમાં અશોકવન - x - x - અશોકાદિ વૃક્ષો પ્રસિદ્ધ જ છે. વિશેષ આ —

सप्तवर्ण - સપ્તચ્છદ, कुसुमित - પુષ્પોવાળું, माइय - મયૂરિત, ઉત્પન્ન પુષ્પોવાળું, लवइय - પલ્લવ કે અંકુરાવાળું, थवइय - પુષ્પના ગુચ્છાવાળું, गुलइय - લતાસમૂહવાળું, गुच्छिय - સંજાત ગુચ્છાવાળું, પુષ્પપત્રથી વિશેષિત. जमलिय - વનના વૃક્ષો પંક્તિ વડે ગોઠવાયેલ હોય, जुवलिय - જોડલાપણે ઉત્પન્ન વૃક્ષોવાળું, विणमिय - વિશેષ પ્રકારે પુષ્પ અને ફળના ભારથી નમેલું, पणमिय - નમવાને શરૂ થયેલ, सुविभक्त - અતિ



વિભક્ત. पिण्ड - લુમ અને મંજરીઓ, अवतंसक - મુગટ, તેને ધારણ કરનારા.

सिरि - વનલક્ષ્મી, તેનાથી અત્યંત શોભતાં, પોતાના આવાસની મર્યાદાને ન અતિક્રમીને દેવ-દેવીના સમૂહ વડે કોઈ એક પ્રદેશમાં વ્યાપ્ત, તથા પોતાના આવાસની મર્યાદાને ઉલ્લંઘીને કોઈ પ્રદેશમાં વ્યાપ્ત થયેલા. - x - उपस्तीर्ण - ઉંચે-નીચે જતાં દેવ-દેવીના સમૂહ વડે ઉપરાઉપર આચ્છાદિત, નિરંતર ક્રીડાસક્ત. संस्तीर्ण - કોઈ પ્રદેશમાં પરસ્પર સ્પર્ધા વડે ક્રીડા કરતા અને ચારે તરફથી ચાલતા દેવ-દેવીથી આચ્છાદિત, स्पृष्ट - આસન, શયન, રમણ, પરિભોગ વડે પરિભૂક્ત, स्फुट - વ્યંતર દેવ-દેવીના સમૂહના કિરણના વિસ્તાર વડે અંધકારને દૂર કરેલ હોવાથી પ્રકાશવાળા. गाढ - અત્યંત, अवगाढ - સકલ ક્રીડા સ્થાનના પરિભોગમાં સ્થાપેલા મનવાળા દેવ-દેવીના સમૂહથી વ્યાપ્ત.

અહીં દેવપણાને યોગ્ય જીવોના સામર્થ્ય કથનથી કેટલાંક જીવો દેવ થતાં નથી. પછી નિગમનાર્થે કહે છે — મેં જે પૂછ્યું, તેનું આપે જે પ્રતિપાદન કર્યુ, તે હે ભગવન્ ! એમ જ છે, અન્યથા નથી. આમ કહીને ભગવદ્‌વચનનું બહુમાન દર્શાવ્યું. અહીં બે વખત ઉચ્ચારણ કર્યુ તે ભક્તિના સંભ્રમથી કર્યુ છે.

**શતક-૧, ઉદ્દેશા-૧નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૨-દુઃખ ❀

— x — x — x —

૦ પ્રથમ ઉદ્દેશો કહ્યો, હવે બીજો કહે છે, આનો સંબંધ આ છે — ઉદ્દેશા-૧ માં ચલનાદિ ધર્મવાળું કર્મ કહ્યું, તેનું જ અહીં નિરુપણ કરે છે. ઉદ્દેશકાર્થ સંગ્રહણી મુજબ 'દુઃખ' કહ્યું તે અહીં કહે છે - x -

● **સૂત્ર-૨૬ :-**

***રાજગૃહ નગરમાં સમોસરણ થયું, પર્ષદા નીકળી યાવત્ આ રીતે બોલ્યા - જીવ સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલુંક વેદે છે, કેટલુંક નથી વેદતા. ભગવન્ ! આ પ્રમાણે કેમ કહો છો ?***

***ગૌતમ ! ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને વેદતા નથી. માટે એ પ્રમાણે કહ્યું — કેટલાંક વેદે છે અને કેટલાક વેદતા નથી. એ પ્રમાણે ૨૪-દંડકમાં વૈમાનિક સુધી જાણવું.***

***ભગવન્ ! જીવો સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ગૌતમ ! કેટલાક વેદે છે, કેટલાક વેદતા નથી. એમ કેમ ? ગૌતમ ! ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને વેદતા નથી. માટે તેમ કહ્યું. વૈમાનિક સુધી કહેવું.***

***ભગવન્ ! જીવ સ્વયંકૃત્ આયુને વેદે છે ? ગૌતમ ! કેટલાંક વેદે છે, કેટલાક વેદતા નથી. જેમ દુઃખમાં બે દંડક કહ્યા. તેમ આયુના પણ બે દંડક એકવચન અને બહુવચનથી વૈમાનિક સુધી કહેવા.***

● વિવેચન-૨૬ :-

रायगिहे આદિ પૂર્વવત્. તેમાં 'સ્વયંકૃત્' બીજાએ કરેલ કર્મ તે વેદતો નથી, તે પ્રસિદ્ધ જ છે. 'સ્વયંકૃત્' સંબંધી પ્રશ્ન છે. સાંસારિક સુખ વસ્તુતઃ દુઃખરૂપ જ છે, કર્મ દુઃખપ્રાપ્તિમાં કારણ છે, માટે અહીં દુઃખ એટલે કર્મ. ઉદયમાં આવેલ કર્મને વેદે છે, અનુદીર્ણ કર્મનું વેદન થઈ ન શકે. તેથી કહ્યું કે ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને નહીં. કર્મને બાંધ્યા પછી તે તુરંત જ ઉદયમાં આવતું નથી માટે જે કર્મો ચોક્કસ વેદવાનાં છે, તેમાંનું કોઈ કર્મ વેદે છે અને કોઈ વેદતો નથી. કહ્યું છે કે કરેલ કર્મોનો [વેધા વિના] મોક્ષ નથી. તેમ ૨૪-દંડકમાં છે.

બહુવચનમાં બીજો દંડક છે, તે આ - ભગવન્ ! નૈરયિકો સ્વયંકૃત્ દુઃખને વેદે છે ? ઇત્યાદિ. [શંકા] એકવચન જે અર્થ છે, તે જ બહુવચનમાં છે, તો બહુવચન પ્રશ્નની શી જરૂર ? કોઈ વસ્તુમાં એકત્વ-બહુત્વમાં અર્થ વિશેષ જોવાય છે. જેમકે - સમ્યક્ત્વ સ્થિતિ એક જીવને આશ્રીને સાધિક ૬૬-સાગરોપમ છે, બહુ જીવોને આશ્રીને સદાકાળ છે. અહીં આવો પ્રશ્ન સંભવી શકે, માટે બહુત્વપ્રશ્ને દોષ નથી. અથવા અવ્યુત્પન્ન મતિવાળા શિષ્ય માટે આ પ્રશ્ન છે.

નરકાદિની વ્યાખ્યામાં આયુષ્યની મુખ્યતા હોવાથી આયુને આશ્રીને બે દંડક છે, તેની વૃદ્ધોક્ત ભાવના આ છે - વાસુદેવે સાતમી નરક યોગ્ય આયુ બાંધેલું, કાળાંતરે પરિણામ વિશેષથી ત્રીજી નરક યોગ્ય કર્યુ. તો તેવા આયુની અપેક્ષાએ કહેવાય છે કે પૂર્વે બાંધેલ આયુ અનુદીર્ણ હોવાથી વેદાયું નહીં, ઉત્પન્ન થયા ત્યાં ઉદીર્ણાયુ વેદ્યુ.

હવે આહારાદિ વડે ૨૪-દંડકની નિરૂપણા —

● સૂત્ર-૨૭,૨૮ :-

*[૨૭] ભગવન્ ! નૈરયિકો બધાં, સમાન આહારી, સમાન શરીરી, સમાન ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળા છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. ભગવન્ ! એવું શા હેતુથી કહો છો ? - x - ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે છે. મહાશરીરી, અલ્પશરીરી. તેમાં મહાશરીરી ઘણાં પુદ્ગલોને આહારે છે, ઘણાં પુદ્ગલોને પરિણમાવે છે, ઘણાં પુદ્ગલોનો ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે. વારંવાર આહારે છે, વારંવાર પરિણમાવે છે, વારંવાર ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. જે અલ્પશરીરી છે તે થોડા પુદ્ગલો આહારે છે, થોડા પરિણમાવે છે, થોડા પુદ્ગલોનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે. કદાચિત્ આહારે છે - પરિણમાવે છે - ઉચ્છ્વાસ નિઃશ્વાસ લે છે. માટે હે ગૌતમ ! એમ કહ્યું કે બધાં નૈરયિકો સમાહાર, સમશરીરાદિ નથી.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન કર્મવાળા છે ? ગૌતમ ! એ અર્થ યોગ્ય નથી.. એમ કેમ કહ્યું ? ગૌતમ નૈરયિકો બે ભેદે - પૂર્વોપપન્નક, પશ્ચાદુપપન્નક. પૂર્વોપપન્નક અલ્પકર્મતરક છે, પશ્ચાદુપપન્નક મહાકર્મતરક છે, તેથી એમ કહ્યું. - - નૈરયિકો બધાં સમવર્ણી છે ? ગૌતમ ! આ અર્થ યોગ્ય નથી. એવું કેમ કહ્યું ? ગૌતમ ! જે પૂર્વોપપન્નક છે તે વિશુદ્ધ વર્ણતર છે, જે પશ્ચાદુપપન્નક છે તે અવિશુદ્ધતરવર્ણક છે.*



*ભગવન્ ! નૈરયિકો બધાં સમલેશ્યી છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - એવું કેમ કહો છો ? ગૌતમ ! તેમાં જે પૂર્વોપપન્નક છે, તે વિશુદ્ધતર લેશ્યક છે, પશ્ચાદુપપન્નક અવિશુદ્ધતરલેશ્યક છે.*

*ભગવન્ ! નૈરયિકો સર્વે સમવેદનાવાળા છે. ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - - એવું કેમ કહો છો ? - ગૌતમ ! નૈરયિકો બે પ્રકારે - સંજ્ઞિભૂત, અસંજ્ઞિભૂત. તેમાં સંજ્ઞિભૂત મહાવેદનાવાળા છે, અસંજ્ઞિભૂત અલ્પ વેદનાવાળા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! એ કથન યોગ્ય નથી. - - એમ કેમ કહો છો ? ગૌતમ ! નૈરયિકો ત્રણ પ્રકારે છે - સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે, તેમને ચાર ક્રિયાઓ હોય છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન ક્રિયા. જે મિથ્યાદૃષ્ટિ છે, તેઓને પાંચ ક્રિયાઓ હોય છે - ઉક્ત ચાર અને મિથ્યાદૃષ્ટિ પ્રત્યયા. એ રીતે મિશ્રદૃષ્ટિને પણ જાણવા. - તેથી હે ગૌતમ ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! બધાં નૈરયિકો સમાન આયુ અને સમાન કાળે ઉત્પન્ન થયેલા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - એમ કેમ કહ્યું ? ગૌતમ ! નૈરયિકો ચાર ભેદે - કેટલાક સમઆયુ-સમકાલોત્પન્ન, કેટલાક સમ આયુ-વિષમકાલોત્પન્ન, કેટલાંક વિષમઆયુ-સમકાલઉત્પન્ન અને કેટલાક વિષમઆયુ-વિષમકાલોત્પન્ન. તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! અસુરકુમારો સર્વે સમ આહારી, સમ શરીરી છે ? નૈરયિકો માફક બધું જાણવું. વિશેષ એ કે — કર્મ, વર્ણ, લેશ્યાનું વર્ણન કરવું જોઈએ. તેમાં જે પૂર્વોપપન્નક છે તે મહાકર્મતર, અવિશુદ્ધ વર્ણતર, અવિશુદ્ધ લેશ્યતરક છે. પશ્ચાદુપપન્નક પ્રશસ્ત છે. બાકી બધું પૂર્વવત્. એ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત કહેવું.*

*પૃથ્વીકાયિકોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા નૈરયિકવત્ છે. ભગવન્ ! પૃથ્વીકાયિકો બધાં સમવેદનાવાળા છે ? હા, છે. - - એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિકો સર્વે અસંજ્ઞી છે, અસંજ્ઞીભૂત વેદનાને અનિર્ધારિતરૂપે વેદે છે. તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! સર્વે પૃથ્વીકાયિકો સમાન ક્રિયાવાળા છે ? હા, છે. - એવું કેમ કહ્યું ? ગૌતમ ! માયી મિથ્યાદૃષ્ટિ છે, નિયમથી પાંચ ક્રિયાઓ કરે છે - આરંભિકા યાવત્ મિથ્યાદર્શન પ્રત્યયા. નૈરયિકોની જેમ પૃથ્વીકાયિકો સમ-આયુ, સમોપપન્નક છે.*

*જેમ પૃથ્વીકાયિકો છે, તેમ યાવત્ ચઉરિન્દ્રિયો છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો પણ નૈરયિક માફક જાણવા. માત્ર ક્રિયામાં ભેદ છે.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો બધાં સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ !*

*આ કથન યોગ્ય નથી. - એમ કેમ કહો છો ? ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકો ત્રણ ભેદે છે - સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યક્દૃષ્ટિ છે તે બે ભેદે છે - અસંયત, સંયતાસંયત. તેમાં સંયતાસંયતો ત્રણ ક્રિયાઓ કરે છે - આરંભિકા, પરિગ્રહિકા, માયાપ્રત્યયા. અસંયતોને ચાર, મિથ્યાદૃષ્ટિને પાંચ અને મિશ્રદૃષ્ટિને પાંચ ક્રિયાઓ હોય છે.*

*મનુષ્યોને નૈરયિકવત્ જાણવા. વિશેષ એ - મોટા શરીરવાળા ઘણાં પુદ્ગલોને આહારે છે, કદાચિત્ આહારે છે. જેઓ નાના શરીરવાળા છે, તેઓ થોડા પુદ્ગલોને આહારે છે અને વારંવાર આહારે છે. બાકી નૈરયિકો માફક ‘‘વેદના’’ સુધી જાણવું.*

*હે ભગવન્ ! બધાં મનુષ્યો સમાન ક્રિયાવાળા છે ? ગૌતમ ! આ કથન યોગ્ય નથી. - - શા માટે ? ગૌતમ ! મનુષ્યો ત્રણ પ્રકારે છે. - સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ. તેમાં જે સમ્યગ્દૃષ્ટિ છે તે ત્રણ ભેદે છે — સંયત, અસંયત, સંયતાસંયત. તેમાં જે સંયત છે તે બે ભેદે છે — સરાગ સંયત, વીતરાગસંયત. તેમાં જે વીતરાગસંયત છે તેઓ અક્રિય છે. જે સરાગ સંયત છે, તેઓ બે ભેદે છે - પ્રમત્ત સંયત અને અપ્રમત્ત સંયત.*

*જેઓ અપ્રમત્ત સંયત છે, તેઓ એક માયાપ્રત્યયા ક્રિયા કરે છે જેઓ પ્રમત્ત સંયત છે તેઓ બે ક્રિયાઓ કેર છે - આરંભિકા અને માયા પ્રત્યયા. જે સંયતાસંયત છે તેમને ત્રણ ક્રિયાઓ છે - આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યયા. અસંયતો ચાર ક્રિયાઓ કરે છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા અને અપ્રત્યાખ્યાનક્રિયા. મિથ્યાદૃષ્ટિને પાંચે ક્રિયાઓ છે - આરંભિકી, પારિગ્રહિકી, માયાપ્રત્યયા, અપ્રત્યાખ્યાન, મિથ્યાદર્શનપ્રત્યયા. મિશ્રદૃષ્ટિઓને પણ પાંચે ક્રિયાઓ છે.*

*વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને અસુરકુમારની જેમ જાણવા. વિશેષ એ કે વેદનામાં ભેદ છે. જ્યોતિષ્ક, વૈમાનિકમાં માયિ મિથ્યાદૃષ્ટિ ઉપપન્નકને અલ્પવેદના છે અને અમાયિ સમ્યગ્દૃષ્ટિ ઉત્પન્ન થયેલાને મહાવેદનતરક જાણવા.*

*ભગવન્ ! સલેશ્યક નૈરયિકો બધા સમાન આહારવાળા છે ? ગૌતમ ! સામાન્ય, સલેશ્ય અને શુક્લ લેશ્યાવાળાનો ત્રણેનો એક ગમ કહેવો. કૃષ્ણલેશ્યા અને નીલલેશ્યાવાળાનો એક ગમ કહેવો. વિશેષ આ - વેદનાથી માયિ મિથ્યાદૃષ્ટિ ઉત્પન્ન થયેલા અને અમાયિ સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નકનો ભેદ જાણવો.*

*મનુષ્યોને ક્રિયામાં સરાગ-વીતરાગ-પ્રમત્ત-અપ્રમત્ત ન કહેવા. કૃષ્ણલેશ્યામાં પણ આ જ ગમ છે. વિશેષ એ કે નૈરયિકોને ઔધિક દંડકની જેમ કહેવા. જેઓને તેજોલેશ્યા અને પદ્મલેશ્યા હોય તેમને ઔધિક દંડકની જેમ કહેવા. વિશેષ એ કે તેમાં સરાગ, વીતરાગ ન કહેવા.*

*[૨૮] કર્મ અને આયુ જો ઉદીર્ણ હોય તો વેદે છે. આહાર, કર્મ, વર્ણ, લેશ્યામાં સમપણું પૂર્વે કહ્યા મુજબ જાણવું.*



● **વિવેચન-૨૭,૨૮ :-**

સૂત્ર સ્પષ્ટ છે. અલ્પત્વ કે મહત્પણું તે આપેક્ષિક છે. તેમાં જઘન્ય અલ્પત્વ અંગુલનું અસંખ્યેય ભાગ માત્ર છે, ઉત્કૃષ્ટ મોટાપણું ૫૦૦ ધનુષ્ છે. આ ભવધારણીય શરીરાપેક્ષાએ કહ્યું. ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ મોટાપણું ઉત્કૃષ્ટ ૧૦૦૦ ધનુષ્ હોય છે. આ રીતે ‘સમશરીર’ સંબંધી પ્રશ્નનો ઉત્તર કહ્યો. શરીરની વિષમતા જણાવવામાં આહાર અને ઉચ્છ્વાસ વૈષમ્ય સુખે કહી શકાય છે, શરીર પ્રશ્નનો ઉત્તર પહેલા આપે છે.

હવે આહાર-ઉચ્છ્વાસ પ્રશ્નનો ઉત્તર કહે છે — જે મહાશરીરી છે, તેઓ અપેક્ષાએ ઘણાં પુદ્ગલોને આહારે છે - x - લોકમાં પણ જણાય છે કે મોટા શરીરવાળા વધારે અને નાના શરીરવાળા ઓછું ભોજન લે છે. જેમ હાથી અને સસલો. બહુલતાથી આમ કહ્યું અન્યથા કોઈ મોટો શરીર ઓછુ ખાય અને અલ્પશરીરી વધુ ખાય તેમ પણ જોવાય છે. - x - ઉપપાત આદિ સદ્વેદ્ય અનુભાવથી અન્યત્ર નૈરયિકોને તદ્દન અસદ્વેદ્યનું ઉદયવર્તીત્વ હોવાથી મહાશરીરવાળા વધુ દુઃખી અને આહારના તીવ્ર અભિલાષવાળા હોય છે.

પરિણામ આહારના પુદ્ગલો અનુસાર હોવાથી ‘‘ઘણાં’’ એમ કહ્યું. ‘પરિણામ’ ન પૂછવા છતાં આહારના કાર્યરૂપ હોવાથી કહેલ છે. ઘણાં પુદ્ગલો ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે - મૂકે છે. કેમકે તેઓ મહાશરીરી છે. લોકમાં પણ આ જોવા મળે છે - x - દુઃખી જીવ પણ તેવા પ્રકારે જ હોય છે. નારકો પણ દુઃખી હોવાથી ઘણાં પુદ્ગલોને ઉચ્છ્વાસરૂપે ગ્રહણ કરે છે.

આહારનું કાલકૃત્ વૈષમ્ય - અપેક્ષાએ મહાશરીરી શીઘ્ર, શીઘ્રતર આહારને ગ્રહણ કરે છે, મોટા શરીરત્વથી વધુ દુઃખી હોવાના કારણે નિરંતર ઉચ્છ્વાસાદિ કરે છે. - x - અપેક્ષાએ અલ્પ શરીરી અલ્પતર પુદ્ગલોનો આહાર કરે છે. કેમકે તેઓ અલ્પ શરીરી છે. કદાચિત્ આહાર કરે છે, કદાચિત્ નથી કરતા. અર્થાત્ મહાશરીરીના આહાર ગ્રહણના અંતરાલની અપેક્ષાએ ઘણાં કાળના અંતરાલે આહારનું ગ્રહણ કરતાં નથી. તેઓ નાના શરીરવાળા હોવાથી મોટા શરીરવાળાની અપેક્ષાએ અલ્પદુઃખી હોવાથી કદાચિત્ સાંતરે ઉચ્છ્વાસાદિ કરે છે. નારકો તો ‘‘નિરંતર જ શ્વાસાદિ કરે છે.’’ એવું જે પૂર્વે કહ્યું તે મહાશરીરી નારકોની અપેક્ષાએ જાણવું. - અથવા - અપર્યાપ્ત કાળે નૈરયિકો અલ્પ શરીરી હોવાથી લોમાહાર અપેક્ષાએ આહાર કરતા નથી, ઉચ્છ્વાસ લેતા નથી. બીજે સમયે આહાર અને ઉચ્છ્વાસ લે છે. તેથી કદાચિત્ આહાર કરે અને શ્વાસ લે તેમ કહ્યું. માટે હે ગૌતમ ! બધાં સમાન આહારવાળા નથી તેમ નિગમન છે.

સમકર્મ - સૂત્ર - જેઓ પહેલા ઉત્પન્ન થયા તે પૂર્વોત્પન્ન અને પછી ઉત્પન્ન થયા તે પશ્ચાદુત્પન્ન. પૂર્વોત્પન્ન નૈરયિકોએ આયુ આદિ કર્મ વધારે વેદ્યા હોવાથી ઓછા કર્મવાળા છે, પશ્ચાદુત્પન્ન નૈરયિકોએ આયુ આદિ કર્મ ઓછા વેદ્યા છે માટે મહાકર્મી છે. આ સૂત્ર સમાન સ્થિતિવાળાં નૈરયિકોની અપેક્ષાએ કહ્યું. અન્યથા

રત્નપ્રભામાં કોઈ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકે ઘણું આયુ ભોગવ્યા છતાં તેને પલ્યોપમાયુ બાકી હોય અને ૧૦,૦૦૦ વર્ષાયુવાળો નૈરયિક પછી ઉત્પન્ન થાય તો પણ પશ્ચાદુત્પન્નક થયો. તો શું પલ્યોપમાયુવાળા પૂર્વોત્પન્ન કરતાં ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા પશ્ચાદુત્પન્ન નૈરયિકને મહાકર્મી કહેવો ? [ના, તેમ નથી.]

એ રીતે વર્ણસૂત્રમાં પૂર્વોત્પન્નને અલ્પકર્મથી વિશુદ્ધ વર્ણ અને પશ્ચાદુત્પન્નને બહુકર્મત્વથી અવિશુદ્ધ વર્ણમાં જાણવું.

એ રીતે 'લેશ્યા' સૂત્રમાં પણ જાણવું. અહીં લેશ્યા શબ્દથી ભાવલેશ્યા લેવી. કેમકે દ્રવ્યલેશ્યા તો વર્ણસૂત્રમાં કહેવાઈ છે.

સમવેદના - સમાન પીડા. સંજ્ઞા - સમ્યગ્દર્શનવાળા તે સંજ્ઞી. સંજ્ઞીપણું પામ્યા તે સંજ્ઞીભૂત અથવા અસંજ્ઞી પછીથી સંજ્ઞી થાય, તે સંજ્ઞીભૂત કહેવાય - મિથ્યાદર્શન છોડીને જન્મથી સમ્યગ્દર્શનયુક્ત ઉત્પન્ન થાય તે સંજ્ઞીભૂત છે. તેઓ પોતાના પૂર્વકૃત્ કર્મને સ્મરીને કહે છે – અહો ! અમને મહા દુઃખ આવ્યું છે અમે પૂર્વે અરહંત પ્રણીત સર્વ દુઃખક્ષયકર ધર્મ ન આચર્યો. અમારું ચિત્ત વિષય સુખમાં લલચાયું, તેથી આ કષ્ટ સહેવું પડે છે. તેથી તેમને મોટું માનસિક દુઃખ થાય છે, માટે તેઓ મહાવેદના-વાળા છે.

અસંજ્ઞીભૂત છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેઓ સ્વકૃત્કર્મનું આ ફળ છે તેમ ન જાણતા હોવાથી ઓછી પીડાવાળા છે.

બીજા કહે છે – સંજ્ઞી એટલે પંચેન્દ્રિયવાળા સંજ્ઞીજીવો જે નારકપણું પામે, તેવા સંજ્ઞીભૂતો મહાવેદનાવાળા હોય, કેમકે તેઓ તીવ્ર અશુભ અધ્યવસાયથી અશુભતર કર્મબંધનથી મહાનરકમાં ઉત્પન્ન થાય છે. પૂર્વે અસંજ્ઞી હોય અને પછી નારકપણું પામે. તેઓ પૂર્વે અતિ અશુભ અધ્યવસાયના અભાવે તીવ્ર વેદનારહિત નરકમાં ઉત્પાદથી અલ્પવેદનાવાળા થાય છે - અથવા - સંજ્ઞી એટલે પર્યાપ્તિ પૂર્ણ થયેલા. અસંજ્ઞી એટલે અપર્યાપ્તા. - x - x -

સમક્રિરિય - કર્મબંધનના કારણભૂત ક્રિયા, જેની તુલ્ય છે તે. (૧) આરંભ - પૃથ્વી આદિનું ઉપમર્દન, જેમાં છે તે આરંભિકી, (૨) ધર્મના ઉપકરણ સિવાયની વસ્તુ લેવી કે ધર્મોપકરણમાં મમત્વ જે ક્રિયામાં છે તે પારિગ્રહીકી. (૩) વક્રતા તથા ઉપલક્ષણથી ક્રોધ આદિ જેમાં છે તે માયા પ્રત્યયા. (૪) નિવૃત્તિ અભાવ, કર્મ બંધાદિ કરણ તે અપ્રત્યાખ્યાન. (૫) મિથ્યાદર્શનને કારણે થતી મિથ્યાત્વ ક્રિયા. [શંકા] મિથ્યાત્વાદિ ચાર કર્મબંધ હેતુરૂપે પ્રસિદ્ધ છે. અહીં કર્મબંધનના કારણરૂપે આરંભાદિ કહ્યા, તેમાં વિરોધ કેમ ન આવે ? [સમાધાન] આરંભ, પરિગ્રહ શબ્દથી યોગનું ગ્રહણ કરવું. બાકીના પદોથી બાકીના બંધ હેતુ ગ્રહણ કરવા. તેમાં સમ્યગ્ દૃષ્ટિને મિથ્યાત્વ ન હોવાથી ચાર ક્રિયા હોય છે. બાકીનાને પાંચ ક્રિયા હોય છે. અહીં મિશ્ર દૃષ્ટિને મિથ્યાત્વરૂપે જ ગણેલ છે.

સવ્વે સમાઉયા આદિ પ્રશ્નનનું નિર્વચન ચતુર્ભંગી વડે થાય છે - સમાન આયુવાળા અને સાથે ઉત્પન્ન, સમાનાયુ પણ સાથે ઉત્પન્ન નહીં, વિભિન્નાયુવાળા પણ



સહોત્પન્ન અને વિષમાયુ તથા વિષમોત્પન્ન. અહીં સંગ્રહ ગાથા કહે છે.

આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયામાં સમાન તથા આયુ અને ઉત્પત્તિમાં ચાર ભાંગા છે.

૦ આહારાદિ નવપદ યુક્ત અસુરકુમાર પ્રકરણ સૂચિત થયું. તે નારક પ્રકરણવત્ જાણવું. છતાં વિશેષથી કંઈક કહીએ છીએ - અસુરકુમારોનું અલ્પ શરીરત્વ ભવધારણીય શરીરની અપેક્ષાએ જઘન્યથી અંગુલનો અસંખ્યેય ભાગ અને મોટાપણું સાત હાથ ઉત્કૃષ્ટથી છે. ઉત્તર વૈક્રિયમાં મોટાપણું લાખ યોજન છે. તેમાં આ મહાશરીરી ઘણાં પુદ્ગલોને આહારે છે. મનોભક્ષણરૂપ આહાર અપેક્ષાએ દેવોનો એ આહાર છે અને તે પ્રધાન પણ છે. શાસ્ત્રમાં પણ પ્રધાન પદાર્થ અપેક્ષાએ વસ્તુના નિર્દેશો હોય છે. માટે તેઓ અલ્પશરીર વડે લેવાતા આહારના પુદ્ગલોથી ઘણાં પુદ્ગલોનો આહાર કરે છે. ઇત્યાદિ બધું પૂર્વવત્ છે. વારંવાર આહારે છે કે શ્વાસ લે છે. તે ચતુર્થાદિથી ઉપર આહાર કરે છે, તે અપેક્ષાએ જાણવું અને સાત સ્તોકાદિ પહેલાં ઉચ્છ્વાસ લે તે અભિક્ષ્ણ ઉચ્છ્વાસ. કેમકે અસુરકુમારો ઉત્કૃષ્ટથી ૧૦૦૦ વર્ષ કરતા અધિક કાલે આહાર કરે છે અને એક પક્ષ કરતા અધિક કાળે ઉચ્છ્વાસ લે છે, તેની અપેક્ષાએ અલ્પકાલીન આહારાદિને ''વારંવાર'' કહેવાય.

અલ્પશરીરી અસુરકુમારો અલ્પતર આહાર કરે અને અલ્પતર પુદ્ગલોને ઉચ્છ્વાસમાં લે, કેમકે તેઓ નાના શરીરવાળા છે. વળી તેમનું કદાચિત્ આહાર-ઉચ્છ્વાસપણું કહ્યું તે મહા શરીરવાળાના આહારાદિ અંતરાલની અપેક્ષાએ જાણવું. - x - x - મહાશરીરી અસુરકુમારોને આહાર, ઉચ્છ્વાસનું અલ્પ અંતર છે અને અલ્પ શરીરીને મોટું અંતર છે. જેમ - સાત હાથ શરીરી સૌધર્મ દેવોને આહારનું અંતર ૨૦૦૦ વર્ષ અને ઉચ્છ્વાસનું અંતર બે પખવાડીયા છે. અલ્પ શરીર અનુત્તર દેવો એક હાથ ઉંચા છે, તેમનું આહારનું અંતર ૩૩,૦૦૦ વર્ષ, ઉચ્છ્વાસાંતર ૩૩-પક્ષ છે. એ મહાશરીરી અસુરકુમારોને વારંવાર આહારાદિ કહ્યા. તેથી તેમની અલ્પ સ્થિતિ જણાય છે, બીજાઓને તે વૈમાનિકવત્ છે.

અથવા પર્યાપ્તાવસ્થામાં મહાશરીરી અસુરકુમારો લોમાહાર અપેક્ષાએ વારંવાર આહાર કરે છે - x - અપર્યાપ્તાવસ્થામાં તો અલ્પશરીરી લોમાહારથી નહીં પણ ઓજાહારથી આહાર કરે છે. માટે કદાચિત્ આહાર કરે છે, તેમ કહ્યું. અપર્યાપ્તા વસ્થામાં ઉચ્છ્વાસ લેતા નથી. ઉચ્છ્વાસપર્યાપ્તા વસ્થામાં લે છે, માટે 'કદાચિત્' કહ્યું.

કર્માદિ નારકોની અપેક્ષાએ ઉલટા કહેવા. તે જ કહે છે – જે પૂર્વોત્પન્ન નારક છે, તે ઓછા કર્મવાળા, શુદ્ધ વર્ણવાળા, શુભતર લેશ્યાવાળા છે, એમ કહ્યું. પૂર્વોત્પન્ન અસુરો મહાકર્મી આદિ છે. કેમકે પૂર્વોત્પન્ન અસુરો અતિકંદર્પ અને દર્પયુક્ત હોવાથી અનેક પ્રકારની યાતના વડે નારકોને પીડતા અતિ અશુભકર્મ એકઠું કરે છે. માટે મહાકર્મી છે. અથવા ભાવિ ગતિમાં તિર્યંચાદિને યોગ્ય કર્મ બાંધેલ હોવાથી મહાકર્મી છે. તથા પૂર્વોત્પન્નના શુભકર્મ ક્ષીણ થવાથી શુભવર્ણ, શુભ લેશ્યા ઘટે છે માટે

અશુદ્ધ વર્ણાદિ છે. પશ્ચાદુત્પન્ન અસુરો અબદ્ધાયુ હોવાથી અલ્પકર્મી છે. તેમનું શુભ કર્મ ક્ષીણ ન હોવાથી શુભ વર્ણ અને શુભ લેશ્યાવાળા છે.

જો કે અસુરોનું વેદના સૂત્ર નારકોની માફક છે, તો પણ વિશેષ એ છે કે - સંજ્ઞીભૂત છે તેઓને ચારિત્ર વિરાધનાજન્ય ચિત્ત સંતાપથી મહાવેદના છે. અથવા સંજ્ઞીભૂત એટલે પૂર્વે સંજ્ઞીરૂપ હતા તે કે પર્યાપ્તા, તેઓ શુભ વેદના અપેક્ષાએ મહાવેદનાવાળા છે, અસંજ્ઞીભૂત અસુરો અલ્પવેદના વાળા છે. એ રીતે નાગકુમારાદિ પણ કહેવા.

પૃથ્વીકાયિકોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા ચારે નારક સૂત્રવત્ કહેવા. માત્ર આહાર સૂત્રમાં પૃથ્વીકાયિકો અંગુલના અસંખ્યાત ભાગ માત્ર શરીરત્વથી અલ્પશરીરી, મહાશરીરી છે. આગમવચન છે — પૃથ્વીકાયિકો અવગાહનાર્થથી ચાર સ્થાનવાળા છે મહાશરીરી તેઓ લોમાહારથી ઘણાં પુદ્ગલોને આહારે છે, વારંવાર ઉચ્છ્વાસ લે છે. અલ્પશરીરી અલ્પ આહાર અને થોડો ઉચ્છ્વાસ લે છે. તે બંનેનું કદાચિત્પણું પર્યાપ્ત અને અપર્યાપ્ત અવસ્થાને આશ્રીને જાણવું. કર્માદિ સૂત્રોમાં પૂર્વોત્પન્ન અને પશ્ચાદુત્પન્ન પૃથ્વીકાયિકોમાં કર્મ, વર્ણ, લેશ્યા વિભાગ નારકવત્ છે. વેદના અને ક્રિયામાં વિશેષતા છે, તે કહે છે —

असंज्ञी - મિથ્યાદૅષ્ટિ કે અમનસ્ક. અસંજ્ઞીભૂત કે અસંજ્ઞીને જે વેદના થાય છે - અનિર્ધારણતાથી વેદનાને અનુભવે છે, અર્થાત્ વેદનાને અનુભવવા છતાં નથી જાણતાં કે આ પૂર્વોપાત્ત અશુભ કર્મની પરિણતિ છે. કેમકે મિથ્યાદૅષ્ટિ કે વિમનસ્ક હોય છે. પ્રાયઃ માયાવીઓ તેમાં ઉત્પન્ન થાય છે. કહ્યું છે — ઉન્માર્ગદેશક, માર્ગનાશક, ગૂઢહૃદય, માયાવી, શઠ સ્વભાવી, શલ્યવાન્ જીવ તિર્યચાયુ બાંધે છે. તેથી તેઓ માયાવી કહેવાય. અથવા માયાવી અનંતાનુબંધી કષાયવાળા છે. મિથ્યાદૅષ્ટિ તેઓને પાંચે ક્રિયાઓ હોય છે. પણ ત્રણ કે ચાર ક્રિયા ન હોય.

जाव चउरिन्द्रिय० અહીં મહાશરીર-લઘુશરીરત્વ સ્વસ્વ અવગાહનાથી જાણવું. બેઈન્દ્રિયાદિનો આહાર કવલરૂપ જાણવો.

પંચેન્દ્રિયતિર્યંચ યોનિકને નૈરયિકવત્ જાણવા, તે સ્પષ્ટ છે. વિશેષ આ — ''મહાશરીરી વારંવાર આહાર અને ઉચ્છ્વાસ લે છે.'' એવું જે કહ્યું તે સંખ્યાતવર્ષાયુ-વાળા માટે જાણવું, અસંખ્યાત વર્ષઆયુવાળા માટે નહીં કેમકે તેમનો પ્રક્ષેપાહાર બે દિવસ પછી કહ્યો છે. લોમાહાર અપેક્ષાએ તો બધાંને પણ વારંવાર આહાર ઘટે જ છે. અલ્પ શરીરીને કદાચિત્પણું અપર્યાપ્તપણામાં લોમાહાર અને ઉચ્છ્વાસ ન થવાથી અને પર્યાપ્તપણામાં તે બંને થવાથી કહ્યું છે.

કર્મસૂત્રમાં પૂર્વોત્પન્નનું અલ્પ કર્મત્વ, પશ્ચાદુત્પન્નનું મહાકર્મત્વ કહ્યું, તે તેના આયુના તદ્ભવવેદ્ય કમપિક્ષાએ કહ્યું છે.

વર્ણ અને લેશ્યા સૂત્રમાં પૂર્વોત્પન્નનું શુભ વર્ણાદિ કહ્યું તે તારુણ્ય અપેક્ષાએ અને પશ્ચાદુત્પન્નનું અશુભ વર્ણાદિ બાલ્યત્વથી છે.

સંયતાસંયત - દેશવિરત, સ્થૂળ પ્રાણાતિપાતાદિથી નિવૃત્ત હોવાથી સંયત અને





બીજાથી નિવૃત્ત ન હોવાથી અસંયત છે.

મનુષ્યોને નૈરયિક માફક કહેવા એ ગમ્ય છે. તેમાં ભેદ આ છે. - x - મનુષ્યો બે ભેદે - મહાશરીરી, અલ્પશરીરી. તેમાં મહાશરીરી છે તે ઘણાં પુદ્ગલો આહારે છે, તેમજ પરિણમાવે છે, શ્વાસોચ્છ્વાસ કરે છે. આ સ્થાને નારકસૂત્રમાં વારંવાર આહાર કરે છે કહ્યું અહીં કદાચિત્ કરે છે તેમ કહેવું. મહાશરીરી યુગલિકો કદાચિત્ જ કવલથી આહારે છે.

અલ્પશરીરી અલ્પ પણ વારંવાર ખાય છે. બાળકોમાં તેવું જોવાય છે. અલ્પશરીરી સંમૂર્છિમ મનુષ્યોને નિરંતરાહાર સંભવે છે. પૂર્વોત્પન્નોનું શુભવર્ણાદિ તારુણ્ય કે સંમૂર્છિમ અપેક્ષાએ જાણવું.

सरागसंयत - જેઓના કષાય ક્ષીણ કે ઉપશાંત થયા નથી તે. वीतरागसंयत - જેઓના કષાય ક્ષીણ કે ક્ષીણ થયા છે. તે अक्रिय - ક્રિયારહિત, અપ્રમત્ત સંયતોને એક જ માયાપ્રત્યયા ક્રિયા હોય કેમકે તેઓ અક્ષીણ કષાય છે. પ્રમત્ત સંયતોને આરંભિકી અને કષાય ક્ષીણ ન થયા હોવાથી 'માયાપ્રત્યયા' ક્રિયા છે.

વાણમંતર, જ્યોતિષ્કોનું શરીરનું નાના-મોટાપણું તેમની અવગાહનાનુસાર જાણવું. અસુરકુમારોની વેદના સંજ્ઞીને મહા અને અસંજ્ઞીને અલ્પ છે. વ્યંતરોને પણ તેમજ જાણવા. કેમકે અસુરથી વ્યંતરમાં અસંજ્ઞીઓ ઉત્પન્ન થાય છે. કેમકે અહીં જ આગળ કહેશે કે — અસંજ્ઞીઓ જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી વ્યંતરમાં ઉપજે. તેઓ અલ્પવેદનાવાળા છે તેમ જાણવું. संज्ञी - સમ્યગ્દૅષ્ટિ, असंज्ञी - મિથ્યાદૅષ્ટિ, જ્યોતિષ્કો, વૈમાનિકો અસંજ્ઞીમાં ઉત્પન્ન ન થાય. તે માટે વેદનાપદમાં કહે છે કે — માયી મિથ્યાદૅષ્ટિ અલ્પ વેદનાવાળા છે.

હવે લેશ્યાદિ ભેદ વિશેષથી ૨૪ દંડકને આહારાદિ પદોથી નિરૂપતા પહેલા સાત દંડક કહે છે. सलेस्सा સૂત્રથી આહાર, શરીર, ઉચ્છ્વાસ, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, ઉપપાત નામે પૂર્વોક્ત નવ પદથી નારકાદિ ૨૪ પદનો દંડક લેશ્યા પદથી સૂચવ્યો. - x - x - એ રીતે સાત દંડક સંબંધી સૂત્રના સંક્ષેપ માટે જે દંડક કહેવાનો છે, તેને દર્શાવતા કહે છે કે —

ઔધિક - નિર્વિશેષણ નારકાદિનો, અધિકૃત્ સલેશ્યકોનો અને સપ્તમ દંડકથી શુક્લ લેશ્યાવાળાનો, એ ત્રણેનો સરખો પાઠ છે. માત્ર લેશ્યાવાળા અને શુક્લ લેશ્યાવાળા એવો જ વિશેષણ ભેદ છે. - x - તેથી અહીં પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્યો, વૈમાનિક કહેવા, પણ નારકો ન કહેવા કેમકે તેમને શુક્લ લેશ્યાનો અભાવ છે. કૃષ્ણ અને નીલ લેશ્યાવાળાનો એક જ - ઔધિક પાઠ છે. વિશેષ એ - કૃષ્ણ અને નીલ લેશ્યા દંડકમાં વેદના સૂત્રમાં સંજ્ઞી, અસંજ્ઞી નૈરયિકો ઔધિક દંડકમાં કહ્યા છે તે ન કહેવું. કેમકે અસંજ્ઞીની ઉત્પત્તિ પહેલી પૃથ્વીમાં જ થાય છે. - x - પહેલીમાં કૃષ્ણ, નીલ લેશ્યાનો અભાવ છે. તો તેને બદલે શું કહેવું ? માયિ મિથ્યાદૅષ્ટિ મહાવેદનાવાળા છે. કેમકે તેઓ સર્વથી વિશેષ અશુભ સ્થિતિને ઉત્પન્ન કરે છે. બીજાને તો ઓછી વેદના હોય છે. - - મનુષ્યપદમાં ક્રિયા સૂત્રમાં ઔધિક દંડકમાં મનુષ્યો ત્રણ પ્રકારે

કહ્યા - તેમાં સંયત બે ભેદે - સરાગ અને વીતરાગ. સરાગસંયત બે ભેદે - પ્રમત્ત, અપ્રમત્ત.

— તો પણ અહીં કૃષ્ણ, નીલ લેશ્યા દંડકમાં તે ન કહેવું કેમકે કૃષ્ણ, નીલલેશ્યા ઉદયે સંયમનો અસંભવ છે. કેમકે કૃષ્ણાદિ દ્રવ્યની સમીપતાથી ઉત્પન્ન ભાવલેશ્યામાં સંયમ હોતો નથી. વળી કહે છે — કાપોતલેશ્યા દંડક નીલાદિ લેશ્યા દંડકવત્ જાણવો. વિશેષ એ કે — નારકપદના વેદના સૂત્રમાં નારકો ઔધિક દંડ માફક કહેવા. તે આ રીતે - નારકો બે ભેદે - સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત. અસંજ્ઞી પ્રથમ પૃથ્વીમાં ઉત્પન્ન થતા હોવાથી તેમને કાપોતલેશ્યાનો સંભવ છે.

ઔધિક દંડ માફક તેજો, પદ્મલેશ્યાવાળાને બે દંડક કહેવા. જીવોને લેશ્યા આ પ્રમાણે છે — નારક, વિકલેન્દ્રિય, વાયુને પ્રથમની ત્રણ લેશ્યા જ છે. ભવનપતિ, પૃથ્વી, પાણી, વનસ્પતિ, વ્યંતરોને પહેલી ચાર લેશ્યા છે. પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યોને છ લેશ્યા છે. જ્યોતિષ્કોને તેજોલેશ્યા અને વૈમાનિકોને ત્રણ પ્રશસ્ત લેશ્યા છે.

કહ્યું છે — ભવનપતિ, વ્યંતરોને કૃષ્ણાદિ ચાર લેશ્યા છે, જ્યોતિષ્ક, પહેલા-બીજા કલ્પે તેજોલેશ્યા જાણવી. ત્રીજાથી પાંચમાં કલ્પે પદ્મલેશ્યા અને પછીનાને શુક્લ લેશ્યા જાણવી. - તથા -

પૃથ્વી, પાણી, બાદર તથા પ્રત્યેક વનસ્પતિમાં ચાર લેશ્યા અને ગર્ભજ તિર્યંચ તથા મનુષ્યને છ, બીજાને ત્રણ લેશ્યા હોય. માત્ર ઔધિક દંડકમાં ક્રિયાસૂત્રમાં સરાગ, વીતરાગ મનુષ્યો કહ્યા તે અહીં ન કહેવા. કેમકે તેજો અને પદ્મમાં વીતરાગત્વ ન સંભવે. પ્રમત્ત અને અપ્રમત્ત મનુષ્યો તો કહેવાના છે, તે માટે સંગ્રહગાથા કહી છે તેનો અર્થ કહેવાયો છે છતાં સુખ બોધાર્થે કહે છે —

[૨૮] દુઃખ અને આયુ ઉદીર્ણ વેદાય છે, તે એકવચન બહુવચનથી ચાર દંડક તથા નૈરયિકો શું સમાહારા છે આદિ પ્રશ્નો.

અહીં નારકો સલેશ્ય કહ્યા, હવે લેશ્યાનું નિરૂપણ કરે છે —

● **સૂત્ર-૨૯ :-**

***ભગવન્ ! લેશ્યાઓ કેટલી કહી છે ? ગૌતમ ! લેશ્યા છ કહી છે, તે પન્નવણા સૂત્ર ઉદ્દેશો-૨, લેશ્યાપદનો 'ઋદ્ધિ' સુધી કહેવો.***

● **વિવેચન-૨૯ :-**

આત્મા સાથે કર્મ પુદ્ગલોને ચોંટાડે તે લેશ્યા. તે યોગના પરિણામરૂપ છે. યોગનિરોધથી લેશ્યાનો અભાવ છે. યોગ એ શરીર નામકર્મની પરિણતિ વિશેષ છે. પન્નવણાના લેશ્યાપદના ચાર ઉદ્દેશામાં અહીં બીજો ઉદ્દેશો લેવો. - x - લેશ્યાનું સ્વરૂપ ઋદ્ધિની વક્તવ્યતા સુધી જાણવું. સંક્ષેપથી આ પ્રમાણે - લેશ્યા કેટલી કહી છે ? લેશ્યા છ કહી છે - કૃષ્ણલેશ્યાદિ. એમ સર્વત્ર પ્રશ્નોત્તર કહેવા. નૈરયિકોને કૃષ્ણાદિ ત્રણ, તિર્યંચોને-૬, એકેન્દ્રિયોને-૪, તેઉવાયુ, બે, ત્રણ, ચાર ઈન્દ્રિયોવાળાને-૩, પંચેન્દ્રિયતિર્યંચોને-૬ લેશ્યા ઇત્યાદિ કહેવું. - યાવત્ - ભગવન્ ! આ કૃષ્ણ યાવત્



શુક્લ લેશ્યાવાળામાં કોણ કોનાથી ઓછી કે વધુ ઋદ્ધિવાળા છે ? - x -

● **સૂત્ર-૩૦ :-**

***ભગવન્ ! અતીતકાળમાં આદિષ્ટ જીવને સંસાર સંસ્થાનનો કાળ કેટલા ભેદે કહ્યો ? ગૌતમ ! ચાર પ્રકારે કહ્યો. નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-સંસાર સંસ્થાનકાળ. - - ભગવન્ ! નૈરયિક સંસાર સંસ્થાનકાળ કેટલા પ્રકારે કહ્યો ? ગૌતમ ! ત્રણ પ્રકારે - શૂન્ય, અશુન્ય, મિશ્ર-કાળ. - - તિર્યંચયોનિક સંસારનો પ્રશ્ન-ગૌતમ ! બે પ્રકારે છે - અશૂન્યકાળ, મિશ્રકાળ. મનુષ્ય અને દેવો નૈરયિકવત્ જાણવા.***

***નૈરયિક સંસારસંસ્થાનકાળમાં શૂન્ય, અશૂન્ય, મિશ્રમાં કોણ કોનાથી ઓછો, વધુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડો અશૂન્યકાળ, તેનાથી મિશ્રકાળ અનંતગુણ, તેનાથી શૂન્યકાળ અનંતગુણ છે. તથા તિર્યંચયોનિક સંસાર સંસ્થાનકાળમાં અશૂન્યકાળ થોડો, મિશ્રકાળ તેનાથી અનંતગુણ છે. મનુષ્યો અને દેવોના સંસાર-સંસ્થાનકાળની ન્યૂનાધિકતા નૈરયિકવત્ જાણવી.***

***ભગવન્ ! નૈરયિકથી દેવ પર્યન્ત સંસાર સંસ્થાનકાળમાં યાવત્ કોણ વિશેષ છે ? ગૌતમ ! સૌથી ઓછો મનુષ્ય સંસાર સંસ્થાનકાળ છે, નૈરયિક તેનાથી અસંખ્યાતગુણ, તેનાથી દેવનો અસંખ્યાત ગુણ, તિર્યંચયોનિકોનો તેનાથી અનંતગુણ છે.***

● **વિવેચન-૩૦ :-**

''પશુઓ પશુપણું પામે છે'' એવા વચનથી જે એવું માને છે કે અનાદિ સંસારમાં જીવની સ્થિતિ એક પ્રકારે છે, તેના બોધ માટે આ સૂત્ર છે. વિશેષ એ - નારકાદિથી વિશેષણયુક્ત જીવ લેવો. અનાદિ અતીતકાળમાં, ઉપાધિ ભેદથી કેટલા પ્રકારે સંસારસંસ્થાન કાળ છે ? એકથી બીજા ભવમાં સંચરણ તે સંસાર. સંસ્થાન એટલે રહેવું. काल - અવસર. આ જીવ ભૂતકાળમાં કઈ-કઈ ગતિમાં હતો ? ઉપાધિ ભેદથી ચાર પ્રકારે છે. તેમાં નારકભવ સંબંધી સંસાર-અવસ્થાનકાળ ત્રણ ભેદે - ઇત્યાદિ સૂત્રાર્થ પ્રમાણે જાણવું. - x -

તેમાં અશૂન્યકાળનું સ્વરૂપ કહે છે — કેમકે અશૂન્યકાળ સ્વરૂપ જ્ઞાન પછી બીજા બે કાળ સુખે સમજાય છે. વર્તમાનકાળમાં સાતે પૃથ્વીમાં જે નારકો વર્તે છે, તેમાંથી જ્યાં સુધી કોઈ ઉદ્વર્તે નહીં અને બીજો કોઈ ઉત્પન્ન ન થાય, પણ જેટલા છે તેટલા જ રહે, તે કાળ નારકોને આશ્રીને અશૂન્યકાળ કહેવાય. - x -

મિશ્રકાળનું સ્વરૂપ - તે જ નારકોમાંથી એક, બે, ત્રણ એમ કરીને બધાં ઉદ્વૃત્ત થાય અને જ્યાં સુધી તેમાં છેવટે એક નારક બાકી છે ત્યાં સુધી મિશ્રકાળ, એ કે બાકી ન રહે અને વર્તમાન સમયના બધાં નારકો ઉદ્વૃત્ત થાય તે શૂન્યકાળ. - x - x -

આ મિશ્રનારક સંસાર અવસ્થાનકાળનું વિચારણા સૂત્ર વાર્તમાનિક નારક ભવને આશ્રીને પ્રવર્તેલ નથી, પરંતુ વર્તમાન નારક જીવોની બીજી ગતિના ગમન વડે

ત્યાં જ ઉત્પત્તિ આશ્રીને પ્રવર્ત્યુ છે, જો તે જ નારકભવને આશ્રીને આ સૂત્ર પ્રવર્તે તો સૂત્રોક્ત શૂન્યકાળ અપેક્ષાએ મિશ્રકાળની અનંતગુણતા થઈ ન શકે, - x - કેમકે વાર્તમાનિક નારકો સ્વ આયુકાળના છેલ્લા ભાગે ઉદ્‌વર્તે છે, તેઓનું આયુ તો અસંખ્યાત જ છે માટે ઉત્કર્ષથી બાર મુહૂર્તના અશૂન્યકાળની અપેક્ષાએ મિશ્રકાળનું અનંતગુણત્વ બને તે અપ્રસંગ છે. કેમકે વર્તમાન નૈરયિકો તેમના સ્થિતિકાળને અંતે બધાં ખપી જવાના છે, નારકોનો ઉત્પાદ, ઉદ્વર્તના, વિરહકાળ ઉત્કૃષ્ટથી બાર મુહૂર્ત છે. માટે અશૂન્યકાળ સૌથી થોડો છે. મિશ્ર નામક વિવક્ષિત નારક જીવોનો નિર્લેપનાકાળ અશૂન્યકાળની અપેક્ષાએ અનંતગુણ છે. કેમકે એ નારકોમાં અને બીજાઓમાં ગમનાગમન કાળ છે અને તે ત્રસ અને વનસ્પતિ આદિના સ્થિતિકાળથી મિશ્રિત થતો અનંતગુણ છે. કેમકે ત્રસ અને વનસ્પત્યાદિના ગમનાગમનો અનંત છે અને નારકોનો નિર્લેપનકાળ વનસ્પતિકાયની સ્થિતિનો અનંત ભાગ છે. - x - શૂન્યકાળ અનંત ગુણ છે કેમકે વિવક્ષિત નારકોનું ઘણું કરીને વનસ્પતિમાં અનંતકાળ સુધી અવસ્થાન છે અને એ જ જીવોનો નારકભવાંતરકાળ ઉત્કૃષ્ટથી સિદ્ધાંતમાં કહ્યો છે.

તિર્યંચોનો અશૂન્યકાળ સૌથી થોડો છે અને અંતર્મુહૂર્ત જેટલો છે. જો કે આ કાળ સાધારણ દરેક તિર્યંચો માટે કહ્યો છે તો પણ વિકલેન્દ્રિય અને સંમૂર્છિમોમાં જ જાણવો. એકેન્દ્રિયોને તો ઉદ્વર્તના અને ઉપપાતના વિરહનો અભાવ છે, માટે અશૂન્યકાળ નથી. કહ્યું છે કે — એક નિગોદમાં હંમેશા એક અસંખ્યાત ભાગ ઉદ્વર્તના અને ઉપપાતમાં વર્તે છે. એ પ્રમાણે બાકીનામાં પણ જાણવું. વળી “પ્રતિ સમયે અસંખ્ય” વચનથી પૃથ્વી આદિમાં વિરહનો અભાવ કહ્યો છે. “મિશ્રકાલે અનંતગુણ” એ નારકવત્ છે. શૂન્યકાળ તિર્યંચોને છે જ નહીં - x - મનુષ્ય અને દેવોને નૈરયિકોની માફક જાણવું. કેમકે અશૂન્યકાળ પણ બાર મુહૂર્ત છે.

શું જીવનું અવસ્થાન સંસાર જ છે કે તેનો મોક્ષ પણ છે ?

**● સૂત્ર-૩૧ :-**

***ભગવન્ ! જીવ અંતક્રિયા કરે ? ગૌતમ ! કોઈ કરે છે, કોઈ નથી કરતા, તે માટે પ્રજ્ઞાપનાનું ‘અંતક્રિયા’ પદ જાણવું.***

**● વિવેચન-૩૧ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - છેવટે થનારી જે ક્રિયા તે અંતક્રિયા. અથવા કર્મના અંતની જે ક્રિયા, તે અંતક્રિયા, અર્થાત્ સકલકર્મના ક્ષયરૂપ મોક્ષ પ્રાપ્તિ. પ્રજ્ઞાપનામાં આ વીસમું પદ છે. તે આ રીતે - ભગવન્ ! જીવ અંતક્રિયા કરે ? ગૌતમ ! કોઈ એક જીવ કરે અને કોઈ જીવ ન કરે. એ રીતે નૈરયિક યાવત્ વૈમાનિક જાણવું. ભવ્ય જીવો કરે અને અભવ્ય ન કરે. - x - યાવત્ મનુષ્ય અંતને કરે.

કર્મનો અંશ બાકી હોય અંતક્રિયા અભાવે કોઈ દેવ થાય —

**● સૂત્ર-૩૨ :-**

***હે ભગવન્ ! અસંયત ભવ્યદ્રવ્યદેવ, અવિરાધિત સંયત, વિરાધિત સંયત, અવિરાધિત સંયતાસંયત, વિરાધિત સંયતાસંયત, અસંજ્ઞી, તાપસ, કાંદર્પિક,***



***ચરકપરિવ્રાજક, કિલ્બિષિક, તિર્યંચો, આજીવિકો, આભિયોગિકો, શ્રદ્ધાભ્રષ્ટ વેશધારકો, આ ચૌદ જો દેવલોકમાં ઉત્પન્ન થાય તો કોનો ક્યાં ઉપપાદ કહ્યો છે ?***

***ગૌતમ ! અસંયત ભવ્યદ્રવ્યદેવ જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી ઉપરિમ ગ્રૈવેયકમાં ઉપજે.. અવિરાહિત સંયમી જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી સર્વાર્થસિદ્ધ વિમાને ઉપજે. વિરાધિત સંયમી જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પે ઉપજે.. અવિરાધિત દેશવિરત જઘન્યથી સૌધર્મકલ્પે, ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે ઉપજે. વિરાધિત સંયમી જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી જ્યોતિષ્કમાં ઉપજે. અસંજ્ઞી જઘન્યથી ભવનપતિમાં ઉત્કૃષ્ટથી વાણવ્યંતરમાં ઉપજે. બાકીના સર્વે જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી આ પ્રમાણે — તાપસો જ્યોતિષ્કોમાં, કાંદર્પિકો સૌધર્મમાં, ચરક પરિવ્રાજકો બ્રહ્મલોક કલ્પમાં, કિલ્બિષિકો લાંતક કલ્પે, તિર્યંચો સહસ્રાર કલ્પે, આજીવિકો અચ્યુત કલ્પે, આભિયોગિકો અચ્યુત કલ્પે, દર્શનભ્રષ્ટ વેષધારીઓ ઉપરના ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય.***

**● વિવેચન-૩૨ :-**

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - ‘अथ’ શબ્દ પરિપ્રશ્નાર્થે છે અહીં પ્રજ્ઞાપના ટીકા લખીએ છીએ - असंयत - ચારિત્ર પરિણામરહિત. भव्य - દેવપણાને યોગ્ય, તે દ્રવ્યદેવ. અસંયત એવા તે ભવ્યદ્રવ્યદેવ. આ અસંયત સમ્યગ્‌દૃષ્ટિ. કહ્યું છે — સમ્યગ્‌દૃષ્ટિ જીવ અણુવ્રત, મહાવ્રત, બાલતપ અને અકામનિર્જરાથી દેવાયુ બાંધે. આ કથન અયુક્ત છે, કેમકે તેઓનો ઉત્કૃષ્ટ ઉપપાત ઉપરી ગ્રૈવેયક સુધી છે. દેશવિરત શ્રાવકોને અચ્યુતથી આગળ ઉપપાદ નથી. અસંયતભવ્ય દ્રવ્ય દેવો નિહ્નવ પણ નથી. તેથી તેઓ શ્રમણગુણધારી, સમસ્ત સામાચારી અને અનુષ્ઠાનયુક્ત તથા દ્રવ્યલિંગધારી ભવ્ય કે અભવ્ય મિથ્યાદૃષ્ટિ જ જાણવા. તેઓ સંપૂર્ણ ક્રિયા પ્રભાવથી જ ઉપલા ગ્રૈવેયકે ઉત્પન્ન થાય પણ ચારિત્ર પરિણામહીન છે.

શંકા-ભવ્ય કે અભવ્ય તેઓ શ્રમણગુણધારી કેમ કહેવાય ? તેઓને મિથ્યાદર્શન મોહના પ્રાબલ્ય છતાં સાધુઓને સારી રીતે પૂજા, સત્કાર, સન્માન પામતા જોઈને તે પૂજાદિ પોતાને મળે તે માટે તેઓની શ્રદ્ધા પ્રવ્રજ્યા અને ક્રિયા સમૂહના અનુષ્ઠાન પરત્વે રહે છે. તેથી તેઓ પૂર્વોક્ત ક્રિયા કરે છે. પ્રવ્રજ્યાકાળથી તેમના ચારિત્ર પરિણામ અભગ્ન છે. સંજ્વલન કષાય સામર્થ્યથી કે પ્રમત્ત ગુણસ્થાનકના બળથી થોડો માયાદિ દોષ તેઓને સંભવે છે, તો પણ ચારિત્રોપઘાત આચરતા નથી.

ઉક્તથી વિપરીત તે વિરાધિત સંયમી... સ્વીકાર કર્યાથી જેમના દેશવિરતિ પરિણામ અખંડિત છે એવા શ્રાવકો... તેનાથી વિપરીત તે વિરાધિત દેશવિરત.. મનરહિત અકામ નિર્જરાવાળા તે અસંજ્ઞી... પડેલ પાંદડાદિનો ઉપભોગ કરનાર અજ્ઞાની તે તાપસ.

જેઓ પરિહાસવાળા છે તે કાંદર્પિક અથવા કંદર્પ વડે ચરે તે કાંદર્પિક. કંદર્પ અને કૌકુચ્યાદિ કરનાર વ્યવહાર ચારિત્રીને કાંદર્પિક. કહે છે — ‘કહ કહ’થી હસવું. कंदर्प - અનિભૃત ઉલ્લાપ. કંદર્પની કથા કહેવી, કંદર્પ ઉપદેશ તથા પ્રશંસા. ભવાં,

નેત્ર, મુખાદિ વડે ચેષ્ટા કરી પોતે ન હસે - પણ બીજા હસે - x - અનેક પ્રકારના જીવોના શબ્દો કરે - x - જે સંયત પણ એ અપ્રશસ્ત ભાવના વિશે વિચારી, ચારિત્ર વિનાનો તથા પ્રકારના દેવોમાં ભજનાએ જાય, માટે કાંદર્પિકો કહેવાય.

ચરક પરિવ્રાજકો એટલે ધાડની ભિક્ષાથી જીવતા ત્રિદંડીઓ અથવા ચરક તે કુચ્છોટકાદિ અને પરિવ્રાજક તે કપિલમુનિના શિષ્યો.

જે પાપવાળા છે તે કિલ્બિષિકો, તેઓ વ્યવહાર ચારિત્રી હોવા છતાં જ્ઞાનાદિનો અવર્ણવાદ કહેનાર હોય. કહ્યું છે — જ્ઞાન, કેવલી, ધર્માચાર્ય અને સર્વ સાધુનો અવર્ણવાદ બોલનારા કિલ્બિષિકો છે.

દેશવિરતિને ધારણકર્તા તિર્યંચો — ગાય, ઘોડો, આદિ. આજીવિક એટલે એક પ્રકારના પાખંડી. કોઈ કહે છે — નગ્નતા ધારી ગોશાલકના શિષ્યો અથવા અવિવેકી લોકથી પ્રાપ્ત થતી લબ્ધિ, પૂજા, ખ્યાતિ આદિ વડે તપ અને ચારિત્રાદિને ધારણ કરે અથવા આજીવિકાવાળા હોવાથી આજીવિક છે.

વિદ્યા, મંત્રાદિ વડે બીજાને વશ કરવા તે અભિયોગ. તેના બે ભેદ - દ્રવ્યાભિયોગ, ભાવાભિયોગ, વિદ્યા-મંત્રાદિ દ્રવ્યાભિયોગ છે, આ દ્રવ્યાભિયોગવાળા કે દ્રવ્યાભિયોગ વડે ચરે તે આભિયોગિક. અર્થાત્ મંત્રાદિ પ્રયોગ કર્તા અને વ્યવહાર ચારિત્રી તે આભિયોગિકો છે. કહ્યું છે — કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્તથી જીવનારો તથા ઋદ્ધિ, રસ, શાતાથી ગુરુક જીવ અભિયોગની ભાવના કરે છે.

કૌતુક - સૌભાગ્યાદિ માટે ન્હવણ, ભૂતિકર્મ - તાવવાળા આદિને ભૂતિ દેવી. પ્રશ્નપ્રશ્ન - સ્વપ્નવિદ્યાદિ. સલિંગીણં - રજોહરણાદિ લિંગવાળા કે જેઓનું સમ્યક્ત્વ ભ્રષ્ટ થયું છે તેઓ અર્થાત્ નિહ્નવો, દેવલોકમાં ઉત્પન્ન થતાં એ બધાંઓનો. આ સૂત્રથી સૂચવે છે કે કોઈ દેવ સિવાય અન્ય ગતિમાં પણ ઉત્પન્ન થાય છે.

સંયમ વિરાધનાર જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પે ઉપજે છે. [શંકા] સુકુમાલિકાના ભવમાં વિરાધિત સંયમી દ્રૌપદી ઈશાન કલ્પે ઉત્પન્ન થઈ તે કઈ રીતે ? [સમાધાન] તેણીની સંયમ વિરાધના ઉત્તરગુણ વિષયક હતી, તે બકુશ કારિણી હતી, પણ મૂલગુણ વિરાધક નહીં. વિશિષ્ટતર સંયમ વિરાધનામાં સૌધર્મ ઉત્પાદ થાય, જો વિરાધના માત્રથી સૌધર્મ ઉત્પત્તિ હોય તો ઉત્તરગુણાદિની પ્રતિસેવાવાળાની અચ્યુતાદિમાં ઉત્પત્તિ કેમ થાય ? કથંચિત્ વિરાધનાથી.

અસંજ્ઞી જઘન્યથી ભવનપતિમાં, ઉત્કૃષ્ટથી વાણવ્યંતરમાં ઉપજે. ચમર અને બલિનું સાગરોપમ કે સાધિક આયુ છે. માટે તેઓ મહર્દ્ધિક છે અને વ્યંતરોનું ઉત્કૃષ્ટથી પલ્યોપમાયુ છે માટે અલ્પર્દ્ધિક છે, તો પણ આ સૂત્રથી જણાય છે કે કોઈ ભવનપતિ એવા છે કે જે વ્યંતરોથી અલ્પર્દ્ધિક છે. અસંજ્ઞીના દેવોત્પાત્ આયુથી થાય માટે આયુ —

● સૂત્ર-૩૩ :-

*ભગવન્ ! અસંજ્ઞીનું આયુ કેટલા ભેદે છે ? ગૌતમ ! અસંજ્ઞીનું આયુ ચાર ભેદે છે — નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-અસંજ્ઞીઆયુ.*



*ભગવન્ ! અસંજ્ઞી જીવ નૈરયિકનું આયુ કરે કે તિર્યંચ, મનુષ્ય, દેવનું આયુ કરે ? હા, ગૌતમ ! નૈરયિકાદિ ચારેનું આયુ પણ કરે. નૈરયિક આયુ કરતો અસંજ્ઞી જીવ જઘન્યથી ૧૦,૦૦૦ વર્ષનું, ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યેય ભાગ આયુ કરે. તિર્યંચોનું આયુ કરતો જઘન્યે અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટે પલ્યોપમના અસંખ્યાત ભાગ આયુ કરે. મનુષ્યાયુ પણ એ જ પ્રમાણે છે. દેવાયુ નૈરયિકવત્ જાણવું.*

*ભગવન્ ! નૈરયિક, તિર્યંચ, મનુષ્ય, દેવ-અસંજ્ઞી આયુમાં કયુ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? ગૌતમ ! દેવ અસંજ્ઞી આયુ સૌથી થોડું છે, તેનાથી મનુષ્ય અસંજ્ઞી આયુ અસંખ્યેય ગુણ છે, તેનાથી તિર્યંચ૦નું અસંખ્યાતગુણ, તેનાથી નૈરયિક૦ અસંખ્યેયગુણ છે. હે ભગવન્ ! એમ જ છે, એમ જ છે. યાવત્ વિહરે છે.*

● વિવેચન-૩૩ :-

સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - અસંજ્ઞી એવો તે જે પરભવનું આયુ બાંધે તે અસંજ્ઞી આયુ. નૈરયિકને યોગ્ય તે નૈરયિકાસંજ્ઞ્યાયુ. આ અસંજ્ઞી આયુ સંબંધ માત્રથી પણ થાય. જેમકે ભિક્ષાનું પાત્ર. "તેણે કરેલું" એ રૂપ સંબંધ વિશેષ નિરૂપવા કહે છે. પકરેइ - બાંધે છે. રત્નપ્રભાના પહેલા પ્રતરને આશ્રીને ૧૦,૦૦૦ વર્ષ, રત્નપ્રભાના ચોથા પ્રતરે મધ્યમસ્થિતિને આશ્રીને પલ્યોપમનું અસંખ્યાત ભાગ. કેમકે પહેલા પ્રતરે જઘન્યે ૧૦,૦૦૦ વર્ષ. ઉત્કૃષ્ટે ૯૦,૦૦૦ વર્ષ. બીજામાં જઘન્યથી ૧૦-લાખ, ઉત્કૃષ્ટથી ૯૦-લાખ. ત્રીજામાં જઘન્યથી ૯૦ લાખ, ઉત્કૃષ્ટથી પૂર્વ કોટિ - x - યાવત્ આ રીતે ચોથા પ્રતરે પલ્યોપમનો અસંખ્યાત ભાગ મધ્યમ સ્થિતિ થાય.. તિર્યંચ સૂત્રમાં જે કહ્યું તે યુગલિક તિર્યંચને આશ્રીને છે. મનુષ્યાયુ જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાત ભાગ છે, તેમાં પલ્યોપમનો અસંખ્યભાગ યુગલીકને આશ્રીને છે. અસંજ્ઞી દેવનું આયુ અસંજ્ઞી નૈરયિકવત્ જાણવું. વિશેષ એ કે - ભવનપતિ અને વ્યંતરને આશ્રીને જાણવું.. સૂત્રમાં અસંજ્ઞી આયુની જે અલ્પબહુતા કહી, તે તેની હ્રસ્વતા અને દીર્ઘતાની અપેક્ષાએ છે.

**શતક-૧-ઉદ્દેશક ૨-નો સટીક અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશક-૩ "કાંક્ષા પ્રદોષ" ❀

— x — x — x — x — x —

૦ બીજા ઉદ્દેશામાં અંતિમ સૂત્રમાં આયુનું નિરુપણ કર્યુ, તે મોહરૂપ દોષની હયાતી હોય ત્યારે જ જીવને તે આયુ સંભવે. તે કાંક્ષાપ્રદોષ —

● સૂત્ર-૩૪ :-

*ભગવન્ ! શું જીવો સંબંધી કાંક્ષા મોહનીય કર્મકૃત્ છે ? હા, છે. ભગવન્ ! શું તે દેશથી દેશકૃત્ છે ? દેશથી સર્વકૃત્ છે ? સર્વથી દેશકૃત્ છે ? કે સર્વથી*

*સર્વકૃત્ છે ? ગૌતમ ! તે દેશથી દેશકૃત, દેશથી સર્વકૃત્ કે સર્વથી દેશકૃત નથી, પણ સર્વથી સર્વકૃત્ છે.*

*ભગવન્ ! નૈરયિકો સંબંધી કાંક્ષા મોહનીય કર્મકૃત છે ? હા, છે. યાવત્ સર્વથી સર્વકૃત છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

● વિવેચન-૩૪ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - જીવો સંબંધી જે કાંક્ષા મોહનીય — મોહ પમાડે તે મોહનીય કર્મ, તે ચારિત્ર મોહનીય પણ હોય, તેથી ક્રાંક્ષા - બીજા બીજા દર્શનનું ગ્રહણ, એ વિશેષણ મૂક્યું. ઉપલક્ષણથી શંકાદિનું ગ્રહણ કરવું. કાંક્ષારૂપ મોહનીય તે કાંક્ષા મોહનીય અર્થાત્ મિથ્યાત્વ મોહનીય. કૃત - ''ક્રિયા નિષ્પાદ્ય'' પ્રશ્ન છે. ઉત્તર છે - 'હા'.

અહીં વસ્તુના કરણમાં ચતુર્ભંગી છે. જેમકે — (૧) દેશથી-હસ્ત આદિથી વસ્તુના દેશનું આચ્છાદન કરવું. (૨) હસ્તાદિ દેશથી સર્વ વસ્તુને ઢાંકવી. (૩) સર્વાત્મથી વસ્તુના દેશને ઢાંકે, (૪) સર્વાત્મથી સર્વ વસ્તુને ઢાંકે. આ પદ્ધતિથી ચાર પ્રશ્નો આ રીતે છે —

ભગવન્ ! શું જીવ પોતાના કોઈ ભાગથી કાંક્ષા મોહનીય કર્મનો ભાગ કરે ? શું જીવ પોતાના કોઈ ભાગથી સર્વ કાંક્ષા મોહનીય કરે ? શું જીવ પોતે આખો કાંક્ષા મોહનીયના કોઈ એક ભાગને કરે ? શું જીવ પોતે આખો જ આખું કાંક્ષા મોહનીય કર્મ કરે ? [ઉત્તર] જીવ આખો પોતે જ સર્વ કાંક્ષા મોહનીય કર્મને કરે છે. જ્યાં જીવના બધા પ્રદેશો અવગાઢ છે, તે સ્થળે રહેલા, એક સમયે બાંધવા યોગ્ય કર્મ પુદ્ગલો હોય, તે બધાને બાંધવા જીવના બધાં પ્રદેશો ક્રિયા કરે છે. અર્થાત્ જીવે પોતે એક કાળે બાંધી જીવના બધાં પ્રદેશો ક્રિયા કરે છે. અર્થાત્ જીવે પોતે એક કાળે બાંધી શકાય તેવું સર્વ કાંક્ષા મોહનીય બાંધ્યુ છે. તેથી ત્રણ ભંગનો પ્રતિષેધ કર્યો છે. - x - x - x -

જીવોને સામાન્યથી કહ્યા તેથી વિશેષરૂપે સમજી ન શકાય. તેથી વિશેષ બોધ માટે નારકાદિ દંડકથી પ્રશ્ન કરતા કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. - - ક્રિયા નિષ્પાદ્ય કર્મ કહ્યું, તે ક્રિયાને દર્શાવે છે —

● સૂત્ર-૩૫,૩૬ :-

*[૩૫] ભગવન્ ! જીવોએ કાંક્ષા મોહનીય કર્મ કર્યુ ? હા, કર્યું. ભગવન્ ! તે શું દેશથી દેશે કર્યુ ? ઇત્યાદિ પૂર્વોક્ત અભિલાપથી વૈમાનિક પર્યન્ત કહેવું. - - એ પ્રમાણે ''કરે છે'' આ દંડક વૈમાનિક સુધી કહેવો. - - એ પ્રમાણે ''કરશે'' દંડક વૈમાનિક સુધી કહેવો.*

*એ જ પ્રમાણે ''ચય'' - ચય કર્યો - કરે છે - કરશે. ''ઉપચય'' ઉપચય કર્યો - કરે છે - કરશે. ઉદીર્યુ - ઉદીરે છે - ઉદીરશે. વેદ્યુ - વેદે છે - વેદેશે. નિર્જર્યું - નિર્જરે છે - નિર્જરશે. આ બધા અભિલાપ કહેવા.*

*[૩૬] કૃત્, ચિત, ઉપચિત, ઉદીરિત, વેદિત, નિર્જરિત - તેમાં આદિ ત્રણના પ્રત્યેકના ચાર-ચાર ભેદ, પાછલા ત્રણના ત્રણ-ત્રણ ભેદ છે.*



● વિવેચન-૩૫,૩૬ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — ભૂતકાળે કર્યુ ? હા. કર્યા છે. જો નથી કર્યા કહો તો અનાદિ સંસારનો અભાવ થાય. એ રીતે હાલ કરે છે, ભવિષ્યકાળમાં કરશે. કરેલ કર્મનો ચયાદિ થાય, તે કહે છે —

'ચય' આદિ સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - પ્રદેશ અને અનુભાગનું વધવું તે ચય. તેનું પુનઃ પુનઃ વધવું તે ઉપચય. બીજા કહે છે. માત્ર કર્મ પુદ્ગલોનું ગ્રહણ તે ચય. અબાધાકાળ સિવાયના કાળે ગ્રહેલ કર્મોને વેદવા માટેનું નિષેચન તે ઉપચય. નિષેક આ રીતે —

પ્રથમ સ્થિતિમાં બહુતર કર્મદલિકને નિષેચે છે. પછી બીજી સ્થિતિમાં વિશેષહીન, એ પ્રમાણે યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિમાં વિશેષ હીન નિષેચે છે. - x - 'ઉદીરણ' - અનુદિતને કરણ વિશેષથી ઉદયમાં લાવવું.. વેદન - અનુભવવું. નિર્જરણ - જીવ પ્રદેશોથી કર્મ પ્રદેશોનું ખરી જવું... અહીં સૂત્ર સંબંધી સંગ્રહ ગાથા છે —

ગાથાર્થ સ્પષ્ટ છે. વિશેષ આ - કૃત્, ચિત, ઉપચિત એ ત્રણેમાં ચાર જાતનો કાળ કહેવો. તેમાં સામાન્ય ક્રિયા કાળ અને ત્રણે ક્રિયાનો કાળ જુદો જુદો કહ્યો છે. ઉદિરિત, વેદિત, નિર્જીર્ણ એ ત્રણેમાં સામાન્ય ક્રિયા કાળ રહિત ત્રણ ભેદવાળો કાળ કહ્યો છે.

[શંકા] આદ્યના ત્રણ સૂત્રોમાં ક્રિયાસૂચક કૃત્, ચિત અને ઉપચિત ત્રણ પદો કહ્યા. પાછળના સૂત્રોમાં સામાન્ય ક્રિયા દર્શક ઉદીરિત, વેદિત, નિર્જીર્ણ એ ત્રણ પદો કેમ ન કહ્યા ? [સમાધાન] કૃત, ચિત, ઉપચિત ત્રણે કર્મ, લાંબો કાળ રહે છે, માટે સામાન્ય ક્રિયા કાળનો પણ સમાવેશ કર્યો છે. ઉદિરણાદિનું અવસ્થાન લાંબો કાળ નથી માટે ત્યાં સામાન્ય કાળ ન દર્શાવતા ત્રણ કાળની ક્રિયા કહી.

જીવો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે તેમ કહ્યું, તેના કારણો —

● સૂત્ર-૩૭ :-

*ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે. ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મને કેવી રીતે વેદે છે ? ગૌતમ ! તે તે કારણો વડે શંકા-કાંક્ષા-વિચિકિત્સાવાળા અને ભેદ સમાપન્ન, કલુષ સમાપન્ન થઈને એ રીતે જીવો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે.*

● વિવેચન-૩૭ :-

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — જીવો કાંક્ષા મોહનીય વેદે છે, તે પૂર્વે નિર્ણીત થયુ છે, તો પુનઃ પ્રશ્ન કેમ ? વેદનાના કારણો પ્રતિપાદિત કરવા માટે. કહ્યું છે — પૂર્વે કહેવાયા છતાં ફરી જો કહેવાય, તો તેનું કારણ હોય તેમ સમજવું, પ્રતિષેધ, અનુજ્ઞા, હેતુ વિશેષ જણાવવા છે.

બીજા દર્શનનું શ્રવણ, કુતિર્થિકનો સંસર્ગ આદિ વિદ્વત્ પ્રસિદ્ધ કારણો વડે — શંકાદિ હેતુ વડે. તે હેતુ શું ? શંકિત - જિનોક્ત પદાર્થ પ્રતિ સર્વથી કે દેશથી

સંશય પામેલ.. कांक्षित - અન્યાન્ય દર્શનના ગ્રહણથી તેની ઈચ્છાવાળા થયેલ.. वितिगिच्छिय - ફળના વિષયમાં શંકિત.. भेदसमापन्न - શું આ જિનશાસન છે કે આ જિનશાસન છે, એ રીતે જિનશાસનના સ્વરૂપમાં મતિભેદને પામેલ. અથવા અનિશ્ચયરૂપ મતિભંગને પામેલા. અથવા શંકિત આદિ વિશેષણવાળા છે માટે જે જેઓની બુદ્ધિ દ્વિધાભાવને પામી છે તે. कलुषसमापन्न - "એ એમ નથી" એવી વિપરીત બુદ્ધિ પામેલા.

એ પ્રકારે જ જીવો કાંક્ષા મોહનીયને વેદે છે એમ જાણવું. કેમકે આ રીતે જિનવરે કહ્યું છે અને તે સત્ય છે. તેની સત્યતા —

● **સૂત્ર-૩૮ :-**

***ભગવન્ ! તે જ નિઃશંક, સત્ય છે જે જિનવરે કહ્યું છે ? હા, ગૌતમ ! તે જ નિઃશંક, સત્ય છે, જે જિનવરે કહ્યું છે.***

● **વિવેચન-૩૮ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — જિન સિવાયનાએ કહેલું રાગાદિથી ઉપહત હોવાથી સત્ય નથી, તેમાં અસત્યપણું સંભવે છે. સત્ય વ્યવહારથી પણ હોય, તેથી કહ્યું નિઃશંક - સંદેહ રહિત.

હવે જિન પ્રવેદિત સત્યને માનનારો કેવો હોય તે કહે છે —

● **સૂત્ર-૩૯ :-**

***ભગવન્ ! ઉપર મુજબ મનમાં ધારતો, પ્રકરતો, રહેતો, સંવરતો આજ્ઞાનો આરાધક થાય ? હા, ગૌતમ ! - x - થાય.***

● **વિવેચન-૩૯ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - નિશ્ચિતપણે. "તે જ નિઃશંક સત્ય છે, જે જિનવરે કહ્યું છે" એમ માનીને મનને સ્થિર કરતો, ઉક્તરૂપે મન ન હોય તો પણ તેમ કરતો, ઉક્તરૂપે મનની ચેષ્ટા કરતો, "બીજા મતો સત્ય નથી" ઇત્યાદિ ચિંતામાં મનથી પ્રવૃત્ત, અથવા તપ, ધ્યાનાદિમાં મનની ચેષ્ટા કરતો, એ રીતે મનને રોકતો-બીજા મતોથી મનને પાછું વાળતો અથવા હિંસાદિથી મનને અટકાવ તો જીવ, જિન ઉપદિષ્ટ જ્ઞાનાદિ આસેવારૂપ આજ્ઞાનો આરાધક થાય છે.

"તે સત્ય છે, જે જિનવરે કહ્યું છે" તેનું શું કારણ ? જેવી વસ્તુસ્થિતિ છે, તેવી જ જિનવરે કહી છે, માટે સત્ય છે તે દર્શાવે છે.

● **સૂત્ર-૪૦ :-**

***ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? હા, ગૌતમ ! યાવત્ પરિણમે છે.***

***ભગવન્ ! અસ્તિત્વ અસ્તિત્વમાં અને નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે, તે શું પ્રયોગથી કે વિસ્રસાથી ? ગૌતમ ! બંનેથી.***

***ભગવન્ ! જેમ તમારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે, તેમજ નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે ? અને જેમ તમારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં***



***પરિણમે છે, તેમજ તમારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે ? હા ગૌતમ ! જેમ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે તેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે. જેમ મારું નાસ્તિત્વ નાસ્તિત્વમાં પરિણમે છે તેમજ મારું અસ્તિત્વ અસ્તિત્વમાં પરિણમે છે.***

***ભગવન્ ! શું અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય છે ? ગૌતમ ! જેમ પરિણમે છે ના બે આલાપક છે, તેમ ગમનીયના પણ બે આલાપક કહેવા. યાવત્ મારા મતે અસ્તિત્વ અસ્તિત્વે ગમનીય છે.***

● **વિવેચન-૪૦ :-**

અંગુલિ આદિનું અંગુલિ આદિ ભાવથી હોવું તે અસ્તિત્વ. કહ્યું છે — સર્વ વસ્તુ સ્વરૂપે છે અને પર રૂપે નથી અન્યથા સર્વે ભાવોના એકત્વનો પ્રસંગ આવે. તે અહીં ઋજુત્વ આદિ પર્યાયરૂપે જાણવું. કેમકે અંગુલિ આદિ દ્રવ્યનું અસ્તિત્વ ઋજુત્વાદિ પર્યાય થકી અભિન્ન છે. અંગુલિ આદિનું અંગુલિ આદિ ભાવથી સત્ત્વ એટલે વક્રત્વાદિ પર્યાયપણે પરિણમે છે. અર્થાત્ દ્રવ્યની બીજા પ્રકારે સત્તા પ્રકારાંતર સત્તામાં વર્તે છે. જેમ માટી રૂપ દ્રવ્યની સત્તા પિંડ પ્રકારમાંથી ઘડા રૂપે વર્તે છે. - - नास्तित्व०

અંગુલિની અપેક્ષાએ અંગુષ્ઠપણું તે નાસ્તિત્વ, પછી તે અંગુલિ આદિનું નાસ્તિત્વ અંગુષ્ઠાદિ અસ્તિત્વરૂપે અને અંગુલિઆદિનું નાસ્તિત્વ અંગુષ્ઠાદિના પર્યાયાંતરથી અસ્તિત્વરૂપે પરિણમે છે. જેમકે માટીનું નાસ્તિત્વ તંતુ આદિ રૂપે છે અને તે માટીના નાસ્તિત્વરૂપ પટમાં હોય છે - x - અથવા -

સત્ વસ્તુ સત્ રૂપે પરિણમે છે, તે સત્ જ હોય છે. પણ સત્ વસ્તુ સર્વથા નાશ પામતી નથી. કેમકે વિનાશ એટલે માત્ર પર્યાયાન્તરપણું. જેમ દીવાનો નાશ થતા અંધકારાદિ રૂપથી તે પરિણમે છે. અત્યંત અભાવરૂપ નાસ્તિત્વ તે 'ગધેડાની શીંગ' આદિની જેમ છે. તેમાં નાસ્તિત્વ એટલે અત્યંત અભાવ થાય. - x - x - અથવા ધર્મી સાથે અભેદ છે માટે अस्तित्व - સત્, જે સત્ છે તે સત્ રૂપ ધર્મમાં હોય છે. જેમ પટ પટત્વમાં જ છે. नास्तित्व એટલે અસત્. જેમ અપટ અપટત્વમાં છે.

હવે પરિણામ હેતુ દર્શાવવાને માટે કહે છે — પર્યાય પર્યાયાંતરતાને પામે છે, બીજા પદાર્થનો પર્યાય ઈતર પર્યાયને પામે છે. प्रयोग - જીવના વ્યાપારથી, विश्रसा - ઘડપણના પર્યાયરૂપે રૂઢ છે પણ અહીં તેનો અર્થ સ્વભાવ કરવો. તે અસ્તિત્વ આદિ પરિણામ પ્રયોગ વડે પણ થાય છે. જેમ - કુંભારની ક્રિયાથી માટીનો પિંડ ઘડારૂપે પરિણમે છે. આંગળી સીધીમાંથી વાંકી થાય છે અને विस्त्रसा - ધોળું વાદળ અન્યરૂપે પરિણમે છે.

નાસ્તિત્વ પરિણામમાં પણ પ્રયોગ અને વિસ્રસાના ઉદાહરણો કહેવા. પણ તે બીજી વસ્તુની અપેક્ષાએ સમજવા. - x - 'સત્' સત્રૂપ જ હોય છે, વ્યાખ્યાંતરમાં પણ આ જ ઉદાહરણો સમજવા. કેમકે પૂર્વ અને ઉત્તર અવસ્થા સદ્રૂપ છે. વળી જે "અભાવરૂપ હોય તે અભાવરૂપ જ રહે છે" એમ જે કહ્યું, તે પક્ષમાં પ્રયોગ અને

વિસ્રસાથી અભાવ અભાવ જ રહે. પણ પ્રયોગાદિનું સાફલ્ય ન કહેવું. ઉક્ત બંને હેતુ બંને સ્થાને સમાન અને ભગવંતને સ્વીકાર્ય છે, તે દર્શાવતા કહે છે —

યથા - પ્રયોગ, વિસ્રસાથી તમારા મતમાં અથવા સામાન્ય થકી અસ્તિત્વ નાસ્તિત્વ પરિણામ પ્રયોગ-વિસ્રસાજન્ય કહ્યા. પણ સામાન્યનો વિધિ બધે સ્થાને સરખો હોય તેવો નિયમ નથી. ઉલટો પણ હોય. અતિશયવાન્ ભગવંતને આશ્રીને તે પરિણામ અન્યથાત્વ હોય તેવી આશંકાથી સૂત્રમાં પ્રશ્ન કર્યો છે. - x -

હવે ઉક્ત સ્વરૂપના અર્થની સત્યત્વથી પ્રજ્ઞાપનીયતા દર્શાવવા કહે છે — સત્ વસ્તુ સત્તપણે જ કહેવી જોઈએ. તેના બે આલાપક જાણવા. પરિણામ ભેદ અભિધાનથી પ્રયોગથી અને વિસ્રસાથી. તે એક આલાવો અને બીજો અસ્તિત્વ અસ્તિત્વમાં ગમનીય. - x - આ રીતે વસ્તુ પ્રજ્ઞાપના વિષયમાં સમભાવતા કહીને હવે શિષ્યના વિષયમાં તે દર્શાવતા કહે છે.

● સૂત્ર-૪૧ :-

*ભગવન્ ! જેમ તમારું અહીં ગમનીય છે, તેમ તમારું ઈહ ગમનીય છે ? જેમ તમારું ઈહ ગમનીય છે, તેમ તમારું અહીં ગમનીય છે ? ગૌતમ ! હા જેમ મારું અહીં ગમનીય છે તેમ - x -.*

● વિવેચન-૪૧ :-

પોતાની અને બીજાની અપેક્ષા રાખ્યા વિના સમત્વથી કર્યુ એવી પ્રવૃત્તિ વડે કે ઉપકાર બુદ્ધિથી, ભગવન્ ! મારી પાસે રહેલા સ્વ શિષ્યમાં ગમનીય છે, તે જ સમતા લક્ષણ પ્રકારથી કે ઉપકાર બુદ્ધિથી इह - આ સંસારી કે પાખંડી આદિ લોકોમાં ગમનીય છે ? - અથવા - एत्थ સ્વાત્મામાં સુખપ્રિયત્વાદિ ધર્મો ગમનીય છે, તેમ પરાત્મમાં છે ? અથવા પ્રત્યક્ષ અધિકરણાર્થપણે एत्थ - શબ્દરૂપ ગમનીય છે તેમ इह - શબ્દરૂપ ગમનીય છે ?

સપ્રસંગ કાંક્ષામોહનીય કર્મ વેદન કહ્યું, હવે તેનું બંધન—

● સૂત્ર-૪૨ :-

*ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ બાંધે ? હા, બાંધે. ભગવન્ ! જીવો કાંક્ષા મોહનીય કર્મ કઈ રીતે બાંધે ? ગૌતમ ! પ્રમાદરૂપ હેતુ અને યોગરૂપ નિમિત્તથી બાંધે. ભગવન્ ! તે પ્રમાદ શાથી થાય છે ? ગૌતમ ! યોગથી. ભગવન્ ! યોગ શાથી થાય છે ? ગૌતમ ! વીર્યથી. ભગવન્ ! વીર્ય, શાથી પેદા થાય ? ગૌતમ ! શરીરથી. ભગવન્ ! શરીર શાથી પેદા થાય ? ગૌતમ ! જીવથી.*

*એ રીતે ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે.*

● વિવેચન-૪૨ :-

પ્રમાદરૂપ લક્ષણ હેતુથી, प्रमाद - મદ્ય આદિ. અથવા પ્રમાદ ગ્રહણથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય લક્ષણ બંધના ત્રણ હેતુ કહ્યા. એ પ્રમાણે ઈષ્ટ છે અને પ્રમાદમાં તેનો અંતર્ભાવ છે. કહ્યું છે કે — મુનીન્દ્રોએ આઠ ભેદે પ્રમાદ કહ્યો છે — અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મમાં અનાદર, યોગમાં દુષ્પ્રણિધાન આઠે



છોડવા.

योग - મન વગેરેનો વ્યાપાર, તે જ્યાં હેતુ છે, તે તે રીતે બાંધે છે. આ રીતે યોગને કર્મબંધનો ચોથો હેતુ કહ્યો.

હવે પ્રમાદાદિનો હેતુફલ ભાવ દર્શાવતા કહે છે — આ પ્રમાદ ક્યાંથી થાય છે ? "ક્યાંથી ઉદ્ભવે છે ?" એમ પાઠાંતર છે.

योग - મન વગેરેનો વ્યાપાર. પ્રમાદનો ઉત્પાદક યોગ છે ? કેમકે મદ્યાદિનું સેવન અને મિથ્યાત્વાદિ ત્રણ રૂપ પ્રમાદ, મન વગેરેના વ્યાપારથી જ સંભવે... वीर्य - વીર્યાન્તરાય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી ઉત્પન્ન જીવ પરિણામ વિશેષ... વીર્યના બે ભેદ - સકરણ અને અકરણ. તેમાં અલેશ્ય કેવલીને સમસ્ત જ્ઞેય તથા દૃશ્ય પદાર્થમાં કેવલજ્ઞાન-દર્શન ઉપયોગવાળાનો ચેષ્ટા રહિત અસ્ખલિત પરિણામ તે અકરણવીર્ય. અહીં તે અધિકાર નથી.

પરંતુ સલેશ્ય જીવનો મન-વચન-કાયરૂપ સાધનવાળો આત્મપ્રદેશના પરિસ્પંદરૂપ જે વ્યાપાર તે સકરણવીર્ય, તેનું ઉત્પાદક શરીર છે. કેમકે શરીર વિના વીર્ય ન થાય. જો કે શરીરનું કારણ એકલો જીવ નથી, કર્મ પણ છે તો પણ કર્મનું કારણ જીવ છે માટે જીવના પ્રાધાન્યથી શરીરનું કારણ જીવ કહ્યો છે.

હવે પ્રસંગવશાત્ ગોશાલકના મતને નિષેધતા કહે છે — એ રીતે ઉક્ત ન્યાયથી કાંક્ષા મોહનીય કર્મ બંધક જીવ સિદ્ધ થાય છે તો પુરુષાર્થ સાધક ઉત્થાનાદિ હોવું જોઈએ. પણ ગોશાલકના મત માફક ન હોવું જોઈએ એમ નહીં, તે નિયતિથી જ પુરુષાર્થની સિદ્ધિ માને છે. કહ્યું છે — નિયતિથી જે પ્રાપ્ત થવાનું તે અવશ્ય થાય છે. - x - જીવો ગમે તેટલે પ્રયત્ન કરે તો પણ ન થવાનું થતું નથી અને થવાનો નાસ નથી. આ રીતે અપ્રમાણિક નિયતિ સ્વીકારાય તો પ્રત્યક્ષ સિદ્ધ પુરુષાર્થનો અપલાપ થાય છે.

उत्थान - ઉઠવું - x - कर्म्म - ઉંચું ફેંકવું, નીચું ફેંકવું આદિ बल - શારીરિક પ્રાણ, वीर्य - જીવનો ઉત્સાહ, पुरुषकार - પુરુષત્વ અભિમાન, ઈષ્ટ ફળને સાધનાર પુરુષકાર તે પરાક્રમ અથવા પુરુષની ક્રિયા, તે પ્રાયઃ સ્ત્રી ક્રિયાથી પ્રકર્ષવાળી થાય છે, માટે વિશેષતાપૂર્વક તે પુરુષકારનું અહીં ગ્રહણ કરવું. पराक्रम - શત્રુનું નિરાકરણ... કાંક્ષા મોહનીય કર્મનું વેદન અને બંધ હેતુસહિત કહ્યો, હવે તે જ કર્મની ઉદીરણા અને બીજું દર્શાવવા કહે છે —

● સૂત્ર-૪૩ :-

*ભગવન્ ! શું જીવ પોતાની મેળે જ ઉદીરે છે ? આપમેળે જ ગર્હે છે ? આપમેળે જ સંવરે છે ? હા, ગૌતમ ! તેમજ છે.*

*ભગવન્ ! જે તે આપમેળે જ ઉદીરે છે - ગર્હે છે. સંવરે છે, તો શું ઉદીર્ણ ઉદીરે છે ? અનુદીર્ણને ઉદીરે છે ? અનુદીર્ણ અને ઉદીરણા યોગ્યને ઉદીરે છે ? કે ઉદયાનંતર પશ્ચાત્ કર્મને ઉદીરે છે ? ગૌતમ ! તે ઉદીર્ણ, અનુદીર્ણ કે ઉદયાનંતર પશ્ચાત્ કર્મને નથી ઉદીરતો પણ અનુદીર્ણ અને ઉદીરણા યોગ્ય*

*કર્મને ઉદીરે છે.*

*ભગવન્ ! જો તે અનુદીર્ણ-ઉદીરણાયોગ્ય કર્મને ઉદીરે છે, તો તે શું ઉત્થાનથી, કર્મથી, બલથી, વીર્યથી, પુરુષકારપરાક્રમથી ઉદીરે છે ? કે અનુત્થાનથી, અકર્મથી, અબલથી, અવીર્યથી અને અપુરુષકાર પરાક્રમથી ઉદીરે છે ? ગૌતમ ! તે ઉત્થાનથી, કર્મ-બલ-પુરુષકાર પરાક્રમથી અનુદીર્ણ-ઉદીરણા યોગ્ય કર્મને ઉદીરે છે. અનુત્થાન, અકર્મ, અબલ, અવીર્યાદિથી નહીં. જો એમ છે, તો ઉત્થાન છે, કર્મ છે, બળ છે, વીર્ય છે, પુરુષકાર પરાક્રમ છે.*

*ભગવન્ ! તે આપમેળે જ ઉપશમાવે, આપમેળે જ ગર્હે, આપમેળે જ સંવરે ? હા, ગૌતમ ! અહીં પણ તેમજ કહેવું. પણ વિશેષ આ - અનુદીર્ણને ઉપશમાવે, બાકી ત્રણેનો નિષેધ કરવો.*

*ભગવન્ ! જો તે અનુદીર્ણને ઉપશમાવે તે શું ઉત્થાનથી યાવત્ પુરુષકાર પરાક્રમથી ? કે અનુત્થાન આદિથી ઉપશમાવે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું.... ભગવન્ ! પોતાની જ મેળે વેદે અને ગર્હે ? ગૌતમ ! પૂર્વોક્ત પરિપાટી જાણવી, વિશેષ આ - ઉદીર્ણને વેદે છે, અનુદીર્ણને નહીં. એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી વેદે છે.*

*ભગવન્ ! તે આપમેળે જ નિર્જરે અને ગર્હે ? અહીં પણ પૂર્વોક્ત પરિપાટી જાણવી. વિશેષ એ કે — ઉદયાનંતર પશ્ચાતકૃત્ કર્મને નિર્જરે છે અને એ પ્રમાણે યાવત્ પુરુષકાર પરાક્રમથી નિર્જરે.*

**● વિવેચન-૪૩ :-**

સ્વયં જ જીવ, આ સૂત્રથી કર્મના બંધાદિમાં મુખ્યતાએ જીવનો જ અધિકાર છે, બીજાનો નહીં. ‘‘બીજા પદાર્થ નિમિત્તે જીવને જરાપણ કર્મબંધ કહ્યો નથી.’’ ઉદીરે છે એટલે ભાવિકાળે વેદવાના કર્મને તેનો નાશ કરવા કરણ વિશેષથી ખેંચી ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવો... गरहइ - કર્મના સ્વરૂપને જાણવાથી કે તેના કારણની ગર્હા દ્વારા બોધ પામીને કર્મને આત્મા વડે જ ગર્હે છે અર્થાત્ ભૂતકાળમાં કરેલ કર્મને નિંદે છે... संवरइ - સ્વરૂપથી કે તેના હેતુને અટકાવવાથી વર્તમાનકાળના કર્મને અટકાવે છે - કરતો નથી. જો કે ગર્હા આદિમાં ગુરુ આદિ પણ સહકારિરૂપે હોય છે. તો પણ તેની પ્રધાનતા નથી. કેમકે તેમાં જીવનું વીર્યત્વ મુખ્ય છે.

હવે ઉદીરણાને આશ્રીને કહે છે — સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ કે — સૂત્રકારે उदीर्ण સાથે उदीरेइ જોડ્યું તેમ गरहेइ, संवरेइ પદ કેમ ન જોડ્યા ? ઉદીરણાદિમાં કર્મવિશેષણ ચતુષ્ટ્યમાં ઉદીરણાને આશ્રીને વિશેષણોનો સદ્‌ભાવ છે, પણ બીજા પદો સાથે નથી માટે.

જો એમ છે તો ઉદ્દેશ સૂત્રમાં गर्हिते, संवृणोति એ બે પદ કેમ લીધાં ? ગર્હણ અને સંવરણ બંને ઉદીરણાના સાધન છે એમ જણાવવા માટે. આ પ્રમાણે આગળ પણ સમજવું.

- x - ઉદીર્ણને ઉદીરતો નથી, કેમકે (૧) ઉદીર્ણનું ફરીથી ઉદીરણ કરવાથી



ઉદીરણાનો પાર આવશે નહીં. (૨) જે કર્મની ઉદીરણા ઘણી મોડી થવાની છે અથવા નથી થવાની તે અનુદીર્ણ કર્મ સંબંધી ઉદીરણા વર્તમાન કે ભાવિકાલે થતી નથી માટે. (૩) જે સ્વરૂપથી અનુદીર્ણ છે, તો પણ તુરંતમાં જ ઉદીરણા યોગ્ય છે તે ઉદીરણાભાવિ કહેવાય, તેને ઉદીરે છે કેમકે તે વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત છે. જેની ઉદીરણા થવાની હોય તે ઉદીરણાભવિક કહેવાય. જે કર્મ ઉદીરણા યોગ્ય હોય તે ઉદીરણાભવ્ય કહેવાય. (૪) જે કર્મ ઉદયમાં આવી ગયેલ હોય તેને પણ ઉદીરતો નથી કેમકે તે અતીતરૂપ છે.

જો કે અહીં ઉદીરણાદિમાં કાળ, સ્વભાવાદિ કારણત્વ છે તો પણ પ્રધાનપણે તો જીવનું વીર્ય જ કારણ છે, તે દર્શાવે છે - સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ - ઉત્થાનાદિ વડે ઉદીરે છે એમ કહ્યું. તેનો સાર એ કે — ઉદીરણ ઉત્થાનાદિથી સાધ્ય છે, બાકી બધું તેમજ છે.

કાંક્ષા મોહનીયની ઉદીરણા કહી, હવે તેનું ઉપશમન કહે છે — ઉપશમન તો મોહનીયનું જ હોય. - x - x - उपशम - ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણનું વિપાક અને પ્રદેશથી ન અનુભવવું. ઉદીર્ણનું અવશ્ય વેદન હોવાથી તેના ઉપશમનનો અભાવ છે. ઉદીર્ણ કર્મ વેદાય છે. તેથી વેદન સૂત્ર કહે છે — ઉદીર્ણ વેદાય છે. તેથી અનુદીર્ણના વેદનનો અભાવ છે. જો અનુદીર્ણ પણ વેદાય તો ઉદીર્ણ-અનુદીર્ણમાં શો ભેદ રહે ? વેદાતુ કર્મ નિર્જરે છે, માટે નિર્જરા સૂત્ર કહે છે —

ઉદયમાં આવેલ કર્મ જીવ પ્રદેશથી ખરી પડે છે, બીજું નહીં. કેમકે બીજા કર્મનો રસ વેદાયો નથી. ઉદીરણ-ઉપશમન-વેદન-નિર્જરણ સૂત્રોક્ત અર્થ સંગ્રહ ગાથા — ‘‘ત્રીજામાં ઉદીરે છે, બીજામાં ઉપશમાવે છે, પહેલા અને ચોથામાં સર્વ જીવો વેદે છે અને નિર્જરે છે.’’ હવે કાંક્ષા મોહનીયના વેદનાદિ સૂત્રો ૨૪-દંડકોમાં યોજે છે —

**● સૂત્ર-૪૪ :-**

*ભગવન્ ! નૈરયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? જેમ સામાન્ય જીવો કહ્યા, તેમ નૈરયિક યાવત્ સ્તનિતકુમારો કહેવા.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? હા, વેદે છે. ભગવન્ ! પૃથ્વીકાયિકો કાંક્ષા મોહનીયકર્મ કઈ રીતે વેદે છે ? ગૌતમ ! તે જીવોને એવો તર્ક-સંજ્ઞા-પ્રજ્ઞા-મન-વચન હોતા નથી કે અમે કાંક્ષા મોહનીય કર્મ વેદીએ છીએ, પણ તે વેદે તો છે.*

*ભગવન્ ! તે જ નિઃશંક, સત્ય છે, જે જિનોએ કહ્યું છે ? હા. બાકી પૂર્વવત્ યાવત્ પુરુષકાર પરાક્રમ વડે નિર્જરે છે. એ પ્રમાણે યાવત્ ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચયોનિકો યાવત્ વૈમાનિકોને સામાન્ય જીવોની માફક કહેવા.*

**● વિવેચન-૪૪ :-**

અહીં — ‘‘નૈરયિકો કઈ રીતે કાંક્ષા મોહનીય કર્મ વેદે છે ? ગૌતમ ! તે - તે કારણોથી ‘‘ઇત્યાદિ નિર્જરાંત સુધીના સૂત્રો સ્તનિત કુમાર પ્રકરણના અંતના

પ્રકરણોમાં જોવાનું સૂચવે છે. તેમાં જ્યાં જ્યાં પૂર્વે 'જીવ' પદ કહ્યું, ત્યાં ત્યાં 'નારકાદિ' પદ કહેવા. પંચેન્દ્રિયોમાં જ કાંક્ષા મોહનીયના શંકિતત્વ આદિ પ્રકારો ઘટે છે, એકેન્દ્રિયોમાં નહીં. તેથી તેઓના વેદન પ્રકારને વિશેષથી દર્શાવે છે –

પૃથ્વીકાયિકાદિનું સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ – આમ થશે એવા સ્વરૂપવાળો તર્ક. संज्ञा - અર્થાવગ્રહ રૂપ જ્ઞાન. प्रज्ञा - બધાં વિશેષ વિષયક જ્ઞાન. मनः - સ્મૃતિ આદિ શેષ મતિ ભેદ રૂપ. वइ - વચન, બાકીનું બધું ઔઘિક પ્રકરણમાં કહ્યા મુજબ જાણવું. તે આ પ્રમાણે - तमेव सच्चं नीसंकं० સૂત્ર કહેવું. - x - x -

પૃથ્વીકાય પ્રકરણ માફક અપ્કાયાદિ પ્રકરણો ચતુરિન્દ્રિય પ્રકરણ સુધી કહેવા. તિર્યંચ પંચેન્દ્રિયથી વૈમાનિક સુધીના પ્રકરણ ઔઘિક જીવ પ્રકરણ માફક કહેવા. - x - કાંક્ષા મોહનીયનું વેદન નિર્ગ્રન્થ સિવાયના બધાં જીવોને ભળે હોય, પણ તેનું વેદન નિર્ગ્રન્થોને ન સંભવે. કેમકે તેમની બુદ્ધિ જિનઆગમથી પવિત્ર થયેલ હોય છે. તે વિશે પ્રશ્ન પૂછતાં કહે છે –

**● સૂત્ર-૪૫ :-**

***હે ભગવન્ ! શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને વેદે છે ? હા, વેદે છે. શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મને કઈ રીતે વેદે છે ? ગૌતમ ! તે તે જ્ઞાનાંતર, દર્શનાંતર, ચારિત્રાંતર, લિંગાતર, પ્રવચનાંતર, પ્રાવચનિકાંતર, કલ્પાંતર, માર્ગાંતર, મતાંતર, ભંગાંતર, નયાંતર, નિયમાંતર, પ્રમાણાંતર વડે શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિત, ભેદ સમાપન્ન અને કલુષ સમાપન્ન થઈને, એ રીતે શ્રમણ નિર્ગ્રન્થો કાંક્ષા મોહનીય કર્મ વેદે છે. - - - ભગવન્ ! તે જ નિઃશંક સત્ય છે, જે જિનોએ જણાવેલ છે ? હા, ગૌતમ ! તેમજ છે. યાવત્ પુરુષકાર પરાક્રમ કરે છે - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

**● વિવેચન-૪૫ :-**

अस्ति - વિદ્યમાન છે, श्रमण - વ્રતવાળા. अपि શબ્દ શ્રમણોના કાંક્ષા મોહનીયના અવેદન સંભાવનાર્થે છે. તેઓ શાક્યાદિ પણ હોઈ શકે તેથી કહે છે – निर्ग्रन्थ - એટલે બાહ્ય અને અભ્યંતર ગ્રંથિરહિત અર્થાત્ સાધુ. એક જ્ઞાનથી બીજું જ્ઞાન તે જ્ઞાનાંતર, તે જ્ઞાન વિશેષથી કે જ્ઞાન વિશેષમાં શંકાદિને પામેલા, ઇત્યાદિ સાથે સંબંધ જોડવો.

તેમાં શંકાદિ આ પ્રમાણે – પરમાણુથી લઈને બધાં રૂપી દ્રવ્યો સુધીના વિષયોને ગ્રહણ કરનાર અવધિજ્ઞાન છે તો મનઃપર્યવજ્ઞાનની શું જરૂર છે ? તે મનોદ્રવ્યો અવધિજ્ઞાન વડે પણ જોઈ શકાય છે. [કહે છે –] આ જ્ઞાનાંતર શંકા છે. જો કે અવધિજ્ઞાન વડે મનોદ્રવ્યો ઉપલબ્ધ થઈ શકે છે, તો પણ મનઃપર્યવજ્ઞાન અવધિના ભેદોમાં સમાઈ શકતું નથી. કેમકે બંનેનો ભિન્ન સ્વભાવ છે. મનઃપર્યવજ્ઞાન માત્ર મનોદ્રવ્યનું જ ગ્રાહક છે અને તે જ્ઞાનમાં પ્રથમ દર્શન હોતું નથી. કેટલુંક અવધિજ્ઞાન મન સિવાયના દ્રવ્યોનું ગ્રાહક છે તથા કેટલુંક મન અને બીજા દ્રવ્યોનું પણ ગ્રાહક છે. તે દર્શન પૂર્વક હોય છે. પણ માત્ર મનોદ્રવ્ય ગ્રાહક ન હોય. ઇત્યાદિ





ઘણી વક્તવ્યતા છે, માત્ર મનઃપર્યવજ્ઞાન જુદું જ હોય છે.

दर्शन - સામાન્ય બોધ, તે ઈન્દ્રિય અને મન નિમિત્તે હોય છે - x - એક ચક્ષુર્દર્શન અને બીજું અચક્ષુર્દર્શન એવો ભેદ કેમ ? અને જો ચક્ષુ આદિ ઈન્દ્રિયો લઈએ તો છ ભેદ થાય, તો અહીં બે જ ભેદ કેમ ? સમાધાન-વસ્તુના સામાન્ય અને વિશેષ બે ભેદ છે. અહીં ચક્ષુર્દર્શન વિશેષથી છે અને અચક્ષુર્દર્શન સામાન્યથી છે. તેના પણ પ્રાપ્યકારી, અપ્રાપ્યકારી એવા બે વિભાગ પ્રકારાંતરે છે મન અપ્રાપ્યકારી છે, તો પણ મનને અનુસરનારી પ્રાપ્યકારી ઈન્દ્રિયો ઘણી છે, માટે મનોદર્શન અને બીજી દરેક ઈન્દ્રિયોનું દર્શન અચક્ષુર્દર્શનથી લીધું છે. - x - - અથવા -

दर्शन - સમ્યક્ત્વ - તેમાં શંકા - ક્ષાયોપશમિકનું લક્ષણ આ છે - ઉદીર્ણ થયેલ મિથ્યાત્વ ક્ષીણ થયું હોય, અનુદીર્ણ ઉપશાંત હોય. ઔપશમિકનું સ્વરૂપ - ઉદીર્ણ મિથ્યાત્વ ક્ષીણ થયું હોય અને બાકીનું અનુદીર્ણ હોય ત્યારે અંતર્મુહૂર્ત્ત પર્યન્ત ઔપશમિક સમ્યક્ત્વ પામે. આ રીતે બંનેમાં કોઈ તફાવત દેખાતો નથી, તો બંને જુદા કેમ ?

ઉદીર્ણનો ક્ષય અને અનુદીર્ણનો વિપાકાનુભવ અપેક્ષાએ ઉપશમ હોય પણ પ્રદેશાનુભવની અપેક્ષાએ ઉદય જ હોય તે ક્ષયોપશમ જ્યારે ઉપશમમાં તો પ્રદેશાનુભવ જ નથી, તેથી બંનેમાં તફાવત છે. કહ્યું છે – ક્ષાયોપશમિક ભાવમાં વિદ્યમાન કર્મ વેદાય છે, ઉપશાંત કષાયવાળો તો સત્ કર્મને પણ વેદતો નથી.

चारित्र - સામાયિક, સર્વ સાવદ્યવિરતિરૂપ છે, છેદોપસ્થાપનીય પણ મહાવ્રતરૂપ હોવાથી અવદ્યવિરતિરૂપ જ છે તો ભેદ શો ? [સમાધાન] પહેલા જિનના સાધુ ઋજુ-જડ અને છેલ્લા જિનના વક્ર-જડ છે, તેથી તેમના આશ્વાસન માટે આ બે ભેદ કહ્યા છે. માત્ર સામાયિક ચારિત્ર હોય, તેમાં કોઈ દોષ આવે તો તેમને થાય કે અમે ભગ્ન ચારિત્રી છીએ પણ જો છેદોપસ્થાપનીયમાં વ્રતારોપણ થતાં પૂર્વે સામાયિકમાં કંઈક અશુદ્ધિ હોય તો નિવારણ થઈ જતાં તેને એમ ન થાય કે તે અશુદ્ધ છે - x -

लिङ्ग - સાધુવેષ, મધ્યમ જિનોના સાધુને યથાલબ્ધ વસ્ત્ર માટે અનુજ્ઞા આપી, તો પહેલા-છેલ્લા જિનના સાધુને સપ્રમાણ શ્વેત વસ્ત્રો કેમ કહ્યા ? કેમકે સર્વજ્ઞોનું વચન પરસ્પર વિરુદ્ધ ન હોય. [સમાધાન] અહીં પણ ઋજુ-જડ, વક્ર-જડ, ઋજુ-પ્રાજ્ઞ શિષ્યાશ્રિત ઉપદેશ છે.

प्रवचन - આગમ, મધ્યમ જિનના પ્રવચનમાં ચતુર્યામ ધર્મ કહ્યો છે, તો પહેલા-છેલ્લા જિનોના પ્રવચનમાં પંચયામ ધર્મ કેમ કહ્યો ? અહીં પણ સમાધાન એ છે કે – ચતુર્યામ ધર્મ પણ તત્ત્વથી પંચયામ જ છે. કેમકે ચોથા વ્રતનો પરિગ્રહમાં સમાવેશ છે. કેમકે સ્ત્રી અપરિગૃહિત ન ભોગવાય.

प्रावचनिक - પ્રવચનને ભણે કે જાણે તે. કાળ અપેક્ષાએ બહુશ્રુત પુરુષ. એક પ્રાવચનિક આમ કરે છે, બીજા આમ ? તેમાં તત્ત્વ શું ? સમાધાન-ચારિત્રમોહનીય ક્ષયોપશમ વિશેષથી ઉત્સર્ગ-અપવાદને લીધે પ્રાવચનિકોની પ્રવૃત્તિ વિચિત્ર જણાય છે, તે સર્વથા પ્રમાણરૂપ નથી. આગમથી અવિરુદ્ધ પ્રવૃત્તિ એ જ પ્રમાણ છે.

કલ્પ - જિનકલ્પિકાદિનો આચાર. જિનકલ્પીને નગ્નતા આદિ મહાકષ્ટવાળો કલ્પ કર્મક્ષયનું કારણ છે, તો સ્થવિરકલ્પીને વસ્ત્રાદિ પરિભોગરૂપ યથાશક્તિ કરણરૂપ અકષ્ટ સ્વભાવ કેમ કર્મક્ષય માટે થાય ? [સમાધાન] બંને કલ્પો અવસ્થાભેદથી કર્મક્ષયનું કારણ છે. પણ કષ્ટ કે અકષ્ટ એ વિશિષ્ટ કર્મક્ષય પ્રતિ કારણ નથી.

માર્ગ - પૂર્વપુરુષ ક્રમાગત સામાચારી, કોઈમાં બે ચૈત્યવંદન, અનેકવિધ કાયોત્સર્ગ કરણાદિ રૂપ છે, બીજાની સામાચારી તેવી નથી. તો તેમાં તત્ત્વ શું ? [સમાધાન] તેના પ્રવર્તક અશઠ ગીતાર્થ છે. તે સામાચારી આચરિતલક્ષણ યુક્ત છે, માટે તે બધી વિરુદ્ધ નથી. અહીં આચરિત એટલે - અશઠ પુરુષે આચરેલ, અસાવધ, કોઈ સ્થળે કોઈથી પણ નિવારિત ન હોય તથા બહુમત અનુમત હોય તે આચરિત.

મત - સમાન શાસ્ત્રમાં આચાર્યોનો જુદો અભિપ્રાય. જેમકે - સિદ્ધસેન દિવાકરના મતે - કેવલીને યુગપદ્ જ્ઞાન, દર્શન હોય અન્યથા તદાવરક કર્મક્ષય નિરર્થક થાય. જ્યારે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના મતે કેવલીને ભિન્ન સમયે જ્ઞાન-દર્શન હોય કેમકે જીવનું સ્વરૂપ એવું છે. તથા મતિ-શ્રુતાવરણનો ક્ષયોપશમ સમાન છે છતાં બંને જ્ઞાન ક્રમપૂર્વક જ થાય છે, પણ એક જ્ઞાનના ઉપયોગમાં બીજાના ક્ષયોપશમનો અભાવ હોતો નથી. કેમકે તેમનો ક્ષયોપશમ કાળ ઉત્કૃષ્ટથી ૬૬-સાગરોપમ છે. તો આ બંનેમાં તત્ત્વ શું ? [સમાધાન] જે મત આગમને અનુસરે તે સત્ય અને બીજાની ઉપેક્ષા કરવી. તે તો બહુશ્રુત જ જાણે. અબહુશ્રુત હોય તે આ ન જાણી શકે. આચાર્યના સંપ્રદાયથી આ મતભેદ છે જિનોનો મત તો એક છે અને અવિરુદ્ધ છે. કેમકે તેમને રાગાદિ દોષ નથી. - x - x -

ભઙ્ગ - બે વગેરે સંયોગ ભંગ. જેમકે દ્રવ્યથી હિંસા, ભાવથી નહીં, તે એક ભંગ. એવી ચતુર્ભંગી. અહીં પહેલો પણ ભંગ યુક્ત નથી. કેમકે દ્રવ્યહિંસા - ઇર્યા સમિતિથી જતાં કીડી વગેરેની હિંસા, તેમાં હિંસા લક્ષણ ઘટતું નથી માટે હિંસા નથી. કહ્યું છે — પ્રમત્ત પુરુષની ક્રિયાથી જો જીવ હણાય, તો નક્કી તે પુરુષ હિંસક છે. પ્રથમ ભંગમાં તેમ નથી તો હિંસા કેમ ?

આ શંકા યુક્ત નથી. કેમકે આ ગાથામાં કહેલ લક્ષણ દ્રવ્ય-ભાવ હિંસાને આશ્રીને છે. દ્રવ્યહિંસા તો મરણ માત્રપણે રૂઢ છે.

નય - દ્રવ્યાસ્તિકાદિ દ્રવ્યાસ્તિક મતે નિત્ય વસ્તુ પર્યાયાસ્તિક મતે અનિત્ય કઈ રીતે હોય ? તે વિરુદ્ધ છે. - - આશંકા અયુક્ત છે. દ્રવ્ય અપેક્ષાએ તેનું નિત્યપણું છે. પર્યાય અપેક્ષાએ અનિત્યત્વ છે. એક કાળે એક જ વસ્તુમાં ભિન્ન ભિન્ન અપેક્ષાએ વિરુદ્ધ ધર્મો હોઈ શકે. જેમ પિતાની અપેક્ષાએ જે પુત્ર છે, તે પુત્ર અપેક્ષાએ પિતા છે.

નિયમ - અભિગ્રહ. એક સર્વવિરતિ સામાયિક નિયમ કર્યો પછી પૌરુષિ આદિ નિયમ શા માટે ? સામાયિકથી જ બધાં ગુણો પ્રાપ્ત થાય છે - - આ શંકા અયુક્ત છે. સામાયિક હોય છતાં પૌરુષિ આદિ નિયમો યુક્ત છે. કેમકે તેથી અપ્રમાદ વૃદ્ધિનો હેતુ છે - કહ્યું છે - સર્વ સાવદ્ય ત્યાગરૂપ સામાયિક હોય તો પણ આ નિયમો ગુણકર



કહ્યા છે.

પ્રમાણ - પ્રત્યક્ષાદિ. તેમાં આગમ પ્રમાણ - ભૂમિથી ઉંચે ૮૦૦ યોજને સૂર્ય સંચરે છે. જ્યારે આપણે નજરથી તો સૂર્યને હંમેશા પૃથ્વીથી નીકળતો જોઈએ છીએ. તો અહીં સત્ય શું ? સમાધાન-સૂર્યને આપણે નીકળતો જોઈએ છીએ તે પ્રત્યક્ષ સત્ય નથી. કેમકે સૂર્ય ઘણો દૂર હોવાથી તે સંબંધે આપણને ભ્રમ થવો સંભવે છે.

**શતક-૧, ઉદ્દેશો-૩-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧-ઉદ્દેશો-૪-કર્મપ્રકૃતિ ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩-માં કર્મનું ઉદીરણ, વેદન આદિ કહ્યું. તેના જ ભેદાદિને દર્શાવવા, તથા દ્વાર ગાથામાં કહેલ 'પ્રકૃતિ'ને દર્શાવવા કહે છે.

● **સૂત્ર-૪૬,૪૭ :-**

***[૪૬] ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ કર્મ પ્રકૃતિઓ કહી છે. પન્નવણા સૂત્રનો 'કર્મપ્રકૃતિ' પદનો પહેલો ઉદ્દેશો અનુભાગ સમાપ્ત થાય ત્યાં સુધી કહેવો.***

***[૪૭] કેટલી પ્રકૃતિ, કઈ રીતે બાંધે, કેટલા સ્થાને પ્રકૃતિ બાંધે ? કેટલી પ્રકૃતિ વેદે ? કોનો કેટલો અનુભાગ [રસ] છે ?***

● **વિવેચન-૪૬,૪૭ :-**

સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ આ — કર્મ પ્રકૃતિ એ પન્નવણાસૂત્રનું ૨૩મું પદ છે. તેનો પહેલો ઉદ્દેશો જાણવો. તેની સંગ્રહગાથા આ છે — તેમાં कइ पगडी નામે દ્વાર છે, તે આ - ભગવન્ ! કર્મપ્રકૃતિઓ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ, જ્ઞાનાવરણીય આદિ. 'कह बंधई' એ દ્વાર છે, તે આ - ભગવન્ ! જીવ આઠ કર્મ પ્રકૃતિ કેવી રીતે બાંધે છે ? ગૌતમ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જીવ દર્શનાવરણીય કર્મને પામે. દર્શનાવરણીય કર્મના ઉદયથી દર્શન મોહનીય કર્મને વિપાકાવસ્થ કરે છે. દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાત્વને પામે. મિથ્યાત્વથી આઠે બાંધે. કર્મબંધ પ્રવાહના અનાદિત્વથી, ઉક્ત રીતે કર્મબંધમાં ઈત્તરેત્તર આશ્રય દોષ થતો નથી. - - ''कइहिं च ठाणेहिं'' દ્વાર છે, તે આ રીતે —

— જીવ કેટલા સ્થાનો વડે જ્ઞાનાવરણીય કર્મ બાંધે ? ગૌતમ ! બે સ્થાનો વડે - રાગથી, દ્વેષથી. - - 'कइ वेएइ' એ દ્વાર આ રીતે છે. ભગવન્ ! જીવ કેટલી કર્મપ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! કેટલીકને વેદે છે, કેટલીકને નથી વેદતો. જેને વેદે છે તે આઠ છે. ઇત્યાદિ - x - x -

अनुभागो कइविहो कस्स એ દ્વાર છે. તે આ - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો રસ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! દશ પ્રકારે છે - શ્રોતવિજ્ઞાનાવરણ ઇત્યાદિ. અર્થાત્ દ્રવ્યેન્દ્રિયાવરણ, ભાવેન્દ્રિય-આવરણ. - કર્મ વિચારણા અધિકારથી મોહનીય સંબંધે કહે છે —

● સૂત્ર-૪૮ :-

*ભગવન્ ! કૃત્ મોહનીયકર્મ ઉદયમાં આવેલ હોય ત્યારે જીવ ઉપસ્થાપન કરે ? ગૌતમ ! હા, કરે. ભગવન્ ! તે ઉપસ્થાપન વીર્યતાથી થાય કે અવીર્યતાથી ? ગૌતમ ! વીર્યતાથી ઉપસ્થાપન થાય, અવીર્યતાથી નહીં. જો વીર્યતાથી થાય તો તે ઉપસ્થાપન બાલવીર્યતાથી થાય, પંડિત વીર્યતાથી થાય કે બાલપંડિત વીર્યતાથી ? ગૌતમ ! તે બાલવીર્યતાથી થાય, પંડિત કે બાલપંડિત વીર્યતાથી ન થાય.*

*ભગવન્ કૃત્ મોહનીયકર્મ ઉદયમાં આવે ત્યારે જીવ અપક્રમણ કરે ? હા, કરે. ભગવન્ ! યાવત્ તે બાલપંડિતવીર્યથી કરે ? ગૌતમ ! બાલવીર્યતાથી અપક્રમણ કરે, કદાચ બાલપંડિત વીર્યતાથી કરે, પણ પંડિતવીર્યતાથી ન કરે. - - જે રીતે 'ઉદીર્ણ'ના બે આલાવા કહ્યા, તેમ 'ઉપશાંત' સાથે પણ બે આલાવા કહેવા. વિશેષ એ કે — ત્યાં પંડિત વીર્યતાથી ઉપસ્થાપન અને બાલપંડિતવીર્યતાથી અપક્રમણ થાય.*

*ભગવન્ ! તે અપક્રમણ આત્માથી થાય કે અનાત્માથી ? ગૌતમ ! અપક્રમણ આત્માથી થાય, અનાત્માથી નહીં. ભગવન્ ! મોહનીય કર્મને વેદતો તે એ એ પ્રમાણે કેમ હોય ? ગૌતમ ! પહેલા તેને એ પ્રમાણે રુચતું હતું, હવે તેને એ એમ રુચતું નથી માટે એ એમ છે.*

● વિવેચન-૪૮ :-

મિથ્યાત્વ મોહનીયના ઉદયમાં ઉપસ્થાન-પરલોકની ક્રિયાનો સ્વીકાર કરે ? વીર્યના યોગથી વીર્ય એટલે પ્રાણી, તેનો ભાવ તે વીર્યતા. વીર્યનો ભાવ તે વીર્યતા. તેના વડે. વીર્યના અભાવ વડે. કેમકે ઉપસ્થાનમાં વીર્યની જરૂર પડે. જેને સમ્યગ્ અર્થનો બોધ ન હોય અને સદ્‌બોધકારક વિરતિ ન હોય તે જીવ 'બાલ' કહેવાય. મિથ્યાદૃષ્ટ જીવ તે બાલ. તેની વીર્યતા-પરિણતિ વડે. पण्डित - સર્વ પાપનો ત્યાગી, તેનાથી અન્ય જ્ઞાનહીન હોવાથી અપંડિત છે. કહ્યું છે કે — તે જ્ઞાન જ નથી, જેના ઉદયમાં રાગાદિની પરિણતિ આત્મામાં દેખાય. જે સર્વવિરત છે તે પંડિત છે. बालपण्डित - દેશથી વિરતિનો અભાવ તે બાલ અને દેશથી વિરતિનો સદ્‌ભાવ, બાલપંડિત એટલે દેશવિરત. અહીં મિથ્યાત્વના ઉદયમાં મિથ્યાદૃષ્ટિત્વથી જીવનું બાલવીર્યથી જ ઉપસ્થાન છે, બીજા બે વડે નહીં. - - એ જ વાતને કહે છે.

ઉપસ્થાનનું વિપક્ષ અપક્રમણ છે, તેને આશ્રીને કહે છે — જીવ ઉત્તમ ગુણ સ્થાનેથી હીનતર ગુણસ્થાનને પામે. बालवीर्यता - મિથ્યાત્વ મોહના ઉદયે સમ્યક્ત્વથી, સંયમથી, દેશસંયમથી પાછો વળી મિથ્યાદૃષ્ટિ થાય. પંડિતતાથી પ્રધાનતર ગુણ સ્થાનકે હોવાથી પંડિતવીર્ય વડે પાછો વળે નહીં. કદાચિત્ ચારિત્ર મોહનીયનો ઉદય હોય તો સંયમથી પતિત થઈને બાલપંડિતવીર્યથી દેશવિરત થાય. વાચનાંતરમાં તો બાલપંડિત વીર્ય વડે પણ અપક્રમણ ન પામે તેમ કહેલું છે.

ઉદીર્ણનો વિપક્ષ ઉપશાંત છે. હવે ઉપશાંત સંબંધે બે સૂત્ર કહે છે — અર્થ પૂર્વવત્, વિશેષ એ - પ્રથમ આલાપકમાં જ્યારે મોહનીય કર્મ તદ્દન ઉપશાંત થાય છે



ત્યારે પંડિતવીર્યથી ક્રિયામાં ઉપસ્થાન કરે કેમકે ઉપશાંત મોહાવસ્થામાં પંડિત વીર્ય જ હોય. બીજા બે ન હોય. વૃદ્ધોએ કોઈ વ્યાખ્યાનને આશ્રીને આમ કહ્યું છે — મોહનીય ઉપશાંત થતા મિથ્યાદૃષ્ટિ ન થાય, પણ સાધુ કે શ્રાવક થાય.

બીજા આલાપકમાં - મોહનીય ઉપશાંત થતા બાલપંડિતવીર્ય વડે સંયતતાથી પાછો ખસી દેશ સંયત થાય છે. કેમકે તેનો મોહોપશમ અમુક ભાગે છે. પણ મિથ્યાદૃષ્ટિ ન થાય. કેમકે મોહના ઉદયે જ મિથ્યાદૃષ્ટિત્વ છે અને અહીં મોહોપશમ સંબંધી અધિકાર છે.

'અપક્રમે છે' એમ જે કહ્યું, તે સંબંધે સામાન્યથી પ્રશ્ન કરે છે - એ જીવ આત્મા વડે છે કે અનાત્મા વડે અર્થાત્ પર વડે અપક્રમે અર્થાત્ પહેલા પંડિતત્વરુચિ થઈને પછી મિશ્રરુચિ કે મિથ્યારુચિ થાય તે આત્માથી કે પરથી ? તે કયો જીવ ? મિથ્યાત્વ કે ચારિત્ર મોહનીયને વેદતો અર્થાત્ મોહનો ઉદયવર્તી. મોહનીયને વેદતા જીવનું અપક્રમણ કયા પ્રકારે થાય ? અપક્રમણ પૂર્વે આ અપક્રમણકારી જીવ જિનોના કહ્યા પ્રમાણે જીવાદિ કે અહિંસાદિ વસ્તુ પ્રત્યે રુચિ-શ્રદ્ધા રાખે છે - કરે છે. મોહનીય ઉદયકાળે એ જ જીવ જીવાદિ કે અહિંસાદિમાં રુચિ-શ્રદ્ધા રાખતો નથી, તેમ કરતો નથી. એ કારણે મોહનીયના વેદનમાં અપક્રમણ થાય.

મોહનીય કર્માધિકારથી હવે સામાન્ય કર્મને વિચારે છે —

● સૂત્ર-૪૯ :-

*ભગવન્ ! નરક, તિર્યંચ, મનુષ્ય કે દેવે જે પાપકર્મ કર્યુ છે, તેને વેદ્યા વિના શું મોક્ષ નથી ? હા, ગૌતમ ! કરેલ પાપકર્મ વેદ્યા વિના નૈરયિકાદિનો મોક્ષ નથી. ભગવન્ ! એવું કેમ કહો છો કે - યાવત્ મોક્ષ નથી ? ગૌતમ ! નિશ્ચિતપણે મેં કર્મના બે પ્રકાર કહ્યા છે - પ્રદેશ કર્મ અને અનુભાગ કર્મ. તેમાં જે પ્રદેશ કર્મ છે, તે નિયમા વેદવું પડે, જે અનુભાગકર્મ છે તેમાં કેટલુંક વેદાય છે, કેટલુંક નથી વેદાતુ. અરહંત દ્વારા એ જ્ઞાત છે, સ્મૃત છે, વિજ્ઞાત છે કે આ જીવ આ કર્મને આભ્યુપગમિક વેદના વડે વેદશે. આ જીવ આ કર્મને ઔપક્રમિક વેદનાથી વેદશે. તે કર્મને અનુસારે, નિકરણોને અનુસારે જે-જે રીતે ભગવંત જોયેલ છે, તે - તે રીતે તે વિપરિણમશે. માટે હે ગૌતમ ! એમ કહ્યું કે - યાવત્ કૃતકર્મ વેદ્યા વિના નૈરયિકાદિને મોક્ષ નથી.*

● વિવેચન-૪૯ :-

નૈરયિક આદિનો મોક્ષ નથી. તેઓએ જે અશુભ-નરકાગતિ આદિ પાપકર્મ બાંધ્યું છે, તે સર્વે મોક્ષ વ્યાઘાત હેતુત્વથી પાપ છે, તે પાપકર્મને ભોગવ્યા વિના [મોક્ષ નથી ?] હવે કહેવાશે એ પ્રકારે. મેં કહ્યું છે. આ સૂત્ર વડે પોતાના સર્વજ્ઞપણાથી વસ્તુ પ્રતિપાદનમાં પોતાની સ્વતંત્રતા દર્શાવી છે. જીવના પ્રદેશોમાં જે કર્મપુદ્‌ગલો તદ્રુપ છે, તે પ્રદેશકર્મ. અનુભાગ એટલે તે જ કર્મપ્રદેશોનો અનુભવાતો રસ, તદ્રુપ જે કર્મ તે અનુભાગ કર્મ. તેમાં પ્રદેશ કર્મ નિયમા વેદાય છે. તેનો વિપાક અનુભવાતો નથી, તો પણ કર્મપ્રદેશનો ક્ષય અવશ્ય થાય છે.

અનુભાગકર્મ તથાભાવે વેદે છે અને નથી વેદતો. જેમકે - મિથ્યાત્વના ક્ષયોપશમ કાલે તેને અનુભાગકર્મપણે નથી વેદતો પણ પ્રદેશ કર્મપણે તો વેદે જ છે. અહીં પૂર્વોક્ત વેદવા યોગ્ય કર્મને વેદવાના બે પ્રકાર છે, તેને અર્હતોએ જ જાણ્યા છે, તે દર્શાવે છે —

વેદનાના બંને પ્રકારને અરહંતે સામાન્યથી જાણ્યા છે, સ્મર્યા-પ્રતિપાદિત કર્યા છે, અનુચિંતિત કર્યા છે. જિનવર કેવલી હોવાથી તેને સર્વ વસ્તુ પ્રત્યક્ષ જ હોય છે, છતાં જે 'સ્મર્યા' એ પદ મૂક્યું, તે જિનના જ્ઞાન સાથે સ્મરણનું અવ્યભિચારી સાદેશ્ય બતાવે છે.

विण्णायं - દેશ, કાળ આદિ વિભાગરૂપે વિવિધ પ્રકારે જ્ઞાત તે વિજ્ઞાત. તે જ કહે છે — આ સૂત્રથી કર્મ અને જીવ. જિનને પ્રત્યક્ષ જણાય છે એમ સૂચવ્યું છે, કેમકે અરહંત કેવલિ છે. અભ્યુપગમ - પ્રવ્રજ્યા લીધાં પછી બ્રહ્મચર્ય, ભૂમિશય્યા, કેશલોચાદિનો સ્વીકાર, તેનાથી નિર્વૃત્ત ક્રિયા તે આભ્યુપગમિકી વડે વેદશે. ભાવિકાળ વિષયક જ્ઞાન વિશિષ્ટ જ્ઞાનીને જ હોય, ભૂત અને વર્તમાનકાળ સંબંધી જ્ઞાન તો અનુભવ દ્વારા બીજાને પણ હોય, તે જણાવવા અહીં 'વેદશે' કહ્યું.

જેનાથી ઉપક્રમાય તે ઉપક્રમ-કર્મને વેદવાનો ઉપાય, તેમાં થયેલ તે ઔપક્રમિકી - સ્વયં ઉદીર્ણ કે ઉદીરણાકરણથી ઉદયમાં આણેલ કર્મનો અનુભવ, તેના વડે - ઔપક્રમિકી વેદનાથી વેદશે.

જેવી રીતે કર્મ બાંધ્યુ તે પ્રકારે અને વિપરિણામના કારણરૂપ નિયત દેશ, કાલાદિક કરણની મર્યાદાને ઓળંગ્યા વિના, જે - જે રીતે કર્મ ભગવંતે જોયું હશે તે - તે પ્રકારે વિપરિણામ પામશે.

આ રીતે કર્મ વિચારણા કરી, કર્મ પુદ્‌ગલાત્મક છે, તેથી પરમાણુ આદિ પુદ્‌ગલ વિચારણા અથવા પરિણામાધિકારથી પુદ્‌ગલ પરિણામ કહે છે—

● **સૂત્ર-૫૦ :-**

***[૫૦] ભગવન્ ! પુદ્‌ગલ અતીત, અનંત અને શાશ્વતકાળે હતું તેમ કહેવાય ? હા, ગૌતમ ! આ પુદ્‌ગલ અતીત, અનંત, શાશ્વત કાળે હતું એમ કહેવાય. - - ભગવન્ ! પુદ્‌ગલ વર્તમાન શાશ્વત કાળે છે, એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય. - - ભગવન્ ! એ પુદ્‌ગલ અનાગત અનંત શાશ્વત કાળે રહેશે એમ કહેવાય ? હા, ગૌતમ ! કહેવાય. એ રીતે સ્કંધ સાથે અને જીવ સાથે પણ ત્રણ-ત્રણ આલાવા કહેવા.***

***[૫૧] ભગવન્ ! અતીત અનંત શાશ્વત કાળમાં છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમ-સંવર-બ્રહ્મચર્ય કે પ્રવચનમાતાથી સિદ્ધ થયો, બુદ્ધ થયો - યાવત્ - સર્વ દુઃખોનો નાશ કરનાર થયો ?***

***ગૌતમ ! આ કથન યોગ્ય નથી. ભગવન્ ! એક કેમ કહો છો કે યાવત્ અંતકર થયો નથી ? - ગૌતમ ! જે કોઈ અંત કરે કે અંતિમ શરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો, કરે છે કે કરશે તે બધાં ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરિહંત જિન કેવલી થઈને પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને સર્વે દુઃખોનો નાશ કર્યો છે - કરે છે - કરશે. માટે હે ગૌતમ ! ઉપર મુજબ કહ્યું છે. વર્તમાનકાળમાં પણ એમ જ કહેવું વિશેષ એ કે — 'સિદ્ધ થાય છે.' કહેવું. ભાવિમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે — 'સિદ્ધ થશે' એમ કહેવું. - - છદ્મસ્થ માફક આધોવધિક અને પરમાધોવધિક જાણવા. તેમના પણ ત્રણ-ત્રણ આલાપકો કહેવા.***

***ભગવન્ ! અતીત અનંત શાશ્વતકાળમાં કેવલીએ યાવત્ સર્વે દુઃખોનો નાશ કર્યો ? હા, સિદ્ધ થયા યાવત્ સર્વે દુઃખોનો અંત કર્યો. અહીં છદ્મસ્થ માફક ત્રણ આલાપકો કહેવાય. સિદ્ધ થયા-થાય છે-થશે.***

***ભગવન્ ! અતીત અનંત શાશ્વતકાળમાં, વર્તમાન શાશ્વત સમયમાં, અનાગત અનંત શાશ્વતકાળમાં જે કોઈ અંતકરે, અંતિમશરીરીએ સર્વ દુઃખોનો નાશ કર્યો - કરે છે - કરશે તેઓ ઉત્પન્ન જ્ઞાન-દર્શન-ધર અરહંત, જિન, કેવલી થઈને સિદ્ધ થાય છે. યાવત્ સર્વ દુઃખોનો નાશ કરશે ? હા, ગૌતમ ! યાવત્ તેઓ અંત કરશે.***

***ભગવન્ ! ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત જિન કેવલિ અલમસ્તુ-પૂર્ણ કહેવાય ? હા, ગૌતમ ! હા તે ઉત્પન્ન જ્ઞાનદર્શનધર અરહંત જિન કેવલી પૂર્ણ કહેવાય. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૫૦,૫૧ :-**

પુદ્‌ગલ એટલે પરમાણું. કેમકે આગળના સૂત્રમાં સ્કંધ લીધો છે. 'અતીત' આદિ સર્વે અધ્વ-ભાવ-કાળ છે. - x - અનાદિ હોવાથી માપ વિનાનો, અનંત. शाश्वत - હંમેશાં રહેનારો, હજી સુધી એવું થયું નથી કે લોક કોઈ વખત ભૂતકાળરહિત હોય, સમય - કાળ હતો એમ કહેવાય ? વર્તમાનકાળ પણ સદા રહેતો હોવાથી શાશ્વત છે પ્રત્યુત્પન્ન - વર્તમાનકાળ. એ રીતે અનાગત-ભાવિકાળ શાશ્વત છે.

અનંતર સ્કંધ કહ્યો. સ્કંધ સ્વપ્રદેશ અપેક્ષાએ જીવરૂપ પણ હોય માટે હવે જીવ સૂત્ર કહે છે - જીવના અધિકારથી હવે પ્રાયઃ આખા ઉદ્દેશા સુધી યથોત્તર પ્રધાન જીવ વિશે જ વક્તવ્યતા છે —

છદ્મસ્થનો અર્થ અહીં અવધિજ્ઞાનરહિત જાણવો. માત્ર કેવલિ નહીં તે છદ્મસ્થ અર્થ ન લેવો. કેમકે આગળના જ સૂત્રમાં અવધિજ્ઞાની કહેવાશે. केवल - કોઈની સહાય વિના, શુદ્ધ, પરિપૂર્ણ કે અસાધારણ. કહ્યું છે — કેવલ એટલે એક, શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત એવા પૃથ્વી આદિ રક્ષણરૂપ સંયમ વડે, ઈન્દ્રિયકષાય નિરોધરૂપ સંવર વડે, સિદ્ધ થાય ? અહીં ગૌતમનો અભિપ્રાય આ છે — જ્યારે ઉપશાંત મોહાદિ અવસ્થા હોય, ત્યારે સંયમાદિ સર્વ વિશુદ્ધ હોય અને વિશુદ્ધ સંયમાદિથી જ સિદ્ધિ સાધ્ય છે, તે છદ્મસ્થને હોય છે. अंतकर - ભવનો અંત કરનારા, તે લાંબાકાળે ભવનો નાશ કરનારા હોય છે. તેથી કહે છે — અંતીમ શરીરી અર્થાત્ વર્તમાન શરીર તેનું છેલ્લું શરીર છે એટલે કે ચરમદેહી છે.

સિદ્ધિ મેળવ્યા વિના સર્વ દુઃખનો નાશ સંભવતો નથી. અનાદિથી સંસિદ્ધ

જ્ઞાનવાળા નહીં પણ ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, તેથી જ પૂજાને યોગ્ય જિન - રાગાદિનો જય કરનાર, તેવા તો છદ્મસ્થો પણ હોય, માટે કહે છે — કેવલી - સર્વજ્ઞ. સિજ્ઝંતિ આદિમાં વર્તમાનકાળનો નિર્દેશ ઉપલક્ષણથી ભૂત અને ભાવિ બંને કાળ જાણી લેવા. માટે જ પાંચમાં પદ - સવ્વદુક્ખાણ માં જણાવ્યું.

जहा छउमत्थो - અહીં ત્રણ આલાવા કહેવા. આધોવધિક એટલે પરમાવધિથી ઓછું જે અવધિ. જે જીવ તેના વડે વ્યવહાર કરે તે આધોવધિક — પરિમિત ક્ષેત્ર વિષયક અવધિ. પરમાધોવધિ એટલે આધોવધિક કરતાં જે પરમ હોય તે. પાઠાંતરથી પરમાવધિ-તે સમસ્ત રૂપી દ્રવ્યો, લોકપ્રમાણ અસંખ્યાત ખંડો, અસંખ્ય અવસર્પિણીઓ વિષયક અવધિજ્ઞાન હોય છે.

ત્રણ કાળના ભેદે ત્રણ આલાવા કહેવાય, એ ત્રણે આલાવા કેવલજ્ઞાનીને વિશે પણ કહેવા. વિશેષ, સૂત્રમાં કહ્યું જ છે. से नूनं આદિમાં ત્રણ કાળનો નિર્દેશ કહેવો જોઈએ. अलमत्थु - જીવ પૂર્ણ જ્ઞાની છે અને તેને હવે બીજું કોઈ જ્ઞાન મેળવવાનું નથી. જેટલું જ્ઞાન જીવે મેળવેલું છે, તેટલું જ પૂરતું છે કારણ કે એ જ્ઞાન સત્ય છે.

**શતક-૧, ઉદ્દેશો-૪-ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧-ઉદ્દેશો-૫ "પૃથ્વી" ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૪-માં અંતિમ સૂત્રમાં અર્હત્ આદિ કહ્યા. તેઓ પણ ક્યારેક પૃથ્વી જીવ હોય અથવા પૃથ્વીકાયથી નીકળી મનુષ્યત્વ પામીને અર્હતાદિ થાય. સંગ્રહણી ગાથામાં પણ પૃથ્વી કહ્યું છે, તેથી—

**● સૂત્ર-૫૨ થી ૬૦ :-**

*[૫૨] પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! સાત પૃથ્વીઓ છે. તે આ — રત્નપ્રભા યાવત્ તમસ્તમા. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસો કહ્યા છે ? ગૌતમ ! ૩૦ લાખ નરકાવાસ.*

*[૫૩] ૩૦ લાખ, ૨૫ લાખ, ૧૫, લાખ, ૧૦ લાખ, ૩ લાખ, એક લાખમાં પાંચ ઓછા, ૫-અનુત્તર નિરયાવાસ અનુક્રમે ૭-નરકમાં છે.*

*[૫૪] ભગવન્ ! અસુરકુમારોના આવાસ કેટલા લાખ છે ?*

*[૫૫] અસુરના ૬૪ લાખ, નાગના ૮૪ લાખ, સુવર્ણના ૭૨-લાખ, વાયુના ૯૬ લાખ, - - [૫૬] દ્વીપ-દિશા-ઉદધિ-વિદ્યુત્-સ્તનિત-વાયુ એ છ એ કુમારોના યુગલના ૭૬ લાખ આવાસો છે.*

*[૫૭] ભગવન્ ! પૃથ્વીકાયિકોના કેટલા લાખ આવાસો છે ? ગૌતમ ! પૃથ્વીકાયિકોના અસંખ્યેય લાખ આવાસો કહ્યા છે. એ પ્રમાણે હે ગૌતમ ! યાવત્ જ્યોતિષ્કના અસંખ્યાત લાખ આવાસો છે.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસો છે ? ગૌતમ ! ૩૨-લાખ વિમાનાવાસ છે. એ રીતે ક્રમશઃ વિમાનાવાસો —*



*[૫૮] ૩૨-લાખ, ૨૮-લાખ, ૧૨-લાખ, ૮-લાખ, ૪-લાખ, ૬૦૦૦ વિમાનાવાસો છે. - - [૫૯] આનત-પ્રાણત કલ્પે ૪૦૦, આરણઅચ્યુત કલ્પે-૩૦૦, એમ કુલ ૭૦૦ છે. - - [૬૦] નીચલી ગ્રૈવેયકે ૧૧૧, મધ્યમે ૧૦૭ અને ઉપલીમાં ૧૦૦ તથા અનુત્તરમાં ૫-વિમાનાવાસો છે.*

**● વિવેચન-૫૨ થી ૬૦ :-**

રત્નપ્રભા એટલે પ્રાયઃ નરક વર્જીને પહેલા કાંડમાં ઈન્દ્રનીલ આદિ ઘણાં રત્નો હોય છે. જ્યાં રત્નોની પ્રભા છે, તે રત્નપ્રભા. અહીં યાવત્ શબ્દથી શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા લેવું, શબ્દાર્થ રત્નપ્રભાવત્ લેવો. તમસ્તમ પ્રભાવાળી તે સાતમી પૃથ્વી.

આ સાતેમાં નરકાવાસો હોય છે. તે આવાસ અધિકારથી બાકીના જીવોના આવાસને પરિમાણથી દર્શાવતા કહે છે —

પૂછનારને પ્રત્યક્ષીભૂત આ પૃથ્વીમાં, જીવો જેમાં રહે તે આવાસ. નારકોનો આવાસ તે નરકાવાસ. તેવા લાખો નરકવાસ. બાકીના પૃથ્વી સૂત્રો ગાથાનુસાર જાણવા. જે ૩૦, ૨૫ ઇત્યાદિ છે. સૂત્ર અભિલાપ આ રીતે - શર્કરાપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરક-આવાસો કહ્યા છે ? ગૌતમ ! ૨૫ લાખ નરકાવાસ કહ્યા છે. ઇત્યાદિ.

છ યુગલ - અસુરાદિ નિકાય દક્ષિણ અને ઉત્તર બે ભેદે છે, માટે યુગલ કહ્યું. તેમાં છ યુગલોના પ્રત્યેકના ૭૬-લાખ ૭૬-લાખ ભવનો છે. અસુરાદિ નિકાયના યુગલોના દક્ષિણ-ઉત્તરના વિભાગ આ પ્રમાણે છે — ૩૪, ૪૪, ૩૮, ૫૦, ૪૦ લાખ ભવનો દક્ષિણ દિશામાં છે. દ્વીપકુમારાદિ પ્રત્યેકને ૪૦ લાખ-૪૦લાખ ભવનો છે. તથા ૩૦, ૪૦, ૩૪, ૪૬, ૩૬ લાખ ભવનો ઉત્તરના અને દ્વીપાદિ કુમારને ૩૬-૩૬ લાખ.

હવે ચાલુ ઉદ્દેશકના અર્થ સંગ્રહને માટેની ગાથા કહે છે —

**● સૂત્ર-૬૧,૬૨ :-**

*[૬૧] પૃથ્વી આદિમાં — સ્થિતિ, અવગાહના, શરીર, સંઘયણ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ એ દશ સ્થાનો છે.*

*[૬૨] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસમાં નૈરયિકોના કેટલાં સ્થિતિ સ્થાન છે ? ગૌતમ ! અસંખ્ય સ્થિતિ સ્થાનો છે. તે આ - જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ છે, તે એક સમયાધિક, બે સમયાધિક યાવત્ અસંખ્યેય સમયાધિક તથા તેને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિ પણ એ પ્રમાણે છે.*

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકવાસમાં વસનાર જઘન્યસ્થિતિક નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? કે માન-માયા-લોભ ઉપયુક્ત છે ? ગૌતમ ! (૧) તે બધાં ક્રોધોપયુક્ત છે, અથવા (૨) ઘણાં ક્રોધી અને એક માની, અથવા (૩) ઘણાં ક્રોધી અને માની છે, અથવા (૪) ઘણાં ક્રોધી અને એક માયી છે, અથવા (૬) ઘણાં ક્રોધી અને એક લોભી છે અથવા*

***(૭) ઘણાં ક્રોધી અને લોભી છે અથવા (૧) ઘણાં ક્રોધી, એક માની, એક માયી છે. અથવા (૨) ઘણાં ક્રોધી, એક માની, ઘણાં માયી છે. અથવા (૩) ઘણાં ક્રોધી, ઘણાં માની, એક માયી છે. અથવા (૪) ઘણાં ક્રોધી, ઘણાં માની, ઘણાં માયી છે. - - આ પ્રમાણે ક્રોધ-માન-લોભ વડે ચાર ભેદ, - - આ પ્રમાણે ક્રોધ-માયા-લોભ વડે ચાર ભેદ. પછી માન, માયા, લોભની સાથે ક્રોધ વડે ભંગ કરવા તે ચતુષ્ક સંયોગી આઠ ભંગ થશે. આ રીતે ક્રોધને મૂક્યા સિવાય ૨૭-ભંગ કહેવા.***

***ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસોમાં એક સમયાધિક જઘન્યસ્થિતિ વર્તીત નૈરયિકો શું ક્રોધોપયુક્ત છે ? કે માન-માયા-લોભોપયુક્ત છે ? ગૌતમ ! એકાદ ક્રોધી, માની, માયી, લોભી હોય છે અથવા ઘણાં ક્રોધી, માની, માયી, લોભી હોય છે અથવા કોઈ એક ક્રોધી અને માની હોય અથવા કોઈ એક ક્રોધી અને ઘણાં માની હોય એ રીતે ૮૦ ભેદ થયા.***

***એ પ્રમાણે યાવત્ સંખ્યેય સમયાધિક સ્થિતિવાળા નૈરયિક માટે જાણવું. અસંખ્યેય સમયાધિક સ્થિતિને ઉચિત ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૨૭-ભાંગા કહેવા.***

**● વિવેચન-૬૧,૬૨ :-**

પૃથ્વી - x - x - ઉપલક્ષણત્વથી પૃથ્વી આદિ જીવાવાસોમાં કહેવું... સ્થિતિ એટલે સ્થિતિ સ્થાનો કહેવા. એ રીતે અવગાહના સ્થાનો. શરીરાદિ પદો સ્પષ્ટ છે. - x - એ રીતે સ્થિતિ સ્થાનાદિ દશ વસ્તુ સંબંધે આ ઉદ્દેશામાં વિચારવાનું છે. ગાથાનો સંક્ષેપાર્થ કહ્યો, હવે ગાથાનો વિસ્તારાર્થ સૂત્રકાર સ્વયં કહે છે —

રત્નપ્રભા પૃથ્વીમાં સ્થિતિ સ્થાનોને નિરૂપવા કહે છે — સૂત્ર સ્પષ્ટ છે, વિશેષ આ - પ્રતિ નરકાવાસે સ્થિતિ - આયુષ્ય, સ્થાન - વિભાગ. આ સ્થિતિ સ્થાન અસંખ્યેય છે. કેવી રીતે ? પહેલી પૃથ્વીની અપેક્ષાએ જઘન્ય સ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટિ તે સાગરોપમ. જઘન્ય સ્થિતિમાં એક-એક સમય વૃદ્ધિથી અસંખ્યેય સ્થિતિ સ્થાન થાય કેમકે સાગરોપમના સમય અસંખ્યેય છે. નરકાવાસોની અપેક્ષાએ પણ તે અસંખ્યેય છે. માત્ર તેની જઘન્ય અને ઉત્કૃષ્ટતાથી અન્યથી જાણવી.

જેમકે — પહેલા પ્રસ્તટે નરકમાં જઘન્યસ્થિતિ ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૯૦,૦૦૦ વર્ષ. જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ સ્થિતિ તે એક સ્થિતિ સ્થાન, તે પ્રત્યેક નરકે ભિન્ન ભિન્ન છે. તેમાં એક સમય વધારો તો બીજું સ્થિતિ સ્થાન, તે પણ વિચિત્ર છે. એ રીતે યાવત્ અસંખ્યેય સમય વધારવા. હવે સૌથી છેલ્લું સ્થિતિ સ્થાન દેખાડવા કહે છે —

વિવક્ષિત નરકાવાસ પ્રાયોગ્ય એવી ઉત્કૃષ્ટ સ્થિતિ. આ સ્થિતિ સ્થાન પણ વિચિત્ર છે, કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ વિચિત્ર હોય છે.

એ પ્રમાણે સ્થિતિ સ્થાન પ્રરૂપી, તેમાં જ ક્રોધાદિ ઉપયોગવાળા નારકોના વિભાગને દેખાડવા આ સૂત્ર કહે છે — જે નરકાવાસમાં જઘન્ય જેટલી સ્થિતિ હોય



તેમાં વર્તતા નારકો શું ક્રોધોપયુક્ત છે ? ઇત્યાદિ પ્રશ્ન. તેનો ઉત્તર આ છે — પ્રત્યેક નરકે જઘન્ય સ્થિતિક નૈરયિકો હંમેશા હોય છે. તેમાં પણ ક્રોધીના બહુપણાથી ૨૭-ભંગો. એકાદિથી સંખ્યાત સમયાધિક જઘન્ય સ્થિતિક નૈરયિકોને કદાચિત્ હોવાથી તેમાં ક્રોધાદિયુક્તની સંખ્યા એક અને અનેકે ૮૦ ભંગો છે.

એકેન્દ્રિયોમાં સર્વ કષાય ઉપયુક્ત જીવો પ્રત્યેક ગતિમાં ઘણાં છે, માટે અભંગ સમજવું. કહ્યું છે — જ્યાં વિરહનો સંભવ ન હોય ત્યાં ૮૦ ભંગો કરવા, વિરહ ન હોય ત્યાં અભંગ કે ૨૭ ભંગ. આ વિરહ સત્તાની અપેક્ષાએ જાણવો, ઉત્પાદની અપેક્ષાએ નહીં. કેમકે રત્નપ્રભામાં ૨૪-મુહૂર્તનો ઉત્પાદ વિરહકાળ કહ્યો છે. - x - x -

દરેક નરકે સ્વ-સ્વ સ્થિતિ અપેક્ષાએ જઘન્યસ્થિતિક નૈરયિક હંમેશાં ઘણાં હોય છે. નારકભવ ક્રોધોદયથી અતિ વ્યાપ્ત છે. માટે બધાં નૈરયિકો ક્રોધોપયુક્ત છે, તે એક ભંગ અથવા બે-ત્રણ-ચાર સંયોગ સંબંધી ભાંગા દર્શાવ્યા છે. તેમાં દ્વિક સંયોગમાં બહુવચનાંત ક્રોધની સાથે છ ભંગો કરવા. તે આ રીતે — ક્રોધી અને માની, ઘણાં ક્રોધી-ઘણાં માની. એ રીતે માયા અને લોભ સાથે એક અને બહુવચનથી બબ્બે એટલે ચાર. એમ કુલ છ ભંગ થયા. - - ત્રિક સંયોગે ૧૨ ભેદ. ક્રોધમાં બહુવચન અને માન-માયામાં એકવચન. મનમાં એકત્વ અને માયામાં બહુત્વ તે બીજો ભંગ, માનમાં બહુત્વ અને માયામાં એકત્વ તે ત્રીજો, માન અને માયા બંનેમાં બહુત્વ તે ચોથો ઇત્યાદિ - x -

— ચતુષ્ક સંયોગમાં આઠ ભંગો - ક્રોધમાં બહુવચન અને માન-માયા-લોભમાં એકવચન તે એક ભંગ, એ રીતે લોભ-માયા-માનને ક્રમશઃ બહુવચનાંત કરવા ઇત્યાદિ રૂપે આઠ ભંગ થાય.

આ પ્રમાણે જઘન્ય સ્થિતિક નૈરયિકોમાં ૧-૬-૧૨-૮ એ બધાં મળીને ૨૭ ભંગ થાય, એ બધામાં ક્રોધ બહુવચનાંત જ રહે.

૦ સમયાધિક જઘન્ય સ્થિતિમાં વર્તમાન નૈરયિકનો પ્રશ્ન-ઉત્તરમાં ૮૦ ભંગ કહ્યા. એક સમયથી યાવત્ સંખ્યેય સમયાધિક જઘન્ય સ્થિતિમાં નારકો હોતા નથી. જો હોય તો એક કે અનેક હોય. તેથી ક્રોધાદિમાં એક સંખ્યાથી ચાર વિકલ્પ, બહુત્વથી બીજા ચાર ભંગ. દ્વિકસંયોગે ૨૪ ભંગ થાય. તે આ રીતે — ક્રોધ અને માનમાં એકત્વ-બહુત્વથી ચાર ભંગ, એ રીતે ક્રોધ-માયાના ૪, ક્રોધ-લોભના ૪, માન-લોભના ૪, માયા-લોભના-૪, એ બધાં મળીને ૨૪ ભંગ.

ત્રિકસંયોગે ૩૨ ભંગ — ક્રોધ-માન-માયામાં એકત્વથી એક ભંગ, એમાં જ માયામાં બહુત્વથી બીજો, એ બંનેમાં માનના બહુત્વથી બીજા બે, એ રીતે ચાર ભંગ. ક્રોધના બહુત્વથી બીજા ચાર, એ રીતે આઠ ભંગ. - - એ રીતે ક્રોધ-માન-લોભ સંબંધે આઠ ભંગ. — ક્રોધ, માયા, લોભ સંબંધે આઠ ભંગ. માન-માયા-લોભથી આઠ ભંગ. એમ બધાં મળીને ૩૨-ભંગ થાય. - - ચતુષ્કસંયોગે ૧૬ ભંગ છે, તે આ રીતે — ક્રોધ, માન, માયા, લોભ બધામાં એકવચનથી એક ભંગ, તેમાં જ લોભને

બહુવચનાંતથી બીજો ભંગ, તે બંનેમાં માયાને બહુવચનાંતથી બીજા બે ભંગ, એમ કુલ ચાર ભંગ થયા. એ રીતે માનના બહુત્વથી-૪. આઠેને ક્રોધના બહુત્વથી-આઠ, એમ કુલ ૧૬ ભંગ થતાં ૪-૪-૨૪-૩૨-૧૬=૮૦ થાય.

એકાદિ સમયથી સંખ્યાત સમય સુધીના વધારાવાળી જઘન્યસ્થિતિમાં પૂર્વોક્ત ૮૦ ભંગ આદિ પૂર્વવત્ જાણવું.

હવે અવગાહના દ્વાર કહે છે —

● **સૂત્ર-૬૩ :-**

*૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક-એક નરકાવાસમાં નૈરયિકોના અવગાહના સ્થાન કેટલા છે ? ગૌતમ ! અસંખ્યાત અવગાહના સ્થાનો છે. તે આ — જઘન્ય અવગાહના, પ્રદેશાધિક જઘન્ય અવગાહના, દ્વિપ્રદેશાધિક જઘન્ય અવગાહના યાવત્ અસંખ્યાત પ્રદેશાધિક જઘન્યાવગાહના, તેને પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ અવગાહના.. - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં જઘન્યાવગાહનામાં વર્તતો નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૮૦ ભંગ જાણવા એ પ્રમાણે યાવત્ સંખ્યેયપ્રદેશાધિક જઘન્ય અવગાહના, અસંખ્યેય પ્રદેશાધિક જઘન્ય અવગાહનાએ વર્તતા તદુચિત ઉત્કૃષ્ટ અવગાહના વડે વર્તતા નૈરયિકોના અર્થાત્ તે બંનેના ૨૭ ભંગ જાણવા.*

*૦ ભગવન્ ! આ રત્નપ્રભામાં ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકાવાસમાં વસતા નૈરયિકોને કેટલાં શરીરો કહ્યા છે ? ગૌતમ ! ત્રણ શરીર કહ્યા છે — વૈક્રિય, તૈજસ, કાર્મણ.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં એક એક નરકવાસમાં વસતા અને વૈક્રિયશરીર નૈરયિક શું ક્રોધ ઉપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭-ભંગ કહેવા. આ જ ગમ વડે ત્રણ શરીરો કહેવા. - - ૦ ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ વસતા નૈરયિકોના શરીરનું કયું સંઘયણ છે ? ગૌતમ ! તેઓને છ માંથી એક પણ સંઘયણ નથી, તેમને શિરો અને સ્નાયુ નથી. તથા જે પુદ્ગલો અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમનોમ છે, તે પુદ્ગલો તેમના શરીર સંઘાતપણે પરિણમે છે.*

*ભગવન્ ! રત્નપ્રભામાં વસતા અને અસંઘયણી એવા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! શરીર બે ભેદે-ભવધારણીય અને ઉત્તરવૈક્રિય. જે ભવધારણીય છે. તે હુંડક સંસ્થાનવાળા છે અને જે ઉત્તરવૈક્રિય પણ હુંડક સંસ્થાન છે - - ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ હુંડક સંસ્થાનવાળા નૈરયિક શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! અહીં ૨૭ ભંગ કહેવા.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! એક કાપોતલેશ્યા... ભગવન્ ! આ રત્નપ્રભામાં યાવત્ કાપોતલેશ્યાવાળા ક્રોધોપયુક્ત છે ? - ૨૭ ભંગ.*



● **વિવેચન-૬૩ :-**

જેમાં જીવ રહે તે - અવગાહના એટલે શરીર કે શરીરનું આધારભૂત ક્ષેત્ર. તેના જે સ્થાનો - પ્રદેશ વૃદ્ધિ વડે વિભાગો તે અવગાહના સ્થાનો. તેમાં બધાં નારકોમાં જઘન્ય શરીર અંગુલના અસંખ્યેય ભાગ માત્ર છે. તે વિવક્ષિત નરક યોગ્ય જે ઉત્કર્ષાવગાહના તે તત્પ્રાયોગ્યોત્કર્ષિકા અવગાહના. જેમ કે તેરમાં પ્રસ્તટમાં શરીર ૭ ધનુષ્, ત્રણ હાથ, ૬ આંગળ છે... એકથી સંખ્યાત પ્રદેશ અધિક જઘન્ય અવગાહનામાં વર્તતા નૈરયિકો અલ્પ હોવાથી ક્રોધાદિમાં ઉપયુક્ત એક જીવ પણ હોઈ શકે, માટે ૮૦-ભંગ પૂર્વવત્ જાણવા.

અસંખ્ય પ્રદેશાધિકવાળી અને તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિમાં ઘણાં નૈરયિકો હોય છે - x - તેથી ક્રોધમાં બહુવચન અને માનાદિમાં એકવચન, બહુવચન રહે છે તેથી ૨૭-ભંગ થાય.

શંકા - જે જઘન્ય સ્થિતિ, જઘન્યાવગાહનાવાળા છે, તેમને જઘન્ય સ્થિતિકત્વથી ૨૭ ભંગ, જઘન્યાવગાહનામાં ૮૦ કેમ ?

સમાધાન - જઘન્યસ્થિતિવાળાની જઘન્યાવગાહના કાળે તો ૮૦ ભંગ જ હોય. કેમકે જઘન્ય અવગાહના ઉત્પત્તિ કાળે જ હોય, જઘન્યાવગાહનાને ઓળંગી ગયેલ જઘન્ય સ્થિતિક નૈરયિકોને આશ્રીને ૨૭-ભંગ કહ્યા છે.

શરીરદ્વાર - જો કે આ સૂત્રથી વૈક્રિયશરીરમાં ૨૭-ભંગ કહ્યા છે, તો પણ સ્થિતિ અને અવગાહના આશ્રીને જે ભંગો પ્રરૂપ્યા છે, તે તેમજ જાણવા. - x - x - આ રીતે અન્યત્ર પણ જાણવું.

આ ગમ વડે ત્રણે શરીર કહેવા. - વૈક્રિય, તૈજસ, કાર્મણ. ત્રણેમાં ૨૭ ભંગ કહેવા. [શંકા] વિગ્રહગતિમાં માત્ર તૈજસ, કાર્મણ બે શરીર જ હોય. તેવા જીવો અલ્પ હોવાથી તેમના ૮૦ ભંગો પણ સંભવે, તે કેમ ન કહ્યા ? ૨૭-જ કેમ કહ્યા ? [સમાધાન] સાચું, પણ અહીં વૈક્રિયશરીર સાથે આ બે શરીર લેવાના છે, માટે ૨૭ ભંગ કહ્યા. વળી ત્રણે શરીર એવો અતિદેશ કર્યો, કેમકે ત્રણે શરીરના ગમનું અતિ સાદૃશ્ય દેખાડવાનું છે. - - હવે સંહનનદ્વાર જણાવે છે —

વજ્રર્ષભનારાચ આદિ છ માંથી એક પણ સંઘયણ નથી માટે અસંઘયણી છે. કેમકે - નૈરયિકોને હાડકાં આદિ હોતા નથી અને હાડકાંનો સંચય જ સંહનન કહેવાય. - - ઈચ્છાય નહીં તેવું તે અનિષ્ટ, અનિષ્ટ પણ ક્યારેક સુંદર હોય, માટે કહ્યું અકાંત, અકાંત વસ્તુ પરત્વે પણ કારણે પ્રીતિ થાય, માટે કહ્યું અપ્રિય. તેને અપ્રિય કેમ કહ્યું ? અશુભ સ્વભાવવાળા છે, અશુભત્વ સામાન્ય પણ હોય, તેથી કહે છે — મન દ્વારા શુભપણે ન જણાય તેવું અમનોજ્ઞ અમનોજ્ઞ પણ કદાચ હોય માટે કહે છે અમનોમ - વારંવાર સ્મરણમાં આવવા છતાં પણ મનને ગ્લાનિ આપે. અથવા આ શબ્દો એકાર્થક છે. અત્યંત અનિષ્ટતા દર્શાવવા પ્રયોજ્યા છે. અથવા તેવા જ પુદ્ગલો છે.

હવે સંસ્થાન - જેઓનું કેવું સંસ્થાન છે તે. - ભવધારણીય - જેનું પ્રયોજન

પોતાના જન્મને વીતાવવાનું છે તે અથવા આજીવન સાથે રહે છે તે. उत्तरवैक्रिय - પૂર્વ વૈક્રિયની અપેક્ષાએ ઉત્તરકાળ ભાવિ વૈક્રિય, સર્વત્ર અવ્યવસ્થિત તે હુંડ સંસ્થિત.

**● સૂત્ર-૬૪,૬૫ :-**

***રત્નપ્રભાના આ નૈરયિકો યાવત્ શું સમ્યગ્દૃષ્ટિ મિથ્યા દૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ છે ? - ત્રણે છે. - - તેમાં સમ્યગ્દૃષ્ટિમાં વર્તતા નૈરયિકના [પૂર્વોક્ત રીતે] ૨૭ ભંગ અને મિથ્યાદૃષ્ટિ તથા મિશ્રદૃષ્ટિમાં ૮૦-૮૦ ભાંગા કહેવા. - - - ભગવન્ ! આ જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! બંને છે. જ્ઞાનીને નિયમા ત્રણ જ્ઞાન હોય છે, અજ્ઞાનીને ત્રણ અજ્ઞાનની ભજના છે. આ નૈરયિકોને યાવત્ આભિનિબોધિકમાં વર્તતા [પૂર્વોક્ત રીતે] ૨૭-ભંગ જાણવા. એ પ્રમાણે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન પણ કહેવા.***

***ભગવન્ ! રત્નપ્રભાના આ નૈરયિકો શું મનયોગી છે, વચનયોગી છે કે કાયયોગી છે ? - ત્રણે છે. - - મનોયોગમાં વર્તતા તેઓ શું ક્રોધોપયુક્ત હોય ? - ૨૭ ભંગ જાણવા. એ પ્રમાણે વચનયોગ અને કાયયોગમાં પણ કહેવું. - - - આ નૈરયિકો શું સાકારોપયુક્ત છે કે અનાકારોપયુક્ત છે ? ગૌતમ ! બંને છે. તેઓ સાકારોપયોગમાં વર્તતા શું ક્રોધોપયુક્ત છે ? - ૨૭ ભંગો જાણવા. એ રીતે અનાકારોપયોગના પણ ૨૭-ભંગ જાણવા. - - એ પ્રમાણે સાતે પૃથ્વીઓને જાણવી. માત્ર લેશ્યામાં વિશેષતા છે —***

***[૬૫] પહેલી બે માં કાપોત, ત્રીજામાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મિશ્ર, છટ્ઠીમાં કૃષ્ણ, સાતમીમાં પરમકૃષ્ણ.***

**● વિવેચન૬૪,૬૫ :-**

દૃષ્ટિદ્વાર - મિશ્રદૃષ્ટિ જીવો અલ્પ છે, કાળથી તેમની હયાતી થોડી છે, તે એક પણ હોય માટે ૮૦ ભંગો કહ્યા.

જ્ઞાનદ્વાર - સમ્યક્ત્વ સહિત નરકમાં ઉત્પન્ન થનારને પહેલા સમયથી ભવપ્રાત્યય અવધિજ્ઞાન હોય, તેથી ત્રણ જ્ઞાનવાળા કહ્યા. મિથ્યાદૃષ્ટિ નારકી સંજ્ઞી કે અસંજ્ઞીથી ઉત્પન્ન થાય. તેમાં જે સંજ્ઞીથી ઉત્પન્ન હોય તેમને ભવપ્રત્યય વિભંગ હોવાથી ત્રણ અજ્ઞાન છે. અસંજ્ઞીને ઉત્પન્ન થયાના અંતર્મુહૂર્ત પછી વિભંગ જ્ઞાન થાય છે તેથી તેમને પૂર્વે બે અજ્ઞાન અને પછી ત્રણ અજ્ઞાન હોય છે, માટે કહ્યું છે કે ત્રણ અજ્ઞાન વિકલ્પે હોય. ક્યારેક બે અને ક્યારેક ત્રણ.

ગાથા - ઔદારિક શરીર છોડ્યા પછી અનંતર સમયે નરકે ઉત્પન્ન થનાર વિગ્રહ કે અવિગ્રહ ગતિમાં અવધિ કે વિભંગ પામે.

અસંજ્ઞીને નરકમાં ઉત્પત્તિ પછી પર્યાપ્તાવસ્થામાં વિભંગ જ્ઞાન થાય છે. તેથી નરકમાં ત્રણ જ્ઞાન અને બે કે ત્રણ અજ્ઞાન છે.

આભિનિબોધિક જ્ઞાન પેઠે આ જ્ઞાન, અજ્ઞાનના ૨૭ ભંગ છે.

વિભંગજ્ઞાનના કાલ પૂર્વેના મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન લેતા ૮૦ ભંગ થાય. કેમકે તેવા અજ્ઞાની જીવો થોડા છે. પણ આ જીવોની જઘન્ય અવગાહના આશ્રીને



૮૦ ભંગો સમજવા.

યોગ દ્વાર - એકલા કાર્મણ કાયયોગમાં ૮૦ ભંગો સંભવે છે, તો પણ અહીં તેની વિવક્ષા ન કરી સામાન્ય કાયયોગથી ૨૭-ભંગ કહ્યા.

ઉપયોગદ્વાર - આકાર - વિશેષરૂપ અંશને ગ્રહણ કરવાની શક્તિ, તેના સહિત તે સાકાર. તેથી રહિત તે અનાકાર-સામાન્યગ્રાહી.

રત્નપ્રભા પૃથ્વી માફક શેષ પૃથ્વી પ્રકરણ કહેવા. માત્ર લેશ્યામાં ભેદ છે, તે દર્શાવવા ગાથા છે *[જેનો અર્થ મૂલમાં કહ્યો છે.]* વિશેષ આ - વાલુકાપ્રભામાં ઉપરના ભાગે કાપોત, નીચેના ભાગે નીલ લેશ્યા હોય છે. નરકાવાસ સંખ્યા ભેદ પૂર્વે કહ્યો છે. તેનો સૂત્રાભિલાપ વૃત્તિ અનુસાર જાણવો. યાવત્ ૨૭ ભંગ થાય - x -.

**● સૂત્ર-૬૬ :-**

***ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસોમાંના એક એક અસુરકુમારાવાસમાં વસતા અસુરકુમારોના કેટલાં સ્થિતિ સ્થાન છે ? ગૌતમ ! અસંખ્ય. જઘન્યાસ્થિતિ નૈરયિક મુજબ જાણવી. વિશેષ એ — ભાંગા ઉલટા કહેવા. [લોભ પહેલા કહેવો] તેઓ બધાં લોભોપયુક્ત હોય અથવા ઘણાં લોભી, એક માયી હોય અથવા ઘણાં લોભી, ઘણાં માયી હોય. આ આલાવાથી જાણવું યાવત્ સ્તનિતકુમાર સુધી જાણવું વિશેષ એ — ભિન્નત્વ [પણ] જાણવું.***

**● વિવેચન-૬૬ :-**

નારક પ્રકરણમાં ક્રોધ, માનાદિ ક્રમે ભંગ કહ્યો, અસુરકુમાર પ્રકરણમાં લોભ, માયાદિ ક્રમ લેવો. તેથી - x - બધાં અસુરકુમારો લોભી જાણવા. દ્વિકસંયોગમાં લોભમાં બહુવચન, માયામાં એકત્વ, બહુત્વ લેવું એ રીતે ૨૭ ભંગ કરવા. વિશેષ એ કે પ્રશ્ન-ઉત્તર સૂત્રો નારક અને અસુરકુમારાદિના ભેદ જાણીને કહેવા. જેમકે સંહનન, સંસ્થાન લેશ્યા.

ભગવન્ ! ૬૪ લાખ અસુરકુમારાવાસમાં પ્રત્યેકમાં વર્તતા અસુરકુમારોના શરીર કયા સંઘયણવાળા છે ? ગૌતમ ! તે અસંઘયણી છે. તેમના શરીર સંઘાતરૂપે ઈષ્ટ અને કાંત પુદ્ગલો પરિણમે છે. આ પ્રમાણે સંસ્થાન વિશે પણ જાણવું. વિશેષ આ - ભવધારણીય શરીર સમચતુરસ્ર સંસ્થિત છે, ઉત્તર વૈક્રિય શરીર અનેકરૂપે છે. એ પ્રમાણે લેશ્યામાં પણ જાણવું. તેઓને ચાર લેશ્યાઓ કહી છે — કૃષ્ણ, નીલ, કાપોત, તેજો... ૬૪ લાખ અસુરકુમારાવાસમાં યાવત્ કૃષ્ણલેશ્યામાં વર્તતા અસુરકુમાર શું ક્રોધોપયુક્ત છે ? ગૌતમ ! બધાં લોભોપયુક્ત હોય છે, ઇત્યાદિ. એ રીતે નીલાદિ લેશ્યામાં જાણવું.

નાગકુમારાદિના આવાસ-ભવનની ભેદ સંખ્યા જાણીને સૂત્રનો અભિલાપ કરવો. જેમકે નાગકુમારોના ૮૪ લાખ ભવનો છે.

**● સૂત્ર-૬૭ :-**

***ભગવન્ ! પૃથ્વીકાયિકોના અસંખ્ય લાખ આવાસોમાં એક એક આવાસમાં પૃથ્વીકાયિકોના સ્થિતિ સ્થાનો કેટલાં છે ? હે ગૌતમ ! અસંખ્ય. તે આ રીતે***

*- જઘન્યા સ્થિતિ યાવત્ તત્પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ... ભગવન્ ! પૃથ્વીકાયિકોના અસંખ્ય લાખ આવાસોમાં એક એક આવાસમાં વર્તતા પૃથ્વીકાયિકો શું ક્રોધોપયુક્ત યાવત્ લોભોપયુક્ત છે ? ગૌતમ ! તેઓ ક્રોધાદિ ચારેથી યુક્ત છે.*

*આ પ્રમાણે પૃથ્વીકાયિકોના બધાં સ્થાનો અભંગક છે. વિશેષ આ — તેજોલેશ્યામાં ૮૦ ભંગ છે. આ પ્રમાણે અપ્-તેઉ-વાયુ કાયના સર્વસ્થાનો પણ અભંગક છે. વનસ્પતિકાય પૃથ્વીકાયવત્ છે.*

● વિવેચન-૬૭ :-

એકૈક કષાયમાં ઉપયુક્ત પૃથ્વીકાયિકો ઘણાં છે, માટે દશ સ્થાનમાં અભંગક છે. વિશેષ આ — પૃથ્વીકાયમાં લેશ્યાદ્વારે તેજોલેશ્યા કહેવી. જ્યારે કોઈ દેવ દેવલોકથી ચ્યવી પૃથ્વીકાયમાં ઉત્પન્ન થાય ત્યારે પૃથ્વીકાયિકમાં તેજોલેશ્યા હોય. તેથી ત્યાં ૮૦ ભંગ થાય.

અહીં પૃથ્વીકાયમાં સ્થિતિસ્થાનદ્વાર સાક્ષાત્ લખ્યુ છે. બાકીના નારકવત્ કહેવા. વિવિધતા પ્રશ્ન અને ઉત્તર સૂત્રથી જાણવી. તે ભેદ શરીરાદિ સાતે દ્વારોમાં આ રીતે છે — ભગવન્ ! અસંખ્યેય લાખ પૃથ્વીકાયિકોમાં વસતા યાવત્ પૃથ્વીકાયિકોના કેટલા શરીર છે ? ગૌતમ ! ત્રણ શરીર-ઔદારિક, તૈજસ, કાર્મણ. - x - x -

અસંખ્ય લાખ પૃથ્વીકાયિકોમાં યાવત્ શરીરોનું સંઘયણ કયું છે ? પૂર્વવત્. વિશેષ આ — મનોજ્ઞ અમનોજ્ઞ પુદ્‌ગલો શરીર સંઘાતરૂપે પરિણમે છે. - - સંસ્થાનદ્વારમાં પણ એમ જ કહેવું. પણ ઉત્તરસૂત્રમાં ''હુંડ સંસ્થાન સંસ્થિત'' એમ કહેવું. પણ બે ભેદે શરીર છે એમ ન કહેવું, કેમકે પૃથ્વીકાયિકમાં તેનો અભાવ હોય છે.

લેશ્યાદ્વાર - ભગવન્ ! પૃથ્વીકાયિકોને કેટલી લેશ્યા કહી છે ? ગૌતમ ! ચાર. કૃષ્ણ થી તેજો. તેમાં ત્રણ લેશ્યા અભંગક સમજવી. તેજોલેશ્યામાં ૮૦ ભંગો જાણવા. જે પૂર્વે કહેલ છે.

દૃષ્ટિદ્વાર - અસંખ્યાત યાવત્ પૃથ્વીકાયિક શું સમ્યગ્‌દૃષ્ટિ છે ? મિથ્યાદૃષ્ટિ છે ?, મિશ્રદૃષ્ટિ છે ? ગૌતમ ! મિથ્યાદૃષ્ટિ છે.

જ્ઞાનદ્વારમાં તેમજ જાણવું. વિશેષ આ - ભગવન્ ! પૃથ્વીકાયિકો મનોયોગી, વચનયોગી કે કાયયોગી છે ? ગૌતમ ! મન કે વચનયોગી નથી પણ કાયયોગી છે. એ રીતે અપ્‌કાયિક પણ જાણવા. તેઓ દશ સ્થાને અભંગક છે, તેજોલેશ્યામાં ૮૦ ભંગ કેમકે દેવો ઉપજે છે.

તેઉકાય સ્થિતિસ્થાનાદિ દશે સ્થાનમાં અભંગક છે, કેમકે તેમાં ક્રોધાદિમાં ઉપયુક્ત જીવો એક જ કાળે ઘણાં હોય. અહીં દેવો ન ઉપજે માટે તેને તેજોલેશ્યા નથી. માટે બધાં સ્થાને અભંગક કહ્યા. આ સૂત્રો પૃથ્વીકાયિક સમાન કહેવા. કેવળ વાયુકાય સૂત્રોમાં શરીરદ્વારમાં આ પ્રમાણે જાણવું - ભગવન્ ! અસંખ્યેય લાખ વાયુકાયને કેટલાં શરીર કહ્યા ? ગૌતમ ! ચાર — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ.

વનસ્પતિકાયિકો પૃથ્વીકાયવત્ જાણવા. દશે સ્થાનોમાં અભંગક છે. તેજોલેશ્યામાં તે જ રીતે ૮૦ ભંગ થાય છે. [શંકા] દૃષ્ટિદ્વારે પૃથ્વી-અપ્-વનસ્પતિમાં સાસ્વાદન





સમ્યક્ત્વ કર્મગ્રંથોમાં સ્વીકારેલ છે, તેથી જ્ઞાનદ્વારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન કહેવા જોઈએ આદિ, કેમ નથી કહ્યું ? [સમાધાન] એમ નથી. પૃથ્વી આદિમાં સાસ્વાદનભાવ ઘણો થોડો છે, માટે અહીં ગણેલ નથી. માટે કહ્યું છે — પૃથ્વી આદિમાં ઉભયનો અભાવ છે અને વિકલેન્દ્રિયમાં પૂર્વોપપન્નક હોય છે.

● સૂત્ર-૬૮ :-

*જે સ્થાનો વડે નૈરયિકના ૮૦ ભંગો છે, તે સ્થાનો વડે બે-ત્રણ-ચાર ઈન્દ્રિયોને પણ ૮૦ ભંગો છે. વિશેષ એ - સમ્યક્ત્વ, આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાનમાં પણ ૮૦ ભંગો છે. તથા જે સ્થાનમાં નૈરયિકોને ૨૭ ભંગો છે, તે સ્થાનોમાં બેઈન્દ્રિયાદિને અભંગક છે.*

*પંચેન્દ્રિય તિર્યંચયોનિકો નૈરયિકવત્ જાણવા. વિશેષ એ - નૈરયિકોને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવું અને તેમને જ્યાં ૮૦ ભંગો કહ્યા, ત્યાં અહીં પણ ૮૦ ભંગો કહેવા.*

*જે સ્થાને નૈરયિકોને ૮૦ ભંગ કહ્યા, ત્યાં મનુષ્યોને પણ ૮૦ ભંગો કહેવા. તેમને જ્યાં ૨૭ ભંગ કહ્યા, ત્યાં અહીં અભંગક કહેવા. વિશેષ આ - મનુષ્યોને જઘન્ય સ્થિતિ અને આહારકમાં ૮૦ ભંગો છે.*

*વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને ભવનવાસી માફક જાણવા. વિશેષમાં તેમનું જે જુદાપણું છે તે જાણવું. યાવત્ અનુત્તરવાસી. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે —*

● વિવેચન-૬૮ :-

અક્ષરઘટના - નૈરયિકમાં એકથી સંખ્યાત સમય વૃદ્ધિની જઘન્ય સ્થિતિમાં, જઘન્ય અવગાહનામાં સંખ્યાત પ્રદેશવૃદ્ધિમાં, મિથ્યાદૃષ્ટિ નારકોના ૮૦ ભંગ કહ્યા. મિશ્રદૃષ્ટિ સિવાયના વિકલેન્દ્રિય જીવોમાં પણ એ જ સ્થાને ૮૦ ભંગ જાણવા. કેમકે તેઓ અલ્પ હોવાથી ક્રોધાદિ ઉપયુક્ત એક-એક જીવનો પણ સંભવ છે. મિશ્રદૃષ્ટિ જીવો વિકલેન્દ્રિય કે એકેન્દ્રિયમાં હોતા નથી, માટે ૮૦ ભંગો સંભવતા નથી. વૃદ્ધોએ તો કોઈક વાચના વિશેષથી જ્યાં ૮૦ ભંગ છે ત્યાં પણ અભંગક છે. એમ વ્યાખ્યા કરી છે. હવે અહીં જ વિશેષ બતાવવા કહે છે —

દૃષ્ટિદ્વાર અને જ્ઞાનદ્વારમાં નારકોને ૨૭ ભંગો કહ્યા છે. અહીં વિકલેન્દ્રિયોને ૮૦ ભંગ કહેવા - ક્યાં ? - સમ્યક્ત્વમાં - થોડાં જ વિકલેન્દ્રિયોને સાસ્વાદન સમ્યક્ત્વ હોય. થોડા હોવાથી એકત્વને લીધે તેમના ૮૦ ભંગ થાય. એ રીતે મતિ, શ્રુતમાં ૮૦ ભંગ જાણવા.

જે સ્થાને નૈરયિકોના ૨૭ ભંગ છે, ત્યાં વિકલેન્દ્રિયને અભંગક જાણવા. પૂર્વોક્ત ૮૦ ભંગ સિવાયના સ્થાનો અભંગક જાણવા. ક્રોધાદિ ઉપયુક્ત આ ઘણાં જીવો એક કાળે હોવાથી તેમને અભંગક કહ્યા.

વિકલેન્દ્રિય સૂત્રો પૃથ્વીકાયિક સૂત્રો માફક જાણવા. વિશેષ આ — અહીં લેશ્યાદ્વારે તેજોલેશ્યા ન કહેવી. દૃષ્ટિદ્વારે - બેઈન્દ્રિય જીવો સમ્યગ્દૃષ્ટિ પણ છે,

મિથ્યાદૃષ્ટિ પણ છે. મિશ્રદૃષ્ટિ નથી. સમ્યક્દર્શને વર્તતા બેઈન્દ્રિયો ક્રોધોપયુક્ત છે ? આદિ પ્રશ્નોત્તરે ૮૦ ભંગો. જ્ઞાનદ્વારે - x - તેઓ જ્ઞાની, અજ્ઞાની બંને છે. જ્ઞાની હોય તો મતિ અને શ્રુત બે જ્ઞાની છે બાકી પૂર્વવત્ ૮૦ ભંગો છે - યોગદ્વારે - x - તેઓ મનોયોગી નથી પણ વચન અને કાયયોગી છે. બાકી પૂર્વવત્.

એ પ્રમાણે તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના સૂત્રો જાણવા.

પંચેન્દ્રિયતિર્યંચ - જ્યાં નારકોના ૨૭ ભંગ છે, ત્યાં આ જીવ અભંગક જાણવા. તે જઘન્ય સ્થિતિ આદિ પૂર્વે દર્શાવેલા છે. ક્રોધાદિ ઉપયુક્ત એક સમયે ઘણાં હોવાથી અભંગક કહ્યા. આ સંબંધી સૂત્રો નારકસૂત્ર માફક જાણવા. શરીરદ્વારે આ વિશેષ છે - x - અસંખ્યેય તિર્યંચ પંચેન્દ્રિય યોનિમાં વસતા તિર્યંચ પંચેન્દ્રિયના - x - ચાર શરીરો છે — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. બધા અભંગક જાણવા.

સંહનનદ્વારે - x - પંચેન્દ્રિયતિર્યંચના - x - છ સંઘયણો કહ્યા છે — વજ્રઋષભનારાચ યાવત્ સેવાર્ત્ત. - - એ રીતે સંસ્થાન દ્વારે પણ છ સંસ્થાન કહ્યા - સમચતુરસ્ર આદિ. એ રીતે લેશ્યાદ્વારે - x - છ લેશ્યાઓ કહી - કૃષ્ણલેશ્યાદિ છ.

મનુષ્ય - જેમ દશ દ્વારમાં નૈરયિકો કહ્યા તેમ મનુષ્યો પણ કહેવા. - x - તેમાં નારકોની જઘન્યસ્થિતિ એક આદિથી સંખ્યાત સમય અધિકમાં, જઘન્ય અવગાહનામાં, સંખ્યાત પ્રદેશ અધિક તથા મિશ્રદૃષ્ટિમાં ૮૦ ભંગો કહ્યા. મનુષ્યોમાં પણ અહીં ૮૦ ભંગો કહેવા. તેનું કારણ તેઓનું અલ્પત્વ છે. નારક અને મનુષ્યનું સર્વથા સામ્ય નથી તે જણાવવા કહે છે — જઘન્ય સ્થિતિ, અસંખ્યાત સમયાધિક જઘન્ય સ્થિતિ આદિમાં નારકોના ૨૭ ભંગ કહ્યા, તો વિશેષતાયુક્ત જઘન્ય સ્થિતિ સિવાયના સ્થાનકોમાં મનુષ્યો અભંગક જાણવા. કેમકે નારકોને બહુલતાએ ક્રોધોદય હોય છે, તેથી તેનાં ૨૭ ભંગ છે, મનુષ્યોમાં પ્રત્યેક ક્રોધાદિ ઉપયોગવાળા ઘણાં મનુષ્યો હોવાથી, તેમને અભંગક કહ્યા.

આ સંબંધે વિશેષતા કહે છે — જે સ્થાને નારકોના ૮૦ ભંગો છે, ત્યાં મનુષ્યોના પણ ૮૦ ભંગો કહેવા. નારકોના ૨૭ ભંગો છે, ત્યાં મનુષ્યો અભંગક છે, આ કથનમાં મનુષ્યોમાં આટલો ભેદ છે કે — મનુષ્યોને જઘન્ય સ્થિતિમાં ૮૦ ભંગો કહેવા. નારકોમાં તેમ કહ્યું નથી. તથા આહારક શરીરમાં મનુષ્યોને ૮૦ ભંગો કહેવા. કેમકે તેવા મનુષ્યો થોડાં છે. નારકોને આહારક શરીર જ નથી. શરીરાદિ ચાર અને જ્ઞાનદ્વાર સંબંધે ભેદ છે. તે આ - x - મનુષ્યોને - x - પાંચ શરીર કહ્યા છે. તે આ — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ. - - ભગવન્ ! અસંખ્યેય મનુષ્યાવાસોમાં વસતા યાવત્ ઔદારિક શરીરમાં વર્તતા મનુષ્ય શું ક્રોધોપયુક્ત આદિ છે ? હા, ગૌતમ ! છે. એ પ્રમાણે બધાં શરીરોમાં કહેવું. વિશેષ એ — આહારક શરીરમાં ૮૦ ભંગો કહેવા.

એ પ્રમાણે સંહનનદ્વારમાં પણ કહેવું. વિશેષ એ - મનુષ્યોને - x - છ સંઘયણ કહ્યા છે - - સંસ્થાનદ્વારે છ સંસ્થાન કહ્યા છે. - લેશ્યાદ્વારે છ લેશ્યાઓ



કહી છે. - - જ્ઞાન દ્વારે મનુષ્યોને પાંચ જ્ઞાન કહ્યા - આભિનિબોધિક યાવત્ કેવલજ્ઞાન. કેવલજ્ઞાન સિવાયના ચાર જ્ઞાન અભંગક જાણવા. કેવલજ્ઞાનમાં તો કષાયનો ઉદય જ નથી.

ભવનવાસી માફક વ્યંતરાદિ દશે સ્થાનોમાં કહેવા. જ્યાં અસુરાદિને ૮૦ ભંગ અને જ્યાં ૨૭ ભંગ હોય, ત્યાં વ્યંતરોને પણ તેમજ કહેવા. માત્ર ભંગોમાં લોભ આદિમાં મૂકવો. ભવનવાસી સાથે વ્યંતરનું સામ્ય છે, તેમ જ્યોતિષ્કાદિનું નથી. તે સૂચવવા કહે છે — જ્યોતિષ્ક આદિનું લેશ્યાદિ ભિન્નત્વ બીજાની અપેક્ષાએ હોય તે જાણવું. અહીં પરસ્પર વિશેષ જાણીને તેનાં સૂત્રો કહેવા. તેમાં લેશ્યા દ્વારે જ્યોતિષ્કોને એક જ તેજોલેશ્યા કહેવી. જ્ઞાન દ્વારે જ્ઞાન અને અજ્ઞાન ત્રણ-ત્રણ કહેવા. કેમકે ત્યાં અસંજ્ઞીજીવોનો ઉત્પાદ થતો નથી માટે અપર્યાપ્તાવસ્થામાં પણ વિભંગ જ્ઞાન હોય છે. - - વૈમાનિકોમાં તેજોલેશ્યાદિ ત્રણ લેશ્યા કહેવી. જ્ઞાન દ્વારે ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન કહેવા. પ્રશ્ન વૃત્તિ મુજબ...

**શતક-૧, ઉદ્દેશા-૫-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૬-"યાવંત" ❀

— x — x — x — x —

૦ હવે છટ્ઠો ઉદ્દેશો કહે છે, તેનો આ સંબંધ છે. ઉદ્દેશા-૬-ના છેલ્લા સૂત્રમાં જ્યોતિષ્ક અને વૈમાનિકના આવાસો સંબંધે જણાવ્યું, તેના અંદરના દેખાવને આશ્રીને તથા જાવંત ગાથા પદથી —

● **સૂત્ર-૬૯ :-**

***ભગવન્ ! જેટલા અવકાશાંતરથી ઉગતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે, તેટલા જ અવકાશાંતરથી આથમતો સૂર્ય શીઘ્ર નજરે જોવાય છે ? હા, ગૌતમ ! - x - યાવત્ - x - જોવાય છે.***

***ભગવન્ ! ઉગતો સૂર્ય પોતાના તાપથી જેટલા ક્ષેત્રને ચારે બાજુથી પ્રકાશિત-ઉદ્યોતિત-તાપિત-પ્રભાસિત કરે છે, તેટલાં જ ક્ષેત્રને ચારે બાજુથી આથમતો સૂર્ય પોતાના તાપ દ્વારા પ્રકાશિત - ઉદ્યોતિત - તાપિત-પ્રભાસિત કરે છે ? હા, ગૌતમ ! યાવત્ કરે છે.***

***ભગવન્ ! સૂર્ય સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે કે અસ્પૃષ્ટ ક્ષેત્રને ? સ્પૃષ્ટ ક્ષેત્રને પ્રકાશિત કરે છે યાવત્ છ એ દિશામાં પ્રકાશિત કરે છે. એ રીતે તેને ઉદ્યોતિત-તાપિત-પ્રભાસિત કરે છે.***

***ભગવન્ ! સ્પર્શ કરવાના કાળ સમયે સૂર્ય સાથે સંબંધવાળા જેટલા ક્ષેત્રને સર્વ દિશાઓમાં સૂર્ય સ્પર્શે તેટલું સ્પર્શાતુ તે ક્ષેત્ર સ્પર્શાએલું એમ કહેવાય ? હા, ગૌતમ ! - x - યાવત્ કહેવાય.***

***ભગવન્ ! સ્પર્શાએલ ક્ષેત્રને સ્પર્શે કે અસ્પર્શાએલ ક્ષેત્રને સ્પર્શે ? [સ્પર્શાએલ ક્ષેત્રને.] યાવત્ નિયમા છ દિશાને.***

● **વિવેચન-૬૯ :-**

જે પરિમાણથી. કોઈ જાતના અવકાશથી કે રૂપ અંતરાલ થકી, જેટલા અવકાશાંતરે સૂર્ય રહેલો છે. ઉદય પામતો નજરે શીઘ્ર આવે છે. અહીં સ્પર્શ શબ્દનો અર્થ ''અડકવા જેવું'' કરવો. કેમકે આંખ અપ્રાપ્તકારી છે. - x - તે સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં સાધિક ૪૭,૨૬૩ યોજન વર્તતો ઉદયમાં દેખાય છે. અસ્ત સમયે પણ એમ જ છે. એ રીતે પ્રતિમંડલે જોવામાં વિશેષ છે. જે ગ્રંથાંતરથી જાણવું. સર્વે દિશામાં અને સર્વે વિદિશામાં, અથવા આ એકાર્થક છે. થોડું પ્રકાશે છે, જેમકે - સ્થૂલતર વસ્તુ જ દેખાય છે. ખૂબ પ્રકાશે છે, જેમકે સ્થૂલ વસ્તુ જ દેખાય છે. ઠંડકને દૂર કરે છે અથવા સૂક્ષ્મ કીડી આદિ દેખાય છે. ખૂબ તપે છે. ઠંડકને ઘણી દૂર કરે છે અથવા સૂક્ષ્મતર વસ્તુ દેખાય છે.

હવે ક્ષેત્રને આશ્રીને કહે છે — જે ક્ષેત્રને અવભાસે છે, ઉદ્યોતિત કરે છે, તપાવે છે, પ્રભાસે છે તેને સ્પર્શીને અવભાસે છે કે સ્પર્શ્યા વિના. યાવત્ શબ્દથી - સ્પૃષ્ટને અવભાસે છે અસ્પૃષ્ટને નહીં. - x - અવગાઢને અવભાસે છે, અનવગાઢને નહીં, અનંતર અવગાઢને અવભાસે છે, પરંપરાવગાઢને નહીં - x - અણુને અને બાદરને પણ અવભાસે છે - x - ઉર્ધ્વ, અધો, તિર્છાને પણ અવભાસે છે - x - આદિ-મધ્ય-અંતને અવભાસે છે - x - સવિષયને અવભાસે છે - x - આનુપૂર્વીને અવભાસે છે - x - નિયમા છ એ દિશાને અવભાસે છે. આ બધાંની વ્યાખ્યા ઉદ્દેશા-૧-ના નારકના આહાર સૂત્રવત્ કહેવી. તે જેમ અવભાસે છે, તે સૂત્ર પ્રપંચ કહ્યો. તે જ ઉદ્યોતીત આદિ ત્રણ પદથી કહેવું, તે દર્શાવવા એ રીતે ઉદ્યોતિતાદિ કહ્યું.

સ્પર્શાયેલ ક્ષેત્રને પ્રભાસે છે એમ કહ્યું. માટે હવે સ્પર્શનાને જ દર્શાવતા કહે છે. બધી દિશાઓમાં, સર્વ આત્મ વડે અથવા જે ક્ષેત્ર ખૂબ તાપથી વ્યાપ્ત છે તે અથવા વિષયભૂત બધું ક્ષેત્ર, પણ જેટલું ક્ષેત્ર છે તે બધાયનો સૂચક નથી. સર્વાપ - જે ક્ષેત્ર ખૂબ તાપથી વ્યાપ્ત હોય તે - x - અથવા સવ્વાપ - તાપથી વ્યાપ્ત ક્ષેત્ર. જ્યારે સ્પર્શ કરાય છે તે વખતે અથવા સ્પર્શ કરતા સૂર્યનો કાળ તે સ્પૃશત્કાલ. અહીં 'આતપ વડે' એ અર્થ અધ્યાહાર છે. તે સ્પૃશ્યમાન ક્ષેત્ર સ્પૃષ્ટ કહેવાય ? એ પ્રશ્ન. સ્પૃશ્યમાન અને સ્પૃષ્ટનું એકત્વ પ્રથમ સૂત્રવત્ જાણવું. - - -

સ્પર્શમાનને આશ્રીને જ કહે છે —

● **સૂત્ર-૭૦ :-**

***ભગવન્ ! લોકાંત અલોકાંતને સ્પર્શે અને અલોકાંત લોકાંતને સ્પર્શે ? હા, ગૌતમ ! લોકાંત અલોકાંત પરસ્પર સ્પર્શે.***

***ભગવન્ ! જે સ્પર્શાય તે સ્પૃષ્ટ છે કે અસ્પૃષ્ટ છે ? યાવત્ નિયમા છ દિશાને સ્પર્શે છે. - - ભગવન્ ! દ્વીપાંત સાગરાંતને સ્પર્શે અને સાગરાંત દ્વીપાંતને સ્પર્શે ? હા, યાવત્ નિયમા છ એ દિશાને સ્પર્શે. - - એ રીતે આ અભિલાપથી પાણીનો છેડો વહાણના છેડાને સ્પર્શે, છિદ્રાંત વસ્ત્રાંતને, છાયાંત આતપાંતને છ દિશાથી સ્પર્શે.***



● **વિવેચન-૭૦ :-**

લોકાંત એટલે ચારે બાજુથી લોકનો અંત, અલોકાંત એટલે લોકાંત પછીનો ભાગ. અહીં પણ સ્પર્શાદિ સૂત્ર પ્રપંચ કહેવો. તેથી જ કહ્યું છે — નિયમા છ દિશિ. એની ભાવના આ રીતે — સ્પર્શેલ અલોકાંતને લોકાંતને સ્પર્શે છે. દૂર રહેલો પદાર્થ પણ વ્યવહારથી સ્પૃષ્ટ કહેવાય જેમ ચક્ષુઃસ્પર્શ કહેવાય છે. અવગાઢ - નજીક. અવગાઢપણું માત્ર નિકટતા રૂપ જ હોય, માટે કહે છે — અનંતરાવગાઢ એટલે આંતરારહિત સંબદ્ધ, પણ પરંપરાવગાઢ નહીં, જેમ સાંકળની કડી જોડાયેલ હોય. તે અણુને સ્પર્શે છે. કેમકે વિવક્ષાથી ક્યાંક અલોકાંત પણ પ્રદેશ માત્રથી સૂક્ષ્મ છે બાદરને પણ સ્પર્શે છે, કેમકે ક્યાંક અલોકાંત બાદરરૂપ છે. તેને ઉપર, નીચે, તીર્છુ સ્પર્શે છે. કેમકે ઉર્ધ્વાદિમાં લોકાંત અને અલોકાંત છે. આદિ-મધ્યે-અંતે પણ સ્પર્શે છે. - x - તે પ્રમાણેની કલ્પનાથી. તેને પોતાના વિષયમાં સ્પર્શે છે. પણ અવિષયમાં નહીં.

તે આનુપૂર્વીથી સ્પર્શે છે, અહીં પ્રથમ સ્થાને લોકાંત પછી બીજા સ્થાને અલોકાંત, એ રીતે અવસ્થાનપણે સ્પર્શે છે અન્યથા સ્પર્શના જ ન થાય. તેને છ એ દિશામાં સ્પર્શે છે. લોકાંતને પડખે ચારે બાજુએ અલોકાંત છે. આ સ્થાને ખૂણાઓની સ્પર્શના નથી. કેમકે વિદિશાઓ લોકના પરિહારપૂર્વક રહે છે.

એ રીતે દ્વીપનો છેડો અને સાગરનો છેડાના સૂત્રોમાં સ્પૃષ્ટાદિ પદોની ભાવના કરવી. તેમાં ઉપરના અને નીચેના દ્વીપસમુદ્રના પ્રદેશને આશ્રીને ઉર્ધ્વ-અધો બંને દિશાની સ્પર્શના જાણવી.

નદી આદિના પાણીનો છેડો અને નૌકાનો છેડો, અહીં પણ ઉંચાઈની અપેક્ષા એ કે જલ નિમજ્જનથી ઉર્ધ્વ દિશાની સ્પર્શના જાણવી.

છિદ્રનો છેડો વસ્ત્રના છેડાને સ્પર્શે છે. અહીં પણ છ દિશાની સ્પર્શના ભાવવી. તે વસ્ત્રની ઉંચાઈની અપેક્ષાએ અથવા કંબલરૂપ વસ્ત્રની પોટલીમાં વચ્ચે ઉત્પન્ન થયેલ જીવે ખાવાથી પડેલ મધ્ય છિદ્રની અપેક્ષાએ લોકાંત સૂત્રવત્ છ દિશાની સ્પર્શના છે.

છાયાના ભેદથી છ દિશાની ભાવના આ પ્રમાણે - આતપમાં આકાશમાં ઉડતા પક્ષી વગેરેની જે છાયા તેનો અંત તે આતપાંત ચારે દિશામાં સ્પર્શે છે, તથા તે છાયાની ઉંચાઈ જમીનથી તે દ્રવ્ય સુધીની હોય છે - x - ઇત્યાદિ - x - સ્પર્શનાધિકારથી ક્રિયા વિચાર —

● **સૂત્ર-૭૧ :-**

***ભગવન્ ! જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? હા, કરાય છે ભગવન્ ! તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ ? - યાવત્ વ્યાઘાત રહિત વડે છ એ દિશામાં અને વ્યાઘાત આશ્રિને કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ દિશાને સ્પર્શે છે. - - ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે કૃત કરાય કે અકૃત ? ગૌતમ ! કૃત કરાય, અકૃત ન કરાય.***

***ભગવન્ ! તે ક્રિયા આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ? ગૌતમ !***

*આત્મકૃત છે, પરકૃત કે ઉભયકૃત નથી. - - તે ક્રિયા આનુપૂર્વીકૃત છે કે અનાનુપૂર્વી કૃત ? ગૌતમ ! આનુપૂર્વીકૃત છે, અનાનુપૂર્વીકૃત નથી. જે ક્રિયા કૃત છે - કરાય છે - કરાશે તે આનુપૂર્વી કૃત છે, પણ અનાનુપૂર્વી કૃત નથી.*

*ભગવન્ ! નૈરયિકો પ્રાણાતિપાત ક્રિયા કરે ? હા, કરે. જે ક્રિયા કરાય તે શું સ્પષ્ટ છે કે અસ્પૃષ્ટ ? - યાવત્ - નિયમા છ એ દિશામાં કરાય છે - ભગવન્ ! જે ક્રિયા કરાય છે તે કૃત છે કે અકૃત છે ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ અનાનુપૂર્વી કૃત્ નથી.*

*નૈરયિકો માફક એકેન્દ્રિય સિવાયના યાવત્ વૈમાનિક સુધીના જીવો કહેવા અને એકેન્દ્રિયો જીવોની માફક કહેવા.*

*પ્રાણાતિપાત માફક મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શનશલ્ય. આ અઢારે સ્થાન વિશે ૨૪-દંડક કહેવા. - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, કહી ગૌતમ શ્રમણ વિચરે છે.*

● વિવેચન-૭૧ :-

આ પક્ષ છે - કરાય તે ક્રિયા અને ક્રિયા એટલે કર્મ, તે થાય છે. ઇત્યાદિ વ્યાખ્યા પૂર્વવત્. કૃત હોય તે થાય, કેમકે અકૃત્ કર્મનો અભાવ છે કર્મ આત્મકૃત હોય, પરકૃત નહીં. જ્યાં આગળ-પાછળનો વિભાગ ન હોય તે અનાનુપૂર્વી શબ્દથી વ્યવહરાય છે.

એકેન્દ્રિયોને વર્જીને નારકવત્ અસુરાદિ બધા કહેવા. એકેન્દ્રિયો જુદી રીતે કહેવા, કેમકે તેઓને દિશાપદમાં નિર્વ્યાઘાતે છ એ દિશામાં અને વ્યાઘાતે ત્રણ-ચાર-પાંચ દિશામાં એ વિશેષ છે અને આ વિશેષ જીવપદમાં કહેલ છે, માટે જ કહે છે — जहाजीवा.

યાવત્ શબ્દથી માન, માયા, લોભાદિ જાણવા. 'પ્રેમ' એટલે જે આસક્તિમાં માયા અને લોભનો સ્વભાવ અપ્રગટ છે, તે 'દ્વેષ' એટલે અપ્રગટ ક્રોધ અને માનરૂપ જે માત્ર અપ્રીતિ. कलह - કજીયો, अभ्याख्यान - અછતાં દોષો જાહેર કરવા. पेसुन्न - અછતાં દોષોને ગુપ્તપણે જાહેર કરવા. परपरिवाद - વિપ્રકીર્ણ બીજાના ગુણદોષ કહેવા. अरति - મોહનીયના ઉદયથી ચિત્તનો ઉદ્વેગરૂપ ફળ. મોહનીયના ઉદયથી વિષયોમાં ચિત્તની અભિરતિ તે इति. मायामृषावाद - ત્રીજા કષાય અને બીજા આશ્રવનો સંયોગ. આના વડે બધાં સંયોગો ઉપલક્ષિત કર્યા છે અથવા વેશાંતર-ભાષાંતર કરીને જે બીજાને છેતરવા, અનેક પ્રકારના જીવોને પીડાનું કારણ હોવાથી તે મિથ્યાદર્શન શલ્ય છે.

એ રીતે કર્મ પ્રરૂપ્યું. તે પ્રવાહથી શાશ્વત છે, શાશ્વતા એવા લોકાદિ ભાવોને રોહક નામક મુનિ દ્વારથી પ્રરૂપવા કહે છે —

● સૂત્ર-૭૨ થી ૭૬ :-

*[૭૨] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય 'રોહ' નામક અણગાર, જેઓ સ્વભાવથી ભદ્રક, મૃદુ, વિનીત, શાંત, પાતળા ક્રોધ-માન-*



*માયા-લોભવાળા, નિરહંકારતા સંપન્ન, ગુરુઆશ્રિત, કોઈને ન સંતાપનાર, વિનયી હતા. તેઓ ભગવંત મહાવીરની દૂર નહીં-સમીપ નહીં એ રીતે ઉભડક બેસી, મસ્તક ઝુકાવી, ધ્યાનરૂપ કોઠામાં પ્રવેશી, સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે.*

*ત્યારે તે રોહ અણગાર જાતશ્રદ્ધ થઈ યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા - ભગવન્ ! પહેલા લોક અને પછી અલોક કે પહેલા અલોક અને પછી લોક ? રોહ ! લોક અને અલોક પહેલાં પણ છે, પછી પણ છે. આ બંને શાશ્વત ભાવો છે. તેમાં પહેલો કે પછી ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા જીવ પછી અજીવ કે પહેલા અજીવ પછી જીવ ? જેમ લોક-અલોકમાં કહ્યું, તેમ જીવ-અજીવમાં જાણવું. એ પ્રમાણે ભવસિદ્ધિક-અભવસિદ્ધિક, સિદ્ધિ-અસિદ્ધિ, સિદ્ધ-અસિદ્ધ જાણવા.*

*ભગવન્ ! પહેલા ઇંડુ પછી કુકડી કે પહેલા કુકડી પછી ઇંડુ ? રોહ ! તે ઇંડુ ક્યાંથી થયું ? ભગવન્ ! કુકડીથી. કુકડી ક્યાંથી થઈ ? ભગવન્ ! ઇંડાથી. એ રીતે હે રોહ ! ઇંડુ અને કુકડી પહેલા પણ છે, પછી પણ છે. એ શાશ્વત ભાવ છે. તે બેમાં કોઈ જાતનો ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા લોકાંત, પછી અલોકાંત કે પહેલા અલોકાંત, પછી લોકાંત ? રોહ ! લોકાંત અને અલોકાંત, યાવત્ કોઈ જ ક્રમ નથી.*

*ભગવન્ ! પહેલા લોકાંત, પછી સાતમું અવકાશાંતરનો પ્રશ્ન. રોહ ! લોકાંત અને સાતમું અવકાશાંતર બંને છે, યાવત્ કોઈ ક્રમ નથી. એ પ્રમાણે લોકાંત અને સાતમો તનુવાત, એ રીતે ઘનવાત, ઘનોદધિ અને સાતમી પૃથ્વી. એ પ્રમાણે એક એકની સાથે આ સ્થાનો જોડવા.*

*[૭૩] અવકાશાંતર, વાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, વર્ષક્ષેત્ર, નૈરયિકાદિ જીવ, અસ્તિકાય, સમય, કર્મ અને લેશ્યા... [૭૪] દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્યપ્રદેશ, પર્યવો, કાળ - - -*

*[૭૫] ભગવન્ ! શું પહેલા લોકાંત, પછી સર્વકાળ છે ? જેમ લોકાંત સાથે એ બધાં સ્થાનો જોડ્યા, તેમ અલોકાંત સાથે પણ જોડવા.*

*ભગવન્ ! પહેલા સાતમું અવકાશાંતર, પછી સાતમો તનુવાત છે ? એ રીતે સાતમું અવકાશાંતર બધાં સાથે જોડવું યાવત્ સર્વકાળ.*

*ભગવન્ ! પહેલા સાતમો તનુવાત, પછી સાતમો ઘનવાત ? આ પણ તેમજ જાણવું. યાવત્ સર્વકાળ. આ રીતે ઉપરના એકૈકને સંયોજતા અને નીચે-નીચેનાને છોડતા પૂર્વવત્ જાણવું. યાવત્ અતીત, અનાગતકાળ પછી સર્વકાળનો યાવત્ કોઈ ક્રમ નથી.*

*હે ભગવન્ ! એમ કેમ કહો છો ? - x - ગૌતમ ! જેમ કોઈ પુરુષ ચામડાની મસકને પવનથી ફૂલાવે, ફૂલાવીને તેનું મુખ બાંધે, મધ્યમાં ગાંઠ બાંધે, મુખ ખોલી દે, ઉપરના ભાગે પાણી ભરે, ભરીને મુખ બાંધી દે, વચ્ચેની*

***ગાંઠ છોડી નાંખે, તો ભરેલું પાણી વાયુના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. તે કારણે યાવત્ જીવો કર્મ સંગૃહિત છે.***

***અથવા હે ગૌતમ ! કોઈ પુરુષ મસકને ફૂલાવીને પોતાની કેડે બાંધે, બાંધીને અથાગ, તરી ન શકાય તેવા, માથોડાથી વધુ ઉંડા જળમાં પ્રવેશે, તો તે પુરુષ પાણીના ઉપરના ભાગમાં રહે ? હા, રહે. એ રીતે આઠ ભેદે લોક સ્થિતિ યાવત્ જીવ કર્મસંગૃહિત કહ્યા.***

**● વિવેચન-૭૨ થી ૭૬ :-**

સ્વભાવથી—પરોપકાર કરનારો, ભાવ મૃદુ, તેથી જ વિનયી, તથા ક્રોધોદયના અભાવવાળો, કષાયોદય હોવા છતાં તે પ્રવૃત્તિના અભાવથી પાતળા ક્રોધાદિભાવવાળો, ગુરુના ઉપદેશથી અહંકાર ઉપર અત્યંત જય મેળવનાર, ગુરુને આશ્રયે રહેલ કે સંલીન, ગુરુ શિક્ષાના ગુણથી કોઈને ન સંતાપનાર, ગુરુ સેવા ગુણથી વિનયી, જેની સિદ્ધિ થનારી છે તે અર્થાત્ ભવ્ય. સાતમી પૃથ્વી નીચેનું આકાશ.

સૂત્ર ગાથા - સાત અવકાશાંતરો, તનુવાત - ઘનવાત, ઘન પાણી, સાતે નરક પૃથ્વી, જંબૂદ્વીપાદિ અસંખ્યાત દ્વીપો, લવણાદિ અસંખ્ય સમુદ્રો, ભરતાદિ સાત ક્ષેત્રો, નૈરયિકાદિ ૨૪-દંડક, પાંચ અસ્તિકાય, કાળવિભાગ, આઠ કર્મો, છ લેશ્યા, મિથ્યાદિ ત્રણ દૃષ્ટિ, ચાર દર્શન, પાંચ જ્ઞાન, ચાર સંજ્ઞા, પાંચ શરીર, ત્રણ યોગ, બે ઉપયોગ, છ દ્રવ્યો, અનંતા પ્રદેશો, અનંત પર્યાયો, અતીતાદિ કાળ.

અહીં સૂત્રાભિલાપનો નિર્દેશ કર્યો છે. તે રીતે છેલ્લા સૂત્રના અભિલાપને દર્શાવતા કહે છે — પહેલા લોક, પછી સર્વકાળ ? આદિ. આ સૂત્રો શૂન્યવાદ, જ્ઞાનવાદાદિના નિરાસથી વિચિત્ર બાહ્ય અને આધ્યાત્મિક વસ્તુની સત્તાના અને અનાદિપણાના સૂચક છે.

લોકાંતાદિ લોક પદાર્થનો પ્રસ્તાવથી ગૌતમના મુખથી લોક સ્થિતિ જણાવવા કહે છે — (૧) તનુવાત, ઘનવાતરૂપ વાયુ આકાશને આધારે રહેલો છે. કેમકે તે અવકાશાંતર ઉપર સ્થિત છે, આકાશ તો સ્વપ્રતિષ્ઠિત જ છે, તેની પ્રતિષ્ઠાની વિચારણા કરી નથી. (૨) ઘનોદધિ તનુવાત, ઘનવાત ઉપર રહેલો છે, (૩) રત્નપ્રભાદિ પૃથ્વી ઘનોદધિ ઉપર રહેલી છે. આ કથન બહુલતાની અપેક્ષાએ છે, અન્યથા ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી આકાશને આધારે રહેલ છે. (૪) ત્રસ સ્થાવર પ્રાણી પૃથ્વીને આધારે છે તે પણ પ્રાયિક વચન છે. તે આકાશ-પર્વત-વિમાન આધારે પણ છે.

(૫) શરીરાદિ પુદ્ગલરૂપ અજીવો જીવને આધારે રહેલા છે. કેમકે જીવોમાં તેની સ્થિતિ છે. (૬) અનુદય અવસ્થામાં રહેલ કર્મ પુદ્ગલ સમુદાય રૂપે સંસારી જીવો કર્મ પ્રતિષ્ઠિત છે. બીજા કહે છે — જીવો નારકાદિ ભાવે કર્મ વડે રહેલા છે. (૭) મન-ભાષાદિ પુદ્ગલો જીવોએ સંગ્રહેલા છે. [શંકા] અજીવો જીવ પ્રતિષ્ઠિત છે અને અજીવો જીવ સંગૃહિત છે. તેમાં શો ભેદ છે? પૂર્વે આધાર-આધેય ભાવ કહ્યો, અહીં સંગ્રાહ્ય-સંગ્રાહક ભાવ કહ્યો, તે ભેદ છે. - x - [૮] સંસારી જીવો ઉદય પ્રાપ્ત કર્મવશવર્તી હોવાથી જીવ કર્મ સંગૃહીત છે. જે જેને વશ હોય તે તેમાં રહેલ હોય - x -



કોઈ એક દેવદત્તાદિ નામવાળો પુરુષ - x - x - મસકને વાયુ વડે ફૂલાવે - x - x - ઉપર ગાંઠ બાંધે અથવા વાયુની ઉપર અપ્કાય વ્યવહારથી પણ હોય - x - જેમ પાણીનો આધાર વાયુ છે, તેમ આકાશ અને ઘનવાતાદિનો પરસ્પર આધાર-આધેય ભાવ પહેલા કહ્યો છે. અગાધ-તળ વિનાનું-ઘણું ઉંડુ, તેથી જ તરવું અશક્ય. પાઠાંતરથી પાર વિનાનું. પુરુષ પ્રમાણથી વધારે તે અપૌરુષેય. - x - પાણીમાં.

લોક સ્થિતિ અધિકારથી જ કહે છે — अत्थिणं॰ બીજા કહે છે — ‘‘અજીવો જીવ પ્રતિષ્ઠિત છે, ઇત્યાદિ ચાર પદની ભાવના માટે સૂત્ર —

**● સૂત્ર-૭૭ :-**

***ભગવન્ ! જીવો અને પુદ્ગલો પરસ્પર બદ્ધ - સ્પૃષ્ટ - અવગાઢ - સ્નેહ પ્રતિબદ્ધ - ઘટ્ટ થઈને રહે છે ? હા, રહે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ એક દ્રહ છે, તે પાણીથી ભરેલો છે, છલોછલ ભરેલો, છલકાતો, પાણીથી વધતો, ભરેલા ઘડા માફક રહે છે. કોઈ પુરુષ તે દ્રહમાં એક મોટી ૧૦૦ નાના અને ૧૦૦ મોટા કાણાવાળી નાવને નાંખે, તો હે ગૌતમ ! તે નાવ તે છિદ્રોથી ભરાતી, વધારે ભરાતી, છલકાતી, પાણીથી વધતી અને ભરેલા ઘડા માફક રહે ? હા, રહે. તેથી જ હે ગૌતમ ! યાવત્ જીવો તે પ્રમાણે રહે છે.***

**● વિવેચન-૭૭ :-**

કર્મ શરીરાદિ પુદ્ગલો, જીવો પુદ્ગલ સાથે અને પુદ્ગલો જીવો સાથે અન્યોન્ય બદ્ધ છે. કેવી રીતે ? પૂર્વે માત્ર અન્યોન્ય સ્પૃષ્ટ હતા, પછી અન્યોન્ય બદ્ધ થયા - ગાઢતર બદ્ધ થયા. પરસ્પર એકમેક થયા, સ્નેહ પ્રતિબદ્ધ થયા. સ્નેહ - રાગ આદિ. કહ્યું છે — સ્નેહ તેલથી લેપેલ શરીરે રજ ચોંટે છે, તેમ રાગદ્વેષથી ક્લિન્ન આત્માને કર્મ ચોંટે છે.

જેમનો અન્યોન્ય સમુદાય છે, તે અન્યોન્ય ઘટ્ટ, તેનો ભાવ તે અન્યોન્યઘટ્ટતા. દ્રહ કે નદી, જળથી ભરેલ હોય, તે કંઈક અધૂરો હોય તો પણ વ્યવહારથી પૂર્ણ કહેવાય. જેનું પ્રમાણ પાણીથી પૂરું છે, ઘણું પાણી ભરાવાથી છલકતો, પાણીની પ્રચૂરતાથી વધતો, - x - જ્યાં પાણીનો સમુદાય વિષમ નહીં પણ સમ છે, તે સમભર અથવા સર્વથા ભરેલો, સમ શબ્દનો સર્વ અર્થ હોવાથી સમભર, એવા સમભર ઘટ માફક અર્થાત્ સર્વથા ભરેલા ઘટના આકારપણે. - x - x - સો નાના કાણાવાળી કે નિત્ય કાણાવાળી, સો મોટા કાણાવાળી નાવનો પ્રવેશ કરાવે. તે છિદ્ર રૂપ દ્વારો વડે પાણીથી ભરાતી ઇત્યાદિ પૂર્વવત્. વિશેષ આ - ભરાયા પછી ત્યાં જ ડૂબે. તે દ્રહમાં ફેંકેલ અને પાણીથી પૂર્ણ ભરેલ ઘડાની માફક દ્રહના નીચેના ભાગમાં પાણીની સાથે રહે છે. જેમ નાવ અને દ્રહનું જળ અન્યોન્યાવગાઢ રહે છે, તેમ જીવ અને પુદ્ગલ રહે છે. - - લોક સ્થિતિ વિશે કહે છે —

**● સૂત્ર-૭૮ :-**

***ભગવન્ ! સદા સૂક્ષ્મ સ્નેહકાય [પાણી] માપથી પડે છે ? હા, પડે છે.***

*ભગવન્ ! તે ઉર્ધ્વ પડે, નીચે પડે કે તિર્છું પડે ? ગૌતમ ! ઉર્ધ્વ-અધો-તિર્છું ત્રણે પડે. - - ભગવન્ ! તે સૂક્ષ્મ અપ્‌કાય આ સ્થૂળ અપ્‌કાય માફક પરસ્પર સમાયુક્ત થઈને લાંબો કાળ રહે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. તે સૂક્ષ્મ અપ્‌કાય શીઘ્ર જ નાશ પામે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૯ :-**

હંમેશા, સપરિમાણ પણ બાદર અપ્‌કાય માફક અપરિમિત નહીં અથવા સદા - સર્વ ઋતુઓમાં, રાત્રિ અને દિવસના પહેલા અને છેલ્લા પ્રહરમાં, તેમાં પણ સ્નિગ્ધ અને રૂક્ષભાવ અપેક્ષાએ કાળનું બહુત્વ-અલ્પત્વ સમજવું. કહ્યું છે – શિશિર ઋતુમાં પહેલા-છેલ્લા પ્રહરને વર્જીને તથા ગ્રીષ્મમાં પહેલા-છેલ્લા પ્રહરનો અર્ધભાગ વર્જીને બીજા સમયે સ્નેહ આદિના રક્ષણ માટે લેપવાળું પાત્ર બહાર ન મૂકે. સ્નેહકાય એટલે અપ્‌કાય વિશેષ. - - ઉર્ધ્વલોકમાં વૃત્તવૈતાઢ્યાદિમાં, અધોલોક ગ્રામમાં, તિર્છાલોકમાં તળાવ આદિ ભરાતા તે થોડા હોવાથી વિનાશ પામે છે.

**શતક-૧, ઉદ્દેશો-૬-ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## શતક-૧, ઉદ્દેશો-૭-નૈરયિક

-- x -- x -- x -- x --

૦ હવે સાતમો ઉદ્દેશો કહે છે, તેનો આ સંબંધ છે – નાશ પામે છે, તેમ કહ્યું. અહીં તેથી વિપરીત ‘ઉત્પાદ’ કહે છે. અથવા પૂર્વે લોક સ્થિતિ કહી, અહીં પણ કહે છે – અવસરથી નૈરયિક કહે છે –

● **સૂત્ર-૭૯ :-**

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પદ્યમાન શું એક ભાગથી એક ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, એક ભાગથી સર્વ ભાગને આશ્રીને ઉત્પન્ન થાય, સર્વથી દેશ ભાગે ઉપજે કે સર્વથી સર્વ ભાગે ઉપજે ? ગૌતમ ! દેશથી દેશ, દેશથી સર્વ કે સર્વથી દેશ ભાગે ઉત્પન્ન ન થાય, પણ સર્વથી સર્વ ભાગે ઉપજે.*

*નૈરયિકવત્ વૈમાનિક સુધી જાણવું.*

● **વિવેચન-૭૯ :-**

જે જીવ નૈરયિકમાં ઉત્પન્ન થયો નથી, પણ હવે ઉપજવાનો છે, તે નૈરયિક કેમ કહેવાય ? - x - ઉત્પન્ન થતો ઉત્પન્ન જ જાણવો. કેમકે તેના આયુષ્યનો ઉદય છે. અન્યથા તિર્યંચાદિ આયુના અભાવે નારકના આયુના ઉદયે પણ જો તે નારક નથી તો બીજો કોણ છે ?

અંશે અંશે જે ઉત્પાદન પ્રવર્તે તે ‘દેશોનદેશ’. એ રીતે આગળ પણ જાણવું. તેમાં જીવ શું પોતાના અવયવથી નારક અવયવીના અંશપણે ઉપજે અથવા દેશથી સર્વાત્મપણે ઉપજે ? ઇત્યાદિ પ્રશ્ન. - x - તેનો ઉત્તર આપે છે. (૧) પોતાના અવયવથી નારકીના અવયવ પણે ઉત્પન્ન ન થાય, કેમકે પારિણામિક કારણ અવયવથી કાર્ય અવયવ ન નીપજે. - x - જેમ પટના દેશભૂત તંતુથી અપૂર્ણ પટદેશ નીપજતો



નથી. - x - (૨) દેશથી સર્વપણે પણ ન ઉપજે. કેમકે અપરિપૂર્ણ કારણપણું છે. જેમ એક તંતુથી પટ ન બની શકે. (૩) સર્વથી દેશપણે ન ઉપજે કેમકે સંપૂર્ણ પરિણામી કારણથી સંપૂર્ણ ઘડો ઉત્પન્ન થાય, ઠીકરું નહીં. (૪) સર્વથી સર્વ ઉપજે, કેમકે પૂર્ણ કારણનો સમવાય છે. જેમકે - ઘટ. *[આ ચૂર્ણિકારનો મત છે.]*

*[વૃત્તિકાર કહે છે –]* શું એક સ્થાને રહેલો જીવ – (૧) પોતાના એક ભાગને દૂર કરીને જ્યાં ઉત્પન્ન થવાનું છે, ત્યાં એક ભાગ વડે ઉત્પન્ન થાય ? એક ભાગથી સર્વતઃ ઉત્પન્ન થાય ?, સર્વ આત્મા વડે જ્યાં ઉત્પન્ન થવાનું છે ત્યાં દેશથી ઉત્પન્ન થાય ? અથવા સર્વ આત્મા વડે સર્વત્ર ઉત્પન્ન થાય ? અહીં છેલ્લા બે ભંગ લેવા. ઇલિકાગતિથી જાય તો ત્યાં દેશથી ઉત્પન્ન થાય, કંદુકગતિથી જાય તો સર્વથી ઉત્પન્ન થાય. - આ વ્યાખ્યા વાચનાંતર વિષયમાં છે. *[આ સૂત્ર મુજબ નથી.]* ઉત્પત્તિ પછી આહાર જોઈએ માટે આહારસૂત્ર–

● **સૂત્ર-૮૦ :-**

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પદ્યમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ?, દેશથી સર્વનો આહાર કરે ? સર્વથી દેશનો આહાર કરે ? કે સર્વથી સર્વનો આહાર કરે ? ગૌતમ ! દેશથી દેશનો કે દેશથી સર્વનો આહાર ન કરે. સર્વથી દેશનો કે સર્વથી સર્વનો આહાર કરે. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! નૈરયિકોથી ઉદ્વર્તતો નૈરયિક શું દેશથી દેશે ઉદ્વર્તે ? આદિ પ્રશ્ન. ઉત્પદ્યમાનની જેમ ઉદ્વર્તમાનનો દંડક કહેવો.*

*ભગવન્ ! નૈરયિકથી ઉદ્વર્તમાન નૈરયિક શું દેશથી દેશનો આહાર કરે ? આદિ પ્રશ્ન. ગૌતમ ! તે સર્વથી દેશને આશ્રીને આહાર કરે અને સર્વથી સર્વનો આહાર કરે. એમ વૈમાનિક સુધી છે.*

*ભગવન્ ! નૈરયિકોમાં ઉત્પન્ન નૈરયિક શું દેશથી દેશે ઉત્પન્ન થાય ? આદિ પ્રશ્ન. ગૌતમ ! સર્વથી સર્વ ભાગે ઉત્પન્ન થાય. ઉત્પદ્યમાન અને ઉદ્વર્તમાનના ચાર દંડક માફક ઉપપન્ન અને ઉદ્વર્તનના પણ ચાર દંડક જાણવા. - - સર્વથી સર્વ ઉપપન્ન, સર્વથી દેશનો આહાર, સર્વથી સર્વનો આહાર. આ અભિલાપ વડે ઉપપન્ન અને ઉદ્વર્તન જાણવું. - - - ભગવન્ ! નૈરયિકોમાં ઉપજતો શું અર્ધભાગ વડે અર્ધને આશ્રીને ઉત્પન્ન થાય ? અર્ધથી સર્વ ઉપજે ? સર્વથી અર્ધ ઉપજે ? કે સર્વથી સર્વ ઉપજે. ગૌતમ ! જેમ પ્રથમ સાથે આઠ દંડક કહ્યા તેમ અર્ધ સાથે આઠ દંડક કહેવા. વિશેષ આ - देश ને સ્થાને अद्ध શબ્દ કહેવો.*

*કુલ ૧૬ દંડક થયા.*

● **વિવેચન-૮૦ :-**

આત્માના એક દેશ વડે ખાવાના પદાર્થનો એક ભાગ ખાય ? એમ જાણવું [ઉત્તર] સર્વથી દેશનો આહાર કરે. કેમકે ઉત્પત્તિ પછી અનંતર સમયમાં સર્વ પ્રદેશો વડે આત્મા આહાર પુદ્‌ગલ લઈ કેટલાંક ખાય છે, કેટલાંક મૂકે છે - x - x - માટે કહ્યું દેશથી ખાય. ઉત્પત્તિ સમયે સર્વાત્મ પ્રદેશથી આહાર પુદ્‌ગલો ગ્રહીને - x -

સર્વને આહારે છે. - - આહાર સાથે ઉત્પાદના બે દંડક પૂર્વે કહ્યા. હવે ઉત્પાદનો પ્રતિપક્ષ હોવાથી - x - ઉદ્વર્તના દંડક આહાર દંડક સાથે કહ્યો છે. અનુત્પન્ન જીવની ઉદ્વર્તના હોતી નથી, માટે હવે પછી આહાર સાથે ઉત્પન્ન જીવ સંબંધે બે દંડક કહ્યા છે. ઉત્પન્નનો પ્રતિપક્ષ હોવાથી આહાર સાથે ઉદ્વર્તનાના બે દંડક કહ્યા છે. ઇત્યાદિ - x -

એ પ્રમાણે આઠ દંડકો વડે દેશ અને સર્વથી ઉત્પાદાદિ વિચાર કર્યો. બીજા આઠ દંડકથી અર્ધ અને સર્વ વડે ઉત્પાદાદિ વિશે વિચારણા છે. - x - ઉત્પત્તિ, ઉદ્વર્તના ગતિપૂર્વક થાય માટે ગતિ —

● **સૂત્ર-૮૧ :-**

***ભગવન્ ! શું જીવ વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! થોડો વિગ્રહ ગતિને અને થોડો અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. - - ભગવન્ ! જીવો વિગ્રહ ગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! બંને.***

***ભગવન્ ! નૈરયિકો વિગ્રહગતિને પ્રાપ્ત છે કે અવિગ્રહ ગતિને ? ગૌતમ ! તે બધાં અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે અથવા ઘણાં અવિગ્રહગતિને પ્રાપ્ત છે અને એક વિગ્રહગતિને પ્રાપ્ત છે અથવા ઘણાં અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે, ઘણાં વિગ્રહગતિને. એ પ્રમાણે સર્વત્ર ત્રણ ભંગ છે માત્ર જીવ અને એકેન્દ્રિયમાં નહીં.***

● **વિવેચન-૮૧ :-**

વિગ્રહ - વક્ર, તેની મુખ્યતાવાળી ગતિ તે વિગ્રહગતિ. બીજી ગતિમાં વાંકો ચાલે ત્યારે તે વિગ્રહગતિ પ્રાપ્ત કહેવાય. અવિગ્રહગતિ પ્રાપ્ત તે ઋજુગતિમાં રહેલો, તેમાં ગતિવાળો કે ગતિ વિનાનો તે અવિગ્રહ ગતિ પ્રાપ્ત કહેવાય. હવે જો “ઋજુ ગતિવાળો” એ જ અર્થ કરાય તો સૂત્રમાં કહેલ અવિગ્રહ ગતિ સમાપન્નનો અર્થ કરતા નારકીમાં ઋજુ ગતિવાળા જીવો ઘણાં હશે તેમ અર્થ થશે. તેમ નથી. શાસ્ત્રમાં એક-બે જીવનો ઉત્પાદ સંભળાય છે. ટીકાકારે કોઈપણ અભિપ્રાયથી ઋજુગતિક અર્થ કર્યો છે.

‘‘जीवा णं भंते’’ આદિ પ્રશ્ન - જીવો અનંત હોવાથી પ્રતિ સમયે વિગ્રહગતિવાળાનો નિષેધ કરીને બહુત્વના ભાવથી કહે છે - જીવો કરતાં નારકોનું અલ્પત્વ હોવાથી વિગ્રહગતિવાળાનો કદાચ અસંભવ હોય અને સંભવે તો એકાદિ હોય, તેથી વિગ્રહગતિવાળાનો નિષેધ કરીને કહે છે — અહીં ત્રણ વિકલ્પ છે - ‘‘सव्वे वि ताव०’’ અસુરાદિમાં એ વાત અતિદેશ થકી કહે છે — જીવો અને એકેન્દ્રિયો ઉક્ત યુક્તિ વડે વિગ્રહગતિવાળા અને વિનાના ઘણાં હોય છે, માટે અહીં ત્રણ ભંગ કહ્યા નથી. પણ એ સિવાય તો ત્રણ ભાંગા જ જાણવા. - ગતિ અધિકારથી ચ્યવનસૂત્ર—

● **સૂત્ર-૮૨ :-**

***ભગવન્ ! મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલ, મહાયશ, મહાનુભાવ, મરણકાળે ચ્યવતો મહેશ દેવ લજ્જા-દુગંછા-પરીષહને કારણે થોડો સમય આહાર કરતો***



***નથી, પછી આહાર કરે છે અને લેવાતો આહાર પરિણમે પણ છે, છેવટે તેનું આયુ સર્વથા નષ્ટ થાય છે, તેથી તે દેવ જ્યાં ઉત્પન્ન થાય ત્યાંનુ આયુ અનુભવે. તે તિર્યંચયોનિકનું કે મનુષ્યનું આયુ જાણવું ? હે ગૌતમ ! તે મહર્દ્ધિક દેવનું યાવત્ મનુષ્યનું આયુ પણ જાણવું.***

● **વિવેચન-૮૨ :-**

વિમાન, પરિવારાદિથી મહર્દ્ધિક, શરીરાભરણાદિથી મહદ્યુતિક, શરીરપ્રાણથી મહાબલ, યશકીર્તિથી મહાયશ, મહેશ નામનો અથવા મહાસુખવાળો, વિશિષ્ટ વૈક્રિયાદિ અચિંત્ય સામર્થ્યથી મહાનુભાવ, - x - ઉત્પત્તિ - x - કે - x - મરણ સમયે અર્થાત્ જીવતો જ મરવાની તૈયારીવાળો કે શરીરને છોડતો કેટલોક કાળ ખાય પણ નહીં. કેમ ? લજ્જા નિમિત્તે, કેમકે જ્યાં ઉત્પન્ન થવાનો છે, તે સ્થાન જોઈને શરમાય છે, કેમકે તે સ્થાન દેવભવ કરતાં વિસદશ છે, પુરુષ દ્વારા ભોગવાતી સ્ત્રીનો ગર્ભાશય છે તેથી શરમથી ન ખાય. વળી ઘૃણા નિમિત્ત-ઉત્પત્તિ ગંદકીરૂપ વીર્યાદિથી છે તથા અરતિ પરીષહને લીધે ચેન ન પડવાથી ખાતો નથી. દેવાહાર-તથાવિધ પુદ્ગલો મનથી ગ્રહણ કરવા.

હવે પછીના સમયે આહાર કરે છે, કેમકે ભૂખની પીડા લાંબો કાળ સહેવાતી નથી - x - આ સૂત્રથી ક્રિયાકાળ-નિષ્ઠાકાળના અભેદ અભિધાનથી આહાર કાળની અલ્પતા કહી છે. આહાર કર્યા પછી તેનું આયુ ક્ષીણ થતાં જ્યાં મનુષ્યાદિમાં ઉત્પન્ન થવાનું છે, તેનું આયુ અનુભવે છે અથવા તિર્યંચ યોનિકાયુ અનુભવ છે. દેવ-નરક ગતિમાં ઉત્પન્ન ન થાય માટે તેનો નિષેધ છે. ઉત્પત્તિ અધિકારથી કહે છે —

● **સૂત્ર-૮૩ :-**

***ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ સેન્દ્રિય ઉત્પન્ન થાય કે અનિન્દ્રિય ? ગૌતમ ! ઈન્દ્રિયવાળો પણ ઉત્પન્ન થાય, ઈન્દ્રિય વિનાનો પણ. એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યેન્દ્રિયોની અપેક્ષાએ અનિન્દ્રિય અને ભાવેન્દ્રિય અપેક્ષાએ ઈન્દ્રિયવાળો ઉત્પન્ન થાય, તેથી.***

***ભગવન્ ! ગર્ભમાં ઉપજતો જીવ સશરીરી ઉત્પન્ન થાય કે અશરીરી ? ગૌતમ ! શરીરવાળો અને વિનાનો બંને ઉત્પન્ન થાય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! ઔદારિક, વૈક્રિય, આહારક અપેક્ષાએ શરીર રહિત અને તૈજસ, કાર્મણની અપેક્ષાએ શરીર સહિત ઉત્પન્ન થાય.***

***ભગવન્ ! ગર્ભમાં ઉત્પન્ન થતાં જ જીવ પહેલા શું ખાય ? ગૌતમ ! માતાનું આર્તવ અને પિતાનું વીર્ય, તદુભય સંસૃષ્ટ કલુષ અને કિલ્વિષનો સૌ પહેલાં આહાર કરે છે.***

***ભગવન્ ! ગર્ભમાં ગયેલ જીવ શું ખાય ? ગૌતમ ! માતાએ ખાધેલ અનેકવિધ રસ વિગઈનો એક દેશ અને માતાનું આર્તવ ખાય.***

***ભગવન્ ! ગર્ભગત જીવ મુખેથી કવલાહાર લઈ શકે ? ગૌતમ ! ન લઈ શકે. કેમકે - તે સર્વાત્મ વડે - ખાય, પરિણમાવે, શ્વાસોચ્છ્વાસ લે, કદાચિત્-***

*ખાય, પરિણમાવે, શ્વાસોચ્છ્વાસ લે. બાળકના જીવને રસ પહોંચાડવા અને માતાને રસ લેવામાં કારણભૂત નાડી માતાના જીવ સાથે પ્રતિબદ્ધ અને પુત્ર જીવ સાથે સ્પૃષ્ટ છે, તેનાથી આહાર લે, પરિણમાવે છે. બીજી પણ એક નાડી પુત્રજીવ સાથે સંબદ્ધ, માતાના જીવને સ્પર્શેલ છે, તેનાથી આહારનો ચય, ઉપચય કરે છે, હે ગૌતમ ! તે કારણથી ગર્ભગત જીવ મુખેથી કવલાહાર ન કરે.*

*ભગવન્ ! માતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ-માંસ, લોહી, માથાનું ભેજું. - - ભગવન્ ! પિતાના અંગ કેટલા ? ગૌતમ ! ત્રણ — હાડકાં, મજ્જા, કેશ-દાઢી-રોમ-નખ. - - ભગવન્ ! તે માતાપિતાના અંગો સંતાનના શરીરમાં કેટલો કાળ રહે ? ગૌતમ ! જેટલો કાળ ભવધારણીય શરીર રહે તેટલો કાળ તે અંગો રહે. સમયે સમયે હીન થતાં છેવટે તે શરીર નષ્ટ થતાં તે અંગો પણ નષ્ટ થાય.*

● વિવેચન-૮૩ :-

ગર્ભમાં ઉત્પન્ન થતો, નિવૃત્તિ-ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિયો. તે ઈન્દ્રિય પર્યાપ્તિ પૂરી થતાં થાય, માટે અનિન્દ્રિય ઉત્પન્ન થાય તેમ કહ્યું. લબ્ધિ-ઉપયોગ લક્ષણ ભાવેન્દ્રિય. તે સંસારીને સર્વાવસ્થામાં હોય. શરીરવાળો તે શરીરી, તેના નિષેધથી અશરીરી ઉત્પન્ન થાય છે.

ગર્ભમાં ઉપજતા જ સૌ પ્રથમ માતાનું આર્તવ-લોહી અને પિતાનું શુક્ર તદ્રુપ આહાર ખાય છે તે બંનેથી સંશ્લિષ્ટ કે સંસૃષ્ટ જે તે ગર્ભના જીવની માતા દૂધ આદિ રસ વિગઈ, તેનો એક દેશ, તેની સાથે ઓજનો આહાર કરે છે. उच्चार - વિષ્ઠા, निष्ठीवन् - ખળ થૂંકવું, सिंघाण - નાકનો મેલ, श्मश्रु - દાઢીના વાળ, रोम - કાંખના વાળ, सव्वओ - સર્વાત્મ વડે વારંવાર કે કદાચિત ખાય કે ન ખાય.

ગર્ભગત બાળક આખા શરીર વડે આહાર કરે છે, માટે મુખ વડે કવલાહાર કરતો નથી. [શંકા] આખા શરીર વડે કઈ રીતે ખાય ? જેનાથી રસ લેવાય તે નાભિની નાળ, માતાના જીવનની રસહરણી તે માતૃરસહરણી, પુત્રને રસના ઉપાદાનમાં કારણભૂત તે પુત્રજીવરસહરણી. માતૃજીવ પ્રતિબદ્ધ અને પુત્ર જીવને સ્પર્શતી. અહીં પ્રતિબદ્ધતા તે ગાઢ સંબંધ અને સ્પૃષ્ટતા તે સંબંધ માત્ર. અથવા આવી બે નાડી છે. - x - માતૃજીવ પ્રતિબદ્ધ રસહરણીથી પુત્ર જીવ સ્પર્શથી આહાર કરે છે.

બીજી પુત્રજીવ રસહરણી પણ પુત્ર જીવને બદ્ધ અને માતૃ જીવને સ્પર્શતી છે, તેનાથી શરીરનો ચય કરે છે. બીજા તંત્રોમાં એમ કહ્યું છે - પુત્રની નાભિમાં અને માતાના હૃદયે નાડીનો સંબંધ છે.

ગર્ભાધિકારથી જ કહે છે — માતાના આર્તવનો ભાગ વધુ હોય તે માતૃઅંગ. मत्थुलुंग - માથાનું ભેજું અથવા ચરબી, ફેફસા વગેરે પિતાના વીર્યનો ભાગ જેમાં વધુ હોય તે પિતૃઅંગો - હાડકાનો મધ્ય ભાગ, કેશ આદિ સમાનરૂપ હોવાથી એક સમાન છે. આ સિવાયના જે અંગો છે, તે માતા-પિતાના સાધારણ અંગો કહેવાય. કેમકે તે અંગોમાં પિતાના શુક્રનો અને માતાનો આર્તવ સમભાગે હોય છે.



શરીરના અવયવો શરીરના ઉપચારથી ઉક્ત લક્ષણવાળાં માતા-પિતાના અંગો. જીવનું ભવધારણીય શરીર રહે ત્યાં સુધી - મનુષ્યાદિ ભવોપગ્રાહક શરીર રહે ત્યાં સુધી રહે, પછી નાશ પામે. ઉપચયના અંતિમ સમય પછી નષ્ટ થાય. - ગર્ભાધિકારથી બીજું સૂત્ર.

● સૂત્ર-૮૪ :-

*ભગવન્! ગર્ભગત જીવ નૈરયિકમાં ઉત્પન્ન થાય? ગૌતમ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે. એમ કેમ? ગૌતમ! તે સંજ્ઞી પંચેન્દ્રિય સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત, વીર્યલબ્ધિ અને વૈક્રિયલબ્ધિ વડે શત્રુસૈન્ય આવેલ સાંભળીને, અવધારીને આત્મપ્રદેશોને બહાર ફેંકે છે, ફેંકીને વૈક્રિયસમુદ્ઘાત વડે ચાતુરંગિણી એના વિકુર્વે, વિકુર્વીને ચાતુરંગિણી સેના વડે શત્રુસૈન્ય સાથે સંગ્રામ કરે. તે જીવ અર્થ-રાજ્ય-ભોગ-કામની કામનાથી તથા અર્થ-રાજ્ય-ભોગ-કામની કાંક્ષાથી, અર્થાદિની તૃષ્ણાથી તચ્ચિત્ત, તમ્મન, તલ્લેશ્યા, તેના અર્પિત અધ્યવસાય, તીવ્રઅધ્યવસાય, તેમાં પ્રયત્નવાળો, તેમાં અર્પિત કરવા અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો નૈરયિકમાં ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે કોઈ ઉપજે, કોઈ ન ઉપજે.*

*ભગવન્ ! ગર્ભગત જીવ દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! કોઈ ઉપજે, કોઈ ન ઉપજે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે સંજ્ઞીપંચિન્દ્રિય જીવ સર્વ પર્યાપ્તિથી પર્યાપ્ત થયેલો તથારૂપ શ્રમણ કે માહણ પાસે એક પણ આર્ય અને ધાર્મિક સુવચન સાંભળી, અવધારીને તુરંત સંવેગથી શ્રદ્ધાળુ બની તીવ્ર ધર્માનુરાગરક્ત થઈ, તે જીવ ધર્મ-પુય-સ્વર્ગ-મોક્ષની કામના કરતો-કાંક્ષા કરતો-તૃષિત થઈ તેમાં જ ચિત્ત-મન-લેશ્યા-અધ્યવસાય-તીવ્ર અધ્યવસાયવાળો થઈ તેમાં પ્રયત્નવાળો થઈ, સાવધાનતાથી ક્રિયાનો ભોગ આપતો અને તેની ભાવનાથી ભાવિત અંતરવાળો થઈ કાળ કરે તો દેવલોક ઉત્પન્ન થાય. તેથી કહ્યું કે, કોઈ જીવ દેવ થાય અને કોઈ જીવ ન થાય.*

*ભગવન્ ! ગર્ભગત જીવ ચત્તો-પડખાભેર-કેરી જેવો કુબ્જ-ઉભેલો-બેઠેલો કે સુતેલો પડખાં ફેરવતો હોય ? તથા માતા સુતી હોય ત્યારે સુતો, જાગતી હોય તો જાગતો, માતાના સુખે સુખી, દુઃખે દુઃખી હોય ? હા, ગૌતમ ! ગર્ભગત જીવ યાવત્ માતાના દુઃખે દુઃખી હોય.*

*જો પ્રસવકાળ સમયે માથા કે પગ દ્વારા આવે તો સરખી રીતે આવે, તિર્છો આવે તો મરણ પામે. જીવના કર્મો જો અશુભ રીતે બદ્ધ-સ્પૃષ્ટ-નિધત્ત-કૃત-પ્રસ્થાપિત-અભિનિવિષ્ટ-અભિસમન્વાગત હોય, ઉદીર્ણ હોય પણ ઉપશાંત ન હોય, તો તે જીવ દુરૂપ, દુર્વર્ણ, દુર્ગન્ધ, દુરસ, દુસ્પર્શ, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, હીનસ્વર, દીનસ્વર, અનિષ્ટસ્વર, અકાંતસ્વર, અપ્રિયસ્વર, અશુભસ્વર, અમનોજ્ઞસ્વર, અમણામસ્વર, અનાદેય વચનવાળો થાય અને જો તે જીવના કર્મો અશુભ રીતે બદ્ધ ન હોય તો બધું પ્રશસ્ત જાણવું યાવત્ તે જીવ આદેય વચન થાય છે.*

***હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. - x - x -***

● **વિવેચન-૮૪ :-**

ગર્ભમાં ગયેલ જીવ મરીને. કોઈ એક અહંકારી રાજાદિ રૂપ ગર્ભ. સંજ્ઞિત્વાદિ વિશેષણ છે. ગર્ભમાં રહીને નારકયોગ્ય કર્મો બાંધે. વીર્ય અને વૈક્રિય લબ્ધિથી સંગ્રામ કરે અથવા આ લબ્ધિવાળો થઈને, શત્રુનું લશ્કર આવેલું સાંભળી, અવધારી, ગર્ભની બહાર આત્મ પ્રદેશોને ફેંકે તથાવિધ પુદ્ગલ ગ્રહણાર્થે સમવહત થાય, યુદ્ધ કરે. દ્રવ્યની વાંછા કરે ઇત્યાદિ. વિશેષ આ-નૃપત્વ, ગંધ-રસ-સ્પર્શરૂપ ભોગ, શબ્દરૂપ કામ, કાંક્ષા - આસક્તિ, તેવો અર્થ કાંક્ષિત. પ્રાપ્તિ માટે અતૃપ્ત, અર્થાદિમાં સામાન્ય ઉપયોગ રૂપ ચિત્ત, વિશેષ ઉપયોગ રૂપ મન, આત્મ પરિણામ, અધ્યવસાય આદિ ભાવયુક્ત થઈ, પરિભોગ ક્રિયા સંપાદન, તેમાં જ અધ્યવસિત, આરંભથી જ તે અર્થાદિમાં તીવ્ર પ્રયત્નવાળો, અર્થાદિને માટે જ સાવધાન, જેની ઇન્દ્રિયો કરવું-કરાવવું-અનુમોદવું રૂપ ક્રિયા તે અર્થાદિ માટે જ અર્પિત અનાદિ સંસારમાં અનેકવાર તે અર્થાદિના સંસ્કારો લાગ્યા છે તે ભાવનાથી ભાવિત થઈ યુદ્ધ કાળે મરણ પામે.

ઉચિત સાધુ કે શબ્દો દેવલોકના ઉત્પાદ હેતુરૂપ છે, તે આ [શ્રમણ, માહણના વચનનું તુલ્યત્વ બતાવ્યું.] - माहण - પોતે સ્થૂલ હિંસાદિથી નિવૃત્ત હોવાથી 'હણો નહીં' કહેનાર અથવા બ્રાહ્મણ એટલે બ્રહ્મચર્યના દેશથી સદ્ભાવને લીધે દેશવિરત. તેમની પાસે વધારે નહીં તો એક જ, પાપકર્મથી દૂર ગયેલ. માટે જ ધાર્મિક. પછી તુરંત જ સંસારના ભયથી ધર્માદિમાં શ્રદ્ધા જન્મી છે તે તથા તીવ્ર ધર્માનુરાગ વડે રક્ત. શ્રુત-ચારિત્રરૂપ ધર્મના ફળભૂત શુભકર્મ.

આમ્ર ફળવત્ કુબ્જ સામાન્યપણે હોય. તેને વિશેષથી કહે છે – ઉભવા વડે, બેસવા વડે, સુવા વડે, અવિષમ, સારી રીતે આવે છે - માતાના ઉદરથી યોનિ વડે નીકળે છે. આડો થઈને જઠરથી નીકળવા જાય તો મરણ પામે, કેમકે નીકળી ન શકે. જો ગર્ભથી જીવતો નીકળે તો - જેની શ્લાઘા હણાયેલી છે અથવા જે વર્ણ બાહ્ય છે તે વર્ણવધ્ય અર્થાત્ અશુભ. ગર્ભથી નીકળેલ તેનાં –

સામાન્યથી બદ્ધ, ગાઢ બંધનથી પુષ્ટ ઉદ્વર્તના અપ્વર્તના કરણ સિવાયના બીજા કરણોની અયોગ્યતાથી કંઈ ન કરી શખે તેવાં અથવા બાંધેલા - કોઈ કરણ તે કર્મમાં કંઈ ન કરી શકે તેમ કરેલાં મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસાદિનામકર્માદિની સાથે ઉદયપણે વ્યવસ્થાપિત, તીવ્રાનુભાવથી નિવિષ્ટ, ઉદયાભિમુખ થયેલા અને પોતે ઉદીરણાકરણથી ઉદિત એવા. - - હવે વ્યતિરેક કહે છે –

ન ઉપશમેલા, અનિષ્ટ આદિનો અર્થ કહ્યો છે અથવા તે પર્યાયવાચી છે. અલ્પસ્વર, દુઃખિત સ્વર, અનાદેયવચન આદિ.

**શતક-૧, ઉદ્દેશો-૭, ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

**❁ શતક-૧, ઉદ્દેશો-૮ "બાલ" ❁**

-- x -- x -- x -- x --

૦ સાતમાં ઉદ્દેશામાં ગર્ભવક્તવ્યતા કહી, ગર્ભવાસ આયુના ઉદયે હોય, તેથી





આયુનું નિરુપણ કરે છે. ગાથાનુસાર બાલ ને કહે છે –

● **સૂત્ર-૮૫ :-**

***રાજગૃહમાં સમોસરણ થયું યાવત્ એ પ્રમાણે બોલ્યા કે – ભગવન્ ! એકાંતબાલ-મનુષ્ય શું નૈરયિકનું આયુ બાંધે કે તિર્યંચ, મનુષ્ય અથવા દેવાયુ બાંધે ? નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચઆયુ બાંધી તિર્યંચમાં ઉપજે, મનુષ્યાયુ બાંધી મનુષ્યમાં ઉપજે કે દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! એકાંતબાલ મનુષ્ય નૈરયિકાદિ ચારે આયુ બાંધે. નૈરયિકાયુ બાંધી નૈરયિકમાં ઉપજે, તિર્યંચ-મનુષ્ય-દેવનું આયુ બાંધી [ક્રમશઃ] તિર્યંચ-મનુષ્ય-દેવલોકમાં ઉપજે.***

● **વિવેચન-૮૫ :-**

એકાંતબાલ એટલે મિથ્યાદૃષ્ટિ કે અવિરત. 'એકાંત' શબ્દના ગ્રહણથી મિશ્રદૃષ્ટિનો વિચ્છેદ કર્યો છે. એકાંત બાલત્વ સમાન હોય છતાં વિવિધ આયુ બાંધે. તે મહારંભાદિ કરે, ઉન્માર્ગદેશના દે, પાતળા કષાયો હોય, અકામનિર્જરા કરે તે હેતુ વિશેષથી વિભિન્ન આયુ બાંધે. તેથી બાલત્વ સમાન હોવા છતાં અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય દેવાયુ જ બાંધે. પ્રતિપક્ષે એકાંત પંડિત સૂત્ર છે, તેમાં –

● **સૂત્ર-૮૬ :-**

***ભગવન્ ! એકાંત પંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવલોકમાં ઉપજે ? ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યઆયુ બાંધે અથવા ન બાંધે. જો બાંધે તો નૈરયિક-તિર્યંચ-મનુષ્યાયુ ન બાંધે, દેવાયુ જ બાંધે. નૈરયિક-તિર્યંચ કે મનુષ્યમાં ન ઉપજે, દેવાયુ બાંધીને દેવોમાં જ ઉપજે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! એકાંત પંડિત મનુષ્યની માત્ર બે ગતિઓ જ કહી છે, અંતક્રિયા અને કલ્પોપપત્તિકા. માટે આમ કહ્યું છે.***

***ભગવન્ ! બાલપંડિત મનુષ્ય શું નૈરયિકાયુ બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવોમાં ઉપજે ? ગૌતમ ! તે નૈરયિકાયુ ન બાંધે અને યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે. - એમ કેમ કહ્યું ? ગૌતમ ! બાલપંડિત મનુષ્ય તથારૂપ શ્રમણ કે માહણ પાસે એકાદ ધાર્મિક આર્ય સુવચન સાંભળી, અવધારી દેશથી વિરમે છે અને દેશથી નથી વિરમતો, દેશ પચ્ચક્ખાણ કરે અને દેશ પચ્ચક્ખાણ ન કરે. તેથી તે દેશવિરતિ, દેશપચ્ચકખાણથી નૈરયિકાયુ ન બાંધે યાવત્ દેવાયુ બાંધી દેવમાં ઉપજે. માટે આમ કહ્યું.***

● **વિવેચન-૮૬ :-**

એકાંતપંડિત એટલે સાધુ, મનુષ્ય વિશેષણ સ્વરૂપ જણાવે છે. મનુષ્ય સિવાય કોઈ એકાંતપંડિત ન હોય. બીજો કોઈ સર્વવિરત ન થાય. સમ્યક્ત્વ સપ્તકનો ક્ષય થયો હોય તો આયુ ન બાંધે, તે ખપ્યા પહેલા બાંધે છે. તેથી કહે છે – કદાચ બાંધે केवल - સકલ. સર્વથી બે જ ગતિ કેવલીએ કહી છે - x - अंतकिरिय - નિર્વાણ. कप्पोववत्तिय - અનુત્તર વિમાન પર્યન્તની દેવલોકમાં ઉત્પત્તિ. 'કલ્પ' શબ્દ સામાન્યથી વૈમાનિક દેવાવાસનો સૂચક છે. એકાંત પંડિત પછી બાલ પંડિત–

બાલપંડિત એટલે શ્રાવક. દેશવિરત હોય છે. દેશ-સ્થૂળ પ્રાણાતિપાતાદિનું પચ્ચક્ખાણ કરે - ન કરવાની પ્રતિજ્ઞા કરે.

આયુને બાંધવામાં ક્રિયા કારણ છે, માટે ક્રિયા સૂત્રો કહે છે —

● **સૂત્ર-૮૭ થી ૯૧ :-**

*[૮૭] ભગવન્ ! મૃગવૃત્તિક, મૃગોનો શિકારી, મૃગોના શિકારમાં તલ્લીન એવો કોઈ પુરુષ હરણને મારવા માટે કચ્છમાં, દ્રહમાં, ઉદકમાં, ઘાસાદિના સમૂહમાં, વલયમાં, અંધકારયુક્ત પ્રદેશમાં, ગહનમાં, ગહન-વિદુર્ગમાં, પર્વતમાં, પર્વત વિદુર્ગમાં, વનમાં, વનવિદુર્ગમાં, 'એ મૃગ છે' એમ કરી કોઈ એક મૃગના વધ માટે ખાડા અને જાળ રચે, તો ભગવન્ ! તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! યાવત્ તે પુરુષ ત્રણ-ચાર કે કદાચ પાંચ ક્રિયાવાળો થાય. - ભગવન્ ! એમ કેમ કહો છો ?*

*ગૌતમ ! જ્યાં સુધી તે જાળને ધારણ કરે, પણ મૃગોને બાંધે કે મારે નહીં, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી એ ત્રણ ક્રિયાથી સ્પૃષ્ટ છે. જે જાળને ધારણ કરી, મૃગોને બાંધે છે પણ મારતો નથી, ત્યાં સુધી તે પુરુષ કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી ચાર ક્રિયાને સ્પર્શે. જે પુરુષ જાળને ધારણ કરે, મૃગોને બાંધે અને મારે તે પુરુષ કાયિકી આદિ પાંચે ક્રિયાને સ્પર્શે છે માટે.*

*[૮૮] ભગવન્ ! કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં કોઈ પુરુષ તૃણને ભેગું કરીને તેમાં આગ મૂકે તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો થાય. એમ કેમ કહ્યું ? ગૌતમ ! તરણાં ભેગા કરે ત્યાં સુધી ત્રણ ક્રિયા, ભેગા કરીને અગ્નિ મૂકે પણ બાળે નહીં ત્યાં સુધી ચાર, તૃણ ભેગું કરી - અગ્નિ મૂકી - બાળે ત્યારે તે પુરુષને યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે છે.....*

*[૮૯] ભગવન્ ! મૃગવૃત્તિક, મૃગસંકલ્પ, મૃગપ્રણિધાન, મૃગવધને માટે કચ્છમાં યાવત્ વનવિદુર્ગમાં જઈ 'એ મૃગ છે' એમ વિચારી કોઈ હરણને મારવા બાણ ફેંકે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! કદાચ ત્રણ કે ચાર કે પાંચ ક્રિયાવાળો. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જ્યાં સુધી તે બાણ ફેંકે પણ મૃગને વિંધતો કે મારતો નથી ત્યાં સુધી ત્રણ, બાણ ફેંકે અને વિંધે પણ મારે નહીં ત્યાં સુધી ચાર, બાણ ફેંકે-વિંધે-મારે એટલે પાંચ ક્રિયાઓ લાગે...*

*[૯૦] ભગવન્ ! કચ્છમાં યાવત્ કોઈ એક મૃગના વધને માટે પૂર્વોક્ત કોઈ પુરુષ, કાન સુધી લાંબા કરેલા બાણને પ્રયત્ન પૂર્વક ખેંચીને ઉભો રહે, બીજો પુરુષ પાછળથી આવીને પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથું કાપી નાંખે, પણ તે બાણ પૂર્વના ખેંચાણ થકી ઉછળીને તે મૃગને વિંધે, તો હે ભગવન્ ! તે પુરુષ મૃગના વૈરથી સ્પૃષ્ટ છે કે પુરુષના વૈરથી ? ગૌતમ ! જે મૃગને મારે છે, તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે છે, તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ*



*છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તે નિશ્ચિત છે - કરાતું કરાયું, સંધાતુ સંધાયુ, વળાતુ વળાયુ, ફેંકાતું ફેંકાયુ કહેવાય ? હા, ભગવન્ ! તેમ કહેવાય. માટે હે ગૌતમ ! જે મૃગને મારે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે, જે પુરુષને મારે તે પુરુષના વૈરથી સ્પૃષ્ટ છે.*

*મરનાર જો છ માસમાં મરે તો મારનાર કાયિકી આદિ પાંચે ક્રિયાઓમાંથી સ્પૃષ્ટ કહેવાય. જો છ માસ પછી મરે તો મારનાર કાયિકી યાવત્ પારિતાપનિકી એ ચાર ક્રિયાથી સ્પૃષ્ટ કહેવાય.*

*[૯૧] ભગવન્ ! કોઈ પુરુષ બીજા પુરુષને બરછીથી મારે, અથવા પોતાના હાથે તલવાર વડે તે પુરુષનું માથું કાપી નાખે, તો તે પુરુષ કેટલી ક્રિયાવાળો થાય ? ગૌતમ ! જ્યાં સુધીમાં તે પુરુષ બીજા પુરુષને બરછી મારે કે તલવારથી છેદે ત્યાં સુધીમાં તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાત એ પાંચ ક્રિયાને સ્પર્શે. આસન્નવધક તથા અનવકાંક્ષ પ્રત્યયિક પુરુષવૈરથી સ્પૃષ્ટ થાય છે.*

● **વિવેચન-૮૭ થી ૯૧ :-**

कच्छ - નદીના જળથી ઘેરાયેલ વૃક્ષાદિવાળો પ્રદેશ, દ્રહ, જળાશય, दविय - તૃણાદિ દ્રવ્ય સમુદાય, વલય - ગોળાકાર, નદિ આદિના પાણીનો કુટિલગતિવાળો પ્રદેશ, નૂમ - અંધારાવાળો પ્રદેશ. गहन - વૃક્ષ, વેલડી, લતા, વિશાળ વેલ સમુદાય. गहनविदुर्ग - પર્વતના એક ભાગમાં રહેલ વૃક્ષ-વેલડી સમૂહ, પર્વત સમુદાય, એક જાતિય વૃક્ષ સમૂહ તે વન વિવિધ વૃક્ષસમૂહ. તે વનવિદુર્ગ.

હરણ વડે જેની આજીવિકા છે તે, તે મૃગરક્ષક પણ હોય તેથી કહે છે — હરણના હણવા કે છેદવાના સંકલ્પવાળો. તે ચલિત ચિત્ત પણ હોય, તેથી કહે છે — મૃગના વધમાં એકાગ્ર ચિત્ત, મૃગને મારવા કચ્છ આદિમાં જઈને. મૃગને પકડવાના ખાડા, તેને બાંધવાની જાળ, તેને મૃગને મારવા બનાવે છે. તે કૂટપાશથી કેટલી ક્રિયાવાળો થાય ? क्रिया - કાયિકી આદિ, જે કરનાર છે. જેટલા કાળ સુધી. શેનો કર્તા ? કૂટ પાશને ધારણ કરવાની ક્રિયાનો. તેટલો કાળ —

कायिकी - ગમનાદિ કાયચેષ્ટારૂપ, अधिकरणिकी - કૂટપાશ રૂપ અધિકરણથી થયેલી. प्राद्वेषिकी - મૃગ સંબંધી દુષ્ટ ભાવથી થયેલ, તેના વડે કરાય તે क्रिया - ચેષ્ટા વિશેષ. पारितापनिकी - જેનો હેતુ પરિતાપ છે તે. મૃગને બાંધ્યા પછી આ ક્રિયા લાગે. प्राणातिपात - ઘાત.

કાન સુધી ઉંચુ કરીને પ્રયત્નપૂર્વક બાણને ખેંચીને ફેંકે છે. પાછળથી પોતાના હાથ વડે, પૂર્વના ખેંચાણથી, તે માથું કાપનાર પુરુષ, વૈરનું કારણ હોવાથી વધ પણ વૈર કહેવાય અથવા પાપ પણ વૈર કહેવાય. [શંકા] બાણ છુટવામાં નિમિત્ત માથું કાપનાર છે, તો ધનુર્ધર મૃગવધથી કેમ સ્પૃષ્ટ થાય ? [ઉત્તર] ''ક્રિયમાણ ધનુષ્ય અને કાંડ વગેરે કૃત છે'' એમ વ્યવહાર છે ? યુક્તિ પૂર્વવત્ લેવી.

દોરી પર ચડાવાતું ધનુષ્ કે કાંડ સાંધેલું જાણવું. દોરી ખેંચવાથી ગોળાકાર કરાતું તે ગોળાકાર થયેલ જાણવું, ફેંકાતું ફેંકેલુ જાણવું. ફેંકવાની તૈયારી ધનુર્ધરે

કરેલી માટે તેણે જ ફેંક્યુ જાણવું. કાંડના ફેંકવાથી તે ધનુર્ધારીએ મૃગને માર્યુ ગણાય. - x -

અહીં ક્રિયાઓની હકીકત કહી. તે હમણાં કહેલ મૃગાદિ વધમાં જેમાં જેટલો કાલ વિભાગ છે, તેટલો ત્યાં દર્શાવતા કહે છે — છ માસમાં પ્રહાર હેતુથી મરણ થાય તો, પણ જો પછી મરણ થાય તો બીજું કારણ જાણવું. તેથી છ માસ પછી પ્રાણાતિપાત ક્રિયા ન લાગે અને વ્યવહાર નય અપેક્ષાએ પ્રાણાતિપાત ક્રિયા માત્ર દેખાડવા માટે કહી છે અન્યથા જ્યારે ક્યારે અધિકૃત પ્રહાર કારણે મરણ થાય તે હિંસાક્રિયા.

શક્તિ - એક શસ્ત્રથી હણે. પોતાના હાથે. તેને શરીર સ્પંદન રૂપ કાયિકી, ખડ્ગ વ્યાપારરૂપ આધિકરણિકી, મનના દુષ્પ્રણિધાનથી પ્રાદ્વેષિકી, પરિતાપન રૂપ પારિતાપનિકી, મારણરૂપ પ્રાણાતિપાત ક્રિયા વડે. ખડ્ગથી હણે કે તલવારથી માથુ છેદે તે પાંચે ક્રિયાને સ્પર્શે છે. પુરુષ વૈરથી સ્પૃષ્ટ થાય ઇત્યાદિ - x -

વધક અને વધ પામતાને વધથી પરસ્પર વૈર વધે છે જે આ જન્મ કે જન્માંતરે પણ રહે છે - x - अनवकांक्ष - પર પ્રાણ નિરપેક્ષ. - x - ક્રિયા અધિકારથી જ આગળ કહે છે —

● સૂત્ર-૯૨ :-

*ભગવન્ ! સરખા, સરખી ત્વચાવાળા, સમાન ઉંમરવાળા, સરખા દ્રવ્ય તથા ઉપકરણવાળા કોઈ બે પુરુષ, પરસ્પર લડાઈ કરે તેમાં એક પુરુષ હારે અને એક પુરુષ જીતે. ભગવન્ ! આવું કઈ રીતે થાય ? ગૌતમ ! જેણે વીર્યરહિત કર્મો બાંધ્યા નથી, સ્પર્શ્યા નથી યાવત્ પ્રાપ્ત કર્યા નથી, તેના કર્મો ઉદીર્ણ નથી, પણ ઉપશાંત છે, તે પુરુષ જીતે છે અને જે પુરુષે વીર્યરહિત કર્મો બાંધ્યા છે યાવત્ ઉદીર્ણ છે અને ઉપશાંત નથી, તે પુરુષ પરાજય પામે છે માટે એમ કહ્યુ છે.*

● વિવેચન-૯૨ :-

કૌશલ્ય અને પ્રમાણાદિથી સરખા, સદૃશ ત્વચા, સદૃશ શરીર, સદૃશ વય, સદૃશ યૌવનાદિ અવસ્થા, માટી આદિના વાસણો, ઉપધિકાંસાના વાસણાદિ ભોજન ભંડિકા અથવા ગણિમ આદિ દ્રવ્ય રૂપ ભાંડમાત્ર, અનેક પ્રકારે વસ્ત્રો-શસ્ત્રાદિ ઉપકરણો. તે બંનેના ભાંડ-માત્ર-ઉપકરણો સરખા છે, આ રીતે બંનેનું સમાન વિભૂતિપણું છે. જેનાથી વીર્ય હણાય છે તે વીર્ય વિનાના. - - વીર્યના પ્રસ્તાવથી કહે છે —

● સૂત્ર-૯૩ :-

*ભગવન્ ! જીવો વીર્યવાળા છે કે વીર્ય વિનાના ? ગૌતમ ! વીર્યવાળા પણ છે અને વીર્ય વિનાના પણ છે — એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવો બે પ્રકારે - સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. તેમાં જે અસંસાર સમાપન્નક છે, તે સિદ્ધ છે. સિદ્ધો અવીર્ય છે. સંસારસમાપન્ન છે તે બે પ્રકારે - શૈલેશી પ્રતિપન્ન અને અશૈલેશી પ્રતિપન્ન. જે શૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધિવીર્ય વડે સવીર્ય છે, કરણવીર્ય વડે અવીર્ય છે. જે અશૈલેશી પ્રતિપન્ન છે, તે લબ્ધીવીર્યથી સવીર્ય*



*હોય પણ કરણવીર્ય વડે સવીર્ય પણ હોય અને અવીર્ય પણ હોય. માટે ગૌતમ ! એમ કહ્યું.*

*ભગવન્ ! નૈરયિકો સવીર્ય છે કે અવીર્ય છે ? ગૌતમ ! લબ્ધિવીર્યથી નૈરયિકો સવીર્ય છે. કરણવીર્યથી સવીર્ય પણ છે, અવીર્ય પણ છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે નૈરયિકોને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પુરુષકાર પરાક્રમ છે, તેઓ લબ્ધી અને કરણ બંને વીર્યથી સવીર્ય છે. જે નૈરયિકોને ઉત્થાન યાવત્ પરાક્રમ નથી તે નૈરયિકો લબ્ધિવીર્યથી સવીર્ય અને કરણવીર્યથી અવીર્ય છે. માટે એમ કહ્યું.*

*એ રીતે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધીના જીવો નૈરયિકવત્ જાણવા. મનુષ્યોને ઔધિક જીવ પેઠે જાણવા. તેમાં સિદ્ધોને ગણવા નહીં વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

*હે ભગવન્ ! તે એમ જ છે એમ જ છે યાવત્ વિચરે છે.*

● વિવેચન-૯૩ :-

સકરણ વીર્યના અભાવે સિદ્ધો અવીર્ય છે. શીલેશ - સર્વસંવર રૂપ ચારિત્રવાળો જીવ, તેની જે અવસ્થા તે શૈલેશી અથવા શૈલેશ - મેરુ તેના જેવી સ્થિરતાવાળી સ્થિતિ તે શૈલેશી. તે સર્વથા યોગ નિરોધમાં પાંચ હૃસ્વાક્ષર ઉચ્ચારણ જેટલો કાળ હોય. વીર્યાન્તરાયનો ક્ષયોપશમ કે ક્ષયથી જે વીર્ય તે લબ્ધિ, તે જ તેનો હેતુ હોવાથી લબ્ધિવીર્ય, તેના વડે સવીર્ય, તેઓનું વીર્ય ક્ષાયિક છે. લબ્ધિવીર્યની કાર્યભૂત જે ક્રિયા તે કરણ, તદ્રુપવીર્ય તે કરણવીર્ય. સવીર્ય એટલે ઉત્થાનાદિ ક્રિયાવાળા, અવીર્ય એટલે ઉત્થાનાદિ ક્રિયા વિનાના. તેઓ અપર્યાપ્તાદિ કાળે જાણવા. ઔધિક જીવમાં સિદ્ધો હોય, મનુષ્યોમાં તે ન હોય.

**શતક-૧, ઉદ્દેશો-૮, ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૧, ઉદ્દેશો-૯ - "ગુરુત્વ" ❀

— x — x — x — x —

૦ આઠમા ઉદ્દેશોને અંતે વીર્ય કહ્યું. વીર્યથી જીવો ગુરુત્વ આદિ પામે છે તે ગુરુત્વ પ્રતિપાદન કરવા તથા ગાથા મુજબ ગુરુત્વ કહે છે.

● સૂત્ર-૯૪ :-

*ભગવન્ ! જીવો ગુરુપણું કઈ રીતે શીઘ્ર પામે છે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહ, ક્રોધ યાવત્ મિથ્યાદર્શન શલ્યથી. એ રીતે ગૌતમ ! જીવો ગુરુત્વને શીઘ્ર પામે છે. - - ભગવન્ ! જીવો લઘુપણું કેવી રીતે શીઘ્ર પામે છે ? ગૌતમ ! પ્રાણાતિપાતથી વિરમવાથી યાવત્ મિથ્યાદર્શનશલ્યથી અટકવાથી, એ રીતે ગૌતમ ! લઘુપણું પામે. એ રીતે સંસારને ઘટાડે છે, ટૂંકો કરે છે, સંસારને ઓળંગી જાય છે પ્રાણાતિપાતાદિના સેવનથી સંસારને લાંબો કરે છે, વધારે છે અને વારંવાર ભ્રમણ કરે છે. અહીં ચાર પ્રશસ્ત છે, ચાર અપ્રશસ્ત છે.*

● વિવેચન-૯૪ :-

ગુરુત્વ - નીચે જવાના કારણભૂત અશુભ કર્મોનો ઉપચય. લઘુત્વ-ગુરુત્વથી વિપરીત. एवं શબ્દ પૂર્વોક્ત પાઠના સૂચનાર્થે છે. જેમકે - જીવો કઈ રીતે સંસારને કર્મ પ્રચૂર કરે છે ? ગૌતમ ! પ્રાણાતિપાત વડે. એ રીતે આગળ પણ જાણવું. કર્મભારથી ઓછો કરે છે, दीर्घ - લાંબા કાળ વાળો કરે છે. ह्रस्व - અલ્પકાલીન કરે છે. પુનઃ પુનઃ ભમે છે, આદિ—

ચાર પ્રશસ્ત - લઘુત્વ, પરીતત્વ, હ્રસ્વત્વ, વ્યતિવ્રજન. તે મોક્ષના હેતુભૂત છે અને ચાર અપ્રશસ્ત છે કેમકે તે મોક્ષના હેતુભૂત નથી. — ગુરુત્વ, આકુલત્વ, દીર્ઘત્વ, અનુપરિવર્તન. ગુરુત્વ-લઘુત્વ અધિકારથી આ સૂત્ર કહે છે —

● સૂત્ર-૯૫ :-

*ભગવન્ ! શું સાતમો અવકાશાંતર ભારે છે, હલકો છે, ભારે-હલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! તે ભારે-હલકો કે ભારેહલકો નથી, પણ અગુરુલઘુ છે. - - ભગવન્ ! સાતમો તનુવાત શું ભારે છે, હલકો છે, ભારેહલકો છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! ભારે, હલકો કે અગુરુલઘુ નથી, પણ ભારે હલકો છે... એ પ્રમાણે સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ, સાતમી પૃથ્વી, વિશે જાણવું. સાતમા અવકાશાંતરમાં કહ્યું તેમ બધાં અવકાશાંતરો વિશે સમજવું. તનુવાતના વિષયમાં જેમ કહ્યું, તેમજ બધાં ઘનવાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સમુદ્ર અને ક્ષેત્રોના વિષયમાં પણ જાણવું.*

*ભગવન્ ! નૈરયિકો શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી, પણ ગુરુલઘુ અને અગુરુલઘુ છે એમ કેમ કહ્યું ? ગૌતમ ! વૈક્રિય અને તૈજસ શરીર અપેક્ષાએ ગુરુ કે લઘુ નથી અને અગુરુલઘુ નથી, પણ ગુરુલઘુ છે. જીવ અને કર્મની અપેક્ષાએ ગુરુ, લઘુ કે ગુરુલઘુ નથી, પણ અગુરુલઘુ છે. તેથી એમ કહ્યું છે. આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું. વિશેષ એ - શરીરનો ભેદ જાણવો. તથા ધર્માસ્તિકાય યાવત્ જીવાસ્તિકાય અગુરુલઘુ જાણવા.*

*ભગવન્ ! શું પુદ્ગલાસ્તિકાય ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી. પણ ગુરુ લઘુ અને અગુરુ લઘુ છે. તેનું શું કારણ ? ગૌતમ ! ગુરુલઘુ દ્રવ્યોને આશ્રીને ગુરુ કે લઘુ નથી, ગુરુ લઘુ છે, અગુરુલઘુ નથી. અગુરુલઘુ દવ્યોને આશ્રીને લઘુ, ગુરુ કે લઘુગુરુ નથી પણ અગુરુલઘુ છે સમય, કર્મો અગુરુલઘુ છે.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યા શું ગુરુ છે યાવત્ અગુરુલઘુ છે ? ગૌતમ ! ગુરુ કે લઘુ નથી પણ ગુરુલઘુ કે અગુરુલઘુ છે એમ કેમ કહ્યું ? ગૌતમ ! દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ગુરુલઘુ, ભાવલેશ્યાથી અગુરુલઘુ. એ રીતે શુક્લલેશ્યા સુધી જાણવું. - - તથા દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞાને અગુરુલઘુ જાણવા. નીચેના ચાર શરીર ગુરુલઘુ જાણવા. કાર્મણ શરીરને અગુરુલઘુ જાણવું... મનયોગ, વચનયોગ અગુરુલઘુ છે, કાયયોગ ગુરુલઘુ છે. સાકાર અને અનાકાર ઉપયોગ અગુરુલઘુ છે. સર્વ પ્રદેશો, સર્વ દ્રવ્યો, સર્વ પર્યાયો પુદ્ગલાસ્તિકાય માફક જાણવા. અતીત, અનાગત, સર્વકાળ અગુરુલઘુ જાણવો.*



● વિવેચન-૯૫ :-

ગુરુ લઘુ વ્યવસ્થા આ છે - નિશ્ચયથી સર્વ ગુરુ સર્વ લઘુ કોઈ દ્રવ્ય નથી. વ્યવહારથી બાદર સ્કંધોમાં ગુરુત્વ-લઘુત્વ રહે છે. પણ તે બીજામાં નથી. ચાર સ્પર્શવાળા અને અરૂપી દ્રવ્યો બધાં અગુરુલઘુ છે. બાકીનાં આઠ સ્પર્શવાળા દ્રવ્યો બધાં ગુરુ લઘુ છે એમ નિશ્ચયનય કહે છે. चउफास - સૂક્ષ્મ પરિણામવાળા, अट्ठफास - બાદર. ગુરુલઘુ દ્રવ્ય રૂપી છે, અગુરુલઘુ દ્રવ્ય અરૂપી અને રૂપી છે. વ્યવહારથી તો ગુરુ આદિ ચારે ભેદે દ્રવ્યો હોય છે. તે સંબંધે દૃષ્ટાંતો આ છે —

ઢેફું એ ગુરુ છે, તેનો નીચે જવાનો સ્વભાવ છે. ધૂમ્રનો ઉંચે જવાનો સ્વભાવ હોવાથી લઘુ છે. વાયુ, તીર્છો જાય માટે ગુરુલઘુ છે અને આકાશ અગુરુલઘુ છે. અવકાશાંતરાદિ સૂત્રો આ ગાથાનુસાર જાણવા. જેમકે — અવકાશ, વાયુ, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, ક્ષેત્રો, નૈરયિકાદિ, અસ્તિકાય, સમય, કર્મ, લેશ્યા, દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્ય, પ્રદેશ, પર્યવ, અતીત-અનાગત-સર્વકાળ.

વૈક્રિય, તૈજસ શરીર આશ્રીને નારકો ગુરુ-લઘુ છે. કેમકે આ શરીર વૈક્રિય-તૈજસ વર્ગણાના બનેલા છે, તે ગુરુલઘુ જ છે. કહ્યું છે — ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ એ બધી વર્ગણા ગુરુલઘુ છે. જીવ અને કાર્મણશરીર અપેક્ષાએ નારકો અગુરુલઘુ છે. કેમકે જીવ અરૂપી ત્વથી અગુરુલઘુ છે. કાર્મણવર્ગણા અગુરુલઘુ હોવાથી કાર્મણશરીર અગુરુલઘુ છે. કહ્યું છે — કાર્મણ, મન, ભાષાવર્ગણા અગુરુલઘુ.

જેને જેટલા શરીર હોય, તેને તેટલાં જાણીને અસુરાદિ સંબંધે સૂત્રો કહેવા. તેમાં અસુરાદિ દેવા નારકવત્ કહેવા. પૃથ્વી આદિ જીવો ઔદારિક, તૈજસ શરીર અપેક્ષાએ ગુરુલઘુ જાણવા. જીવ, કાર્મણ શરીરની અપેક્ષાએ અગુરુલઘુ છે. વાયુના જીવો ઔદારિક, વૈક્રિય, તૈજસને આશ્રીને ગુરુલઘુ છે. એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ પણ જાણવા. મનુષ્યો ઔદારિક, વૈક્રિય, તૈજસ, આહારક શરીરથી ગુરુલઘુ જાણવા. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયને અગુરુલઘુ કહેવા. બાકીના પદો વડે તેને ન કહેવા, કેમકે અરૂપી હોવાથી અગુરુલઘુ છે.

પુદ્ગલાસ્તિકાય સૂત્રમાં દીધેલ ઉત્તર નિશ્ચયનયાશ્રિત છે. કેમકે નિશ્ચયનય મતે કોઈ વસ્તુ સૌથી હળવી કે સૌથી ભારે નથી. ઔદારિકાદિ ચાર દ્રવ્યો, કાર્મણાદિ અગુરુલઘુ છે. સમયઅમૂર્ત છે માટે અગુરુલઘુ છે. કર્મો કાર્મણવર્ગણાત્મક હોવાથી અગુરુલઘુ છે. કૃષ્ણલેશ્યા ઔદારિકાદિ શરીરનો વર્ણ અને ઔદારિકાદિ ગુરુલઘુ છે. દૃષ્ટિ વગેરે જીવના પર્યાયરૂપ છે માટે અગુરુલઘુ છે. જ્ઞાનથી વિપરીત હોવાથી અજ્ઞાનપદ કહ્યું છે, નહીં તો દ્વારમાં જ્ઞાનપદ જ દેખાય છે. हेट्ठिल्ल એટલે ઔદારિક આદિ ગુરુલઘુ વર્ગણાના બનેલા હોવાથી ગુરુલઘુ કહેવા. કાર્મણશરીર અગુરુલઘુ વર્ગણાના બનાવેલ હોવાથી અગુરુલઘુ છે એ રીતે મનોયોગ અને વાગ્યોગ પણ જાણવો. કાર્મણ

સિવાયનો કાયયોગ ગુરુલઘુ દ્રવ્યોનો બનેલ હોવાથી ગુરુલઘુ છે. ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો, તેના નિર્વિભાગ અંશરૂપ પ્રદેશો, વર્ણ-ઉપયોગાદિ પર્યાયો ગુરુલઘુ, અગુરુલઘુ કહેવા. કેમકે સૂક્ષ્મ અને અમૂર્ત છે તે અગુરુલઘુ છે, બાદર છે તે ગુરુલઘુ છે. પ્રદેશ અને પર્યવો દ્રવ્યના સંબંધી હોવાથી તે તે દ્રવ્ય સ્વભાવના છે.

● સૂત્ર-૯૬ :-

*ભગવન્ ! લાઘવ, અલ્પેચ્છા, અમૂર્છા, અગૃદ્ધિ, અપ્રતિબદ્ધતા, એ બધું શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ? હા, ગૌતમ ! છે.. ભગવન્ ! અક્રોધત્વ, અમાનત્વ, અમાયાત્વ, અલોભત્વ શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે ? હા, ગૌતમ ! છે.. ભગવન્ ! કાંક્ષાપ્રદોષ ક્ષીણ થતાં શ્રમણ નિર્ગ્રન્થ અંતઃકર અને અંતિમ શરીરી થાય ? અથવા પૂર્વમાં બહુ મોહી થઈ વિહાર કરે પછી સંવૃત્ત થઈ કાળ કરે, તો પછી સિદ્ધ થાય યાવત્ સર્વ દુઃખનો અંત કરે ? હા, ગૌતમ ! કરે.*

● વિવેચન-૯૬ :-

લાઘવ-ઓછી ઉપધિપણું. આહારાદિની ઓછી અભિલાષા, ઉપધિના સંરક્ષણ માટે અનુબંધાભાવ, ભોજનાદિમાં પરિભોગકાળે અનાસક્તિ સ્વજનાદિમાં સ્નેહાભાવ, એ પાંચ શ્રમણ નિર્ગ્રન્થો માટે પ્રશસ્ત છે. અથવા લાઘવપણું પ્રશસ્ત છે, તે લાઘવપણું એટલે અલ્પેચ્છા આદિ.

લાઘવિકનું પ્રશસ્તપણું કહ્યું. તે ક્રોધાદિ અભાવે જ હોય છે. માટે ક્રોધાદિ દોષોના અભાવને પ્રશંસવા અને ક્રોધાદિ દોષોના અભાવ વિના ન બની શકે તેવું કાંક્ષાપ્રદોષના ક્ષયનું કાર્ય છે, તે કહેવા માટે ક્રમથી બે સૂત્ર કહ્યા. તેમાં વિશેષ આ — કાંક્ષા એટલે બીજા મતની આસક્તિ, તે જ પ્રકૃષ્ટ દોષ અથવા કાંક્ષા એટલે રાગ. પ્રદોષ એટલે દ્વેષ.

કાંક્ષા-બીજા મતનો આગ્રહ. આ બીજા મતની વિપરીતતા કહે છે.

● સૂત્ર-૯૭ :-

*ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે — ભાષે છે - જણાવે છે - પ્રરૂપે છે કે — એક જીવ એક સમયે બે આયુ કરે છે, તે આ - આ ભવનું આયુ, પરભવનું આયુ. જે સમયે આ ભવનું આયુ કરે છે, તે સમયે પરભવનું આયુ કરે છે, જે સમયે પરભવનું આયુ કરે છે તે સમયે આ ભવનું આયુ કરે છે. આ ભવનું આયુ કરવાથી પરભવનું આયુ કરે છે, પરભવનું આયુ કરવાથી આ ભવનું આયુ કરે છે એ રીતે એક જીવ એક સમયે બે આયુ કરે છે - x - x - તે કેવી રીતે ?*

*ગૌતમ ! અન્યતીર્થિકો, જે એ પ્રમાણે કહે છે યાવત્ પરભવનું આયુ. જે આમ કહે છે, તે મિથ્યા કહે છે. ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે જીવ એક સમયે એક આયુ કરે છે અને તે આ ભવનું આયુ અથવા પરભવનું આયુ. જે સમયે પરભવનું આયુ કરે છે, તે સમયે આ ભવનું આયુ નથી કરતો, આ ભવનું આયુ કરે છે, તે સમયે પરભવનું આયુ કરતો નથી. આ ભવનું આયુ કરવાથી પરભવનું આયુ નથી કરતો પરભવનું આયુ કરવાથી આ ભવનું આયુ નથી કરતો. એ પ્રમાણે એક જીવ એક સમયે એક આયુ કરે છે - x - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*



● વિવેચન-૯૭ :-

અન્ય યૂથિક-વિવક્ષિત સંઘથી જુદા સંઘમાં રહેનાર એટલે કે અન્યતીર્થિક. જે આગળ કહેવાશે. સામાન્યથી કહે છે, વિશેષથી કહે છે, યુક્તિપૂર્વક કહે છે, ભેદ કથનથી કહે છે. બે જીવો બે આયુને કરે અથવા એક જીવ જુદે જુદે સમયે બે આયુ કરે, તેમાં વિરોધ નથી. જીવ જે છે, તે પોતાના પર્યાયોના સમૂહરૂપ છે, તે જ્યારે એક આયુના પર્યાયને કરે, ત્યારે બીજાને પણ કરે છે, કેમકે જ્ઞાન અને સમ્યક્ત્વ માફક આયુ સ્વપર્યાયરૂપ છે. વળી જીવ સ્વપર્યાય કર્તા છે, તેમ સ્વીકારવું જોઈએ. અન્યથા સિદ્ધાદિ પર્યાયોની ઉત્પત્તિ સંભવશે નહીં. [તેઓ કહે છે—] જે સમયે ઇહભવિક આયુ કરે છે, ત્યારે પરભવિકાયુ કરે છે. ઈહભવિક એટલે જે આયુના ફળ રૂપ આ ચાલુભવ છે તે આયુ એ પ્રમાણે પરભવિકાયુ પણ જાણવું. એ રીતે ઈહભવિકાયુ કરવાના સમયે પરભવિકાયુ કરવું એ નિર્ણિત કર્યુ. એ જ રીતે પરભવિકાયુ કરવાના સમયે ઈહભવિકાયુ નિર્ણીત કર્યુ. એ રીતે બંને આયુ એક જ સમયે કરવાનું કહીને બંને આયુ એક ક્રિયાથી કરવાનું જણાવ્યું. એટલું જ નહીં "જે તેઓ કહે છે, તે ખોટું છે" તેમ કહ્યું.- x -

અન્યતીર્થિક મતની અસત્યતા - એક પ્રકારના આત્મ પરિણામ વડે વિરુદ્ધ બે આયુ બાંધી શકાતા નથી. વળી જે પૂર્વે કહ્યું કે સ્વ પર્યાય હોવાથી એક પર્યાયને કરતા બીજો પર્યાય કરે છે. તે અનિશ્ચિત છે. જેમ આત્મા સિદ્ધત્વ પર્યાયને કરતાં સંસારી પર્યાયને કરતો નથી. ટીકાકારનું વ્યાખ્યાન આ પ્રમાણે છે - આ ભવનું આયુ જ્યારે કરે છે - અર્થાત્ વેદે છે ત્યારે પરભવાયુ કરે છે - બાંધે છે. એટલે કે આ ભવનું આયુ ભોગવવાથી પરભવાયુ કરે છે - બાંધે છે. આ પરમત મિથ્યા છે. કેમકે તાજો જન્મેલો બાળક આ ભવનું આયુ વેદે છે, જો તે ત્યારે જ પરભવાયુ બાંધે, તો દાન, અધ્યયનાદિ વ્યર્થ થશે. આ આયુબંધ કાળ બીજો હોય તેમ જાણવું. અન્યથા ઉક્ત માન્યતા ખોટી સાબિત ન થઈ શકે.

અન્યતીર્થિકના પ્રસ્તાવથી આ કહે છે —

● સૂત્ર-૯૮ :-

*તે કાળે તે સમયે પાર્શ્વાપત્યીય કાલાશ્યવેષિપુત્ર નામક અણગાર જ્યાં સ્થવિર ભગવંતો હતા, ત્યાં જાય છે, જઈને સ્થવિર ભગવંતોને આ પ્રમાણે કહે છે — હે સ્થવિરો ! તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી, પચ્ચક્ખાણ જાણતા નથી, પચ્ચક્ખાણનો અર્થ જાણતા નથી. સંયમ જાણતા નથી, સંયમનો અર્થ જાણતા નથી. સંવર જાણતા નથી, સંવરનો અર્થ જાણતા નથી, વિવેક જાણતા નથી, વિવેકનો અર્થ જાણતા નથી, વ્યુત્સર્ગ જાણતા નથી, વ્યુત્સર્ગનો અર્થ જાણતા નથી.*

*ત્યારે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું – હે આર્ય ! અમે સામાયિકને જાણીએ છીએ, સામાયિકના અર્થને જાણીએ છીએ. યાવત્ અમે વ્યુત્સર્ગના અર્થને જાણીએ છીએ.*

*ત્યારે તે કાલાશ્યવેષિ અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો ! જો તમે સામાયિકને અને સામાયિકના અર્થને જાણો છો યાવત્ વ્યુત્સર્ગના અર્થને જાણો છો, તો હે આર્યો ! તમારું સામાયિક શું છે ? તમારા સામાયિકનો - x - યાવત્ વ્યુત્સર્ગનો અર્થ શો છે ?*

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ તે કાલાશ્યવેષિપુત્ર અણગારને આમ કહ્યું – અમારો આત્મા સામાયિક છે, આત્મા અમારા સામાયિકનો અર્થ છે યાવત્ વ્યુત્સર્ગનો અર્થ છે. - - ત્યારે કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિર ભગવંતોને આમ કહ્યું – હે આર્યો ! જો આત્મા એ સામાયિક છે, આત્મા એ સામાયિકનો અર્થ છે અને યાવત્ આત્મા એ વ્યુત્સર્ગનો અર્થ છે, તો તમે ક્રોધાદિ ચારનો ત્યાગ કરી તેને કેમ નિંદો છો ? હે કાલાશ્યવેષિ પુત્ર ! સંયમને માટે અમે ક્રોધને નિંદીએ છીએ.*

*હે ભગવંતો ! શું ગર્હા એ સંયમ છે કે અગર્હા સંયમ છે ? હે કાલાશ્યવેષિ પુત્ર ! ગર્હા સંયમ છે, અગર્હા નહીં. ગર્હા બધાં દોષોનો નાશ કરે છે. સર્વ મિથ્યાત્વને જાણીને અમારો આત્મા સંયમે સ્થાપિત છે. એ રીતે અમારો આત્મા સંયમમાં પુષ્ટ છે. એ રીતે સંયમે ઉપસ્થિત છે.*

*આમ સાંભળી કાલાશ્યવેષિ પુત્ર અણગાર બોધ પામીને, સ્થવિર ભગવંતોને વાંદી, નમસ્કાર કરીને આમ કહ્યું – હે ભગવંતો ! પૂર્વે આ પદોને ન જાણવાથી, ન સાંભળવાથી, બોધ ન હોવાથી, અભિગમ ન હોવાથી, દૃષ્ટિ-વિચારિત કે સાંભળેલ ન હોવાથી, વિશેષરૂપે ન જાણેલ હોવાથી, કહેલ નહીં હોવાથી, અનિર્ણિત-ઉદ્ધૃત - અવધારિત ન હોવાથી, આ અર્થની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરેલ ન હતી, પણ હવે આ પદોને જાણવા-સાંભળવા-બોધ થવા-અભિગમ-દૃષ્ટ-શ્રુત-ચિંતિત-વિજ્ઞાન થવાથી, આપે કહેવાથી, નિર્ણીત-ઉદ્ધૃત થવાથી આ અર્થોની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરું છું. હે ભગવન્ ! તમે જે કહો છો તે યથાર્થ છે.*

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ કાલાશ્યવેષિપુત્રને કહ્યું – હે આર્ય ! અમે જે કહ્યું તેની શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરો. ત્યારે કાલાશ્યવેષિ પુત્રે તે સ્થવિરોને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું – હું તમારી પાસે ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પણ વિલંબ ન કરો. પછી કાલાશ્યવેષિ પુત્ર અણગારે સ્થવિરોને વંદના, નમસ્કાર કર્યા, કરીને ચતુર્યામ ધર્મને બદલે સપ્રતિક્રમણ પંચમહાવ્રત ધર્મ સ્વીકારીને વિચરે છે - ત્યાર પછી –*

*તે કાલાસ્યવેષિપુત્ર અણગારે ઘણાં વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, જે પ્રયોજનથી નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનત્વ, અદંતધાવન, અછત્રત્વ, જોડાનો ત્યાગ, ભૂમિશય્યા, ફલક શય્યા, કાષ્ઠ શય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, પરઘરપ્રવેશ, મળે-ન મળે-ઓછું મળે, ગ્રામ કંટક બાવીશ પરિગ્રહ-ઉપસર્ગો સહેવા [એ બધું કર્યુ] તે પ્રયોજનને તેણે આરાધ્યું. છેલ્લા ઉચ્છ્વાસ-નિઃશ્વાસે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત અને સર્વ દુઃખથી ક્ષીણ થયા.*



**● વિવેચન-૯૮ :-**

પાર્શ્વજિનના શિષ્યોમાંના કોઈ એક તે પાર્શ્વાપત્યીય. સ્થવિર - શ્રી મહાવીર જિનના શિષ્ય-શ્રુતવૃદ્ધ, સમભાવરૂપ સામાયિક. તેનું સ્વરૂપ સૂક્ષ્મ હોવાથી જાણતા નથી. સામાયિકનું પ્રયોજન-કર્મો ન બાંધવા અને જૂના નિર્જરવારૂપ. પૌરુષી આદિ નિયમ, આશ્રવ દ્વાર નિરોધ. પૃથ્વી આદિ સંરક્ષણ લક્ષણ સંયમ, તેનો હેતુ-અનાશ્રવત્વ. ઈન્દ્રિય, મનને અટકાવવા અનાશ્રવત્વ. છોડવા લાયકને છોડવાના વિશેષબોધરૂપ વિવેક, કાયા આદિના વ્યુત્સર્ગ માટે અસંગપણાને.

હે આર્ય ! તમારા મતે શું છે ? અમારા મતે આત્મા સામાયિક છે. કહ્યું છે - દ્રવ્યાર્થિક નયના મતે ગુણપ્રતિપન્ન જીવ એ સામાયિક છે. સામાયિક એટલે જીવ જ. કર્મ ન બાંધવાદિ જીવના ગુણો છે અને જીવ તેના ગુણોથી જુદો નથી. એ રીતે પ્રત્યાખ્યાનાદિ પણ જાણવું.

હે સ્થવિરો ! સામાયિક આત્મા છે, તો ક્રોધાદિ છોડીને તેની ગર્હા કેમ કરો છો ? કેમકે "નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ" એ વચનોથી ક્રોધાદિની નિંદા જણાવે છે. - x - x - નિંદા દ્વેષથી થાય.

ઉત્તર-સંયમને માટે. પાપની નિંદાથી સંયમ થાય, પાપની અનુમતિનો વ્યવચ્છેદ થાય. સંયમનો હેતુ હોવાથી ગર્હા સંયમ છે. કર્મબંધનું કારણ ન હોવાથી ગર્હા સંયમ છે. ગર્હા જ બધાં રાગાદિ દોષ કે પૂર્વકૃત્ પાપનો નાશ કરે છે. બાલ્ય - મિથ્યાત્વ અને અવિરતિને જ્ઞપરિજ્ઞાથી જાણીને, પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી છોડીને. એ રીતે અમારો આત્મા સંયમમાં સ્થાપિત થાય છે અથવા આત્મરૂપ સંયમ પ્રાપ્ત થાય છે સંયમમાં આત્મા પુષ્ટ થાય છે અથવા આત્મરૂપ સંયમ પુષ્ટ થાય છે. ઉપસ્થિત એટલે અત્યંત સ્થિર રહેનાર.

આ પદો - 'નહીં જોયેલા' શા માટે ? અજ્ઞાનતાથી સ્વરૂપ વડે પ્રાપ્ત ન હોવાથી. શા માટે ? શ્રુતિ રહિતપણું હોવાથી, અબોધિ - જિનધર્મની અપ્રાપ્તિ. અહીં પ્રકરણવશ શ્રી મહાવીર જિનનો ધર્મ લેવો અથવા ઔત્પાત્તિકી આદિ બુદ્ધિ ન હોવાથી, વિસ્તૃત બોધના અભાવે, સાક્ષાત્ પોતાને અનુપલબ્ધ હોવાથી, બીજા પાસેથી સાંભળેલ ન હોવાથી, જોયેલ અને સાંભળેલ ન હોવાથી અણચિંતવેલ, તેથી જ વિશિષ્ટ બોધનો વિષય ન થવાથી, વિશેષથી ગુરુએ ન કહેલ હોવાથી, વિપક્ષથી અવ્યવચ્છેદિત હોવાથી, સુખે બોધ થાય તે માટે મોટા ગ્રંથથી સંક્ષેપ કરી ગુરુએ ઉદ્ધરેલ ન હોવાથી, તેથી જ અમે અવધારેલ ન હોવાથી આ પ્રકારના કે આ અર્થની અમે શ્રદ્ધા ન કરી, પ્રીતિ વિષયક ન કર્યો અથવા હેતુથી ન જાણ્યો, ઈચ્છ્યો નહીં. હવે તમે કહો છો તેમ છે.

ચાર મહાવ્રતવાળો, પાર્શ્વજિનમાં ચાર મહાવ્રત છે, કેમકે અપરિગૃહીત સ્ત્રી ભોગવાતી નથી, એમ મૈથુનનો પરિગ્રહમાં સમાવેશ છે. પાર્શ્વનાથનો ધર્મ અપ્રતિક્રમણ છે, કેમકે કારણે જ પ્રતિક્રમણ કરે છે, અન્યથા નથી કરતા. મહાવીર જિનમાં સપ્રતિક્રમણ ધર્મ છે, કારણ વિના પણ પ્રતિક્રમણ કરવાનું છે. देवानुप्रिय - પ્રિયને આમંત્રણ. पडिबंध - વ્યાઘાત, ન કરવો. मुंडभाव - દીક્ષિતત્વ, फलगशय्या - પાતળી લાંબી પહોળી લાકડાની શય્યા. कट्ठशय्या - ખરાબ લાકડાની શય્યા, કષ્ટશય્યા કે અમનોજ્ઞ વસતિ લાભ અને અલાભ કે અપરિપૂર્ણ લાભ. उच्चावच्चा - અનુકૂળ-પ્રતિકૂળ કે અસમંજસ, ग्राम - ઈન્દ્રિયસમૂહ, कण्टक - બાધક, શત્રુરૂપ. એવું કોણ છે ? બાવીશ પરીષહ-ભુખ આદિ, ઉપસર્ગ-ધર્મથી ભ્રષ્ટ કરનાર, દેવાદિ કૃત્.

કાલાશ્યવેષિપુત્ર પ્રત્યાખ્યાનથી સિદ્ધ થયા. હવે અપ્રત્યાખ્યાન—

● **સૂત્ર-૯૯ :-**

***ભગવન્ ! એમ કહી ગૌતમ, શ્રમણ ભગવન્ મહાવીરને વંદન, નમસ્કાર કરે છે. કરીને આમ કહ્યું — ભગવન્ ! શેઠ, દરિદ્ર, લોભી, ક્ષત્રિય એ બધાં એક સાથે પ્રત્યાખ્યાન ક્રિયા કરે ? હા, ગૌતમ - x - કરે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! અવિરતિને આશ્રીને એમ કહ્યું - x -***

● **વિવેચન-૯૯ :-**

ભગવન્ ! એ આમંત્રણ વચન છે. અથવા 'ગુરુ' એમ કરીને. શ્રેષ્ઠી-જેનું મસ્તક લક્ષ્મીદેવીની છાપવાળા સુવર્ણ પટ્ટથી શોભે છે, તે ગામનો નગરનાયક. तणुय - દરિદ્ર, किवण - રાંક, खत्तिय - રાજા, પ્રત્યાખ્યાન ક્રિયાના અભાવે કે અપ્રત્યાખ્યાન જન્ય કર્મબંધ કરે અવિરતિ - ઈચ્છાની અનિવૃત્તિ. તે દરેક જીવોને સરખી હોય. આગળ કહે છે —

● **સૂત્ર-૧૦૦ :-**

***આધાકર્મી ખાતો શ્રમણ નિર્ગ્રન્થ શું બાંધે છે, શું કરે છે ? શું ચય કરે છે ? શું ઉપચય કરે છે ? ગૌતમ ! આધાકર્મી ખાતો શ્રમણ આયુકર્મ સિવાયની શિથિલ બંધન બદ્ધ સાતે કર્મપ્રકૃતિઓને દૃઢ બંધન બદ્ધ કરે છે યાવત્ સંસારમાં ભમે છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! આધાકર્મી ખાતો શ્રમણ આત્મધર્મને ઓળંગે છે, આત્મધર્મ ઓળંગતો તે પૃથ્વીકાય યાવત્ ત્રસકાયના જીવની દરકાર નથી કરતો. તથા જે જીવોના શરીર તે ખાય છે, તે જીવોની પણ દરકાર નથી કરતો. તેથી આમ કહ્યું.***

***ભગવન્ ! પ્રાસુક અને એષણીય આહારને ખાતો શું બાંધે છે યાવત્ ઉપચય કરે છે. ગૌતમ ! પ્રાસુક, એષણીયને ખાતો આયુકર્મ સિવાયની સાત કર્મપ્રકૃતિ જે દૃઢ બંધનબદ્ધ છે, તેને શિથિલ બંધનબદ્ધ કરે છે તેને સંવૃત્ત જેવો જાણવો. વિશેષ એ - આયુકર્મને કદાચિત બાંધે, કદાચિત ન બાંધે. યાવત્ સંસારને ઓળંગી જાય છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પ્રાસુક, એષણીયને ખાનાર શ્રમણ નિર્ગ્રન્થ આત્મધર્મને ઓળંગતો નથી. આત્મધર્મ ન ઓળંગીને પૃથ્વીકાય યાવત્ ત્રસકાયની તથા જે જીવોના શરીરોને તે ખાય છે તેની દરકાર કરે છે તેથી એમ કહ્યું કે યાવત્ સંસારને ઓળંગી જાય છે.***



● **વિવેચન-૧૦૦ :-**

સાધુને માટે જે જીવવાળું નિર્જીવ કરાય કે નિર્જીવને જે પકાવાય અથવા ઘર આદિ ચણાવાય, વસ્ત્રાદિ વણાવાય તે આધાકર્મ. बंध - પ્રકૃતિબંધ કે સ્પૃષ્ટાવસ્થાને આશ્રીને पकर - સ્થિતિબંધ કે બદ્ધ અવસ્થાને આશ્રીને, चिण - અનુભાગ બંધ કે નિધત્તાવસ્થાની અપેક્ષાએ. उवचिण - પ્રદેશ બંધ કે નિકાચના અપેક્ષાએ. આત્મા વડે ચારિત્ર કે શ્રુત ધર્મને. પૃથ્વીકાયાદિની અનુકંપા રાખતો નથી.

આધાકર્મનો વિપક્ષ પ્રાસુક અને એષણીય છે. તેથી તેનું સૂત્ર કહ્યું. અહીં સંસાર ઓળંગવાનું કહ્યું. તે કર્મના અસ્થિરપણાથી તેનો નાશ થવાથી થાય છે. માટે અસ્થિર પદાર્થનું સૂત્ર કહે છે —

● **સૂત્ર-૧૦૧ :-.**

***ભગવન્! અસ્થિર પદાર્થ બદલાય છે? સ્થિર નથી બદલાતો? અસ્થિર પદાર્થ ભાંગે છે? સ્થિર નથી ભાંગતો? બાળક શાશ્વત છે? બાળકપણું અશાશ્વત છે? પંડિત શાશ્વત છે? પંડિતપણું અશાશ્વત છે? હા, ગૌતમ! અસ્થિર પદાર્થ બદલાય છે. યાવત્ પંડિતત્વ અશાશ્વત છે. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.***

● **વિવેચન-૧૦૧ :-**

ઢેફું આદિ અસ્થિર દ્રવ્ય બદલાય છે. અધ્યાત્મ પક્ષમાં કર્મ અસ્થિર છે, કેમકે તે જીવ પ્રદેશોથી પ્રતિ સમય ચલિત થાય છે. બંધ-ઉદય-નિર્જરાદિ પરિણામોથી બદલાય છે. શિલા આદિ બદલાતા નથી. અધ્યાત્મ પક્ષે જીવ સ્થિર છે. કેમકે કર્મ ક્ષય થતાં પણ તે રહે છે. તે ઉપયોગ લક્ષણ સ્વભાવથી બદલાતો નથી. ભંગુર સ્વભાવવાળા શલાકાદિ ભાંગી જાય છે. તેમ અધ્યાત્મ પક્ષે સ્થિર કર્મ ભાંગી જાય છે. તથા જેમ લોઢાની શળી આદિ સ્થિર પદાર્થ ભાંગતા નથી તેમ સ્થિર જીવ ભાંગતો નથી, કેમકે તે શાશ્વત છે. જીવ પ્રકરણ હોવાથી કહે છે —

વ્યવહારથી બાળ એટલે બાળક, નિશ્ચયથી બાળ એટલે અસંયત જીવ, તે દ્રવ્યત્વથી શાશ્વત છે. બાલત્વ એટલે વ્યવહારથી બાળપણું, નિશ્ચયથી અસંયતપણું તે પર્યાત્વથી અશાશ્વત છે. એ રીતે પંડિત સૂત્ર પણ જાણવું. વ્યવહારથી પંડિત એટલે શાસ્ત્રજ્ઞ.

**શતક-૧, ઉદ્દેશો-૯, ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

## ❁ શતક-૧, ઉદ્દેશો-૧૦ - "ચલન" ❁

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૯માં કર્મ અસ્થિર છે, તેમ કહ્યું. કર્માદિમાં અન્ય તીર્થિકો વિવાદ કરે છે. તેથી તેનો નિરાસ કરવા આ ઉદ્દેશો કહ્યો.

● **સૂત્ર-૧૦૨ :-**

***ભગવન્ ! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે (૧)***

*ચાલતું એ ચાલ્યુ યાવત્ નિર્જરાતુ એ નિર્જરાયુ ન કહેવાય. (૨) બે પરમાણુ પુદ્ગલો એકમેકને ચોંટતા નથી - x - કેમ ચોંટતા નથી ? બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ નથી, માટે એકમેકને ચોંટતા નથી. (૩) ત્રણ પરમાણુ પુદ્ગલ પરસ્પર ચોંટે છે. - x - શા માટે ચોંટે છે ? ત્રણ પરમાણુ પુદ્ગલોમાં ચિકાશ હોય છે, માટે પરસ્પર ચોંટી જાય છે. વળી જો તેના ભાગ કરવામાં આવે તો તેના બે ભાગ કે ત્રણ ભાગ પણ થઈ શકે છે. જો તેના બે ભાગ કરવામાં આવે તો એક તરફ દોઢ પરમાણુ પુદ્ગલ અને બીજી તરફ દોઢ પરમાણુ પુદ્ગલ આવે છે. જો તેના ત્રણ ભાગ કરવામાં આવે તો ત્રણે પરમાણુ પુદ્ગલ જુદા જુદા થઈ જાય છે. એ પ્રમાણે ચાર પરમાણુ પુદ્ગલોમાં જાણવું. પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે. ચોંટીને કર્મપણે થાય છે. કર્મ શાશ્વત છે, હંમેશાં સારી રીતે ઉપચય અને અપચય પામે છે.*

*(૪) બોલવાના સમયની પૂર્વે જે ભાષા, તે ભાષા છે. બોલતા સમયની ભાષા, તે અભાષા છે. બોલાયા પછીની ભાષા તે ભાષા છે. હવે જો પૂર્વની ભાષા ભાષા છે, બોલાતી ભાષા અભાષા છે, બોલાયેલી ભાષા ભાષા છે, તો શું તે બોલનારની ભાષા છે કે ન બોલનારની ભાષા છે ? - - ન બોલનારની તે ભાષા છે પણ બોલનારની ભાષા નથી.*

*(૫) પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી. કરાયા પછીની ક્રિયા તે દુઃખહેતુ છે. હવે જો પૂર્વની ક્રિયા દુઃખહેતુ છે, કરાતી ક્રિયા દુઃખહેતુ નથી અને કરવાના સમય પછીની ક્રિયા દુઃખહેતુ છે, તો શું તે કરણથી દુઃખહેતુ છે કે અકરણથી દુઃખ હેતુ છે ? - - તે અકરણથી દુઃખહેતુ છે, પણ કરણથી દુઃખહેતુ નથી.*

*(૬) અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે, અક્રિયમાણકૃત દુઃખ છે, તેને ન કરીને પ્રાણ-ભૂત-જીવ-સત્વો વેદના વેદે છે.*

*ભગવન્ ! આવું [તેમનું મંતવ્ય] કઈ રીતે માનવું ?*

*ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ વેદના વેદે છે એવું વક્તવ્ય છે, તે કથન મિથ્યા છે. હે ગૌતમ ! હું એમ કહું છું કે — ચાલતું ચાલ્યુ યાવત્ નિર્જરાતુ નિર્જરાયુ કહેવાય.*

*બે પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. - x - કેમકે - x - બે પરમાણુ પુદ્ગલોમાં ચીકાશ છે. - x - તેનો ભેદ કરવાથી બે ભાગ થાય છે. તે ભાગ કરાતા એક તરફ એક અને બીજી તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે... ત્રણ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે. કેમકે - x - ત્રણ પરમાણુ પુદ્ગલમાં ચીકાશ છે. તેનો ભેદ કરતા બે અથવા ત્રણ ભાગ થઈ શકે છે. જો બે ભાગ કરાય તો એક તરફ એક પરમાણુ પુદ્ગલ આવે છે, બીજી તરફ દ્વિપ્રદેશિક સ્કંધ આવે છે. જો ત્રણ ભાગ કરાય તો ત્રણ પરમાણુ પુદ્ગલ થાય છે. એ રીતે ચાર પરમાણુ પણ જાણવા.*



*પાંચ પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટે છે, ચોંટીને એક સ્કંધરૂપ થાય છે. તે સ્કંધ અશાશ્વત છે, હંમેશા ઉપચય-અપચય પામે છે.*

*પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે. જે તે પૂર્વની ભાષા અભાષા છે, બોલાતી ભાષા ભાષા છે, બોલ્યા પછીની ભાષા અભાષા છે - x - તે બોલતા પુરુષની ભાષા છે, ન બોલતા પુરુષની ભાષા તો તે ભાષા નથી જ.*

*પૂર્વની ક્રિયા દુઃખ હેતુ નથી ઇત્યાદિ ભાષા પેઠે જાણવી. યાવત્ કરણથી તે દુઃખહેતુ છે, અકરણથી દુઃખહેતુ નથી એમ કહેવું.*

*કૃત્ય દુઃખ છે, સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયમાણ કૃત દુઃખ છે, તેને કરીને પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વ વેદના વેદે છે, એમ કહેવાય.*

**● વિવેચન-૧૦૨ :-**

(૧) ચાલતું કર્મ અચલિત છે, કેમકે ચાલતું કર્મ, ચાલેલ કર્મ માફક કાર્ય ન કરી શકે. વર્તમાનનો વ્યવહાર અતીતની પેઠે થવો અશક્ય છે. આ પ્રમાણે બીજે પણ જાણવું. (૨) એક સ્કંધપણે જોડાતા નથી - મળતા નથી. બંને સૂક્ષ્મ હોવાથી તેમાં ચીકાશગુણ નથી, પણ ત્રણ વગેરેના યોગે સ્થૂલત્વથી ચિકાશ હોય છે. (૩) પાંચ પુદ્ગલો એકઠા થઈ કર્મપણે થાય છે, તે અનાદિ હોવાથી શાશ્વત છે, હંમેશાં સારી રીતે સપરિમાણ વૃદ્ધિ અને નાશ પામે છે.

પૂર્વં - બોલ્યા પહેલાંની, ભાસ - વાણીના દ્રવ્યોનો સમૂહ, ભાસ - સત્ય આદિ ભાષા. કેમકે શબ્દના દ્રવ્યો ભાષાના કારણરૂપ છે. અથવા વિભંગ જ્ઞાનીત્વથી અન્યતીર્થિકોનો યુક્તિ વિનાનો આ મત છે. જે ઉન્મત્ત થયેલના વચન જેવું છે. આ પ્રમાણે સર્વત્ર જાણવું. તથા મુખેથી નીકળતા વાક્ દ્રવ્યો અભાષા છે. કેમકે વર્તમાન સમય અતિ સૂક્ષ્મ હોવાથી વ્યવહારનું અંગ નથી. - x - ભાષાનો સમય વીત્યા પછી - બોલાયેલી ભાષા તે ભાષા કહેવાય કારણ કે ભાષાથી સાંભળનારને અર્થનું જ્ઞાન થાય છે. બોલ્યા પૂર્વે કે પછી ભાષા સ્વીકારવાથી તે ન બોલનારની ભાષા છે. બોલાતી ભાષા, ભાષારૂપે અસ્વીકૃત હોવાથી બોલનારની ભાષા, ભાષા ન કહેવાય.

કાયિકી આદિ ક્રિયા, ન કરાય ત્યાં સુધી દુઃખહેતુ છે. કરાતી ક્રિયા દુઃખહેતુ નથી. ક્રિયા સમય વીતે પછી ક્રિયા કરાય છે. એ વ્યવહાર મટીને ક્રિયા કરાયેલી છે એવો વ્યવહાર થતાં તે દુઃખહેતુ છે. આ પણ યુક્તિરહિત મત છે. અથવા અભ્યાસ ન હોવાથી પૂર્વ ક્રિયા દુઃખરૂપ લાગે છે. અભ્યાસ પછી દુઃખરૂપ લાગતી નથી. ક્રિયા કર્યા પછી શ્રમ લાગે છે, માટે કરેલ ક્રિયા દુઃખરૂપ છે. કરણને આશ્રીને — કરતી વખતે. અકરણને આશ્રીને - ન કરતી વખતે. કેમકે અક્રિયમાણ સ્થિતિમાં તેને દુઃખરૂપે સ્વીકારેલી છે.

એ પ્રમાણે પૂર્વોક્ત વસ્તુ વક્તવ્ય છે. એ યુક્તિયુક્ત છે. હવે બીજા કોઈ અન્યતીર્થિકનો મત કહે છે - અકૃત્ય એટલે ભાવિ કાળની અપેક્ષાએ જીવો વડે ન ઉપજે તેવું. દુઃખ એટલે અશાતા અથવા તેનું કારણરૂપ કર્મ. અકૃત્ય હોવાથી ન

બંધાય તેવું છે. ક્રિયમાણ એટલે વર્તમાનકાળે કરાતું, કૃત એટલે ભૂતકાળે કરેલું. તે બંનેના નિષેધથી અક્રિયમાણકૃત. અર્થાત્ ત્રણે કાળે કર્મબંધન નિષેધથી દુઃખને ન કરીને. - x - પ્રાણ-ભૂત-જીવ-સત્વો. અહીં —

પ્રાણ - બે, ત્રણ, ચાર ઈન્દ્રિયવાળા. ભૂત - વનસ્પતિ, જીવ - પંચેન્દ્રિય, સત્વ - બાકીના પૃથ્વી આદિ. શુભાશુભ કર્મને કે પીડાને અનુભવે છે. એમ વક્તવ્ય છે. કેમકે એ રીતે એ યુક્તિયુક્ત છે. લોકમાં દેખાતા સુખદુઃખ સર્વે યાદચ્છિક છે. કહ્યું છે - લોકોને જે કંઈ વિચિત્ર સુખદુઃખ થાય છે, તે વિચાર્યા વિના થાય છે. જેમ કાગને બેસવું અને ડાળનું પડવું, તે કંઈ બુદ્ધિપૂર્વક થતું નથી.

૦ ભગવન્ ! અન્યતીર્થિકે કહેલ ન્યાયે એ કેમ હોય ?

ઉત્તર - એ બધું મિથ્યા છે. જે ચાલતું કર્મ પ્રથમ સમયે ચલિત ન હોય, તો દ્વિતીયાદિ સમયે પણ અચલિત જ છે. કદાપી ચલિત ન થાય. માટે વર્તમાનને પણ વિવક્ષા વડે અતીતત્વ એ વિરુદ્ધ નથી. એ વિશે પૂર્વે કહ્યું છે, માટે ફરી કહેતા નથી. જે કહ્યું છે કે — ચલિત કર્મ જે કાર્ય કરે છે, તે ચાલતું કર્મ કરતું નથી એ કથન અયુક્ત છે. કેમકે પ્રતિક્ષણે ઉત્પન્ન સ્થાસ, કોશ આદિ ઉત્પન્ન થયા પછી છેલ્લી ક્ષણે ઉત્પન્ન થનાર ઘટરૂપ કાર્ય આધ ક્ષણે સ્વ કાર્ય ન કરે એ યુક્તિયુક્ત જ છે. - x - x - ચલિત કર્મની પેઠે કાર્ય ન કરવાથી ચાલતું કર્મ ચલિત કહેવાતું નથી. કેમકે દરેક કારણો પોત પોતાનાં કાર્યો કરે છે. બીજું કારણ બીજા કારણના કાર્યને નથી કરતું તેમ છતાં એમાં દોષ દેવો તે કંઈ જ નહીં એમ ગણવું યુક્ત છે.

વળી જે કહ્યું — બે પરમાણું સૂક્ષ્મ હોવાથી ચીકાશના અભાવે ચોંટતા નથી, તે પણ અયુક્ત છે કેમકે એક પરમાણુમાં પણ ચીકાશ હોય છે. તેઓએ પણ સ્વીકાર્યું છે કે - દોઢ-દોઢ પરમાણું પરસ્પર ચોંટી જાય છે તેથી તેમના મતે અર્ધ પરમાણુમાં પણ ચીકાશ સંભવે છે તો બે પરમાણુ ચિકાશ રહિત હોવાથી ચોંટતા નથી, તે કેમ ઘટી શકે ? વળી જે દોઢ-દોઢ કહ્યું તે પણ ઠીક નથી કેમકે પરમાણુના બે ભાગ થાય તો તેમાં પરમાણુત્વ જ ન કહેવાય. વળી જે કહ્યું કે — પાંચ પુદ્ગલો ચોંટતા કર્મપણે થાય, તે પણ ખોટું છે. કેમકે કર્મ અનંત પરમાણુતાથી અનંત સ્કંધરૂપ છે. પાંચ પરમાણુ માત્ર સ્કંધરૂપ છે. કર્મ એ જીવને આવરણ કરવાના સ્વભાવવાળું છે. તેથી જો એ પાંચ પરમાણુ રૂપ જ હોય તો અસંખ્યાત પ્રદેશીજીવને કઈ રીતે ઢાંકી શકે. વળી કર્મને શાશ્વત કહ્યા તે પણ અયોગ્ય છે. કર્મના શાશ્વતત્વથી ક્ષયોપશમાદિ અભાવે જ્ઞાનાદિની હાનિ-વૃદ્ધિ ન થાય. પણ લોકમાં જ્ઞાનાદિનું ઓછું-અધિકપણું દેખાય જ છે. કર્મને શાશ્વત માનતાં તેઓનું કર્મનું ચય-નાશપણું પણ નહીં થાય.

ભાષામાં હેતુ હોવાથી બોલ્યા પહેલાંની ભાષા કહેવાય તે અયુક્ત છે. કેમકે તે કથન ઔપચારિક છે. ઉપચાર તત્ત્વથી વસ્તુરૂપ નથી. વસ્તુ સત્ય હોય તો ઉપચાર થઈ શકે, માટે ભાષા એ તાત્ત્વિક વસ્તુ છે એમ સિદ્ધ થયું. વળી બોલાતી ભાષાને ભાષા ન કહેવી. તે પણ અયુક્ત છે. કેમકે વિદ્યમાનતાથી વર્તમાનકાળ જ વ્યવહારનું





અંગ છે. ભૂત-ભાવિ એ અવિદ્યમાન-અસત્રૂપ હોવાથી વ્યવહારનું અંગ નથી. ભાષાસમય૦ આદિ કહ્યું તે પણ યોગ્ય નથી ભાષ્યમાણ ભાષાના અભાવે સૂત્રના અભિલાપનો અભાવ પ્રસંગ થાય. અર્થાત્ વર્તમાનકાળની ભાષા ન હોય તો ભૂતકાળની ભાષા ન જ હોય. - x - હાથ અને આંખની ચેષ્ટાથી સાંભળનારને અર્થનું ભાન થઈ શકે છે, તો પણ તે ચેષ્ટા ભાષા કહેવાતી નથી. અભાષકની ભાષા કહી, તે તો વધુ ખોટું છે કેમકે તો સિદ્ધ અને જડને ભાષાની પ્રાપ્તિ થવી જોઈએ. એ રીતે ક્રિયા પણ વર્તમાનકાળે જ યુક્ત છે. - x - અભ્યાસ વિના પણ કોઈ ક્રિયા સુખરૂપ લાગે. ઇત્યાદિ - x -

- x - કર્યા સિવાય જ કર્મ દુઃખ કે સુખરૂપ થતું હોય તો અનેક પ્રકારે ઐહિક-પારલૌકિક અનુષ્ઠાનોનો અભાવ થાય. પણ તે અન્યતીર્થિકોએ પારલૌકિક અનુષ્ઠાન તો સ્વીકારેલ જ છે. એ રીતે આ બધું અજ્ઞાનના ચાળા રૂપ છે.

વૃદ્ધોએ કહ્યું છે - પરતીર્થિકની વક્તવ્યતા વિભંગજ્ઞાનીના મતિભેદના પ્રકારરૂપ છે. સદ્ભુત, અસદ્ભૂત ભેદ વડે વિભંગમાં ચાર ભાંગા થાય છે. - x - તે ચાર ભંગ આ છે — (૧) સદ્ભૂત - પરમાણુમાં, અસદ્ભૂત - અડધું આદિ. (૨) વ્યાપક આત્મામાં ચૈતન્ય, (૩) પરમાણુમાં અપ્રદેશત્વ, (૪) વ્યાપક આત્મામાં અકર્તૃત્વ.

“ગૌતમ ! હું એમ કહું છું.” એ બધું સ્પષ્ટાર્થ છે. વિશેષ એ કે — શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ એ ચાર સ્પર્શમાંના કોઈપણ બે અવિરુદ્ધ સ્પર્શ એક પરમાણુમાં એક જ કાળે હોય છે. તેથી તેમાં ચિકાશ હોવાથી સ્નેહકાય હોય જ છે. તે વિષમ સ્નેહથી ચોંટે જ છે. આ વાત પરમત અનુવૃત્તિથી કહી છે. અન્યથા રૂક્ષ પણ વિષમ રૂક્ષત્વમાં ચોંટે જ છે. સમાન રૂક્ષ કે સમાન સ્નિગ્ધતા વાળા ન ચોંટે પણ વિષમ સ્નિગ્ધ કે વિષમ રૂક્ષ પરસ્પર ચોંટે. ઇત્યાદિ - x -

બોલાય છે માટે ભાષા કહેવાય. બોલાયા પહેલાં બોલાતી નથી માટે ભાષા ન કહેવાય. બોલાતી ભાષામાં શબ્દ અને અર્થની ઉપપત્તિ છે માટે ભાષા કહેવાય. બોલાયેલી ભાષામાં તેમ નથી માટે અભાષા છે. કર્યા પૂર્વે ક્રિયા જ નથી, તેથી તે દુઃખ કે સુખરૂપ પણ નથી - x - કરાતી ક્રિયા દુઃખરૂપ છે, તે પરમતને આશ્રીને જ કહ્યું છે. અન્યથા કરાતી ક્રિયા સુખરૂપ પણ હોય. - x -

આ સૂત્રથી કર્મની સત્તા જણાવી છે. કેમકે તે પ્રમાણથી સિદ્ધ છે. તે આ રીતે — કોઈ બે પુરુષ હોય, તે બંનેને ઇષ્ટ શબ્દાદિ વિષયસુખના સાધનો પ્રાપ્ત હોય, તો પણ બેમાંથી એકને દુઃખરૂપ ફળ મળે, બીજાને સુખરૂપ ફળ મળે, વિશિષ્ટ હેતુ વિના આવું ન સંભવે. ઘડા માફક કારણ વિના કાર્ય ન નીપજે. તેમ અહીં વિશિષ્ટ હેતુ એ કર્મ છે. - x - x - ફરી પણ અન્યતીર્થિકનો મત દર્શાવતા કહે છે —

● **સૂત્ર-૧૦૩ :-**

***ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે કે — યાવત્ એક જીવ એક સમયે બે ક્રિયાઓ કરે છે — ઐર્યાપથિકી, સાંપરાયિકી. જે સમયે ઐર્યાપથિકી કરે છે તે સમયે સાંપરાયિકી કરે છે, જે સમયે સાંપરાયિક કરે છે, તે સમયે ઐર્યાપથિકી***

***કરે છે. ઐર્યાપથિકી ક્રિયા કરવાથી સાંપરાયિકી કરે છે, સાંપરાયિકી ક્રિયા કરવાથી ઐર્યાપથિકી કરે છે. એ પ્રમાણે એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે — ઐર્યાપથિકી અને સાંપરાયિકી. ભગવન્ ! આ કેવી રીતે થાય ? ગૌતમ ! અન્યતીર્થિકો જે આમ કહે છે યાવત્ જે તેઓએ એમ કહ્યું છે, તે મિથ્યા છે. ગૌતમ ! હું એમ કહું છું - - -કે નિશ્ચે એક જીવ એક સમયે એક ક્રિયા કરે છે. અહીં પરતીર્થિક તથા સ્વસિદ્ધાંતની વક્તવ્યતા જાણવી. યાવત્ ઐર્યાપથિકી અથવા સાંપરાયિક ક્રિયા કરે છે.***

**● વિવેચન-૧૦૩ :-**

ઈર્યા એટલે જવું, પથ એટલે માર્ગ. જવાના માર્ગમાં થયેલ ક્રિયા તે ઐર્યાપથિકી - માત્ર કાયયોગ નિમિત્તનો કર્મબંધ. સંપરાય એટલા જેના વડે પ્રાણી સંસારમાં ભમે તે. કષાય નિમિત્ત થતી ક્રિયા તે સાંપરાયિકી - કષાયથી થતો કર્મબંધ. આ સૂત્રમાં પરતીર્થિકનો મત સ્વયં કહેવો. ગ્રંથ ગૌરવ ભયે લખ્યો નથી. [સૂત્રપાઠ જોવો] સૂત્રોક્ત કથન પૂર્વે કહ્યા મુજબ જાણવું. તેની અસત્યતા આ રીતે છે. ઐર્યાપથિકી ક્રિયાનું કારણ અકષાય છે. સાંપરાયિકી કષાયોદયથી થાય છે. માટે તે બંને ક્રિયા એક સમયે કઈ રીતે સંભવે ? કેમકે તે પરસ્પર વિરુદ્ધ છે. - - અહીં ક્રિયા કહી, ક્રિયાવાન્‌ને ઉત્પાદ હોય, તેથી ઉત્પાદ વિરહને જણાવે છે —

**● સૂત્ર-૧૦૪ :-**

***ભગવન્ ! નરકગતિ કેટલો કાળ ઉપપાત વિનાની કહી છે ? જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત. એ રીતે [પન્નવણા સૂત્રનું] આખું વ્યુત્ક્રાંતિ પદ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. યાવત્ [ગૌતમ સ્વામી] વિચરે છે.***

**● વિવેચન-૧૦૪ :-**

વ્યુત્ક્રાંતિ એટલે જીવોનો ઉત્પાદ, તે સંબંધી પદ, તે વ્યુત્ક્રાંતિ પદ. તે પ્રજ્ઞાપના સૂત્રમાં છટ્ઠું છે. તેનો અર્થ ટૂંકમાં દેખાડે છે - પંચેન્દ્રિય તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિમાં ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત, જઘન્યથી એક સમય ઉત્પાદ વિરહ છે. કહ્યું છે — રત્નપ્રભાદિ બધી નરકોમાં ઉત્કૃષ્ટ ઉત્પાદ વિરહ કાળ ૧-ચોવીશ મુહૂર્ત, ૨-સાત અહોરાત્ર, ૩-પંદર અહોરાત્ર, ૪-એક માસ, ૫-બે માસ, ૬-ચાર માસ, ૭-છ માસ. જઘન્યથી એક સમય. એ રીતે ઉદ્વર્તના વિરહ જાણવો. નૈરયિક સંખ્યા દેવો સમાન છે. તે આ — એક, બે, ત્રણ, સંખ્યાત, અસંખ્યાત જીવો એક સમયે ઉપજે છે, ચ્યવે છે, ઉદ્વર્તે છે. તિર્યંચમાં વિરહકાળ આ રીતે —

વિકેલેન્દ્રિય અને સંમૂર્છિમોનો ભિન્ન મુહૂર્ત, ગર્ભજ નો ૧૨-મુહૂર્ત, ઉત્કૃષ્ટ વિરહકાળ છે. જઘન્ય વિરહકાળ એક સમય છે. એકેન્દ્રિયોનો વિરહકાળ જ નથી. મનુષ્ય ગતિમાં ગર્ભજનો ૧૨-મુહૂર્ત, સંમૂર્છિમનો ૨૪-મુહૂર્ત ઉત્કૃષ્ટ વિરહકાળ છે. બંનેનો જઘન્યથી એક સમય છે. દેવગતિમાં ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, સૌધર્મ, ઈશાનનો ઉત્કૃષ્ટ વિરહકાળ ૨૪-મુહૂર્ત, જઘન્ય એક સમય. [૩] નવ દિવસ વીશ



મુહૂર્ત, [૪] બાર દિવસ દશ મુહૂર્ત, [૫] સાડા બાવીશ દિવસ, [૬] ૪૫ દિવસ, [૭] ૮૦ દિવસ, [૮] ૧૦૦ દિવસ, [૯,૧૦] સંખ્યેય માસ, [૧૧,૧૨] સંખ્યેય વર્ષ. નીચેનીત્રિક-સંખ્યેય ૧૦૦ વર્ષ, મધ્યમત્રિક-સંખ્યેય ૧૦૦૦ વર્ષ. ઉપલીત્રિક-સંખ્યેય લાખ વર્ષ. વિજયાદિમાં પલ્યોપમનો અસંખ્ય ભાગ ઉત્કૃષ્ટ વિરહકાળ છે. જઘન્યથી બધે એક સમય.

આ રીતે દેવોનો ઉપપાત વિરહકાળ જાણવો. એ જ રીતે ઉદ્વર્તના જાણવી. સિદ્ધિ ગતિમાં ઉત્કૃષ્ટથી ઉપપાતવિરહ કાળ છ માસ અને જઘન્યથી એક સમય છે. ઉદ્વર્તના ન હોય.

**શતક-૧, ઉદ્દેશો-૧૦નો ટીકા સહિત અનુવાદ પૂર્ણ**

**શતક-૧-નો મુનિદીપરત્નસાગરે કરેલ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૨ 卐

-- x -- x --

૦ પહેલા શતકની વ્યાખ્યા કરી, હવે બીજાની કરીએ છીએ. તેમાં પણ પહેલો ઉદ્દેશો, તેનો આ સંબંધ છે - શતક-૧-ના ૧૦માં ઉદ્દેશામાં છેલ્લે જીવોનો ઉત્પાદવિરહ કહ્યો. અહીં તેના ઉચ્છ્વાસાદિની વિચારણા છે. એ સંબંધ છે.

### ❁ શતક-૨, ઉદ્દેશો-૧-ઉચ્છ્વાસ, સ્કંદક ❁

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૦૫,૧૦૬ :-**

*[૧૦૫] (શતક-૨-માં દશ ઉદ્દેશા છે.) — ૧-ઉચ્છ્વાસ અને સ્કંદક, ૨-સમુદ્ઘાત, ૩-પૃથ્વી, ૪-ઈન્દ્રિય, ૫-અન્યતીર્થિક, ૬-ભાષા, ૭-દેવ, ૮-ચમરચંચા, ૯-સમયક્ષેત્ર, ૧૦-અસ્તિકાય.*

*[૧૦૬] તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. વર્ણન, સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી, ધર્મ કહ્યો. પર્ષદા પાછી ફરી.*

*તે કાળે તે સમયે જ્યેષ્ઠ શિષ્ય યાવત્ પર્યુપાસતા આમ બોલ્યા — ભગવન્! જે આ બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયવાળા જીવો છે, તેઓના અંદરના-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસને જાણીએ છીએ, જોઈએ છીએ, પણ જે આ પૃથ્વીકાયિક, વનસ્પતિકાયિક એકેન્દ્રિય જીવો છે, તેઓના અંદર-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસને જાણતા નથી, દેખતા નથી. ભગવન્! આ જીવો અંદર-બહારના ઉચ્છ્વાસ-નિઃશ્વાસ લે છે? હા, ગૌતમ! આ જીવો પણ શ્વાસોચ્છ્વાસ લે છે.*

● **વિવેચન-૧૦૫,૧૦૬ :-**

જો કે એકેન્દ્રિયવાળા જીવોને આગમ પ્રમાણથી જીવત્વ છે, તો પણ તેઓના ઉચ્છ્વાસાદિ સાક્ષાત્ જણાતા ન હોવાથી અને જીવશરીરના નિરુચ્છ્વાસાદિ કદાચિત્ દેખાતા હોવાથી પૃથ્વી આદિમાં ઉચ્છ્વાસાદિ વિષયક શંકા થાય છે. તેનો નિરાસ કરવા તેઓને ઉચ્છ્વાસાદિ છે, તે આગમ પ્રમાણ પ્રસિદ્ધના પ્રદર્શન માટે આ સૂત્ર જાણવું. - ઉચ્છ્વાસાદિ અધિકારથી જીવાદિમાં પચીશ પદોમાં ઉચ્છ્વાસાદિ દ્રવ્યોના સ્વરૂપના નિર્ણય માટે કહે છે —

● **સૂત્ર-૧૦૭ :-**

*ભગવન્ ! જીવો કેવા પ્રકારના દ્રવ્યોને શ્વાસમાં લે છે અને મૂકે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યો, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશાવગાઢ, કાળથી કોઈ પણ સ્થિતિક, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા દ્રવ્યોને અંદર-બહારના શ્વાસોચ્છ્વાસમાં લે છે - મૂકે છે - - ભગવન્ ! તેઓ શું એક વર્ણવાળા દ્રવ્યોને શ્વાસ-ઉચ્છ્વાસમાં લે છે - મૂકે છે. ગૌતમ ! અહીં આહારગમ જાણવો યાવત્ ત્રણ-ચાર-પાંચ દિશાથી [શ્વાસના અણુ લે છે.]*

*ભગવન્ ! નૈરયિક કેવા દ્રવ્યોને શ્વાસમાં લે છે૦ ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું યાવત્ છ એ દિશામાંથી લે છે૦.*



*જીવો અને એકેન્દ્રિયોને વ્યાઘાત, નિર્વ્યાઘાત મુજબ કહેવા. બાકીના નિયમા છ દિશામાંથી શ્વાસના૦ અણુ લે છે.*

*ભગવન્ ! વાયુકાય, વાયુકાયોને જ અંદર-બહારના શ્વાસમાં લે છે - મૂકે છે ? હા, ગૌતમ વાયુકાયને જ યાવત્ લે છે૦*

● **વિવેચન-૧૦૭ :-**

किण्णं - કેવા પ્રકારના દ્રવ્યો ? आहारगम - પ્રજ્ઞાપનાના ૨૮માં આહાર પદમાં કહેલ છે, તે સૂત્રો — બે વર્ણવાળા, ત્રણવર્ણી યાવત્ પંચવર્ણી યાવત્ જે વર્ણથી કાળા છે, તે શું એકગુણ કાળા છે યાવત્ અનંતગુણ કાળા છે, ઇત્યાદિ. જીવો અને એકેન્દ્રિયો-વ્યાઘાતવાળા, નિર્વ્યાઘાતવાળા કહેવા - x - x -

એકેન્દ્રિયો આ પ્રમાણે - પૃથ્વીકાય કેટલી દિશામાંથી શ્વાસ૦ લે છે ? ગૌતમ ! નિર્વ્યાઘાતમાં છ દિશામાંથી, વ્યાઘાતમાં ત્રણ, ચાર કે પાંચ દિશામાંથી. એ રીતે અપ્કાયાદિમાં જાણવું. - x - તેઓ લોકના છેડે પણ હોય છે, માટે ત્રણ વગેરે દિશામાંથી શ્વાસના પુદ્ગલ લેવામાં વ્યાઘાત સંભવે છે. બાકીના નૈરયિકાદિ છ એ દિશાથી શ્વાસના અણુ લે છે. કેમકે તેઓ ત્રસ નાડી અંતર્ભૂત હોય છે.

હવે એકેન્દ્રિયોને ઉચ્છ્વાસાદિ વાયુરૂપ હોય છે. તો શું વાયુકાયને પણ વાયુકાય જ ઉચ્છ્વાસાદિમાં હોય? કે પૃથ્વી આદિના ઉચ્છ્વાસાદિ માફક વાયુથી વિલક્ષણ છે? તે શંકાથી પ્રશ્ન કરેલ છે. વાયુ પોતે વાયુરૂપ છે, તો પણ તેને બીજા વાયુરૂપ શ્વાસ-નિઃશ્વાસની જરૂર રહે છે. કેમકે ચૈતન્યવાળા-જીવને તે જરૂરી છે. તે વાયુ, વાયુરૂપ છે પણ વાયુકાયના ઔદારિક, વૈક્રિય શરીરરૂપ નથી. કેમકે આન-પ્રાણ સંજ્ઞાવાળા આ શ્વાસના પુદ્ગલો ઔદારિક અને વૈક્રિય શરીરના પુદ્ગલો કરતાં અનંતગુણ પ્રદેશવાળા હોવાથી સૂક્ષ્મ છે. તેથી શ્વાસરૂપ વાયુ ચૈતન્ય વાયુના શરીરરૂપ નથી.

● **સૂત્ર-૧૦૮ થી ૧૧૧ :-**

*[૧૦૮] ભગવન્ ! વાયુકાય વાયુકાયમાં જ અનેક લાખ વાર મરીને ફરી ત્યાં જ વારંવાર ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય. ભગવન્ ! વાયુકાય સ્પૃષ્ટથી મરણ પામે કે અસ્પૃષ્ટથી ? ગૌતમ ! સ્પૃષ્ટ મરણ પામે, અસ્પૃષ્ટ નહીં. - ભગવન્ ! તે શું સશરીરી બીજી ગતિમાં જાય કે અશરીરી ? ગૌતમ ! કથંચિત્ સશરીરી જાય અને કથંચિત્ અશરીરી જાય. - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! વાયુકાયને ચાર શરીરો છે — ઔદારિક, વૈક્રિય, તૈજસ, કાર્મણ. તેમાં ઔદારિક, વૈક્રિયને છોડીને અને તૈજસ-કાર્મણની સાથે બીજી ગતિમાં જાય છે, માટે કહ્યું કે કથંચિત્ સશરીરી, કથંચિત્ અશરીરી.*

*[૧૦૯] ભગવન્ ! જેણે સંસાર અને સંસારના પ્રપંચોનો નિરોધ કર્યો નથી, જેનો સંસાર અને સંસાર-વેદનીય કર્મ ક્ષીણ થયેલ નથી, જેનો સંસાર અને સંસાર-વેદનીય કર્મનો વિચ્છેદ થયો નથી, જે નિષ્ઠિતાર્થ નથી, જેનું કાર્ય પૂર્ણ થયું નથી, તેવો મૃતાદિ [પ્રાસુકભોજી] નિર્ગ્રન્થ, ફરીને મનુષ્યાદિ ભવોમાં શીઘ્ર આવે ? હા, ગૌતમ ! - x - આવે.*

*[૧૧૦] ભગવન્ ! તેને કયા શબ્દોથી બોલાવાય ? ગૌતમ ! તેને કદાચ પ્રાણ, કદાચ ભૂત, કદાચ જીવ, કદાચ સત્વ, કદાચ વિજ્ઞ, કદાચ વેદ તથા કદાચ પ્રાણ-ભૂત-જીવ-સત્વ-વિજ્ઞ-વેદ કહેવાય. ભગવન્ ! તે પ્રાણ યાવત્ વેદ કેમ કહેવાય ? ગૌતમ ! તે અંદર-બહાર શ્વાસ-નિઃશ્વાસ લે છે, માટે પ્રાણ કહેવાય. તે થયો છે - થાય છે - થશે માટે ભૂત કહેવાય. તે જીવ હોવાથી જીવે છે, જીવત્વ અને આયુકર્મ અનુભવે છે માટે જીવ કહેવાય. શુભ-અશુભ કર્મોથી બદ્ધ છે, માટે સત્વ કહેવાય. તે કડવા, કષાયેલા, ખાટા, મીઠા રસોને જાણે છે માટે વિજ્ઞ કહેવાય. સુખ-દુઃખને વેદે છે માટે વેદ કહેવાય. તેથી તેને યાવત્ પ્રાણ યાવત્ વેદ કહેવાય છે.*

*[૧૧૧] ભગવન્ ! જેણે સંસારને રોક્યો છે - x - યાવત્ જેના કાર્યો પૂર્ણ થયા છે, તે ફરીને મનુષ્યત્વાદિ પામતો નથી ? હા, ગૌતમ ! - x - તે પામતો નથી. ભગવન્ ! તેને કયા શબ્દોથી બોલાવાય ? ગૌતમ ! તે સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પારગત-પરંપરગત કહેવાય તથા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત, અંતકૃત્, સર્વદુઃખપ્રક્ષીણ કહેવાય. - - ભગવન્ ! તે "એમ જ છે, એમ જ છે" એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૧૦૮ થી ૧૧૧ :-**

[૧૦૮] આ પ્રશ્ન વાયુકાયના પ્રસ્તાવથી વાયુસંબંધે છે, અન્યથા પૃથ્વીકાયાદિમાં પણ લાગુ પડે છે. કેમકે તેઓ પણ સ્વ કાયસ્થિતિમાં મરણ પામીને અસંખ્ય, અનંતવાર ત્યાં ઉપજે છે. કહ્યું છે — એકેન્દ્રિયોમાંના ચારની અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાયસ્થિતિ છે અને વનસ્પતિની અનંત ઉત્સર્પિણી અવસર્પિણી છે. તેમાં વાયુકાય, વાયુકાયમાં અનેક લાખવાર મરીને વાયુકાયમાં જ ઉત્પન્ન થાય છે. તે સ્વકાય કે પરકાયશસ્ત્રથી મરણ પામે છે. આ સૂત્ર સોપક્રમ અપેક્ષાએ છે. સ્વ શરીરથી નીકળે છે. ઔદારિક, વૈક્રિય શરીર અપેક્ષાએ અશરીરી, તૈજસ-કાર્મણ શરીરાપેક્ષાએ સશરીરી છે.

કોઈ મુનિની સંસાર ચક્ર અપેક્ષાએ પુનઃપુનઃ ઉત્પત્તિ થાય, જેમ વાયુકાયની પુનઃ પુનઃ ઉત્પત્તિ કહી તેમ. તે દર્શાવે છે.

[૧૦૯ થી ૧૧૧] મૃતાદિ - પ્રાસુક ભોજી, ઉપલક્ષણથી એષણીયાદિ. નિર્ગ્રન્થ - સાધુ. જલ્દી આવે છે. કેવો થયેલો ? તે કહે છે — આવનાર જન્મને રોક્યો નથી એવો ચરમભવને અપ્રાપ્ત. આવો સાધુ બે ભવે પણ મોક્ષ પામનાર હોય, માટે કહે છે — દેવ, મનુષ્યના અનેક ભવ પામનાર હોય, માટે કહે છે — ચતુર્ગતિગમન ક્ષીણ નથી થયું તેવો. એમ છે માટે જ સંસાર વેદનીય કર્મ ક્ષીણ થયું નથી એવો. આવો સાધુ એક જ વાર ચારે ગતિમાં જનાર પણ હોય માટે કહે છે — ચતુર્ગતિગમન અનુબંધ જેનું તુટ્યું નથી એવો. તેથી જ ચતુર્ગતિગમન વેદ્ય કર્મ જેનું તુટ્યું નથી તેવો. તેથી જ તેનું પ્રયોજન અસમાપ્ત છે, તેથી જ જેના કાર્યો પૂર્ણ થયા નથી.

આવા પ્રકારના મુનિએ પૂર્વે અનાદિ સંસારમાં અનેક વખત મનુષ્યત્વાદિ પ્રાપ્ત



કરેલ, હમણાં પણ શુદ્ધ ચારિત્ર પ્રાપ્તિ તેને સંભવતી નથી. તે અનેકવાર તિર્યંચાદિ ગતિને શીઘ્ર પામે છે. પાઠાંતરથી મનુષ્યત્વાદિ ભાવ શીઘ્ર પામે છે. કષાયોદયથી ચારિત્રથી પતિત થઈને સંસારસાગરમાં ભમવું પડે છે. કહ્યું છે — "જેના ક્રોધાદિ કષયો ઉપશાંત થયા છે, એવા પણ ફરીથી અનંત પ્રતિપાત પામે છે." તે સંસાર ચક્રગત મુનિના જીવને પ્રાણ આદિ છ નામો વડે જુદા જુદા સમયે કે એક સમયે બોલાવી શકાય તે સંબંધે પ્રશ્ન સૂત્રકારે મૂકેલ છે. - x - તે અન્વર્થ યુક્ત છે. - x - x - તે મુનિને ઉચ્છ્વાસ-નિઃશ્વાસવાળો કલ્પીએ ત્યારે 'પ્રાણ' કહેવાય. ઇત્યાદિ - x -

આ પાંચે શબ્દો જુદે જુદે કાળે વાપરી શકાય અને જ્યારે એક જ કાળે તે મુનિમાં ઉચ્છ્વાસાદિ ધર્મો કલ્પીએ ત્યારે પ્રાણ આદિ પાંચે સાથે પણ વપરાય અથવા આ ઉપસંહાર વાક્ય જ છે, માટે તેની યુગપત્ વ્યાખ્યા ન કરવી. તે મુનિ જીવે છે - પ્રાણોને ધારણ કરે છે, તથા ઉપયોગરૂપ જીવપણાને અને આયુષ્યકર્મને અનુભવે છે માટે તે જીવ કહેવાય. તે મુનિ સારી-નરસી ચેષ્ટામાં આસક્ત છે કે સમર્થ છે માટે અથવા શુભાશુભ કર્મથી સંબદ્ધ છે માટે સત્વ કહેવાય.

હવે ઉક્ત વાતને વિપરીત દર્શાવતા કહે છે - પારગત - સંસાર સમુદ્રને પાર પામેલ, પરંપરગત - મિથ્યાદૃષ્ટિ આદિ ગુણઠાણાની કે મનુષ્યાદિની સુગતિની પરંપરાથી-સંસાર સમુદ્રને પાર પામેલ.

અહીં સંયતની સંસાર વૃદ્ધિ-હાનિ અને સિદ્ધત્વ કહ્યું. હવે તે તથા બીજા અર્થોના વ્યુત્પાદનાર્થે સ્કંદક ચરિત્ર કહે છે —

● **સૂત્ર-૧૧૨ [અધુરુ]**

*તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહીનગર પાસે આવેલ ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. નીકળીને બહાર જનપદમાં વિહાર કર્યો. તે કાળે તે સમયે કૃતંગલા નામે નગરી હતી. [વર્ણન] તે કૃતંગલા નગરીની બહાર ઈશાન ખૂણામાં છત્રપલાશક નામે ચૈત્ય હતું [વર્ણન]. ત્યારે ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા યાવત્ સમોસરણ થયું. પર્ષદા નીકળી.*

*તે કૃતંગલા નગરી નજીક શ્રાવસ્તી નામે નગરી હતી. [વર્ણન] તે શ્રાવસ્તી નગરીમાં ગર્દભાલીનો શિષ્ય સ્કંદક નામનો કાત્યાયન ગોત્રનો પરિવ્રાજક રહેતો હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, શામવેદ, અથર્વણવેદ, પાંચમો ઇતિહાસ, છટ્ઠો નિઘંટુ એ છ એનો સાંગોપાંગ, રહસ્યસહિત, સારક-વારક-ધારક-પારક અને છ અંગનો જ્ઞાતા હતો. ષષ્ઠીતંત્ર વિશારદ, સંખ્યા-શિક્ષાકલ્પ-વ્યાકરણ-છંદ-નિરુક્ત-જ્યોતિષ્ અને બ્રાહ્મણ તથા પરિવ્રાજક સંબંધી બીજા ઘણાં શાસ્ત્ર અને નયોમાં સુપરિનિષ્ઠિત હતો.*

*તે શ્રાવસ્તીનગરીમાં વૈશાલિક શ્રાવક પિંગલ નામે નિર્ગ્રન્થ વસતો હતો. ત્યારે તે વૈશાલિક શ્રાવક પિંગલ સાધુ અન્ય કોઈ દિવસે જ્યાં કાત્યાયનગોત્રીય સ્કંદક હતો ત્યાં આવ્યો. આવીને સ્કંદકને આ પ્રમાણે પૂછ્યું — હે માગધ ! શું લોક સાંત છે કે અનંત છે ?, જીવ સાંત છે કે અનંત ?, સિદ્ધિ સાંત છે*

*કે અનંત ?, સિદ્ધો સાંત છે કે અનંત ? કયા મરણ વડે મરતો જીવ વધે કે ઘટે છે ? આટલા પ્રશ્નોનો ઉત્તર કહે.*

*વૈશાલિક શ્રાવક પિંગલ નિર્ગ્રન્થે તે સ્કંદકને આ પ્રમાણે પૂછયું ત્યારે તે સ્કંદક શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક, ભેદપ્રાપ્ત, કલેશપ્રાપ્ત થયો. વૈશાલિક શ્રાવક પિંગલ સાધુને તે કંઈ ઉત્તર ન આપી શકતા મૌન થઈને બેઠો. ત્યારે પિંગલ સાધુએ સ્કંદકને બે-ત્રણવાર આક્ષેપપૂર્વક પૂછયું — હે માગધ ! લોક સાંત છે યાવત્ કયા મરણે મરવાથી જીવનો સંસાર વધે કે ઘટે ? તે કહે. ત્યારે તે સ્કંદક, પિંગલ સાધુના બે-ત્રણવાર આમ પૂછવાથી શંકિત, કાંક્ષિત, વિચિકિત્સિક, ભેદપ્રાપ્ત, કલેશપ્રાપ્ત થયો. પણ પિંગલ સાધુને કંઈ ઉત્તર ન આપી શકવાથી મૌન થઈને રહ્યો.*

*તે વખતે શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક યાવત્ મહા માર્ગોમાં મોટા જનસંમર્દ, જનવ્યૂહવાળી પર્ષદા નીકળી. ત્યારે તે સ્કંદકે ઘણાં લોકો પાસે આ પ્રમાણે સાંભળી, અવધારી, આવા પ્રકારે અભ્યર્થિક-ચિંતિત-પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે — શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીની બહાર છત્રપલાશક ચૈત્યમાં સંયમથી, તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હું ત્યાં જઈ શ્રમણ ભગવંત મહાવીરને વાંદુ-નમું, શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને, નમીને, સત્કાર-સન્માન આપીને, કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેઓની પર્યુપાસના કરીને આવા અર્થો-હેતુ-પ્રશ્નો-કારણોને પૂછું.*

*એ પ્રમાણે વિચારીને સ્કંદક જ્યાં પરિવ્રાજક મઠ છે, ત્યાં આવીને, ત્યાં ત્રિદંડ, કુંડિક, કાંચનિક, કરોટિક, ભિસિત, કેશરિકા, છન્નાલક, અંકુશક, પવિત્રક, ગણેત્રિક, છત્રક, ઉપાનહ, પાવડી, ધાતુરક્ત વસ્ત્રો લઈને નીકળે છે, નીકળીને પરિવ્રાજક વસતિથી નીકળે છે. નીકળીને ત્રિદંડ, કુંડિક, કાંચનિક, કરોટિક, ભિસિત, કેસરિકા યાવત્ - x - ધાતુ રક્ત વસ્ત્રો પહેરીને શ્રાવસ્તી નગરીની વચ્ચોવચ્ચ થઈને નીકળી, જ્યાં કૃતંગલા નગરી છે, જ્યાં છત્રપલાશક ચૈત્ય છે, શ્રમણ ભગવંત મહાવીર છે ત્યાં જવા નીકળે છે.*

*હે ગૌતમ ! એ પ્રમાણે આમંત્રી શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમ સ્વામીને આમ કહ્યું — તું તારા પૂર્વ સંબંધીને જોઈશ. ભગવન્ કોને ? - સ્કંદકને. ભગવન્ ! તેને ક્યારે, કેવી રીતે, કેટલા કાળે જોઈશ ? ગૌતમ ! એ રીતે - તે કાળે તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી (વર્ણન) તે શ્રાવસ્તીમાં ગર્દભાલીના શિષ્ય સ્કંદક નામે કાત્યાયનગોત્રીય પરિવ્રાજક વસતો હતો. તે બધું પૂર્વવત્ જાણવું - યાવત્ - તે મારી પાસે આવવાને નીકળ્યો છે. તે બહુ નજીક છે, ઘણો માર્ગ ઓળંગી ગયા છે, માર્ગ મધ્યે છે. ગૌતમ ! તું તેને આજે જ જોઈશ.*

*ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! શું તે કાત્યાયન ગોત્રીય સ્કંદક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈ, ઘરને છોડીને અનગાર પ્રવ્રજ્યા લેવા સમર્થ છે ? — હા, સમર્થ છે. જ્યારે શ્રમણ ભગવંત મહાવીર ગૌતમસ્વામીને આ વાત કરતા હતા. તેટલામાં કાત્યાયન ગોત્રીય સ્કંદક તે સ્થાને શીઘ્ર આવી પહોંચ્યા.*



*ત્યારે ગૌતમસ્વામી સ્કંદને નજીક આવેલ જાણીને જલ્દી ઉભા થયા, જલ્દી તેની સામે ગયા. જ્યાં સ્કંદક હતો, ત્યાં આવ્યા. આવીને કાત્યાયન ગોત્રીય સ્કંદકને આ પ્રમાણે કહ્યું — હે સ્કંદક! તમારું સ્વાગત છે, સુસ્વાગત છે. સ્કંદક! તમારું આગમન અનુરૂપ છે, સ્કંદક! તમારું સ્વાગત-અન્વાગત છે. હે સ્કંદક! તમને શ્રાવસ્તીનગરીમાં વૈશાલિયશ્રાવક પિંગલ સાધુએ આ રીતે પૂછ્યું હતું કે — હે માગધ! લોક સાંત છે કે અનંત? એ બધું પૂર્વવત્ યાવત્ તમે તેથી શીઘ્ર અહીં આવ્યા છો. હે સ્કંદક! શું આ વાત બરાબર છે? હા, છે.*

*ત્યારે સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું — હે ગૌતમ ! એવા તથારૂપ જ્ઞાની કે તપસ્વી કોણ છે ? જેણે મારી આ રહસ્યકૃત્ વાત તમને તુરંત કહી ? જેથી તમે જાણો છો. ત્યારે ગૌતમ સ્વામીએ સ્કંદકને કહ્યું — હે સ્કંદક ! મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર, અરહંત, જિન,કેવલી, ભૂત-વર્તમાન-ભાવિના જ્ઞાતા, સર્વજ્ઞ, સર્વદર્શી, શ્રમણ ભગવંત મહાવીર છે, જેણે મને તમારી આ ગુપ્ત વાત શીઘ્ર કહી. તેથી હે સ્કંદક ! હું તે જાણું છું. ત્યારે તે કાત્યાયનગોત્રીય સ્કંદકે ગૌતમસ્વામીને આમ કહ્યું —*

- **વિવેચન-૧૧૨ [અધુરુ]**

ઉત્પન્ન જ્ઞાન-દર્શનધર સાથે યાવત્ શબ્દથી અરહંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, આકાશમાં રહેલ છત્રયુક્ત ઈત્યાદિ સમવસરણ સુધીનું વર્ણન કહેવું. ગર્દભાલિ નામે પરિવ્રાજકનો. - x - ઇતિહાસ એટલે પુરાણ તે પાંચમો જેમાં છે તે તથા 'ચાર વેદ' આ વિશેષ્યપદ છે. નિઘંટુ નામકોશ. શિક્ષાદિ છ અંગો. તેનો અર્થનો વિસ્તાર જેમાં છે, તે ઉપાંગ. રહસ્ય સહિત ભણાવે છે માટે પ્રવર્તક છે અથવા સૂત્રાદિને કોઈ વિસરી ગયા હોય તેને સ્મરણ કરાવે છે, માટે સ્મારક છે. અશુદ્ધપાઠને નિવારે માટે વારક છે. ધારક - ભણેલાં વેદાદિ શાસ્ત્રોને ન ભૂલનાર, પારગામી, પૂર્વે જણાવેલા છ અંગોને જાણનાર. અહીં 'સાંગોપાંગ' શબ્દ 'વેદોના પરિકરને જાણનાર' અર્થમાં છે અથવા છ અંગોને વિચારનાર છે. કપિલના શાસ્ત્રના પંડિત, ગણિત શાસ્ત્રે પ્રવીણ, સુપરિનિષ્ઠિત એમ સંબંધ જોડવો. - વેદના છ અંગોને જાણે છે તે કહે છે—

શિક્ષા - અક્ષર સ્વરૂપ નિરૂપક શાસ્ત્ર, कल्प - તથાવિધ આચારને જણાવનાર, वागरण - શબ્દશાસ્ત્ર, छंद - પદ્યલક્ષણશાસ્ત્ર, निरुक्त - શબ્દ વ્યુત્પત્તિ શાસ્ત્ર, જ્યોતિષ્, બ્રાહ્મણ અને પરિવ્રાજક સંબંધી દર્શન. निग्रन्थ - શ્રમણ. વિશાલા - ભ૦ મહાવીરની માતા, તેના પુત્ર તે વૈશાલિક. તેમના વચનને સાંભળનાર એટલે શ્રાવક-તેમના વચનામૃતના પાનમાં લીન. - x - મગધ દેશમાં જન્મેલને માગધ. સંસારની વૃદ્ધિ કે હાનિ. - x - આટલા પ્રશ્નોનો ઉત્તર આપ.

આ પ્રશ્નનો ઉત્તર આ છે કે આ? એ શંકાને પામેલ. તેનો આ ઉત્તર સારો નથી, આ પણ ઠીક નથી. તો હું ઉત્તર કેમ આપીશ? એમ ઉત્તર મેળવવાની આતુરતાવાળો.

આ ઉત્તર આપવાથી પૂછનારને વિશ્વાસ થશે કે નહીં? એવી વિચિકિત્સાવાળો. 'હવે શું કરવું' એમ મુંઝાયેલો. હું આ સંબંધે કંઈ જાણતો નથી એ રીતે ખિન્ન થયેલો. તે કંઈ જવાબ ન દઈ શક્યો. પ્રમોક્ષ - ઉત્તર, પ્રશ્નથી છુટા થવું તે.

मह्या जणसंमद्द - માણસોની ઘણી ભીડ, લોકોનું ટોળું. ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે — એ રીતે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર, આદિકર યાવત્ મુક્ત થવાના છે, તે પૂર્વાનુપૂર્વી વિચરતા, ગ્રામાનુગ્રામ ફરતાં કૃતંગલા નગરીના છત્ર પલાશક ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા વિચરે છે. હે દેવાનુપ્રિય ! તથારૂપ અરહંત ભગવંતનું નામ-ગોત્ર પણ સાંભળતા મહાફળ છે, તો સામે જવાથી, વંદન-નમસ્કાર કરવાથી, કુશલ પૂછવાથી, સેવા કરવાથી આર્યપુરુષના એક ધાર્મિક વચન શ્રવણથી અને વિપુલ અર્થ ગ્રહણથી કેમ કલ્યાણ ન થાય ? માટે આપણે જઈએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર-સત્કાર-સન્માનાદિ કરી કલ્યાણ-મંગલ-દૈવત-ચૈત્યરૂપ તેમની સેવા કરીએ. એમ કરવાથી આપણને બીજા ભવે પણ હિત-સુખ-ક્ષેમ-નિઃશ્રેયસ-પરંપરાએ મુક્તિરૂપ થશે. એમ વિચારી ઘણાં ઉગ્ર, ઉગ્રપુત્રો તથા ભોગો, રાજન્યો, ક્ષત્રિયો, બ્રાહ્મણો, ભટો, યોદ્ધા, મલ્લકી, લેચ્છવી, બીજા પણ ઘણાં રાજા, યુવરાજ, તલવર, માડંબિક, કોટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ યાવત્ ઉત્કૃષ્ટ સીંહનાદ, બોલ, કલકલરૂપ શબ્દોથી સમુદ્ર ગાજતો હોય તેમ નગરને ગજાવતા શ્રાવસ્તીથી નીકળ્યા.

શ્રાવસ્તી નગરીમાં જ્યાં મોટો જનસમૂહ પરસ્પર આમ કહે છે. તેમાં जनसंमर्द - લોકોની ભીડ કે અવાજ. जनव्यूह - ચક્રાદિ આકારે રહેલ જનસમુદાય. बोल - અવ્યક્ત ધ્વનિ, कलकल - છૂટક વચન વિભાગ, उर्मि - તરંગાકાર. उत्कलिका - લોકોનું નાનું ટોળું, जनसंनिपात - જુદે જુદે સ્થાને લોકોનો મેળો.

ઉચિત, સંગતરૂપ. नाम - ખાસ નામ, गोत्र - ગુણનિષ્પન્ન નામ, સાંભળવાથી. - x - अंग - આમંત્રણ, સામે જવું. वन्दन - સ્તુતિ, नमस्यन - નમવું, प्रतिप्रच्छन - શરીરાદિ વાર્તા પૃચ્છા, पर्युपासन - સેવા. आर्य - આર્ય પુરુષે કહેલ, धार्मिक - ધર્મપ્રતિબદ્ધ, सत्कार - આદર કરવો કે વસ્ત્રાદિ પૂજા, सन्मान - ઉચિત્ત પ્રતિપત્તિ. કેવાનું?-

कल्याण - કલ્યાણનો હેતુ, मंगल - પાપની શાંતિમાં હેતુ, दैवत - દેવ, चैत्य - ઈષ્ટ દેવ પ્રતિમા ચૈત્યરૂપ જ છે. તેમની સેવા કરીએ. - x - हित - પથ્ય અન્નરૂપ, सुख - શર્મણ. क्षेम - સંગત, निःश्रेयस - મોક્ષ, आनुगामिक - પરંપરાએ શુભાનુબંધને માટે થશે.

उग्र - આદિદેવ સ્થાપિત આરક્ષક વંશમાં જન્મેલ, भोग - આદિદેવ સ્થાપિત ગુરુવંશમાં જન્મેલ, राजन्य - ભગવંતના મિત્ર વંશમાં થયેલ, क्षत्रिय - રાજકુળમાં થયેલ, भट - શૌર્યવાળા, योध - વિશિષ્ટ શૂરવીરો, મલ્લકી, લેચ્છકી રાજા વિશેષ. ईश्वर - યુવરાજ, तलवर - રાજાએ સંતુષ્ટ થઈને પટ્ટબંધ વિભૂષિત કરેલા, माडंबिक - સંનિવેશ નાયકો, कौटुंबिक - કેટલાંક કુટુંબના સ્વામી, રાજસેવક. उत्कृष्टि - આનંદમહાધ્વનિ, बोल - આનંદનો મોટો અવાજ ઇત્યાદિ - x - x -



ત્યારપછી હવે કહેવાશે માટે પ્રત્યક્ષ, એવાજ પ્રકારનો, આત્મવિષયક, સ્મરણરૂપ, અભિલાષાત્મક, મનમાં થયેલો પણ વચનથી અપ્રકાશિત વિકલ્પ ઉત્પન્ન થયો. सेय - કલ્યાણ. એવો કહેલાં સ્વરૂપવાળો અથવા કહેવાનાર સ્વરૂપવાળા અર્થો - શું લોક સાંત છે ? ઇત્યાદિ અને બીજા અર્થોને, જે હેતુથી જણાય તે હેતુને, સ્પષ્ટ કરવા યોગ્ય તે અને બીજા અર્થોને પૂછવાને - x - વિચારે છે.

પરિવ્રાજક મઠ, कुंडिका - કમંડલ, कांचनिका - રૂદ્રાક્ષની માળા, करोटिका - માટીનું વાસણ, भृशिका - એક આસન, केशरिका - પ્રમાર્જના માટેનું વસ્ત્ર, षड्नालक - ત્રિગડી, अंकुशक - પાંદડાદિ લેવા માટેનું સાધન, पवित्रक - વીંટી, गणेत्रिक - કલાઈનું એક આભરણ. धातुरक्त - પહેરવાનું વસ્ત્ર. - x - पहारेत्थ - જવાનો સંકલ્પ કર્યો.

- x - काहे - ક્યારે, કયા સમયે. किह - કયા પ્રકારે - જોવાથી કે સાંભળવાથી, केवच्चिरेण - કેટલા વખત પછી, શ્રાવસ્તી નામે નગરી હતી. અહીં અવસર્પિણી કાળને લીધે પહેલાં હતી તેવી હાલ તે નગરી નથી. તેમ જણાવવા હતી કહ્યું. अदुरेआगत - અવધિ સ્થાન અપેક્ષાએ નજીક આવેલો. बहुसंपत्त - અતિ પાસે આવી ગયેલ. - x - માર્ગમાં રહેલો, વિવક્ષિત સ્થાનના માર્ગમાં વર્તતો. આ સૂત્ર વડે — "હું ક્યારે જોઈશ ?" એ પ્રશ્નનો ઉત્તર મળે છે. ક્યારે જોઈશ ? નો ઉત્તર "આજે જોઈશ" કહીને આપ્યો. જો ભગવંતે મધ્યાહ્ન સમયે આ વાત કહી હોય તો મધ્યાહ્ન ઉપર મુહૂર્ત્ત કે થોડી વધુ વેળા જતાં તેને જોયો તેમ કહેવાય. - x - પણ તેથી વધુ કાળ સંભવતો નથી.

अगाराओ - ઘરથી નીકળીને, अनगारिता - સાધુતા, લેવા માટે કે પ્રવ્રજ્યા સ્વીકારવાને. अब्भुट्ठेति - આસનને તજે છે. અહીં ગૌતમસ્વામી જે અસંયત માટે ઉભા થયા, તે સ્કંદકના ભાવિ સંયતત્વ તથા ગૌતમસ્વામીનો રાગ ક્ષીણ ન થયો હોવાથી આ પક્ષપાત કહ્યો છે. તથા ભગવંતે કહેલ વાત સ્કંદકને કહેવાથી ભગવંતનો જ્ઞાનાતિશય પ્રગટ કરવો અને એ રીતે સ્કંદકને ભગવંત પ્રતિ બહુમાન થાય.

હે સ્કંદક ! એ સંબોધન છે. તારું આગમન સારું છે, કેમકે કલ્યાણના સાગર ભગવંત મહાવીરના સંસર્ગથી તને કલ્યાણ થશે, વધારે સ્વાગત છે, આવવું ઉચિત છે ઇત્યાદિ એકાર્થક શબ્દોચ્ચારણ કરવામાં કંઈ ખોટું નથી. સંભ્રમનિમિત્તથી આમ બોલાયું હોય. - x - x - 'णाणी'त्यादि - જ્ઞાની, જ્ઞાનના સામર્થ્યથી જાણે છે, તપસ્વી તપના સામર્થ્યથી, દેવતા સાન્નિધ્યથી જાણે છે. તેથી પૂર્વવત્ પ્રશ્ન કર્યો છે.

● **સૂત્ર-૧૧૨ [અધુરેથી આગળ] :-**

***હે ગૌતમ ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર પાસે જઈએ, તેમને વંદન, નમન યાવત્ સેવા કરીએ. હે દેવાનુપ્રિય ! તમને સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. પછી તે ગૌતમ સ્વામીએ કાત્યાયન ગોત્રીય સ્કંદક સાથે જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા. ત્યાં જવાનો સંકલ્પ કર્યો.***

***તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીર વ્યાવૃત્તભોજી હતા. તે***

વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરનું શરીર ઉદાર, શ્રૃંગાર-કલ્યાણ-શિવ-ધન્ય-મંગલરૂપ, અલંકારો વિના શોભતું, લક્ષણ-વ્યંજન-ગુણ વડે યુક્ત, શોભાવાળું અતિ અતિ શોભાયમાન હતું.

પછી તે સ્કંદક, વ્યાવૃત્તભોજી શ્રમણ ભગવંત મહાવીરના ઉદાર યાવત્ અતિ શોભતા શરીરને જોઈને હૃષ્ટ, તુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિમના, પરમ સૌમનસ્ય, હર્ષના વશ વિકસીત હૃદયી થઈ, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસે છે.

હે સ્કંદક ! એમ આમંત્રી, શ્રમણ ભગવંત મહાવીરે સ્કંદકને આ પ્રમાણે કહ્યું — હે સ્કંદક ! શ્રાવસ્તી નગરીમાં પિંગલ સાધુએ તને આક્ષેપપૂર્વક આમ પૂછ્યું હતું કે — હે માગધ ! લોક સાંત છે કે અનંત ? ઇત્યાદિ. અને તું જલ્દી મારી પાસે આવ્યો છે. સ્કંદક ! શું આ વાત યોગ્ય છે ? હા, છે. હે સ્કંદક ! તારા મનમાં આવા પ્રકારે સંકલ્પ થયેલો કે — શું લોક સાંત છે કે અનંત ? તેનો અર્થ આ છે —

હે સ્કંદક ! મેં લોકને ચાર પ્રકારે કહ્યો છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યલોક એક અને સાંત છે. ક્ષેત્રલોક અસંખ્યાત કોડાકોડી યોજન લાંબો-પહોળો છે, તથા તેની પરિધિ અસંખ્યાત કોડાકોડી યોજન છે અને તે સાંત છે. કાળલોક કદી ન હતો એમ નથી, કદી ન હોય એમ નથી, કદી નહીં હશે એમ નથી. તે હંમેશા હતો - છે અને રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય છે. વળી તે અનંત છે. ભાવલોક-અનંતવર્ણ-ગંધ-રસ-સ્પર્શ પર્યવરૂપ છે. અનંત સંસ્થાન-ગુરુલઘુપર્યવ-અગુરુ લઘુ પર્યવરૂપ છે, તેનો અંત નથી. તો હે સ્કંદક ! લોક દ્રવ્ય અને ક્ષેત્રથી અંતવાળો છે અને કાળ તથા ભાવથી અંત વગરનો છે.

વળી તને જે થયું કે જીવ સાંત છે કે અનંત ? તેનો આ ઉત્તર છે - યાવત્ - દ્રવ્યથી જીવ એક અને અંતવાળો છે, ક્ષેત્રથી જીવ અસંખ્ય પ્રદેશિક, અસંખ્ય પ્રદેશાવગાઢ અને સાંત છે. કાળથી જીવ કદી ન હતો તેમ નથી યાવત્ નિત્ય છે અને તે અનંત છે. ભાવથી જીવ અનંત — જ્ઞાન, દર્શન, અગુરુલઘુ પર્યાયરૂપ છે, તે અનંત છે. તેથી જીવ દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત છે. કાળ અને ભાવથી અનંત છે.

વળી હે સ્કંદક! તને જે આ વિકલ્પ થયો - યાવત્ - સિદ્ધિ સાંત છે કે અનંત? તેનો ઉત્તર આ — મેં ‘સિદ્ધિ’ ચાર પ્રકારે કહી છે - દ્રવ્યથી સિદ્ધિ એક અને અંતવાળી છે, ક્ષેત્રથી સિદ્ધિ લંબાઈ પહોળાઈ-૪૫ લાખ યોજન છે, તેની પરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષાધિક છે. તથા તેનો અંત છે. કાળથી સિદ્ધિ કદી ન હતી તેમ નથી ઇત્યાદિ પૂર્વવત્. ભાવથી સિદ્ધિ ભાવલોક માફક કહેવી. એ રીતે દ્રવ્યસિદ્ધિ, ક્ષેત્રસિદ્ધિ સાંત છે. કાળસિદ્ધિ, ભાવસિદ્ધિ



અનંત છે.

હે સ્કંદક ! તને જે એમ થયું કે - યાવત્ - સિદ્ધો અંતવાળા છે કે અંતરહિત ? એ પ્રમાણે યાવત્ દ્રવ્યથી સિદ્ધ એક અને સાંત છે, ક્ષેત્રથી સિદ્ધ અસંખ્યપ્રદેશિક, અસંખ્યપ્રદેશાવગાઢ છે. તે સાંત છે, કાળથી સિદ્ધ સાદિ અનંત છે. તેનો અંત નથી. ભાવથી સિદ્ધો અનંતાજ્ઞાનપર્યવા-દર્શનપર્યવા યાવત્ અગુરુલઘુપર્યવા છે અને અનંત છે. [દ્રવ્ય અને ક્ષેત્રથી સાંત,કાળ અને ભાવથી અનંત છે.]

હે સ્કંદક ! તને એવો જે સંકલ્પ થયો કે - કયા મરણે મરતા તેનો સંસાર વધે કે ઘટે ? તેનો ખુલાસો આ છે — હે સ્કંદક ! મેં બે ભેદે મરણ કહ્યું છે — બાળમરણ, પંડિતમરણ. તે બાળમરણ શું છે ? તે બાર ભેદે છે — વલય, વશાર્ત્ત, અંતોશલ્ય, તદ્‌ભવ, ગિરિપતન, તરુપતન, જલપ્રવેશ અગ્નિપ્રવેશ, વિષભક્ષણ, શસ્ત્ર વડે, વેહાયસ અને ગૃદ્ધપૃષ્ઠ-મરણ. હે સ્કંદક ! આ બાર પ્રકારના બાળમરણથી મરતા જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી આત્માને જોડે છે. તિર્યંચ-મનુષ્ય-દેવગતિરૂપ અનાદિ-અનંત, દીર્ઘકાળ ચતુર્ગતિક સંસારરૂપ વનમાં ભમે છે. તેથી તે મરણે મરતા સંસાર વધે છે તે બાળમરણ છે.

તે પંડિત મરણ શું છે? બે ભેદે છે. પાદપોપગમન અને ભક્તપ્રત્યાખ્યાન. તે પાદપોપગમન મરણ બે ભેદે - નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને નિયમા અપ્રતિકર્મ છે, તે પાદપોપગમન કહ્યું. તે ભક્તપ્રત્યાખ્યાન મરણ બે ભેદે - નિર્હારિમ અને અનિર્હારિમ. આ બંને નિયમા સપ્રતિકર્મ છે. આ ભક્ત પ્રત્યાખ્યાન મરણ કહ્યું.

હે સ્કંદક ! બંને જાતના પંડિત મરણથી મરતો જીવ અનંત નૈરયિક ભવ ગ્રહણથી પોતાના આત્માને જુદો કરે છે યાવત્ સંસારને ઓળંગી જાય છે. તે રીતે મરતો સંસારને ઘટાડે છે આ પંડિત મરણ કહ્યું. હે સ્કંદક ! આ રીતે બંને મરણ મરતો સંસાર વધારે કે ઘટાડે.

**● વિવેચન-૧૧૨ [અધુરેથી] :-**

ધર્માચાર્ય છે - કેમ? ધર્મોપદેશક છે. જ્ઞાન-દર્શન ઉત્પન્ન થયું છે, ત્યારથી સંશુદ્ધ છે. વંદનાદિ યોગ્ય હોવાથી અર્હત્ છે, રાગાદિ જિતવાથી જિન છે. કોઈની સહાયવિના જ્ઞાનવાન્ હોવાથી કેવલી છે. તેથી જ ભૂત-વર્તમાન-ભાવિને જાણનાર છે. તે દેશજ્ઞને પણ હોય, તેથી કહ્યું — સર્વજ્ઞ, સર્વદર્શી છે. પ્રતિદિન આહાર લેનાર છે. પ્રધાન, અલંકારાદિ જે શોભા તે શ્રૃંગાર. — તેના જેવી અતિ શોભાવાળા છે. શ્રેય, ઉપદ્રવરહિત કે અનુપદ્રવના હેતુ છે, ધર્મરૂપ ધનને પામેલ અથવા ધર્મરૂપ ધનમાં સાધુ કે તેને યોગ્ય છે, હિતાર્થ પ્રાપ્તિમાં સાધનરૂપ છે, મુગટ આદિ કે વસ્ત્રાદિથી અલંકૃત નથી. માન ઉન્માનરૂપ લક્ષણ - x - x - પ્રમાણોપેત અર્થાત્ સ્વઅંગુલથી માપતા ૧૦૮ આંગળ ઉંચા છે. - x - મષ તિલકાદિ કે સહજલક્ષણ અને પાછળથી થયેલ વ્યંજનયુક્ત છે. સૌભાગ્યાદિ કે લક્ષણ-વ્યંજન ગુણયુક્ત

છે. - x - શોભાવાળા છે.

અત્યંત તુષ્ટ અથવા વિસ્મિત સંતોષવત્ ચિત્તવાળો, આનંદિત - થોડી મુખની સૌમ્યતાદિ ભાવોથી સમૃદ્ધિને પામેલો, તેથી તે જ ભાવો વડે વધુ સમૃદ્ધ થયેલ, પ્રીતિયુક્ત મનવાળો, પરમ સુમનસ્કતાવાળો, હર્ષ વડે વિકસિત હૃદયવાળો અથવા આ બધાં શબ્દો એકાર્થક છે. અત્યંત હર્ષને સૂચવનારા છે.

લોક પાંચ અસ્તિકાયરૂપ એક દ્રવ્ય હોવાથી અંતવાળો છે. લંબાઈ-પહોળાઈ-ઘેરાવાવાળો છે. 'થયું' આદિ ક્રિયાપદોથી પૂર્વોક્ત પદોનું જ તાત્પર્ય કહ્યું છે. અચલ હોવાથી ધ્રુવ છે. ધ્રુવ પદાર્થ અનિયતરૂપ પણ હોય, તેથી કહ્યું કે નિયત છે. નિયત દ્રવ્ય કદાચિત્ક પણ હોય, તેથી કહ્યું — સર્વક્ષણે વિધમાન હોવાથી શાશ્વત છે, તે નિયતકાળ અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું કે અવિનાશીત્વથી અક્ષય છે, આ બહુતર પ્રદેશાપેક્ષાથી હોય તેથી કહ્યું — અવ્યયપ્રદેશી હોવાથી અવ્યય છે. તે દ્રવ્યથી પણ અવ્યય હોય માટે કહ્યું અવસ્થિત છે કેમકે તેના પર્યાયો અનંત છે. તાત્પર્ય કે તે નિત્ય છે.

એક ગુણ કાળો આદિ વર્ણ વિશેષ અને બીજા પણ સ્થૂળ સ્કંધોના ગુરુ-લઘુ પર્યાયો તથા અણુઓના, સૂક્ષ્મ સ્કંધોના અને અમૂર્ત વસ્તુઓના અગુરુલઘુ પર્યાયો. જ્ઞાનવિશેષ કે બુદ્ધિકૃત નિર્વિભાગ વિભાગો, ઔદારિકાદિ શરીરને આશ્રીને અનંત ગુરુલઘુ પર્યાયો, કાર્મણાદિ શરીર તથા જીવને આશ્રીને અગુરુલઘુ પર્યાયો.

આ સૂત્રથી સિદ્ધિ સંબંધી પ્રશ્ન અને તેના ઉત્તર સૂત્રના અંશનું સૂચન કર્યુ છે. તે બંને આ રીતે - સિદ્ધિ - x - ચાર ભેદે - x - જો કે સિદ્ધિ સર્વકર્મના ક્ષયરૂપ છે અથવા સિદ્ધના આધાર એવા આકાશ દેશરૂપ છે. તો પણ અહીં સિદ્ધિ શબ્દથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી લીધેલી છે. કેમકે તે સિદ્ધના આધારભૂત આકાશ પાસે આવી છે. તે સિદ્ધિનો ઘેરાવો ૧,૪૨,૩૦,૨૪૯ યોજન અને કંઈક ન્યૂન બે ગાઉ છે.

(૧) વલયમરણ - અતિ ભૂખથી વલવલતા જીવનું અથવા સંયમથી ભ્રષ્ટ થતાં જીવનું મરણ, (૨) વશાર્ત્તમરણ - દીપકલિકાના રૂપથી અંજાયેલ આંખવાળા પતંગિયા પેઠે ઈન્દ્રિયવશથી દુઃખી થયેલ જીવનું મરણ. (૩) અંતઃશલ્યમરણ - દ્રવ્યથી અનુધ્ધૃત અસ્ત્રાદિ અને ભાવથી અતિચારવાળા જીવનું મરણ. (૪) તદ્‌ભવમરણ - તે ભવને માટે અર્થાત્ મનુષ્યાદિ થઈને મનુષ્યાદિનું જ આયુ બાંધી મરવું તે.

(૫) શસ્ત્રાવપાટનમરણ - છરી આદિ વડે શરીરને વિદારવાથી થતું મરણ. (૬) વૈહાયસ - આકાશમાં થયેલ, ઝાડની ડાળી સાથે ફાંસો બાંધી નીપજાવાતું મરણ. (૭) ગૃદ્ધ પૃષ્ઠ - માંસ લુબ્ધ શીયાળાદિ વડે વિદારિત કે હાથી-ઉંટ-ગધેડા આદિના ભવમાં ગીધાદિ વડે ભક્ષિત થવાથી થતું મરણ. બાર પ્રકારના અને એવા બીજા કોઈ પ્રકારના બાળમરણથી મરતા જીવનો સંસાર વધે છે. - x -

પાદપોપગમન-વૃક્ષ માફક હાલ્યા-ચાલ્યા વિના સ્થિર રહેવું તે. આ મરણ ચારે પ્રકારના આહારના ત્યાગથી જ થઈ શકે છે. નિર્હારિમ-સાધુ ઉપાશ્રયમાં મરણ પામે, તેનો દેહ બહાર કાઢીને સંસ્કારાય તે. અનિર્હારિમ-અટવીમાં મરણ થાય તે. ક્યાંક અહીં 'ઇંગિતમરણ' કહ્યું છે. તે ભક્ત પ્રત્યાખ્યાનનો ભેદ છે, માટે નથી કહેતા.



● સૂત્ર-૧૧૩ :-

*તે કાત્યાયન ગોત્રીય સ્કંદક બોધ પામ્યો. શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! હું આપની પાસે કેવલી પ્રજ્ઞપ્ત ધર્મને સાંભળવા ઈચ્છુ છું. - હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર. પછી શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને અને મહા-મોટી પર્ષદાને ધર્મ કહ્યો. [અહીં] ધર્મકથા કહેવી. ત્યારે તે સ્કંદક, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, અવધારી, હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિત હૃદયી થઈ, ઉભો થયો. શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને આ પ્રમાણે કહ્યું — આ નિર્ગ્રન્થ પ્રવચનમાં - - - હું શ્રધ્ધા રાખું છું, પ્રીતિ રાખું છું, મને તે રુચે છે, હું તેનો સ્વીકાર કરું છું. હે ભગવન્ ! એ એમ જ છે, એ તે રીતે જ છે. સત્ય છે - સંદેહરહિત છે - ઈષ્ટ છે - પ્રતીષ્ટ છે - ઈષ્ટ પ્રતીષ્ટ છે, જે રીતે આપે કહેલ છે.*

*એમ કરીને તે સ્કંદક ભગવંત મહાવીરને વાંદે છે, નમે છે, પછી ઈશાન ખૂણામાં જઈ ત્રિદંડકને, કુંડિકાને યાવત્ વસ્ત્રોને એકાંતે મૂકે છે. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, આવીને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું — જરા, મરણના દુઃખથી આ લોક સળગેલો છે, વધુ સળગેલો છે, આલિત્ત-પલિત્ત છે. જેમ કોઈ ગૃહસ્થ હોય, તેનું ઘર સળગતું હોય, તે ઘરમાં તેનો બહુ મૂલ્યવાન્ પણ અલ્પ વજનવાળો સામાન હોય, તે સામાનને લઈને એકાંતમાં જાય છે, કેમકે તે વિચારે છે કે — આ મને આગળ હિત-સુખ-ક્ષેમ-કલ્યાણ અને પરંપરાએ કુશળ થશે. તેમ હે દેવાનુપ્રિય ! મારો આત્મા એક સામાનરૂપ છે, મને ઈષ્ટ-કાંત-પ્રિય-મનોજ્ઞ-મણામ-સ્થૈર્ય-વિશ્વાસપાત્ર-સંમત-બહુમત-અનુમત-ઘરેણાના કરંડીયા જેવો છે.*

*— માટે તેને ઠંડી, તાપ, ભૂખ, તરસ, ચોર-વાઘ કે સર્પ, ડાંસ-મચ્છર, વાત-પિત-સળેખમ-સંનિપાત, વિવિધ રોગાતંક, પરીષહ-ઉપસર્ગ નુકસાન ન કરે અને જો હું તેને બચાવી લઉં તો તે પરલોકમાં હિત-સુખ-ક્ષેમ-પરંપરાએ કલ્યાણરૂપ થશે.*

*તેથી હે દેવાનુપ્રિય ! હું ઈચ્છુ છું કે આપની પાસે હું સ્વયમેવ-મુંડિત થાઉં, ક્રિયા શીખું, સૂત્ર-અર્થભણું, આચાર-ગોચર-વિનય-વિનયનું ફળ-ચરણ-કરણ-સંયમ યાત્રા-સંયમ નિર્વાહક આહારના નિરૂપણને અર્થાત્ આવા પ્રકારને ધર્મને કહો.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે કાત્યાયન ગોત્રીય સ્કંદકને સ્વયમેવ દીક્ષા આપી યાવત્ ધર્મ કહ્યો. — હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે જવું - રહેવું - બેસવું - સૂવું - ખાવું - બોલવું. આ રીતે ઉઠીને પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વોને વિશે સંયમથી વર્તવું. આ બાબતે જરા પણ પ્રમાદ ન કરવો. ત્યારે તે સ્કંદક મુનિએ*

*ભગવંત મહાવીરનો આ આવા પ્રકારનો ધાર્મિક ઉપદેશ સારી રીતે સ્વીકાર્યો.*

*ભગવંતની આજ્ઞા મુજબ સ્કંદક મુનિ ચાલે છે - રહે છે - બેસે છે - સુવે છે - ખાય છે - ઉઠીને પ્રાણ, ભૂત, જીવ, સત્વોનો સંયમ પાળે છે. આ બાબતમાં જરા પણ પ્રમાદ કરતા નથી. હવે તે સ્કંદક અણગાર થયા. ઈર્યા-ભાષા-એષણા-આદાન ભાંડ માત્ર નિક્ષેપણા-ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા, મન, વચન, કાયા [એ આઠેથી] સમિત થયા. મન-વચન-કાયાથી ગુપ્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી, ત્યાગી, લજ્જાળુ, ધન્ય, ક્ષાંતિક્ષમ, જિતેન્દ્રિય, શોધક, અનિદાન, ઉતાવળરહિત, અબહિર્લેશ્ય, સુશ્રામણ્યરત, દાંત થયા અને આ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરી વિચરવા લાગ્યા.*

● **વિવેચન-૧૧૩ :-**

અહીં ધર્મકથા કહેવી. તે આ પ્રમાણે — જીવો કઈ રીતે બંધાય છે, મુકાય છે, કલેશ પામે છે, કેટલાંક અપ્રતિબદ્ધ દુઃખોનો અંત કરે છે. આર્તધ્યાનયુક્ત જીવો સંસાર સાગરમાં કેવી રીતે ભટકે છે, વૈરાગ્યવંત કર્મોને તોડી નાંખે છે, ઇત્યાદિ - x - x -

નિર્ગ્રન્થ પ્રવચન છે એમ શ્રદ્ધા કરવી. નિર્ગ્રન્થ પ્રવચનમાં પ્રીતિ-વિશ્વાસ કરું છું કે આ સત્ય છે. તેની રુચિ કરું છું, સ્વીકારું છું હવે શ્રદ્ધાન્ આદિ સંબંધે ઉલ્લેખ દર્શાવે છે - આ નિર્ગ્રન્થ પ્રવચન સામાન્યથી એ પ્રકારે છે, જેમ તમો કહો છો, વિશેષથી પણ તેમજ છે. એ સત્ય છે, સંદેહરહિત છે, ઈષ્ટ છે, મેળવવા યોગ્ય છે, ઈષ્ટ અને મેળવવા યોગ્ય છે. એમ કરીને અથવા આ બધાં પદો યથા યોગ્ય એકાર્થક અને આદર જણાવવા માટે છે.

જીવલોક-ચારે બાજુથી સળગેલો છે. વધારે સળગેલો છે. એક કાળે આદીપ્ત-પ્રદીપ્ત છે. જરા-મરણરૂપ અગ્નિ વડે સળગેલો છે... ધુંધવાતુ કે બળતું હોય ત્યારે ઓછાં ભારવાળું, આત્મા એકાંતમાં લઈ જાય છે. પહેલા કે પછી - હંમેશા, સ્થિરતાવાળો હોવાથી સ્થૈર્યરૂપ, વિશ્વાસના પ્રયોજનવાળો, તેણે કરેલ કાર્યો સંમત હોવાથી સંમત, બહુ પ્રકારે - બહુલોકો દ્વારા કે ઘણો માનેલ હોવાથી બહુમત, બગાડ કર્યા પછી પણ જેને માનવામાં આવે તે અનુમત, ઘરેણાંના ડાબલા જેવો [ધર્મ છે૦]

मा णं सीअं - અહીં मा શબ્દ નિષેધાર્થમાં છે. અહીં યથાયોગ્ય स्पृशन्तु ક્રિયાપદનો સંબંધ જોડવો. અથવા 'એ આત્માને ન સ્પર્શે એમ વ્યાખ્યા કરવી. वाल - જંગલી જાનવરો, સર્પો, रोग - લાંબો કાળ ચાલતી વ્યાધિ. आतंक - જલ્દી ઘાત કરે તે. स्पृश - સ્પર્શે, થાય. એમ વિચારીને. 'જેનું પાલન કર્યુ છે' એ અધ્યાહાર છે. તે શું? તે કહે છે — તેથી હું ઈચ્છુ છું કે ભગવંત પોતે જ મને રજોહરણાદિ રૂપ વેશ આપીને દીક્ષિત કરે. માથાનો લોચ કરવા વડે મુંડિત કરે. પડિલેહણ આદિ સર્વ ક્રિયા શીખવે. સૂત્ર-અર્થ ભણાવી શિક્ષિત કરે. શ્રુતજ્ઞાનાદિ સંબંધી અનુષ્ઠાન-કાળ, અધ્યયનાદિ આચાર, ભિક્ષાટન તે ગોચર. તે ભગવંત જ મને કહે તેમ ઈચ્છુ છું. વિનય, વૈનયિક-વિનયનું કર્મક્ષયાદિ ફળ, વ્રત આદિ ચરણ, પિંડવિશુદ્ધિ આદિ કરણ, સંયમયાત્રા, તે માટે જ





આહારયાત્રા. આવો વિનયાદિવૃત્તિક ધર્મ ભગવંત પોતે કહે.

હે દેવાનુપ્રિય ! યુગ માત્ર ભૂમિમાં દૃષ્ટિ રાખી ચાલવું, જે સ્થાને ઘણાં લોકો નીકળતા-પેસતા ન હોય, તે સ્થાને સંયમને, આત્માને, પ્રવચનને બાધા ન થાય તેમ ઉભવું, સંડાસા અને ભૂમિ પ્રમાર્જીને બેસવું, સામાયિકાદિ ઉચ્ચારણપૂર્વક સુવું, ધૂમ-અંગારાદિ દોષ ટાળીને ખાવું, મધુરાદિ ગુણયુક્ત બોલવું. પ્રમાદ અને નિદ્રા ત્યાગી જાગવું, પ્રાણ આદિના વિષયમાં રક્ષા કરવા પ્રયત્ન કરવો.

ભગવંતની પૂર્વોક્ત આજ્ઞા વડે ચાલવામાં સમિત. સારી પ્રવૃત્તિ રાખવી એ જ સમિતપણું છે. ઉપકરણો લેવા-મૂકવામાં સમિત, उच्चार० इत्यादि खेल - કંઠ, મુખનો શ્લેષ્મ, सिंधानक - નાકનો મેલ, મનની સંગત પ્રવૃત્તિને મન સમિત, મનને વશ કરનાર તે મનોગુપ્ત, મનોગુપ્તત્વાદિનો ઉપસંહાર તે गुप्त. એ જ વાતને વિશેષતાથી કહે છે — ગુપ્તઈન્દ્રિય, બ્રહ્મચર્યની ગુપ્તિપૂર્વક બ્રહ્મચર્ય પાળનાર, અસંગ, સંયમવાળો કે સરળ વ્યવહારી, ધર્મરૂપ ધનવાળો, અસમર્થતાથી નહીં પણ ક્ષમાપૂર્વક સહન કરનાર, ઈન્દ્રિય વિકાર અભાવે જિતેન્દ્રિય, પૂર્વે ગુપ્તેન્દ્રિય કહ્યું તે ઈન્દ્રિય વિકારનું ગોપનમાત્ર છે, सोहित - એટલે શોભાવાળો અથવા અતિચાર રહિતત્વ તે શોધિત, સર્વ પ્રાણીમાં મૈત્રીવાળો, નિદાન-પ્રાર્થનારહિત, ત્વરારહિત, સંયમ સિવાય બીજે મનોવૃત્તિ ન રાખનાર, સુંદર શ્રમણપણામાં લીન, ક્રોધાદિનું દમન કરનાર અથવા રાગ-દ્વેષનો અંત કરનાર. આ જ પ્રત્યક્ષ આગળ કરીને અર્થાત્ જેમ માર્ગ ન જાણનાર માર્ગજ્ઞને આગળ કરીને ચાલે તેમ.

● **સૂત્ર-૧૧૪ :-**

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર કૃતંગલા નગરીના છત્રપલાશક ચૈત્યથી નીકળીને બહારના જનપદમાં વિચરે છે.*

*ત્યારે તે સ્કંદક અણગાર, ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ૧૧-અંગોને ભણે છે. પછી જ્યાં ભગવંત મહાવીર છે, ત્યાં આવીને ભગવંતને વંદન-નમસ્કાર કરીને આમ કહ્યું — હે ભગવન્ ! આપની અનુજ્ઞા હોય તો હું માસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પ્રાપ્ત થતાં હર્ષિત થઈ યાવત્ નમીને માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરે છે. ત્યારે તે સ્કંદક અણગાર માસિકી ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર, યથાકલ્પ, યથામાર્ગ, યથાતથ્ય, સમ્યક્ પ્રકારે કાયાને સ્પર્શે છે, પાળે છે, શોભાવે છે, સમાપ્ત કરે છે, પૂર્ણ કરે છે, કીર્તન કરે છે, અનુપાલન કરે છે, આજ્ઞા વડે આરાધી, કાયા વડે સ્પર્શીને યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે.*

*— ભગવંત પાસે આવીને યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું — હે ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું દ્વિમાસિકી ભિક્ષુપ્રતિમાને સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું. - - જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. શેષ પૂર્વવત્. - - એ પ્રમાણે*

*ત્રિમાસિકી, ચઉ-પંચ-છ-સપ્ત માસિકી, પહેલી સાત રાત્રિદિવસની, બીજી-ત્રીજી સાત રાત્રિ દિવસની અહોરાત્રિદિનની, એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા આરાધી, પછી સ્કંદક મુનિ એક રાત્રિદિનની ભિક્ષુપ્રતિમાને યથાસૂત્ર યાવત્ આરાધીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવી, યાવત્ નમીને આ પ્રમાણે કહ્યું—*

*ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરવા ઈચ્છુ છું - - સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો. ત્યારે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને યાવત્ નમીને ગુણરત્ન સંવત્સર તપોકર્મ સ્વીકારીને વિચરે છે. તેમાં પહેલા માસમાં નિરંતર ચોથભક્ત કરે, દિવસે ઉત્કટુક આસને સૂર્યાભિમુખ થઈ આતાપનાભિમૂમાં આતાપના લેતા અને રાત્રે ઉઘાડા શરીરે વીરાસને બેસે. એ રીતે બીજા માસે નિરંતર છઠ્ઠ તપ કરીને, ત્રીજે માસે અઠ્ઠમના નિરંતર તપથી, ચાથે માસે ચાર-ચાર ઉપવાસ વડે, પાંચમાં માસે પાંચ-પાંચ ઉપવાસથી, છઠ્ઠે-છ-છ, સાતમે સાત-સાત, આઠમે આઠ-આઠ - x - યાવત્ - x - સોળમે માસે નિરંતર સોળ-સોળ ઉપવાસ કરતાં, ઉત્કટુક આસને બેસી, સૂર્યાભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતા, રાત્રે અપ્રાવૃત્ત થઈ વીરાસને બેસી, તે સ્કંદક અણગારે ગુણરત્નસંવત્સર તપોકર્મની યથાસૂત્ર, યથાકલ્પ યાવત્ આરાધના કરી, જ્યાં ભગવંત મહાવીર હતા ત્યાં આવ્યા. આવી વાંદી-નમીને ઘણાં ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, ચાર-પાંચ ઉપવાસ વડે, માસક્ષમણ, અર્ધમાસક્ષમણરૂપ વિચિત્ર તપથી આત્માને ભાવના વિચરે છે.*

*ત્યારપછી તે સ્કંદક અણગાર તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત, કલ્યાણ, શિવ, ધન્ય, મંગલ, શોભાયુક્ત, ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, ઉદાર, મહાનુભાગ તપોકર્મથી શુષ્ક, રૂક્ષ, નિર્માંસ, અસ્થિચર્માવૃત્ત, ચાલતા હાડકાં ખખડે તેવા, કૃશ, શરીરની નાડી દેખાતી હોય તેવા થયા. પોતાના આત્મબળ માત્રથી - ચાલે છે, ઉભે છે, બોલ્યા પછી-બોલતાં અને બોલવાનું થશે તેમ વિચારતા પણ ગ્લાનિ પામે છે.*

*જેમ કોઈ લાકડા કે પાંદડા કે તલ, સામાન કે એરંડના લાકડા કે કોલસાની ભરેલ ગાડી હોય, તે બધી ધૂપમાં સારી રીતે સુકવી ઢસડતા અવાજ કરતી - જાય છે, ઉભી રહે છે, તેમ સ્કંદક અણગાર ચાલે કે ઉભે ત્યારે અવાજ થાય છે. તેઓ તપથી પુષ્ટ છે, પણ માંસ અને લોહીથી ક્ષીણ છે. રાખના ઢેરમાં દબાયેલ અગ્નિ માફક, તપ અને તેજથી તથા તપ-તેજરૂપ લક્ષ્મીથી અતિ શોભી રહ્યા છે.*

**● વિવેચન-૧૧૪ :-**

૧૧-અંગોને ભણે છે, એમ કહ્યું. [શંકા] સ્કંદકે દીક્ષા લીધા પૂર્વે જ ૧૧-અંગો રચાયેલા હોય. તો આ પાંચમાં અંગમાં સ્કંદક ચરિત્ર જોવા મળે છે, તે કઈ રીતે સંભવે ? - - ભગવંત મહાવીરના તીર્થમાં નવ વાચના થઈ, તે બધી વાચનામાં સ્કંદક ચરિત્રની પહેલા થયેલ સ્કંદક ચરિત્રના જેવી અનેક વાતો આવે છે. તે બધી કોઈના



ચરિત્ર દ્વારા જણાવાય છે. સ્કંદક ચરિત્રની ઉત્પત્તિ પછી સુધર્માસ્વામી જંબૂ નામક સ્વશિષ્યને આશ્રીને સ્કંદકના ચરિત્રનો આધાર લઈ કહે છે, તેથી તેમાં વિરોધ નથી અથવા ગણધરો અતિશય જ્ઞાનયુક્ત હોય છે, માટે ભાવિ ચરિત્રની વાત કહે તો તેમાં કોઈ દોષ નથી. - x -

માસિકી-એક મહિના સુધી, સાધુને ઉચિત અભિગ્રહ વિશેષ. તેનું સ્વરૂપ આ છે — ગચ્છથી નીકળીને માસિકી મહાપ્રતિમા સ્વીકારે છે. એક માસ સુધી તેમાં ભોજન-પાણીની એક દત્તિ લે છે [શંકા] સ્કંદક ૧૧-અંગ ભણ્યા તેમ કહ્યું, પ્રતિમા તો વિશિષ્ટ શ્રુતવાન્ જ કરે છે. કહ્યું છે — ગચ્છમાં રહીને પ્રતિમા કરનારને કંઈક ન્યૂન દશ પૂર્વ અથવા જઘન્યથી નવમાં પૂર્વની ત્રીજી વસ્તુ સુધીનું જ્ઞાન હોવું જોઈએ. તો અહીં વિરોધ કેમ નથી ? - - આ શ્રુત-નિયમ બીજા પુરુષો માટે છે, સ્કંદકે સર્વજ્ઞ ભગવંતના ઉપદેશથી આરાધેલ હોવાથી કોઈ દોષ નથી.

સામાન્ય સૂત્રમાં કહ્યા મુજબ, પ્રતિમાના કલ્પમાં કહ્યા મુજબ, જ્ઞાનાદિ મોક્ષમાર્ગને અતિક્રમ્યા વિના અથવા ક્ષાયોપશમિક ભાવ મુજબ, તત્ત્વ પ્રમાણે અર્થાત્ શબ્દના અર્થ મુજબ, સમભાવપૂર્વક, માત્ર મનોરથ કરીને નહીં, ઉચિત સમયે વિધિપૂર્વક ગ્રહણ કરીને, વારંવાર ઉપયોગપૂર્વક સાવધાન રહીને, પારણાદિને ગુરુ આદિથી દેવાયેલ શેષ ભોજન કરવાથી શોભાવે છે અથવા અતિચારરૂપ કાદવ ધોઈ નાખવાથી, પૂર્ણ થયા પછી પણ તેની અવધિથી થોડો વધુ કાળ રહીને, અવધિ પૂર્ણ થયા પછી, તે સંબંધી કાર્યોનું પરિમાણ પૂરું કરે, પારણા દિને આ-આ કાર્ય છે અને તે મેં કર્યુ છે - એમ કીર્તન કરે છે. તેની સમાપ્તિ થતાં, તેની અનુમોદના કરે, અર્થાત્ આજ્ઞાપૂર્વક આરાધે છે. એ પ્રમાણ સાતમી પ્રતિમા સાત માસ આરાધે છે. પછી આઠમી-પહેલા સાત રાત્રિદિવસ, એ પ્રમાણે નવમી અને દશમી છે. આ ત્રણેમાં નિર્જળ ઉપવાસ છે, માત્ર બેસવાના આસનો જુદાં જુદાં છે. અગિયારમી અહોરાત્ર પ્રમાણ છે. તેમાં છઠ્ઠ કરવાનો છે, બારમી પ્રતિમા એકરાત્રિકી છે, તેમાં અઠ્ઠમ કરવાનો હોય છે.

જે તપમાં ૧૬ માસ સુધી એક પ્રકારે નિર્જરારૂપ ગુણોની રચના થાય, તે તપ ગુણરત્નસંવત્સર તપ. ગુણો જ રત્નરૂપ જેમાં છે, તે ગુણરત્ન સંવત્સર તપ. તેમાં ૧૩-માસ, ૧૭-દિવસનો તપ કાળ છે અને ૭૩ દિવસ પારણા આવે છે. તે આ પ્રમાણે — સોળ માસમાં - અનુક્રમે [એક-એક માસમાં] - પંદર, વીશ, ચોવીશ, ચોવીશ, પચ્ચીશ, ચોવીશ, એકવીશ, ચોવીશ, સત્તાવીશ, ત્રીશ, તેત્રીશ, ચોવીશ, છવ્વીશ, અટ્ઠાવીશ, ત્રીશ અને બત્રીશ દિવસ તપના તથા ૧૫, ૧૦, ૮, ૬, ૫, ૪, ૩, ૩, ૩, ૩, ૩, ૨, ૨, ૨, ૨, ૨ એ પારણાના દિવસો છે.

જે માસમાં અઠ્ઠમાદિ તપ જેટલા દિવસોમાં પૂરો ન થાય, તેટલા આગળના માસના ખેંચીને તેમાં ઉમેરવા અને અધિક હોય તો પછીના માસમાં મેળવી દેવા. તેથી અહીં ૩૩ કે ૩૨ દિવસોનો તપ કોઈ માસમાં કહ્યો છે. चतुर्थभक्त - ચોથાટંક સુધી ભોજનનો જેમાં ત્યાગ થાય તે અથવા ઉપવાસ, એ રીતે બે ઉપવાસાદિ જાણવા. તે વિસામો લીધા વિના, दिय - દિવસે, उत्कुटुकासन - ઉભડક પગે બેસે પણ નિતંબને

જમીને અડકવા ન દે તે. वीरासन - કોઈ એક મનુષ્ય સિંહાસને બેઠો હોય, તેના પગ નીચે હોય, સિંહાસન ખેંચી લીધા પછી જે આસન થાય તે. अवाउड - પ્રાવરણના અભાવે.

उदार - આશારહિત કે પ્રધાન, પ્રધાન દ્રવ્ય અલ્પ પણ હોય, માટે કહે છે — ઘણાં દિવસને કારણે વિસ્તીર્ણ, વિપુલ તપ પણ ગુરુની અનુમતિ સિવાય કે અપ્રયત્નકૃત્ હોય, તેથી કહ્યું ગુરુ દ્વારા આજ્ઞા પ્રદત્ત અથવા પ્રમાદ છોડીને પ્રયત્નપૂર્વક. આવું તપ પણ સાધારણ રીતે સ્વીકાર્યુ હોય, તેથી કહ્યું — ઘણાં માનપૂર્વક આશ્રિત તથા નિરોગતાનું કારણ, કલ્યાણનો હેતુ, ધર્મધનમાં સાધુભૂત, પાપશમનમાં નિમિત્ત, સમ્યક્ પાલનથી શોભતું, ઉત્તરોત્તર વૃદ્ધિવાળું, ઉન્નત્ત ભાવવાળું, અજ્ઞાનરહિત અર્થાત્ જ્ઞાનયુક્ત, ઉત્તમ પુરુષે સેવેલ હોવાથી ઉત્તમ, નિસ્પૃહત્વથી ઉદાર, મહાપ્રભાવી.

આવા તપથી સ્કંદક મુનિ નીરસ શરીરત્વથી સુકાઈ ગયા, ભુખના વશથી રુક્ષ થઈ ગયા. ચામડીથી ઢંકાયેલા હાડકાંવાળા થયા, આવા માત્ર હાડકાંના ખોખાને કારણે બેસતા, ઉઠતા આદિમાં જે અવાજ થાય તે ખટ્ ખટ્ કે એવો કોઈ અવાજ થતો હતો. દુર્બળ, માંસ ક્ષય થવાથી માત્ર ધમનીઓ દેખાતી હતી. શરીરબળથી નહીં પણ જીવ બળથી જ ચાલતા હતા. બોલવા સંબંધી ત્રણે કાળમાં ગ્લાનિ પામે છે.

જેમકે કોઈ લાકડાથી ભરેલ ગાડી, પલાશાદિ પાનથી ભરેલ ગાડી, પાંદળાવાળા તલના ઝાડવાથી અને માટીના વાસણોથી ભરેલ ગાડી, એરંડાના લાકડાથી બનેલ કે ભરેલ ગાડી, અંગારાથી ભરેલ ગાડી, તડકે મૂકેલી અને સૂકવેલી કેમકે લીલા લાકડા હોય તો સૂકવવા પડે - - રાખમાં ભરેલ અગ્નિની માફક તે સ્કંદક અણગાર તપરૂપ તેજ વડે દેદીપ્યમાન છે. સ્કંદક મુનિનું શરીર બહારથી માંસ, લોહી વિહિન હોવા છતાં અંદરથી જાજ્વલ્યમાન લાગે છે.

ઉક્ત વાતને ફરી કહે છે —

● **સૂત્ર-૧૧૫ :-**

***તે કાળે તે સમયે રાજગૃહનગરમાં સમવસરણ થયું, યાવત્ પર્ષદા પાછી ગઈ. ત્યારે તે સ્કંદક અણગાર અન્યદા ક્યારેક રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકાથી જાગતા હતા ત્યારે તેમના મનમાં આવો સંકલ્પ યાવત્ થયો કે — હું આ ઉદાર તપકર્મથી યાવત્ બધી નાડીઓ બહાર દેખાય છે, આત્મબળથી જ ચાલુ છું, ઉભું છું યાવત્ ગ્લાન છું એમ જ ચાલુ કે ઉભું ત્યારે કડકડ અવાજ થાય છે. તો જ્યાં સુધી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે, જ્યાં સુધી મારા ધર્માચાર્ય ધર્મોપદેશક-શ્રમણ ભગવંત મહાવીર, જિન, સુહસ્તી વિચરે છે, ત્યાં સુધીમાં મારા માટે શ્રેયસ્કર છે કે આવતીકાલે પ્રકાશવાળી રાત્રિ થયા પછી, કોમળ કમળ ખીલ્યા પછી, પાંડુર પ્રભાત થયા પછી, રાતા અશોક જેવા પ્રકાશવાળો, કેસુડા-પોપટની ચાંચ-ચણોઠીનો અર્ધભાગ સદૃશ, કમળના સમૂહને વિકસાવનાર, સહસ્રરશ્મિ, તેજથી ઝળહળતો સૂર્ય ઉગે ત્યારે શ્રમણ ભગવંત મહાવીરને વંદીને યાવત્ પર્યુપાસીને, ભગવંત મહાવીરની અનુજ્ઞા મેળવીને સ્વયમેવ***



***પાંચ મહાવ્રત આરોપી, શ્રમણ-શ્રમણીઓને ખમાવી તથારૂપ સ્થવિરો સાથે વિપુલ પર્વત ઉપર ધીમે-ધીમે ચડીને મેઘના સમૂહ જેવા, દેવોને ઉતરવાના સ્થાનરૂપ પૃથ્વીશિલાપટ્ટકનું પડિલેહણ કરીને, દર્ભનો સંથારો, આત્માને સંલેહણા-જોષણાથી યુક્ત કરી, ભોજન-પાનનો ત્યાગ કરી, વૃક્ષ બેઠે સ્થિર થઈ, કાળની આકાંક્ષા કર્યા વિના વિચરવું જોઈએ. એ પ્રમાણે વિચારી, પ્રાતઃકાળ થયા પછી યાવત્ સૂર્ય ઉગ્યા પછી જ્યાં ભગવંત મહાવીર છે યાવત્ ત્યાં જઈ તેઓની પર્યુપાસના કરે છે.***

***હે સ્કંદક! એમ કહી, શ્રમણ ભગવંત મહાવીર સ્કંદક અણગારને આમ કહ્યું — હે સ્કંદક! શું રાત્રિના પાછલા પ્રહરે ધર્મ જાગરિકા કરતા યાવત્ તને આવો સંકલ્પ થયેલો કે — હું આવા પ્રકારના ઉદાર વિપુલ આદિ પૂર્વવત્ યાવત્ કાળની આકાંક્ષા ન કરતાં વિચરું અને એમ વિચારીને યાવત્ સૂર્ય ઉગ્યા પછી, તું જલ્દી આવેલ છે. હે સ્કંદક! આ વાત યોગ્ય છે? - હા, છે - સુખ ઉપજે તેમ કરો૦.***

● **વિવેચન-૧૧૫ :-**

રાત્રિનો પૂર્વ ભાગ, રાત્રિનો પશ્ચિમ ભાગ તેવા લક્ષણવાળો કાળ-સમય, તેમાં અથવા પૂર્વરાત્ર-અપરરાત્રકાળ સમય. તેમાં ધર્મજાગરણ કરતાં, મારા ઉત્થાનાદિ સર્વથા ક્ષીણ થયા નથી, તે જ્યાં સુધી મારામાં છે. सुहत्थि - શુભાર્થી - ભવ્યોને લાભ દે છે અથવા પુરુષવરગંધહસ્તિ છે એવા ભગવંતની સાક્ષીએ અનશનવિધિ કરું તો મહાફળદાયી થશે, આ અભિપ્રાયથી ભગવંતના નિર્વાણ પછી મને શોક-દુઃખ ન થાય તે માટે અનશન કરવા વિચાર્યુ. કાલે પ્રકાશથી રાત્રિ ઉજળી થયા પછી વિકસેલ ઉત્પલની પાંખડીઓ, એક પ્રકારના હરણની આંખો ઉઘડ્યા પછી, ધોળું પ્રભાત થયા પછી, રાતા અશોક જેવા-કે સુડો-પોપટની ચાંચ-ચણોઠીનો અર્ધભાગ જેવો લાલ, દ્રહમાં રહેલ કમલિનીના ખંડોને વિકસિત કરનાર, સૂર્ય ઉગ્યા પછી ઇત્યાદિ. જેઓ પડિલેહણાદિ ક્રિયામાં કુશળ છે, પ્રિયધર્મી અને દૃઢધર્મી છે, તેઓની સાથે વિપુલ નામના પર્વત ઉપર, ઘનમેઘ સદૃશ અર્થાત્ કાળી, જેની સુંદરતાથી જ્યાં દેવો આવે છે એવી પૃથ્વીશિલા ઉપર, કાષ્ઠશિલા પણ શિલા કહેવાય તેથી તેનો વિચ્છેદ કરી પૃથ્વી લીધી. જેનાથી કૃશ થવાય તે સંલેખના-એક તપ, जोषणा - સેવા, जुष्ट - સેવિત. તે તપ સેવાથી ક્ષપિત થયેલ. ભોજન-પાનના પચ્ચક્ખાણ કરીને, काल - મરણ. એવું લક્ષ્ય રાખીને—

● **સૂત્ર-૧૧૬,૧૧૭ :-**

***[૧૧૬] પછી તે સ્કંદક અણગાર શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને હૃષ્ટ-તુષ્ટ થઈ યાવત્ વિકસિત હૃદય થઈને ઉભા થયા. થઈને ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરીને યાવત્ નમીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપે છે. પછી શ્રમણો-શ્રમણીઓને ખમાવે છે પછી તથારૂપ યોગ્ય સ્થવિરો સાથે ધીમે ધીમે વિપુલ પર્વતે ચડે છે, મેઘઘન સદૃશ, દેવના રહેઠાણરૂપ પૃથ્વીશિલા પટ્ટકને પડિલેહે છે. પછી ઉચ્ચાર-પ્રસ્રવણભૂમિ પડિલેહે છે, દર્ભનો સંથારો પાથરે છે. પૂર્વ દિશાભિમુખ રહીને પર્યંકાસને બેસીને, દશ નખ સહિત***

*બંને હાથ જોડી, મસ્તકે અંજલિ જોડી આમ બોલે છે —*

*અરહંત ભગવંતોને યાવત્ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. અચળ સ્થાનને પામવાની ઈચ્છાવાળા શ્રમણ ભગવંત મહાવીરને નમસ્કાર થાઓ, ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો હું વાંદુ છું, ત્યાં રહેલ ભગવંત મને જુઓ. એમ કરી વાંદી, નમીને આમ બોલ્યા—*

*પૂર્વે પણ મેં શ્રમણ ભગવંત મહાવીરની પાસે સર્વે હિંસાના પચ્ચક્ખાણ યાવજ્જીવ માટે કર્યા છે - યાવત્ - મિથ્યાદર્શનશલ્યના પચ્ચક્ખાણ કર્યા છે. હાલ પણ હું ભગવંત પાસે સર્વ પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યનો જાવજ્જીવ માટે ત્યાગ કરું છું. તથા સર્વે અશન-પાનાદિ ચાર આહારના પણ જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ કરું છું. વળી જ્યાં સુધી આ શરીર ઈષ્ટ, કાંત, પ્રિય યાવત્ સ્પર્શ છે તેને પણ મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસિરાવું છું. એમ કરી સંલેખના, ઝૂષણા કરી, ભોજન-પાનનો ત્યાગ કર્યો, વૃક્ષની પેઠે સ્થિર થઈને કાળની આકાંક્ષા ન કરતા વિચરે છે.*

*હવે તે સ્કંદક અણગાર ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિકાદિ અગિયાર અંગોને ભણીને પ્રતિપૂર્ણ બાર વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખનામાં આત્માને જોડીને ૬૦ ભક્ત અનશનને છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, અનુક્રમે કાળધર્મને પામ્યા.*

*[૧૧૭] ત્યારે તે સ્થવિર ભગવંતો સ્કંદક અણગારને કાળધર્મ પામેલા જાણીને પરિનિર્વાણ નિમિત્તે કાયોત્સર્ગ કર્યો, કરીને તેમના વસ્ત્ર, પાત્ર ગ્રહણ કર્યા. વિપુલ પર્વત ઉપરથી ધીમે ધીમે ઉતર્યા. ઉતરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને ભગવંતને વંદન, નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું — એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક નામે અણગાર, જે પ્રકૃતિથી - ભદ્રક, વિનીત, ઉપશાંત, પાતળા ક્રોધ માન માયા લોભવાળા, મૃદુ-માર્દવતા સંપન્ન, આલીન, ભદ્રક, વિનીત, તે આપ દેવાનુપ્રિયની અનુજ્ઞા પામીને સ્વયમેવ પાંચ મહાવ્રત આરોપીને, શ્રમણ-શ્રમણીઓને ખમાવીને, અમારી સાથે વિપુલ પર્વતે ચડ્યા ઇત્યાદિ - યાવત્ - અનુક્રમે કાળધર્મ પામ્યા. આ તેમના વસ્ત્ર-પાત્રો છે.*

*ભગવન્ ! એમ કહી ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું — આપ દેવાનુપ્રિયનો શિષ્ય સ્કંદક અણગાર મૃત્યુ અવસરે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ? શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમાદિને આમ કહ્યું — હે ગૌતમ ! મારો શિષ્ય સ્કંદક અણગાર, જે પ્રકૃતિભદ્રક હતો યાવત્ મારી આજ્ઞાથી સ્વયમેવ પંચમહાવ્રત ઉચ્ચરીને ઇત્યાદિ પૂર્વવત્ જાણવું યાવત્ આલોચના, પ્રતિક્રમણ કરીને, સમાધિ પ્રાપ્ત થઈ, મૃત્યુવેળા કાળ કરીને અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની ૨૨-સાગરોપમ સ્થિતિ છે, ત્યાં સ્કંદક દેવની પણ ૨૨-સાગરોપમ સ્થિતિ છે. - - ભગવન્ ! સ્કંદક દેવ, તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય કરીને અનંતર ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત-દુઃખાંતકર થશે.*



● **વિવેચન-૧૧૬,૧૧૭ :-**

પૂર્વે કહ્યું તે સંગત છે કે અસંગત એમ પર્યાલોચે છે. પાદપોપગમન પૂર્વે લઘુશંકાદિની જરૂર રહે, માટે ઉચ્ચારભૂમિ પડિલેહણ કરવું નિરર્થક નથી. પદ્માસને બેસેલ. માથા સાથે ન અડકેલ કે માથામાં આવર્તવાળું - તેને. સાઈઠ ટંક જમ્યા સિવાય-રોજ બે ટંકનો ત્યાગ ગણતા ૩૦ દિવસે ૬૦ ટંક થાય. ગુરુએ કહેલ જે અતિચાર, તેને ન કરનાર અથવા આલોચના દાનથી આલોચિત, મિથ્યાદુષ્કૃત દાનથી પ્રતિક્રાંત તે. પરિનિર્વાણ એટલે મરણ અથવા શરીરને પરઠવવું તે, તે હેતુથી. કઈ ગતિમાં ગયા ? કયા દેવલોકાદિમાં ઉત્પન્ન થયા ? આયુકર્મના દલિકો નિર્જરવાથી, દેવભવના કારણભૂત-ગત્યાદિ કર્મો નિર્જરવાથી, આયુકર્મની સ્થિતિના વેદનથી, ચ્યવીને. - x - x -

**શતક-૨, ઉદ્દેશો-૧, ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૨ "સમુદ્ઘાત" ❀

— x — x — x — x — x —

૦ હવે બીજો ઉદ્દેશો આરંભે છે. તેના સંબંધ આ છે - પૂર્વે કહેલું કે કયા મરણે મરતા જીવનો સંસાર વધે ? મરણ બે ભેદે મારણાંતિક સમુદ્ઘાતથી અને મારણાંતિક સમુદ્ઘાત સિવાય. અહીં સમુદ્ઘાતનું સ્વરૂપ કહીએ છીએ. આ સંબંધે આવેલ પહેલું સૂત્ર—

● **સૂત્ર-૧૧૮ :-**

*ભગવન્ ! સમુદ્ઘાતો કેટલા કહ્યા ? ગૌતમ ! સાત. તે આ — વેદના સમુદ્ઘાતાદિ. અહીં છાદ્મસ્થિક સમુદ્ઘાત સિવાયનું સમુદ્ઘાત પદ કહેવું. યાવત્ વૈમાનિક. કષાય સમુદ્ઘાતનું અલ્પબહુત્વ. - - ભગવન્ ! ભાવિતાત્મા અણગારને કેવલિસમુદ્ઘાત યાવત્ ભાવિકાળમાં શાશ્વત રહે છે ? - સમુદ્ઘાત પદ કહેવું.*

● **વિવેચન-૧૧૮ :-**

સમુદ્ઘાત શું છે ? સમ્ - એકમેક થવું, ઉત્ - પ્રબળતાથી, ઘાત - હણવું. એકીભાવથી પ્રબળતાથી હનન. કોની સાથે એકીભાવ ? જેમ કોઈ જીવ વેદનાદિ સમુદ્ઘાતવાળો હોય, તો વેદનાદિ અનુભવ જ્ઞાનની સાથે એકીભાવ થાય છે. પ્રબળતાથી ઘાત કઈ રીતે ? જેથી વેદનાદિ સમુદ્ઘાત પરિણત, ઘણા વેદનિયાદિ કર્મપ્રદેશોને જે કાળાંતરે વેદવા યોગ્ય છે, તેને ઉદીરણાકરણથી ખેંચી ઉદયમાં લાવીને આત્મ પ્રદેશોથી જુદા કરે તે. વેદનાદિ સમુદ્ઘાત પ્રજ્ઞાપનામાં જોવા. તેમાં "છાદ્મસ્થિક સમુદ્ઘાત કેટલા કહ્યા છે ?" ઇત્યાદિ સૂત્રો વર્જવા.

સમુદ્ઘાત પદ પ્રજ્ઞાપનામાં ૩૬મું છે. તે આ પ્રમાણે — ભગવન્! સમુદ્ઘાતો

કેટલા કહ્યાં? ગૌતમ! સાત. તે આ - વેદના, કષાય ઇત્યાદિ. અહીં સંગ્રહગાથા છે — વેદના, કષાય, મરણ, વૈક્રિય, તૈજસ, આહાર અને કેવલી, જીવ અને મનુષ્યોને આ સાત હોય છે - x - વેદના સમુદ્ઘાતવાળો વેદનીયકર્મ પુદ્ગલોને ખેરવે છે, કષાય સમુદ્ઘાતથી કષાય પુદ્ગલોને, મારણાંતિક સમુદ્ઘાતથી આયુકર્મના પુદ્ગલોને, વૈક્રિય સમુદ્ઘાતવાળો પોતાના પ્રદેશોને શરીરથી બહાર કાઢી શરીરની જાડાઈ-પહોળાઈ પ્રમાણે સંખ્યાત યોજન લાંબો દંડ બહાર કાઢે છે. કાઢીને પૂર્વબદ્ધ સ્થૂળ વૈક્રિય શરીર નામ કર્મ પુદ્ગલોનો નાશ કરે છે, સૂક્ષ્મ પુદ્ગલોને લે છે. - x - આ રીતે તૈજસ, આહારક સમુદ્ઘાતની પણ વ્યાખ્યા કરવી. કેવલી સમુદ્ઘાતવાળા કેવલી વેદનીયાદિ કર્મપુદ્ગલોને ખેરવે છે. આ સર્વે સમુદ્ઘાતોમાં શરીરથી જીવપ્રદેશોનું નિર્ગમન થાય, બધાંનું કાળમાન અંતર્મુહૂર્ત છે. માત્ર કેવલિ સમુદ્ઘાત આઠ સમયનો છે. એકથી ચાર ઈન્દ્રિયોવાળાને પહેલાં ત્રણ સમુદ્ઘાત, વાયુકાય અને નારકીને ચાર, દેવો અને પંચેન્દ્રિય તિર્યંચોને પાંચ અને મનુષ્યોને સાતે સમુદ્ઘાત હોય છે.

**શતક-૨, ઉદ્દેશો-૨, નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૩ - 'પૃથ્વી' ❀

-- x -- x -- x -- x --

૦ હવે ત્રીજો ઉદ્દેશો આરંભે છે. તેનો સંબંધ આ છે - બીજામાં સમુદ્ઘાત કહ્યો. તેમાં મારણાંતિક સમુદ્ઘાતવાળા કેટલાંક 'પૃથ્વી'માં ઉત્પન્ન થાય છે. તેથી અહીં ''પૃથ્વી''ને કહે છે. એ સંબંધે આવેલ સૂત્ર—

● **સૂત્ર-૧૧૯ થી ૧૨૧ :-**

***[૧૧૯] ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? જીવાભિગમમાં કહેલો નૈરયિકોનો બીજો ઉદ્દેશો જાણવો... [૧૨૦] પૃથ્વી, નરકાવાસનું અંતર, સંસ્થાન, બાહલ્ય, વિષ્કંભ, પરિક્ષેપ, વર્ણ, ગંધ અને સ્પર્શ. [યાવત્]***

***[૧૨૧] શું સર્વે પ્રાણો ઉપપન્નપૂર્વ છે ? હા, ગૌતમ ! [સર્વે જીવો રત્નપ્રભામાં] અનેકવાર કે અનંતવાર ઉત્પન્ન થઈ ચૂક્યા છે.***

● **વિવેચન-૧૧૯ થી ૧૨૧ :-**

જીવાભિગમ સૂત્રમાં નારક સંબંધી બીજા ઉદ્દેશકની અર્થ સંગ્રહ ગાથા - પુઢવી ઓગાહિત્તા૦ સૂત્ર પુસ્તકમાં ગાથાનો પૂર્વાર્ધ જ લખ્યો છે. શેષ વિવક્ષિત અર્થોને 'યાવત્' શબ્દથી સૂચવેલ છે. તેમાં પૃથ્વીઓ - ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! રત્નપ્રભાદિ-૭. પૃથ્વીને આશ્રીને કેટલે દૂર નારકો છે ? ૧,૮૦,૦૦૦ યોજન જાડી રત્નપ્રભામાં ઉપર-નીચેના એક-એક હજાર યોજન છોડીને વચ્ચે ૩૦ લાખ નરકાવાસો છે. એ રીતે શર્કરાપ્રભાદિમાં યથાયોગ્ય જાણવું.

નરકોનું સંસ્થાન કહેવું. તેમાં જે આવલિકાપ્રવિષ્ટ છે તે ગોળ, ચોરસ, ત્રિકોણ છે, બીજાના વિવિધ સંસ્થાન છે. નરકોની જાડાઈ કહેવી. તે ૩૦૦૦ યોજન છે. કઈ



રીતે? નીચે ૧૦૦૦, મધ્યે ૧૦૦૦ યોજન શુષિર, ઉપર ૧૦૦૦ સંકુચિત. વિષ્કંભ-પરિક્ષેપ. સંખ્યાતયોજન વિસ્તૃત પૃથ્વીનો લંબાઈ-પહોળાઈ-ઘેરાવો સંખ્યાત યોજન છે. બીજી પૃથ્વીઓનો જુદી રીતે છે. વર્ણાદિ અત્યંત અનિષ્ટ છે, આદિ. આ ઉદ્દેશાના અંત સુધી ઘણી વક્તવ્યતા છે. શું સર્વે જીવો રત્નપ્રભાના ૩૦-લાખ નરકાવાસોમાં સર્વે જીવો પૂર્વે આવેલા છે? — અનેક વખત, બે-ત્રણ વખતને પણ અનેક કહેવાય, તેથી અતિ બાહુલ્ય જણાવવા કહે છે — અથવા અનંતવાર [જીવો અહીં ઉત્પન્ન થયા છે.]

**શતક-૨, ઉદ્દેશા-૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૪-''ઈન્દ્રિય'' ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૩માં નારકો કહ્યા. તે પંચેન્દ્રિય છે, માટે ઈન્દ્રિયો કહે છે—

● **સૂત્ર-૧૨૨ :-**

***ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! પાંચ. પહેલો ઈન્દ્રિય ઉદ્દેશો કહેવો. સંસ્થાન, જાડાઈ, પહોળાઈ યાવત્ અલોક.***

● **વિવેચન-૧૨૨ :-**

પ્રજ્ઞાપના સૂત્રમાં ''ઈન્દ્રિય''નામે ૧૫-માં પદનો ઉદ્દેશો-૧-કહેવો. તેમાં દ્વાર ગાથા - સંસ્થાન, જાડાઈ, પહોળાઈ, કેટલા પ્રદેશ અવગાઢ, અલ્પબહુત્વ, સ્પૃષ્ટ-પ્રવિષ્ટ, વિષય, અણગાર, આહાર. સૂત્ર પુસ્તકમાં ત્રણ દ્વાર જ લખ્યા છે. બાકીના યાવત્ શબ્દથી કહ્યા છે તેમાં (૧) સંસ્થાન-જેમકે શ્રોત્રેન્દ્રિય-કદંબ પુષ્પ સંસ્થિત છે, ચક્ષુ ઈન્દ્રિય-મસુર કે ચંદ્ર જેવો, અહીં મસૂર એટલે એક આસન કે ધાન્ય. ઘ્રાણેન્દ્રિય-અતિમુક્તક ચંદ્ર સંસ્થિત - એક જાતના ફૂલની પાંખડી. રસનેન્દ્રિય - અસ્ત્રા જેવી, સ્પર્શનેન્દ્રિય - વિવિધ આકારે છે.

(૨) બાહલ્ય - બધી ઈન્દ્રિયો અંગુલના અસંખ્યાત ભાગ જેટલી જાડી છે. (૩) પૃથુત્વ — શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ અંગુલના અસંખ્યાત ભાગ અને જિહ્વેન્દ્રિય અંગુલ પૃથકત્વ, સ્પર્શનેન્દ્રિય શરીર પ્રમાણ પહોળી છે. (૪) પાંચે અનંત પ્રદેશ નિષ્પન્ન છે, (૫) અસંખ્ય પ્રદેશાવગાઢ છે. (૬) અલ્પ બહુત્વ - સૌથી થોડો ચક્ષુનો અવગાહ, શ્રોત્ર-ઘ્રાણ-રસના ઈન્દ્રિય અનુક્રમે સંખ્યાત ગુણ, તેનાથી સ્પર્શના અસંખ્યાત ગુણ છે. (૭) સ્પૃષ્ટ પ્રવિષ્ટ - ચક્ષુ સિવાયની શ્રોત્રાદિ સ્પૃષ્ટ અને પ્રવિષ્ટ અર્થને ગ્રહણ કરે છે. (૮) વિષય - બધી જઘન્યથી અંગુલનો અસંખ્યાત ભાગ વિષય, ઉત્કર્ષથી શ્રોત્રનો ૧૨-યોજન, ચક્ષુનો આધિક લાખ યોજન, બાકીનીનો નવ યોજન છે. (૯) અણગાર - સમુદ્ઘાત કરતા અણગારના જે નિર્જરા પુદ્ગલો, તેને છદ્મસ્થ મનુષ્યો ન જોઈ શકે. (૧૦) આહાર - નારકો આદિ તે નિર્જરા પુદ્ગલોને જાણી કે જોઈ ન શકે. પણ ખાય છે. ઇત્યાદિ ઘણું કહેવાનું છે. ઉદ્દેશકને અંતે શું છે ?

'અલોક' સૂત્રાન્તે છે. ભગવન્ ! અલોકને કોણ અડકેલ છે ? કેટલા કાયો અડકેલા છે ? અલોકને આકાશાસ્તિકાયના દેશ, પ્રદેશ અડકેલાં છે. તેને પૃથ્વી-

કાય યાવત્ અદ્ધા સમય સ્પૃષ્ટ નથી, તે એક અગુરુલઘુરૂપ અજીવદ્રવ્ય દેશ છે. અનંત અગુરુલઘુ ગુણોથી સંયુક્ત છે, અનંત ભાગ ઉણ સર્વાકાશરૂપ છે. ઇત્યાદિ - x - x -

શતક-૨, ઉદ્દેશો-૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૨, ઉદ્દેશો-૫-અન્યતીર્થિક ❀

-- x -- x -- x -- x --

૦ ઇન્દ્રિયો કહી, તેના વશથી પરિચારણા થાય, તેથી કહે છે—

● સૂત્ર-૧૨૩ :-

*ભગવન્! અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે, ભાખે છે, જણાવે છે અને પ્રરૂપે છે કે — નિર્ગ્રન્થ, મર્યા પછી દેવ થાય અને તે ત્યાં બીજા દેવો કે બીજા દેવોની દેવી સાથે આલિંગન કરીને પરિચારણા કરતા નથી. પોતાની દેવીઓને વશ કરી પરિચારણા કરતા નથી. પણ પોતે જ પોતાને વિકુર્વીને પરિચારણા કરે છે. એ રીતે એક જીવ એક જ સમયે બે વેદને વેદે છે - સ્ત્રીવેદ અને પુરુષવેદ. એ પ્રમાણે પરતીર્થિક વક્તવ્યતા કહેવી. યાવત્ સ્ત્રીવેદ, પુરુષવેદ. ભગવન્! એ કેમ બને?*

*ગૌતમ! જે અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે - યાવત્ - સ્ત્રીવેદ અને પુરુષવેદ. તેઓનું એ કથન ખોટું છે. ગૌતમ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપું છે કે - નિર્ગ્રન્થ મર્યા પછી કોઈ એક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. જે મોટી ઋદ્ધિ યાવત્ મોટા પ્રભાવવાળા છે, દૂરગતિક અને ચિરસ્થિતિક છે. તે સાધુ ત્યાં મહર્દ્ધિક યાવત્ દશ દિશા અજવાળતો, શોભાવતો યાવત્ પ્રતિરૂપ દેવ થાય છે. તે ત્યાં અન્ય દેવ તથા અન્ય દેવોની દેવીને વશ કરીને પરિચારણા કરે છે. પોતાની દેવીઓને વશ કરીને પરિચારણા કરે છે, પણ પોતે પોતાનું રૂપ વિકુર્વીને નથી કરતો. એક જીવ એક સમયે એક વેદને વેદે છે - સ્ત્રી વેદ કે પુરુષ વેદ. જ્યારે તે સ્ત્રી વેદને વેદે છે, ત્યારે પુરુષવેદને ન વેદે. પુરુષવેદના ઉદયમાં સ્ત્રીવેદને ન વેદે. એક જીવ એક સમયે એક વેદને વેદે છે - સ્ત્રીવેદ કે પુરુષવેદ. સ્ત્રી, સ્ત્રી વેદના ઉદયે પુરુષને પ્રાર્થે છે, પુરુષ વેદના ઉદયે પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે. અર્થાત્ તે બંને પરસ્પર પ્રાર્થે છે. તે આ રીતે - સ્ત્રી પુરુષને અથવા પુરુષ સ્ત્રીને પ્રાર્થે છે.*

● વિવેચન-૧૨૩ :-

મરીને દેવ થયેલ નિર્ગ્રન્થ કરણરૂપે પરિચારણા કરતો નથી. એમ સંબંધ જોડવો. તે દેવલોકમાં પોતાનાથી જુદા દેવોને તથા બીજા દેવોની દેવીને વશ કરીને કે આલિંગીને પરિભોગ કરતો નથી. પોતાની દેવી સાથે પણ નહીં, પરંતુ પોતાનું સ્ત્રી અને પુરુષરૂપ બનાવીને વિલાસ કરે છે. અર્થાત્ પરતીર્થિકની આ વક્તવ્યતા છે - જે સમયે સ્ત્રી વેદને વેદે છે, તે સમયે પુરુષવેદને વેદે છે૦ ઇત્યાદિ.

આ તેઓનું મિથ્યાત્વ છે. સ્ત્રીરૂપ કરે તો પણ, તે દેવને પુરુષત્વથી એક સમયે



તેને પુરુષ વેદનો જ ઉદય હોય, સ્ત્રીવેદનો નહીં. અથવા સ્ત્રીવેદની પરિવૃત્તિથી સ્ત્રીવેદનો ઉદય હોય, પુરુષ વેદનો નહીં. કેમકે તે બંને પરસ્પર વિરુદ્ધ છે. દેવલોકે ઉત્પન્ન થાય. મોટી ઋદ્ધિવાળો અને યાવત્ શબ્દથી મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસુખી, મહાનુભાગી, હારથી શોભતા હૃદયવાળો, કડાં અને બહેરખાંથી સ્તંભિત ભૂજાવાળો, હાથનાં ઘરેણાં, કાનના કુંડલ ધારણ કરનાર, ચળકતા ગાલવાળો, કાનના ઘરેણાંને ધારણકર્તા, તથા વિચિત્ર હસ્તાભરણવાળો, મસ્તકે વિચિત્ર માળા અને મુગટ પહેરતો, વળી ઋદ્ધિ-ધુતિ-પ્રભા-છાયા-અર્ચિ-તેજ-લેશ્યા વડે દશે દિશાને ઉદ્યોતિત કરતો. તેમાં ऋद्धि - પરિવારાદિ, द्युति - ઈષ્ટ વસ્તુનો સંયોગ, प्रभा - યાન આદિની, દીપ્તિ, छाया - શોભા, अर्चिः શરીર ઉપર રહેલ તેજનો ચળકાટ, तेज - શરીરનો ચળકાટ, लेश्या - દેહવર્ણ અથવા આ શબ્દો એકાર્થક છે. પ્રકાશકરણથી દિશાઓને શોભાવતો યાવત્ શબ્દથી જોનારના ચિત્તને પ્રસન્નતા પમાડતો, જેને જોતા આંખ ન થાકે, મનોજ્ઞરૂપ, તેનું રૂપ જોનારની આંખે તરે એવો એ દેવ છે. [મૂળ વાત] એક જીવ એક કાળે એક જ વેદ વેદે.

પરિચારણાથી જ ગર્ભ રહે તેથી ગર્ભપ્રકરણ કહે છે —

● સૂત્ર-૧૨૪ :-

*ભગવન્ ! ઉદક ગર્ભ, કેટલો કાળ ઉદકગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી છ માસ... ભગવન્ ! તિર્યંચયોનિક ગર્ભ કેટલો કાળ તિર્યંચયોનિક ગર્ભરૂપે રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી આઠ વર્ષ... ભગવન્ ! માનુષી ગર્ભ કેટલો કાળ માનુષી ગર્ભરૂપે રહે ? જઘન્યથી અંતરમુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૨-વર્ષ.*

● વિવેચન-૧૨૪ :-

उदकगब्भ ને સ્થાને ક્યાંક दगगब्भ પાઠ છે. કાલાંતરે પાણી વરસવાના હેતુરૂપ પુદ્ગલ પરિણામ, તેનું અવસ્થાન જઘન્યથી એક સમય, કેમકે સમયાંતરે વર્ષે છે. ઉત્કૃષ્ટથી છ માસ, કેમકે છ માસ પછી વર્ષે છે. માગસર, પૌષ આદિમાં અને વૈશાખના અંત સુધી દેખાતો સંધ્યાનો રંગ, મેઘ ઉત્પાદનું ચિન્હ છે - x -

● સૂત્ર-૧૨૫,૧૨૬ :-

*[૧૨૫] ભગવન્ કાયભવસ્થ કેટલો કાળ કાયભવસ્થ રહે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૨૪ વર્ષ સુધી.*

*[૧૨૬] ભગવન્! માનુષી અને પંચેન્દ્રિયતિર્યંચણીને યોનિગત બીજ કેટલો કાળ સુધી યોનિભૂત રૂપે રહે? ગૌતમ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૧૨-મુહૂર્ત્ત.*

● વિવેચન-૧૨૫,૧૨૬ :-

માતાના ઉદર મધ્યે રહેલ ગર્ભનું શરીર તે કાય, તે શરીરમાં જે ઉત્પન્ન તે કાયભવ. તેમાં જે જન્મ્યો તે કાયભવસ્થ. તે ૨૪-વર્ષ રહે. સ્ત્રીકાયમાં ૧૨ વર્ષ રહીને, મૃત્યુ પામીને, ફરી તે જ શરીરમાં ઉત્પન્ન થઈ ૧૨ વર્ષની સ્થિતિથી ૨૪-વર્ષ થાય. કોઈ કહે છે - ૧૨ વર્ષ રહીને, ત્યાં જ બીજા બીજ વડે ત્યાં ઉપજીને રહે.

● સૂત્ર-૧૨૭ થી ૧૨૯ :-

*[૧૨૭] ભગવન્ ! એક જીવ, યોનિમાં બીજભૂત-એક ભવ ગ્રહણથી કેટલાના પુત્રરૂપે શીઘ્ર આવે છે. ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણના અને ઉત્કૃષ્ટથી શત પૃથક્ત્વ જીવનો પુત્ર થાય.*

*[૧૨૮] ભગવન્ ! એક જીવને એક ભવમાં કેટલા પુત્ર શીઘ્ર થાય છે ? ગૌતમ ! જઘન્યથી એક, બે કે ત્રણ. ઉત્કૃષ્ટથી લાખ પૃથક્ત્વ જીવો પુત્ર રૂપે થાય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! સ્ત્રી અને પુરુષના કર્મકૃત્ યોનિમાં મૈથુનવૃત્તિક નામે સંયોગ ઉત્પન્ન થાય, પછી તે બંને વીર્ય અને લોહીનો સંબંધ કરે છે. તેમાં જઘન્ય એક, બે અને ઉત્કૃષ્ટથી લાખ જીવ પુત્રપણે શીઘ્ર આવે છે. તેથી ઉપર પ્રમાણે કહ્યું.*

*[૧૨૯] ભગવન્ ! મૈથુન સેવતા મનુષ્યને કેવા પ્રકારે અસંયમ હોય ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ રૂની નળીને કે બૂરની નળીને તપાવેલ સોનાની સળી વડે બાળી નાંખે, હે ગૌતમ ! તેવા પ્રકારનો મૈથુનને સેવતા મનુષ્યને અસંયમ હોય.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● વિવેચન-૧૨૭ થી ૧૨૯ :-

મનુષ્ય અને તિર્યંચોનું બીજ ૧૨ મુહૂર્ત્ત સુધી યોનિભૂત હોય છે. ગાય આદિની યોનિમાં પ્રવિષ્ટ બીજ શતપૃથકત્વ હોવા છતાં, તે બીજ સમુદાયમાંથી એક જીવ ઉત્પન્ન થાય છે. તે બધાં બીજ સ્વામીનો પુત્ર કહેવાય. - x - માછલા આદિને બે થી નવ લાખ પુત્રો ગર્ભમાં નિષ્પન્ન થાય છે. તેથી સહસ્રપૃથકત્વ પુત્રો થાય છે મનુષ્યસ્ત્રીની યોનિમાં ઘણાં જીવો ઉત્પન્ન થાય છે, પણ બધાં જન્મતા નથી. ''સ્ત્રી અને પુરુષનો મૈથુનનિમિત્ત સંયોગ થાય'' તેમ સંબંધ છે. એ સંયોગ ક્યાં ઉત્પન્ન થાય ? નામકર્મથી બનેલ યોનિમાં અથવા જેમાં કામોત્તેજક ક્રિયા થઈ છે, તે યોનિમાં. મૈથુનવૃત્તિક એટલે મૈથુનની વૃત્તિવાળો અથવા મૈથુનરૂપ હેતુવાળો.

નામ અને નામવાળાનો કાલ્પનિક રીતે અભેદ પણ હોઈ શકે છે માટે સંયોગનું નામ મૈથુનવૃત્તિક કે મૈથુન પ્રત્યયિક થયું. સંયોગ એટલે સંપર્ક. તે સ્ત્રી પુરુષના લોહી અને વીર્યનો સંબંધ કરે છે. મૈથુનવૃત્તિક સંયોગ કહ્યો. હવે મૈથુનમાં જ અસંયમ કહે છે.

રૂતનાલિકા એટલે જેમાં રુ ભરેલ છે, તેવી પોલી વાંસ આદિની નળી. એ પ્રમાણે બૂરનાલિકાને સમજવી. વિશેષ એ કે — બૂર એટલે એક જાતની વનસ્પતિનો વિશેષ ભાગ. ''રૂ વગેરેનો નાશ કરવાથી તેનો ધ્વંસ કરે.'' એ વાક્ય અધ્યાહાર છે. એ રીતે મૈથુનને સેવતો યોનિગત જીવોને પુરુષલિંગ દ્વારા નાશ કરે છે. તે જીવો પંચેન્દ્રિયો છે, તેમ પણ બીજા ગ્રંથમાં સંભળાય છે - x -

તિર્યંચ, મનુષ્યની ઉત્પત્તિ વિચારી. હવે દેવોત્પત્તિ—

● સૂત્ર-૧૩૦ :-

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહનગરના ગુણશિલ ચૈત્યથી નીકળ્યા. બહાર જનપદ વિહારે વિચરે છે.*



*તે કાળ તે સમયે તુંગિકા નામે નગરી હતી. [વર્ણન] તે તુંગિકા નગરીની બહાર ઈશાન ખૂણામાં પુષ્પવતી નામે ચૈત્ય હતું. [વર્ણન]. તે તુંગિકા નગરીમાં ઘણાં શ્રાવકો રહેતા હતા. તેઓ આઢ્ય, દિપ્ત, વિસ્તીર્ણ વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન આદિ, બહુ-ધન, ઘણું સોનું-રૂપું, આયોગ-પ્રયોગ યુક્ત હતા. તેઓને ત્યાં ઘણાં ભોજન-પાન વધતાં. તેઓને ઘણાં દાસ, દાસી, ગાય, પાડા, ઘેટા વગેરે રહેતા. ઘણા લોકોથી તેઓ અપરિભૂત હતા.*

*તેઓ જીવ, અજીવના જ્ઞાતા, પુન્ય-પાપને જાણતા, આશ્રવ-સંવર-નિર્જરા-ક્રિયા-અધિકરણ-બંધ-મોક્ષ (તત્ત્વોમાં) કુશળ હતા. દેવ, અસુર, નાગ, સુવર્ણ, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ગરુલ, ગંધર્વ, મહોરગાદિ દેવગણ પણ તેઓને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન કરવા સમર્થ ન હતા. તેઓ નિર્ગ્રન્થ પ્રવચનમાં શંકા-કાંક્ષા-વિચિકિત્સા રહિત હતા. તેઓ લબ્ધાર્થ, ગૃહિતાર્થ, પૃચ્છિતાર્થ, અભિગતાર્થ, વિનિશ્ચિત્તાર્થ હતા. નિર્ગ્રન્થ પ્રવચનનો રાગ હાડોહાડ વ્યાપેલો હતો.*

*(તેઓ કહેતા કે) હે આયુષ્યમાન્ ! નિર્ગ્રન્થપ્રવચન જ અર્થ અને પરમાર્થરૂપ છે, બાકી બધું અનર્થ છે. તેમના ઘરનો આગળીયો ઉંચો રહેતો, દ્વાર ખુલ્લા રહેતા, જેના અંતઃપુરમાં જાય તેને પ્રિતી ઉપજાવનારા, ઘણાં શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન, પૌષધ ઉપવાસ વડે ચૌદશ, આઠમ, પૂનમ, અમાસમાં પ્રતિપૂર્ણ પૌષધની સારી રીતે આચરણા કરતા, શ્રમણ-નિર્ગ્રન્થોને પ્રાસુક અને એષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે તથા વસ્ત્ર-પાત્ર-કંબલ-રજોહરણ-પીઠફલક-શય્યા-સંથારા વડે, ઔષધ-ભૈષજ વડે પ્રતિલાભતા તથા યથાપ્રતિગૃહીત તપકર્મથી આત્માને ભાવતા વિચરતા હતા.*

● વિવેચન-૧૩૦ :-

आढ्य - ધનધાન્યાદિથી પરિપૂર્ણ, दित्त - પ્રસિદ્ધ અથવા दृप्त - ગર્વિત, જેઓના વિશાળ અને પ્રચુર ઘરો શયન-આસન-વાહન વડે ભરેલાં રહેતા અથવા તેમના ઘર વિશાળ અને ઉંચા હતા. તેઓના શયન-આસન-યાન-વાહન સુંદર હતા. તેમાં यान - ગંત્રી આદિ, वाहन અશ્વ આદિ. તેમની પાસે ગણિમાદિ ઘણું ધન અને ઘણું સોનું-રૂપું હતા. તેઓ आयोग - નાણાંને બમણું, ત્રણગણું કરવા વ્યાજે ધીરવા, प्रयोग - કોઈ જાતનો કલાહુન્નર. તે બંનેમાં ચતુર હતા. ઘણાં લોકો જમતા હોવાથી ઘણો એઠવાડ રહેતો. અથવા ખાન-પાન ઘણાં અને વિવિધ પ્રકારના હતા, અનેક દાસ-દાસી હતા. અનેક ગાય-પાડાં અને ઘેટાં હતા. ઘણાં લોકો પણ તેનો પરાભવ કરી શકતા નહીં.

आस्त्रव આદિમાં - કાયિકી આદિ ક્રિયા, ગંત્રી, યંત્રાદિ અધિકરણ, આશ્રવાદિનું હેયોપાય સ્વરૂપના જ્ઞાતા. અત્યંત સમર્થ હોવાથી બીજાની સહાયને ન લેનારા. દેવો પણ ચલિત કરવા અસમર્થ, આપત્તિમાં પણ દેવાદિની સહાયને ન લેનારા-પોતાના કર્મ પોતે જ ભોગવવા જોઈએ એવી મનોવૃત્તિવાળા. પાખંડીઓ વડે સમ્યક્ત્વથી વિચલિત કરી શકાય નહીં તેવા હોવાથી બીજાની સહાય ન લેનાર, જાતે જ તેમના પ્રતિઘાત

કરવામાં સમર્થ અને જિનશાસનમાં અતિ ચુસ્ત એવા.

દેવ - વૈમાનિક, અસુર - અસુરકુમાર, નાગ - નાગકુમાર આ બંને ભવનપતિ છે. સુવણ્ણ - જ્યોતિષ્ક, યક્ષાદિ વ્યંતરો વગેરે. તેમને ચલાયમાન ન કરી શકે. અર્થના શ્રવણથી, અર્થ અવધારણથી. સંદેહવાળા અર્થોને પૂછવાથી, પ્રશ્નિત અર્થ જાણવાથી, રહસ્યને પ્રાપ્ત કરવાથી તેઓ લબ્ધાર્થાદિ છે. તેથી જ તેમના હાડકાં, મજ્જા સર્વજ્ઞના વચન પરના વિશ્વાસરૂપ કસુંબાદિ રંગથી રંગાયેલા અથવા અસ્થિ અને મજ્જામાં જિનશાસન સંબંધી પ્રેમાનુરાગથી રંગાયેલા છે. કેવા ઉલ્લેખથી ? હે આયુષ્યમાન્ ! એવા આમંત્રણથી. નિર્ગ્રન્થ પ્રવચનથી બીજું જે કંઈ છે, તે ધન, ધાન્ય, પુત્ર, કલત્ર આદિ.

“જેમનું મન સ્ફટિક-રત્ન માફક ઉન્નત છે, મુનીન્દ્રનું પ્રવચન પામવાથી જેમનું મન પરિતુષ્ટ છે” એ વૃદ્ધ વ્યાખ્યા છે. બીજા કહે છે – આગળીયાને તેના સ્થાનેથી દૂર કરીને ઉંચો કરેલ, ઉદારતાના અતિશયથી દાન દેવા માટે ભિક્ષુકોના ગૃહપ્રવેશાર્થે જેમના ઘરના દરવાજા ઉઘાડા છે. ઘરના દરવાજાના કમાડ બંધનથી રાખેલા. સદ્દર્શનનો લાભ થવાથી કોઈ પાખંડીથી ડરતા નથી. - x - x - અંતઃપુર કે ઘરમાં જેમના પ્રવેશથી લોકો ખુશ થાય છે અર્થાત્ અતિ ધાર્મિક હોવાથી કોઈ શંકા કરતું નથી. બીજા કહે છે – જેઓના અંતઃપુર કે ઘરમાં કોઈ સત્પુરુષ પ્રવેશે તો તેઓને અપ્રીતિ થતી નથી કેમકે તેઓને ઈર્ષ્યા નથી. અથવા બીજાના અંતઃપુરે કે ઘેર જવાનો જેણે ત્યાગ કર્યો છે. - - શીલવ્રત - અણુવ્રત, ગુણ - ગુણવ્રત. રાગ, દ્વેષાદિથી ઉચિતતાપૂર્વક નિવર્તવું તે વિરમણ. પૌરુષિ આદિ પચ્ચક્ખાણ, પર્વદિને અનુષ્ઠાન તે પૌષધ. તેમાં રહેવું-પૌષધોપવાસ. પૌષધ કરીને જે રીતે રહે તે વાતને જણાવતાં કહે છે – ચૌદસાદિ. આહારાદિ ભેદથી ચાર પ્રકારનો પૌષધને. વત્થપડિગ્ગહ૦ પતદ્ગ્રહ એટલે પાત્ર, પાદપ્રોઞ્છન એટલે રજોહરણ, પીઠ - આસન, ફલક - ટેકો લેવા માટેનું પાટીયું. શય્યા - વસતિ કે મોટો સંથારો. - x -

● સૂત્ર-૧૩૧ :-

*તે કાળે તે સમયે પાર્શ્વનાથના શિષ્યો સ્થવિર ભગવંતો કે જેઓ – જાતિ, કુળ, બળ, રૂપ, વિનય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, લજ્જા, લાઘવ, (એ બધાંથી) સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, જેમણે ક્રોધ-માન-માયા-લોભ-નિદ્રા-ઈન્દ્રિય-પરીષહને જીત્યા છે, જીવવાની દરકાર કે મરણના ભયથી રહિત યાવત્ કુત્રિકાપણરૂપ, બહુશ્રુત, બહુપરિવારવાળા હતા, તેઓ ૫૦૦ સાધુ સાથે પરિવૃત્ત થઈ, યથાક્રમે વિચરતા ગામાનુગામ જતાં, સુખે સુખે વિહાર કરતા જ્યાં તુંગિકા નગરીનું પુષ્પવતી ચૈત્ય હતું ત્યાં આવ્યા. આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવતા વિહરે છે.*

● વિવેચન-૧૩૧ :-

શ્રુતવૃદ્ધ, સુવિહિત વેષ કે શરીરની સુંદરતાથી સંપન્ન, લાજ કે સંયમ, દ્રવ્યથી અલ્પ ઉપધિ અને ભાવથી અભિમાન ત્યાગી, મનની સ્થિરતાવાળા, શરીરની પ્રભાવાળા,



વિશિષ્ટ સામર્થ્ય કે પ્રભાવ યુક્ત, વિશિષ્ટ વચનવાળા, ખ્યાતિવાળા, જીવિતાશા અને મરણભય વિનાના યાવત્ શબ્દથી તપપ્રધાન, સંયમગુણયુક્ત, આ બંનેથી તપ-સંયમની મોક્ષના મુખ્ય કારણરૂપે ગણના છે, તથા શ્રમણધર્મ આદિ વ્રત-ચરણવાળા, પિંડવિશુદ્ધિ આદિ કરણવાળા, અન્યાય કરનારને દંડવામાં મુખ્ય, ‘આ કાર્ય ચોક્કસ કરવું’ તેમ સ્વીકારેલા કે તત્ત્વનો નિર્ણય કરનારા, કોમળતા અને સરળતા ગુણથી યુક્ત.

(શંકા) જિતક્રોધાદિથી માર્દવાદિ સ્વતઃ જણાય છે, તો પછી અહીં અલગ કેમ મૂક્યો ? - - માર્દવાદિથી તેના ઉદયનો અભાવ કહ્યો, જિતક્રોધાદિથી ઉદયમાં આવેલને નિષ્ફળ બનાવવા કહ્યું. ક્રિયામાં દક્ષ, મુક્તિપ્રધાન, એ પ્રમાણે વિદ્યા-મંત્ર-વેદ-બ્રહ્મચર્ય-નય-નિયમ-સત્ય-શૌચપ્રધાન, સત્પ્રજ્ઞા, શુદ્ધિમાં હેતુરૂપ કે સર્વે જીવોના મિત્રરૂપ, નિદાનરહિત, ઉતાવળરહિત, અબહિર્લેશ્ય, સુશ્રામણ્યરત, અવિરલ અને દોષરહિત પ્રશ્નોત્તરવાળા, સ્વર્ગ-મૃત્યુ-પાતાળ એ ત્રણલોક તે કુત્રિક, તે ત્રણે લોકમાં થનારી વસ્તુ જ્યાં મળે તે કુત્રિકાપણ-દુકાન તેના જેવા અર્થાત્ ઈચ્છિત અર્થને મેળવી આપવામાં સમર્થ અથવા સર્વગુણસંપન્ન. સારી રીતે પરિવરેલા-પરિકર ભાવથી પરિકરિત, ૫૦૦ સાધુ સાથે પધાર્યા.

● સૂત્ર-૧૩૨ :-

*ત્યારે તુંગિકાનગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ, પથોમાં યાવત્ એક દિશામાં રહીને ધ્યાન ધરે છે.*

*ત્યારે તે શ્રાવકો આ વાત જાણીને હૃષ્ટ-તુષ્ટ થયેલા યાવત્ પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહે છે – હે દેવાનુપ્રિયો ! પાર્શ્વનાથના શિષ્યો-સ્થવિર ભગવંતો, જાતિસંપન્નાદિ છે યાવત્ યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે. હે દેવાનુપ્રિયો ! તથારૂપ સ્થવિર ભગવંતોનું નામ કે ગોત્ર પણ સાંભળવાથી મોટું ફળ છે, તો તેમની સન્મુખ જવાથી, વંદન-નમસ્કાર-પ્રતિપૃચ્છા-સેવા કરવાથી યાવત્ ગ્રહણતા વડે કલ્યાણ થાય જ તેમાં શું આશ્ચર્ય ! હે દેવાનુપ્રિયો ! આપણે ત્યાં જઈએ, સ્થવિર ભગવંતોને વંદન-નમન યાવત્ સેવા કરીએ. તે આપણને આ ભવમાં અને પરભવમાં યાવત્ પરંપરાએ કલ્યાણરૂપ છે.*

*આ પ્રમાણે વાત કરી પરસ્પર આ અર્થને સ્વીકાર કરે છે, પછી પોતપોતાના ઘેર જાય છે. જઈને સ્નાન કરી, બલિકર્મ-કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ કરી પ્રવેશ યોગ્ય શુદ્ધ-મંગલ વસ્ત્રોને ઉત્તમતાપૂર્વક પહેરી, અલ્પ પણ મૂલ્યવાન્ અલંકારથી શરીર શણગારી, પોત-પોતાના ઘેરથી નીકળ્યા. એક સ્થાને ભેગા થયા, પગે ચાલીને તુંગિકા નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યા. પુષ્પવતી ચૈત્યે આવ્યા. સ્થવિર ભગવંતોને પાંચ પ્રકારના અભિગમથી અભિગમે છે–*

*તે આ - સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યોને સાથે રાખવા, એકશાટિક ઉત્તરાસંગ કરવું, જોતાની સાથે જ અંજલિ જોડવી અને મનને એકાગ્ર કરવું. સ્થવિર ભગવંતો પાસે આવીને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે યાવત્*

*ત્રણ પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

**● વિવેચન-૧૩૨ :-**

સિંગોડા જેવા આકારનું સ્થાન, ત્રણ શેરી ભેગી થાય તે સ્થાન, ચાર શેરી ભેગી થાય તે સ્થાન, અનેક શેરી ભેગી થાય તે સ્થાન, રાજમાર્ગ, માત્ર શેરી. 'યાવત્'થી ઘણાં લોકોનો અવાજ થવો વગેરે પૂર્વે કહેલ છે. આ અર્થને સ્વીકારે છે - x - સ્નાન પછી સ્વગૃહદેવતાની પૂજા કરી, દુઃસ્વપ્નાદિ નિવારણાર્થે અવશ્ય કરણીય કૌતુકાદિ કર્યા, બીજા કહે છે - નેત્રરોગના નિવારણાર્થે પગે વિલેપન કર્યુ, મષતિલકાદિ કૌતુક, સરસવ-દહીં આદિ મંગલ કર્યા. શુદ્ધ, ઉચિત વેશ અથવા રાજાદિ સભામાં પ્રવેશ માટે ઉચિત એવા, ઉત્તમ વસ્ત્રોને જેમણે પહેર્યા છે. પાઠાંતરથી વસ્ત્રોને ઉત્તમ પ્રકારે પહેર્યા છે.

પગે ચાલીને, ગાડાં આદિમાં બેસીને નહીં. બહુમાનપૂર્વક સામે જાય છે. પુષ્પ-તાંબુલાદિ સચિત્તનો ત્યાગ, વસ્ત્ર-મુદ્રિકાદિ અચિત્તનો અત્યાગ, અનેક ઉત્તરીય નહીં પણ માત્ર એક ખેસ રાખીને, - x - દૃષ્ટિ પડતાં, એકાલંબન કરીને, મન-વચન-કાયાથી ત્રણ પ્રકારે પર્યુપાસના કરતાં [આ શ્રાવકો ત્યાં રહ્યા છે.]

**● સૂત્ર-૧૩૩ :-**

*ત્યારે તે સ્થવિર ભગવંતોએ, તે શ્રાવકોને અને તે મહા-મોટી પર્ષદાને ચતુર્યામ ધર્મ કહ્યો. કેશીસ્વામીની માફક યાવત્ તે શ્રાવકોએ પોતાના શ્રાવકપણાથી તે સ્થવિરોની આજ્ઞાનું આરાધન કર્યુ - યાવત્ - ધર્મકથા પૂરી થઈ.*

*ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસે ધર્મ સાંભળીને, અવધારીને હૃષ્ટ-તુષ્ટ યાવત્ વિકસિતહૃદયી થયા. ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારે પર્યુપાસના કરતા, આ પ્રમાણે કહ્યું — હે ભગવન્ ! સંયમનું ફળ શું ?, તપનું ફળ શું ? ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને કહ્યું — હે આર્યો ! સંયમનું ફળ આસ્રવરહિતતા તપનું ફળ વ્યવદાન [કર્મશુદ્ધિ] છે.*

*ત્યારે શ્રાવકોએ સ્થવિરોને પૂછ્યું — જો સંયમનું ફળ તે આશ્રવરહિતતા છે, તપનું વ્યવદાન છે, તો દેવો દેવલોકે ઉત્પન્ન થાય છે, તેનું શું કારણ ? ત્યારે કાલિકપુત્ર સ્થવિરે તે શ્રાવકોને કહ્યું — પૂર્વના તપ વડે હે આર્ય ! દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે, મેહિલ સ્થવિરે કહ્યું — હે આર્ય ! પૂર્વના સંયમથી દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે. આનંદરક્ષિત સ્થવિરે શ્રાવકોને કહ્યું — હે આર્યો ! કર્મીપણાથી દેવો દેવલોકમાં ઉપજે છે. કાશ્યપ સ્થવિરે શ્રાવકોને કહ્યું કે — સંગીપણાથી હે આર્યો ! દેવો દેવલોકમાં ઉપજે છે. અર્થાત્ હે આર્યો ! પૂર્વના તપથી, પૂર્વના સંયમથી, કર્મીપણાથી, સંગીપણાથી દેવો દેવલોકે ઉપજે છે. આ કથન સાચું છે, અમારા અભિમાનથી કહેતા નથી.*

*ત્યારે તે શ્રાવકો સ્થવિર ભગવંતો પાસેથી આ આવા પ્રકારના ઉત્તરો સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ સ્થવિર ભગવંતોને વાંદી-નમીને બીજા પણ પ્રશ્નો પૂછ્યા, અર્થો ગ્રહણ કર્યા, ઉઠીને સ્થવિર ભગવંતોને ત્રણ વખત વંદન-નમસ્કાર કર્યા, સ્થવિરો પાસેથી અને પુષ્પવતી ચૈત્યથી નીકળી, જ્યાંથી આવ્યા હતા, તે*





*દિશામાં પાછા ગયા. તે સ્થવિરો પણ અન્ય કોઈ દિવસે તુંગીકાનગરીના પુષ્પવતી ચૈત્યથી નીકળી બહારના જનપદમાં વિહાર કર્યો.*

**● વિવેચન-૧૩૩ :-**

મહતિમહાલિઆ - મોટામાં મોટી. નવા કર્મોનું ગ્રહણ ન કરવું તે અનાશ્રવ. જેનું ફળ અનાશ્રવ છે તે અર્થાત્ સંયમ. વ્યવદાન-કર્મના ગહન વનનું કાપવું કે જૂના કર્મોરૂપ કચરાને શોધવો, તે વ્યવદાનનું ફળ એટલે તપ (દેવલોકે ઉત્પત્તિનું) કારણ શું ? સંયમ અને તપ બંનેમાંથી એક પણ દેવ થવામાં કારણ નથી તો શું દેવો નિષ્કારણ જ દેવલોકમાં ઉત્પન્ન થાય છે ?

સરાગ અવસ્થામાં પૂર્વે કરેલ તપ, વીતરાગ અવસ્થાની અપેક્ષાએ સરાગ અવસ્થા પૂર્વકાળની કહેવાય. એ રીતે અયથાખ્યાત ચારિત્રરૂપ સંયમ. તેથી સરાગ અવસ્થામાં કરેલ સંયમ અને તપથી દેવત્વ પ્રાપ્ત થાય કેમકે રાગાંશ કર્મબંધનનો હેતુ છે. કર્મવાળો હોય તે કર્મી, તેનો ભાવ તે કર્મીતા. બીજા કહે છે - કર્મનો વિકાર તે કાર્મિકા. અર્થાત્ અક્ષીણકર્મ વડે દેવત્વની પ્રાપ્તિ થાય છે. સંગવાળો હોય તે સંગી, તેનો જે ભાવ તે સંગિતા, દ્રવ્યાદિમાં સંયમાદિથી યુક્ત પણ સંગ, કર્મબંધનું કારણ છે તેનાથી દેવત્વ પ્રાપ્ત થાય છે. - x - x - આ સત્ય છે ? કેમ ? સ્વ અભિપ્રાયથી જ વસ્તુતત્વ કહેતા નથી - અભિમાનથી મોટાઈ બતાવવા કહેતા નથી. પણ આ જ પરમાર્થ છે માટે કહીએ છીએ.

**● સૂત્ર-૧૩૪ :-**

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ પર્ષદા પાછી ફરી, તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ નામે અણગાર યાવત્ સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાવાળા, નિરંતર છઠ્ઠનો તપ કર્મપૂર્વક સંયમ અને તપ વડે આત્માને ભાવતા યાવત્ વિચરે છે ત્યારે તે ગૌતમસ્વામી છઠ્ઠના પારણા દિને પહેલી પોરિસીમાં સ્વાધ્યાય કરે છે, બીજી પોરિસિમાં ધ્યાન કરે છે, ત્રીજી પોરિસીમાં ત્વરારહિત, ચપળતા રહિત, અસંભ્રાંત થઈ મુહપત્તિ પડિલેહી, વસ્ત્ર-પાત્ર પડિલેહે છે. પાત્રો પ્રમાર્જી, પાત્રો લઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવી, ભગવંતને વંદન-નમસ્કાર કરી આમ બોલ્યા - ભગવન્ ! આજે છઠ્ઠના પારણાદિને આપની અનુજ્ઞા પામીને રાજગૃહીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાથી ફરવા ઈચ્છુ છું - - યથાસુખં દેવાનુપ્રિય ! વિલંબ ન કર.*

*ત્યારે તે ગૌતમ સ્વામી શ્રમણ ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંત પાસેથી, ગુણશીલ ચૈત્યથી નીકળ્યા. ત્વરા-ચપળતા-સંભ્રાંતતા રહિત, યુગંતર ભૂમિ જોતા દૃષ્ટિથી ઈર્યા સમિતિ શોધતા રાજગૃહ નગરમાં આવ્યા. આવીને રાજગૃહનગરના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યા માટે ફરે છે.*

*ત્યારે તે ગૌતમ સ્વામીને રાજગૃહમાં યાવત્ ફરતા ઘણાં લોકોનો અવાજ સાંભળ્યો. હે દેવાનુપ્રિયો ! તુંગીકા નગરી બહાર પુષ્પવતી ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો-સ્થવિર ભગવંતોને શ્રાવકોએ આ આવા પ્રકારના પ્રશ્નો પૂછ્યા - સંયમનું*

*અને તપનું ફળ શું ? ત્યારે તે સ્થવિરોએ શ્રાવકોને - એમ કહ્યું - હે આર્યો ! સંયમથી અનાશ્રવપણું, તપથી વ્યવદાનનું ફળ છે. યાવત્ પૂર્વતપ-પૂર્વસંયમ-કર્મિતા-સંગિતાથી હે આર્યો દેવો દેવલોકે ઉપજે છે. આ અર્થ સત્ય છે, પણ અમારા અભિમાનથી કહ્યો નથી. આ વાત કેમ મનાય ? ત્યારે ગૌતમે આ કથા સાંભળતા તેઓ તેમાં — જિજ્ઞાસામાં શ્રદ્ધાવાળા યાવત્ કુતુહલવાળા થયા. તેઓ યથાપર્યાપ્ત ગૌચરી લઈને રાજગૃહ નગરથી નીકળીને ત્વરારહિત યાવત્ ઇર્યા સમિતિ શોધતા, ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવ્યા.*

*ભગવંત મહાવીરની સમીપે ગમનાગમન પ્રતિક્રમણ કર્યુ. એષણીય-અનેષણીયની આલોચના કરી, આહાર-પાણી દેખાડીને ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું — હે ભગવન્ ! આપની અનુજ્ઞા મેળવી રાજગૃહ નગરના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહ સમુદાન ભિક્ષાચર્યાર્થે ફરતા ઘણાં લોકોના શબ્દો સાંભળ્યા. હે દેવાનુપ્રિયો ! તુંગિકાનગરીની બહાર પુષ્પવતી ચૈત્યમાં ભ૦ પાર્શ્વનાથના શિષ્યોએ - x - યાવત્ - x - પૂર્વવત્ કહેવું.*

*હે ભગવન્ ! શું તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવાને સમર્થ છે ? કે અસમર્થ છે ? ભગવન્ ! તેઓ શ્રાવકોને આવો જવાબ આપવાને સમિત છે કે અસમિત છે ? ભગવન્ ! તે સ્થવિરો શ્રાવકોને આવો જવાબ આપવા ઉપયોગવાળા છે કે નથી ? - x - x - આવો જવાબ દેવાને વિશિષ્ટ જ્ઞાની છે કે નથી ? કે પૂર્વતપ, પૂર્વ સંયમ, કાર્મિતા, સંગિતાથી દેવો દેવલોકે ઉપજે છે, ઇત્યાદિ - x -*

*હે ગૌતમ ! તે સ્થવિરો શ્રાવકોને તેવો જવાબ દેવાને સમર્થ છે - અસમર્થ નથી. શેષ તેમજ જાણવું. યાવત્ સમર્થ છે, સમિત છે, અભ્યાસવાળા છે, વિશિષ્ટ જ્ઞાની છે યાવત્ તે વાત સાચી છે, આત્માની મોટાઈ દેખાડવા કહેલ નથી. ગૌતમ ! હું પણ એમ જ કહું છું - ભાખું છું - જણાવું છું - પ્રરૂપું છે કે પૂર્વતપ - પૂર્વ સંયમ - કર્મિતા - સંગિતાથી દેવો દેવલોકમાં ઉપજે છે. આ અર્થ સત્ય છે પણ અમારી મોટાઈ દેખાડવા કહ્યો નથી.*

● **વિવેચન-૧૩૪ :-**

કાયિકી ત્વરારહિત, માનસિક ચપળતારહિત, અસંભ્રાન્તજ્ઞાની, ઘરોમાં જે ભિક્ષા તેને ભિક્ષા સામાચારી મુજબ લેવી. ધુંસરા પ્રમાણ અંતર-સ્વશરીર પ્રમાણ દૃષ્ટિ વડે જોતાં. રિયં એટલે ઈર્યા-ગમન. સ્થવિરોનું આ વચન કઈ રીતે માનવું ? એવું ઘણાં લોકો કહે છે. પ્રભૂ - સમર્થ, સમિઅ - તેઓ સમ્યક્પણે કથન કરવા સમર્થ છે - વિપરીત જ્ઞાનરહિત છે ? અથવા સારી પ્રવૃત્તિવાળા કે અભ્યાસી છે ? ઉપયોગવાળા-જ્ઞાની છે ? સર્વ પ્રકારે જ્ઞાની છે ? હવે આ વિધાનનું ફળ કહે છે—

● **સૂત્ર-૧૩૫,૧૩૬ :-**

*[૧૩૫] ભગવન્ ! તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનારને પર્યુપાસનાનું ફળ શું ? ગૌતમ ! શ્રવણફળ. ભગવન્ ! શ્રવણનું ફળ શું ? — જ્ઞાન. ભગવન્ ! જ્ઞાનનું શું ફળ ? — વિજ્ઞાન. ભગવન્ ! વિજ્ઞાનનું ફળ શું ? — પચ્ચક્ખાણ. ભગવન્ ! પચ્ચકખાણનું ફળ શું ? — સંયમ. ભગવન્ ! સંયમનું શું ફળ ? અનાશ્રવ. એ પ્રમાણે અનાશ્રવનું ફળ તપ. તપનું ફળ વ્યવદાન, વ્યવદાનનું ફળ - અક્રિયા. ભગવન્ ! અક્રિયાનું ફળ શું ? સિદ્ધિ અંતિમફળ.*

*[૧૩૬] શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પચ્ચકખાણ, પચ્ચક્ખાણથી સંયમ [ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.]*



● **વિવેચન-૧૩૫,૧૩૬ :-**

ઉચિત સ્વભાવાળા કોઈ પુરુષને કે તપસ્વી શ્રમણને ઉપલક્ષણથી કોઈ પણ ઉત્તરગુણવાળાને. माहन - પોતે હિંસાથી નિવૃત્ત હોય. બીજાને 'ન હણો' એમ કહેતો હોય. ઉપલક્ષણથી મૂળગુણ યુક્ત. અથવા શ્રમણ એટલે સાધુ, માહન એટલે શ્રાવક.

(સાધુ સેવાથી) સિદ્ધાંત શ્રવણ ફળ છે, શ્રવણથી શ્રુત જ્ઞાન થાય છે, શ્રુતજ્ઞાનથી હેય-ઉપાદેય વિવેકકારી વિજ્ઞાન પ્રાપ્ત થાય. વિશિષ્ટ જ્ઞાનથી જ પાપનું પચ્ચક્ખાણ કરે, પ્રત્યાખ્યાન કરેલને જ સંયમ હોય. સંયમવાન્ પ્રાયઃ નવા કર્મો ન ઉપાર્જે. અનાશ્રવી જીવ જ લઘુકર્મત્વથી તપ કરે છે. તપથી જૂના કર્મો નિર્જરે છે. કર્મ નિર્જરાથી યોગનિરોધ થાય છે. છેલ્લે સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

તેની સંગ્રહ ગાથા છે - તથારૂપ શ્રમણાદિને પર્યુપાસના યથોક્ત ફળવાળી થાય. અતથારૂપને નહીં. હવે અસત્યવાદીને કહે છે—

● **સૂત્ર-૧૩૭ :-**

*અન્યતીર્થિકો આ પ્રમાણે કહે છે - ભાખે છે - જણાવે છે - પ્રરૂપે છે :- રાજગૃહનગરની બહાર, વૈભાર પર્વતની નીચે, પાણીનો એક મોટો દ્રહ છે, તે અનેક યોજન લાંબા-પહોળો છે, અનેક જાતના વૃક્ષખંડોથી સુશોભિત છે સશ્રીક છે - યાવત્ - પ્રતિરૂપ છે. તેમાં ઘણાં ઉદાર મેઘ સંસ્વેદે છે, સંમૂર્છે છે અને વરસે છે. તદુપરાંત તેમાં સદા ગરમ-ગરમ પાણી ઝર્યા કરે છે. ભગવન્ ! એ કેવી રીતે છે ?*

*ગૌતમ! જે અન્યતીર્થિકો આમ કહે છે, યાવત્ જે તે પ્રરૂપે છે તે ખોટું કહે છે યાવત્ બધું જાણવું યાવત્ હે ગૌતમ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છે - રાજગૃહ નગર બહાર વૈભાર પર્વતની પાસે મહાતપોપતીરપ્રભવ નામે ઝરણું છે, તે લંબાઈ-પહોળાઈથી ૫૦૦ ધનુષ્ છે, તેનો અગ્રભાગ અનેક જાતનાં વૃક્ષખંડોથી શોભિત છે, સશ્રીક-દર્શનીય-પ્રાસાદીય-અભિરૂપ-પ્રતિરૂપ છે. તેમાં ઘણાં ઉષ્ણયોનિક જીવો અને પુદ્ગલો પાણીપણે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, ચય-ઉપચય પામે છે. તદુપરાંત તેમાંથી સદા સમિત ઉષ્ણ જળ ઝર્યા કરે છે. હે ગૌતમ! મહાતપોતીરપ્રભવ ઝરણું છે અને એ જ એનો અર્થ છે - - ભગવન્! તે એમ જ છે. એમ જ છે, કહી ગૌતમસ્વામી ભગવંત મહાવીરને વંદે છે નમે છે.*

● **વિવેચન-૧૩૭ :-**

પર્વતના ઉપરના ભાગમાં નીચે દ્રહ છે, તેનું નામ 'અઘ' છે. ક્યાંક દ્રહ પાઠ

નથી, 'અઘ'ને બદલે 'અપ્પ' પાઠ છે. તેનો અર્થ 'પાણીનું ઉત્પત્તિ સ્થાન' દ્રહ જ છે. વિસ્તારવાળા મેઘો પડવાની તૈયારીમાં હોય છે, પડે છે, કુંડ ભરાવા ઉપરાંત ઉકળેલું પાણી ઝરે છે. તેમનું કથન ખોટું છે. કેમકે તેઓ વિભંગજ્ઞાની છે. પ્રાયઃ સર્વજ્ઞ વચન વિરુદ્ધ અને પ્રાયઃ વ્યવહારિક પ્રત્યક્ષથી પણ તેઓના કહેવા કરતાં ઉલટું જણાય છે. તે લગભગ પાસે છે. કહેનાર દ્વારા દેખાડાતા સ્થાને 'મહાતપોતીરપ્રભવ' - જેની ઉત્પત્તિ મહા આતપની પાસે છે, ત્યાં ઝરણું ઉત્પન્ન થાય છે, વિનાશ પામે છે, બીજી રીતે - નાશ પામે છે, ઉત્પન્ન થાય છે. તેનો ઉપસંહાર એ છે કે — અન્યતીર્થિકોએ કલ્પેલ 'આપ્ય' દ્રહ તે મહાતપોતીરપ્રભવ નામે ઝરણું છે, તેનો અર્થ અન્વર્થ છે.

શતક-૨, ઉદ્દેશો-૫નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૨, ઉદ્દેશો-૬-'ભાષા' ❀

— x — x — x — x —

૦ પાંચમાં ઉદ્દેશાને અંતે અન્યતીર્થિકોને મિથ્યાભાષી કહ્યા. છટ્ઠામાં ભાષાનું સ્વરૂપ કહે છે - તેમાં સૂત્ર -

● **સૂત્ર-૧૩૮ :-**

***ભગવન્ ! 'ભાષા અવધારિણી છે' એમ હું માનું ? અહીં ભાષાપદ કહેવું.***

● **વિવેચન-૧૩૮ :-**

- x - x - જેના દ્વારા અવધારણ થાય તે અવધારણી એટલે જ્ઞાનના બીજભૂત. બોલાય તે ભાષા. શબ્દપણે બહાર કાઢેલી અને શબ્દપણે બહાર કઢાતી જે દ્રવ્ય સંહતિ તે ભાષા. આ શબ્દાર્થ કહ્યો, વાક્યાર્થ આ પ્રમાણે - હે ભગવન્ ! હું એમ માનું કે ભાષા અવધારણી છે ? આ સૂત્રના ક્રમથી પ્રજ્ઞાપનાનું ૧૧-મું ભાષા પદ અહીં કહેવું. આ ભાષા પદ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અને 'સત્ય' આદિ ભેદ વડે, અનેક પર્યાયોથી વિચારી છે.

શતક-૨, ઉદ્દેશો-૬ ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૨, ઉદ્દેશો-૭-''દેવ'' ❀

— x — x — x — x —

૦ ભાષા વિશુદ્ધિથી દેવત્વ પામે. તેથી દેવવિશે કથન-

● **સૂત્ર-૧૩૯ :-**

***ભગવન્! દેવો કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભેદે, તે આ - ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. - ભગવન્! ભવનપતિ દેવોનો સ્થાનો ક્યાં છે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ઇત્યાદિ 'સ્થાન પદ'માં દેવોની વક્તવ્યતા છે, તે કહેવી. વિશેષ એ — ભવનો કહેવા, તેમનો ઉપપાત લોકના અસંખ્ય ભાગમાં થાય છે, એ બધું કહેવું - યાવત્ - સિદ્ધગંડિકા પૂરી કહેવી. કલ્પોનું પ્રતિષ્ઠાન, જાડાઈ-ઉંચાઈ-સંસ્થાન, એ જીવાભિગમમાં કહેલ - યાવત્ - વૈમાનિક ઉદ્દેશો.***



● **વિવેચન-૧૩૯ :-**

દેવો કેટલી જાતના છે ? પ્રજ્ઞાપના સૂત્રના બીજા 'સ્થાન' નામક પદમાં દેવોની વક્તવ્યતા છે, તે પ્રકારે અહીં કહેવી. નવરં ભવણ૦ એ પાઠ ક્યાંક દેખાય છે, તેનો અર્થ યોગ્ય રીતે જાણી શકાતો નથી. દેવ વક્તવ્યતા આ છે - ૮૦ લાખ યોજન જાડી રત્નપ્રભા પૃથ્વીના ઉપર-નીચે એક-એક હજાર [લાખ-?] યોજન છોડીને વચ્ચેના ૭૮ લાખ યોજનમાં ભવનવાસી દેવોના ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો છે, એમ કહ્યું છે ઇત્યાદિ. ત્યાં રહેલ વિશેષાર્થને વિશેષથી દર્શાવે છે - ઉપપાત એટલે ભવનપતિની પોતાની સ્થાન પ્રાપ્તિ સંબંધી તત્પરતા. તેને આશ્રીને લોકના અસંખ્યાતમાં ભાગે ભવનવાસી રહે છે. એ પ્રમાણે બધું કહેવું.

તે આ છે - મારણાંતિકાદિ સમુદ્ઘાતમાં વર્તનારા ભવનપતિઓ લોકના અસંખ્યાત ભાગમાં જ રહે છે. તથા સ્વ સ્થાનથી લોકના અસંખ્યાતમા ભાગમાં જ રહે છે. કેમકે તેમના સાતિરેક સાત કરોડ ભવનો લોકના અસંખ્યેયભાગવર્તી છે. એ પ્રમાણે અસુરકુમાર સંબંધે પણ જાણવું. દક્ષિણ અને ઉત્તરના ભવનપતિઓ, યથોચિતપણે વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકો એ બધાંના સ્થાનો કહેવા. તે સિદ્ધ કંડિકા પ્રકરણ સુધી કહેવા.

તે આ પ્રમાણે — સિદ્ધોના સ્થાન ક્યાં છે ? વગેરે. [શંકા] દેવ-સ્થાન અધિકારમાં સિદ્ધ-સ્થાન અધિકાર, 'સ્થાન' બળથી જાણવો. બીજું જીવાભિગમ સૂત્રમાં કહેલું અહીં જાણવું. તે આ રીતે — કલ્પ વિમાનના આધાર સંબંધે કહેવું. જેમકે - ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાનપૃથ્વી કોને આધારે છે ? ગૌતમ ! ઘનોદધિના આધારે. ઇત્યાદિ. - x - x - વિમાન પૃથ્વીની જાડાઈ કહેવી. તે આ રીતે — સૌધર્મ, ઈશાન કલ્પે વિમાનપૃથ્વીની જાડાઈ કેટલી કહી છે ? ૨૭૦૦ યોજન કહી છે. ઇત્યાદિ - x - x - કલ્પ વિમાનોની ઉંચાઈ કહેવી. તે આ રીતે - ભગવન્ ! સૌધર્મ અને ઈશાન કલ્પે વિમાનો કેટલાં ઉંચા છે. ગૌતમ ! ૫૦૦ યોજન. - x - x - વિમાનોનો આકાર કહેવો. તે આ રીતે — ભગવન્ ! સૌધર્મ-ઈશાન કલ્પે વિમાનોનો આકાર કેવો છે ? ગૌતમ ! જે વિમાનો આવલિકા પ્રવિષ્ટ છે, તે ગોળ-ત્રિકોણ-ચતુષ્કોણ છે, જે આવલિકા પ્રવિષ્ટ નથી તે અનેક આકારવાળા છે. છેલ્લે અતિદેશથી કહે છે - વિમાનોનું પ્રમાણ, રંગ, કાંતિ આદિ કહેવા.

શતક-૨, ઉદ્દેશો-૭-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ

## ❀ શતક-૨, ઉદ્દેશો-૮-'ચમરચંચા' ❀

— x — x — x — x —

૦ દેવ સ્થાનાધિકારથી 'ચમરચંચા'ને જણાવે છે—

● **સૂત્ર-૧૪૦ :-**

***ભગવન્ ! અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની સુધર્માસભા ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપ દ્વીપના મેરુ પર્વતની દક્ષિણે તીર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રો ગયા***

*પછી અરુણવરદ્વીપના વેદિકાના બાહ્ય છેડાથી અરુણોદય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન ગયા પછી આ અસુરેન્દ્ર અસુરકુમાર રાજ ચમરનો તિગિચ્છિકકૂટ નામે ઉત્પાતપર્વત છે. તે ૧૭૨૧ યોજન ઉંચો છે, ૪૦૦ યોજન અને એક કોશ તેનો ઉદ્વેધ છે. તેનું માપ ગોસ્તુભ આવાસ પર્વત પ્રમાણે જાણવું. વિશેષ આ - ઉપરનું પ્રમાણ વચલા ભાગનું સમજવું અર્થાત્ તિગિચ્છિકકૂટ પર્વતનો વિષ્કંભ મૂળમાં ૧૦૨૨ યોજન વચ્ચે ૪૨૪ યોજન છે. ઉપરનો વિષ્કંભ ૭૨૩ યોજન છે. તેનો પરિક્ષેપ મૂળમાં ૩૨૩૨ યોજનથી કંઈક વિશેષ ઉણ છે. વચલો પરિક્ષેપ ૧૩૪૧ યોજનથી કંઈક વિશેષોણ છે. ઉપલો પરિક્ષેપ ૨૨૮૬ યોજનથી વિશેષાધિક છે. તે મૂળમાં વિસ્તૃત, મધ્યે સાંકડો અને ઉપર વિશાળ છે.*

*તેનો વચલો ભાગ ઉત્તમ વજ્ર જેવો છે, મોટા મુકુંદના સંસ્થાને સંસ્થિત છે. આખો રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે તે ઉત્તમ કમળની એક વેદિકા અને એક વનખંડથી ચોતરફથી વીંટળાએલ છે. પદ્મવર વેદિકા અને વનખંડનું વર્ણન જાણવું.*

*તે તિગિચ્છિક કૂટ ઉત્પાતપર્વતનો ઉપરનો ભાગ ઘણો સમરમણીય છે [વર્ણન]. તે બહુ સમરમણીય ભૂમિભાગના બહુ મધ્ય દેશ ભાગે એક મોટો પ્રાસાદાવતંસક છે, તેની ઉંચાઈ ૨૫૦ યોજન છે, વિષ્કંભ ૧૨૫ યોજન છે. [પ્રાસાદ વર્ણન] તેની ઉપરી ભાગનું વર્ણન કરવું. આઠ યોજનની મણિપિઠિકા છે. ચમરનું સિંહાસન પરિવાર સહિત કહેવું.*

*તે તિગિચ્છિકૂટ પર્વતની દક્ષિણે અરુણોદય સમુદ્રમાં ૬,૫૫,૩૫,૫૦,૦૦૦ યોજન તીર્છું જતા નીચે રત્નપ્રભા પૃથ્વીનો ૪૦ હજાર યોજન ભાગ ગયા પછી અહીં અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરની ચમરચંચા રાજધાની છે. તેનો આયામ-વિષ્કંભ એક લાખ યોજન છે. તે જંબૂદ્વીપ પ્રમાણ છે. તેનો પ્રાકાર ૧૫૦ યોજન ઉંચો છે, તેનો વિષ્કંભ મૂળમાં ૫૦ યોજન, ઉપરના ભાગનો વિષ્કંભ ૧૩॥ યોજન છે. તેના કાંગરાની લંબાઈ અડધો યોજન છે. પહોળાઈ એક કોશ છે. ઉંચાઈ કંઈક ન્યૂન અડધો યોજન છે. વળી એક-એક બાહામાં ૫૦૦-૫૦૦ દ્વારો છે. દ્વારની ઉંચાઈ ૨૫૦ યોજન, વિષ્કંભ ૧૨૫ યોજન છે. ઉપરિતલયન ૧૬,૦૦૦ યોજન આયામ-વિષ્કંભથી છે, પરિક્ષેપ ૫૦,૫૯૭ યોજનથી કંઈક વિશેષોન છે. સર્વ પ્રમાણ વડે વૈમાનિકના પ્રમાણથી અહીં બધું અડધું પ્રમાણ જાણવું.*

*સુધર્મસભા, ઈશાનકોણના જિનગૃહ, પછી ઉપપાત સભા, દ્રહ, અભિષેક, અલંકારસભા એ બધું વિજયદેવ માફક. સંકલ્પ, અભિષેક, વિભૂષણા, વ્યવસાય, અર્ચનિકા, સિદ્ધાયતન આ બધાંનો આલાવો, ચમરનો પરિવાર, ઈષ્ટત્વ.*

**● વિવેચન-૧૪૦ :-**

અસુરેન્દ્રત્વ માત્ર ઐશ્વર્યથી પણ હોય, તેથી કહે છે. અસુર રાજાનું - અસુર નિકાય જેને વશવર્તી છે તે. ચમરને તિર્છાલોકમાં જવું હોય ત્યારે જે પહેલો પર્વત આવે તે ઉત્પાત પર્વત. ગોસ્તુભ પર્વત લવણસમુદ્રની મધ્યે પૂર્વ દિશામાં નાગરાજ આવાસ



પર્વત છે. તેના આદિ-મધ્ય-અંતનું વિષ્કંભ પ્રમાણ આ છે – ૧૦૨૨, ૭૨૩, ૨૪૨ યોજન. અહીં વિશેષથી કહે છે – તેના વિષ્કંભ મૂલમાં ૧૦૨૨, મધ્યે-૪૨૪, ઉપર-૭૨૩ યોજન છે. પરિક્ષેપ મૂલમાં કંઈક વિશેષ ન્યૂન ૩૨૩૨ યોજન, મધ્યે-કંઈક વિશેષોન ૧૩૪૧, ઉપર સાધિક ૨૨૮૬ યોજન છે. બીજા પુસ્તકમાં આ બધી હકીકત મૂળમાં છે.

જેનો આકાર ઉત્તમ વજ્ર જેવો છે. એટલે વચ્ચે પાતળો. એ જ કહે છે – મુકુંદ એક વાદ્ય વિશેષ, આકાશ સ્ફટિકવત્ નિર્મળ. યાવત્ શબ્દથી શ્લક્ષ્ણ-શ્લક્ષ્ણ પુદ્‌ગલથી બનેલ, સુંવાળો, ઘૃષ્ઠ એટલે શરાણ પર ઘસેલ પ્રતિમા માફક ઘસેલ, સુકુમાર શરાણથી પ્રતિમા કે પ્રમાર્જનિકા વડે શોધિત, તેથી જ રજરહિત, કઠિનમલ રહિત, આર્દ્રમલ રહિત, નિરાવરણ દીપ્તિ, સારા પ્રભાવવાળો, કિરણવાળો, નજીકના પદાર્થને ઉદ્યોતક, પ્રાસાદીય.

વેદિકા વર્ણન - તે પદ્મવરવેદિકા અર્ધ યોજન ઉંચી, વિષ્કંભ ૫૦૦ ધનુષ્, રત્નની બનેલી છે, તેનો પરિક્ષેપ તિગિચ્છિકૂટના ઉપરના ભાગના પરિક્ષેપ જેટલો છે. વેદિકાનું સંક્ષિપ્ત વર્ણન આ હતું નેમ-સ્તંભના મૂળ પાયા. વનખંડ વર્ણન આ - ઘેરાવો દેશોન બે યોજન. પરિક્ષેપ પદ્મવરવેદિકાના પરિક્ષેપ જેટલો છે. તે કૃષ્ણ અને કૃષ્ણ કાંતિવાળો છે ઇત્યાદિ.

તેનો ભૂમિભાગ તદ્દન સમ અને રમણીય છે. તેનું વર્ણન આ - તે ભૂમિ ભાગ મુરજ મુખ સમાન છે, તે મૃદંગ પુષ્કર જેવો, સરોવરના તલ, આદર્શમંડલ, હાથના તલ, ચંદ્રમંડલ જેવો છે.

પ્રાસાદાવતંસક - સૌથી સારો, ઉંચો પ્રાસાદ. તેનું વર્ણન આ છે - તે વાદળા માફક ઉંચો, અત્યંત ચળકતો હોવાથી હસતો હોય તેવો, કાંતિથી ધોળો અથવા પ્રભાસિત છે. મણિ-સોનું અને રત્નોની કારીગરીથી વિચિત્ર છે ઇત્યાદિ. પ્રાસાદના ઉપરી ભાગનું વર્ણન કરવું. તે આ – તેના ઉપરી ભાગમાં બળદ, ઘોડો, પુરુષ, મગર, પક્ષી, મિંદડો, કિન્નર, સાવર, શરભ, ચમર, હાથી, વન, વલોયું, પદ્મની વેલ એ બધાંની કારીગરીવાળા ચિત્ર હતાં. યાવત્ તે સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

ભૂમિનું વર્ણન - તે ઉત્તમ ઉંચા પ્રાસાદનો ભૂમિભાગ તદ્દન સમ અને સુંદર છે, મુરજના મુખ જેવો છે ઇત્યાદિ.

ચમરના પરિવારના સિંહાસન સહિત સિંહાસન કહેવું. તે આ – સિંહાસનની વાયવ્ય-ઉત્તર-ઈશાને ચમરના ૬૪,૦૦૦ સામાનિક દેવોના ૬૪,૦૦૦ ભદ્રાસનો છે. પૂર્વમાં પરિવારસહિત પાંચ પટ્ટરાણીના પાંચ ભદ્રાસન સપરિવાર છે. અગ્નિ ખૂણામાં અભ્યંતર પર્ષદાના ૨૪,૦૦૦ દેવોનો ૨૪,૦૦૦ ભદ્રાસનો છે. દક્ષિણમાં મધ્યમ પર્ષદાના ૨૮,૦૦૦ ભદ્રાસનો, નૈઋત્યમાં બાહ્ય પર્ષદાના ૩૨,૦૦૦ ભદ્રાસનો છે. પશ્ચિમે સાત સેનાધિપતિના સાત ભદ્રાસનો છે. ચારે દિશામાં આત્મરક્ષક દેવોના ૬૪-૬૪ હજાર ભદ્રાસનો છે. વાંચનાંતરમાં ભૌમ - નગરાકાર વિશિષ્ટ સ્થાન પાઠ છે, ઉપરિલયન એટલે પીઠબંધ સમાન.

તે રાજધાનીમાં જે કિલ્લો, પ્રાસાદ, સભાદિ વસ્તુ છે, તેનું ઉંચાઈ આદિનું

પ્રમાણ સૌધર્મ વિમાનના કિલ્લાદિ કરતા અડધું છે. સૌધર્મ વિમાનોના પ્રાકાર ૩૦૦ યોજન ઉંચા છે, તેથી અહીં ૧૫૦ યોજન. સૌધર્મ દેવોનો મૂલ પ્રાસાદ ૫૦૦ યોજન અને તેના પરિવારરૂપ બીજા ચાર પ્રાસાદો ૨૫૦ યોજન ઉંચા છે, તે ચાર પ્રાસાદની પ્રત્યેકની આસપાસ બીજા ચાર-ચાર પ્રાસાદો છે, તેની ઉંચાઈ ૧૨૫ યોજન છે. તે ચારે પ્રાસાદોની આસપાસ બીજા ચાર-ચાર પ્રાસાદો છે, તે ૬૨॥ યોજન, એ પ્રમાણે બીજા ચાર પ્રાસાદો ૩૧। યોજન. તેથી અહીં તે બધાંનું અડધું કહેવું.

ચારે પરિપાટીમાં બધાં મળીને ૩૪૧ પ્રાસાદો છે. તેનાથી ઈશાનમાં સુધર્માસભા, સિદ્ધાયતન, ઉપપાત સભા, દ્રહ, અભિષેક સભા અને વ્યવસાય સભા છે. તે બધાંનું પ્રમાણ સૌધર્મદેવોની સભા કરતા અડધું જાણવું. તેથી તેની ઉંચાઈ ૩૬ યોજન, લંબાઈ-૫૦ યોજન, વિષ્કંભ-૨૫ યોજન છે. વિજય દેવની સભા - x - માફક - x - વર્ણન કરવું જીવાભિગમ સૂત્રમાં વિજયદેવની સભામાં જે કહ્યું તે બધું અહીં ચમર સભામાં કહેવું - x - x - x - વાંચનાંતરે આ બધું અર્થથી કહ્યું છે. अभिषेक सभा - સામાનિક દેવાદિકૃત્ અભિષેક, अलंकार सभा - વસ્ત્ર અલંકારથી કરેલ શણગાર, વ્યવસાય સભા - પુસ્તક વાંચનથી વ્યવસાય કરવો, સિદ્ધાયતનમાં-જિનપ્રતિમા-પૂજન વગેરે.

**શતક-૨, ઉદ્દેશો-૮-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૯-સમયક્ષેત્ર ❀

— x — x — x — x —

૦ ચમરચંચા રૂપ ક્ષેત્ર કહ્યું, અહીં સમય ક્ષેત્ર કહે છે —

● **સૂત્ર-૧૪૧ :-**

***ભગવન્ ! આ સમયક્ષેત્ર શું કહેવાય છે ? ગૌતમ ! અઢી દ્વીપ અને બે સમુદ્ર એટલું એ સમયક્ષેત્ર કહેવાય. તેમાં આ જંબૂદ્વીપ છે તે બધાં દ્વીપ-સમુદ્રોની વચ્ચોવચ્ચ છે. એ પ્રમાણે બધું જીવાભિગમ સૂત્ર મુજબ કહેવું યાવત્ અભ્યંતરપુષ્કરાર્ધદ્વીપ. પણ તેમાં જ્યોતિષ્કની હકીકત ન કહેવી.***

● **વિવેચન-૧૪૧ :-**

સમય એટલે કાળ, તેનાથી ઉપલક્ષિત ક્ષેત્ર તે સમયક્ષેત્ર. સૂર્યગતિથી ઓળખાતો દિવસ, માસાદિ રૂપ કાળ, મનુષ્ય ક્ષેત્રમાં જ છે, આગળ નથી. કેમકે આગળ સૂર્યો ગતિવાળા નથી. એ રીતે જીવાભિગમ વક્તવ્યતા કહેવી. તે આ રીતે - ૧૦૦૦ યોજનનો આયામ-વિષ્કંભ છે, ઇત્યાદિ. ત્યાં જંબૂદ્વીપાદિ મનુષ્ય ક્ષેત્ર વક્તવ્યતા કહી છે. જ્યોતિષ્ક વક્તવ્યતા પણ ત્યાં છે, તે અહીં ન કહેવી.

વાચનાંતરમાં जोइसअट्ठविहूणं પાઠ છે. તેમાં - ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસે છે ? કેટલા સૂર્યો તપે છે ? કેટલા નક્ષત્રો યોગ કરે છે ? ઇત્યાદિ પ્રત્યેક જ્યોતિષ્ક સૂત્રો છે. ભગવન્ ! આ જંબૂદ્વીપ દ્વીપ એમ કેમ કહ્યું ? ગૌતમ ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે, લવણસમુદ્રની દક્ષિણે યાવત્ ત્યાં ઘણાં જંબૂવૃક્ષો જંબૂવર્ણના



યાવત્ રહેલા છે, તેથી હે ગૌતમ ! આ જંબૂદ્વીપ છે તેમ કહ્યું. આદિ પ્રત્યેક અર્થસૂત્રો છે એ સિવાયની જીવાભિગમની વક્તવ્યતા કહેવી.

યાવત્ - આ સંગ્રહ ગાથા - अरहंत समय बादर० ત્યાં આ સંબંધથી તેનો અર્થ પ્રસંગ પ્રાપ્ત છે. જંબૂદ્વીપાદિથી માનુષોત્તર સુધીના વર્ણનને અંતે કહ્યું છે - જ્યાં સુધી માનુષોત્તર પર્વત છે, ત્યાં સુધી મનુષ્ય લોક છે. જ્યાં સુધી અરહંત, ચક્રવર્તી યાવત્ શ્રાવિકાદિ છે, ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી સમય, આવલિકાદિ છે યાવત્ ત્યાં સુધી મનુષ્યલોક છે. જ્યાં સુધી સ્થૂળ અગ્નિકાય છે, સ્થૂળ વિજળી, મેઘના સ્થૂળ ગડગડાટાદિ છે ત્યાં સુધી આ લોક છે. જ્યાં સુધી આગર, નિધિ, નદી છે ત્યાં સુધી આ લોક છે. ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ થાય છે, ત્યાં સુધી આલોક છે ઇત્યાદિ.

**શતક-૨, ઉદ્દેશો-૯નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૨, ઉદ્દેશો-૧૦ 'અસ્તિકાય' ❀

— x — x — x — x — x —

૦ અનંતર ક્ષેત્ર કહ્યું, તે અસ્તિકાયના દેશરૂપ હોવાથી —

● **સૂત્ર-૧૪૨,૧૪૩ :-**

***[૧૪૨] ભગવન્ ! અસ્તિકાયો કેટલા કહ્યા ? ગૌતમ ! પાંચ૦ તે આ — ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય - ભગવન્ ! ધર્માસ્તિકાયના કેટલા-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. ગૌતમ ! તેમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી, તે અરૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોક દ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ પ્રકારે છે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, ગુણથી. દ્રવ્યથી-ધર્માસ્તિકાય એક દ્રવ્ય છે, ક્ષેત્રથી તે લોક પ્રમાણ માત્ર છે, કાળથી તે કદી ન હતું એમ નથી - નથી એમ નથી - યાવત્ - તે નિત્ય છે. ભાવથી તે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે, ગુણથી તે ગતિગુણવાળો છે.***

***અધર્માસ્તિકાય પણ એમજ છે. વિશેષ એ કે તે સ્થિતિ ગુણવાળો છે. આકાશાસ્તિકાય એમ જ છે. વિશેષ આ - આકાશાસ્તિકાય ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ, અનંત યાવત્ અવગાહના ગુણવાળો છે.***

***ભગવન્! જીવાસ્તિકાયને કેટલા — વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. ગૌતમ! તે વર્ણરહિત યાવત્ અરૂપી છે, જીવ છે, શાશ્વત. અવસ્થિત લોકદ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ ભેદે છે — દ્રવ્યથી યાવત્ ગુણથી. દ્રવ્યથી જીવાસ્તિકાય અનંત જીવદ્રવ્યરૂપ છે. ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે. કાળથી કદી ન હતો તેમ નહીં યાવત્ નિત્ય છે. ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શરહિત છે. ગુણથી ઉપયોગ ગુણવાળો છે.***

***ભગવન્ ! પુદ્ગલાસ્તિકાયમાં કેટલા — વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે ? ગૌતમ ! પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ, આઠ સ્પર્શવાળો, રૂપી, અજીવ, શાશ્વત, અવસ્થિત લોકદ્રવ્ય છે. તે સંક્ષેપથી પાંચ ભેદે છે - દ્રવ્ય યાવત્ ગુણથી. દ્રવ્યથી પુદ્ગલાસ્તિકાય અનંત દ્રવ્ય છે, ક્ષેત્રથી લોક પ્રમાણ માત્ર છે, કાળથી કદી ન***

*હતો તેમ નથી યાવત્ નિત્ય છે, ભાવથી-વર્ણાદિયુક્ત છે, ગુણથી ગ્રહણગુણી છે.*

*[૧૪૩] ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ તે ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એ રીતે બે, ત્રણ, ચાર યાવત્ દશ, સંખ્યાત, અસંખ્યાત ધર્માસ્તિકાય પ્રદેશને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એક પ્રદેશોન પણ ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય કહેવાય ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો ? એક ધર્માસ્તિકાય પ્રદેશ ધર્માસ્તિકાય ન કહેવાય યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાય ધર્માસ્તિકાય ન કહેવાય ? ગૌતમ ! ચક્રનો ભાગ ચક્ર કહેવાય કે સકલ ચક્ર ? ભગવન્ ! આખું ચક્ર ચક્ર કહેવાય, તેનો ખંડ નહીં. એ રીતે છત્ર, ચર્મ, દંડ, વસ્ત્ર, શસ્ત્ર, મોદક. એ રીતે હે ગૌતમ ! એક ધર્માસ્તિકાય પ્રદેશ યાવત્ એક પ્રદેશ ન્યૂન ધર્માસ્તિકાયને ધર્માસ્તિકાય ન કહેવાય. તો ભગવન્ ! ધર્માસ્તિકાય શું કહેવાય ? ગૌતમ ! ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશ છે. તે સર્વે પૂર્ણ, પ્રતિપૂર્ણ, નિરવશેષ, એવા એક જ શબ્દથી કહી શકાય તો ધર્માસ્તિકાય કહેવાય. એ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાયને જાણવા. વિશેષ એ — ત્રણ અનંતપ્રદેશિક જાણવા. બાકી બધું તે જ પ્રમાણે સમજવું.*

● **વિવેચન-૧૪૨,૧૪૩ :-**

અસ્તિ એટલે પ્રદેશ, તેની રાશિ એટલે અસ્તિકાય અથવા અસ્તિ એ ત્રણે કાળનો સૂચક નિપાત છે. અર્થાત્ જે થયા છે - થાય છે અને થશે એવા પ્રદેશોનો સમૂહ તે 'અસ્તિકાય'. ધર્માસ્તિકાયાદિનો આ જ ક્રમ છે. માંગલિકત્વથી ધર્માસ્તિકાય પહેલાં કહ્યું, પછી તેના વિપક્ષ રૂપ અધર્માસ્તિકાય, પછી તેના આધારરૂપ આકાશાસ્તિકાય કહ્યું. પછી અનંતત્વ-અમૂર્તત્વ-સાધર્મ્યતાથી જીવાસ્તિકાય લીધું. તેના ઉપયોગીપણાથી પછી પુદ્‌ગલાસ્તિકાય મૂક્યું.

વર્ણાદિ રહિત હોવાથી અરૂપી-અમૂર્ત છે. પણ તે ધર્મ રહિત નથી. તે દ્રવ્યથી શાશ્વત અને પ્રદેશથી અવસ્થિત છે. પાંચ અસ્તિકાય એ લોકના અંશરૂપ દ્રવ્ય છે. ભાવથી એટલે પર્યાયથી, ગુણથી એટલે કાર્યથી. માછલાને પાણીની માફક ગતિપરિણત જીવ-પુદ્‌ગલોને ગતિમાં સહાયક છે. અધર્માસ્તિકાય-સ્થિતિપરિણત જીવ-પુદ્‌ગલોને સ્થિતિમાં સહાયક છે. જીવાદિને અવકાશનું કારણ છે માટે આકાશાસ્તિકાય અવગાહના ગુણવાળું છે. ઉપયોગ એટલે સાકાર-નિરાકાર ચૈતન્ય ગુણ. ગ્રહણ એટલે પરસ્પર સંબંધ. કેમકે ઔદારિકાદિ અનેક પુદ્‌ગલો સાથે જીવનો સંબંધ છે.

જેમ ચક્રનો ખંડ ચક્ર ન કહેવાય, પણ આખું ચક્ર જ ચક્ર કહેવાય. એ રીતે એક પ્રદેશ ન્યૂન પણ તે ધર્માસ્તિકાય ન કહેવાય. આ નિશ્ચયનયનો મત છે. વ્યવહારનયથી એક દેશ ન્યૂન પણ વસ્તુ વસ્તુ જ કહી. જેમ ઘટનો ખંડ પણ ઘટ કહેવાય. છિન્ન કર્ણ હોય તો પણ કુતરો કુતરો કહેવાય. - x - હવે શું વળી - થોડાં ઘણાં પદાર્થો પણ પદાર્થો કહેવાય કેમકે સર્વ શબ્દ એકદેશીયતાનો સૂચક છે. અહીં સર્વ શબ્દની પ્રવૃત્તિ ન થાય, તે માટે કહ્યું પુરેપુરા - સર્વ પ્રકારે બધાં, તે સ્વભાવરહિત



પણ હોય, માટે કહ્યું — પ્રતિપૂર્ણ. - x - વળી કહે છે — નિરવશેષ એટલે પ્રદેશાંતરથી પણ સ્વસ્વભાવે ન્યૂન નહીં, ધર્માસ્તિકાયરૂપ એક શબ્દથી કહી શકાય તેવા અથવા આ બધાં શબ્દો સમાનાર્થી છે. ધર્મ-અધર્મ બંનેના અસંખ્ય પ્રદેશો કહ્યા. આકાશાદિના અનંતા કહ્યા, કેમકે તે ત્રણે અનંત પ્રદેશાત્મક છે. જીવનો ઉપયોગ ગુણ પૂર્વે કહ્યો. તેના દેશભૂત ગુણને કહે છે —

● **સૂત્ર-૧૪૪ :-**

*ભગવન્ ! ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમી જીવ આત્મભાવથી જીવ ભાવને દેખાડે છે એમ કહેવાય ? હે ગૌતમ ! હા, કહેવાય. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જીવ અનંત આભિનિબોધિક જ્ઞાન પર્યવોના, એ રીતે શ્રુત-અવધિ - મનઃપર્યવ - કેવળજ્ઞાનના અનંત પર્યવોના, મતિ-શ્રુત અજ્ઞાન અને વિભંગજ્ઞાનના પર્યવોના, ચક્ષુ-અચક્ષુ-અવધિ-કેવલદર્શનના અનંત પર્યવોના ઉપયોગને પામે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે. તેથી એમ કહેવાય કે જીવ સઉત્થાનાદિથી યાવત્ જીવભાવ દેખાડે.*

● **વિવેચન-૧૪૪ :-**

ઉત્થનાદિ વિશેષણ હોવાથી અહીં મુક્ત જીવ લેવાનો નથી. આત્મભાવથી - ઉઠવું, સૂવું, જવું, ખાવું આદિ આત્મ પરિણામ વિશેષ. જીવત્વ-ચૈતન્યને દેખાડે છે એમ કહેવાય કેમકે જ્યારે વિશિષ્ટ ચેતના શક્તિ હોય ત્યારે વિશિષ્ટ ઉત્થાનાદિ હોય.

પર્યવ એટલે બુદ્ધિથી કરેલ વિભાગ. આભિનિબોધિક જ્ઞાનના તે પર્યવો અનંત હોય એથી ઉત્થાનાદિ ભાવે વર્તતો આત્મા તે સંબંધી ઉપયોગને આભિનિબોધિક જ્ઞાનના પર્યવરૂપ એક પ્રકારના ચૈતન્યને પામે છે.

[શંકા] ઉત્થાનાદિ આત્મભાવમાં વર્તતો જીવ જ્ઞાનાદિના ઉપયોગને પામે, તો શું તેણે પોતાનું ચૈતન્ય પ્રકાશ્યુ કહેવાય? પૂર્વ પ્રમાણે - ઉત્થાનાદિરૂપ આત્મભાવ દ્વારા ઉપયોગરૂપ જીવભાવને દર્શાવે છે એમ કહેવાય.

જીવ ચિંતા સૂત્ર કહ્યું. હવે તેનો આધાર ''આકાશચિંતા'' કહે છે—

● **સૂત્ર-૧૪૫ :-**

*ભગવન્ ! આકાશ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે ભેદે - તે આ - લોકાકાશ અને અલોકાકાશ. — ભગવન્ ! શું લોકાકાશ એ જીવો છે, જીવદેશ છે, જીવપ્રદેશ છે, અજીવ છે, અજીવદેશ છે, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! તે જીવ પણ છે, જીવદેશ-જીવપ્રદેશ પણ છે, અજીવ પણ છે, અજીવદેશ-અજીવપ્રદેશ પણ છે. જે જીવો છે તે નિયમા એક-બે-ત્રણ-ચાર-પાંચ ઈન્દ્રિયો અને અનિન્દ્રિયો છે. જે જીવદેશો છે તે નિયમા એકેન્દ્રિય દેશો યાવત્ અનિન્દ્રિય દેશો છે. જે જીવપ્રદેશો છે, તે નિયમા એકેન્દ્રિયપ્રદેશો યાવત્ અનિન્દ્રિયપ્રદેશો છે. અજીવો બે ભેદે છે. તે આ - રૂપી અને અરૂપી. રૂપી ચાર ભેદે છે, તે આ — સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ પુદ્‌ગલો. અરૂપી પાંચ ભેદે છે તે આ — ધર્માસ્તિકાય, નોધર્માસ્તિકાયદેશ, ધર્માસ્તિકાય પ્રદેશો, અધર્માસ્તિકાય,*

***નોઅધર્માસ્તિકાય દેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, અદ્ધાસમય.***

● **વિવેચન-૧૪૫ :-**

લોકાકાશ, અલોકાકાશનું સ્વરૂપ આ છે — જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો રહે તે ક્ષેત્ર, તે દ્રવ્યો સહિત લોક અને તેથી ઉલટું તે અલોક. લોકાકાશાદિમાં છ પ્રશ્નો છે. તેમાં લોકાકાશરૂપ અધિકરણમાં સંપૂર્ણ જીવદ્રવ્યો છે. જીવના બુદ્ધિકલ્પિત બે વગેરે વિભાગો તે જીવદેશ. જીવ દેશના જ બુદ્ધિકલ્પિત નિર્વિભાગ પ્રકૃષ્ટ દેશો તે જીવપ્રદેશો. અજીવો એટલે ધર્માસ્તિકાય આદિ.

(શંકા) લોકાકાશમાં જીવ, અજીવ છે એમ કહેવાથી જીવો અને અજીવોના દેશો, પ્રદેશો છે જ તે જણાય છે, કેમકે તે દેશાદિ જીવ થકી નોખા નથી. તો પછી જીવ-અજીવના ગ્રહણ પછી દેશાદિનું ગ્રહણ શા માટે? — એવું નથી, જીવાદિ અવયવરહિત વસ્તુ છે તે મતના નિવારણ માટે છે. [પૂર્વે છ પ્રશ્નો કહ્યા, તેનો ઉત્તર આ છે—]

જીવા વિ. સૂત્રથી આદિ ત્રણ પ્રશ્નોના ઉત્તરો કહ્યા છે. છેલ્લા ત્રણ પ્રશ્નોનો ઉત્તર આ છે - પુદ્ગલો મૂર્ત છે. ધર્માસ્તિકાયાદિ અમૂર્ત છે. પરમાણુનો સમૂહ તે સ્કંધો, તેના બે વગેરે વિભાગ તે સ્કંધદેશો, તેના અવિભાજ્ય અંશો તે સ્કંધ પ્રદેશો. સ્કંધભાવને નહીં પામેલા પરમાણુ તે પરમાણુ પુદ્ગલો. તેથી લોકાકાશમાં રૂપી દ્રવ્યાપેક્ષાથી અજીવો, અજીવ દેશો, અજીવ પ્રદેશો પણ છે. અજીવ ગ્રહણથી તે ગ્રાહ્ય છે.

અરૂપીના અન્ય સ્થાને દશ ભેદ કહ્યા — આકાશાસ્તિકાય, આકાશાસ્તિકાય દેશ, આકાશાસ્તિકાય પ્રદેશ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાયના ત્રણ-ત્રણ ભેદો અને દશમો સમય. અહીં ત્રણ ભેદવાળા આકાશને આધાર રૂપે ગણેલ છે, તેથી આધેયના સાત ભેદ કહ્યા. પણ તેની અહીં વિવક્ષા કરી નથી, તેનું કારણ આગળ જણાવશે.

જેની વિવક્ષા કરી છે તે પાંચ, કેવી રીતે ? જીવો અને પુદ્ગલો ઘણાં છે માટે એક જ જીવ કે પુદ્ગલ જ્યાં સમાઈ શકે તેટલી જ જગ્યામાં અનેક જીવો અને પુદ્ગલો સમાઈ શકે છે. તેથી જીવો અને પુદ્ગલો તથા તેઓના દેશો, પ્રદેશો સંભવે છે, તેથી જીવો, જીવદેશો અને જીવપ્રદેશો તથા રૂપી દ્રવ્યની અપેક્ષાએ અજીવો, અજીવ દેશો અને અજીવ પ્રદેશો એમ કહેવું સંગત છે કેમકે એક જ આશ્રયમાં જુદી જુદી ત્રણ વસ્તુનો સદ્ભાવ છે. ધર્માસ્તિકાયાદિમાં તો બે જ સંભવે છે. જ્યારે સંપૂર્ણ વસ્તુની વિવક્ષા થાય ત્યારે ધર્માસ્તિકાયાદિ કહેવાય છે. જ્યારે તેની અંશ વિવક્ષામાં તેના પ્રદેશ કહેવાય. કેમકે તેમનું અવસ્થિતરૂપત્વ છે. તેના દેશની કલ્પના અયુક્ત છે કેમકે તે અવસ્થિત રૂપવાળા નથી. જો કે જીવાદિ દેશો પણ અનવસ્થિતરૂપ છે. તો પણ તેઓના એક આશ્રયમાં ભેદના સંભવથી પ્રરૂપણા કરી છે અને ધર્માસ્તિકાયાદિમાં તેમ નથી કેમકે તે એક છે, સંકોચાદિ ધર્મરહિત છે. માટે જ તેનો નિષેધ કરવા નોધર્માસ્તિકાયદેશાદિ કહ્યું.

ચૂર્ણિકાર પણ કહે છે — અરૂપી દ્રવ્યો 'સમુદય' શબ્દથી કહેવાય છે અથવા તેને પ્રદેશથી કહેવા, પણ 'દેશ' શબ્દથી ન કહેવા. કેમકે તેઓના દેશોનું અનવસ્થિત પ્રમાણ છે. તેથી 'દેશ' શબ્દથી તેનો નિર્દેશ ન કરવો. વળી જે 'દેશ'થી નિર્દેશ છે.



તે સવિષય-ગત વ્યવહાર-પરદ્રવ્ય સ્પર્શનાદિ ગત વ્યવહારસ્થ છે. તેમાં સ્વવિષયમાં ધર્માસ્તિકાયાદિ વિષયમાં જે દેશ શબ્દનો વ્યવહાર - જેમકે - ધર્માસ્તિકાય પોતાના દેશ વડે ઉર્ધ્વ લોકાકાશને સ્પર્શે છે ઇત્યાદિ. અદ્ધાસમય - અદ્ધા એટલે કાળ, સમય એટલે ક્ષણ. તે એક જ વર્તમાન ક્ષણ લક્ષણ છે. કેમકે ભૂતકાળ, ભાવિકાળ અસત્ રૂપ છે. - - લોકાકાશના છ પ્રશ્નોના ઉત્તર કહ્યા. હવે અલોકાકાશ—

● **સૂત્ર-૧૪૬,૧૪૭ :-**

***[૧૪૬] ભગવન્ ! શું અલોકાકાશ એ જીવો છે ? વગેરે પૂર્વવત્ પૃચ્છા, હે ગૌતમ ! તે જીવો નથી યાવત્ અજીવના પ્રદેશો પણ નથી, તે એક અજીવદ્રવ્ય દેશ છે. અગુરુલઘુ તથા અગુરુલઘુરૂપ અનંત ગુણોથી સંયુક્ત છે અને અનંત ભાગ ન્યૂન સર્વાકાશરૂપ છે.***

***[૧૪૭] ધર્માસ્તિકાય, ભગવન્ ! કેટલો મોટો છે ? ગૌતમ ! તે લોક, લોકમાત્ર, લોકપ્રમાણ, લોકસ્પૃષ્ટ, લોકને જ સ્પર્શીને રહ્યો છે. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશ, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય એ પાંચે સંબંધે એક સરખો જ આલાવો છે.***

● **વિવેચન-૧૪૬,૧૪૭ :-**

[૧૪૬] જેમ લોકાકાશના પ્રશ્નો કર્યા તેમ અલોકાકાશના જાણવા. - ભગવન્ ! અલોકાકાશમાં જીવ, જીવ દેશ યાવત્ અજીવ પ્રદેશ છે ? આ છે એ નથી. અલોકાકાશનું દેશત્વ લોકાલોકરૂપ આકાશ દ્રવ્યના એક ભાગરૂપ છે. કેમકે તે ગુરુલઘુ નથી. સ્વ-પર પર્યાયરૂપ અગુરુલઘુ સ્વભાવવાળા અનંત ગુણોથી યુક્ત છે, કેમકે અલોકાકાશની અપેક્ષાએ લોકાકાશ અનંત ભાગરૂપ છે.

અનંતરોક્ત ધર્માસ્તિકાયાદિને પ્રમાણથી નિરૂપે છે —

[૧૪૭] ધર્માસ્તિકાય કેટલો મોટો છે ? લોકના માપથી કે લોકના વ્યપદેશથી તેને લોક (રૂપ) કહ્યો છે. કહે છે — પંચાસ્તિકાયમય લોક છે, ઇત્યાદિ. અથવા તે લોકમાં રહેલો છે. - x - તે લોક પરિમાણ છે. કિંચિત્ ન્યૂન હોવા છતાં વ્યવહારથી લોક પ્રમાણ કહ્યો છે. લોકના પ્રદેશો જેટલા ધર્માસ્તિકાયના પ્રદેશો છે. તે અન્યોન્ય અનુબંધ વડે રહેલ છે. પોતાના બધાં પ્રદેશો વડે લોકને અડકીને રહેલો છે.

હમણાં કહ્યું — પુદ્ગલાસ્તિકાય લોકને અડકીને રહ્યો છે. સ્પર્શના અધિકારથી અધોલોકાદિમાં ધર્માસ્તિકાય સ્પર્શના કહે છે—

● **સૂત્ર-૧૪૮ :-**

***ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા ભાગને અધોલોક સ્પર્શે છે? ગૌતમ! સાતિરેક અર્ધાભાગને. — ભગવન્! તિર્છાલોકનો પ્રશ્ન - ગૌતમ! અસંખ્યેય ભાગને સ્પર્શે છે. - ભગવન્! ઉર્ધ્વલોકનો પ્રશ્ન - ગૌતમ! દેશોન અર્ધભાગને સ્પર્શે છે.***

● **વિવેચન-૧૪૮ :-**

ધર્માસ્તિકાય લોકવ્યાપી હોવાથી અને અધોલોકનું પ્રમાણ સાત રાજથી કંઈક

વધુ છે તેથી, સાતિરેક અર્ધ કહ્યું. ધર્માસ્તિકાયનું પ્રમાણ અસંખ્યાત યોજન છે અને તિર્છા લોકનું પ્રમાણ ૧૮૦૦ યોજન છે માટે તિર્છાલોક ધર્માસ્તિકાયના અસંખ્યાતમાં ભાગે છે, માટે તે તેના અસંખ્ય ભાગને સ્પર્શે છે.

ઉર્ધ્વલોક દેશોન સાત રાજ છે માટે દેશોનાર્દ્ધ કહ્યું.

● **સૂત્ર-૧૪૯,૧૫૦ :-**

*[૧૪૯] ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વી શું ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે કે અસંખ્યાત ભાગને કે સંખ્યાત ભાગોને કે અસંખ્યાત ભાગોને કે તેને આખાને સ્પર્શે છે? ગૌતમ! તે સંખ્યાત ભાગને નથી સ્પર્શતી, પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે, સંખ્યાત ભાગો કે અસંખ્યાત ભાગો કે આખાને સ્પર્શતી નથી.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના અવકાશાંતર, ઘનોદધિની ધર્માસ્તિકાય વિશે પૃચ્છા - શું સંખ્યાતભાગને સ્પર્શે છે ? ઇત્યાદિ. જેમ રત્નપ્રભા વિશે કહ્યું, તેમ ઘનોદધિ, ઘનવાત, તનુવાતને કહેવા. - - ભગવન્ ! આ રત્નપ્રભાનું અવકાશાંતર ધર્માસ્તિકાયના શું સંખ્યાત ભાગને સ્પર્શે છે ? ઇત્યાદિ. ગૌતમ ! સંખ્યાત ભાગને સ્પર્શે પણ અસંખ્યાત ભાગને, સંખ્યાત ભાગોને, અસંખ્યાત ભાગોને, બધાંને ન સ્પર્શે.*

*એ રીતે રત્નપ્રભા પૃથ્વીમાં કહ્યું તેમ બધાં અવકાશાંતર જાણવા. યાવત્ સાતમી પૃથ્વી સુધી સમજવું. તથા જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણાદિ સમુદ્રો, સૌધર્મકલ્પ યાવત્ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી, તે બધાં પણ અસંખ્યાત ભાગને સ્પર્શે છે. બાકીની સ્પર્શનાનો નિષેધ કરવો. એ પ્રમાણે અધર્માસ્તિકાય, લોકાકાશને કહેવા.*

*[૧૫૦] પૃથ્વી, ઉદધિ, ઘનવાત, તનુવાત, કલ્પો, ગ્રૈવેયક, અનુત્તરો, સિદ્ધિ એ બધાંના અંતરો ધર્માસ્તિકાયના સંખ્યાત ભાગને સ્પર્શે છે અને બાકી બધાં અસંખ્યાત ભાગને સ્પર્શે છે.*

● **વિવેચન-૧૪૯,૧૫૦ :-**

અહીં પ્રત્યેક પૃથ્વીના પાંચ સૂત્રો, દેવલોકના બાર સૂત્રો, ગ્રૈવેયકના ત્રણ સૂત્રો, અનુત્તર અને ઈષત્ પ્રાગ્ભારાના બે સૂત્રો એ રીતે-૫૨-સૂત્રો કહેવા. તેમાં અવકાશાંતરો સંખ્યેય ભાગને સ્પર્શે છે, બીજા બધાં અસંખ્યેય ભાગને સ્પર્શે છે - એ ઉત્તર છે. અધર્માસ્તિકાય અને લોકાકાશમાં આ સૂત્રો જ કહેવા.

**શતક-૨, ઉદ્દેશક-૧૦-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૩ 卐

૦ બીજા શતકની વ્યાખ્યા કરી, હવે ત્રીજાની કરીએ છીએ. તેનો સંબંધ આ છે - અનંતર અસ્તિકાય કહ્યા. અહીં તેના વિશેષભૂત જીવાસ્તિકાયના વિવિધ ધર્મો કહે છે, એ સંબંધ. ઉદ્દેશ સંગ્રહ ગાથા—

● **સૂત્ર-૧૫૧ :-**

*ત્રીજા શતકમાં દશ ઉદ્દેશો છે :— (૧) ચમરની વિકુર્વણા શક્તિ, (૨) ચમરોત્પાત, (૩) ક્રિયા, (૪) યાન, (૫) સ્ત્રી, (૬) નગર, (૭) લોકપાલ, (૮) દેવાધિપતિ, (૯) ઈન્દ્રિય, (૧૦) પર્ષદા.*

● **વિવેચન-૧૫૧ :-**

ચમરેન્દ્રની વિકુર્વણાશક્તિ કેવી છે ? ઇત્યાદિ પ્રશ્નના નિર્વચન માટે પહેલો ઉદ્દેશો. ચમરોત્પાત નામે બીજો, કાયિકી આદિ ક્રિયાને જણાવવા ત્રીજો, દેવે વિકુર્વેલ યાનને સાધુ જાણે ? તે અર્થના નિર્ણય માટે ચોથો, સાધુ બાહ્ય પુદ્ગલોને લઈને સ્ત્રી આદિના રૂપો વિકુર્વી શકે ? તે માટે પાંચમો. વારાણસીમાં સમુદ્ઘાત કરેલ સાધુ રાજગૃહના રૂપોને જાણે ? તે માટે છઠ્ઠો. સોમાદિ ચાર લોકપાલને કહેનારો સાતમો, અસુરાદિના ઈન્દ્રોને જણાવતો આઠમો, ઈન્દ્રિયના વિષયોનો નવમો અને ચમરની પર્ષદાનો દશમો ઉદ્દેશો છે.

### ❀ શતક-૩, ઉદ્દેશો-૧ 'ચમર વિકુર્વણા' ❀

-- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૧૫૨ :-**

*તે કાળે તે સમયે મોકા નામે નગરી હતી. [વર્ણન] તે મોકા નગરી બહાર ઈશાનકોણમાં નંદન નામે ચૈત્ય હતું [વર્ણન] તે કાળે તે સમયે સ્વામી સમોસર્યા, પર્ષદા નીકળી, પર્ષદા પાછી ફરી. તે કાળે તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના બીજા શિષ્ય ગૌતમ ગોત્રના અગ્નિભૂતિ નામે અણગાર, સાત હાથ ઉંચા યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે બોલ્યા—*

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર કેવી મહાઋદ્ધિવાળો છે ? કેવી મહાદ્યુતિવાળો છે ? કેવા મહા-બલવાળો છે ? કેવા મહા યશવાળો છે ? કેવા મહા સૌખ્યવાળો છે ? કેવા પ્રભાવવાળો છે ? અને કેટલી વિકુર્વણા કરવા સમર્થ છે ?*

*ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર મહાઋદ્ધિવાળો યાવત્ મહા પ્રભાવવાળો છે. તે ત્યાં ૩૪ લાખ ભવનાવાસો ઉપર, ૬૪,૦૦૦ સામાનિક દેવો ઉપર, ૩૩ સામાનિક દેવો ઉપર (સત્તા ભોગવતો) યાવત્ વિહરે છે. આવી મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવવાળો છે. તેની વિકુર્વણા શક્તિ પણ આટલી છે - જેમ કોઈ યુવાન પોતાના હાથ વડે યુવતીને પકડે અથવા જેમ ચક્રની ધરીમાં આરાઓ સંલગ્ન હોય, એ રીતે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર વૈક્રિય સમુદ્ઘાત*

***વડે સમવહત થઈ સંખ્યાત યોજનનો દંડ બનાવે છે. તે આ - રત્નો યાવત્ રિષ્ટ રત્નોના સ્થૂળ પુદ્‌ગલોને અલગ કરે છે, સૂક્ષ્મ પુદ્‌ગલોને ગ્રહણ કરે છે, બીજી વાર પણ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થાય છે. વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણાં અસુરકુમાર દેવો અને દેવી સાથે આખા જંબૂદ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને અવગાઢાવગાઢ કરે છે. વળી હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમર ઘણાં અસુરકુમાર દેવ-દેવી સાથે તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રને આકીર્ણ, વ્યતિકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરી શકે છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવા પ્રકારની શક્તિ-વિષય માત્ર છે. પણ કોઈ વખતે તેણે સંપ્રાપ્તિ વડે રૂપે વિકુર્વ્યા નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.***

**● વિવેચન-૧૫૨ :-**

'તેણં કાલેણં' આદિ સુગમ છે, વિશેષ આ - તે કેવારૂપે મોટી ઋદ્ધિવાળો છે ? અથવા તેની ઋદ્ધિ કેવી મોટી છે ? - x - ઈન્દ્ર સમાન ઋદ્ધિવાળા તે સામાનિક. મંત્રી જેવા દેવો તે ત્રાયસ્ત્રિંશક. યાવત્ શબ્દથી ચાર લોકપાલ, પાંચ અગ્રમહિષી સપરિવાર, ત્રણ પર્ષદા, સાત સેનાઓ, સાત સેનાપતિઓ, ૨,૫૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા પણ ચમરચંચા રાજધાનીમાં રહેતા દેવો અને દેવીઓ ઉપર આધિપત્ય, પૌરોપત્ય, સ્વામિત્વ, ભર્તુત્વ, આજ્ઞાની પ્રધાનતાથી સેનાપતિપણું કરાવતો, પળાવતો, મહા અહત-નૃત્ય-ગીત-વાજિંત્ર-તંત્રી-તલ-તાલ-ત્રુટિત-ઘનમૃદંગના શબ્દો વડે દિવ્ય ભોગ ભોગવતો રહે છે.

आधिपत्य - અધિપતિકર્મ, पुरोवर्तीत्व - અગ્રગામિપણું, स्वामित्व - સ્વસ્વામિભાવ, भर्तृत्व - પોષકપણું, आज्ञेश्वर - આજ્ઞા પ્રધાન એવા જે સેનાપતિઓ, તેની પાસે આજ્ઞા પળાવતો, - x - મોટા અવાજ વડે - आहत - આખ્યાનકવાળી અથવા अहत - અવ્યાહત, નાટ્ય, ગીત, વાજિંત્ર, તથા વીણા, હસ્તતાલ, કંસિકા, બીજા વાજિંત્રો, મેઘ જેવો ગંભીર મૃદંગ ધ્વનિ, આ બધાંને દક્ષપુરુષો વગાડી રહ્યા છે, તેનો જે અવાજ તેવા ભોગને યોગ્ય શબ્દાદિ ભોગો. એવા મહર્દ્ધિક છે.

જેમ કોઈ યુવાન યુવતિને કામવશ થઈ ગાઢતર ગ્રહણ કરે, નિરંતર-હસ્તાંગુલિ વડે દૃઢ આલિંગે અથવા ચક્રની આરા યુક્ત નાભિ વિધિપૂર્વક આરાથી સંબદ્ધ હોય અથવા જે ધરીમાં આરાઓ ફસાવાયેલ હોય (અથવા) ઘણાં દેવો વડે જંબૂદ્વીપને ભરી દે. વૃદ્ધ વ્યાખ્યા - જેમ યાત્રાદિમાં યુવાનને હાથ વળગેલ યુવતિ જતી હોય તેમ જે રૂપો વિકુર્વે તેને એક કરી પ્રતિબદ્ધ. અથવા ચક્રની નાભિ જે રીતે આરાથી પ્રતિબદ્ધ ઘન, નિશ્છિદ્ર દેખાય. એ રીતે પોતાના શરીર સાથે પ્રતિબદ્ધ દેવ-દેવી વડે.

વૈક્રિય રૂપો કરવા પ્રયત્ન વિશેષથી પ્રદેશોને ફેંકે છે તેનું સ્વરૂપ કહે છે — ઉંચો, નીચો, લાંબો દંડ શરીર પ્રમાણ જીવપ્રદેશકર્મ પુદ્‌ગલ સમૂહ કરે. તે માટે કર્કેતનાદિ રત્નોના, - જો કે રત્નોના પુદ્‌ગલ ઔદારિક છે, તો પણ વૈક્રિય સમુદ્‌ઘાતમાં વૈક્રિય જ લેવા - x - બીજા કહે છે - ઔદારિકપણે લે તો પણ વૈક્રિયપણે પરિણમે છે. યાવત્





શબ્દથી અહીં વજ્ર, વૈડુર્ય, લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રત્ન, જાત્યરૂપ, અંજનપુલાકો અને સ્ફટિક રત્નો લેવા.

દંડ નિઃસરણ દ્વારા અસારબાદર પુદ્‌ગલોને ખંખેરી નાંખે પ્રજ્ઞાપના ટીકાનુસાર-પ્રાગ્બદ્ધ સ્થૂલ વૈક્રિય શરીરી નામકર્મ પુદ્‌ગલોને ત્યજી દે. - x - યથા સૂક્ષ્મ સાર પુદ્‌ગલો ગ્રહણ કરે. - x - બીજી વખત પણ સમુદ્‌ઘાત કરી ઈચ્છિત રૂપ બનાવે. પોતાનું કાર્ય પૂરેપુરું કરવા શક્તિમાન અથવા કેવલજ્ઞાન સદૃશ સંપૂર્ણ. आकीर्ण - આદિ એકાર્થક છે, તે અત્યંત વ્યાપ્તિ જણાવવા કહ્યા છે. આ સામર્થ્ય અતિશય વર્ણન છે. વૈક્રિય શક્તિથી તે આટલા રૂપો બનાવી શકે તે વિષય છે પણ ક્રિયા નથી. પણ વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં - x -

**● સૂત્ર-૧૫૩ થી ૧૫૫ :-**

***[૧૫૩] ભગવન્ ! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમર એવી મોટી ઋદ્ધિવાળો યાવત્ એવી વિકુર્વણાવાળો છે, તો ભગવન્ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવોની કેવી મોટી ઋદ્ધિ યાવત્ વિકુર્વણા શક્તિ છે ? ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના સામાનિક દેવો મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તેઓ ત્યાં પોત-પોતાના ભવનો ઉપર-સામાનિકો ઉપર-પટ્ટરાણી ઉપર યાવત્ દિવ્ય ભોગોને ભોગવતા વિચરે છે. આવા ઋદ્ધિવાન્ છે યાવત્ તેમની વિકુર્વણા શક્તિ આટલી છે — જેમ કોઈ યુવાન પોતાના હાથે યુવતીનો હાથ પકડે, જેમ ચક્રની નાભિ આરાયુક્ત હોય તેમ હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવ વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈને યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાત કરીને હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે સંપૂર્ણ જંબૂદ્વીપને આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવાને સમર્થ છે. વળી હે ગૌતમ ! - x - તે સામાનિક દેવ તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોને ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે આકીર્ણ યાવત્ અવગાઢાવગાઢ કરવા સમર્થ છે. હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમરના એક એક સામાનિક દેવની આવા પ્રકારની શક્તિ-વિષય માત્ર કહ્યો છે, પણ સંપ્રાપ્તિથી વિકુર્વેલ નથી-વિકુર્વતા નથી - વિકુર્વશે નહીં.***

***ભગવન્! જો અસુરેન્દ્ર અસુરરાજ ચમરના સામાનિક દેવોની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણ શક્તિ છે, તો અસુરેન્દ્ર ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોની કેટલી મહાઋદ્ધિ છે? ત્રાયસ્ત્રિંશક દેવોને સામાનિક દેવો જેવા જાણવા. લોકપાલોને વિશે પણ એમ જ કહેવું. વિશેષ આ - તેઓમાં સંખ્યાત દ્વીપ સમુદ્રોને ઘણાં અસુરકુમાર દેવ-દેવી વડે આકીર્ણ યાવત્ વિકુર્વીશે નહીં તેમ કહેવું.***

***ભગવન્! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરના લોકપાલો એવી મોટી ઋદ્ધિવાળા યાવત્ આટલી વિકુર્વણા કરવા સમર્થ છે, તો અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષી દેવી કેટલી ઋદ્ધિવાળા અને વિકુર્વણા કરવા સમર્થ છે? ગૌતમ! અસુરેન્દ્ર ચમરની અગ્રમહિષીઓ મહાઋદ્ધિ યાવત્ મહાનુભાગ છે તેઓ તેમના પોત-પોતાના ભવનો, ૧૦૦૦ સામાનિક દેવો, મહત્તરિકાઓ, પર્ષદાનું સ્વામીત્વ***

ભોગવે છે, તેમની આટલી મહાઋદ્ધિ છે, બાકી બધું લોકપાલો મુજબ જાણવું - x - x -

[૧૫૪] હે ભગવન્ ! એમ કહી દ્વિતીય ગૌતમ અગ્નિભૂતિ શ્રમણ ભગવન્ મહાવીરને વાંદી, નમી, જ્યાં ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર છે, ત્યાં આવે છે અને વાયુભૂતિને આ પ્રમાણે કહે છે – હે ગૌતમ ! નિશ્ચિત છે કે અસુરેન્દ્ર અસુરરાજ ચમર આટલી મોટી ઋદ્ધિવાળો છે. ઇત્યાદિ બધું અગ્રમહિષી સુધીનું અણપૂછ્યે વૃત્તાંત રૂપે અહીં કહેવું.

ત્યારે તે વાયુભૂતિ અણગારને, અગ્નિભૂતિ અણગારે આ પ્રમાણે કહેલ-ભાખેલ-જણાવેલ-પ્રરૂપેલ વાતમાં શ્રદ્ધા-પ્રતિતિ-રુચિ થતી નથી. આ વાતની શ્રદ્ધા-પ્રતિતિ-રુચિ ન કરતા આસનેથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે. યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! અગ્નિભૂતિ અણગારે મને આ પ્રમાણે કહ્યું યાવત્ પ્રરૂપ્યું કે હે ગૌતમ ! અસુરેન્દ્ર ચમર આટલી મોટી ઋદ્ધિવાળો યાવત્ મહાનુભાવ છે, ત્યાં ૩૪ લાખ ભવનાવાસ ઉપર આધિપત્ય ભોગવે છે, ઇત્યાદિ બધું અગ્રમહિષીઓ પર્યન્તનું કહેવું. ભગવન્ ! તો એ તે પ્રમાણે કેવી રીતે છે ?

હે ગૌતમ ! એમ કહી શ્રમણ ભગવંત મહાવીર વાયુભૂતિ અણગારને આમ કહે છે – ગૌતમ ! જેમ તને અગ્નિભૂતિ અણગારે આ કહ્યું યાવત્ પ્રરૂપ્યું, તો નિશ્ચે હે ગૌતમ ! ચમરની મહાઋદ્ધિ યાવત્ અગ્રમહિષી પર્યન્તની વક્તવ્યતા સંમત્ત છે. એ સત્ય છે. હે ગૌતમ ! હું પણ આમ જ કહું છું યાવત્ પ્રરૂપું છું કે હે ગૌતમ ! ચમરની યાવત્ આટલી મહાઋદ્ધિ છે આદિ આખો આલાવો કહેવો યાવત્ અગ્રમહિષી. આ અર્થ સત્ય છે. હે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વંદી-નમી અગ્નિભૂતિ અણગાર પાસે આવી, તેમને વંદન-નમસ્કાર કરી, ઉક્ત અર્થને માની, વિનયપૂર્વક તેમને વારંવાર ખમાવે છે.

[૧૫૫] પછી તે ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર, બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર સાથે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા યાવત્ પર્યુપાસતા આમ કહ્યું – ભગવન્ ! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરની આવી મહાઋદ્ધિ યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિ કેવી મોટી ઋદ્ધિવાળો યાવત્ કેટલી વિકુર્વણા શક્તિવાળો છે ? ગૌતમ ! વૈરોચનેન્દ્ર બલિ મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે. તે ૩૦ લાખ ભવનો, ૬૦ હજાર સામાનિકોનો અધિપતિ છે બાકી બધું ચમર માફક બલિનું જાણવું. વિશેષ આ - સાતિરેક જંબૂદ્વીપ કહેવો. બાકીનું સંપૂર્ણ ચમરવત્ જાણવું. ભવનો, સામાનિકોમાં ભેદ છે, હે ભગવન્ ! તે એમ જ છે - એમ જ છે યાવત્ વાયુભૂતિ વિચરે છે.

ભગવન્ ! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવંત મહાવીરને વંદી-નમીને આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! જો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ



બલિની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ? ગૌતમ ! નાગેન્દ્ર ધરણની આવી મહાઋદ્ધિ યાવત્ તે ૪૪-લાખ ભવનાવાસો, ૬૦૦૦ સામાનિક દેવો, ૩૩-ત્રાયસ્ત્રિંશક દેવો, ૪-લોકપાલો, સપરિવાર છ અગ્રમહિષીઓ, ૩-પર્ષદા, ૭-સૈન્યો, ૭-સૈન્યાધિપતિઓ, ૨૪,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજાનું આધિપત્ય કરતો યાવત્ વિચરે છે.

તેની વિકુર્વણા શક્તિ આટલી છે – જેમ કોઈ યુવાન યુવતીને યાવત્ સંપૂર્ણ જંબૂદ્વીપને યાવત્ તિર્છા સંખ્યાત દ્વીપસમુદ્રોને ઘણાં નાગકુમારો વડે યાવત્ તે વિકુર્વશે નહીં. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષીઓ વિશે ચમરવત્ કહેવું. ચમરની જેમ ધરણની આવી મહાઋદ્ધિ છે. વિશેષ આ - સંખ્યાત દ્વીપસમુદ્રો કહેવા. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્કોને પણ જાણવા. વિશેષ આ – દક્ષિણના ઈન્દ્રો વિશે બધું અગ્નિભૂતિ પૂછે છે, ઉત્તરના ઈન્દ્રો વિશે બધું વાયુભૂતિ પૂછે છે.

ભગવન્! એમ કહી બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર ભગવંત મહાવીરને વાંદી-નમીને આમ પૂછ્યું – ભગવન્! જો જ્યોતિષેન્દ્ર, જ્યોતિષ્કરાજની આવી મહાઋદ્ધિ છે યાવત્ આવી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે? ગૌતમ! દેવેન્દ્ર શક્ર મહર્દ્ધિક યાવત્ મહાનુભાગ છે, તે ૩૨-લાખ વિમાન, ૮૪,૦૦૦ સામાનિક યાવત્ ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવ અને બીજાનું આધિપત્ય કરતો વિચરે છે આવી મહાઋદ્ધિ યાવત્ આવું વિકુર્વણા સામર્થ્ય છે. એ ચમર માફક કહેવું. વિશેષ આ – બે સંપૂર્ણ જંબૂદ્વીપને, બાકીનું પૂર્વવત્ જાણવું. ગૌતમ! આ દેવેન્દ્ર શક્રનો શક્તિ-વિષયમાત્ર છે. સંપ્રાપ્તિથી કદી તેણે તેમ વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી, વિકુર્વશે નહીં.

● વિવેચન-૧૫૩ થી ૧૫૫ :-

[૧૫૩] લોકપાલો આદિ સામાનિકો કરતાં અલ્પતર ઋદ્ધિક હોય છે. માટે તેમની વૈક્રિયકરણ લબ્ધિ પણ ઓછી હોય છે. - x -

[૧૫૫] દાક્ષિણાત્ય અસુરકુમારો કરતા, જેમની કાંતિ વધુ છે. તે વૈરોચન, તે ઉત્તરદિશાના અસુરોનો ઈન્દ્ર છે, તેની લબ્ધિ વિશેષ છે.

ધરણના પ્રકરણ માફક ભૂતાનંદાદિ મહાઘોષ સુધીના ભવનપતિ ઈન્દ્રોના નામો ગાથાનુસાર કહેવા – ચમર, ધરણ, વેણુદેવ, હરિકંત, અગ્નિશીખ, પૂર્ણ, જલકાંત, અમિત, વિલંબ, ઘોસ. આ દક્ષિણ નિકાયના ઈન્દ્રો છે. બલિ, ભૂતાનંદ, વેણુદાલિ, હરિસહ, અગ્નિ માનવ, વસિષ્ઠ, જલપ્રભ, અમિત વાહન, પ્રભંજન, મહાઘોષ ઉત્તરના ઈન્દ્રો છે. તેમની ભવન સંખ્યા માટે चउतीसा चउचत्ता० એ પૂર્વોક્ત ગાથા જાણવી સામાનિક અને આત્મરક્ષકની સંખ્યા - ૬૪ હજાર, ૬૦ હજાર. બાકીના બધાંના છ-છ હજાર. તેનાથી ચાર ગણી પ્રત્યેકના આત્મરક્ષક દેવો છે. ધરણાદિની અગ્રમહિષી પ્રત્યેકની છ-છ છે ધરણસૂત્રવત્ આલાવો કહેવો.

વ્યંતરેન્દ્રો પણ ધરણેન્દ્ર માફક સપરિવાર કહેવા આમને પ્રતિનિકાય-દક્ષિણ ઉત્તર ભેદથી બબ્બે ઈન્દ્રો હોય છે - કાલ-મહાકાલ સુરૂપ-પ્રતિરૂપ, પૂર્ણભદ્ર-માણિભદ્ર, ભીમ-મહાભીમ, કિંનર-કિંપુરુષ, સત્પુરુષ-મહાપુરુષ, અતિકાય-મહાકાય, ગીતરતિ-ગીતયશ, વ્યંતરો અને જ્યોતિષ્કોના ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ નથી માટે ન કહેવા. સામાનિકો ચાર-ચાર હજાર, સોળ-સોળ હજાર આત્મરક્ષકો, ચાર-ચાર પટ્ટરાણી.

- x - દક્ષિણના દેવો અને સૂર્ય સંપૂર્ણ જંબૂદ્વીપને પોતાના રૂપોથી ભરી શકે છે, ઉત્તરના દેવો અને ચંદ્ર સાતિરેક જંબૂદ્વીપને પોતાનાં રૂપોથી ભરી શકે છે - x - વધારાની ટીકા બીજી વાંચનાથી કરી છે.

કાલેન્દ્રનો આલાવો આ રીતે — ભગવન્ ! પિશાચેન્દ્ર, પિશાચ રાજ કાલની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણા સામર્થ્ય છે ? ગૌતમ ! તે ત્યાં અસંખ્ય લાખ નગરાવાસ, ૪૦૦૦ સામાનિકો, ૧૬,૦૦૦ આત્મ રક્ષક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષી, બીજા અનેક પિશાચ દેવ-દેવીનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે - x -. શક્રના પ્રકરણમાં - યાવત્ શબ્દથી સપરિવાર ૮-અગ્રમહિષી, ૪-લોકપાલ, ૩-પર્ષદા, ૭-સૈન્યો, ૭-સૈન્યાધિપતિઓ જાણવા. - હવે શક્રના સામાનિકોની વક્તવ્યતા—

• **સૂત્ર-૧૫૬ :-**

*ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્રની આવી મહાઋદ્ધિ યાવત્ આટલું વિકુર્વણા સામર્થ્ય છે, તો પ્રકૃતિભદ્રક યાવત્ વિનિત નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મપૂર્વક આત્માને ભાવતા, પ્રતિપૂર્ણ આઠ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને માસિક સંલેખના વડે આત્માને સંયોજી ૬૦ ભક્તનું અનશનથી છેદન કરીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત, કાળ માસે કાળ કરીને આપ દેવાનુપ્રિયનો શિષ્ય તિષ્યક નામે અણગાર સૌધર્મ કલ્પમાં, પોતાના વિમાનમાં, ઉપપાતસભાના દેવશયનીયમાં દેવદૂષ્યથી અંતરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી દેવેન્દ્ર શક્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થયો છે, તે નવીન ઉત્પન્ન તીષ્યક દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિથી પર્યાપ્ત ભાવને પામે છે. તે આ —*

*આહાર, શરીર, ઈન્દ્રિય, આનપ્રાણ, ભાષામનઃ પર્યાપ્તિ. ત્યારે તે તીષ્યક દેવ પર્યાપ્તિભાવ પામ્યા પછી, સામાનિક પર્ષદાનાં દેવો, તેને હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી જય-વિજય વડે વધાવે છે. વધાવીને આમ કહે છે — અહો દેવાનુપ્રિયે ! આપે દિવ્ય-દેવર્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ લબ્ધ, પ્રાપ્ત અભિસન્મુખ કર્યો છે. જેવી દિવ્ય-દેવર્ધિ, દેવદ્યુતિ, દેવપ્રભાવ આપ દેવાનુપ્રિયે લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કર્યો છે, તેવી દિવ્ય-દેવર્ધિ, દેવદ્યુતિ, યાવત્ અભિસન્મુખ દેવરાજ શક્રે પણ યાવત્ આણી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ શક્રે લબ્ધ કરી છે, તેવી યાવત્ આપે પણ સામે આણેલી છે તો હે ભગવન્ ! તિષ્યક દેવ મહાઋદ્ધિકાદિ છે ?*

*ગૌતમ ! તિષ્યક દેવ મહાઋદ્ધિ યાવત્ મહાપ્રભાવી છે. તે ત્યાં પોતાના વિમાન, ૪૦૦૦ સામાનિક દેવો, સપરિવાર ચાર અગ્રમહિષીઓ, ત્રણ પર્ષદા, સાત*



*સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવો, બીજા ઘણાં દેવ-દેવીઓ ઉપર આધિપત્ય કરતા યાવત્ વિચરે છે. આવી મોટી ઋદ્ધિવાળો યાવત્ આટલા વિકુર્વણા સામર્થ્યવાળો-જેમ કોઈ યુવાન યુવતીના હાથને દૃઢ પકડે યાવત્ શક્રના જેવી વિકુર્વણા શક્તિવાળો યાવત્ હે ગૌતમ ! તિષ્યક દેવની આ શક્તિ-વિષય માત્ર કહી છે. પણ સંપ્રાપ્તિ વડે યાવત્ વિકુર્વશે નહીં.*

*ભગવન્ ! જો તિષ્યક દેવ મહાઋદ્ધિક યાવત્ આટલી વિકુર્વણા શક્તિ છે, તો દેવેન્દ્ર દેવરાજના બાકીના સામાનિક દેવો કેવા મહાઋદ્ધિક છે ?૦ ગૌતમ ! બધું તેમજ જાણવું યાવત્ હે ગૌતમ ! શક્રના સામાનિક દેવોનો આ વિષય માત્ર કહ્યો. સંપ્રાપ્તિથી કોઈએ વિકુર્વેલ નથી, વિકુર્વતા નથી, વિકુર્વશે નહીં. શક્રના ત્રાયસ્ત્રિંશક, લોકપાલ અને અગ્રમહિષી વિશે ચમર માફક કહેવું. વિશેષ આ - સંપૂર્ણ બે જંબૂદ્વીપ. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે યાવત્ ગૌતમ વિચરે છે.*

• **વિવેચન-૧૫૬ :-**

હવે કહેવાનાર રીતે સામાનિક દેવપણે ઉત્પન્ન થયો તેમ સંબંધ જોડવો. તિષ્યક નામનો. પોતાના વિમાનમાં. આહાર, શરીરાદિની રચના. જે બીજે છ પર્યાપ્તિ કહી છે, અહીં પાંચ છે — ભાષા, મનઃપર્યાપ્તિ એ બંને બહુશ્રુતોએ કોઈ કારણે એક જ ગણી છે - लब्ध - જન્માંતરમાં તેની ઉપાર્જના અપેક્ષાએ. प्राप्त - દેવભવ અપેક્ષાએ. अभिसमन्वागत - તેના ભોગની અપેક્ષાએ. ચમર માફક કહીને લોકપાલ અને અગ્રમહિષીનું વિકુર્વણા સામર્થ્ય તિર્છા સંખ્યાત દ્વીપ-સમુદ્ર સૂચવેલ છે.

• **સૂત્ર-૧૫૭ :-**

*ભગવન્ ! એમ કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારે ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું — ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ શક્ર આવો મહર્દ્ધિક યાવત્ આટલી વિકુર્વણા સામર્થ્યવાળો છે, ભગવન્ ! તો દેવેન્દ્ર દેવરાજ ઈશાન કેવો મહાઋદ્ધિક છે ?૦ તેમજ જાણવું. વિશેષ આ — સાધિક બે સંપૂર્ણ જંબૂદ્વીપ. બાકી પૂર્વવત્.*

• **વિવેચન-૧૫૭ :-**

આ સૂત્રથી જો કે શક્ર સમાન વક્તવ્ય ઈશાનેન્દ્રનું કહ્યું, તો પણ વિશેષ છે. ઉભય સાધારણ અપેક્ષાએ અતિદેશ છે. તે આ - તે ૨૮ લાખ વિમાનાવાસ, ૮૦ હજાર સામાનિક યાવત્ ૩,૨૦,૦૦૦ આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરે છે. ઈશાનેન્દ્રના સામાનિકનું વિશેષ કથન—

• **સૂત્ર-૧૫૮,૧૫૯ :-**

*[૧૫૮] ભગવન્ ! જો દેવેન્દ્ર દેવરાજ ઈશાનની આવી મહાઋદ્ધિ અને આવું વિકુર્વણા સામર્થ્ય છે તો - - - આપ દેવાનુપ્રિયના શિષ્ય પ્રકૃતિ ભદ્રક યાવત્ વિનિત કુરુદત્ત પુત્ર નામે (સાધુ) નિરંતર અઠ્ઠમ અઠ્ઠમ અને પારણે આયંબિલ સ્વીકારીને એવા તપોકર્મથી ઉંચે હાથ રાખી સૂર્યાભિમુખ રહી આતાપના*

*ભૂમિમાં આતાપના લેતા પ્રતિપૂર્ણ છ માસ શ્રામણ્ય પર્યાય પાળી, અર્ધમાસિક સંલેખનાથી આત્માને જોડીને, ૩૦ ભક્તને અનશન વડે છેદી, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પ્રાપ્ત થઈ, કાળ માસે કાળ કરી, ઈશાન કલ્પે પોતાના વિમાનમાં૦ જે તિષ્યકની વક્તવ્યતા હતી, તે સર્વે અપરિશેષ કુરુદત્ત પુત્રની જાણવી. વિશેષ આ — સાતિરેક પરિપૂર્ણ બે જંબૂદ્વીપ, બાકી પૂર્વવત્. સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી યાવત્ હે ગૌતમ ! ઈશાનેન્દ્રના પ્રત્યેક અગ્રમહિષી દેવીની આટલી શક્તિ-વિષયમાત્ર કહ્યો. પણ સંપ્રાપ્તિથી તેટલી વિકુર્વણા (યાવત્) કરશે નહીં.*

*[૧૫૯] એ પ્રમાણે સનત્કુમાર જાણવા. વિશેષ - ચાર પરિપૂર્ણ જંબૂદ્વીપ તથા તિર્છા અસંખ્ય, એ રીતે સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી બધાં અસંખ્યાત દ્વીપસમુદ્રો સુધી વિકુર્વી શકે. સનત્કુમારથી આરંભીને ઉપરના બધાં લોકપાલો અસંખ્ય દ્વીપ-સમુદ્ર સુધી વિકુર્વણા કરી શકે. એ રીતે માહેન્દ્રમાં પણ જાણવું. વિશેષ-સાતિરેક પરિપૂર્ણ ચાર જંબૂદ્વીપ કહેવા. એ રીતે બ્રહ્મલોકે પણ જાણવું. વિશેષ-સંપૂર્ણ આઠ જંબૂદ્વીપ. લાંતકે પણ વિશેષ-સાતિરેક આઠ જંબૂદ્વીપ. મહાશુક્રે ૧૬-જંબૂદ્વીપ. સહસ્રારે સાતિરેક-૧૬. પ્રાણતે ૩૨-જંબૂદ્વીપ. અચ્યુતે સાતિરેક ૩૨-પરિપૂર્ણ જંબૂદ્વીપ કહેવા. બાકી બધું પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨) કહી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમી યાવત્ વિચરે છે.*

*ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે મોકા નગરીના નંદન ચૈત્યથી નીકળી, બાહ્ય જનપદ વિહારે વિચરે છે.*

**● વિવેચન-૧૫૮,૧૫૯ :-**

- x -. આ સૂત્રથી સૂચવે છે કે - ભગવન્ ! સનત્કુમાર દેવેન્દ્રની કેવી મહાઋદ્ધિ યાવત્ વિકુર્વણાશક્તિ છે ? ગૌતમ ! તેઓ ૧૨ લાખ વિમાનાવાસ, ૭૨,૦૦૦ સામાનિક યાવત્ ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવો. જો કે સનત્કુમારે સ્ત્રીની ઉત્પત્તિ નથી. તો પણ સમયાધિક પલ્યોપમથી દશ પલ્યોપમસ્થિતિક સૌધર્મની અપરિગૃહિતા દેવી સનત્કુમારોને ભોગ માટે આવે છે તેથી અગ્રમહિષી એમ કહ્યું.

આ પ્રમાણે માહેન્દ્રાદિ સૂત્રોમાં ગાથાનુસાર - x - આ જાણવું - વિમાનો અનુક્રમે ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦-૪૦-૬ હજાર, આનત-પ્રાણતે ૪૦૦, આરણ-અચ્યુતે-૩૦૦. સામાનિક સંખ્યા - ૮૪, ૮૦, ૭૨, ૭૦, ૬૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦, ૧૦ હજાર. અહીં શક્રાદિ એકી કલ્પો વિશે અગ્નિભૂતિ પૂછે છે અને ઈશાનાદિ બેકી કલ્પો વિશે વાયુભૂતિએ પૂછેલ છે - - ઈન્દ્રોની વૈક્રિયશક્તિ પ્રરૂપણા કરી. હવે ઈન્દ્રે પ્રકાશેલ પોતાના વૈક્રિયરૂપ કરવાના સામર્થ્યને, તેજોલેશ્યા સામર્થ્યને કહે છે —

**● સૂત્ર-૧૬૦ :- અધુરુ**

*તે કાળે તે સમયે રાજગૃહી નામે નગરી હતી. [વર્ણન] યાવત્ સભા પર્યુપાસે છે. તે કાળે તે સમયે દેવેન્દ્ર દેવરાજ, શૂલપાણી, વૃષભ વાહન, ઉત્તરાર્ધ*



*લોકાધિપતિ, ૨૮ લાખ વિમાનાવાસાધિપતિ, આકાશસમ વસ્ત્રધારી, માળા શૃંગારિત મુકટધારી, નવહેમ-સુંદર-વિચિત્ર-ચંચલ-કુંડલોથી ગાલોને ઝગમગાવતો, યાવત્ દશે દિશાઓને ઉધોતિત, પ્રકાશિત કરતો ઈશાનેન્દ્ર, ઈશાનકલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં 'રાયપસેણીય' ઉપાંગમાં કહ્યા મુજબ યાવત્ દિવ્ય દેવઋદ્ધિને યાવત્ જે દિશામાંથી પ્રગટ થયો, તે દિશામાં ચાલ્યો ગયો.*

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ ભગવંત મહાવીરને વંદી, નમી આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! અહો આ દેવેન્દ્ર દેવરાજ ઈશાન મહાઋદ્ધિક છે. ભગવન્ ! તેની દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ક્યાં પ્રવેશી ? ગૌતમ ! તે તેના શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. ભગવન્ ! એમ કેમ કહ્યું ? - ગૌતમ ! જેમ કોઈ કૂટાગાર શાળા, બંને બાજુથી લિપ્ત, ગુપ્ત, ગુપ્તદ્વાર, નિર્વાત, નિર્વાતગંભીર હોય૦ કૂટાગારશાલાનું દૃષ્ટાંત કહેવું.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાને તે દિવ્ય-દેવઋદ્ધિ, દેવધુતિ, દેવાનુભાગ કેવી રીતે - લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ કર્યો ? તે પૂર્વભવે કોણ હતો ? તેનું નામ, ગોત્ર શું હતાં ? કયા ગામ, નગર, યાવત્ સંનિવેશનો હતો ? તેણે શું સાંભળ્યું ? શું આપ્યું ? શું ખાધું ? શું કર્યુ ? શું આચર્યુ ? કયા તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એવું એક પણ આર્ય-ધાર્મિક-વચન સાંભળીને અવધાર્યુ ? જેથી દેવેન્દ્ર, દેવરાજ ઈશાને તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સન્મુખ આણી ?*

*ગૌતમ ! તે કાળે, તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં તામ્રલિપ્તી નામે નગરી હતી. [વર્ણન] તે તામ્રલિપ્તી નગરીમાં તામલી નામે મૌર્યપુત્ર ગાથાપતિ હતો. જે આઢ્ય. દિપ્ત યાવત્ ઘણાં લોકોથી અપરિભૂત હતો. ત્યારે તે તામલિ મૌર્ય પુત્રએ અન્ય કોઈ દિવસે મધરાતે કુટુંબ ચિંતાર્થે જાગરણ કરતા, તેને આવા પ્રકારે આધ્યાત્મિક યાવત્ સંકલ્પ થયો. મારા પૂર્વકૃત, જૂનાં, સુચિર્ણ, સુપરિક્રાંત, શુભ, કલ્યાણરૂપ કૃત કર્મોનો કલ્યાણ-ફળ-વૃત્તિ વિશેષ છે, જેનાથી હું ઘણાં-હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, પુત્ર, પશુથી વૃદ્ધિ પામ્યો છું. વિપુલ ધન-કનક-રત્ન-મણિ-મોતી-શંખ-શિલ-પ્રવાલ-રક્ત રત્ન-સારરૂપ ધનાદિ ઘણાં ઘણાં વધી રહ્યા છે તો શું હું પૂર્વકૃત્, સુચિર્ણ યાવત્ કૃત કર્મોના એકાંત સૌખ્યની ઉપેક્ષા કરતો રહું ?*

*તો જ્યાં સુધી હું હિરણ્યથી વધુ છું યાવત્ ઘણું ઘણું વધે છે, જ્યાં સુધી મારા મિત્ર, જ્ઞાતિ, નિજક, સંબંધિ, પરિજન મારો આદર કરે છે, સત્કાર-સન્માન કરે છે, મને કલ્યાણ-મંગલ-દેવરૂપ જાણી ચૈત્યની માફક વિનયથી સેવા કરે છે ત્યાં સુધીમાં મારે મારું શ્રેય કરવું. કાલે પ્રકાશવાળી રાત્રિ થયા બાદ યાવત્ સૂર્ય ઉગ્યા પછી, મારી મેળે કાષ્ઠપાત્ર લઈ, વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવી. મારા મિત્ર, જ્ઞાતિજન - x - આદિને આમંત્રીને તે મિત્ર, જ્ઞાતિજન આદિને વિપુલ અશનાદિ જમાડી, વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર વડે સત્કારીને, સન્માનીને તે જ મિત્ર, જ્ઞાતિજન આદિની આગળ મારા મોટા પુત્રને કુટુંબમાં*

*સ્થાપીને, તે મિત્ર, જ્ઞાતિજન આદિ તથા મોટા પુત્રને પૂછીને મેળે જ કાષ્ઠપાત્ર ગ્રહણ કરી, મુંડિત થઈ 'પ્રાણામા' દીક્ષાએ દીક્ષિત થાઉં.*

*દીક્ષા લઈને હું આવો અભિગ્રહ સ્વીકારીશ કે – મને યાવજ્જીવ નિરંતર છટ્ઠ-છટ્ઠના તપોકર્મથી, ઉંચા હાથ રાખી, સૂર્ય અભિમુખ રહી આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચારીશ. છટ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતરી, આપમેળે કાષ્ઠ પાત્ર લઈ તામ્રલિપ્તી નગરીના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસમાદાન ભિક્ષાચર્યાએ ફરીશ. શુદ્ધોદન ગ્રહણ કરી, તેને ૨૧-વખત પાણીથી ધોઈ, પછી આહાર કરીશ. એ પ્રમાણે વિચારીને કાલે પ્રભાત થતાં યાવત્ સૂર્ય ઝળહળતો થયા પછી આપમેળે કાષ્ઠપાત્ર કરાવીને, વિપુલ અશનાદિ તૈયાર કરાવી પછી સ્નાન-બલિકર્મ-કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કર્યા, પ્રવેશ યોગ્ય શુદ્ધ, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મહામૂલ્ય આભરણથી શરીર અલંકૃત્ કર્યું. ભોજન વેળાએ ભોજનમંડપમાં સારા આસને બેઠો.*

*ત્યારપછી મિત્ર, જ્ઞાતિજન આદિ સાથે તે વિપુલ અશન આદિ આસ્વાદતો, વિસ્વાદતો, પરસ્પર ખવડાવતો - ખાતો વિચરે છે તે જમ્યો, પછી કોગળા કર્યા, ચોક્ખો થયો, પરમ શુદ્ધ થયો. તે મિત્ર યાવત્ પરિજનને વિપુલ અશનાદિથી, પુષ્પ-વસ્ત્ર-ગંધ-માળા-અલંકારથી સત્કારાદિ કર્યા. તે મિત્ર, જ્ઞાતિ આદિ આગળ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, તે મિત્રાદિ અને મોટા પુત્રને પૂછને, મુંડ થઈને 'પ્રાણામા' પ્રવ્રજ્યા લીધી. લઈને આવો અભિગ્રહ કર્યો કે જાવજ્જીવ નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરવો. બાહાઓ ઉંચી રાખી, સૂર્યાભિમુખ થઈ, આતાપના ભૂમિમાં આતાપના લેતા વિચરવું. છટ્ઠના પારણે આતાપના ભૂમિથી ઉતરી, આપમેળે કાષ્ઠ પાત્ર લઈ, તામ્રલિપ્તીમાં ઉચ્ચ-નીચ-મધ્યમ કૂળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી ફરે છે. શુદ્ધ ઓદનને લે છે. ૨૧-વખત પાણીથી ધુએ છે. પછી તેનો આહાર કરે છે.*

*ભગવન્ ! તેને 'પ્રાણામા' પ્રવ્રજ્યા કેમ કહી ? ગૌતમ ! પ્રાણામા પ્રવ્રજ્યા લીધી હોય તે જેને જ્યાં જોવે તેને - ઈન્દ્ર, સ્કંદ, રુદ્ર, શિવ, વૈશ્રમણ, આર્યા કોટ્ટકિરિયા, રાજા યાવત્ સાર્થવાહને, કાગડો-કુતરો-ચાંડાલને, ઉંચાને જોઈને ઉચ્ચ અને નીચાને જોઈને નીચ પ્રણામ કરે છે. જેને જ્યાં જુએ તેને ત્યાં પ્રણામ કરે. તેથી પ્રાણામા પ્રવ્રજ્યા કહી.*

● **વિવેચન-૧૬૦ :- અધુરુ**

રાયપ્પસેણીય સૂત્રમાં સૂર્યાભદેવની વક્તવ્યતા મુજબ અહીં ઈશાનેન્દ્રની વક્તવ્યતા કહેવી. - x - x - સુધર્માસભામાં ઈશાન સિંહાસને બેસીને ૮૦,૦૦૦ સામાનિકો, ચાર લોકપાલો, સપરિવાર આઠ અગ્રમહિષી, સાત સૈન્યો, સાત સૈન્યાધિપતિ, ૩,૨૦,૦૦૦ આત્મ રક્ષક દેવો, બીજા ઘણાં દેવ-દેવીથી પરિવરેલ, મોટા અખંડ નાટકો આદિના શબ્દો વડે દિવ્ય ભોગોને ભોગવતો વિચરે છે.

જંબૂદ્વીપને અવધિજ્ઞાન વડે જોતા ઈશાનેન્દ્રે ભગવંતને રાજગૃહમાં જોયા. જોઈને સસંભ્ર માનસથી ઉભો થયો, ઉઠીને સાત-આઠ પગલાં તીર્થંકર અભિમુખ



ગયો. પછી કપાળમાં કમળના ડોડાની જેમ હાથ જોડી ભગવંત મહાવીરને વાંધા, વાંદીને અભિયોગિક દેવોને બોલાવ્યા. તેઓને કહ્યું કે – હે દેવો ! રાજગૃહ નગરે જઈને ભગવંતને વાંદો એક યોજન મંડલ ક્ષેત્ર સાફ કરો. કરીને મને જણાવો. તેઓએ પણ તેમ કર્યુ. પછી પદાતિસૈન્યના અધિપતિ દેવને બોલાવીને કહ્યું – ઓ ! દેવોના પ્રિય ! ઈશાનાવતંસક વિમાનમાં ઘંટ વગાડી ઘોષણા કરો કે – ઈશાનેન્દ્ર ભ૦મહાવીરના વંદનાર્થે જાય છે. તો તમે જલ્દીથી મહાઋદ્ધિ સહ તેની પાસે આવો. ત્યારે અનેક દેવો કુતૂહલાદિથી તેની પાસે આવ્યા. તે દેવોથી પરિવૃત્ત લક્ષયોજન પ્રમાણ યાનવિમાને ઈશાનેન્દ્ર બેઠો. નંદીશ્વરદ્વીપે વિમાનને સંક્ષેપી રાજગૃહનગરે ગયો.

ત્યાં ભગવંતને ત્રણ પ્રદક્ષિણા કરી, વિમાનને જમીનથી ચાર આંગળ ઉંચુ રાખ્યુ. ભગવંત પાસે આવી ભગવંતને વાંદી, સેવવા લાગ્યા. પછી ધર્મ સાંભળીને કહ્યું – ભગવન્ ! તમે બધું જાણો છો જુઓ છો, માત્ર ગૌતમાદિ મહર્ષીઓને દિવ્ય નાટ્યવિધિ દેખાડવા ઈચ્છુ છું એમ કહીને દિવ્ય મંડપ વિકુર્વ્યો. તેની મધ્યે મણિપીઠિકા, સિંહાસન કર્યા. પછી ભગવંતને નમીને સિંહાસને બેઠો. પછી તેની જમણી ભૂજામાંથી ૧૦૮ દેવકુમારો અને ડાબીમાંથી ૧૦૮ દેવકુમારી નીકળી. પછી વિવિધ વાદ્ય, ગીતોના શબ્દથી જનમનને ખુશ કર્યુ. બત્રીશ પ્રકારની નાટ્યવિધિ દર્શાવી. અહીં યાવત્ શબ્દથી દિવ્ય દેવદ્યુતિ, દેવપ્રભાવને સંકેલી લે છે. ક્ષણમાં તે એકલો થઈ ગયો. પછી પરિવાર સહિત ઈશાનેન્દ્રએ ભગવંત મહાવીરને વાંદ્યા અને પાછો ગયો.

શિખર આકૃતિવાળું ઘર તે કૂટાગાર શાળા, તેનું દૃષ્ટાંત. ગૌતમે ભગવંતને પૂછ્યું – ઈશાનેન્દ્રની દિવ્ય દેવઋદ્ધિ ક્યાં ગઈ ? ગૌતમ ! તેના શરીરમાં ગઈ. કઈ રીતે ? ગૌતમ ! જેમ કૂટાગાર શાળા હોય. તેની પાસે મોટો જનસમૂહ હોય. તે ખૂબ વરસાદ ચડેલો જાણે જોઈને કૂટાગાર શાળામાં પ્રવેશી જાય, તેમ ઈશાનેન્દ્રની ઋદ્ધિ પ્રવેશી. કયા કારણથી ? ખાન-પાન દઈને, અંત-પ્રાંતાદિ ખાઈને, તપ અને શુભધ્યાનાદિ કરીને, પડિલેહણાદિ આચરીને. - x - પુન્ય ઉપાર્જ્યુ. પૂર્વે કરેલા, તેથી જ જૂના, દાનાદિ સુઆચરણરૂપ, તપ વગેરેમાં પરાક્રમ કરીને, અર્થાવહ હોવાથી શુભ, અનર્થ ઉપશમન હેતુથી કલ્યાણરૂપ. આ જ વાતને કંઈક વિશેષથી કહે છે –

વિપુલ-ગણિમાદિ ધન, કર્કેતનાદિ રત્નો, ચંદ્રકાંતાદિ મણિ, પરવાળા અથવા રાજપટ્ટાદિરૂપ શિલા અને પ્રવાલ, રક્તરત્નાદિ માણેક એવા પ્રધાનદ્રવ્ય વડે. નવા શુભ કર્મો મેળવ્યા વિના જૂનાના નાશની દરકાર વિના. મિત્રો, નાતીલા, ગોત્રજ, મોસાળીયા કે સાસરીયા, નોકરચાકર, આદર કરે છે, સ્વામીરૂપે જાણે છે - - જેમાં વારંવાર પ્રણામ કરવાનો હોય તે પ્રાણામા. દાળ-શાક સિવાય માત્ર ચોખા. તેને ૨૧-વાર ધોવા. - x - આપતો, ભોગવતો. જમીને ભોજનોત્તર કાળે, બેસવાના સ્થાને આવીને ચોકખા પાણીથી આચમન કર્યુ અને - x - ચોકખો થયો. પરમશૂચિભૂત થયો.

જેને જે દેશ-કાળે જુએ, તેને ત્યાં પ્રણામ કરવા. તેમાં યમ - ઈન્દ્રાદિ, ખંદ - કાર્તિકેય, રુદ્દ - મહાદેવ, સિવ - વ્યંતર વિશેષ, આકારવિશેષ ધર કે રુદ્રજ,

વેસમણ - ઉત્તરનો દિક્પાલ, અજ્જ - પ્રશાંતરૂપા ચંડિકા, ચંડિકા જેવી રૌદ્રરૂપા - મહિષાસુરનો નાશ કરનારી, રાજા-ઈશ્વર-તલવર-માડંબિક-શ્રેષ્ઠી. પાણ - ચાંડાલ, ઉચ્ચ - પૂજ્ય, અતિશયથી નમે છે. નીચ - અપૂજ્ય, સાધારણ પ્રણામ. ઉપસંહારાર્થે કહે છે — જે પુરુષ, પશુ આદિ પૂજ્યાપૂજ્યોને નમે છે.

● **સૂત્ર-૧૬૦-અધુરેથી ૧૬૩ :-**

*ત્યારે તે તામલિ મૌર્યપુત્ર, તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહિત બાલતપોકર્મથી શુષ્ક, રુક્ષ યાવત્ નાડી દેખાતા હોય તેવા થઈ ગયા ત્યારે તે તામલિ બાલતપસ્વીને અન્ય કોઈ દિવસે મધ્યરાત્રિએ અનિત્ય જાગરિકાથી જાગતા આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત યાવત્ સંકલ્પ થયો. હું આ ઉદાર, વિપુલ યાવત્ ઉદગ્ર, ઉદાત્ત, ઉત્તમ, મહાનુભાગ તપોકર્મથી શુષ્ક, રૂક્ષ યાવત્ નસો દેખાતો થઈ ગયો છું. તો જ્યાં સુધી મને ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ છે, ત્યાં સુધીમાં મારું શ્રેય એ છે કે કાલે યાવત્ સૂર્ય ઉગે પછી તામ્રલિપ્તી નગરીમાં જઈ મેં દેખીને બોલાવેલા, પાખંડીઓ, ગૃહસ્થો, પૂર્વપરિચિત, પશ્ચાત્ પરિચિત, પર્યાસસંગતિને પૂછીને તામ્રલિપ્તીની મધ્યેથી નીકળીને પાદુકા કુંડિકાદિ ઉપકરણ, કાષ્ઠપાત્ર એકાંતમાં મૂકીને તામ્રલિપ્તી નગરીના ઈશાનકોણમાં નિર્વર્તનિક મંડલને આલેખીને, સંલેખના તપમાં આત્માને જોડીને, ભોજન-પાનનો ત્યાગ કરી, વૃક્ષ માફક સ્થિર થઈ, કાળની આકાંક્ષા સિવાય વિચરવું. એમ વિચારી કાલે યાવત્ સૂર્ય ઉગ્યા પછી યાવત્ પૂછીને તામ્રલિપ્તીમાં એકાંતે જઈને યાવત્ આહાર પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સ્વીકાર્યું. - - તે કાળે બલિચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત હતી.*

*[૧૬૧] ત્યારે તે બલિચંચા રાજધાનીમાં રહેનારા ઘણાં અસુર કુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીને અવધિ વડે જોયો. પછી પરસ્પર બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો! બલિચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત છે હે દેવાનુપ્રિયો! આપણે ઈન્દ્રાધીન અને ઈન્દ્રાધિષ્ઠિત છીએ. ઈન્દ્રના તાબે કાર્ય કરીએ છીએ. હે દેવાનુપ્રિયો! આ તામલી બાલતપસ્વી તામ્રલિપ્તી નગરી બહાર ઈશાનખૂણામાં નિર્વર્તનિક મંડલને આલેખીને સંલેહણા તપ સ્વીકારી, ભોજન-પાનને ત્યજી, પાદોપગમન અનશને રહ્યો છે. હે દેવાનુપ્રિયો! એ શ્રેય છે કે આપણે તામલિ બાલતપસ્વીને બલિચંચા રાજધાનીનો સ્થિતિ સંકલ્પ કરાવીએ—*

*એમ કરીને, પરસ્પર એકબીજા સંમત થઈને, બલીચંચાની ઠીક મધ્યેથી નીકળીને જ્યાં રુચકેન્દ્ર ઉત્પાત પર્વત છે ત્યાં આવીને વૈક્રિય સમુદ્ઘાત વડે સમવહત થઈ યાવત્ ઉત્તરવૈક્રિયરૂપોને વિકુર્વે છે. પછી ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપળ, ચંડ, જયવતી, નિપુણ, સીંહ જેવી, શીઘ્ર, ઉદ્ભૂત અને દિવ્ય દેવગતિ વડે તિર્છા અસંખ્ય દ્વીપ સમુદ્રોની વચ્ચે જે જંબૂદ્વીપ દ્વીપ છે, ત્યાં આવીને, ભરતક્ષેત્રમાં જ્યાં તામ્રલિપ્તી નગરી છે, જ્યાં તામલિ મૌર્યપુત્ર છે, ત્યાં આવે છે.*

*ત્યાં આવીને તામલિ બાલતપસ્વીની ઉપર, બંને બાજુ, ચારે દિશાએ*



*રહીને દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાવ, બત્રીશવિધ નાટ્યવિધિ દેખાડે છે. પછી તામલિ બાલતપસ્વીને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, વંદી, નમી, આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! અમે બલિચંચા રાજધાનીમાં રહેતા ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ આપ દેવાનુપ્રિયને વંદન-નમસ્કાર યાવત્ પર્યુપાસના કરીએ છીએ. હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા રાજધાની હાલ ઈન્દ્ર, પુરોહિત રહિત છે. અમે બધા ઈન્દ્રાધીન, ઈન્દ્રિધિષ્ઠિત, ઈન્દ્રાધીનકાર્યા છીએ. દેવાનુપ્રિય ! તમે બલિચંચા રાજધાનીનો આદર કરો, સ્વામિત્વ સ્વીકારો, મનમાં લાવી, તે સંબંધે નિદાન કરો, કે તમે કાળમાસે કાળ કરીને બલિચંચા રાજધાનીમાં [ઈન્દ્રરૂપે] ઉત્પન્ન થશો. ત્યારે તમે અમારા ઈન્દ્ર થશો. ત્યારે તમે અમારી સાથે દિવ્યભોગોને ભોગવતા વિચરશો.*

*ત્યારે તે તામલિ બાલતપસ્વીએ તે બલિચંચા રાજધાનીના રહીશો ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ આમ કહ્યું ત્યારે આ અર્થનો આદર ન કર્યો, સ્વીકારી નહીં, મૌન રહ્યો. ત્યારે તે બલિચંચાના રહિશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ તામલિ મૌર્યપુત્રને બે-ત્રણ વખત ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ હે દેવાનુપ્રિય ! અમારી બલિચંચા ઈન્દ્રરહિત છે યાવત્ તમે તેના સ્વામી થાઓ. યાવત્ બે-ત્રણ વાર આમ કહેવા છતાં યાવત્ તામલિ મૌન રહ્યો. ત્યારે તે બલિચંચાના ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓનો તામલિએ અનાદર કરતા, તેમની વાત ન સ્વીકારાતા જે દિશામાંથી આવ્યા હતા. ત્યાં પાછા ગયા.*

*[૧૬૨] તે કાળે, તે સમયે ઈશાનકલ્પ ઈન્દ્ર, પુરોહિતરહિત હતો. ત્યારે તે તામલિ બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૬૦,૦૦૦ વર્ષનો પર્યાય પાળીને, દ્વિમાસિક સંલેખનાથી આત્માને જોડીને ૧૨૦ ભક્ત અનશન વડે છેદીને કાળમાસે કાળ કરી ઈશાન કલ્પે ઈશાનાવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં. દેવદૂષ્યથી આવરિત, અંગુલના અસંખ્ય ભાગ માત્ર અવગાહનાથી, ઈશાન દેવેન્દ્રના વિરહકાળ સમયે ઈશાન દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યારે તે ઈશાન દેવેન્દ્ર દેવરાજ જે તુરંત જન્મેલ, તેણે પંચવિધ પર્યાપ્તિથી પર્યાપ્તિભાવપૂર્ણ કર્યો. તે આ — આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામન પર્યાપ્તિ.*

*ત્યારે તે બલિચંચા રાજધાનીના રહીશો ઘણાં અસુર કુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીને કાલગત જાણી ઈશાન કલ્પે દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો જોઈને ઘણાં ક્રોધિત-કુપિત-ચંડિક થઈ ગુસ્સામાં ધમધમતા બલિચંચા રાજધાનીની વચ્ચેથી નીકળીને ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી ભરત ક્ષેત્રના તામ્રલિપ્તી નગરમાં તામલિ બાલતપસ્વીના શરીર પાસે આવ્યા. (તામલિના મૃતકને) ડાબે પગે દોરડી બાંધી. તેના મુખમાં ત્રણવાર થુંકી, તામ્રલિપ્તીના શ્રૃંગાટક-ત્રિક-ચતુષ્ક-ચત્વર-મહાપથ-પથોમાં મુડદાને ઢસેડતા મોટા શબ્દથી ઉદ્ઘોષણા કરતા આ પ્રમાણે બોલ્યા-પોતાની મેળે તપસ્વીનો વેશ પહેરી, પ્રાણામા પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત તે તામલિ બાલતપસ્વી કોણ ? ઈશાન કલ્પે થયેલ દેવેન્દ્ર દેવરાજ ઈશાન કોણ ?*

*એમ કરી, તામલિના શરીરની હીલણા-નિંદા-ખિંસા-ગર્હા-અવમાનના-તર્જના-તાડના-પરિવધ-કદર્થના કરે છે. શરીરને આડું-અવળું ઢસડે છે. એ રીતે હીલના યાવત્ આકડવિકડ કરીને એકાંતમાં નાખી - x - ચાલ્યા ગયા.*

*[૧૬૩] ત્યારે તે ઈશાન કલ્પવાસી ઘણાં વૈમાનિક દેવો દેવીઓએ જોયું - બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ તામલિ બાલતપસ્વીના શરીરની હીલણા-નિંદા યાવત્ આકડવિકડ કરે છે. તે જોઈને ક્રોધિત થઈ યાવત્ ગુસ્સાથી ધમધમતા જ્યાં ઈશાનેન્દ્ર છે, ત્યાં જઈને બે હાથ જોડી, દશનખ ભેગા કરી મસ્તકે અંજલિ જોડી, જય-વિજયથી વધાવી આમ કહ્યું — હે દેવાનુપ્રિય ! બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ આપ દેવાનુપ્રિયને કાલગત જાણીને, ઈશાન કલ્પે ઈન્દ્રપણે ઉત્પન્ન થયેલ જોઈને ક્રોધ પૂર્વક યાવત્ એકાંતમાં આપનું શરીર ફેંકીને - x - પાછા ગયા.*

*ત્યારે તે ઈશાનેન્દ્રએ તે ઈશાનકલ્પવાસી ઘણાં દેવ-દેવી પાસે આ અર્થ જાણી, અવધારી ક્રોધથી યાવત્ ધમધમતા તે ઉત્તમ દેવ શય્યામાં રહીને ભ્રુકુટીને ત્રણ વળ દઈ, ભવાં ચડાવી બલિચંચા સામે, નીચે, સપક્ષ, સપ્રતિદિશિ જોયું. ત્યારે તે બલિચંચાને ઈશાનેન્દ્રએ - x - આ રીતે જોતાં, તેમના દિવ્યપ્રભાવથી બલિચંચા અંગારા જેવી, આગના કણિયા જેવી, રાખ જેવી, તપ્ત વેણુકણ જેવી, તપીને લ્હાય જેવી થઈ ગઈ. ત્યારે બલિચંચાના રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ બલિચંચા રાજધાનીને અંગારા જેવી યાવત્ લ્હાય જેવી તપેલી જોઈ, તેનાથી ભય પામ્યા-ત્રાસ્યા-ઉદ્વેગ પામ્યા-ભયભીત થઈ ચારે બાજુ દોડવા-ભાગવા-એકબીજાની સોડમાં ભરાવા લાગ્યા.*

*જ્યારે તે બલિચંચાના રહીશો - x - એ એમ જાણ્યું કે ઈશાનેન્દ્ર કોપેલ છે, ત્યારે તેઓ ઈશાનેન્દ્રની દિવ્ય-દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ, તેજોલેશ્યાને સહન ન કરતા બધાં સપક્ષ અને સપ્રતિદિશામાં રહીને, બે હાથ જોડી, દશ નખ ભેગા કરી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ જોડી, ઈશાનેન્દ્રને જય-વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું — અહો ! આપ દેવાનુપ્રિયને દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણેલી છે. આપ દેવાનુપ્રિયની તે દિવ્ય-દેવઋદ્ધિ યાવત્ લબ્ધ, પ્રાપ્ત અને સામે આણેલી છે (તે અમે જોઈ) અમે આપની ક્ષમા માંગીએ છીએ હે દેવાનુપ્રિય ! અમને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. ફરીવાર અમે એમ નહીં કરીએ. એ રીતે સારી રીતે, વિનયપૂર્વક વારંવાર ખમાવે છે બલિચંચા રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓએ પોતાના અપરાધ બદલ ઈશાનેન્દ્રની સમ્યક્ વિનયપૂર્વક વારંવાર ક્ષમા માંગી ત્યારે ઈશાનેન્દ્રે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ તેજોલેશ્યાને સંહરી લીધી.*

*હે ગૌતમ ! ત્યારથી તે બલિચંચા રહીશ ઘણાં અસુરકુમાર દેવ-દેવીઓ ઈશાનેન્દ્રનો આદર કરે છે યાવત્ પર્યુપાસે છે. દેવેન્દ્ર ઈશાનની આજ્ઞા-સેવા-આદેશ-નિર્દેશમાં રહે છે. એ રીતે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની તે દિવ્ય*



*દેવઋદ્ધિ યાવત્ મેળવેલી છે.*

*ભગવન્ ! ઈશાનેન્દ્રની કેટલી કાળ સ્થિતિ કહી છે ? ગૌતમ ! સાતિરેક બે સાગરોપમ. દેવેન્દ્ર ઈશાન તે દેવલોકથી આયુ ક્ષય થતાં યાવત્ ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.*

**● વિવેચન-૧૬૦ અધુરેથી-૧૬૩ :-**

અનિત્ય વિચારણા. જોઈને બોલાવેલા, ગૃહસ્થાપણામાં પરિચિત જૂના મિત્રાદિ નિર્વર્તનિક-એક જાતનું ક્ષેત્રનું માપ, તેના જેટલા પરિમાણવાળું અથવા પોતાના શરીર પ્રમાણ ક્ષેત્ર. - x -

ઈન્દ્રરહિત, શાંતિકર્મકર્તા-પુરોહિતરહિત. અહીં ઈન્દ્ર નથી માટે જ પુરોહિત નથી. ઈન્દ્રને વશ હોવાથી ઈન્દ્ર આધિન. ઈન્દ્રયુક્ત હોવાથી ઈન્દ્ર અધિષ્ઠિત. તેથી જ - જેનું કાર્ય ઈન્દ્રને આધિન છે તેવી. સ્થિતિકલ્પ એટલે બલિચંચામાં રહેવાનો સંકલ્પ.. ઉત્કર્ષવાળી તે દેવગતિ વડે, આકુળતા હોવાથી ઉતાવળી, પણ સ્વાભાવિક નહીં. ત્યાં માનસિક ચપળતા સંભવે છે માટે કહ્યું — કાયાની ચપળતાવાળી ગતિ વડે. રૌદ્ર-ભયંકર ગતિ વડે. બીજી ગતિને જિતનાર ગતિ વડે, ઉપાયમાં પ્રવૃત્તિ કર્તા નિપુણ ગતિ વડે. શ્રમ અભાવે સિંહ જેવી ગતિ વડે, વેગવતી-દિવ્ય ગતિ વડે ચાલતા વસ્ત્ર ઉડતા હોય તેમ, દર્પવાળી ગતિથી.. પૂર્વાદિ ચારે દિશા સમાન પક્ષે હોવાથી સપક્ષ, બધા ખૂણાં સરખા પડે તે સપ્રતિદિક્.. નાટ્ય વિષય વસ્તુ બત્રીશ પ્રકારે હોવાથી બત્રીશવિધ. તે રાયપસેણીયથી જાણવું.

अट्ठं बंधह - પ્રયોજન વિશે નિશ્ચય કરો. निदान - પ્રાર્થના. શીઘ્ર કોપથી વિમૂઢબુદ્ધિ અથવા કોપના ચિન્હો પ્રગટેલા છે તે, કોપનો ઉદય થયેલા, પ્રગટ રૌદ્રરૂપવાળા, ક્રોધથી સળગતા માટે દેદીપ્યમાન.

દોરડી વડે, થુંકે છે. આડુ-અવળું કરે છે. જાતિ વગેરે ઉઘાડી પાડીને નિંદે છે, મન વડે કુત્સા કરે છે, પોતાની સમક્ષ વચનોથી ખિંસા કરે છે, લોક સમક્ષ ગર્હા કરે છે, અપમાન પાત્ર માને છે, આંગળી આદિ હલાવી તર્જના કરે છે, હાથેથી મારે છે, કદર્થના કરે છે, પ્રકૃષ્ટ વ્યથા આપે છે.

ઉત્તમ શય્યામાં રહેલ, ત્રળ સળ કપાળે પાડી, ભૃકુટી ખેંચી, અગ્નિ સમાન થયેલ.. ભયવાળા થઈ, ભયથી કંપતા, આનંદરસ સૂકાઈ ગયેલા, રહેઠાણ છોડી દેવાના મનવાળા. તાત્પર્ય એ કે — થોડું કે વધારે દોડે છે. એકબીજાની સોડમાં ભરાઈ જતાં.. અમે વારંવાર આવું નહીં કરીએ.

आज्ञा - 'આ કરવાનું જ છે' એવો આદેશ उपपात - સેવા, वचन - આજ્ઞાપૂર્વક આદેશ, निर्देश - પૂછેલાં કાર્ય સંબંધે નિયત ઉત્તર.

ઈશાનેન્દ્ર વક્તવ્યતા પ્રસ્તાવથી તે જ સંબંધે કહે છે—

**● સૂત્ર-૧૬૪ થી ૧૬૯ :-**

*[૧૬૪] ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્રના વિમાનો કરતાં શું દેવેન્દ્ર દેવરાજ*

*ઈશાનના વિમાનો કિંચિત્ ઉચ્ચતર, કિંચિત્ ઉન્નતતર છે? ઈશાનેન્દ્રના વિમાનોથી શક્રેન્દ્રના વિમાનો કંઈક નીચા કે નિમ્નતર છે? ગૌતમ! હા, તે એમ જ છે - એમ કેમ કહ્યું? ગૌતમ! જેમ કોઈ હથેળી ક્યાંક ઉંચુ, ક્યાંક ઉન્નત હોય અને ક્યાંક નીચું, ક્યાંક નિમ્ન હોય, તેમ હે ગૌતમ! શક્રેન્દ્રના વિમાન નિમ્ન છે.*

*[૧૬૫] ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, દેવેન્દ્ર દેવરાજ ઈશાન પાસે જવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે તેમનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? ગૌતમ ! આદર કરતો આવે. - x -*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાન, દેવેન્દ્ર દેવરાજ શક્ર પાસે આવવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે તેનો આદર કરતો આવે કે અનાદર કરતો આવે ? ગૌતમ ! આદર કરતો કે અનાદર કરતો પણ આવે.*

*ભગવન્ ! ઈશાનેન્દ્રની સપક્ષ, સપ્રતિદિશ જોવાને શક્રેન્દ્ર સમર્થ છે ? ગૌતમ ! પાસે આવવા માફક અહીં બે આલાવા છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર સાથે વાતચિત કરવાને સમર્થ છે ? હા, છે. પાસે આવવા સંબંધે કહ્યું તેમ અહીં કહેવું.*

*ભગવન્ ! તે શક્રેન્દ્ર-ઈશાનેન્દ્ર વચ્ચે કોઈ કૃત્ય, કરણીય સમુત્પન્ન થાય છે ? હા, થાય છે. ત્યારે તે કેવો વ્યવહાર કરે ? ગૌતમ ! ત્યારે શક્રેન્દ્ર, ઈશાનેન્દ્ર પાસે જાય છે. ઈશાનેન્દ્ર, શક્રેન્દ્ર પાસે જાય છે [તેઓ પરસ્પર આ રીતે બોલાવે છે—] ઓ ! દક્ષિણાર્દ્ધ લોકાધિપતિ દેવરાજ દેવેન્દ્ર શક્ર ! કે ઓ ! ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ દેવેન્દ્ર દેવરાજ ઈશાન ! એ રીતે પરસ્પર કૃત્ય, કરણીયને અનુભવતા વિચરે છે.*

*[૧૬૬] તે દેવેન્દ્ર દેવરાજ શક્ર-ઈશાન વચ્ચે પરસ્પર વિવાદ થાય છે ? હા, થાય છે. ત્યારે તેઓ શું કરે છે ? ગૌતમ ! ત્યારે તે શક્ર-ઈશાન, દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારને યાદ કરે છે. ત્યારે તે સનત્કુમારેન્દ્ર, શક્ર-ઈશાનેન્દ્રએ યાદ કરતા જલ્દીથી તેઓની પાસે આવે છે. તે જે કહે તેને બંને ઈન્દ્રો તેમની આજ્ઞા-સેવા-વચન-નિર્દેશે રહે છે.*

*[૧૬૭] દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, પરિત્તસંસારી, અપરિત્ત સંસારી, સુલભબોધિ, દુર્લભબોધિ, આરાધક, વિરાધક, ચરમ, અચરમ શું છે ? ગૌતમ ! સનત્કુમારેન્દ્ર ભવસિદ્ધિક, સમ્યગ્દૃષ્ટિ, પરિત્તસંસારી, સુલભબોધિ, આરાધક, ચરમ પ્રશસ્ત જાણવા. અભવસિદ્ધિક આદિ નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ? સનત્કુમારેન્દ્ર ઘણાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના હિત-સુખ-પથ્યેચ્છુ છે, આનુકંપા કરનાર, નિઃશ્રેયસ-હિત સુખ કલ્યાણના કામી છે. તેથી ગૌતમ ! એમ કહ્યું.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારની સ્થિતિ કેટલા કાળ સુધીની છે ? ગૌતમ ! સાત સાગરોપમ સ્થિતિ છે. ભગવન્ ! તે, તે દેવલોકથી આયુક્ષય થતાં યાવત્ કયા ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ*



*દુઃખોનો અંત કરશે. - ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે.*

*[૧૬૮] તિષ્યકનો તપ છટ્ઠ-છટ્ઠ, અનશન એક માસ, શ્રમણપર્યાય આઠ વર્ષ-કુરુદત્તનો તપ અટ્ઠમ-અટ્ઠમ, અનશન અર્ધ માસ, શ્રમણપર્યાય છ માસ છે.*

*[૧૬૯] વિમાનોની ઉંચાઈ, પ્રાદુર્ભાવ, જોવું, સંલાપ, કાર્ય, વિવાદોત્પત્તિ, સનત્કુમારનું ભવ્યપણું કહ્યું.*

● **વિવેચન-૧૬૪ થી ૧૬૯ :-**

પ્રમાણથી ઉંચાપણું, ગુણથી ઉન્નત્તપણું અથવા પ્રાસાદ અપેક્ષાએ ઉંચાપણું, પ્રાસાદ પીઠની અપેક્ષાએ ઉન્નત્તપણું. જે કહ્યું છે કે — પહેલા કલ્પોમાં વિમાનોની ઉંચાઈ ૫૦૦ યોજન છે. તે સ્થૂળપણે કહ્યું છે, એમ જાણવું. તેનાથી કિંચિત્ વધુ ઉંચું હોય તો તેમાં કોઈ વિરોધ નથી. - x - आलाप - संभाषण, संलाप - पुनः पुनः भाषण. कृत्य - प्रयोजन, करणीय - કાર્યો. હવે કાર્યનો પ્રસંગ આવે ત્યારે કેવી રીતે કાર્ય કરે છે? કાર્યો સરળ છે. भो - આ કાર્ય છે. भो શબ્દ આમંત્રણાર્થે છે - x - જે કોઈ આજ્ઞાદિ એ કરે. તેને તેઓ તાબે રહે છે, એમ વાક્યાર્થ છે - x -

જ્ઞાનાદિનો આરાધક છે. છેલ્લો એક જ ભવ બાકી છે, તે चरम. અથવા દેવભવ તે તેનો છેલ્લો દેવભવ છે - x - हित - સુખના કારણરૂપ. - x - દુઃખથી બચવું તે પથ્ય. તે કૃપાળુ છે માટે આમ કહ્યું. निःश्रेयस - મોક્ષમાં નિયુક્ત. જેમાં દુઃખનો સંબંધ ન હોય તે સુખ. હિત, સુખાદિને ઈચ્છનાર. પૂર્વોક્ત અર્થસૂચક બે ગાથા—

અહીં પહેલી ગાથામાં પૂર્વાર્ધ પદોનો ઉત્તરાર્ધ પદો સાથે અનુક્રમે સંબંધ જોડવો. જેમકે તિષ્યકનું છટ્ઠ તપ, ઇત્યાદિ. भत्तपरिण्ण - અનશનનો વિધિ. - x - વિકુર્વણા કેવી? તેનું કથન મોકા નગરીમાં કહેવાયેલ હોવાથી. તેનું પ્રકરણ 'મોકા' કહેવાય છે.

**શતક-૩, ઉદ્દેશો-૧-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૨-"ચમરોત્પાત" ❀

— x — x — x — x — x —

૦ દેવોની વિકુર્વણા કહી, અહીં અસુરકુમારની ગતિશક્તિ કહે છે—

● **સૂત્ર-૧૭૦ થી ૧૭૨ :-**

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. યાવત્ પર્ષદા પર્યુપાસે છે. - - તે કાળે તે સમયે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર ચમરચંચા રાજધાનીમાં, સુધર્મા સભામાં ચમર નામે સિંહાસન ઉપર બેઠેલો, ૬૪,૦૦૦ સામાનિક દેવોથી વીંટળાયેલો યાવત્ નૃત્ય વિધિ દેખાડીને જે દિશામાંથી આવ્યો હતો, તે દિશામાં પાછો ગયો.*

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં નીચે અસુરકુમાર દેવો વસે છે ? ગૌતમ ! આ વાત યોગ્ય નથી. યાવત્ અધઃસપ્તમી પૃથ્વીમાં જાણવું. સૌધર્મકલ્પની નીચે યાવત્ (બીજા કલ્પોની નીચે પણ અસુરકુમારો રહેતા નથી.)*

ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી નીચે અસુરકુમાર દેવો રહે છે ? આ વાત યોગ્ય નથી.. ભગવન્ ! ત્યારે એવું ખ્યાત સ્થાન કયું છે કે જ્યાં અસુરકુમાર દેવો રહે છે ? ગૌતમ ! ૧,૮૦,૦૦૦ યોજનની જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વી મધ્યે રહે છે. એ રીતે અસુરકુમારો સંબંધી બધી વક્તવ્યતા યાવત્ દિવ્ય ભોગ ભોગવતા રહે છે.

ભગવન્ ! અસુરકુમાર દેવોનું અધઃગતિ સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તે અસુરકુમાર દેવો સ્વસ્થાનથી કેટલે નીચે જઈ શકે છે ? ગૌતમ ! યાવત્ અધઃસપ્તમી પૃથ્વી. ત્રીજી પૃથ્વી સુધી તેઓ ગયા છે, જાય છે અને જશે.. ભગવન્ ! અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે, તેનું શું કારણ ? ગૌતમ ! પૂર્વ વૈરીને વેદના દેવા અને જૂના મિત્રની વેદના ઉપશાંત કરવા અસુરકુમાર દેવો ત્રીજી પૃથ્વી સુધી ગયા છે અને જશે. અસુરકુમાર દેવોનું તિર્છા ગમન સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તેમનું તિર્છું ગમન સામર્થ્ય કેટલું છે ? ગૌતમ ! યાવત્ અસંખ્ય દ્વીપસમુદ્ર છે. નંદીશ્વરદ્વીપ સુધી ગયા છે અને જશે. ભગવન્ ! કયા કારણે અસુરકુમાર દેવો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે ? ગૌતમ ! જે આ અરિહંત ભગવંતો છે, તેઓના જન્મ-નિષ્ક્રમણ-જ્ઞાનોત્પાદ-પરિનિર્વાણ મહોત્સવો છે, તેને માટે અસુરકુમારો નંદીશ્વરદ્વીપ ગયા છે અને જશે. ભગવન્ ! અસુરકુમાર દેવોનું ઉર્ધ્વ ગતિ સામર્થ્ય છે ? હા, છે. ભગવન્ ! તે સામર્થ્ય ક્યાં સુધી છે ? ગૌતમ ! અચ્યુતકલ્પ સુધી. સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે. ભગવન્ ! અસુરકુમાર શા માટે સૌધર્મકલ્પ સુધી ગયા છે અને જશે ? ગૌતમ ! તેઓને ભવ પ્રત્યયિક વૈરાનુબંધ છે. વૈક્રિયરૂપ બનાવતા અને ભોગો ભોગવતા તેઓ આત્મરક્ષક દેવોને ત્રાસ પમાડે છે તથા યથોચિત નાના-નાના રત્નોને લઈને એકાંતમાં ચાલ્યા જાય છે.

ભગવન્ ! તે દેવો પાસે યથોચિત નાના રત્નો છે ? હા, છે.. જ્યારે તેઓ રત્નો ઉપાડી જાય ત્યારે વૈમાનિકો શું કરે ? પછી વૈમાનિકો તેમને કાયિક વ્યથા પહોંચાડે. ભગવન્ ! અસુરકુમારો ઉપર જઈને, ત્યાં રહેલ અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ છે ? ના, એમ નથી. તેઓ ત્યાંથી પાછા વળી સ્વ સ્થાને આવે છે. જો કદાચ અપ્સરા તેમનો આદર કરો, સ્વીકારે, તો તે અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવતા વિચરવા સમર્થ બને, પણ જો તે અપ્સરા તેમનો આદર અને સ્વીકાર ન કરે, તો અસુરકુમારો તે અપ્સરા સાથે દિવ્ય ભોગ ભોગવી રહેવા સમર્થ ન બને. ગૌતમ ! એ રીતે અસુરો ત્યાં ગયા છે અને જશે.

[૧૭૧] ભગવન્ ! કેટલો સમય વીત્યા પછી અસુરકુમાર દેવો ઉંચે જાય છે તથા સૌધર્મકલ્પે ગયા છે અને જશે ? ગૌતમ ! અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી વીત્યા પછી લોકમાં આશ્ચર્યરૂપ આ ભાવ સમુત્પન્ન થાય છે, જે અસુરકુમાર સૌધર્મકલ્પ સુધી ઉંચે જાય. ભગવન્ ! કોનો આશ્રય કરીને અસુરકુમારો





સૌધર્મકલ્પ સુધી ઉંચે જાય છે ? હે ગૌતમ ! જેમ કોઈ શબર-બર્બર-ટંકણ-ભુત્તઅ-પણ્હય-પુલિંજાતિના લોકો એક મોટા જંગલ-ખાડો-દુર્ગ-ગુફા વિષમ-પર્વતનો આશ્રય કરી, સારા મોટા ઘોડા-હાથી-યોધા-ધનુષ્યવાળા સૈન્યને હંફાવે, તેમ અસુરકુમારો પણ અરિહંત-અરિહંતચૈત્ય-ભાવિતાત્મા અણગારની નીશ્રાએ સૌધર્મકલ્પે જાય.

ભગવન્! શું બધાં અસુરકુમારો ઉંચે યાવત્ સૌધર્મ કલ્પ સુધી જાય છે? ગૌતમ! એવું નથી, મહર્દ્ધિક અસુરકુમારો ઉંચે યાવત્ સૌધર્મ કલ્પે જાય છે. ભગવન્! એ રીતે અસુરેન્દ્ર, અસુરકુમાર રાજ ચમર કોઈ વાર પૂર્વે ઉપર યાવત્ સૌધર્મકલ્પે ગયેલો છે? હા, ગૌતમ! ગયો છે. ભગવન્! અહો! આ ચમરેન્દ્ર કેવી મહાઋદ્ધિ, મહાદ્યુતિ યાવત્ તેની ઋદ્ધિ ક્યાં ગઈ? કૂટાગારશાલા દૃષ્ટાંત.

[૧૭૨] અસુરેન્દ્ર અસુરરાજ ચમરે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ ક્યાં લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કરી? ગૌતમ! તે કાળે તે સમયે આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં બેભેલ નામે સંનિવેશ હતું. (વર્ણન) તે બેભેલ સંનિવેશે પૂરણ નામે ગૃહસ્થ રહેતો હતો, તે આઢ્ય, દિપ્ત યાવત્ તામલિની વક્તવ્યતા મુજબ જાણવો. વિશેષ આ – ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર કરીને યાવત્ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ યાવત્ સ્વયં જ ચાર ખાનાવાળું કાષ્ઠમય પાત્ર લઈને, મુંડ થઈને "દાનામા" પ્રવ્રજ્યાથી પ્રવ્રજિત થઈને, તે જ પ્રમાણે આતાપના ભૂમિથી ઉતરીને આપમેળે જ ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્ર લઈને બેભેલ સંનિવેશના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યાએ ફરતાં, જે મને પાત્રના પહેલા ખાનામાં આવે તે મારે માર્ગમાં પથિકોને દેવું કલ્પે, જે મને પાત્રના ત્રીજા ખાનામાં આવે તે મારે મત્સ્ય-કાચબાને દેવું કલ્પે, જે મને પાત્રના ચોથા ખાનામાં આવે તે મને મારા પોતાના આહાર માટે કલ્પે. એવું વિચારી, કાલે પ્રભાત થયા પછી, તે બધું સંપૂર્ણ યાવત્ - જે મારા ચોથા ખાનામાં પડે તેનો પોતે આહાર કરે છે. [શેષ કથન તામલિ મુજબ જાણવું.]

ત્યારે તે પૂરણ બાલતપસ્વી તે ઉદાર, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહિત બાલ તપકર્મ વડે એ બધું તામલિ મુજબ કહેવું. યાવત્ બેભેલ સંનિવેશની વચ્ચોવચ્ચથી નીકળે છે. નીકળીને પાદુકા, કુંડિકા આદિ ઉપકરણ, ચાર ખાનાવાળું કાષ્ઠ પાત્રને એકાંતમાં મૂકે છે. બેભેલ સંનિવેશથી અગ્નિખૂણામાં અર્ધનિર્વર્તનિક મંડળને આલેખે છે. સંલેખના ઝૂસણાથી ઝૂસિત થઈને, ભોજન-પાનનો ત્યાગ કરીને, પાદપોપગમન અનશન કરી (તે પૂરણ) દેવગત થયો.

તે કાળે તે સમયે હે ગૌતમ ! હું છદ્મસ્થાવસ્થામાં હતો. ૧૧ વર્ષનો દીક્ષાપર્યાય હતો. નિરંતર છટ્ઠ-છટ્ઠના તપોકર્મથી સંયમ-તપ વડે આત્માને ભાવતો પૂર્વાનુપૂર્વી એ ચરતો, ગ્રામાનુગ્રામ વિચરતો જ્યાં સુંસમારપુરનગર છે, જ્યાં અશોક વનખંડ ઉદ્યાન છે, જ્યાં પૃથ્વીશિલાપટ્ટક છે. ત્યાં આવ્યો. ઉત્તમ અશોકવૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકાર્યું. બંને પગ

ભેગા કરી, હાથને નીચે લાંબા કરી, એક પુદ્‌ગલ ઉપર દૃષ્ટિ રાખી, અનિમેષ નયને, જરા શરીરને આગળને ભાગે નમતું મેલીને, યથાસ્થિત ગાત્રો વડે, સર્વેન્દ્રિયથી ગુપ્ત થઈને, એકરાત્રિકી મહાપ્રતિમા સ્વીકારીને રહેલો હતો.

તે કાળે તે સમયે ચમરચંચા રાજધાની ઈન્દ્ર, પુરોહિત રહિત હતી. ત્યારે તે પુરણ બાલતપસ્વી પ્રતિપૂર્ણ ૧૨ વર્ષનો પર્યાય પાળીને, માસિકી, સંલેખનાથી આત્માને જોડીને, ૬૦ ભક્તને અનશન વડે છેદીને કાળમાસે કાળ કરી ચમરચંચા રાજધાનીમાં ઉત્પાત સભામાં યાવત્ ઈન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યારે તે અસુરેન્દ્ર અસુરરાજ ચમર, જે તાજો જ ઉત્પન્ન થયેલો, તેણે પાંચ પ્રકારે પર્યાપ્તિને પૂર્ણ કરી. તે આ — આહાર પર્યાપ્તિથી પર્યાપ્તિભાવ પામીને અવધિજ્ઞાન વડે સ્વાભાવિક ઉંચે યાવત્ સૌધર્મકલ્પે દેવેન્દ્ર, દેવરાજ, મઘવા, પાકશાસન, શતક્રતુ, સહસ્રાક્ષ, વજ્રપાણિ, પુરંદર યાવત્ દશ દિશાઓને ઉધોતિત, પ્રધોતિત કરતો, સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં શક્રસિંહાસન ઉપર યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતા (શક્રેન્દ્રને) જોયો.

તેને જોઈને ચમરેન્દ્રને આવા પ્રકારનો આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉત્પન્ન થયો - આ કોણ મરણનો ઈચ્છુક, દુરંતપ્રાંતલક્ષણ, હ્રી-શ્રી વગરનો, હીનપુણ્ય ચૌદશીયો છે જે મારી આ આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિ યાવત્ દેવાનુભાવ લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ કર્યા છે છતાં મારી ઉપર ગભરાટ વિના દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે ? એમ વિચારી ચમરે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! આ કોણ મરણનો ઈચ્છુક યાવત્ વિચરે છે ?

ત્યારે તે સામાનિક દેવો, ચમરેન્દ્રએ આમ કહ્યું ત્યારે હર્ષિત-સંતુષ્ટ થઈને યાવત્ હર્ષિત હૃદયે, હાથ જોડીને, દશ નખ ભેગા કરી, મસ્તકે અંજલિ કરી, આવર્ત કરી, જય-વિજય વડે વધાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય ! આ દેવેન્દ્ર દેવરાજ શક્ર છે યાવત્ વિચરી રહ્યો છે.

ત્યારે તે ચમરેન્દ્રએ તે સામાનિકપર્ષદા ઉત્પન્ન દેવો પાસે આ કથન સાંભળી, અવધારી ક્રોધિત થઈ, રોષિત થઈ, કોપી, ચંડ બની, ક્રોધથી ધમધમતા, તે સામાનિક દેવોને આ પ્રમાણે કહ્યું — દેવેન્દ્ર દેવરાજ શક્ર બીજો છે અને અસુરેન્દ્ર અસુર રાજ ચમર બીજો છે. ભલે તે શક્રેન્દ્ર મહાઋદ્ધિવાળો છે, ભલે આ ચમરેન્દ્ર અલ્પ ઋદ્ધિવાળો છે, તો પણ હે દેવાનુપ્રિયો ! હું મારી પોતાની જ મેળે તે શક્રેન્દ્રની શોભાને ભ્રષ્ટ કરવા ઈચ્છુ છું. એમ કરીને તે ચમર ગરમ થયો, ઉષ્ણીભૂત થયો.

ત્યારે તે ચમરેન્દ્રએ અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો. મને અવધિજ્ઞાન વડે જોયો, જોઈને તેને આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ થયો. શ્રમણ ભગવંત મહાવીર, જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં સુંસુમારપુર નગરમાં અશોક વનખંડ ઉધાનમાં ઉત્તમ અશોક વૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટક ઉપર અટ્ઠમભક્ત તપ સ્વીકારીને એક



રાત્રિકી મહાપ્રતિમા ગ્રહણ કરીને રહેલા છે. તો એ શ્રેયસ્કર છે, હું ભગવંત મહાવીરની નિશ્રા લઈ, શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા જાઉં. એમ વિચારી દેવશય્યાથી ઉઠીને દેવદૂષ્ય પહેરી ઉપપાત સભાથી પૂર્વ દિશાના દ્વારેથી નીકળ્યો. જે તરફ સુધર્માસભા હતી, જ્યાં ચતુષ્પાલ શસ્ત્રભંડાર હતો, ત્યાં ગયો. જઈને પરિઘ રત્ન નામે હથિયાર લીધું. પછી તે એકલો, કોઈને સાથે લીધા વિના પરિઘ રત્નને લઈને મહારોષને ધારણ કરતો ચમરચંચા રાજધાનીની વચ્ચોવચ્ચથી નીકળી, તિગિચ્છિકૂટ ઉત્પાત પર્વતે આવ્યો. ત્યાં વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈ, સંખ્યાત યોજન સુધીનાં યાવત્ ઉત્તરવૈક્રિયરૂપ બનાવી, ઉત્કૃષ્ટ યાવત્ ગતિ વડે પૃથ્વીશિલાપટ્ટક ઉપર, મારી પાસે આવી, મને ત્રણ વાર પ્રદક્ષિણા યાવત્ નમસ્કાર કરીને તે ચમર આ પ્રમાણે બોલ્યો—

હે ભગવન્ ! આપનો આશ્રય લઈ હું મારી જાતે જ શક્રેન્દ્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છુ છું. એમ કરીને ઈશાન કોણની દિશા તરફ ગયો. જઈને વૈક્રિય સમુદ્‌ઘાત વડે સમવહત થઈ, યાવત્ બીજી વખત પણ વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થઈ એક મહા ઘોર ઘોરાકાર, ભયંકર, ભયંકરાકાર, ભાસ્વર, ભયાનક, ગંભીર, ત્રાસદાયી કાળી અર્ધરાત્રિ અને અડદના ઢગલા જેવું કાળું તથા લાખ યોજન ઉંચુ, મોટું શરીર બનાવ્યું. તેમ કરીને આસ્ફાટન-વલ્ગન-ગર્જન-ઘોડા જેવો હણહણાટ-હસ્તિવત્ કિલકિલાટ-રથવત્ ઘણઘણાટ કરતો, પગ પછાડતો-ભૂમિ ઉપર પાટુ મારતો-સિંહનાદ કરતો ઉછળે છે, પછડાય છે, ત્રિપદીને છેદે છે, ડાબો હાથ ઉંચો કરે છે, જમણા હાથની તર્જની અને અંગુઠાના નખ વડે પોતાના મુખને વિડંબે છે, મોટા-મોટા કલકલ શબ્દોથી અવાજ કરે છે. એકલો, કોઈને સાથે લીધા વિના, પરિઘરત્નને લઈને ઉંચે આકાશમાં ઉડ્યો. જાણે અધોલોકને ખળભળાવતો, ભૂમિતલને કંપાવતો, તિર્છાલોકને ખેંચતો, ગગનતલને ફોડતો હોય તેવો (એ પ્રમાણે ચમર) ક્યાંક ગાજે છે ક્યાંક વિધુત્‌વત્ ઝળકે છે. ક્યાંક વરસાદ પેઠે વરસે છે, ક્યાંક ધૂળવર્ષા કરે છે, ક્યાંક અંધકાર કરે છે (એમ કરતો) વ્યંતરને ત્રાસ પમાડતો, જ્યોતિષ્ક દેવોના જાણે બે ભાગ કરતો. આત્મરક્ષક દેવોને ભગાડતો, પરિઘરત્ન આકાશતલમાં ફેરવતો, શોભાવતો ઉત્કૃષ્ટ ગતિથી યાવત્ અસંખ્ય તિર્છાદ્વીપ સમુદ્રની વચ્ચોવચ્ચથી નીકળતો સૌધર્મકલ્પે, સૌધર્માવતંસક વિમાને, જ્યાં સુધર્માસભા છે ત્યાં આવી એક પગ પદ્મવર વેદિકામાં અને બીજો પગ સુધર્માસભામાં મૂક્યો. પરિઘરત્ન વડે મોટા મોટા અવાજ કરતા તેણે ઈન્દ્રકીલને ત્રણ વાર કુટ્યો, કુટીને (ચમરેન્દ્ર) આ પ્રમાણે બોલ્યો—

અરે ! દેવેન્દ્ર દેવરાજ શક્ર ક્યાં છે ? ક્યાં છે તે ૮૪,૦૦૦ સામાનિક દેવો ? - યાવત્ - ક્યાં છે ૩,૩૬,૦૦૦ આત્મરક્ષક દેવો ? ક્યાં છે તે કરોડો અપ્સરાઓ ? આજે હણું છું, આજે વધ કરું છું, તે બધી અપ્સરાઓ જે મારા તાબે નથી, તે આજે તાબે થઈ જાઓ. એમ કરીને તેવા પ્રકારના અનિષ્ટ,

*અકાંત, અપ્રિય, અશુભ, અમનોજ્ઞ, અમણામ, કઠોર વાણી કાઢે છે ત્યારે તે શક્રેન્દ્ર, તેવી અનિષ્ટ યાવત્ અમણામ્ પૂર્વે ન સાંભળેલી, કઠોર વાણી સાંભળીને, અવધારીને ક્રોધિત યાવત્ ગુસ્સાથી ધમધમતો, કપાળમાં ત્રણ વલી પડે તેમ ભવાં ચઢાવી, ચમરેન્દ્રને કહ્યું — હે, અરે, ચમરા ! મરણની ઈચ્છાવાળા, યાવત્ હીન પુન્ય ચૌદશીયા ! આજે તું નહીં રહે, હતો ન હતો થઈ જઈશ. તને સુખ નહીં થાય. એમ કરી ઉત્તમ સિંહાસનેથી વજ લીધું.*

*તે ઝળહળતું, સ્ફુટતું, તડતડાટ કરતું, હજારો ઉલ્કાપાતને મૂકતું, હજારો જ્વાલાને છોડતું, હજારો અંગારાને ખેરવતું, અગ્નિના કણિઆ અને જ્વાલાઓની માળાથી ભમાવતું, આખોને આંજી દેતુ, આગ કરતાં પણ વધુ તેજથી દીપતું, અતિ વેગવાળું, ફૂલેલા કેસુડા જેવું લાલ, મહાભયરૂપ, ભયંકર વજ ચમરને હણવા મૂક્યું.*

*તે ઝળહળતા યાવત્ ભયંકર વજને સામે આવતું જોઈ, તે અસુરેન્દ્ર, અસુરરાજ ચમર, આ શું ? એવું વિચારે છે 'મારે આવું શસ્ત્ર હોત તો' એવી સ્પૃહા કરે છે, ફરી પણ સ્પૃહા કરે છે. એટલામાં તે મુગટથી ખરી ગયેલ છોગાવાળો, આલંબવાળા હાથના ઘરેણાવાળો, પગ ઉંચા અને માથુ નીચુ કરીને કાંખમાં પરસેવો ન વળ્યો હોય એમ પરસેવાને ઝરાવતો ઝરાવતો તે ચમર ઉત્કૃષ્ટ યાવત્ તિર્છા અસંખ્ય દ્વીપ-સમુદ્રોની વચ્ચોવચ્ચ જતા જતા જે તરફ જંબૂદ્વીપ છે યાવત્ જ્યાં ઉત્તમ અશોકનું વૃક્ષ છે તથા જ્યા હું છું તે તરફ આવીને, બીધેલો, ભયથી ગર્ગર સ્વરે ભગવન્ ! 'તમે મારું શરણ છો' એમ બોલતો મારા બંને પગની વચ્ચે વેગથી પડ્યો.*

**● વિવેચન-૧૭૦ થી ૧૭૨ :-**

આ સૂત્ર ક્રમ વડે કહેવું. તે આ - ઉપર, નીચે એક-એક હજાર યોજન અવગાહીને વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનમાં અસુરકુમાર દેવોના ૬૪-લાખ ભવનાવાસો છે.. સંરભપૂર્વક મોટા વૈક્રિય શરીરને કરતાં, પરિચારણ કરતાં બીજાની દેવી સાથે ભોગ ભોગવવાની ઈચ્છાવાળા.. યથોચિતપણે નાના સ્વરૂપવાળા કેમકે મોટા રત્નોને સંતાડવા અશક્ય હોવાથી નાના રત્નો કહ્યા છે. વૃદ્ધોએ - ઉત્તમરત્નો અર્થ કર્યો છે.

હવે રત્નો લઈને એકાંત સ્થાનમાં જનાર અસુરોને તે વૈમાનિકો શું કરે છે ? રત્નોનું ગ્રહણ કર્યા પછી, રત્નોને લેનારા એવા અસુરોના શરીર ઉપર પ્રહાર દ્વારા વૈમાનિકો પીડા ઉત્પન્ન કરે છે. પીડા પામેલા અસુરોને થતી વેદના જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી છ માસ સુધી રહે છે... શબર આદિ અનાર્ય વિશેષો છે... ખાડાનો, જળ કે સ્થળ દુર્ગનો, પર્વતની ગુફાનો, ખાડા અને વૃક્ષોથી ગીચ જમીનનો આશરો લઈને ધનુર્ધર આદિના લશ્કરને જીતી લેશું એમ નિશ્ચય કરે છે. આ લોકમાં અરિહંતનો આશરો લઈને ઉંચે જાય, તે સિવાય નહીં.

दाणामा - દાનની મુખ્યતાવાળી, - x - બંને પગને ભેગા કરીને એટલે જિનમુદ્રાએ, લાંબા હાથ કરી, આગળ મુખ નમાવીને, યથાસ્થિત ગાત્રો વડે. विससा



- સ્વભાવથી જ. पासइ - જુએ છે.

મહામેઘને વશ કરનાર, પાક નામના બળવાન્ શત્રુને શિક્ષા કરનાર, કાર્તિક શ્રેષ્ઠીના ભવની અપેક્ષાએ અભિગ્રહરૂપ-પ્રતિમાને અથવા શ્રાવકની પાંચમી પ્રતિમારૂપ સો પ્રતિમાને વહેનાર. ઈન્દ્રને ૫૦૦ મંત્રીઓ છે, તે ૫૦૦ મંત્રીના નેત્રો ઈન્દ્રના કાર્યમાં વપરાય છે, માટે તે ઈન્દ્રના નેત્રો કહ્યા તેથી ૧૦૦૦ આંખવાળો, અસુરાદિના નગરોનો નાશ કરનાર માટે પુરંદર, યાવત્ શબ્દથી દક્ષિણાર્ધ લોકાધિપતિ, ૩૨-લાખ વિમાનોનો અધિપતિ, ઐરાવણ હાથીના વાહનવાળો, સુરેન્દ્ર, રજરહિત અને આકાશ જેવા નિર્મળ વસ્ત્રો પહેરનાર, માળાવાળા મુગટને માથે મૂકનાર, નવા જેવા જ સુંદર, વિચિત્ર, ચંચળ સુવર્ણકુંડલોથી જેના ગાલો ચળકે છે એવો. આ બધું દિવ્ય તેજ, દિવ્ય લેશ્યા સુધી કહેવું.

હવે ચમરેન્દ્રએ શક્રેન્દ્રને જોયો ત્યારે શું વિચારે છે, તે કહે છે — અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર, દુષ્ટ એવા અને તેથી જ અમનોજ્ઞ લક્ષણો જેના છે તે, હીનપુન્ય ચૌદશના જન્મેલ, જો કે ચૌદશ તિથિ જન્મ આશ્રીને પવિત્ર મનાય છે, અતિ ભાગ્યવાન્‌ના જન્મ સમયે ચૌદશપૂર્ણ હોય છે, પણ અહીં આક્રોશથી કહ્યું છે.. મને આવી દિવ્ય દેવઋદ્ધિ હોવા છતાં તથા દિવ્ય દેવ પ્રભાવ લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ હોવા છતાં શાંતિપૂર્વક (શક્રેન્દ્ર બેઠો છે માટે તેને) શોભાથી ભ્રષ્ટ કરવા (ચમરેન્દ્ર) કોપના સંતાપથી ગરમ થયો, કોઈને તે સ્વભાવથી પણ હોય, તેથી કહે છે — અસ્વાભાવિક ઉકળાટને પામેલો.. કોઈની સહાય ન હોવાથી, ઘણો પરિવાર હોવા છતાં વિવક્ષિત સહાયક ન હોય તો પણ એકલો કહેવાય, તેથી કહ્યું — બાળક માત્ર પણ સાથે નથી એવો એકલો જ.

મોટા શરીરને વિકુર્વે છે. કેવું ક્રૂર, ઘોર આકારવાળું, વિકરાળ હોવાથી ભય ઉત્પન્ન કરનારું. કેમ ? ભયાનક આકૃતિ, ભાસ્વર, ભયને આણનારું અથવા ભયમાં કારણરૂપ પરિવાર ભૂત ઉલ્કા અને અગ્નિના કણિયારૂપ સૈન્યવાળું, વિકીર્ણ અવયવવાળું હોવાથી ગંભીર, યાદ કરવાથી પણ ઉદ્વેગ થાય તેવા મોટા પ્રભાવવાળા શરીરને કરે છે. હાથ પછાડે છે, જમીન ઉપર પગ પછાડે છે, આગળના ભાગે પાટુ મારે છે, પાછળના ભાગે પાટુ મારે છે, મલ્લની માફક રંગભૂમિમાં ત્રિપદીછેદ કરે છે. મુખને ઉંચુ કરે છે, પહોળું કરે છે - x - આકાશમાં પરિઘરત્ન ઉછાળે છે. इंदकील એટલે દ્વારના બારણા બંધ થતા અટકાવવાનો ખીલો વિશેષ.

અગ્નિના તણખા અને ઝાળની જે માળા, તેના વડે આંખમાં ભ્રમને કરતું અને આંખની જોવાની શક્તિનો નાશ કરતું, અગ્નિ કરતાં વધુ તેજ વડે દીપતું, બધી વેગવાળી વસ્તુના વેગને જીતનારું, જેનાથી મહાભય છે તેવું એટલે કે ભયકર્તા.. આ શું ? એમ ચિંતવે છે, તથા આવું શસ્ત્ર મારી પાસે પણ હોય તેવી સ્પૃહા-અભિલાષા કરે છે અથવા સ્વસ્થાને જવાની અભિલાષા કરે છે અથવા આંખો મીંચી દે છે. આ ક્રિયાને પૂર્વ કરતા ઉલટી રીતે પણ કરે છે આ રીતે ચમરની વ્યાકુળતાને બતાવે છે. આવું જ્યાં ચિંતવ્યુ ત્યાં જ તેના મુગટનું છોગું ભાંગી જાય છે, તેના હાથના ઘરેણાં

લટકે છે. કેમકે તે નીચું મુખ રાખીને ગતિ કરે છે, જાણે ભયથી કાંખમાં આવેલા પરસેવાને મૂકતો ન હોય તેવો વેગેપૂર્વક શીઘ્રતાથી પડ્યો.

**● સૂત્ર-૧૭૩,૧૭૪ :-**

*[૧૭૩] ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રને આ પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. અસુરેન્દ્ર અસુરરાજ ચમર સમર્થ નથી. - x - શક્તિ વાળો નથી - x - કે તેનો વિષય પણ નથી કે પોતાના બળથી યાવત્ સૌધર્મકલ્પ સુધી ઉંચે આવે. જો તેણે અરિહંત, અરિહંતચૈત્ય કે ભાવિતાત્મા અનગારનો આશરો લીધો હોય, તો તે ઉંચે યાવત્ સૌધર્મકલ્પે આવી શકે. [જો તેમ હોય તો] તથારૂપ અરહંત ભગવંત કે અણગારની અતિ આશાતના થશે, જે મહાદુઃખરૂપ છે, એમ વિચારી શક્રેન્દ્રએ અવધિનો પ્રયોગ કર્યો. હા હા ! હું મરાઈ ગયો, એમ કરી ઉત્કૃષ્ટ યાવત્ દિવ્ય દેવગતિથી વજ્રના માર્ગે પાછળ જતાં જતાં તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર મધ્યે યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ હતું, જ્યાં હું હતો, ત્યાં પાસે આવીને મારાથી માત્ર ચાર આંગળ દૂર વજ્રને સંહરી લીધું.*

*[૧૭૪] હે ગૌતમ ! શક્રે [વજ્ર સંહર્યું ત્યારે એવા] વેગથી મુટ્ઠી વાળેલી કે મારા કેશાગ્ર વીંઝાયા. દેવેન્દ્ર દેવરાજ શક્રે વજ્રને સંહરી લઈને મને [ભ૦ મહાવીરને] ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વાંદી, નમીને આ પ્રમાણે કહ્યું – હે ભગવન્ ! આપનો આશરો લઈને અસુરેન્દ્ર અસુરરાજ ચમરે મને (મારી શોભાથી) ભ્રષ્ટ કરવા ધારેલ. તેથી મેં કુપિત થઈને ચમરેન્દ્રના વધને માટે વજ્ર મૂક્યું. ત્યારપછી મને આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો કે ચમર પોતે સમર્થ નથી યાવત્ અવધિજ્ઞાન પ્રયોજ્યું. અવધિજ્ઞાન વડે મેં આપ દેવાનુપ્રિયને જોયા, ત્યારે હા હા ! હું મર્યો એમ વિચારી તે ઉત્કૃષ્ટ યાવત્ ગતિથી આપ દેવાનુપ્રિય પાસે આવ્યો. દેવાનુપ્રિયથી ચાર આંગળ દૂરથી મેં વજ્રને સંહરી લીધું. વજ્રને લેવા માટે હું અહીં આવ્યો છું - સમોસર્યો છું - સંપ્રાપ્ત થયો છું - અહીં જ ઉપસંપન્ન થઈ વિચરું છું. હે દેવાનુપ્રિય ! હું આપની ક્ષમા માંગું છું, આપ પણ મને ક્ષમા કરો. આપ ક્ષમા કરવાને યોગ્ય છો. હું ફરીવાર આવું નહીં કરું, એમ કરી મને વંદન, નમસ્કાર કરી, ઈશાનખૂણામાં ગયો. જઈને ભૂમિ ઉપર ત્રણ વખત ડાબો પગ પછાડ્યો અને ચમરેન્દ્રને આમ કહ્યું – હે ચમર ! શ્રમણ ભગવંત મહાવીરના પ્રભાવે તું બચી ગયો છે અત્યારે તને મારાથી જરા પણ ભય નથી. એમ કરીને - x - પાછો ગયો.*

**● વિવેચન-૧૭૩,૧૭૪ :-**

पभु - શક્તિવાળો, समत्थ - સંગત પ્રયોજન, हा हा આદિ. અહો ! હું હણાઈ ગયો છું. - x - मुट्ठिवाएणं - ઘણા વેગથી વજ્રને ગ્રહણ કરવા મુઠ્ઠિવાળતા ઉત્પન્ન થયેલ વાયુ વડે - - વાળનો અગ્ર ભાગ વીંઝાયો. इहमागए આદિ - તિર્છાલોકમાં સુંસુમારપુરમાં આવ્યો, આ ઉધાનમાં આવ્યો, આ જ ઉધાનમાં આજે અથવા હે પાપકર્મરહિત-આર્ય ! અથવા હે સ્વામી ! ઉપસંપન્ન થઈને વર્તુ છું. ફરીથી એ પ્રમાણે



વર્તીશ નહીં - x - કોઈ ઢેકું આદિ પુદ્ગલ ફેંકીને, જતાં ઢેફાને મનુષ્ય પકડી શકતો નથી, તેમ દેખાય છે. દેવ કઈ રીતે પકડી શકે ? જેથી શક્રે વજ્ર ફેંક્યું અને સંહર્યું, જો તેણે પકડ્યું તો ચમર કેમ ન પકડે ? –

**● સૂત્ર-૧૭૫ :-**

*ભગવન્ ! એમ કહી, ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને આમ કહ્યું – ભગવન્ ! દેવ મહાઋદ્ધિ, મહાધુતિ યાવત્ મહાનુભાગ છે કે જેથી પૂર્વે પુદ્ગલ ફેંકીને, તેની પાછળ જઈને ગ્રહણ કરવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પુદ્ગલ ફેંકવામાં આવે ત્યારે પહેલા શીઘ્ર ગતિ હોય છે, પછી મંદગતિ થાય છે. મોટી ઋદ્ધિવાળો દેવ પહેલા અને પછી પણ શીઘ્ર હોય છે, શીઘ્રગતિ ત્વરિત અને ત્વરિતગતિ હોય છે. તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! જો મહર્દ્ધિક દેવ યાવત્ પાછળ જઈને પકડી શકે તો શક્રેન્દ્ર પોતાના હાથે ચમરેન્દ્ર કેમ પકડી ન શક્યો ? ગૌતમ ! અસુરકુમારોનો નીચે જવાનો ગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે ઉપર જવાનો વિષય અલ્પ, અલ્પગતિ, મંદ, મંદગતિ હોય છે વૈમાનિક દેવોનો ઉર્ધ્વગતિ વિષય શીઘ્ર અને ત્વરિત હોય છે, અધઃગતિનો વિષય અલ્પ અને મંદ હોય છે શક્રેન્દ્રને જેટલું ક્ષેત્ર એક સમયમાં ઉપર જાય, તેટલું ક્ષેત્ર વજ્ર બે સમયે જાય, ચમરને ત્રણ સમય લાગે. શક્રનું ઉંચે જવાનું કાલમાન સૌથી થોડું છે અને નીચે જવાનું કાલમાન તેનાથી સંખ્યેયગુણ છે. એક સમયમાં ચમરેન્દ્ર જેટલો ભાગ નીચે જઈ શકે, તેટલું નીચે જવામાં શક્રને બે અને વજ્રને ત્રણ સમય લાગે ચમરેન્દ્રનું અધોલોક કંડક સૌથી થોડું છે, ઉર્ધ્વલોક કંડક તેનાથી સંખ્યેયગણું છે. હે ગૌતમ ! તેથી શક્રેન્દ્ર, ચમરેન્દ્રને પકડી ન શક્યો.*

*ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્રના ઉર્ધ્વ-અધો-તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! એક સમયે શક્રેન્દ્ર સૌથી થોડો ભાગ નીચે જાય છે, તે કરતાં તિર્છું સંખ્યેય ભાગ જાય, ઉપર પણ સંખ્યેય ભાગ જાય છે.*

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના ઉર્ધ્વ-અધો-તિર્છા ગતિ વિષયમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન કે વિશેષાધિક છે ? ચમરેન્દ્ર એક સમયે સૌથી થોડો ભાગ ઉપર જાય છે, તિર્છું તે કરતા સંખ્યેય ભાગ જાય અને અધો પણ સંખ્યેય ભાગ જાય છે વજ્ર સંબંધી ગતિવિષય શક્ર માફક જાણવો. માત્ર વિશેષાધિક કરવો.*

*ભગવન્ ! શક્રનો નીચે જવાનો કાળ અને ઉપર જવાનો કાળ, એ બેમાં કયો કાળ, કોનાથી થોડો, વધુ, સમાન કે વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઉપર જવાનો કાળ સૌથી થોડો અને નીચે જવાનો કાળ સંખ્યેયગુણ છે. ચમરેન્દ્રનું પણ એમજ જાણવું. વિશેષ એ કે તેનો નીચે જવાનો કાળ સૌથી અલ્પ, ઉપર જવાનો સંખ્યેયગુણ છે.*

*ભગવન્ ! વજનો પ્રશ્ન. ગૌતમ ! વજનો ઉંચે જવાનો કાળ સૌથી અલ્પ, નીચે જવાનો કાળ વિશેષાધિક છે.*

*ભગવન્ ! વજ, શક્રેન્દ્ર, ચમરેન્દ્ર એ ત્રણેના નીચે જવાના અને ઉપર જવાના કાળમાં કયો કોનાથી અલ્પ, બહુ, સમાન, વિશેષાધિક છે ? ગૌતમ ! શક્રનો ઉર્ધ્વગમનકાળ અને ચમરનો અધોગમનકાળ બંને સમાન અને સૌથી અલ્પ છે. શક્રનો અધોગમન કાલ અને વજનો ઉર્ધ્વગમન કાળ, એ બંને સરખા અને સંખ્યેયગુણાં છે. ચમરનો ઉર્ધ્વગમન કાળ અને વજનો અધોગમનકાળ બંને સરખા, વિશેષાધિક છે.*

**● વિવેચન-૧૭૫ :-**

सीह - શીઘ્ર વેગવાળો, તેવો વેગવાળો માત્ર શક્તિ અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું — શીઘ્ર ગતિવાળો જ છે, અશીઘ્રગતિવાળો નહીં આવો કાય અપેક્ષાએ પણ હોય, તેથી કહ્યું — ત્વરાવાળો, તે ગતિ સિવાય પણ હોય, તેથી કહ્યું — ત્વરિતગતિ, માનસિક ઉત્સુકતાપૂર્વક પ્રવર્તેલી અથવા આ બધાં એકાર્થક છે. संचाइए - સમર્થ થયો. 'ગતિવિષય' - આ શબ્દનો અર્થ 'ગતિનું ક્ષેત્ર' થાય છે, તો પણ આ અર્થ કરતાં શીઘ્રાદિ વિશેષણ નકામા થઈ જાય, તેથી અહીં 'ગતિવિષય'નો અર્થ ગતિ જ કરવો. सीह - શીઘ્ર વેગવાન્, તે અનૈકાંતિક પણ હોય, તેથી કહે છે શીઘ્ર જ. એ વાતને જ પ્રકર્ષથી કહેવા કહે છે — તે ત્વરિત છે, ત્વરાવાળો છે. अप्पअप्प - અતિ અલ્પ. मंदमंद - અતિ મંદ. દેવનું ગતિસ્વરૂપ કહ્યું.

આવું ગતિ સ્વરૂપ છે, તો એક માપવાળા ઉર્ધ્વ-અધો-તીર્છા ક્ષેત્રમાં જતાં શક્ર-વજ-ચમરને જે કાળભેદ થાય તે દર્શાવે છે — ઈન્દ્રનો ઉર્ધ્વક્ષેત્ર ગમને કાલભેદ - શક્રને ઉંચે જવામાં સૌથી થોડો કાળ લાગે છે, કેમકે તે ઉંચે જવામાં અતિ શીઘ્ર હોય છે - x - x - x - પછી શક્રાદિમાંના એક-એકની ગતિક્ષેત્ર સંબંધી અલ્પબહુતાદર્શાવતા ત્રણ સૂત્રો છે. [ટીકા સરળ છે, સૂત્રનો મૂળ અર્થ જોવો.] - x -

સૂત્રમાં માત્ર 'સંખ્યાત ભાગ' એવું જ કહ્યું છે, તો અહીં નિયત ભાગ વ્યાખ્યાન કેમ કરાય છે ? ચમરેન્દ્ર એક સમયે જેટલું ક્ષેત્ર નીચે જાય, તેટલું નીચે જવામાં શક્રને બે સમય લાગે છે. શક્રનો ઉપર જવાનો કાળ અને ચમરનો નીચે જવાનો કાળ બંને સરખાં છે. એ વચનથી નિશ્ચિત થાય છે કે શક્ર જેટલું નીચે બે સમયે જાય છે, તેટલું ઉપર એક સમયે જાય છે. ઉંચે અને નીચેના ક્ષેત્ર મધ્યે તિર્છું ક્ષેત્ર છે. માટે તેનું પ્રમાણ પણ મધ્ય હોય, માટે તેમાં 'દોઢ' માન કહ્યું. ચૂર્ણિકાર પણ કહે છે કે — શક્ર એક સમયમાં નીચે એક યોજન જાય છે, તિર્છું દોઢ યોજન જાય છે, ઉંચે એક યોજન જાય છે - x - x - x - x -

સૂત્રમાં માત્ર સંખ્યાત ભાગ લખ્યું છે, છતાં નિયતકાલ સંખ્યેય ભાગત્વ વ્યાખ્યા કેવી રીતે ? શક્રની ઉર્ધ્વગતિ અને ચમરની અધોગતિ તુલ્ય છે. વળી શક્રનું ઉર્ધ્વગમન એક સમયે બે યોજન કલ્પ્યું, ત્યારે ચમરનું અધોગમન પણ એક સમયે બે યોજન કહેવું. એ જ ઉચિત છે. વળી શક્રેન્દ્ર એક સમયે જેટલું ઉપર જાય છે,



તેટલું જ ઉપર જવામાં વજને બે સમય, ચમરને ત્રણ સમય લાગે છે. એ વચનથી જાણી શકાય કે શક્રના ઉર્ધ્વગતિ ક્ષેત્રથી ત્રીજે ભાગે ચમરનું ઉર્ધ્વગતિ ક્ષેત્ર છે. માટે પૂર્વ પ્રમાણે નિયતતા વાળી હકીકત કહી છે - x - ચૂર્ણિકારે જે ચમર, ઉંચે એક યોજન ઇત્યાદિ કહ્યું તે સમજાતું નથી. શક્રની જેમ વજની ગતિ વિષયક અલ્પબહુતા કહેવી. (જે સૂત્રાનુસાર જાણવી કેમકે) બીજી વાચનામાં તે મૂલપાઠ છે.

વજ એક સમયે નીચે થોડું ક્ષેત્ર જાય છે. કેમકે નીચે જવામાં તે મંદગતિવાળું છે. વજનું અધોગમન ક્ષેત્ર કલ્પના મુજબ ત્રિભાગન્યૂન યોજન થાય છે. તે તિર્છું વિશેષાધિક બે ભાગ જાય છે, કેમકે તિર્છું જવામાં શીઘ્રતર ગતિવાળું છે. વિશેષાધિક બે ભાગ એટલે યોજનના બે વિભાગ - ત્રિભાગસહ ત્રણ ગાઉ. ઉંચે પણ વિશેષાધિક બે ભાગ જાય છે. તિર્છા કરતાં વિશેષાધિક બે ભાગ સમજવા. વજ ઉંચે એક યોજન જાય છે. કેમકે ઉંચે જવામાં શીઘ્રગતિક છે - x - (ઇત્યાદિ ટીકા સરળ છે માટે નોંધી નથી.) - x - x -

ગતિના કાળની અલ્પબહુતાના ત્રણ સૂત્રો છે. - x - પરસ્પર અપેક્ષાએ પણ એ વાતને કહી છે - x - x - x -.

**● સૂત્ર-૧૭૬ :-**

*ત્યારે અસુરેન્દ્ર અસુરરાજા ચમર વજના ભયથી મુક્ત થએલો, દેવેન્દ્ર દેવરાજ શક્ર દ્વારા મહા અપમાનથી અપમાનિત થઈ હણાયેલા મનો સંકલ્પવાળો, ચિંતા અને શોકરૂપ સાગરમાં પ્રવિષ્ઠ, મુખને હથેલી ઉપર ટેકવી, આર્તધ્યાનને પામેલ, ભૂમિમાં દૃષ્ટિ રાખી, તે ચમરેન્દ્ર ચમરચંચા રાજધાનીમાં, સુધર્માસભામાં ચમર નામક સિંહાસન ઉપર બેસી વિચાર કરે છે. પછી હણાયેલ મનો સંકલ્પવાળા અને યાવત્ વિચારમાં પડેલા તે ચમરેન્દ્રને જોઈને સામાનિક સભામાં ઉત્પન્ન દેવોએ હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું —*

*હે દેવાનુપ્રિય ! તમે આજે હણાયેલા મનો સંકલ્પવાળા થઈ યાવત્ શું વિચારો છો ? ત્યારે ચમરેન્દ્રએ તે સામાનિક સભામાં ઉત્પન્ન દેવોને કહ્યું — હે દેવાનુપ્રિયો ! મેં મારી મેળે જ શ્રમણ ભગવંત મહાવીરનો આશરો લઈ, શક્રેન્દ્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ. ત્યારે શક્રે કુપિત થઈ મને મારવા મારી પાછળ વજ ફેંક્યું. હે દેવાનુપ્રિયો ! ભલું થાઓ ભગવંત મહાવીરનું, કે જેના પ્રભાવથી હું અક્લિષ્ટ, અવ્યથિત, અપરિતાપિત અહીં આવ્યો છું, - સમોસર્યો છું - સંપ્રાપ્ત થયો છું - ઉપસંપન્ન થઈને વિચરું છું. તો હે દેવાનુપ્રિયો ! આપણે બધાં ત્યાં જઈએ અને ભગવંત મહાવીરને વાંદી, નમી યાવત્ પર્યુપાસના કરીએ. એમ કરી તે ૬૪,૦૦૦ સામાનિક દેવો સાથે યાવત્ સર્વ ઋદ્ધિ પૂર્વક યાવત્ જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ છે, જ્યાં હું [મહાવીરપ્રભુ] છું, તે તરફ આવીને, મને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ નમીને આમ કહ્યું—*

*હે ભગવન્ ! મેં મારી જાતે જ આપનો આશરો લઈને દેવેન્દ્ર શક્રની શોભા ભ્રષ્ટ કરવા ધારેલ યાવત્-આપ દેવાનુપ્રિયનું ભલું થાઓ કે આપના*

*પ્રભાવે હું અક્લિષ્ટ યાવત્ વિચરું છું. હે દેવાનુપ્રિય ! હું તે સંબંધે આપની ક્ષમા માંગુ છું - યાવત્ - ઈશાન દિગ્ભાગમાં જઈને યાવત્ બત્રીશબદ્ધ નૃત્યવિધિ દેખાડી, જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.*

*હે ગૌતમ ! એ પ્રમાણે ચમરેન્દ્રને તે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત, અભિસન્મુખ થઈ. સ્થિતિ સાગરોપમ. મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે યાવત્ સર્વ દુઃખોનો અંત કરશે.*

**● વિવેચન-૧૭૬ :-**

અભિમાન અને હર્ષાદિથી ઉત્પન્ન થયેલ જેના માનસિક વિકલ્પો નાશ પામ્યા છે તે. ચિંતા - પૂર્વકૃત્ કાર્યને યાદ કરવું. શોક - દીનતા. પોતાનું મુખ હથેલી ઉપર ટેકવેલ છે તે. જેના પ્રભાવે હું અહીં આવ્યો છું. કેવો - ઘવાયા કે પીડાયા વિનાનો, નિર્વેદના પૂર્વક. કેવી રીતે ? વ્યથારહિત, માર ખાધા વિના. જો કે માર નથી ખાધો, તો પણ વજ્રના સંબંધે પરિતાપ સંભવે છે, તેથી કહ્યું – પરિતાપ પામ્યા વિના. અહીં આવ્યો છું અને પ્રશાંત થઈને વિચરું છું. - હવે હેત્વન્તર કહે છે–

**● સૂત્ર-૧૭૭ :-**

*ભગવન્ ! અસુરકુમાર દેવો ઉંચે યાવત્ સૌધર્મકલ્પે જાય છે, તેનું શું કારણ ? ગૌતમ ! તે તાજા ઉત્પન્ન અથવા મરવાની તૈયારીવાળા દેવોને આવો અધ્યાત્મિક યાવત્ સંકલ્પ ઉત્પન્ન થાય છે કે - અહો ! અમે દિવ્ય દેવઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત યાવત્ અભિસન્મુખ કરી છે. જેવી દિવ્ય દેવઋદ્ધિ યાવત્ સામે આણી છે, તેવી દેવેન્દ્ર, દેવરાજ શક્રે પણ યાવત્ - સામે આણી છે અને જેવી દિવ્ય દેવઋદ્ધિ શક્રેન્દ્રે સામે આણી છે, તેવી જ દિવ્ય દેવઋદ્ધિ યાવત્ અમે પણ સામે આણી છે. તો જઈએ અને શક્રેન્દ્રની પાસે પ્રગટ થઈએ અને શક્રેન્દ્રએ યાવત્ સામે આણેલી દિવ્ય દેવઋદ્ધિને જોઈએ તથા શક્રેન્દ્ર પણ અમારી સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જુએ. આપણે શક્રેન્દ્રએ સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણીએ અને શક્રેન્દ્ર પણ અમે સામે આણેલી યાવત્ દિવ્ય દેવઋદ્ધિને જાણે. હે ગૌતમ ! એ કારણે અસુરકુમાર દેવો ઉંચે યાવત્ સૌધર્મકલ્પ સુધી જાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૧૭૭ :-**

किं पत्तियं - તેમાં શું કારણ ? अहुणोववन्न - હમણાં જ ઉત્પન્ન. चरिमभवत्थाणं - ભવના અંતે ભાગે એટલે ચ્યવન અવસરે.

**શતક-૩, ઉદ્દેશો-૨-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૩ - "ક્રિયા" ❀

— x — x — x — x —

૦ ચમરોત્પાત કહ્યો. તે ક્રિયારૂપ હોવાથી હવે ક્રિયા કહે છે–



**● સૂત્ર-૧૭૮ :-**

*તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું યાવત્ પર્ષદા પાછી ફરી.. તે કાળે તે સમયે યાવત્ ભગવંતના મંડિતપુત્ર અણગાર શિષ્ય, જે પ્રકૃતિભદ્રક હતા યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું – ભગવન્ ! ક્રિયાઓ કેટલી કહી છે ? મંડિતપુત્ર ! પાંચ કહી છે. તે આ - કાયિકી, અધિકરણિકી, પ્રાદ્વેષિકી, પારિતાપનિકી અને પ્રાણાતિપાતક્રિયા.*

*ભગવન્ ! કાયિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે-અનુપરતકાય ક્રિયા અને દુષ્પ્રયુક્ત કાય ક્રિયા.. ભગવન્ ! અધિકરણિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સંજોયણાધિકરણ ક્રિયા ને નિર્વર્તનાધિકરણ ક્રિયા.. ભગવન્ ! પ્રાદ્વેષિકી ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - જીવ પ્રાદ્વેષિકી અને અજીવ પ્રાદ્વેષિકી. પારિતાપનિકી ક્રિયા ભગવન્ ! કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સ્વહસ્ત પારિતાપનિકી અને પરહસ્ત પારિતાપનિકી. ભગવન્ ! પ્રાણાતિપાત ક્રિયા કેટલા ભેદે છે ? મંડિતપુત્ર ! બે - સ્વહસ્ત અને પરહસ્ત પ્રાણાતિપાતક્રિયા.*

**● વિવેચન-૧૭૮ :-**

કરવું તે ક્રિયા અર્થાત્ કર્મબંધમાં કારણરૂપ ચેષ્ટા. ચય રૂપ થાય તે કાય-શરીર, તેમાં થતી કે તેનાથી થયેલી તે કાયિકી ક્રિયા. જેના વડે આત્મા નરકાદિ ગતિમાં જવાનો અધિકારી થાય તે અધિકરણ-એક અનુષ્ઠાન વિશેષ અથવા ચક્ર, ખડ્ગ આદિ બાહ્ય વસ્તુ, તેના દ્વારા થયેલી ક્રિયા.. પ્રદ્વેષ-મત્સરથી થતી ક્રિયા.. પીડા ઉપજાવવી તે પરિતાપ, તેનાથી કે તેમાં થયેલ ક્રિયા.. પ્રાણના અતિપાત સંબંધિ જે ક્રિયા તે.

અવિરતિની કાયક્રિયા તે અનુપરત૦ આ ક્રિયા વિરતિરહિતને હોય. દુષ્ટ રીતે પ્રયોજેલ તે દુષ્પ્રયુક્ત, દુષ્પ્રયુક્ત કાયાથી થયેલ ક્રિયા. આ ક્રિયા પ્રમત્ત સંયતને પણ હોય, કેમકે વિરતિવાળને પ્રમાદ થવાથી, તેનું શરીર દુષ્પ્રયુક્ત થાય છે.. હળકરણ, ઝેર મેળવવું, યંત્રાદિ ભાગોને જોડવા એ બધી ક્રિયા તે સંયોજન, તે રૂપ અધિકરણક્રિયા.. સ્વ, પર અને ઉભય ઉપર જીવનો દ્વેષ, તેનાથી થયેલ ક્રિયા.. અજીવ ઉપર દ્વેષથી કરેલ જે ક્રિયા-દ્વેષ કરવો તે.. સ્વ હસ્તે પોતાના-બીજાના કે ઉભયના દુઃખની ઉદીરણા તે પરિતાપ, તેના દ્વારા થયેલ જે ક્રિયા તે - x - x -

ક્રિયા કહી, હવે તદ્જન્ય કર્મ અને વેદના આશ્રીને કહે છે –

**● સૂત્ર-૧૭૯,૧૮૦ :-**

*[૧૭૯] ભગવન્ ! પહેલા ક્રિયા અને પછી વેદના કે પહેલા વેદના અને પછી ક્રિયા ? મંડિતપુત્ર ! પહેલા ક્રિયા પછી વેદના થાય, પણ પહેલા વેદના અને પછી ક્રિયા ન થાય.*

*[૧૮૦] શ્રમણ નિર્ગ્રન્થોને ક્રિયા હોય ? હા, હોય. શ્રમણનિર્ગ્રન્થો કેવી રીતે ક્રિયા કરે છે ? મંડિતપુત્ર ! પ્રમાદને લીધે અને યોગનિમિત્તે. - x -*

**● વિવેચન-૧૭૯,૧૮૦ :-**

કરવું તે ક્રિયા, તદ્જન્ય હોવાથી કર્મ પણ ક્રિયા છે. અથવા કરાય તે ક્રિયા,

એ જ કર્મ. વેદના એટલે કર્મનો અનુભવ. તે પછી જ થાય.

હવે ક્રિયાને જ સ્વામીભાવે નિરૂપે છે - શ્રમણોને ક્રિયા હોય ? હોય. પ્રમાદને લીધે - જેમકે - દુષ્પ્રયુક્તકાય ક્રિયાજન્ય કર્મ, યોગને લીધે ઈર્યાપથિકી ક્રિયાથી ઉપજતું કર્મ - - ક્રિયા અધિકારથી જ કહે છે —

● સૂત્ર-૧૮૧ :-

*ભગવન્! જીવ હંમેશા માપપૂર્વક કંપે છે, વિવિધ રીતે કંપે છે, ચાલતા-સ્પંદનથી-ઘટ્ટણથી-ક્ષોભથી-ઉદીરણાથી તે તે ભાવે પરિણમે? હા, મંડિતપુત્ર! એમ જ છે. ભગવન્! જ્યાં સુધી તે જીવ હંમેશા માપપૂર્વક યાવત્ પરિણમે છે, ત્યાં સુધી તે જીવની અંતે અંતક્રિયા થાય? ના, તેમ નથી. એમ કેમ કહ્યું? મંડિતપુત્ર! જ્યાં સુધી તે જીવ સદા સમિત ન કંપે યાવત્ ન પરિણમે, ત્યાં સુધી તે જીવ આરંભ-સંરંભ-સમારંભ ન કરે, આરંભ-સંરંભ-સમારંભમાં ન વર્તે, આરંભ-સંરંભ-સમારંભ ન કરતો, આરંભાદિમાં ન વર્તતો ઘણાં પ્રાણાદિને દુઃખ યાવત્ પરિતાપ ન આપીને રહે છે. જેમ કોઈ પુરુષ સૂકા ઘાસના પૂળાને અગ્નિમાં નાંખે કે તુરંત બળી જાય. એ બરાબર છે?, હા બરાબર છે. જેમ કોઈ પુરુષ જલબિંદુને તપેલા લોઢાના કડાયા ઉપર નાંખે, તો હે મંડિતપુત્ર! તેનો તુરંત નાશ થાય? હા, થાય. જેમ કોઈ દ્રહ હોય તે પાણીથી ભરેલો, છલોછલ ભરેલો, છલકાતો, વૃદ્ધિ પામતો હોય, ભરેલા ઘડા માફક બધે સ્થાને પાણીથી વ્યાપ્ત હોય, તેમાં કોઈ પુરુષ સેંકડો નાના કાણાવાળી અને સેંકડો મોટા કાણાવાળી નાવને પ્રવેશાવે, તો હે મંડિતપુત્ર! તે નાવ પાણીથી ભરાતા પૂર્ણ, પૂર્ણ પ્રમાણ યાવત્ ભરેલા ઘડા જેવી થઈ જાય? હા, થાય. કોઈ પુરુષ તે નાવનાં બધાં કાણાં પૂરી દે, નૌકાનું પાણી ઉલેચાવી નાંખે, તો બધું પાણી ઉલેચાયા બાદ તે નાવ શીઘ્ર જ ઉપર આવે? હા, આવે - - હે મંડિતપુત્ર! એ રીતે આત્મામાં સંવૃત્ત થયેલ ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી, સાવધાનીથી ચાલતા-ઉભતા-બેસતા-સુતા, સાવધાનીથી વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપ્રોંછન લેતા-મૂકતા અણગારને યાવત્ આંખ પટપટાવતા પણ વિમાત્રાપૂર્વક સૂક્ષ્મ ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને પ્રથમ સમયે બદ્ધ સ્પૃષ્ટ, બીજા સમયે વેદાયેલી, ત્રીજા સમયે નિર્જરા પામેલી તે ક્રિયા ભવિષ્યકાળે અકર્મ થાય છે. તેથી મંડિતપુત્ર! એમ કહ્યું કે - યાવત્ - x - તે જીવને અંતક્રિયા થાય છે.*

● વિવેચન-૧૮૧ :-

જો કે અહીં સામાન્યથી જીવનું ગ્રહણ કર્યુ છે, તો પણ યોગવાળો જીવ જ લેવો. કેમકે યોગરહિત જીવને એજનાદિ ક્રિયા ન હોય. - x - एयइ આદિ - કંપે છે, વિશેષ કંપે છે, એક સ્થાનેથી બીજે સ્થાને જાય છે, કિંચિત્ ચાલે છે, બીજા મતે અન્ય અવકાશે જઈને વળી ત્યાં જ આવે છે, સર્વે દિશાઓમાં ચાલે છે અથવા બીજા પદાર્થનો સ્પર્શ કરે છે, ક્ષોભ પામે છે અથવા પૃથ્વીમાં પ્રવેશે છે કે બીવે છે, પ્રબળતાથી પ્રેરે છે અથવા બીજા પદાર્થનું પ્રતિપાદન કરે છે. શેષ ક્રિયા ભેદના સંગ્રહ માટે કહે છે — ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણાદિ પર્યાયોને પામે છે. - x - x -



અંત મરણાંત, અંતકિરિય - સકલ કર્મના નાશરૂપ ક્રિયા.. આરંભ - પૃથ્વી આદિને ઉપદ્રવ કરે છે, સંરંભ - તેના નાશનો સંકલ્પ કરે છે સમારંભ - તે જીવોને પરિતાપે છે - x - ક્રિયા અને ક્રિયા કરનાર એ બંને જુદા નથી. એ વાત જણાવવાને આ સૂત્ર સમાનાધિકરણપૂર્વક કહ્યું છે. વળી તે બંનેમાં કિંચિત્ ભેદ પણ છે, એ વાત જણાવવા વ્યધિકરણપૂર્વક કહ્યું છે. અધિકરણરૂપ જીવ આરંભ-સંરંભ-સમારંભમાં વર્તે છે. આરંભાદિ કરતો એ વાક્યથી ક્રિયા અને ક્રિયા કરનારને અભેદ સૂચવ્યા છે. આરંભમાં વર્તતો આદિ વાક્યથી તેમાં ભેદ સૂચવેલ છે. આ બીજો ઉલ્લેખ પહેલાના અનુવાદરૂપે છે, તેને પહેલાના ઉલ્લેખના સમર્થન માટે જણાવેલ છે. - x -

મરણરૂપ દુઃખ પમાડ્યુ અથવા ઈષ્ટ વિયોગાદિ દુઃખનો હેતુ પમાડવા તેમાં વર્તે છે. એ રીતે દીનતા પમાડવી, શોકવૃદ્ધિથી શરીરને જીર્ણતા પમાડવી, શોકને વધારી રોવડાવવા, પીટાવવા અને પછી શરીરને સંતાપ દેવામાં વર્તે છે. ક્યાંક ‘દુઃખ આપવામાં’ એવો પણ પાઠ છે. - x - x -

કહેલ વાતથી વિપરીત વાતને કહે છે — શૈલેશીકરણ વખતે યોગના નિરોધથી કંપતો નથી, એજનાદિ રહિત હોવાથી આરંભાદિમાં વર્તતો નથી. તેમજ પ્રાણ આદિને દુઃખાદિનું કારણ થતો નથી. તેથી યોગનિરોધ નામના શુક્લધ્યાન વડે અક્રિય આત્માની સકલકર્મ ધ્વંસરૂપ અંતક્રિયા થાય છે. તે સંબંધે બે દૃષ્ટાંતો દર્શાવિલ છે - x - એ જ રીતે શુક્લ ધ્યાનના ચોથા ભેદરૂપ અગ્નિ વડે કર્મોનું દહન થાય છે. ક્રિયારહિત મનુષ્યને જ અંતક્રિયા થાય છે, તે માટે નાવનું દૃષ્ટાંત આપેલ છે - x - તેમાં આત્મામાં આત્મા વડે સંવૃત્ત-પ્રતિસંલીન. - x - आउत्त - ઉપયોગપૂર્વક. ગમનાદિ સ્થૂળ ક્રિયામાં જ ઉપયોગ નહીં, પણ આંખની ઉન્મેષ અને નિમેષ ક્રિયામાં પણ ઉપયોગ રહે છે. વિમાત્રા એટલે અંતર્મુહૂર્તથી દેશોન પૂર્વકોટિ પર્યંતની ક્રિયા. કેમકે કાળ વિચિત્ર છે. - x - ક્યાંક सपेहाए પાઠ છે. એટલે સ્વેચ્છાએ ચક્ષુની પાંપણનું ઢળવું થાય છે, તે પરકૃત નથી. सुहुम - સૂક્ષ્મ બંધાદિ કાળવાળી. एर्यापथिकी - જવાના માર્ગમાં થયેલી જે ક્રિયા - કેવળશરીરહેતુક ક્રિયા, તેથી સાતા વેદનીયકર્મ થાય છે. ઉપશાંત મોહ, ક્ષીણમોહ, સયોગિકેવલી એ ત્રણ ગુણસ્થાનકે વર્તતા વીતરાગ પણ સક્રિય હોવાથી સાતા વેદનીય કર્મ બાંધે.

તે ઈર્યાપથિકી ક્રિયા પ્રથમ સમયે કર્મપણે ઉત્પન્ન કરી માટે બાંધી-જીવ પ્રદેશ સાથે તેનું સ્પર્શન થયું, બીજા સમયે વેદન થયું - અનુભવી, ત્રીજા સમયે અનુભવાઈ રહી, માટે જીવના પ્રદેશોથી છુટી પડી ગઈ. આ જ વાત વાક્યાંતરથી કહે છે - પ્રથમ સમયે બંધાઈ અને સ્પર્શાઈ, બીજા સમયે વેદી-અનુભવાઈ, એક કાળે ઉદીરણા અને ઉદય સંભવતો નથી. તેથી ઉદીરિત શબ્દ અહીં વેદિત અર્થમાં યોજ્યો છે. ત્રીજે તો નિર્જરી તેથી ભાવિકાળમાં તે અકર્મ પણ થઈ જાય છે. જો કે અહીં ત્રીજે સમયે જ કર્મ અકર્મ થઈ જાય છે. તો પણ તે જ વખતે ભાવકર્મની રહિતતા હોવાથી અને દ્રવ્યકર્મની હાજરી હોવાથી, ત્રીજે સમયે કર્મ નિર્જીર્ણ થયું એમ વ્યવહાર છે - x - अत्तत्तासंवुड० સૂત્રથી સૂચવે છે - આશ્રવવાળો સંયત પણ કર્મનો બંધ કરે તો

અસંયત જીવકર્મનો બંધ કરે તે સ્વાભાવિક છે. ક્રિયાવાન્‌ને કર્મનો બંધ કહેવાથી ક્રિયારહિતને કર્મનો બંધ નથી હોતો એમ સૂચવાય છે. હવે પ્રમાદ-અપ્રમાદ વિશે.

● સૂત્ર-૧૮૨ :-

*ભગવન્! પ્રમત્ત સંયમમાં વર્તતા સંયમીનો બધો મળીને પ્રમત્ત સંયતકાળ કેટલો થાય છે? હે મંડિતપુત્ર! એક જીવને આશ્રીને જઘન્યથી એક સમય, ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વકોટિ, અનેક જીવને આશ્રીને સર્વકાળ... ભગવન્! અપ્રમત્ત સંયમને પાળતા અપ્રમત્ત સંયમીનો બધો મળીને અપ્રમત્તસંયમકાળ કેટલો થાય છે? મંડિતપુત્ર! એક જીવને આશ્રીને જઘન્યે અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ. અનેક જીવને આશ્રીને સર્વકાળ. - - હે ભગવન્! તે એમ જ છે (૨). એમ કહી મંડિતપુત્ર અણગાર શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમી - x - વિચરે છે.*

● વિવેચન-૧૮૨ :-

સર્વ કાળે સંભવતો પ્રમત્ત ગુણસ્થાનકનો બધોય કાળ. કાળથી પ્રમત્તકાળ સમૂહરૂપ કેટલો કાળ રહે ? (શંકા) કાળથી અને ક્યાં સુધી બંને આ સૂત્રમાં કેમ મૂક્યા ? ક્યાં સુધી કહેવાથી 'કાળથી' અર્થ આવી જ જાય છે. [સમાધાન] 'કાલથી' શબ્દ ક્ષેત્રના વ્યવચ્છેદને માટે છે. કેમકે ક્ષેત્રવિષયક પ્રશ્નોમાં 'ક્યાં સુધી' શબ્દ વપરાય જ છે. - x - x - 'એક સમય' કેમ કહ્યું ? પ્રમત્તસંયમને પ્રાપ્ત કર્યા પછી એક જ સમય વીત્યા પછી મરણ થાય તેના માટે. પ્રમત-અપ્રમત ગુણઠાણે પ્રત્યેકનો સમય, અંતર્મુહૂર્ત છે, તે બંને પર્યાયથી દેશોન પૂર્વકોટિ યાવત્ ઉત્કૃષ્ટપણે થાય. કેમકે સંયમી મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુ પૂર્વકોટિ જ હોય. આઠ વર્ષ પછી સંયમનો લાભ કરે છે. અપ્રમત્તના અંતર્મુહૂર્તો કરતા પ્રમત્તના અંતર્મુહૂર્તો મોટા છે એમ કલ્પાય છે. એ રીતે અંતર્મુહૂર્ત પ્રમાણ બધાં પ્રમાતાબદ્ધાને મેળવતા દેશોનપૂર્વકોટિ કાલમાન થાય છે. - x - x - અપ્રમત્ત ગુણસ્થાનકે વર્તતો મનુષ્ય અંતર્મુહૂર્તની મધ્યે મરતો નથી.

પ્રમાદ-અપ્રમાદપરતા કહીને હવે સર્વાદ્ધાભાવિ ભાવાંતર કહે છે—

● સૂત્ર-૧૮૩ :-

*ભગવન્ ! એમ કહી ગૌતમસ્વામી શ્રમણ ભગવંત મહાવીરને વાંદી-નમીને આમ કહ્યું — ભગવન્ ! લવણસમુદ્ર ચૌદશ, આઠમ, પૂનમને, અમાસે વધારે કેમ વધે છે કે ઘટે છે ? - - જીવાભિગમમાં જેમ લવણસમુદ્ર વક્તવ્યતા છે તે લોકસ્થિતિ સુધી અહીં જાણવી. જ્યાં સુધી લવણસમુદ્ર જંબૂદ્વીપને ન ડૂબાડે કે એકોદકં ન કરે - લોકાનુભાવથી. - - ભગવન્ તે એમ જ છે, એમ જ છે કહી યાવત્ વિચરે છે.*

● વિવેચન-૧૮૩ :-

બીજી તિથિની અપેક્ષાએ અધિકતર જીવાભિગમથી લવણસમુદ્રની વક્તવ્યતા જાણવી. ક્યાં સુધી ? લોકસ્થિતિ સુધી. તે આ છે - ભગવન્ ! ચૌદશાદિ તિથિમાં લવણસમુદ્ર વધારે કેમ વધે છે - ઘટે છે ? લવણસમુદ્ર મધ્યે ચારે દિશામાં ચાર મોટા પાતાળ કળશો છે. જે લાખ યોજન પ્રમાણ છે. તેના નીચેલા ત્રિભાગમાં વાયુ, વચ્ચે



પાણી અને વાયુ અને ઉપર પાણી છે. બીજા પણ નાના પાતાળ કળશો છે. તે ૧૦૦૦ યોજન પ્રમાણ છે તેની સંખ્યા ૭,૮૮૪ છે. તેમાં પણ વાયુ આદિ વિભાગ છે. તે વાયુના ક્ષોભથી આ વધારો-ઘટાડો થાય છે. લવણસમુદ્ર જંબૂદ્વીપને કેમ ડૂબાડતો નથી ? અરહંતાદિના પ્રભાવથી કે લોકસ્થિતિથી.

શતક-૩, ઉદ્દેશો-૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ

## શતક-૩, ઉદ્દેશો-૪-"યાન"

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં ક્રિયા કહી. ક્રિયા જ્ઞાની મનુષ્યોને પ્રત્યક્ષ હોય છે, માટે તે જ ક્રિયા વિશેષને આશ્રીને તેને વિચિત્રપણે દેખાડે છે —

● સૂત્ર-૧૮૪ :-

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલ અને યાનરૂપે ગતિ કરતા દેવને જાણે, જુએ ? ગૌતમ ! કોઈ દેવને જુએ પણ યાનને ન જુએ, કોઈ યાનને જુએ પણ દેવને ન જુએ. કોઈ દેવ અને યાન બંનેને જુએ. કોઈ દેવ કે યાન બંનેને ન જુએ.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલી અને યાનરૂપે ગતિ કરતી દેવીને જાણે, જુએ ? ગૌતમ ! પૂર્વવત્ જાણવું... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલા અને યાનરૂપે ગતિ કરતા એવા દેવીવાળા દેવને જાણે, જુએ ? ગૌતમ ! કોઈ દેવીવાળા દેવને જુએ, યાનને ન જુએ૦*

*ભગવન્! ભાવિતાત્મા અણગાર, વૃક્ષના અંદરના ભાગને જુએ કે બહારના ભાગે જુએ? ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલને જુએ કે સ્કંદને જુએ? અહીં પણ ચાર ભાંગા કહેવા. એ રીતે મૂલ અને બીજનો સંયોગ કરવો. એ રીતે કંદ સાથે પણ જોડવું યાવત્ બીજ. એ રીતે યાવત્ પુષ્પની સાથે બીજનો સંયોગ કરવો... ભગવન્! ભાવિતાત્મા અણગાર વૃક્ષનું ફળ જુએ કે બીજ જુએ? ચાર ભંગ કહેવા.*

● વિવેચન-૧૮૪ :-

સંયમ અને તપ વડે ભાવિત આત્મા, આવા સાધુ પ્રાયઃ અવધિજ્ઞાનલબ્ધિક હોય છે, તેથી ભાવિતાત્મા કહ્યા. ઉત્તર વૈક્રિય શરીર બનાવેલાને. શિબિકાદિ આકારવાળા વૈક્રિય વિમાનરૂપે ગતિ કરતા, તેને, જ્ઞાન વડે જાણે છે, દર્શન વડે જુએ છે ? અહીં ઉત્તરમાં ચતુર્ભંગી છે, કેમકે અવધિજ્ઞાન વિચિત્ર છે... અંતો - વચ્ચેનો કાષ્ઠસાર, બાહિં - બહાર રહેનાર છાલ અને પાંદડાદિ... મૂલ અને સ્કંદ સૂત્ર અભિલાપપૂર્વક મૂળની સાથે કંદાદિ પદ, બીજ સુધી કહેવા. તેમાં-મૂલ, કંદ, સ્કંધ, છાલ, શાખા, અંકુર, પાન, પુષ્પ, ફળ, બીજ એ દશ પદો છે. તેના દ્વિકસંયોગી-૪૫-ભંગ થાય છે. એટલા અહીં ચતુર્ભંગી સૂત્રો કહેવા. તે માટે જ સૂત્રમાં કહેલ છે.

દેવ વેઉવ્વિય થી વૈક્રિયશક્તિ કહી, એ જ હકીકત આગળ કહે છે—

● **સૂત્ર-૧૮૫,૧૮૬ :-**

*[૧૮૫] ભગવન્ ! વાયુકાય, એક મોટું સ્ત્રીરૂપ, પુરુષરૂપ, હસ્તિરૂપ, યાનરૂપ, એ પ્રમાણે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા, સ્યંદમાનિકા એ બધાંનું રૂપ વિકુર્વી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી. પણ વિકુર્વણા કરતો વાયુકાય એક મોટું પતાકા આકાર જેવું રૂપ-વિકુર્વે છે.*

*ભગવન્ ! વાયુકાય, એક મોટું પતાકા આકાર રૂપ વિકુર્વીને અનેક યોજનો સુધી ગતિ કરવાને સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! શું તે વાયુકાય આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ? ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે, પરઋદ્ધિથી નહીં. આત્મઋદ્ધિ માફક આત્મકર્મથી અને આત્મપ્રયોગથી (ગતિ કરે છે) એ પ્રમાણે કહેવું.*

*ભગવન્ ! વાયુકાય, ઉંચી પતાકા પેઠે ગતિ કરે છે કે પતિત પતાકા પેઠે ? ગૌતમ ! તે બંને પ્રકારે ગતિ કરે છે... ભગવન્ ! શું તે એક દિશામાં એક પતાકારૂપે ગતિ કરે છે, કે બે દિશામાં-બે પતાકારૂપે ગતિ કરે છે ? ગૌતમ ! એક પતાકારૂપે ગતિ કરે છે, બે પતાકારૂપે નહીં. ભગવન્ ! શું વાયુકાય પતાકા છે ? તે પતાકા નથી, વાયુકાય છે.*

*[૧૮૬] ભગવન્ ! બલાહક એક મોટું સ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકારૂપ પરિણમાવવા સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! બલાહક, એક મોટું સ્ત્રીરૂપ કરીને અનેક યોજન જવાને સમર્થ છે ? - હા, છે... ભગવન્ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી, ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી, પણ પરઋદ્ધિથી ગતિ કરે છે. એ પ્રમાણે આત્મકર્મ અને આત્મપ્રયોગથી પણ ગતિ કરતો નથી. પણ પરકર્મ અને પરપ્રયોગથી ગતિ કરે છે અને તે ઉંચી થયેલ કે પડી ગયેલ ધજાની માફક ગતિ કરે છે.*

*ભગવન્ ! શું તે બલાહક, સ્ત્રી છે ? હે ગૌતમ ! બલાહક સ્ત્રી નથી, પણ બલાહક છે. એ પ્રમાણે પુરુષ, ઘોડો, હાથીમાં જાણવું.*

*ભગવન્ ! બલાહક, એક મોટા યાનનું રૂપ પરિણમાવી અનેક યોજનો સુધી ગતિ કરી શકે છે ? — જેમ સ્ત્રીરૂપ વિશે કહ્યું તેમ યાન વિશે કહેવું. વિશેષ આ - એક તરફ પૈડુ રાખીને પણ ચાલે, બન્ને તરફ પૈડુ રાખીને પણ ચાલે. એ જ રીતે યુગ્ય, ગિલ્લિ, થિલ્લિ, શિબિકા અને સ્યંદમાનિકાના રૂપ સંબંધે જાણવું.*

● **વિવેચન-૧૮૫,૧૮૬ :-**

યાન - ગાડું, યુગ્ય - વેદિકાથી શોભતું, બે હાથ લાંબુ વાહન, गिल्लि - હાથી ઉપર રહેતી અંબાડી અથવા જેમાં બેસતા મનુષ્ય ન દેખાય, थिल्ली - લાટોનું જે ઘોડાનું પલાણ, તે બીજા દેશોમાં થિલ્લિ કહેવાય છે. શિબિકા-શિખરાકારે ઢાંકેલ એક જાતનું વાહન. સ્યંદમાનિકા-પુરુષ જેટલી લંબાઈવાળું વાહન વિશેષ... પૂર્વ પ્રમાણ કરતાં મોટું અને પતાકા આકારે રહેલ, કેમકે વાયુનું શરીર સ્વરૂપથી પતાકા આકાર





જેવું છે, વૈક્રિયાવસ્થામાં પણ વાયુ પતાકાના આકારે જ રહે છે... આત્મશક્તિ કે લબ્ધિ વડે. - x - ઉચ્છ્રિતોદય એટલે ઉંચી ધજાના આકારે. આ ક્રિયા વિશેષણ છે. પતિતોદય-પડી ગયેલ ધજાના આકારે.

- x - રૂપાંતર ક્રિયા અધિકારથી બલાહક સૂત્રો કહે છે —

બલાહક એટલે મેઘ. બલાહક અજીવ હોવાથી તેને વિકુર્વણા શક્તિ સંભવે નહીં તેથી અહીં વિકુવર્ણાને બદલે પરિણમાવવા એમ કહ્યું છે, કેમકે મેઘને સ્વભાવરૂપ પરિણામ તો હોય છે. મેઘ અચેતન હોવાથી વિવક્ષિત શક્તિ અભાવે આત્મઋદ્ધિથી ગતિ કરતો નથી. પણ વાયુ કે દેવ દ્વારા પ્રેરિત થઈને ગમન કરે છે. તેથી કહ્યું કે પરઋદ્ધિથી ગમન કરે છે. સ્ત્રીરૂપ માફક પુરુષાદિના સૂત્રો જાણવા.

યાનરૂપ સૂત્ર વિશેષ છે, તેને દર્શાવે છે. पभू णं भंते ! बलाहए० થી पयओदयं पि गच्छइ સુધીનું સૂત્ર. સ્ત્રીરૂપ સંબંધી સૂત્ર માફક કહેવું. વિશેષ એ કે તે એકતઃ અને દ્વિધા બંને ચક્રવાલ ચાલે છે - x - x - અહીં यान એટલે ગાડું અને चक्रवाल - પૈડું સમજવું. બીજું કંઈ વિશેષ નથી. યુગ્ય આદિ બધાનાંરૂપ સંબંધી સૂત્રો, સ્ત્રીરૂપ સંબંધી સૂત્રો માફક કહેવા. — પરિણામાધિકારથી કહે છે —

● **સૂત્ર-૧૮૭ :-**

*ભગવન્ ! જે જીવ નૈરયિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાવાળામાં તે ઉત્પન્ન થાય છે. તે આ — કૃષ્ણ, નીલ કે કાપોતલેશ્યામાં. એ રીતે જે જેની લેશ્યા હોય, તે તેની લેશ્યા કહેવી. યાવત્ હે ભગવન્ ! જે જીવ જ્યોતિષ્કોમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તેનો પ્રશ્ન - ગૌતમ ! જે લેશ્યાના દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તે લેશ્યામાં ઉત્પન્ન થાય. - તે તેજોલેશ્યા.*

*ભગવન્ ! જે જીવ વૈમાનિકોમાં ઉત્પન્ન થવાને યોગ્ય છે, તે હે ભગવન્ ! કેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય ? ગૌતમ ! જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે, તેવી લેશ્યાઓમાં ઉત્પન્ન થાય તે આ — તેજોલેશ્યા, પદ્મલેશ્યા, શુક્લલેશ્યા.*

● **વિવેચન-૧૮૭ :-**

भविअ - યોગ્ય. જેઓને કૃષ્ણાદિમાંથી કોઈ એક લેશ્યા હોય, તે किंलेश्य. જે દ્રવ્યોની જે લેશ્યા હોય તે यल्लेश्य. તેને ભાવ પરિણામપૂર્વક ગ્રહણ કરીને, મરણ પામીને, તે લેશ્યામાં નરકમાં ઉપજે. આ સંબંધે કેટલીક ગાથાઓ આ પ્રમાણે છે—

જ્યારે લેશ્યાના સંપરિણામનો પહેલો સમય હોય ત્યારે કોઈ જીવનો પરભવમાં ઉપપાત ન થાય. છેલ્લો સમય હોય ત્યારે પણ ઉપપાત ન થાય. પણ અંતર્મુહૂર્ત ગયા પછી કે અંતર્મુહૂર્ત બાકી હોય ત્યારે જીવ પરલોકે ઉપજે છે... ચોવીશ દંડકમાં બાકીના પદોનો અતિદેશ કરતા કહે છે — નારકસૂત્રના અભિલાપ પ્રમાણે - અસુરકુમારોને કૃષ્ણ આદિ જે લેશ્યા હોય તે કહેવી. - x - x - અહીં વૈમાનિકો,

જ્યોતિષ્કો સારી લેશ્યાવાળા હોય છે, તે દર્શાવવા તેના બે જુદા જુદા સૂત્રો કહ્યા.

દેવપરિણામાધિકારથી અણગારરૂપ દ્રવ્યદેવ પરિણામ—

● સૂત્ર-૧૮૮ :-

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલોનું ગ્રહણ કર્યા સિવાય, વૈભારગિરિને ઓળંગી કે પ્રલંઘી શકે છે ? ગૌતમ ! એ અર્થ સમર્થ નથી... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બહારના પુદ્ગલોનું ગ્રહણ કરીને વૈભારગિરિ ઓળંગી કે પ્રબંઘી શકે ? ગૌતમ ! હા, તેમ કરી શકે... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલ ગ્રહણ કર્યા સિવાય, જેટલાં રૂપો રાજગૃહનગરમાં છે એટલા રૂપો વિકુર્વીને, વૈભારગિરિમાં પ્રવેશી, તે સમ પર્વતને વિષમ કે વિષમ પર્વતને સમ કરી શકે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. એ રીતે બીજો આલાવો કહેવો. વિશેષ એ કે - પુદ્ગલોનું ગ્રહણ કરીને.*

*ભગવન્ ! તે વિકુર્વણા માયી કરે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વણા કરે, પણ અમાયી ન કરે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! માયી, પ્રણીત પાન-ભોજન કરીને વમન કરે છે. તે પ્રણીત પાન-ભોજનથી તેના અસ્થિ, અસ્થિમજ્જા ઘન થાય છે. માંસ લોહી પાતળા થાય છે, યથા બાદર પુદ્ગલોનું તેને તે રૂપે પરિણમન થાય છે. તે આ — શ્રોત્રેન્દ્રિયપણે યાવત્ સ્પર્શનેન્દ્રિયપણે તથા હાડ, મજ્જા, કેશ, શ્મશ્રુ, રોમ, નખ, વીર્ય, લોહીપણે... અમાયી લુખું પાન-ભોજન કરે છે. વમન કરતો નથી. તેનાથી તેના હાડ, મજ્જાદિ પાતળા થાય છે, લોહી-માંસ ઘટ્ટ થાય છે, યથાબાદર પુદ્ગલોનું પરિણમન થાય છે. તે આ — ઉચ્ચાર, મૂત્ર યાવત્ લોહીપણે. તેથી અમાયી ન વિકુર્વે.*

*માયી, કરેલ પ્રવૃત્તિનું આલોચન, પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે છે, માટે તેને આરાધના નથી, અમાયી તેવા સ્થાનનું આલોચન અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે, માટે તેને આરાધના છે. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૧૮૮ :-

બાહ્ય-ઔદારિક શરીરથી ભિન્ન અર્થાત્ વૈક્રિય પુદ્ગલોને. વૈભાર નામક રાજગૃહ ક્રીડા પર્વતને. ઓળંગવા કે વારંવાર ઓળંગવા. - - એમ બને નહીં, કેમકે વૈક્રિય પુદ્ગલના ગ્રહણ વિના વૈક્રિયકરણનો જ અભાવ છે. પર્વતનું ઉલ્લંઘન કરનારે પર્વતાતિક્રમી એવા મોટા વૈક્રિય શરીર સિવાય, પર્વતને ન ઓળંગી શકે. તે માટે બાહ્ય પુદ્ગલો ગ્રહણ કરવા જરૂરી છે... પશુ-પુરુષ આદિના જેટલા રૂપો, એટલા વિકુર્વીને સમ પર્વતને વિષમ, વિષમ પર્વતને સમ કરે છે. શું કરીને? વૈભાર પર્વતમાં પ્રવેશીને.

માયી - માયાવાળો, ઉપલક્ષણથી સકષાયી, પ્રમત્ત. કેમકે અપ્રમત્ત વૈક્રિયરૂપ કરતો નથી. प्रणीत - ચીકાશ ઝરતાં બિંદુ. वामेति - વર્ણ, બલાદિ માટે વમન કે વિરેચન કરે છે. પ્રણીત ભોજન અને વમન દ્વારા વૈક્રિયકરણ થાય છે.. बहली - કઠણ, पयणु - પાતળું. - - આહારના પુદ્ગલો શ્રોત્રેન્દ્રિયાદિરૂપે પરિણમે છે. અન્યથા શરીરની દૃઢતા અસંભવ છે. અમાયી-અકષાયીપણાને લીધે વિક્રિયાનો ઈચ્છુક ન હોવાથી વમન કરતો



નથી. पासवणत्ताए - અહીં 'યાવત્' શબ્દથી-શ્લેષ્મ, નાસિકામળ, વમન, પિત્ત, પૂતિપણે - એમ જાણવું. લુખું ખાનારને આહારાદિ પુદ્ગલો ઉચ્ચારાદિરૂપે પરિણમે.

હવે માયી-અમાયીનું ફળ કહે છે. વિકુર્વણાકરણ અને પ્રણીત ભોજનની આલોચનાદિ ન કરે. જો કરે તો તે અમાયી કહેવાય. તે આલોચનાદિ પછી કાળ કરે, માટે તેને આરાધના છે.

**શતક-૩, ઉદ્દેશા-૪-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૫-"સ્ત્રી" ❀

— x — x — x — x —

● સૂત્ર-૧૮૯,૧૯૦ :-

*[૧૮૯] ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, બાહ્ય પુદ્ગલો લીધા સિવાય એક મોટા સ્ત્રીરૂપને યાવત્ સ્યંદમાનિકારૂપને વિકુર્વવા સમર્થ છે ? આ અર્થ સમર્થ નથી... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્ગલો લઈને એક મહાસ્ત્રીરૂપ યાવત્ સ્યંદમાનિકા રૂપને વિકુર્વવા સમર્થ છે ? હા, ગૌતમ ! સમર્થ છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર કેટલાં સ્ત્રીરૂપો વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન, યુવતીનાં હાથને, હાથ વડે દૃઢ પકડે અથવા જેમ પૈડાની ધરી આરાઓથી વ્યાપ્ત હોય, તેમ ભાવિતાત્મા અણગાર પણ વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત થઈ યાવત્ હે ગૌતમ ! ભાવિતાત્મા અણગાર આખા જંબૂદ્વીપને ઘણાં સ્ત્રીરૂપો વડે આકીર્ણ, વ્યતીકીર્ણ યાવત્ કરી શકે. હે ગૌતમ ! આ તેમની શક્તિ-વિષય માત્ર છે, સંપ્રાપ્તિથી એવી વિકુર્વણા કરી નથી - કરતા નથી - કરશે નહીં. આ જ ક્રમે યાવત્ સ્યંદમાનિકારૂપ સુધી જાણવું.*

*ભગવન્ ! જેમ કોઈ પુરુષ તલવાર અને ઢાલ લઈને ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ તલવાર, ઢાલવાળા પેઠે ઉંચે આકાશમાં ઉડે ? હા, ઉડે... ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, તલવાર અને ઢાલ વડે કેટલા રૂપો વિકુર્વી શકે ? ગૌતમ ! જેમ કોઈ યુવાન યુવતીના હાથને હાથ વડે દૃઢ પકડી આદિ પૂર્વવત્ જાણવું.*

*ભગવન્! જેમ કોઈ પુરુષ એક પતાકા કરીને ગતિ કરે, તેમ ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા કરી ઉંચે આકાશમાં ઉડે? હા, ગૌતમ! ઉડે... ભગવન્! ભાવિતાત્મા અણગાર હાથમાં એક પતાકા લઈ કેટલારૂપો વિકુર્વી શકે? પૂર્વવત્ યાવત્ વિકુર્વશે નહીં. એ રીતે બે પતાકામાં પણ જાણવું... ભગવન્! જેમ કોઈ પુરુષ એક તરફ જનોઈ કરીને ગતિ કરે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ - x - આકાશમા ઉડે? હા, ઉડે. ભગવન્! ભાવિતાત્મા અણગાર એ રીતે કેટલાં રૂપો વિકુર્વી શકે? હે ગૌતમ! પૂર્વવત્. પણ યાવત્ વિકુર્વણા કરશે નહીં. એ પ્રમાણે બે તરફ જનોઈવાળા પુરુષની જેવાં રૂપો સંબંધે સમજવું.*

*ભગવન્ ! જેમ કોઈ પુરુષ એક તરફ પલાઠી કરીને બેસે, એ પ્રમાણે*

*ભાવિતાત્મા અણગાર કરી શકે ? પૂર્વવત્ જાણવું. એ રીતે બંને તરફ પલાઠીમાં પણ સમજવું... એ પ્રમાણે બંને પલ્યંકાસન જાણવા.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો ગ્રહણ કર્યા વિના એક મોટા ઘોડા-હાથી-સીંહ-વાઘ-નાર-દીપડો-રિંછ-નાનો વાઘ - કે - શરભના રૂપને અભિયોજવા સમર્થ છે ? ના, તેમ નથી. પણ એ પ્રમાણે બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને કરવા સમર્થ છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા૦ એક મહા અશ્વરૂપ અભિયોજી અનેક જોજન જવા સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે આત્મઋદ્ધિએ જાય કે પરઋદ્ધિથી ? ગૌતમ ! આત્મઋદ્ધિથી જાય, પરઋદ્ધિથી નહીં. એ પ્રમાણે આત્મકર્મથી, પરકર્મથી નહીં. આત્મપ્રયોગથી, પરપ્રયોગથી નહીં. તે સીધો પણ જઈ શકે છે અને વિપરીત પણ જઈ શકે છે. ભગવન્ ! તે અણગાર અશ્વ કહેવાય ? ના, તે અશ્વ નહી અણગાર છે. એ પ્રમાણે યાવત્ પરાસરના રૂપ સુધી જાણવું.*

*ભગવન્! શું તે વિકુર્વણા માયી કરે કે અમાયી? ગૌતમ! માયી વિકુર્વણા કરે, અમાયી નહીં... ભગવન્! માયી, તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના ક્યાં ઉપજે? ગૌતમ! કોઈ એક જાતના આભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે... અમાયી તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ કરી કાળ કરે તો ક્યાં ઉપજે? ગૌતમ! કોઈ એક અનાભિયોગિક દેવલોકમાં દેવપણે ઉપજે. ભગવન્! તે એમજ છે.*

*[૧૯૦] સ્ત્રી, તલવાર, પતાકા, જનોઈ, પલોંઠી, પર્યંકાસન, આભિયોગિક વિકુર્વણા, માયી - (સંબંધી હકીકત કહી.)*

● **વિવેચન-૧૮૯,૧૯૦ :-**

असिचर्मपात्र - ઢાલ અથવા असि - તલવાર, चर्मपात्र - ઢાલ કે મ્યાન, તેને લઈને. - x - સંઘાદિના પ્રયોજનથી ગયેલો તે કૃત્યગત કહેવાય. તે આત્માએ અથવા અસિચર્મપાત્ર હાથમાં છે તે. અથવા અસિચર્મપાત્ર જે હાથમાં કરવું, તેને પામેલ. - x - वग - वृक, दीविअ - દીપડો, अच्छ - રિંછ, तरच्छ - વાઘ, परासर - શરભ. વાંચનાંતરમાં અહીં બીજા પણ શીયાળાદિ નામો છે.

અભિયોગ-વિદ્યાદિ સામર્થ્યથી, તે રૂપમાં પ્રવેશી, ક્રિયા કરવી. આ ક્રિયા, વિદ્યાદિ બળથી ગ્રહણ કરેલા બહારના પુદ્‌ગલો વિના થઈ ન શકે. - x - એ અણગાર જ છે, કેમકે તત્ત્વથી તો અશ્વાદિ રૂપ કરનારમાં પ્રવૃત્તિ સાધુ જ કરે છે... કષાયવાળો આ અભિયોગ કરે છે. - x - વિક્રિયા રૂપત્વથી અભિયોગ પણ વિકુર્વણા કહેવાય છે.

આભિયોગિક દેવો અચ્યુત દેવલોક સુધી હોય છે. માટે કોઈ એક જાતના એ પ્રમાણે કહ્યું. વિદ્યાદિ લબ્ધિથી ઉપજીવન કરનાર સાધુ અભિયોગની ભાવનાને કરે છે. તે આભિયોગિક દેવોમાં ઉત્પન્ન થાય. કહ્યું છે — જેઓ માત્ર વૈષયિક સુખ, રસઋદ્ધિ હેતુ મંત્ર સાધના અને ભૂતિકર્મને પ્રયોગે છે, તેઓ આભિયોગિક ભાવનાને કરે છે. - x -

**શતક-૩, ઉદ્દેશો-૫-ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



## ❀ શતક-૩, ઉદ્દેશો-૬-“નગર” ❀

— x — x — x — x —

૦ વિકુર્વણા અધિકાર સંબંધે જ છટ્ઠો ઉદ્દેશો છે—

● **સૂત્ર-૧૯૧,૧૯૨ :-**

*ભગવન્ ! રાજગૃહ નગરમાં રહેલ માયી, મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી વાણારસી નગરીની વિકુર્વણા કરીને, તેમાંના રૂપોને જાણે, જુએ ? - હા, જાણે, જુએ, ભગવન્ ! તે તથાભાવે જાણે - જુએ કે અન્યથા ભાવે જાણે - જુએ ? ગૌતમ ! તથાભાવે ન જાણે - જુએ, પણ અન્યથા ભાવે જાણે - જુએ. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે — વાણારસીમાં રહીને મેં રાજગૃહનગરની વિકુર્વણા કરી, તેના રૂપોને જાણું છું અને જોઉં છું. એવું તેનું વિપરીત દર્શન હોય છે. માટે એમ કહ્યું કે - યાવત્ - તે અન્યથા ભાવે જાણે છે - જુએ છે.*

*ભગવન્ ! વાણારસીમાં રહેલ માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર યાવત્ રાજગૃહનગરનું વિકુર્વણા કરીને તેમાંના રૂપોને જાણે-જુએ ? હા, જાણે-જુએ. બધું પૂર્વવત્ યાવત્ તેને એમ થાય કે રાજગૃહ નગરમાં રહેલો હું વારાણસીની વિકુર્વણા કરીને તેમાંના રૂપોને જાણું છું - જોઉં છું, એવું તેનું દર્શન વિપરીત હોય છે, તેથી એમ કહ્યું.*

*ભગવન્ ! માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર, વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી વારાણસી અને રાજગૃહનગરી મધ્યે એક મોટા જનપદ સમૂહની વિકુર્વણા કરીને તે વારાણસી અને રાજગૃહનગરી મધ્યે એક મોટા જનપદ સમૂહને જાણે-જુએ ? - હા, જુએ. શું તેને તથાભાવે જાણે - જુએ કે અન્યથા ભાવે ? - અન્યથાભાવે - એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એવું થાય છે કે આ વારાણસી છે, આ રાજગૃહ છે. તેની વચ્ચે આવેલ આ એક મોટો જનપદ સમૂહ છે. પણ તે મારી વીર્ય-વૈક્રિય-વિભંગજ્ઞાન લબ્ધિથી નથી, પણ મારા લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય કે પુરુષાકાર પરાક્રમ નથી. એવું વિપરીત દર્શન તેને થાય છે. માટે કહ્યું કે યાવત્ તે પ્રમાણે જુએ છે.*

*[૧૯૨] વારાણસીમાં રહેલ અમાયી, સમ્યગ્‌દૃષ્ટિ, ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-અવધિજ્ઞાન લબ્ધિ વડે રાજગૃહનગરી વિકુર્વીને તેમાંના રૂપોને જાણે-જુએ ? - હા. - ભગવન્ ! તે તથાભાવે જાણે-જુએ કે અન્યથાભાવે ? ગૌતમ ! તથાભાવે જાણે-જુએ, અન્યથા ભાવે નહીં. - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! તેને એમ થાય છે કે વારાણસીમાં રહેલો હું રાજગૃહને વિકુર્વીને તેમાંના રૂપોને જાણું છું - જોઉં છું. તેનું દર્શન વિપરીતતા રહિત હોય છે. તેથી ગૌતમ ! એમ કહ્યું. બીજો આલાવો પણ એ રીતે જ કહેવો. વિશેષ આ - વિકુર્વણા વાણારસીની કહેવી અને રાજગૃહમાં રહીને રૂપોનું જાણવું-જોવું સમજવું.*

*ભગવન્ ! અમાયી, સમ્યગ્‌દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્ય-વૈક્રિય-*

*અવધિજ્ઞાનલબ્ધિથી રાજગૃહ અને વારાણસી વચ્ચે એક મોટો જનપદસમૂહ વિકુર્વે, પછી - x - તે જનપદસમૂહને જાણે-જુએ ? ગૌતમ ! હા, જાણે-જુએ. ભગવન્ ! તે તેને યથાભાવે જાણે-જુએ કે અન્યથાભાવે ? ગૌતમ ! તે યથાભાવે જાણે-જુએ. અન્યથાભાવે નહીં.*

*ભગવન્ ! તેનું શું કારણ ? ગૌતમ ! તેને એમ થાય છે કે તે રાજગૃહ કે વારાણસી કે તેની વચ્ચેનો જનપદસમૂહ નથી, પણ એ મારી વીર્ય-વૈક્રિય-અવધિજ્ઞાન લબ્ધિ છે, મેં લબ્ધ-પ્રાપ્ત-સન્મુખ કરેલ ઋદ્ધિ, ધુતિ, યશ, બળ, વીર્ય, પુરુષકાર પરાક્રમ છે. તેનું દર્શન અવિપરીત હોય છે, તે કારણથી ગૌતમ ! પૂર્વવત્ કહેલું છે.*

*ભગવન્! ભાવિતાત્મા અણગાર બાહ્ય પુદ્‌ગલો લીધાં સિવાય એક મોટા ગામ-નગર યાવત્ - સંનિવેશના રૂપને વિકુર્વવા સમર્થ છે? ના, સમર્થ નથી. એ પ્રમાણે બીજો આલાવો પણ કહેવો. વિશેષ આ - બાહ્ય પુદ્‌ગલો લઈને તેવા રૂપ વિકુર્વવાને સમર્થ છે. ભગવન્! ભાવિતાત્મા અણગાર કેવા ગ્રામાદિરૂપ વિકુર્વવા સમર્થ છે? જેમ કોઈ યુવાન, યુવતીના હાથને હાથ વડે દૃઢ ગ્રહણ કરે આદિ પૂર્વવત્, યાવત્ એ રીતે વિકુર્વશે નહીં. એમ સંનિવેશરૂપ સુધી જાણવું.*

● વિવેચન-૧૯૧,૧૯૨ :-

ગૃહવાસના ત્યાગથી-અણગાર, સ્વસિદ્ધાંતાનુસારી પ્રશમાદિથી-ભાવિતાત્મા. માયી - ઉપલક્ષણથી કષાયવાળો. - x - મિથ્યાદૃષ્ટિ એટલે અન્યતીર્થિક. કાર્યમાં પ્રવૃત્ત વીર્ય આદિ લબ્ધિ વડે, વારાણસી નગરીએ વિકુર્વીને, રાજગૃહનગરમાં પશુ, પ્રાસાદ, પુરુષાદિ વિભંગજ્ઞાનલબ્ધિ વડે જાણે અને જુએ.

તથાભાવ - જેવી વસ્તુ, તેવા ભાવવાળું જ્ઞાન અથવા જેવું જણાય, તેવું જ અનુભવે તે તથાભાવ, તેનાથી ઉલટું તે અન્યથાભાવ, તે વિકુર્વણા કરનાર માને છે કે મેં રાજગૃહનગરની વિકુર્વણા કરી છે અને હું વારાણસીના રૂપોને જાણું છું - જોઉં છું, તે અણગારનું આ દર્શન ઉલટું છે કેમકે તે બીજારૂપોને બીજી રીતે કલ્પે છે. જેમ દિગ્મૂઢ મનુષ્ય પૂર્વ દિશાને પશ્ચિમ દિશા માને છે. ક્યાંક આ પાઠ બીજી રીતે પણ છે - x - x - એ પ્રમાણે બીજું સૂત્ર પણ જાણવું. ત્રીજા સૂત્રમાં વારાણસી અને રાજગૃહ નગરીના માર્ગમાં દેશસમૂહ વિકુર્વેલ છે. તે જ રૂપે તે વિભંગ જ્ઞાનથી જાણે છે - જુએ છે. માત્ર તે તથાભાવે નથી, કેમકે તે વૈક્રિયરૂપોને સ્વાભાવિક રૂપો માને છે. जसे - યશનો હેતુ હોવાથી યશ. नगररूवं - અહીં યાવત્ શબ્દથી નિગમ-રાજધાની-ખેડ-કબ્બડ-મડંબ-દ્રોણમુખ-પટ્ટણ-આકર-આશ્રમ-સંબાહના રૂપો કહેવા... વિકુર્વણા અધિકાર અને તેના સામર્થ્યથી વિશેષ પ્રરૂપણા કરે છે.

● સૂત્ર-૧૯૩ :-

*ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરના કેટલા હજાર આત્મરક્ષક દેવો છે ? ગૌતમ ! ૨,૫૬,૦૦૦. આત્મરક્ષક દેવોનું વર્ણન, રાયપ્પસેણિય સૂત્ર મુજબ કહેવું. એ રીતે બધાં ઈન્દ્રોના, જેના જેટલા આત્મરક્ષક દેવો છે તે કહેવા.*



*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૧૯૩ :-

આત્મરક્ષક દેવોનું વર્ણન – સન્નદ્ધ, બદ્ધ, બખ્તરવાળા, દોરી ચડાવી ધનુષ્યને તૈયાર કરેલ, શરાસન પટ્ટી બાંધેલા, ગ્રૈવેયક પહેરેલા, ચિંધપટ્ટોને બાંધેલા, આયુધ-અસ્ત્ર ગ્રહણ કરેલા, ત્રિનમિત, ત્રિસંધિક, વજ્રમયકોટિક ધનુષ્ય ગ્રહણ કરેલ, મર્યાદાવાળા તીર સમૂહને ધારણ કરેલા, નીલ-પીત-રક્તપાણિ, ચારુ ચાપચર્મદંડ ખડ્ગપાશપાણિ, - x - આત્મરક્ષક, રક્ષોપગક, ગુપ્ત, ગુપ્તપાલિત, યુક્ત, યુક્તપાલિત એ બધા દેવો વારા ફરતી એક એક, ઉચિત કાળે કિંકર પેઠે રહે છે. [*વૃત્તિકાર મહર્ષિએ 'સન્નદ્ધ'થી 'યુક્તપાલિત' શબ્દના પ્રત્યેકના અર્થ નોંધેલ છે, જે અમે અહીં નોંધતા નથી. 'રાયપ્પસેણિય'માં તે જોવા.*]

પુસ્તકાંતરમાં આ પાઠ મૂળમાં જ છે. ચમરની જેમ બધાં ઈન્દ્રોના સામાનિક કરતાં ચારગણા આત્મરક્ષક દેવો હોય છે.

સામાનિક દેવો આ રીતે – ચમરેન્દ્રના ૬૪,૦૦૦, બલીન્દ્રના ૬૦,૦૦૦, બાકીના ભવનપતિના પ્રત્યેકના છ-છ હજાર. શક્રના ૮૪,૦૦૦, ઈશાનના ૮૦,૦૦૦, સનત્કુમારના ૭૨,૦૦૦, માહેન્દ્રના ૭૦,૦૦૦, બ્રહ્મેન્દ્રના ૬૦,૦૦૦, લાંતકે ૫૦,૦૦૦, શુક્રે ૪૦,૦૦૦, સહસ્રારે ૩૦,૦૦૦, પ્રાણતે ૨૦,૦૦૦, અચ્યુતે ૧૦,૦૦૦ સામાનિકો છે. - x - x -

**શતક-૩, ઉદ્દેશો-૬-નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૭ "લોકપાલ" ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૬-માં આત્મરક્ષક દેવો કહ્યા, અહીં લોકપાલ કહે છે.

● સૂત્ર-૧૯૪ :-

*રાજગૃહનગરમાં યાવત્ પર્યુપાસના કરતા આ રીતે કહ્યું – ભગવન્! દેવેન્દ્ર દેવરાજ શક્રને કેટલાં લોકપાલ છે? ગૌતમ! ચાર, તે આ - સોમ, યમ, વરુણ, વૈશ્રમણ... એ ચાર લોકપાલને કેટલા વિમાનો છે? ગૌતમ! ચાર, તે આ - સંધ્યાપ્રભ, વરશિષ્ટ, સ્વયંજલ, વલ્ગુ... ભગવન્! શક્રેન્દ્રના સોમલોકપાલનું સંધ્યાપ્રભ નામક મહાવિમાન ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણે આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારારૂપોથી ઘણાં યોજન ઉંચે યાવત્ પાંચ અવતંસકો છે. તે આ – અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, ચૂતાવતંસક, મધ્યે સૌધર્માવતંસક. તે સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વે સૌધર્મકલ્પ છે. તેમાં અસંખ્ય યોજન દૂર ગયા પછી શક્રેન્દ્રના સોમ લોકપાલનું સંધ્યાપ્રભ નામે મહાવિમાન કહ્યું છે.*

*આ વિમાનની લંબાઈ-પહોળાઈ ૧૨॥ લાખ યોજન છે, તેનો ઘેરાવો સાધિક-૩૯,૫૨,૮૪૮ યોજન છે. અહીં સૂર્યાભદેવની વિમાન વક્તવ્યતા માફક બધું કહેવું યાવત્ અભિષેક. વિશેષ એ કે – સૂર્યાભને બદલે સોમદેવ કહેવો.*

*સંધ્યાપ્રભ મહાવિમાનની નીચે સમક્ષ-સપ્રતિદિશ અસંખ્ય હજાર યોજન અવગાહ્યા પછી શક્રના સોમ લોકપાલની સોમા નામે રાજધાની છે. તે લંબાઈ-પહોળાઈથી એક લાખ યોજન એટલે જંબૂદ્વીપ જેટલી છે. કિલ્લા આદિનું પ્રમાણ વૈમાનિકોના કિલ્લા આદિના પ્રમાણથી અડધું કહેવું યાવત્ પીઠબંધ સુધી કહેવું. પીઠબંધની લંબાઈ-પહોળાઈ ૧૬,૦૦૦ યોજન, ઘેરાવો ૫૦,૫૯૭ યોજનથી કંઈક અધિક છે. પ્રાસાદોની ચાર પરિપાટી કહેવી, બીજી નથી.*

*શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા-ઉપપાત-વચન-નિર્દેશમાં આ દેવો રહે છે — સોમકાયિકો, સોમદેવકાયિકો, વિદ્યુત્કુમાર, વિદ્યુતકુમારી, અગ્નિકુમાર, અગ્નિકુમારી, વાયુકુમાર, વાયુકુમારી, ચંદ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારાઓ. તેવા પ્રકારના બીજા પણ બધા દેવો તેમની ભક્તિમાં-પક્ષમાં-તાબામાં રહે છે. આ બધાં દેવો શક્રેન્દ્રના સોમ લોકપાલની આજ્ઞા યાવત્ નિર્દેશમાં રહે છે.*

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે — ગ્રહદંડો, ગ્રહમુસલો, ગ્રહગર્જિતો, એ પ્રમાણે ગ્રહયુદ્ધો, ગ્રહ શ્રૃંગાટકો, ગ્રહાપસવ્યો, અભ્રો, અભ્રવૃક્ષો, સંધ્યા, ગાંધર્વનગરો, ઉલ્કાપાતો, દિગ્દાહો, ગર્જારવો, વિજળી, ધૂળવૃષ્ટિ, યૂપો, યક્ષાલિપ્તો, ધૂમિકા, મહિકા, રજોદ્ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્રપરિવેષો, સૂર્યપરિવેષો, પ્રતિચંદ્રો, પ્રતિસૂર્યો, ઈન્દ્રધનુષ્, ઉદકમત્સ્ય, કપિહસિત, અમોઘ, પૂર્વવાયુ, પશ્ચિમવાયુ યાવત્ સંવર્તક વાયુ, ગ્રામ દાહો યાવત્ સંનિવેશદાહો, પ્રાણ-જન-ધન-કુલક્ષયો, વ્યસનભૂત અનાર્ય તથા તેવા પ્રકારના બીજા, તે બધાં શક્રેન્દ્રના સોમ લોકપાલથી અજ્ઞાત, અદૃષ્ટ, અશ્રુત, અમુય, અવિજ્ઞાત નથી અથવા તે બધાં સોમકાયિક દેવોથી અજાણ્યા નથી.*

*શક્રેન્દ્રના સોમ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે — અંગારક, વિકાલક, લોહિતાક્ષ, શનૈશ્ચર, ચંદ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરુ, રાહુ... શક્રેન્દ્રના સોમ લોકપાલની ત્રિભાગસહ પલ્યોપમની સ્થિતિ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોની સ્થિતિ એક પલ્યોપમની છે. સોમ લોકપાલ આવી મહાઋદ્ધિવાળો છે.*

**● વિવેચન-૧૯૪ :-**

ઘણાં યોજનો પછી યાવત્ શબ્દથી આ પ્રમાણે જાણવું — ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં ક્રોડ યોજન, ઘણાં કોટાકોટિ યોજન સુધી ઉંચે દૂર ગયા પછી સૌધર્મ કલ્પ છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ પહોળો, અર્ધચંદ્ર સંસ્થાન સંસ્થિત, સૂર્યની કાંતિના સમૂહ જેવા વર્ણવાળો, અસંખ્ય યોજન કોડાકોડી લંબાઈ-પહોળાઈવાળો, અસંખ્ય કોડાકોડી યોજન પરિધિથી છે. તેમાં ૩૨-લાખ વિમાનાવાસો કહ્યા છે, તે બધાં રત્નમય, નિર્મળ યાવત્ પ્રતિરૂપ છે. તે સૌધર્મકલ્પના બહુમધ્ય દેશ ભાગે જઈને-સૂર્યાભ વિમાનની વક્તવ્યતા છે, તે મુજબ અહીં કહેવી. કેટલી કહેવી? નવા ઉત્પન્ન સોમ લોકપાલના રાજ્યાભિષેક સુધી કહેવી. અહીં કહી નથી.

- x - વૈમાનિકોના સૌધર્મ વિમાનમાં રહેલ મહેલ, કિલ્લા, દ્વારાદિના માપ કરતા સોમલોકપાલની નગરીમાં અર્ધુ માપ કહેવું. અહીં સુધર્માસભાદિ સ્થાનો નથી.



કેમકે તે સ્થાનો સોમના ઉત્પત્તિ સ્થાને હોય છે.. સોમના પરિવારભૂત દેવો તે સોમકાયિક. સોમ લોકપાલના સામાનિક દેવો અને તેના પરિવારરૂપ તે સોમદેવકાયિક. - x - સોમનું ભક્તિ-બહુમાન કરનારા તે तद्भक्तिकदेवो. સોમને પ્રયોજનમાં સહાયક તે तत्पाक्षिक. સોમની ભાર્યાની માફક અત્યંત વશ અથવા સોમ તેનું પોષણ કરે છે માટે तद्भार्यादेवो - x -

गहदंड - મંગલાદિ ત્રણ, ચાર ગ્રહોની જે તિર્છી દંડ જેવી શ્રેણી તે. ग्रहमुसल - ગ્રહોની ઉર્ધ્વ શ્રેણિ. ग्रहगर्जित - ગ્રહોનો અવાજ, ग्रह युद्ध - એક દક્ષિણ અને ઉક ઉત્તરમાં એક નક્ષત્રમાં બે ગ્રહોનું રહેવું. ग्रह श्रृंगाटक - શીંગોડા આકારે ગ્રહોનું રહેવું. ग्रहापसव्य - ગ્રહોની વાંકી ચાલ. - x - गंधर्वनगर - આકાશમાં વ્યંતરે કરેલ નગરાકાર આકૃતિ. उल्कापात - રેખા અને પ્રકાશવાળું તારાની પેઠે જે ખરવું. दिग्दाह - મોટા નગરના ઉજાસની જેમ કોઈ એક દિશામાં નીચે અંધકાર, ઉપર પ્રકાશ. यूपक - શુક્લપક્ષે એકમ આદિ ત્રણ દિવસ, જે વડે સંધ્યાના છેડા ઢંકાય. यक्षाद्दीप्त - આકાશમાં વ્યંતરકૃત્ ભડકા. धूमिका - ધૂમ્રવર્ણી, महिका - આપાંડુર, रजोद्घात - દિશાનું રજસ્વલત્વ. पडिचंद - બીજા ચંદ્રો. उदगमच्छ - ઈન્દ્રધનુષ્‌ના ખંડો, कपिहसित - વિજળીનો ઝબકારો, अमोह - સૂર્ય ઉદય-અસ્ત સમયે સૂર્યના કિરણના વિકારજન્ય લાલ કે કાળા ઉંચા કરેલા ગાડાના આકારના લિંસોટા, પૂર્વાદિ વાયુ પ્રતીત છે. - x - x - [વાયુના નામોની નોંધ મૂળ વૃત્તિ મુજબ જાણવી.]

હમણાં કહેલ ગ્રહ દંડાદિના પ્રાયિક ફળને દર્શાવતા કહે છે — બળના ક્ષય, લોકમરણ... તેના ફળરૂપે પ્રાણક્ષયાદિ જ છે એટલું જ નહીં, પણ જે બીજા પણ પ્રાણક્ષયાદિ સમાન છે, અપત્તિરૂપ અને પાપરૂપ છે, તે બધાં ઉપદ્રવો તેના ફળરૂપે છે. તે બધાં ઉપદ્રવો સોમ લોકપાલથી અજાણ્યા નથી. अज्ञातादि પદો-અનુમાનથી અજાણ્યા, પ્રત્યક્ષાપેક્ષાએ નહીં જોયેલ, બીજાથી અણસાંભળેલ, મનની અપેક્ષાએ યાદ ન કરેલ, અવધિ અપેક્ષાએ અવિજ્ઞાત.

अहावच्च - પુત્ર સ્થાનીય દેવો, अभिन्नाय - અભિમત વસ્તુ કરનાર હોવાથી. - x - x - અંગારકાદિ દેવો પુત્ર જેવા છે. - x - x -

**● સૂત્ર-૧૯૫ થી ૧૯૮ :-**

*[૧૯૫] દેવેન્દ્ર દેવરાજ શક્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામે મહાવિમાન ક્યાં આવેલ છે? ગૌતમ! સૌધર્માવતંસક મહાવિમાનની દક્ષિણે સૌધર્મકલ્પથી અસંખ્ય હજાર યોજન ગયા પછી શક્રેન્દ્રના યમ લોકપાલનું વરશિષ્ટ નામક મહાવિમાન છે. તે ૧૨॥ લાખ યોજન લાંબુ-પહોળું છે, ઇત્યાદિ 'સોમ'ના વિમાન માફક યાવત્ અભિષેક, રાજધાની, પ્રાસાદ પંક્તિ સંબંધે પણ એ જ રીતે સમજવું.*

*શક્રેન્દ્રના યમ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે. તે આ — યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારી, કંદર્પ, નરકપાલ, અભિયોગો અને તેવા બીજા બધાં દેવો તેની ભક્તિવાળા, પક્ષવાળા, તાબે રહેનારા છે. - x -*

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે — ડિંબ, ડમર, કલહ, બોલ, ખારો, મહાયુદ્ધ, મહાસંગ્રામ, મહાશસ્ત્રપતન, એ પ્રમાણે મહાપુરુષના મરણ, મહારુધિરનિપાત, દુર્ભૂત, કુલરોગ, ગ્રામ રોગ, મડંબ રોગ, નગરરોગ, શીર્ષવેદના, અક્ષીવેદના, કર્ણ-નખ-દંત વેદના, ઈન્દ્રગ્રાહ, સ્કંદગ્રાહ, કુમારગ્રાહ, યક્ષગ્રાહ, ભૂતગ્રાહ, એક-બે-ત્રણ કે ચાર દિવસે આવતો તાવ, ઉદ્વેગો, ખાંસી, શ્વાસ, સોસ, તાવ, દાહ, કચ્છકોહણ, અજીર્ણ, પાંડુરોગ, હરસ, ભગંદર, હૃદયશૂળ, મસ્તક-યોનિ-પડખાં-કુક્ષી શૂળ, ગામ-નગર-ખેડ-કર્બટ-દ્રોણમુખ-મડંબ-પટ્ટણ-આશ્રમ-સંબાહ-સંનિવેશની મરકી, પ્રાણ-ધન-જન-કુલનો ક્ષય, વ્યસનંભૂત અનાર્ય અને તેવા પ્રકારના બીજા બધાં પણ, તે શક્રેન્દ્રનો યમ લોકપાલ કે યમકાયિક દેવોથી યાવત્ અજાણ્યાં નથી.

શક્રેન્દ્રના યમ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે.

[૧૯૬,૧૯૭] અંબ, અંબરિષ, શ્યામ, શબલ, રુદ્ર, ઉપરુદ્ર, કાલ, મહાકાલ, અસિપત્ર, ધનુષ્, કુંભ, વાલુ, વૈતરણી, ખરસ્વર અને મહાઘોષ એ પ્રમાણે પંદર છે.

[૧૯૮] દેવેન્દ્ર દેવરાજ શક્રના યમલોકપાલનું આયુષ્ય ત્રિભાગ સહિત પલ્યોપમ છે. તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. એવી મહાઋદ્ધિવાળો યાવત્ યમલોકપાલ છે.

● **વિવેચન-૧૯૫ થી ૧૯૮ :-**

પ્રેતકાયિક-વ્યંતર વિશેષ, પ્રેતકાયિક દેવોના સંબંધી તે પ્રેમતદેવકાયિક, कंदर्प - કંદર્પ ભાવનાથી વાસિત હોવાથી કંદર્પ દેવોમાં ઉપજેલા, आभियोग - અભિયોગ ભાવનાથી ભરપૂર હોવાથી આભિયોગિક દેવોમાં ઉપજેલ, डिंब - વિઘ્નો, डमर - ઉપદ્રવવિશેષ, कलह - શબ્દોથી રાડ, बोल - અવ્યક્ત અક્ષર ધ્વનિ સમૂહ, खार - પરસ્પર મત્સર, महायुद्ध - વ્યવસ્થારહિત મોટી લડાઈ, महासंग्राम - વ્યવસ્થાવાળી અને ચક્રાદિ વ્યૂહરચનાવાળી મોટી લડાઈ, - x - दुर्भूत - લોકો અને ધાન્યને નુકસાનકર્તા જૂ, માંકડ, ઉંદરાદિ જીવો. ઈન્દ્રગ્રહ આદિ ગાંડપણના કારણો, उद्वेग - ઈષ્ટ વિયોગાદિ જન્ય કે ચોરાદિનો ઉપદ્રવ. कक्षकोह - શરીરના એક ભાગનો સડો. - x -

अम्ब આદિ - અસુર નિકાયવર્તી ૧૫-પરમાધામી દેવો. તેમાં (૧) અંબ-નારકોને ઉંચેથી પડતા મૂકે. (૨) અંબરીષ-નારકોના ટુકડા કરી, ભાઠામાં પકવવા યોગ્ય બનાવે. (૩) શ્યામ-નારકોને શાતન આદિ કરે અને કાળા વર્ણના. (૪) શબલ-નારકોના આંતરડા, હૃદયાદિ ફાડી નાંખે, કાબર ચીતરાવર્ણના. (૫) રૌદ્ર-નારકોને ભાલાદિમાં પરોવે. (૬) ઉપરૌદ્ર-નારકોના અંગોપાંગ ભાંગી નાખે. (૭) કાલનારકોને કડાયા આદિમાં રાંધે, કાળા વર્ણના. (૮) મહાકાલ-નારકોના ચીકણા માંસને ખાંડીને ખાય, વર્ણથી મહાકાળા, (૯) અસિ-નારકોને તલવારથી છેદે, (૧૦) અસિપત્ર-તલવાર આકારના પાંદડા વિકુર્વે.

(૧૧) ધનુ કે કુંભ - ધનુષ્ દ્વારા નારકોના કાન વગેરેને છેદે, ભેદે, બીજી પણ પીડા કરે તે ધનુ - - નારકોને ઘડાદિમાં નાંખી રાંધે તે કુંભ, (૧૨) વાલુક-



કદંબના ફૂલ જેવી વેળુમાં નારકોને રાંધે. (૧૩) વૈતરણી - લોહી અને પિત્તથી ભરેલ વૈતરણી નદી બનાવે. (૧૪) ખરસ્વર-વજ જેવા કાંટાવાળા ઝાડ પર ચડાવી નારકોને ચીસો પડાવે. (૧૫) મહાઘોષ-રાડો પાડી ભાગતા નારકોને વાડામાં પૂરી દે.

● **સૂત્ર-૧૯૯ :-**

દેવેન્દ્ર દેવરાજ શક્રના વરુણ લોકપાલનું સ્વયંજ્વલ નામક મહાવિમાન ક્યાં આવેલ છે? ગૌતમ! સૌધર્માવતંસક મહાવિમાનની પશ્ચિમે સૌધર્મકલ્પ છે, ત્યાંથી અસંખ્ય યોજન ગયા પછી યાવત્ બધું સોમ લોકપાલની જેમ જાણવું. તેમજ વિમાન, રાજધાની, યાવત્ પ્રાસાદાવતંસકો વિશે સમજવું, માત્ર નામમાં ફેરફાર છે.

શક્રના વરુણ લોકપાલની આજ્ઞામાં યાવત્ આ દેવો રહે છે — વરુણકાયિક, વરુણ દેવકાયિક, નાગકુમાર, નાગકુમારી, ઉદધિકુમાર, સ્તનિતકુમાર, સ્તનિતકુમારી અને બીજા પણ તેવા પ્રકારના દેવો, તેની ભક્તિવાળા યાવત્ રહે છે.

જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે — અતિવૃષ્ટિ, મંદવૃષ્ટિ, સુવૃષ્ટિ, દુર્વૃષ્ટિ, ઉદકોદ્ભેદ, ઉદકોત્પીલ, અપવાહ, પ્રવાહ, ગામવાહ યાવત્ સન્નિવેશવાહ, પ્રાણક્ષય યાવત્ તે બધાં વરુણદેવ કે વરુણકાયિક દેવોથી અજાણ્યા નથી.

શક્રેન્દ્રના વરુણ લોકપાલને આ દેવો યાવત્ અપત્યરૂપ અભિમત છે તે આ — કર્કોટક, કર્દમક, અંજન, શંખપાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ, કાતરિક... શક્રેન્દ્રના વરુણ લોકપાલનું આયુ દેશોન બે પલ્યોપમ છે. તેના અપત્યરૂપ દેવોની આયુ એક પલ્યોપમ છે. આવો મહર્દ્ધિક યાવત્ વરુણ લોકપાલ છે.

● **વિવેચન-૧૯૯ :-**

अतिवर्षा - વેગથી કે ઘણો વરસાદ, मंदवर्षा - ધીમી વર્ષા, सुवृष्टि - ધાન્યાદિ નિષ્પન્ન કરે તેવો, दुर्वृष्टि - ધાન્યાદિ ન નીપજે તેવો વરસાદ. उदकोद्भेद - ગિરિતટાદિથી જલ-ઉદ્ભવ, उदकोत्पील - તળાવાદિ જળસમૂહ, उदवाह - પાણીનું થોડું વહેવું, प्रवाह - પાણીનું વધારે વહેવું, પાણીથી પ્રાણ ક્ષયાદિ થવા. कर्कोटक - લવણસમુદ્રની ઈશાને અનુવેલંધર નાગરાજના આવાસરૂપ કર્કોટક પહાડ છે, તેમાં વસતા નાગરાજ, कर्दमक - અગ્નિ ખૂણામાં વિદ્યુત્પ્રભ પહાડમાં રહેતા નાગરાજ, अंजन - વેલંબ વાયુકુમાર રાજાનો લોકપાલ, शंखपालक - ધરણનાગરાજનો લોકપાલ, पुंड्र આદિ અમારી જાણમાં નથી.

● **સૂત્ર-૨૦૦ :-**

દેવેન્દ્ર દેવરાજ શક્રના વૈશ્રમણ લોકપાલનું વલ્ગુ નામે મહાવિમાન ક્યાં છે ? ગૌતમ ! સૌધર્માવતંસક મહાવિમાનની ઉત્તરે છે. બધી વક્તવ્યતા સોમલોકપાલના વિમાન, રાજધાની માફક અહીં જાણવી. યાવત્ પ્રાસાદાવતંસક.

શક્રના વૈશ્રમણ લોકપાલની આજ્ઞા-ઉપપાત-વચન-નિર્દેશમાં આ દેવો રહે છે — વૈશ્રમણકાયિક, વૈશ્રમણ દેવકાયિક, સુવર્ણકુમાર, સુવર્ણકુમારી, દ્વિપકુમાર-કુમારી, દિશાકુમાર-કુમારી, વ્યંતર, વ્યંતરી, આવા બધાં યાવત્ રહે છે.

*જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે જે આ ઉત્પન્ન થાય છે :- લોઢું-તાંબુ-કલાઈ-સીસુ-સોનું-રૂપુ-વજ તે બધાંની ખાણો, વસુધારા, હિરણ્ય-સુવર્ણ-રત્ન-વજ-આભરણ-પત્ર-પુષ્પ-ફળ-બીજ-માળા-વર્ણ-ચૂર્ણ-ગંધ-વસ્ત્રની વર્ષા, હિરણ્યથી વસ્ત્ર સુધીની તથા ભાજન અને ક્ષીરની વૃષ્ટિ, સુકાળ, દુષ્કાળ, સોંઘુ, મોંઘુ, સુભિક્ષ, દુર્ભિક્ષ, ખરીદ-વેચાણ, સંનિધિ, સંચય, નિધિ, નિધાન. ઘણાં જૂના નષ્ટ સ્વામીવાળા-સંભાળનાર ક્ષીણ થયા હોય, માર્ગ ક્ષીણ થયો હોય - ગોત્રના ઘર નાશ પામ્યા હોય-સ્વામી, સંભાળનાર, ગોત્રના ઘરનો ઉચ્છેદ થયો હોય એવા શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, ગલી, નગરની ખાળ, શ્મશાન, પર્વતની કંદરા, શાંતિગૃહ, પહાડને કોતરી બનાવેલ ઘર, સભાસ્થાનોમાં દાટેલા નિધાનો - આ બધું શક્રેન્દ્રના વૈશ્રમણ લોકપાલથી અજ્ઞાત-અદૃષ્ટ-અશ્રુત-અવિજ્ઞાત હોતું નથી.*

*શક્રના વૈશ્રમણ લોકપાલને આ દેવો અપત્યરૂપ અભિમત છે — પૂર્ણભદ્ર, માણિભદ્ર, શાલિભદ્ર, સુમનોભદ્ર, ચક્ર, રક્ષ, પૂર્ણરક્ષ, સદ્વાન, સર્વયશા, સર્વકામ, સમૃદ્ધ, અમોઘ, અસંગ.*

*શક્રના વૈશ્રમણ લોકપાલનું આયુ બે પલ્યોપમ છે અને તેના અપત્યરૂપ અભિમત દેવોનું આયુ એક પલ્યોપમ છે. વૈશ્રમણ લોકપાલ યાવત્ આવી મહાઋદ્ધિવાળો છે. ભગવન્ ! એમ જ છે (૨).*

**● વિવેચન-૨૦૦ :-**

વસુધારા - તીર્થંકરના જન્માદિ પ્રસંગે આકાશમાંથી થતી ધનવૃષ્ટિ, हिरण्णवास - રૂપુ અથવા ઘડેલ સોનું. वर्षा - અલ્પતર વરસાદ, वृष्टि - મહાવર્ષા. माल्य - ગુંથેલા પુષ્પો, वर्ण - ચંદન, चूर्ण - સુગંધી દ્રવ્યનો ભૂકો, गंध - કોષ્ઠપુટપાક, - x - संनिधि - ઘી, ગોળ આદિની સ્થાપના, संनिचय - ધાન્યનો સંચય, निधि - લાખ વગેરે પ્રમાણ દ્રવ્ય સ્થાપના, निधान - ભૂમિમાં રહેલ હજાર આદિ દ્રવ્યનો સંચય.

એ બધાં કેવા ? ખૂબ જૂના, તેથી જ તેના સ્વામી, સિંચક આદિ ક્ષીણ થયા છે, માર્ગ, ગોત્રીયના ઘરો ક્ષીણ થયા છે. જેના સ્વામી હવે સત્તાહીન થયા છે. ઇત્યાદિ

**શતક-૩, ઉદ્દેશા-૭-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ❀ શતક-૩, ઉદ્દેશો-૮-"દેવાધિપતિ" ❀

— x — x — x — x —

**● સૂત્ર-૨૦૧ થી ૨૦૪ :-**

*[૨૦૧] રાજગૃહ નગરમાં યાવત્ પર્યુપાસના કરતાં આમ કહ્યું કે — ભગવન્ ! અસુરકુમાર દેવો ઉપર કેટલા દેવો આધિપત્ય કરતા યાવત્ વિચરે છે ? ગૌતમ ! દશ દેવો યાવત્ આધિપત્ય કરતાં વિચરે છે. તે આ — અસુરેન્દ્ર અસુરરાજ ચમર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.*

*નાગકુમાર વિશે પ્રશ્ન — ગૌતમ ! દશ દેવો તેમનું આધિપત્ય કરતાં યાવત્ વિચરે છે. તે આ - નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલવાલ, શંખવાલ, નાગકુમારેન્દ્ર નાગકુમાર રાજા ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શંખવાલ, શેલવાલ.*



*જેમ નાગકુમારેન્દ્ર સંબંધે આ વક્તવ્યતાથી જણાવ્યુ તેમ આ દેવો સંબંધે પણ જાણવું - સુવર્ણકુમારના અધિપતિઓ — વેણુદાલી, ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ છે - - વિદ્યુત્કુમારના અધિપતિઓ — હરિકાંત, હરિસ્સહ, પ્રભ, સુપ્રભ, પ્રભકાંત, સુપ્રભકાંત.*

*અગ્નિકુમારના અધિપતિઓ — અગ્નિસીંહ, અગ્નિમાનવ, તેજ, તેજસીંહ, તેજકાંત, તેજપ્રભ. - - દ્વીપકુમારના અધિપતિઓ - પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, સુરૂપ, રૂપકાંત, રૂપપ્રભ. - - ઉદધિકુમારના અધિપતિઓ - જલકાંત, જલપ્રભ, જલરૂપ, જલકાંત, જલપ્રભ.*

*દિશાકુમારના અધિપતિઓ — અમિતગતિ, અમિતવાહન, ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સીંહગતિ, સીંહવિક્રમગતિ. - - વાયુકુમારના અધિપતિઓ - વેલંબ, પ્રભંજન, કાલ, મહાકાલ, અંજન, રિષ્ટ-સ્તનિત કુમારના અધિપતિઓ — ઘોષ, મહાઘોષ, આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત, મહાનંદિકાવર્ત્ત. - - એ પ્રમાણે અસુરકુમાર માફક કહેવું.*

*દક્ષિણ ભવનપતિના ઈન્દ્રોના પ્રથમ લોકપાલોના નામો આદ્યાક્ષર પ્રમાણે આ છે. સો, કા, ચિ, પ, તે, રુ, જ, તુ, કા, આ.*

*પિશાચકુમાર સંબંધી પ્રશ્ન - બે દેવો આધિપત્ય કરે છે.*

*[૨૦૨] કાલ અને મહાકાલ, સુરૂપ અને પ્રતિરૂપ, પૂર્ણભદ્ર અને માણિભદ્ર, ભીમ અને મહાભીમ.*

*[૨૦૩] કિંનર અને કિંપુરુષ, સત્પુરુષ અને મહાપુરુષ, અતિકાય અને મહાકાય, ગીતરતિ અને ગીતયશ.*

*[૨૦૪] ઉક્ત બધાં દેવો વાણવ્યંતરોના ઈન્દ્રો છે... જ્યોતિષ્ક દેવોનાં અધિપતિ બે દેવો વિચરે છે — ચંદ્ર અને સૂર્ય.*

*ભગવન્! સૌધર્મ અને ઈશાન કલ્પે આધિપત્ય કરતા યાવત્ કેટલા દેવો વિચરે છે? ગૌતમ! દશ. તે આ - દેવેન્દ્ર દેવરાજ શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, દેવેન્દ્ર દેવરાજ ઈશાન, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ. આ વક્તવ્યતા બધાં કલ્પોમાં કહેવી. જેના જે ઈન્દ્ર છે, તે કહેવા. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૨૦૧ થી ૨૦૪ :-**

આઠમો ઉદ્દેશો દેવવક્તવ્યતા સંબંધી છે. સુગમ છે વિશેષ આ — દક્ષિણ ભવનપતીન્દ્રોના પુરા નામ આ પ્રમાણે છે — સોમ, મહાકાલ, ચિત્ત, પ્રભ, તેજ, રૂપ, જલ, તુરિયગતિ, ત્વરિતગતિ, કાલ અને આયુક્ત. બીજી વાચનામાં પણ આ નામો છે - x - બીજી પ્રતમાં આમ પણ કહ્યું છે — દક્ષિણના લોકપાલોના પ્રત્યેક સૂત્રમાં જે ત્રીજા અને ચોથા છે, તે ઉત્તરના લોકપાલોમાં ચોથા અને ત્રીજા કહેવા.

સૌધર્મ અને ઈશાનની વક્તવ્યતામાં કહેલ છે તેમ બધાં કલ્પોમાં ઈન્દ્રનિવાસભૂત કહેવા. સનત્કુમારાદિ ઈન્દ્ર યુગલો વિશે પૂર્વના ઈન્દ્રની અપેક્ષાએ ઉત્તરના ઈન્દ્ર સંબંધી લોકપાલોમાં ત્રીજો અને ચોથો ઉલટી રીતે કહેવો. દરેકમાં આ સોમ આદિ જ કહેવા. પણ ભવનપતિના ઈન્દ્રો માફક બીજા-બીજા ન કહેવા. શક્રાદિ દશ ઈન્દ્રો છે.

**શતક-૩, ઉદ્દેશો-૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**❀ શતક-૩, ઉદ્દેશો-૯-'ઈન્દ્રિય' ❀**

-- x -- x -- x -- x --

૦ દેવોને અવધિજ્ઞાન હોવા છતાં ઈન્દ્રિયોનો ઉપયોગ હોય છે. તેથી ઈન્દ્રિયના વિષયોના નિરૂપણ માટે આ ઉદ્દેશો છે.

● **સૂત્ર-૨૦૫ :-**

***રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ઈન્દ્રિયવિષયો કેટલા કહ્યા છે ? ગૌતમ ! પાંચ, તે આ — શ્રોત્રેન્દ્રિય વિષય ઇત્યાદિ. આ સંબંધે જીવાભિગમ સૂત્રનો આખો જ્યોતિષ્ક ઉદ્દેશો જાણવો.***

● **વિવેચન-૨૦૫ :-**

જીવાભિગમનો જ્યોતિષ્ક ઉદ્દેશો આ પ્રમાણે - શ્રોત્રેન્દ્રિય વિષય યાવત્ સ્પર્શનેન્દ્રિય વિષય. ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય વિષયના પુદ્ગલ પરિણામ કેટલા ભેદે કહ્યા છે ? ગૌતમ ! બે, શુભ શબ્દપરિણામ, અશુભ શબ્દ પરિણામ. - - ચક્ષુરિન્દ્રિય વિષયનો પ્રશ્ન - ગૌતમ ! બે ભેદ છે - સુરૂપ પરિણામ, કુરૂપ પરિણામ. - - ઘ્રાણેન્દ્રિય વિષયનો પ્રશ્ન - ગૌતમ ! બે ભેદ - સુરભિગંધ પરિણામ, દુરભિગંધ પરિણામ. એ રીતે જિહ્વેન્દ્રિયમાં - સુરસ પરિણામ, દુરસપરિણામ. - - સ્પર્શન ઈન્દ્રિયવિષય - સુખસ્પર્શ પરિણામ, દુઃખ સ્પર્શ પરિણામ.

વાચનાંતરમાં એમ કહ્યું છે કે — ઈન્દ્રિયોના વિષયો સંબંધી સૂત્ર, ઉચ્ચાવચ્ચ સૂત્ર અને સુરભિસૂત્ર એમ ત્રણે સૂત્રો અહીં કહેવા. તેમાં ઉચ્ચાવચ્ચ સૂત્ર આ પ્રમાણે — ભગવન્ ! શું ઉચ્ચાવચ્ચ શબ્દ પરિણામથી પરિણામ પામતા પુદ્ગલો પરિણમે છે એમ કહેવાય ? હા, ગૌતમ ! ઇત્યાદિ - - સુરભિસૂત્ર - ભગવન્ ! સારા શબ્દ પુદ્ગલ ખરાબ શબ્દપણે પરિણમે છે ? હા, ગૌતમ ! ઇત્યાદિ.

**શતક-૩, ઉદ્દેશો-૯-નો ટીકાસહિતનો અનુવાદપૂર્ણ**

**❀ શતક-૩, ઉદ્દેશો-૧૦ 'પરિષદ્' ❀**

-- x -- x -- x -- x --

● **સૂત્ર-૨૦૬ :-**

***રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરની કેટલી પર્ષદાઓ છે ? ગૌતમ ! ત્રણ. તે આ છે — સમિતા, ચંડા, જાત. એ પ્રમાણે યથાનુપૂર્વીએ યાવત્ અચ્યુતકલ્પ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.***



● **વિવેચન-૨૦૬ :-**

પૂર્વે ઈન્દ્રિયો કહી, દેવો ઈન્દ્રિયવાળા છે, માટે દેવવક્તવ્યતા સંબંધી દશમો ઉદ્દેશો કહે છે. તે સુગમ છે. વિશેષ આ - સમિતા - ઉત્તમપણું અને સ્થિર પ્રકૃતિતાથી સમતાવાળી, પોતાના ઉપરીએ કરેલ કોપ કે ઉતાવળ આદિ ભાવોને, માન્ય વચનવાળી હોવાથી શાંત કરનારી અથવા તોછડાઈ વિનાની, ઉદ્ધત નહીં તે.

ચંડા - તેવા પ્રકારની મોટાઈ ન હોવાથી સાધારણ કોપાદિ ભાવવાળી. જાતા - મોટાઈવાળો સ્વભાવ ન હોવાથી કોપાદિ ભાવોને વગર પ્રયોજને દેખાડનારી. - - આ ત્રણે પર્ષદા ક્રમથી અભ્યંતર, મધ્યમ, બાહ્ય કહેવાય છે. તેમાં અભ્યંતર સભા આ પ્રમાણે - પ્રયોજન ઉત્પન્ન થતાં અધિપતિ આદરપૂર્વક બોલાવે ત્યારે જ તે પાસે આવે છે અને પ્રયોજન પૂછે છે. - - મધ્યમા - અલ્પ ગૌરવવાળી હોવાથી બોલાવે કે ન બોલાવે તો પણ આવે છે, અભ્યંતર સભા સાથે થયેલ વાર્તાલાપને જણાવે છે. - - બાહ્ય - અલ્પતમ ગૌરવવાળી હોવાથી બોલાવ્યા વિનાં પણ આવે છે. પૂર્વે થયેલ વાર્તાલાપને માત્ર વર્ણવે છે.

પ્રથમ સભામાં ૨૪,૦૦૦, બીજીમાં - ૨૮,૦૦૦, ત્રીજીમાં ૩૨,૦૦૦ દેવો હોય છે. પ્રથમ સભામાં - ૩૫૦, બીજીમાં-૩૦૦, ત્રીજામાં-૨૫૦ દેવી છે. પ્રથમ સભાના દેવોનું આયુ ૨॥-પલ્યોપમ, બીજીનાનું ૨-પલ્યોપમ અને ત્રીજી સભાનાનું ૧॥-પલ્યોપમ છે. પ્રથમ સભાની દેવીનું આયુ-૧॥-પલ્યોપમ, બીજીનીનું ૧-પલ્યોપમ, ત્રીજીનીનું ૦॥-પલ્યોપમ છે. એ પ્રમાણે બલિનું જાણવું. વિશેષ એ - દેવોની સંખ્યામાં ચાર-ચાર હજાર ઘટાડવા, દેવીની સંખ્યામાં ૧૦૦-૧૦૦ ઉમેરવી, આયુનું પ્રમાણ પૂર્વેથી વિશેષ કહેવું. એ પ્રમાણે અચ્યુત પર્યન્ત ત્રણ સભા હોય છે. નામાદિ ભેદ જીવાભિગમ સૂત્રથી જાણવા.

**શતક-૩, ઉદ્દેશો-૧૦-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૩-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

# -: ભાગ-૯-પુરો થયો :-

***[૪૯૭] હે ભગવન્ ! વટાણા, મસૂર, તલ, મગ, અડદ, વાલ, કળથી, ચોળા, તુવેર અને કાળા ચણા - આ ધાન્યોને કોઠારમાં નાંખ્યા હોય. તો જેમ [ત્રીજા સ્થાનમાં] શાલિમાં કહ્યું, તેમ યાવત્ કેટલો કાળ તેની યોનિ સચિત્ત કહે ? હે ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પાંચ વર્ષ સુધી. ત્યારપછી યોનિ મ્લાન થાય યાવત્ નાશ પામે.***

***[૪૯૮] - (૧) પાંચ સંવત્સરો કહ્યા. તે આ - નક્ષત્ર, યુગ, પ્રમાણ, લક્ષણ અને શનૈશ્ચર સંવત્સર... - (૨) યુગ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - ચંદ્ર, ચંદ્ર, અભિવર્ધિત, ચંદ્ર, અભિવર્ધિત... - (૩) પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે, તે આ - નત્રક્ષ, ચંદ્ર, ઋતુ, આદિત્ય, અભિવર્ધિત... - (૪) લક્ષણ સંવત્સર પાંચ ભેદે છે. તે આ—***

***[૪૯૯] સમાનપણે નક્ષત્રો યોગ કરે છે, સમપણે ઋતુ પરિણમે છે, અતિ ઉષ્ણ નહીં તેમ શીત નહીં અને બહુ ઉદકવાળો તે નક્ષત્ર સંવત્સર.***

***[૫૦૦] જેમાં ચંદ્ર સર્વે પૂર્ણિમાઓ સાથે યોગ કરે છે, નક્ષત્ર વિષમચાર છે, અતિશીત-અતિ તાપ હોય, બહુ પાણી હોય તેને ચંદ્ર સંવત્સર કહે છે.***

***[૫૦૧] વિષમપણે અંકુરા પરિણમે, ઋતુ સિવાય પુષ્પ-ફલાદિ આપે સારી રીતે વર્ષા ન થાય તેને કર્મસંવત્સર કહે છે.***

***[૫૦૨] જેમાં સૂર્ય પૃથ્વી, પાણી, પુષ્પ, ફળોને રસ આપે છે, તેથી અલ્પ વૃષ્ટિથી પણ સારી રીતે ધાન્ય પાકે તે સૂર્ય સંવત્સર છે.***

***[૫૦૩] જેમાં સૂર્યના તેજથી તપેલ ક્ષણ-લવ-દિવસ-ઋતુઓ પરિણમે છે, વાયુથી ઉડેલ ધૂળ પૃથ્વીને પૂરે છે, તે અભિવર્ધિત સંવત્સર છે.***

**● વિવેચન-૪૯૬ થી ૫૦૩ :-**

[૪૯૬] સ્પષ્ટ છે. વિશેષ એ કે - સંસારમાં વર્તતા જીવો. विप्रजहत् - ત્યાગ કરતો. सव्वजीवा - સંસારી અને સિદ્ધો. अकषायी - ઉપશાંતમોહાદિ.

[૪૯૭] જીવોના અધિકારથી વનસ્પતિ જીવોને આશ્રીને પાંચ સ્થાનો - अहेत्यादि० ત્રીજા સ્થાનકવત્ વ્યાખ્યા કરવી. વિશેષ આ - कला - વટાણા, मसूर - ચણકિકા. તલ-મગ-અડદ પ્રતીત છે. निप्फाव - વાલ, कुलत्था - ચોળા જેવી ચિપટી છે. आलि सिंदया - ચોળા, सईणा - તુવેર, કાળા ચણા.

[૪૯૮] અનંતર સંવત્સરપ્રમાણથી યોનિ વ્યતિક્રમ કહ્યો. હવે તે જ સંવત્સર વિચારાય છે, તે માટે ચાર સૂત્રો છે. તેમાં નક્ષત્ર સંવત્સર - ચંદ્રનો નક્ષત્ર સંબંધી ભોગકાળ તે નક્ષત્ર માસ. ૨૭ પૂર્ણાંક એકવીશ સડસઠાંસ - ૨૭-૨૧/૬૭ એ રીતે બારમાસનો આ નક્ષત્ર સંવત્સર છે. તે ૩૨૭-૫૧/૬૭ એકાવન/સડસઠાંશનો થાય છે. એમ પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. તેના એક વિભાગભૂત કહેવાતા લક્ષણવાળા ચંદ્રાદિ યુગસંવત્સર. પ્રમાણ - દિવસ આદિના પરિણામથી ઓળખાતો વક્ષ્યમાણ નક્ષત્ર સંવત્સર આદિ જ પ્રમાણ સંવત્સર. તે જ વક્ષ્યમાણ સ્વરૂપ લક્ષણોની પ્રધાનતાથી લક્ષણ સંવત્સર અને જેટલા કાલ વડે શનૈશ્ચર એક નક્ષત્રને અથવા બારે રાશિઓને



ભોગવે તે શનૈશ્ચર સંવત્સર.

ચંદ્રપ્રજ્ઞપ્તિ ઉપાંગ - શનૈશ્ચર સંવત્સર ૨૮ ભેદ છે - અભિજિત, શ્રવણ યાવત્ ઉત્તરાષાઢા અથવા શનૈશ્ચર મહાગ્રહ ૩૦ વર્ષે સર્વ નક્ષત્ર મંડલને પૂર્ણ કરે છે.

યુગ સંવત્સર પાંચ ભેદે છે - તે આ - ૨૯-૩૨/૬૨ પ્રમાણવાળો કૃષ્ણ પ્રતિપદાથી આરંભીને પૂર્ણિમાએ પૂર્ણ થયેલ તે ચંદ્રમાસ, તે માસના પ્રમાણ વડે બારમાસના પરિમાણવાળો ચંદ્ર સંવત્સર હોય છે. તેનું પ્રમાણ આ પ્રમાણે - ૩૫૪-૧૨/૬૨ આ પ્રમાણવાળો બીજો અને ચોથો ચંદ્ર સંવત્સર જાણવો. અભિવર્ધિત- ૩૧-૧૨૧/૧૨૪. આવા પ્રકારના માસ વડે બાર માસના પ્રમાણવાળો ત્રીજો અભિવર્દ્ધિત સંવત્સર, તે પ્રમાણ વડે - ૩૮૩-૪૪/૬૨ દિવસના પ્રમાણવાળો પાંચમો પણ જાણવો. આ ચંદ્રાદિ પાંચ સંવત્સરથી એક યુગ થાય છે. તે પાંચ સંવત્સરોના મધ્યે અભિવર્ધિત નામના સંવત્સરને અધિકમાસ કહે છે.

પ્રમાણ સંવત્સર પાંચ ભેદે છે - તેમાં નક્ષત્ર સંવત્સર ઉક્ત લક્ષણવાળો છે. પણ ત્યાં માત્ર નક્ષત્રમંડલનો ચંદ્રભોગ માત્ર વિવક્ષિત છે અને અહીં તો દિવસ અને દિવસના ભાગ આદિનું પ્રમાણ વિવક્ષિત છે. ચંદ્ર અને અભિવર્ધિત સંવત્સર પણ ઉક્ત લક્ષણવાળા જ છે. પણ ત્યાં યુગના વિભાગ માત્ર કહેલ છે અને અહીં દિવસ આદિના પ્રમાણ વડે કહેલ છે. આ વિશેષ ભેદ છે. ઋતુ સંવત્સર ૩૦ અહોરાત્ર પ્રમાણવાળો ઋતુમાસ તેવા બાર ઋતુમાસ વડે સાવનમાસ અને કર્મમાસનામના પર્યાય વડે થયેલ ૩૬૦ અહોરાત્ર પ્રમાણવાળો છે. આદિત્ય સંવત્સર તે સાડાત્રીશ દિવસનો એક માસ, એવા બાર માસથી ૩૬૬ અહોરાત્ર છે.

અનંતર કહેલ એ જ નક્ષત્રાદિ સંવત્સર લક્ષણ પ્રધાનતાથી લક્ષણ સંવત્સર કહેવાય. હવે નક્ષત્રને કહે છે.

[૪૯૯] समग ગાથા. સમપણે કૃતિકાદિ નક્ષત્રો કાર્તિક પૂર્ણિમા આદિ તિથિ સાથે સંબંધ કરે છે. નક્ષત્રો તિથિઓમાં મુખ્યતાથી હોય છે. જેમ કાર્તિકી પૂર્ણિમાએ કૃતિકા. કહ્યું છે કે - [પૂર્ણિમા સહ] જેઠમાં મૂલ, શ્રાવણે ધનિષ્ઠા, માગસરે આર્દ્રા, શેષ માસ નક્ષત્ર નામવાળા છે.

જે વર્ષમાં સમપણે ઋતુ પરિણમે છે, વિષમપણે નહીં, કારતક પૂર્ણિમા પછી અનંતર હેમંતઋતુ, પોષ પછી શિશિરઋતુ જ આવે છે જેમાં અતિ ગરમી નથી કે અતિ ઠંડી નથી તે नातिउष्णनातिशीत. અને જેમાં ઘણું પાણી છે તે બહૂદક, તે લક્ષણથી નક્ષત્ર હોય છે. નક્ષત્રચાર લક્ષણ લક્ષિતત્વથી નક્ષત્ર સંવત્સર છે. - x - x -

[૫૦૦] ससि ગાથા. ચંદ્ર સાથે બધી પૂનમની રાત્રિઓ જે વર્ષમાં યોગવાળી હોય અથવા જેમાં ચંદ્રમા બધી પૂર્ણિમા જોડે યોગ કરે છે. विषमचारी - યથા યોગ્ય તિથિમાં ન વર્તનાર નક્ષત્રો જેમાં છે તે, અત્યંત શીત અને ગરમીના સદ્‌ભાવથી કટૂક તથા ઘણું પાણી છે તેને વિદ્વાનો લક્ષણથી ચંદ્ર સંવત્સર કહે છે. કેમકે ચંદ્રચાર લક્ષણ લક્ષિત છે.

[૫૦૧] વિસમ ગાથા. વિષમતાએ પલ્લવ અંકુર, તે વિદ્યમાન છે જેને તે પ્રવાલવાળા વૃક્ષો પ્રવાલપણાને પ્રાપ્ત થાય અથવા પ્રવાલવાળા વૃક્ષો વિષમપણે પરિણમે - અંકુરનું ઉગવું આદિ અવસ્થાને પામે છે. તથા ઋતુઓ સિવાયના કાળે પુષ્પ તથા ફળને આપે છે, જેમ ચૈત્રાદિ માસમાં પુષ્પાદિને દેવાવાળા આમ્રવૃક્ષો માઘ આદિમાં પુષ્પોને આપે તથા જે વર્ષમાં મેઘ બરાબર વૃષ્ટિને ન વરસાવે તે લક્ષણથી કર્મ કે ઋતુ કે સાવન સંવત્સર નામે ઓળખાય છે.

[૫૦૨] पुढवि गाथव - જે વર્ષમાં પૃથ્વીના રસને અને ઉદકના રસને - માધુર્ય, સ્નિગ્ધતા લક્ષણ રસ પુષ્પ તથા ફળોને તેવા સ્વભાવથી સૂર્ય આપે છે અર્થાત્ તથાવિધ ઉદક અભાવે પણ આપે છે, જેથી અલ્પ વર્ષા વડે પણ જોઈએ તેટલું ધાન્ય ઉત્પન્ન થાય તે સૂર્ય સંવત્સર.

[૫૦૩] आइच्च - ગાથા - સૂર્યના તેજથી તપ્ત પૃથ્વી આદિના તાપમાં પણ ઉપચારથી ક્ષણ વગેરે તપ્યા તેમ માનવું. તેમાં ક્ષણ - મુહૂર્ત, लव - ૪૯ ઉચ્છ્વાસ પ્રમાણ, दिवस - અહોરાત્ર, ऋतु - બે માસ. જેમાં અતિક્રમે છે અને જે વાયુ વડે ઉડેલ ધુળથી ભૂમિપ્રદેશ વ્યાપ્ત થાય છે, તેને આચાર્યો લક્ષણથી અભિવર્ધિત સંવત્સર કહે છે, તે જાણ.

સંવત્સરાદિ વ્યાખ્યાન પ્રાયઃ તત્ત્વાર્થાદિ ટીકા અનુસાર છે.

સંવત્સર કહ્યો તે કાળરૂપ છે, કાળ વ્યતીત થતાં શરીરથી નીકળવું થાય છે, આ હેતુથી તેના માર્ગનું નિરૂપણ કરે છે—

● **સૂત્ર-૫૦૪,૫૦૫ :-**

***[૫૦૪] શરીરમાંથી જીવને નીકળવાનો માર્ગ પાંચ પ્રકારે છે, તે આ - પગથી, સાથળથી, હૃદયથી, મસ્તકથી, સર્વાંગથી... જીવ જો પગેથી નીકળે તો નરકગામી થાય, સાથળથી નીકળે તો તિર્યંચગામી થાય, છાતીથી નીકળે તો મનુષ્યગામી થાય, મસ્તકેથી નીકળે તો દેવગામી થાય, સર્વાંગેથી નીકળતા સિદ્ધિગતિગામી થાય છે.***

***[૫૦૫] છેદન પાંચ પ્રકારે કહેલ છે. તે આ - ઉત્પાદ છેદન, વ્યયછેદન, બંધછેદન, પ્રદેશછેદન, દ્વિધાકાર છેદન... આનંતર્ય પાંચ પ્રકારે કહેલ છે. તે આ - ઉત્પાદનાંતર્ય, વ્યયાનંતર્ય, પ્રદેશાનંતર્ય, સમયાનંતર્ય, સામયાનાંતર્ય... અનંતા પાંચ ભેદે કહ્યા છે, તે આ - નામાનંત, સ્થાપનાનંત, દ્રવ્યાનંત, ગણનાનંત, પ્રદેશાનંત અથવા અનંતા પાંચ ભેદે કહ્યા. તે આ - એકતઃ અનંત, દ્વિધા અનંત, દેશવિસ્તારાનંત, સર્વવિસ્તારાનંત, શાશ્વતાનંત.***

● **વિવેચન-૫૦૪,૫૦૫ :-**

[૫૦૪] સૂત્ર સ્પષ્ટ છે. निर्याण - મરણકાળે જીવનો શરીરમાંથી નીકળવાનો માર્ગ તે નિર્યાણ માર્ગ - પગ વગેરે. તેમાં માર્ગભૂત અને કરણતાને પામેલ બંને પગ દ્વારા જીવ શરીરથી નીકળે છે. એ રીતે બંને સાથળ દ્વારા ઇત્યાદિને વિશે પણ જાણવું. હવે ક્રમશઃ આ નીકળવાના માર્ગના ફળને કહે છે - બંને પગ દ્વારા શરીરથી



નીકળતો જીવ નરકમાંથી જનારો હોય છે. એ રીતે અન્યત્ર પણ જાણવું. વિશેષ એ કે - બધા અંગો તે સર્વાંગો, ત્યાંથી નીકળતો સિદ્ધિગતિને પામે છે. સિદ્ધિગતિરૂપ ભ્રમણનો અંત જેને છે તે સિદ્ધિગતિ પર્યવસાન છે.

[૫૦૫] નિર્યાણ આયુ છેદન કરતા થાય છે, માટે છેદનને પ્રરૂપતા સૂત્રકાર કહે છે. સૂત્ર સ્પષ્ટ છે. વિશેષ એ કે - દેવત્વાદિ પર્યાયાંતરના ઉત્પાદ વડે જીવાદિ દ્રવ્યનો વિભાગરૂપ છેદ તે ઉત્પાદછેદન.

વ્યય, મનુષ્યત્વાદિ પર્યાયના નાશ વડે જીવાદિને છેદવું તે વ્યયછેદન... જીવની અપેક્ષાએ કર્મના બંધનું છેદવું તે બંધછેદન. તથા સ્કંધોની અપેક્ષાએ સંબંધનું છેદવું તે બંધ છેદન.

જીવસ્કંધને જ નિર્વિભાગ અવયય રૂપ પ્રદેશોથી બુદ્ધિ વડે પૃથક્ કરવું તે પ્રદેશછેદન... જીવાદિ દ્રવ્યનું જે બે વિભાગરૂપ કરવું તે દ્વિધાકાર, તે જ છેદન તે દ્વિધાકાર છેદન. આ ત્રિધાકારાદિના ઉપલક્ષણ રૂપ છે... આ કથન વડે દેશથી છેદન કહ્યું અથવા ઉત્પત્તિનું છેદન એટલે વિરહ, જેમ નરકગતિમાં બાર મુહૂર્તો છે... વ્યય છેદન એટલે ઉદ્વર્તન. તે એ પ્રમાણે જ છે.. બંધનવિરહ - જેમ ઉપશાંત મોહવાળાને સપ્તવિધ કર્મબંધનની અપેક્ષાએ પ્રદેશનું છેદન તે પ્રદેશવિરહ, જેમ ક્ષય કરેલ અનંતાનુબંધી આદિ કર્મપ્રદેશોનો પ્રદેશવિરહ હોય છે.

બે ધારા છે જેની તે દ્વિધારા, તદ્રૂપ છેદન તે દ્વિધારા છેદન. ઉપલક્ષણથી એક ધારાદિ છેદન પણ જાણવું. તે ક્ષુર, તલવાર, ચક્રાદિ છેદન શબ્દના સામ્યથી અહીં ગ્રાહ્ય છે. પાઠાંતરથી પથિછેદન-એટલે માર્ગનું છેદવું - અર્થાત્ - માર્ગનું ઉલ્લંઘવું. છેદનનું વિપર્યય આનંતર્ય છે.

— તેથી કહે છે - आनंतर्य - અવિરહ, ઉત્પાદનો અવિરહ જેમ નરકગતિમાં જીવોને ઉત્કર્ષથી અસંખ્યાત સમયો સુધી છે. એ રીતે વ્યયનો પણ અવિરહ જાણવો.. પ્રદેશો અને સમયોનો અવિરહ પ્રસિદ્ધ છે.. વિવક્ષા ન કરાયેલ ઉત્પાદ, વ્યયાદિ વિશેષણવાળું આનંતર્ય સામાન્ય આનંતર્ય છે. અથવા શ્રામણ્ય વિરહ વડે જે આનંતર્ય તે શ્રામણ્યાનંતર્ય. અથવા બહુ જીવોની અપેક્ષાએ શ્રામણ્યના સ્વીકાર વડે આનંતર્ય છે.

અનંતર સૂત્રમાં આનંતર્ય કહ્યું. તે સમય અને પ્રદેશો અનંતા છે, તેથી અનંતકની પ્રરૂપણા. સૂત્ર પ્રસિદ્ધ છે. વિશેષ એ કે - નામ વડે અનંતક તે નામ અનંતક. જેમ સિદ્ધાંત ભાષાએ વસ્ત્ર.. સ્થાપના વડે અક્ષ આદિનું સ્થાપવું તે સ્થાપના અનંતક.. જ્ઞશરીર, ભવ્ય શરીરાદિથી વ્યતિરિક્ત ગણનીય અણુ આદિ દ્રવ્યોનું અનંતક તે દ્રવ્ય અનંતક.

ગણના લક્ષણ અનંતક તે અવિવક્ષિત અણુ આદિ સંખ્યાવિશેષ તે ગણના અનંતક.. સંખ્યા કરવા યોગ્ય પ્રદેશોનું અનંતક તે પ્રદેશાનંતિક... આયામ લક્ષણ એક અંશ વડે અનંતક તે એકતઃ અનંતક-એક શ્રેણિક ક્ષેત્ર. આયામ અને વિસ્તાર બંનેથી જે અનંતર તે દ્વિધા અનંતક - પ્રતરક્ષેત્ર.. રુચક અપેક્ષાએ પૂર્વાદિ દિશામાંથી કોઈ પણ એક દિશાલક્ષણ દેશનો ક્ષેત્ર વિસ્તાર, તેના પ્રદેશાપેક્ષાએ અનંતક તે

દેશવિસ્તારાનંતક.. સર્વ આકાશના વિસ્તારરૂપ ચોથું અનંતક.. શાશ્વત અનંતક કેમકે અનંત સમય સ્થિતિક હોવાથી જીવાદિ દ્રવ્ય શાશ્વત અનંતક છે.

આવા પદાર્થનો બોધ જ્ઞાનથી થાય, માટે જ્ઞાનનું સ્વરૂપ કહે છે—

● **સૂત્ર-૫૦૬,૫૦૭ :-**

***[૫૦૬] જ્ઞાન પાંચ ભેદે કહ્યું, તે આ - આભિનિબોધિક જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન...***

***[૫૦૭] જ્ઞાનાવરણીય કર્મ પાંચ ભેદે કહ્યું, તે આ પ્રમાણે છે - આભિનિબોધિક જ્ઞાનાવરણીય યાવત્ કેવલજ્ઞાનાવરણીય.***

● **વિવેચન-૫૦૬,૫૦૭ :-**

[૫૦૬] પાંચ સંખ્યા ભેદો જેના છે તે પંચવિધ. જાણવું તે જ્ઞાન. આ ભાવ સાધન છે. જેના વડે કે જેનાથી જણાય તે જ્ઞાન. તેના આવરણનો ક્ષય કે ક્ષયોપશમ. અથવા જેમાં જણાય તે જ્ઞાન - તદાવરક ક્ષયોપશમ કે ક્ષય પરિણામ યુક્ત. જાણે છે તે જ્ઞાન, તે જ સ્વવિષય ગ્રહણરૂપ હોવાથી અર્થથી તીર્થંકરોએ અને સૂત્રથી ગણધરોએ - પ્રરૂપેલ છે.

કહ્યું છે - અરિહંતો અર્થને કહે છે, ગણધરો સૂત્રને ગુંથે છે. શાસનના હિત માટે, તેથી સૂત્ર પ્રવર્તે છે. અથવા તીર્થંકર કે પ્રાજ્ઞપુરુષ વડે કે પ્રજ્ઞા વડે આપ્ત-પ્રાપ્ત અથવા સ્વાધીન કરેલું તે પ્રાજ્ઞાપ્ત, પ્રજ્ઞાપ્ત, પ્રાજ્ઞાત્ત કે પ્રજ્ઞાત્ત. તે આ રીતે - અવિપર્યય રૂપત્વથી અર્થને સન્મુખ, નિઃશંસયત્વથી નિયત. बोध - જાણવું તે અભિનિબોધ અથવા અભિનિબોધને વિશે થયેલ કે અભિનિબોધ વડે થયેલ અથવા તેના પ્રયોજનવાળું તે આભિનિબોધિક જ્ઞાન. જે અર્થને સન્મુખ કાર્યભૂતને નિશ્ચિત્ત જાણે છે, તે આભિનિબોધિક - અવગ્રહાદિરૂપ મતિજ્ઞાન. તેનું સ્વસંવેદિતરૂપ હોવાથી ભેદના ઉપચારથી - x - x - તે આભિનિબોધિક. તેના આવરણભૂત કર્મના ક્ષયોપશમ રૂપ છે. - x - x - x - x -

- જે સંભળાય છે તે શ્રુત-શબ્દ જ. કેમકે ભાવશ્રુતનું કારણ હોવાથી કારણમાં કાર્યોપચાર કર્યો છે. અથવા જે વડે, જેથી, જે છતે સંભળાય છે તે શ્રુત અર્થાત્ તદાવરણીય કર્મના ક્ષયોપશમરૂપ છે અથવા શ્રુતના ઉપયોગરૂપ પરિણામથી અનન્ય હોવાથી આત્મા જ સાંભળે છે, માટે આત્મા જ શ્રુત છે. શ્રુતરૂપ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. - x -

જે વડે, જેથી, જે છતે અર્થ જણાય તે અવધિ, નીચે નીચે વિસ્તારપૂર્વક જણાય તે અવધિ, અથવા મર્યાદા વડે જણાય તે અવધિ. અવધિ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ જ હોય કેમકે અવધિજ્ઞાનના ઉપયોગનો હેતુ છે અથવા જાણવું તે અવધિ - પદાર્થના વિષયનો બોધ, અવધિરૂપ જ્ઞાન તે અવધિજ્ઞાન. - x - x -

परि - સર્વ પ્રકારે, अवन - अव - अयन - જવું કે જાણવું તે પર્યાય. परि + अव કે अय કે आय તે પર્યવ, પર્યય, પર્યાય. મનમાં કે મનનો પર્યવ, પર્યય કે પર્યાય તે મનઃપર્યવ, મનઃપર્યય અથવા મનઃપર્યાય. સર્વતઃ મનનો બોધ. તે જ જ્ઞાન



તે મનઃપર્યવજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અથવા મનના પર્યાય, ભેદ - ધર્મ અર્થાત્ બાહ્ય વસ્તુના આલોચનાદિ પ્રકારો, તેઓને વિશે જ્ઞાન, તે મનઃપર્યાયજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અથવા મનઃપર્યવજ્ઞાન. - x -

केवल - મતિ આદિ જ્ઞાનાપેક્ષારહિત હોવાથી અસહાય અથવા આવરણ મલરૂપ કલંક રહિતતાથી શુદ્ધ અથવા સમસ્ત ઘાતિકર્મના આવરણના અભાવ વડે સંપૂર્ણરૂપે ઉત્પન્ન થવાથી સકલ અથવા અનન્ય સદૃશત્વથી અસાધારણ અથવા જ્ઞેયાનન્તત્વથી અનંત યથાવસ્થિત સમગ્ર ભૂત, વર્તમાન, ભાવિભાવના સ્વભાવનું પ્રકાશક જ્ઞાન તે કેવલજ્ઞાન. કહ્યું છે - એક, શુદ્ધ, પરિપૂર્ણ, અસાધારણ, અનંત એવું જ્ઞાન તે કેવલજ્ઞાન. પ્રાયઃ આ જ્ઞાનશબ્દ જ્ઞાન સમાધિકરણ છે. મનઃ પર્યાય જ્ઞાનને વિશે તત્પુરુષ સમાસને બતાવેલ હોવાથી 'પ્રાયઃ' છે.

અહીં સ્વામી, કાળ, કારણ, વિષય, પરોક્ષત્વના સાધર્મ્યથી અને શેષ જ્ઞાનના સદ્ભાવથી આદિમાં મતિ અને શ્રુતજ્ઞાનનો ઉપન્યાસ કરેલ છે. તેથી કહે છે - જે મતિજ્ઞાનનો સ્વામી છે તે જ શ્રુતજ્ઞાનનો છે. કેમકે જ્યાં મતિજ્ઞાન ત્યાં શ્રુતજ્ઞાન. મતિજ્ઞાનનો સ્થિતિકાળ છે તેટલો જ શ્રુતજ્ઞાનનો છે. - x - સમકિતથી અપતિત જીવાપેક્ષા એ સાધિક ૬૬-સાગરોપમ કાળ છે. બંને જ્ઞાન ક્ષયોપશમહેતુક છે. બંને સામાન્યથી સર્વ દ્રવ્યાદિ વિષયવાળા છે, બંને જ્ઞાન પરોક્ષ છે. મતિશ્રુતજ્ઞાનનો ભાવ હોવાથી જ અવધિ આદિનો ભાવ છે. - x - મતિપૂર્વક શ્રુત હોવાથી અથવા વિશિષ્ટ મતિના અંશરૂપ હોવાથી શ્રુતની પહેલાં મતિ કહેલ છે. આ અર્થ જણાવતી એક ગાથા પણ છે.

કાળ, વિપર્યય, સ્વામી અને લાભના સાધર્મ્યથી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાન કહે છે, તે બતાવે છે. પ્રવાહની અપેક્ષાએ જેટલો મતિ, શ્રુતજ્ઞાનનો સ્થિતિકાળ છે તેના આધારભૂત સમકિતથી અપતિત એક જીવની અપેક્ષાએ જેટલો કાળ છે તેટલો જ કાળ અવધિજ્ઞાનનો પણ છે. જેમ મતિ, શ્રુતજ્ઞાનનો વિપર્યય જ્ઞાનમાં થાય છે એ રીતે અવધિજ્ઞાન પણ મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાન રૂપ થાય છે.

જે મતિશ્રુતનો સ્વામી છે, તે જ અવધિનો સ્વામી છે. વિભંગજ્ઞાની દેવાદિને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતા એક સાથે ત્રણ જ્ઞાનના લાભનો સંભવ છે. કહ્યું છે - કાળ, વિપર્યય, સ્વામીત્વ, લાભસામર્થ્ય વડે મતિ, શ્રુત પછી અવધિજ્ઞાન કહ્યું છે. તથા છદ્મસ્થ, વિષય, ભાવ, પ્રત્યક્ષત્વના સાધર્મ્યથી અવધિ પછી મનઃપર્યવજ્ઞાન કહે છે—

જેમ અવધિજ્ઞાન છદ્મસ્થને હોય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ હોય છે, જેમ અવધિજ્ઞાનરૂપી દ્રવ્યના વિષયવાળું છે તેમ આ જ્ઞાન પણ છે. વળી અવધિની જેમ આ જ્ઞાન પણ ક્ષાયોપશમિક છે. બંને જ્ઞાન પ્રત્યક્ષ છે. કહ્યું છે કે - છદ્મસ્થત્વ, વિષય, ભાવાદિના સાધર્મ્યથી અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનનો ન્યાસ છે.

મનઃપર્યવજ્ઞાન પછી કેવલજ્ઞાનનો ઉપન્યાસ છે. કારણ અપ્રમત્ત સાધુરૂપ સ્વામીના સાધર્મ્યથી તેનું બધા જ્ઞાનમાં ઉત્તમત્વ છે. તે આ પ્રમાણે - જેમ મનઃપર્યવજ્ઞાન

ઉત્તમ યતિને જ થાય છે. તેમ કેવલજ્ઞાન પણ થાય છે. જે જીવ સર્વજ્ઞાન પ્રાપ્ત કરે છે તે ચોક્કસ અંતમાં કેવલજ્ઞાન પામે છે. જેમ મનઃપર્યાય જ્ઞાન વિપર્યય સહિત હોતું નથી તેમ કેવળજ્ઞાન પણ વિપર્યય યુક્ત ન હોય.

ઉત્તમપણાથી, યતિરૂપ સ્વામિત્વથી અને અંતે લાભ થવાથી અંતે કેવળજ્ઞાનનો ઉપન્યાસ છે. મતિ શ્રુત પરોક્ષ છે, શેષ પ્રત્યક્ષ છે. ઉક્ત જ્ઞાનને આવરક જ્ઞાનાવરણ કર્મ છે, તેથી તેનું સ્વરૂપ—

[૫૦૭] સૂત્ર સુગમ છે. જ્ઞાનાવરણ કર્મ કહ્યું. તેનો નાશ કરવા માટે ઉપાયવિશેષ સ્વાધ્યાયના ભેદો કહે છે—

**● સૂત્ર-૫૦૮ થી ૫૧૦ :-**

***[૫૦૮] સ્વાધ્યાય પાંચ ભેદે કહ્યા છે, તે આ - વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા... [૫૦૯] પચ્ચકખાણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - શ્રદ્ધાન્ શુદ્ધ, વિનય શુદ્ધ, અનુભાષણા શુદ્ધ, અનુભાવના શુદ્ધ, ભાવ શુદ્ધ... [૫૧૦] પ્રતિક્રમણ પાંચ ભેદે કહ્યું છે, તે આ - આશ્રવ દ્વાર, મિથ્યાત્વ, કષાય, યોગ, ભાવ-પ્રતિક્રમણ.***

**● વિવેચન-૫૦૮ થી ૫૧૦ :-**

[૫૦૮] સૂત્ર સુગ છે. વિશેષ એ કે - સુ - શોભન, આ - મર્યાદા વડે, અધ્યયન - શ્રુતને અધિક અનુસરવું, તે સ્વાધ્યાય... જે શિષ્યને કહે છે, શિષ્ય પ્રતિ ગુરુનો પ્રયોજક ભાવ તે વાચના... વાચના લીધેલ શિષ્યને સંશયાદિ ઉત્પત્તિમાં પુનઃ પૂછવું - પૂર્વે ભણેલ સૂત્રાદિની શંકાદિમાં પ્રશ્ન કરવો તે પૃચ્છના... પૂછવાથી વિશેષ શુદ્ધ થયેલું સૂત્રનું વિસ્મરણ ન થાય તે માટે પરિવર્તના કરવી અર્થાત્ સૂત્રનું ગુણન કરવું... સૂત્ર માફક અર્થમાં પણ વિસ્મૃતિ સંભવે છે, તેથી અર્થ વારંવાર વિચારવા યોગ્ય છે, માટે અનુપ્રેક્ષવું તે અનુપ્રેક્ષા અર્થાત્ વિચારવું. એમ અભ્યસ્ત શ્રુતથી ધર્મકથા કરવા યોગ્ય છે. શ્રુતરૂપ ધર્મની જે કથા તે ધર્મકથા.

[૫૦૯] ધર્મકથારૂપ મંથન વડે સારી રીતે મંથન કરેલ છે જેણે એવા ભવ્ય જીવો શુદ્ધ પ્રત્યાખ્યાન સ્વીકારે છે, માટે પ્રત્યાખ્યાન કહે છે.

પ્રતિ - નિષેધથી, આ - મર્યાદા વડે, ખ્યાન - કથન તે પ્રત્યાખ્યાન. તેમાં શ્રદ્ધાન વડે - એવા પ્રત્યય લક્ષણ વડે નિરવદ્ય તે શ્રદ્ધાન શુદ્ધ. શ્રદ્ધાનના અભાવે પ્રત્યાખ્યાન અશુદ્ધ થાય છે. એ રીતે સર્વત્ર જાણવું અહીં નિર્યુક્તિની ગાથાઓ કહે છે—

(૧) સર્વજ્ઞે પ્રત્યાખ્યાન કહ્યું છે, જે મનુષ્ય સદ્દહે છે તેને તું શુદ્ધ શ્રદ્ધાન્ જાણ. -

(૨) જે જીવ મન-વચન-કાય ગુપ્ત થઈને કૃતિકર્મની અન્યૂનાધિક વિશુદ્ધિને પ્રયોજે છે, તે વિનયશુદ્ધ જાણ.

(૩) અનુભાષણ શુદ્ધ આ પ્રમાણે - વંદન કરીને પ્રત્યાખ્યાન કરતો, ગુરુ સન્મુખ અંજલિ જોડેલ શિષ્ય અક્ષર, પદ, વ્યંજન વડે પરિશુદ્ધ ગુરુના વચનને



અનુસરીને બોલે તે અનુભાષણા શુદ્ધ જાણ. વિશેષ એ કે ગુરુ वोसिरई બોલે, શિષ્ય वोसिरामि બોલે.

(૪) અનુપાલના શુદ્ધ આ પ્રમાણે - મહા અરણ્યમાં, દુર્ભિક્ષમાં, આતંકમાં, મહારોગ ઉત્પન્ન થવા છતાં જે પાલન કર્યુ પણ ભાંગ્યું નહીં તેને તું અનુપાલના શુદ્ધ જાણ... (૫) ભાવશુદ્ધ આ પ્રમાણે - રાગ વડે, દ્વેષ વડે ઇહલોકાદિ આશંસારૂપ પરિણામ વડે જે દૂષિત ન હોય તે ચોક્કસ પ્રત્યાખ્યાન ભાવવિશુદ્ધ જાણવું. નિર્યુક્તિમાં છટ્ઠું જ્ઞાનશુદ્ધ પણ કહેલું છે. કહ્યું છે કે - જે કાળમાં જે કલ્પને વિશે મૂલગુણ-ઉત્તરગુણોના શુદ્ધ જાણ. - - - અહીં પાંચ સ્થાનકના અનુરોધથી છટ્ઠું પ્રત્યાખ્યાન કહ્યું નથી અથવા શ્રદ્ધાન શુદ્ધ પદ વડે સંગ્રહ કરેલ છે, કારણ કે શ્રદ્ધાનનું જ્ઞાન વિશેષપણું હોય છે.

[૫૧૦] પ્રત્યાખ્યાન કરવા છતાં કદાચિત્ અતિચાર સંભવે છે તેથી પ્રતિક્રમણ કરવું જોઈએ, માટે પ્રતિક્રમણનું નિરૂપણ કરે છે—

પ્રતિકૂળ ક્રમણ - ગમન કરવું તે પ્રતિક્રમણ. કહેવા માંગે છે કે - શુભ યોગોથી અશુભ યોગો પ્રત્યે ગયેલનું શુભ યોગોને વિશે પાછું આવવું તે પ્રતિક્રમણ. કહ્યું છે - પ્રમાદના વશથી પોતાના સ્થાનથી પરસ્થાનમાં ગયેલ જીવનું જે ફરીથી સ્વસ્થાનમાં જ જવું તે પ્રતિક્રમણ કહેવાય... અથવા ક્ષાયોપશમિક ભાવથી ઔદયિક ભાવને વશ થયેલ જીવનું ફરીને ક્ષાયોપશમિક ભાવમાં આવવું તે પ્રતિક્રમણ.

વિષયના ભેદથી પ્રતિક્રમણ પાંચ પ્રકારે છે, તેમાં પ્રાણાતિપાત આદિ આશ્રવના દ્વારોથી પ્રતિક્રમણ - નિવર્તવું અર્થાત્ ફરી ન કરવું તે આશ્રવદ્વાર પ્રતિક્રમણ - અર્થાત્ અસંયમનું પ્રતિક્રમણ.

આભોગ, અનાભોગ, સહસાકાર વડે મિથ્યાત્વમાં જવાની નિવૃત્તિ કરવી તે મિથ્યાત્વ પ્રતિક્રમણ... એ રીતે કષાયથી નિવર્તવું તે કષાય પ્રતિક્રમણ... યોગનું પ્રતિક્રમણ તે અશુભ મન-વચન-કાયાના વ્યાપારોનું નિવર્તન કરવું, તે વિશેષરૂપે અવિવક્ષિત આશ્રવ આદિનું પ્રતિક્રમણ જ ભાવ-પ્રતિક્રમણ છે.

કહ્યું છે - સ્વયં જે મન, વચન, કાયાથી મિથ્યાત્વાદિને પામતો નથી, અન્યને પમાડતો નથી અને અનુમોદતો નથી તેને ભાવ પ્રતિક્રમણ કહેલ છે. વિશેષ વિવક્ષામાં તો ઉક્ત ચાર ભેદો છે. કહ્યું છે - (૧) મિથ્યાત્વનું પ્રતિક્રમણ, (૨) અસંયમનું પ્રતિકમરમણ, (૩) કષાયોનું પ્રતિક્રમણ, (૪) અપ્રશસ્ત યોગોનું પ્રતિક્રમણ,

ભાવ પ્રતિક્રમણ તો શ્રુત વડે ભાવિત મતિવાલાને હોય છે માટે વાચના યોગ્ય, શીખવવા યોગ્ય શ્રુત છે, તેથી તેને કહે છે—

**● સૂત્ર-૫૧૧ :-**

***પાંચ કારણે શ્રુતની વાચના આપવી. તે આ - સંગ્રહાર્થે, ઉવગ્રહ અર્થે, નિર્જરાર્થે, મારું શ્રુત પાકું થશે તે માટે, શ્રુત અવિચ્છિન્નતાર્થે.***

***પાંચ કારણે શ્રુતને શીખવવું. તે આ - જ્ઞાનાર્થે, દર્શનાર્થે, ચારિત્રાર્થે, વ્યુદ્ગ્રહને છોડાવવા માટે, યથાર્થ પદાર્થના જ્ઞાન માટે.***

● **વિવેચન-૫૧૧ :-**

સૂત્ર સુગમ છે. વિશેષ એ કે - સુત્ત - શ્રુત કે સૂત્ર માત્રને ભણાવો. તેમાં શિષ્યોને શ્રુતનું ગ્રહણ, તે જ પ્રયોજન માટે - સંગ્રહરૂપ પ્રયોજનને માટે કે સંગ્રહ એ જ પ્રયોજન છે જેને તે સંગ્રહાર્થ. તેના ભાવરૂપ સંગ્રહાર્થતા વડે અર્થાત્ શિષ્યોને શ્રુતનો સંગ્રહ થાઓ. એવા પ્રયોજનથી કે મારા વડે શિષ્યો સંગૃહિત છે એ રીતે સંગ્રહાર્થપણાએ.

એ રીતે ઉપગ્રહાર્થપણાએ, શિષ્યો ભક્ત, પાન, વસ્ત્રાદિ પ્રાપ્ત કરવામાં સમર્થપણે આધારભૂત થાઓ - એ ભાવ છે.

નિર્જરાર્થે, મને કર્મોની નિર્જરા જ થાઓ, આ હેતુથી.

શ્રુત - ગ્રંથ, મને વાચના આપનાર એવા મને જાતવિશેષ થશે.

અવિચ્છિન્નપણાએ શ્રુતનું કાલાંતર પ્રાપણ તે અવિચ્છિત્તનય. તે જ પ્રયોજનને માટે તત્ત્વોનું જાણવું તે જ્ઞાન, તેનું શ્રદ્ધાન તે દર્શન, સદનુષ્ઠાન તે ચારિત્ર, વ્યુદ્ગ્રહ એટલે મિથ્યાભિનિવેશ, તેને મૂકવું કે બીજાઓને મૂકાવવું તે વ્યુદ્ગ્રહ મોચન, તેના પ્રયોજન માટે.

જેમ છે તેમ રહેલ કે જેવા પ્રકારના પ્રયોજનોને, જીવાદિકોને, અથવા યથાદ્રવ્યોને - પર્યાયોને હું જાણીશ એ હેતુથી શીખે.

યથાવસ્થિત ભાવો ઉર્ધ્વલોકમાં સૌધર્માદિક છે માટે તેના વિષયવાળા સૂત્રને તથા અધોલોક, તિર્છાલોકાદિ સંબંધી કથન—

● **સૂત્ર-૫૧૨ થી ૫૧૭ :-**

*[૫૧૨] સૌધર્મ-ઈશાન કલ્પોમાં પંચવર્ણી વિમાનો કહ્યા છે - કૃષ્ણ યાવત્ શ્વેત... સૌધર્મ-ઈશાન કલ્પોમાં વિમાનો ૫૦૦ યોજન ઉર્ધ્વ ઉંચપણે કહ્યા છે... બ્રહ્મલોક-લાંતક કલ્પમાં દેવોનું ભવધારણીય શરીર ઉત્કૃષ્ટથી પાંચ હાથ ઉર્ધ્વ ઉંચપણે કહ્યું છે.*

*નૈરયિકો પાંચ વર્ણ, પાંચરસવાળા પુદ્ગલોને બાંધ્યા છે, બાંધે છે અને બાંધશે. તે આ - કૃષ્ણ યાવત્ શુક્લ. તિક્ત યાવત્ મધુર. વૈમાનિક સુધી.*

*[૫૧૩] જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે ગંગા મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - જમુના, સરયૂ, આદી, કોશી, મહી... જંબૂદ્વીપના મેરુ પર્વતની દક્ષિણે સિંધુ મહાનદીમાં પાંચ મહાનદીઓ મળે છે - સતદ્રૂ, વિભાસા, વિતત્થા, ઐરાવતી, ચંદ્રભાગા... જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે રક્તા મહાનદીમાં પાંચ મહાનદી મળે છે. - કૃષ્ણા, મહાકૃષ્ણા, નીલા, મહાનીલા, મહાતીરા... જંબૂદ્વીપમાં મેરુની ઉત્તરે રક્તાવતી મહાનદીમાં પાંચ મહાનદી મળે છે - ઇન્દ્રા, ઇન્દ્રસેના, સુષેણા, વારિષેણા, મહાભોગા.*

*[૫૧૪] પાંચ તીર્થંકરો કુમારવાસ મધ્યે વસીને મુંડ થઈને યાવત્ પ્રવ્રજિત થયા - વાસુપૂજ્ય, મલ્લી, અરિષ્ટનેમિ, પાર્શ્વ, વીર.*

*[૫૧૫] ચમરચંચા રાજધાનીમાં પાંચ સભાઓ કહી છે - સુધર્માસભા,*



*ઉપપાત સભા, અભિષેક સભા, અલંકાર સભા, વ્યવસાય સભા... એક એક ઇન્દ્રના સ્થાનમાં પાંચ સભાઓ કહી - સુધર્મા યાવત્ વ્યવસાય.*

*[૫૧૬] પાંચ નક્ષત્રો પાંચ-પાંચ તારા યુક્ત કહ્યા છે - ધનિષ્ઠા, રોહિણી, પુનર્વસુ, હસ્ત, વિશાખા.*

*[૫૧૭] જીવોએ પાંચ સ્થાન વડે નિર્વર્તિત પુદ્ગલોને પાપકર્મપણે ચયન કર્યા છે, કરે છે, કરશે - એકેન્દ્રિય નિર્વર્તિત યાવત્ પંચેન્દ્રિય નિર્વર્તિત. એ રીતે ચયન, ઉપચયન, બંધ, ઉદીરણા, વેદના, નિર્જરા.*

*પાંચ પ્રદેશિક સ્કંધ અનંતા કહ્યા છે, પાંચ પ્રદેશાવગાઢ પુદ્ગલો અનંતા કહ્યા છે - યાવત્ - પાંચ ગુણ રૂક્ષ પુદ્ગલો અનંતા કહ્યા.*

● **વિવેચન-૫૧૨ થી ૫૧૭ :-**

આ બધાં સૂત્રો સુગમ છે. વિશેષ એ કે - [૫૧૨] શરીરાદિપણે બાંધ્યા. [૫૧૩] દક્ષિણ - ભરત ક્ષેત્રમાં સમ પ્રાપ્ત થાય છે, ઉત્તર - ઐરવતમાં. પૂર્વતર સૂત્રમાં ભરત વક્તવ્યતા કહી, તેના પ્રસ્તાવથી તેમાં ઉત્પન્ન તીર્થંકર સૂત્ર સુગમ છે. [૫૧૪] વિશેષ એ કે - કુમારવાસ-રાજ્યભાવથી વાસ. [૫૧૫] ભરતાદિ ક્ષેત્ર પ્રસ્તાવથી - ક્ષેત્રભૂત ચમરચંચાદિ વક્તવ્યતા સૂત્ર છે, તે અસુરકુમાર રાજા ચમરની રાજધાની છે.. સુધર્મા સભા - જ્યાં શય્યા છે, ઉપપાત સભા - જ્યાં ઉત્પન્ન થાય છે. અભિષેક જ્યાં થાય છે. અભિષેક સભા ઇત્યાદિ. [૫૧૬] દેવ નિવાસ અધિકારથી નક્ષત્ર સૂત્ર છે. [૫૧૭] નક્ષત્રાદિ દેવપણું જીવોને કર્મપુદ્ગલના સંચયથી થાય છે, માટે ચય આદિ છ સૂત્રો છે. પુદ્ગલો વિવિધ પરિણામી છે માટે પુદ્ગલોના સૂત્ર છે. વ્યાખ્યા પૂર્વવત્.

**સ્થાન-૫ - ઉદ્દેશા-૩નો**
**મુનિ દીપરત્નસાગરે કરેલ ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## સ્થાન-૫નો ટીકાસહિત અનુવાદ પૂર્ણ

- x - x - x - x - x - x - x - x - x - x - x -

# આગમ-સટીક-ભાગ-૬-પુરો થયો

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |